











—કોમવાદી લીડરની અભિલાષા

વડા સનમંત્રી, ને મિત્રોની મ્હેર ચાહું છું,
અને બસ ઓર્ડિનન્સ લીલા લ્હેર ચાહું છું.
બેઉ ટંક પેટ ભરી ઘોરવા સારુ 'હુકમત',
બસ ફક્ત એક હું આરામ એર ચાહું છું!

ભૂખમરો દેશમાં હું ઠેરઠેર ચાહું છું,
પ્રભુનો કેર ફક્ત ઘેરઘેર ચાહું છું.
વિભુ કૃપાથી અભિલાષ મુજ ફળે 'હુકમત'
મુજને અમૃત અને બીજાને ઝેર ચાહું છું.

—'હુકમત ઓઝા'


પુ. ૫ : અંક ૧ લો

સપ્ટેમ્બર

૧૯૪૩



તંત્રી—'વહશી'




અનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ હિ'દ રૂ. ૫ બર્મા રૂ ૬ પરદેશ શી ૧૦ (રૂ. ૬॥)
છુટક આઠ આના

લવાજમ પુરૂ થવાની ખબર બાજુના ચોકઠામા આપી છે, બીજે અંક મળે ત્યા સુધીમ જો લવાજમ નહી મળે તો વી પી થી નવો અંક રવાના થશે રેપર ઉપર ગ્રાહક નબર હમેશા લખાય છે તે નોંધી રાખો. મનીઓર્ડર અથવા પત્રવ્યવહાર વખતે તે જ ર લખો, અંક નહિ મળ્યાની ફર્યાદ તારીખ ૨૫ સુધીમા હિંદના ગ્રાહકોએ કરવી

સરનામુ નીચે મુજબ —

VAHSHI SAHITYA KARYALAYA



પુસ્તક ૫મુ. | અંક ૧લો.

પાંચમુ પગથીઉં

ખુદાના ફઝલો કરમથી અને તેના હબીબે પાક (સ.અ.)ના વસીલાથી ગુજરાતનુ એકનુ ને અજોડ માસિક ચાનુ અંકથીજ પાંચમા વર્ષમા પ્રવેશ પામે છે પાંચમે પગથીએ ચડયા છતા હજુ એના પગોમા જોઇએ તેવુ બળ આવ્યુ નથી ! ક્યાથી આવે ? એનય એના બીજા ભાઈ ભાડુની જેમ લાખી ભૂખ-તરસ વેઠી પડી છે આ ભૂખમરાના યુગમા મનુષ્ય શુ અન્ય પ્રાણી, પદાર્થો, અને વસ્તુઓ કે સંસ્થાઓ પણ બચી ગઈ નથી તો બિચારા 'કારવા' જેવા નાના બાળકનુ શુ ગજુ ? લડાઇએ ઘણાઓને ભૂખે માર્યા છે થોડાક સંઘરાખોર વહેપારીઓના અપવાદ સિવાય ! તેમ 'કારવા' કાગળની અછત અને મોંઘવારીના ખપ્પરમા હોમાયુ છતા એ મર્યુ ય નથી કે માદુ પડયુ નથી એ ખુદાની મહેરબાની છે

અને ગ્રાહકોની મહેરબાનીથી હવે એ મજબૂત પગે વયની દાદર ઉપર ધમધમાટ ચઢવાનો ઇરાદો રાખે છે બાકી લેખકો અને કવિઓતો સહકાર આપેજ જાય છે ને ! નવા વરસના આરંભે આપને મોટામોટા વાયદા તો શુ કરીએ ? પણ 'કારવા' પોતાની ભૂતકાળની શાનને જાળવી રાખી કઇ નવા નોખા રૂપમા આગળ વધશે. એના ટુંકા પગના છતા લાબી આશા ફળે એ દુઆ યાચતી રહી ઝીણવટથી જોનારને આ ચાનુ અંકમાજ કઇક નવિન ફેરફાર થએનો દેખાશે 'પોદ' અને 'આનારકલી દુન્યા' એ સાહિત્યની દુન્યામા અને રસિક વાચકોમા ખૂબ આકર્ષણ જમાવ્યુ છે 'કુર્આન' 'હદીસ'ના પાના તથા 'કુતાના' એ ધાર્મિક જગતમા રસ ઉત્પન્ન કર્યો છે જેમ દરૂની કૃતીઓએ અમુક વર્ગને ગયા વરસમા ઠીક સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ તેમ નવા વરસમા 'ઇસ્લામ પ્રચાર'ની લેખમાળા કઈ નવોજ પ્રગાશ પાથરશે બાકી 'કારવા'ના ઐતિહાસિક, ભૌગોલિક, અને સામાજિક લેખો તેમજ નામની નહિ પણ કામની કવિતાઓએ અનેક ગુજરાતીઓના હૃદયમા ઘર કર્યું છે ખુદા એને નવુ ફૂનનુ ફાનવું કરે આમીન !

—તંત્રી



ઇ
સ્લા
મી
શિ
ક્ષ
ણ

(૨૬૭) અને ખુદાપાક જેને માર્ગથી ભમતો રાખે તો તેના સિવાય કોઈ તેના માટે કામનો સાભળનાર નથી અને એ ગુનેહગારોને તુ જોઈશ કે જ્યારે તેઓ (દોઝખના) અઝાબને જોશે તો કહેશે શુ (દુન્યામા) પાછા જવાનો કોઇ માર્ગ છે ? (કુઆન)

(૨૬૮) અને જો કદી તને શૈતાન તરફથી વસવસો આવવા લાગે તો તું ખુદાનો આશ્રય લે, બેશક તેજ સાભળનાર, જાણનાર છે (કુર્આન)

*

(૨૬૯) શુ જેઓ બુરાઇઓ કમાયા છે તેઓ એમ ધારે છે કે અમે તેમને એવા લોકોની બરાબર કરી દઈશુ જેઓ ઇમાન લાવ્યા અને નેકીઓ કરી (એવી રીતે) કે તેમનુ જીવન અને મરણ એક સરખુ જ રહે, તેઓ આ બુરો દાવો કરે છે (કુર્આન)

(૨૭૦) હે ઈમાનવાળાઓ ! અલ્લાહના ફરમાન ઉઠાવો અને રસૂલના હુકમ પ્રમાણે ચાલો અને પોતાની કરણીને વ્યર્થ ન કરો (કુર્આન)

(૨૭૧) હે ઇમાનવાળા ! જો કોઈ દુરાચારી તમારી પાસે કઈ ખબર લાવે, તો ખુબ તપાસ કરી લો એવુ ન થાય કે નાદાનીથી કોઈ કોમ પર જઇ પડો તે પછી પોતાના કર્યા પર પસ્તાવો કરવા લાગો (કુર્આન)

(૨૭૨) આ દુન્યાની જીદગી તો માત્ર રમત અને ગમ્મત છે, અને જો તમે ઈમાન લાવશો અને (ગુનાહોથી) બચશો તો ખુદા-પાક તમને તમારા બદલા આપશે અને તમારાથી તમારી માલ મિલ્કત માગશે નહિ (કુર્આન)

(૨૭૩) અને આકાશો તથા પૃથ્વીનુ રાજય ખુદાનુજ છે, તે ચાહે તેને બક્ષો દે અને ચાહે તેને શિક્ષા કરે, પણ ખુદાપાક બક્ષનાર દયાળુ છે (કુર્આન)

(૨૬૭) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે દીન ખૈરખ્વાહીનુ નામ છે, દીન ખૈરખ્વાહીનુ નામ છે, દીન ખૈરખ્વાહીનું નામ છે. સહાબાએ અરજ કરી યા રસૂલુલ્લાહ! કોની ખૈરખ્વાહીનુ નામ દીન છે? આપે ફરમાવ્યુ અલ્લાહની તથા તેના રસૂલની તથા તેની કિતાબની તથા મુસલમાનોના ઈમામની તથા આમ મુસલમાનોની. (મુસ્લિમ)

× × × ×

(૨૬૮) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યું કે સોનુ ચાંદીથી બદલવુ વ્યાજ છે પણ હાથોહાથ વ્યાજ નથી. અને ઘઉં ઘઉંથી બદલવુ વ્યાજ છે પણ હાથોહાથ વ્યાજ નથી અને ખજુરને ખજુરથી વેચવુ વ્યાજ છે પણ હાથોહાથ વ્યાજ નથી (સહીહૈન)

\+ + + +

(૨૬૯) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે શરત પૂરી કરવામા તમારા માટે વધુ અગત્યની તે છે કે જેના લીધે તમે સ્ત્રીઓની નગ્નતા હલાલ કરી છે (સહીહૈન)

× × × ×

(૨૭૦) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે રમઝાનના રોઝા પછી અફઝલ રોઝા અલ્લાહના મહીના મુહર્રમના છે અને ફરઝ પછી અફઝલ નમાઝ તે રાતની (એટલે તહજ્જુદની) નમાઝ છે (મુસ્લિમ)

× × × ×

(૨૭૧) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યું કે સિજદાની હાલતમા બંદો પોતાના પરવરદિગારથી ઘણોજ નજદીક થાય છે માટે સિજદામા ઘણી દુઆ કર્યા કરો (મુસ્લિમ)

× + ×

(૨૭૨) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે અફઝલ નમાઝ તે છે કે જેમા લાંબુ કિયામ (ઉભા રહેવુ) હોય. (મુસ્લિમ)

(૨૭૩) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યું કે તમો ભલા કામો વિષે આજ્ઞા કરતા રહો અને બુરા કામોથી રોકતા રહો નહિ તો અલ્લાહ તઆલા ભૂંડા લોકોને તમારા હાકિમ બનાવી દેશે ફરી તમારા નેક લોકો પણ દુઆ કરશે તો કબૂલ થશે નહિ (જામેઅ)

× × × ×

ઇસ્લામી શિક્ષણ

આવાઝકી દુન્યા

સંપાદનકાર — "ઝંકાર"

આવાઝકી દુન્યાકે દોસ્તો! આજે યુરોપની છેલ્લી લડાઈને ચાર વર્ષ પુરા થાય છે ને પાંચમા વર્ષમાં પદસંચાર કરે છે, તેની સાથે 'કારવાં' પણ ચાર યુગ કરી પાંચમા વર્ષમાં પ્રવેશે છે લડાઈના તોપો ને બૉમ્બોના ધડાકામાં અનેક પેપરો ડુબનાઈ ગયા, અનેક ફિકરમાં ને ચિંતામાં દુબળા પાતળા થઈ ગયા તેમ 'કારવાં' એ દુબળું થઈ ગયું છે ઘણાઓથી ભડકી ગયું નથી અનાજની માપબંધી કરતાં કાગળની માપબંધી વધુ કડક હોઈ બધાજ પેપરો પાતળા પડી ગયા છે ત્યાં 'કારવાં' ક્યાંથી જાડું બને! લડાઈની સાથે જન્મ્યા છતાં 'કારવાં' લડાઈખોર નથી બન્યું એ ખુદાની મહેરબાની છે! અલબત્ત કેટલાક કડવા સત્યો ઉચ્ચારવા પડ્યા છે, અને તે બદલ એને સોસવું પણ પડ્યું છે, ને ખોટ ખમીને પોષવું પણ પડ્યું છે! 'કારવાં' પોતાની એકધારી નીતિએ અડગતાથી વર્ષની દાદરના પાંચમે પગથીએ પદારંભ કરી રહ્યું છે હીંમતથી આગળ ડગલું ભરી રહ્યું છે, છતાં સાથમાં ખોટનું ભાથું બાંધેલું છે

પણ એ કંઈ વહેપાર અર્થે નીકળ્યું નથી કે ખોટ ખમતાં અટકી જાય અને છતાંય એને સમૃદ્ધ થવા માટે ખોટનો ખાડો તો પુરાવોજ જોઈએને? તંત્રી સાહેબ તો બહુ બહુ જમા ઉધારના ટાંકા મેળવવાની તજવીજ કરી રહ્યા છે, પણ જનતા જ્યાં રોટલા માટે વલખા મારી રહી છે, ત્યાં સાહિત્ય તરફ આંખ ફરકીને જોવાની કોને પુરસદ હોય? અને તેય વળી મુસ્લિમ જનતા! ખુદાની મહેરબાનીથી એમ તો મુસ્લિમ જનતા ઉદાર છે, પણ તેમની ઉદારતાના રસ્તાએ જુદા છેને? ફક્ત સાહિત્યના રસ્તા તરફ એમની ઉદારતાનું ટટ્ટુ ભૂલે ચૂકેય જતું નથી! અને છતાં તેય પાંચમા વર્ષના આરંભમાં 'કારવાં' સાહિત્યરસિક વાચકો તરફથી યોગ્ય સહકાર ને ઉત્તેજનની આશા રાખે તો તે અસ્થાને નથી લાગતું મઝિલ કાપવા માટેય ટાંટીયામાં જોર હોવું જોઈએને? અને તે ગ્રાહકો વધવાથીજ મળી શકે એ તો દીવા જેવી વાત છે બાકી તો સાહિત્યના નામે જે સુકા રોટલા મળી રહ્યા છે તેય ગનીમત છે! આ ભૂખમરાના યુગમાં તો એવું જ ચાલેને?

●

જાડા, ધીંગા ને ખધા માણસો અંતે હારે છે ચિંતાથી દૂબળા થઈ ગએલાઓને અંતે હારવું પડે છે આપણા ચર્ચીલકાકા પહેલ વહેલા ચીરૂટનું હુક્કું મોમાં ઘાલીને વ. પ્રધાન પદે ચોંટ્યા ત્યારે સંજોગ જોતાં આમજ જણાતું હતું કે એ ગળીયો બળદ અધવચ્ચે બ્રિટીશરોનું ગાડું અટકાવશે પણ ના ધીરે ધીરે ને મક્કમ પગલે રહેંગ્યા ચીરૂટ પીતાં પીતાં અનેક આગાહીઓ ફરી ફરીને તથા પ્રજાની પીઠ થાબડી થાબડીને ચર્ચીલે રૂઝવેલ્ટના સહકારથી મિત્રોનું ગાડું ઘેંચમાંથી કાઢીને પુર વેગે આગળ હાંકવા માંડ્યું છે ઉંદુ એક ગળીયો બળદ મુસોલીની બેસી જવાથી ધરીનું ગાડું ઘરેડમાં ફસાયું છે હીટલર બહુએ પુછડાં આમળે પણ એ બળદ દીધું ઉઠતુંજ નથી ફુંફાડા મારીને કે શીંગડા


પીઝી। ગમે તેના ભડલીરનેય ભડકાવી દે એવો નાઝી બળદ પણ હવે થાકયો છે, અને એ બળદ નબળો થતા તેના ઉપર ચારે તરફથી બગાઇઓ ઉડી આવીને વળગી રહી છે। અધુરામા પુરૂ સ્ટેલનીને એ બળદનુ એવુ પૂછડુ પકડયુ છે કે ગમે તેવા ધમપછાડા થતા તે પૂછડુ પડતુ મૂકતો નથી। આ બધો તમાશો જોઇ ખધો ચર્ચીલ ચીરૂટના ધૂમાડા મહતા હસી રહ્યો છે ને કદીકથી વૉશીંગ્ટનમા જઇ રૂઝવેલ્ટના કાનમા કહી રહ્યો છે કે હવે આપણા બેના હાથમા જગતનુ ત્રાજવુ આવી રહ્યુ છે, પણ રશિયાના મટના વચ્ચે આડા ન આવે માટે તેનોય વારવાર તોનનામા ઉપયોગ કરવો જોઇએ। ને જાપાનને જીતી નાખવા સારૂ ચીનનો પણ ધડો કરવોજ રહ્યો।" અસ્તુ

આનાઝકી દુન્યા કે દોસ્તો! બધે ઘટી રહ્યુ છે ત્યારે હિંદુસ્તાનમા વધી રહ્યુ છે જુવો ધનધાન્યના ઢગના પકવતા આ દેશમા ભૂખમરો વધી રહ્યો છે અને એ ભૂખમરાની પરવા ન કરતા પ્રજા વધી રહી છે અને એ પ્રજા પર કંટ્રોલ કરવા રોજ દહાડે ઉગ્યે નવા નવા ખાતા અને નવા નવા અમલદારો વધી રહ્યા છે। દરેક વસ્તુના ભાવ વધી રહ્યા છે, તેમ તેમ ધાડોનુ પ્રમાણ પણ વધી રહ્યુ છે। પેટ ખાતર પત્નિ વેચવાના કે ટુકડા રોટના ખાતર ભાઇ કે પતિ પત્નિના ખૂન થવાના બનાવો વધી રહ્યા છે! પરદેશમા હિંદના હિતેચ્છુઓની સખ્યા વધી રહી છે અને જેના તયા સીને માની ખુશીઓમા આકડોની સખ્યા વધી રહી છે। રોગના ઘટી ગયા કે, છતા સીનેમા જોનારા વધી રહ્યા છે। દવાના ભાવ વધી રહ્યા છે, તે સાથે મેનેંગીવા ટાઇફોઇડ, પ્લેગ કે કોલેરાના કેસ પણ વધી રહ્યા છે। પૈસાદારોમા સધરા-વૃત્તિ વધી રહી છે તો ગરીબોમા ભૂખમરતી વધી રહી છે। એમેરી સાહેબના કથન પ્રમાણે હિંદીઓની આવક વધી રહી છે, તેમ તેમ તેમની ખાધરાવૃત્તિ વધી રહી છે ને તેથીજ હિંદમા અનાજનો દુકાળ પડયો છે। પેટના રક્ષણ માટે રિક્રૂટરો વધી રહ્યા છે, દેશના રક્ષણ માટે પરદેશી લશ્કરો વધી રહ્યા છે ને પરદેશી કેદીઓ પણ બાદશાહી પરોણા તરીકે રોજને રોજ વધી રહ્યા છે। ફિવનરોનને કારણે ઘરેઘર ગરગથુ હજામો વધી રહ્યા છે, અને રેઝર બ્લેડ મોઘી થવાથી હજામત પણ વધી રહી છે। ઑફિસોમા કારકૂનો વધી રહ્યા છે અને કાગળની અછત છે છતા ફાઇલમા તુમારો વધી રહ્યા છે પોસ્ટેજના ભાગળો મોંઘા થયા છતાય પ્રેમપત્રોની સખ્યા અને લગ્નો કરતાય છુટાછેડાની સખ્યા વધી રહી છે! વાચકો કે પ્રેક્ષકો કરતા કવિઓની સખ્યા વધી રહી છે અને અક્કલમંદો કરતા બેવકુફોની સખ્યા વધી રહી છે। ભાડભૂજાની ભઠ્ઠીઓ રસોડા, ને બગરચીખાનાના ઓછા થઇ રહ્યા છે ત્યારે બેંકો અને વીમા કંપનીઓ વધી રહી છે!

ચપનના ભાવ વધી રહ્યા છે તેમ ચપલ ખાનારાઓની સખ્યા પણ વધી રહી છે। રોગો કરતા દાક્તરોની સખ્યા વધી ગઇ છે અને કજીયા કરતા વકીલોનો આકડો વધી ગયા છે! ઘી કરતા ઘારનેટનુ મહત્વ વધી ગયુ છે ને અમૃત કરતા ખડનુ મહત્વ વધી ગયુ છે। ભરવાડોને ત્યા ઘેટાની સખ્યા ઘટી રહી છે ત્યારે રેલ્વેના થર્ડ કલાસોમા પેસેન્જરોની સખ્યા વધી રહી છે। ઝાડના પાદડા કરતાય ચતણી નોટોની સખ્યા વધી ગઇ છે। વહેપારી-ઓ કરતા દલાલોની વસતી વધી ગઇ છે। ખિસ્સા કાતરૂઓ કરતા વીમાના અજન્ટોની વસતી વધી ગઇ છે। પેપરોના ગ્રાહકો કરતા મફતીયા વાચકોની વસતી વધી ગઇ છે। ટોપી કે પાઘડીવાળા કરતા ઉઘાડામથ્થાઓની જમાત વધી ગઇ છે, ચોટલાવાળી કરતા બોબ્ડહેરવાળી જમાત વધી ગઇ છે, મૂછોવાળા કરતા નમૂછી-

માઓની મેજોરિટી વધી ગઇ છે! મદીર કે મસ્જિદ કરતા સીનેમા કે હોટલનુ મહત્વ વધી ગયુ છે ગામ કરતા ઢેડવાડાનુ મહત્વ વધી ગયુ છે, ગ્રંથોએાે કરતા ગાડાએાેનુ મહત્વ વધી ગયુ છે! અર્થ કરતા આકારનુ મહત્વ વધી ગયુ છે આમ નિ દમા ફેરફેર બહુ વધીજ રહ્યુ છે ગરીબી વધી રહી છે કમાણીયત ને મુફલસી વધી રહી છે ને મજૂર તથા શ્રમ પણ સોડી પીવા વધી રહ્યા છે અને એ બળાપાની સામે હિંદ ટકી રહ્યુ છે એજ એની હીંમતની કીંમત છે!

મુબઇ ગઝલ મડળ તરફથી દી બા કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના માનમા એક મુશાયરા મુબઇ ખાતે કાવસજી જહાગીર હોલમા જનાબ 'શયદા'ના પ્રમુખપદ્દાએ ગોઠવાયો હતો તેનો એકાએક ઉનાળીયો થયો છે જેના માટે ખુબ ઢમ વાગી રહ્યા હતા અને નિશાન ફરફરી રહ્યા હતા અને જે મુશાયરાના ઇતિહાસમા અમર કે અજોડ થવા સર્જાયો હતો તે મુશાયરો અણધારી રીતે કરરભૂસ થઇ ગયો છે! 'હમ તો ડૂબેગે સનમ તુજકો ભી લે ડૂબેગે' જેવો ઘાટ વધુ રગમા આવેલા અમુક શાયર મિત્રોએ 'શયદા'નો કર્યો છે કહેવાય છે કે રગ જમાવવાના ઇરાદે રગમા આવેલા અમુક શાયરોએ મુશાયરાના રગમા ભગ કર્યો છે! પ્રેક્ષકો અને શાયરો વચ્ચે 'સાભળો'! તો કે 'નથી સાભળતા'!ની ખુબ હોડ જામી હતી એ 'રગ ઓફ વૉર'મા અતે પ્રેક્ષકો જીત્યા કોઇ કહે છે કે પ્રેક્ષકો તીખળી હતા, તો કોઇ કહે છે કે પ્રમુખ વ્યવસ્થા જાળવી ન શકયા તો કોઇ કહે છે કે પ્રેક્ષકો મેઘાણીને સાભળવા માગતા હતા મેઘાણીને બોલવા ઉભા ન કર્યા તેથી પ્રેક્ષકો ઉશ્કેરાયા હતા ને તેને કારણે કેટલાક તો કોઇનેય ન સાંભળવાની જાણે પ્રતિજ્ઞા લઇ બેઠા હતા. અમૂક શાયરો ગમેતેમ બોલતા હતા તેથી શરમાઇને ખુદ દી બા ઝવેરી પણ ચાલ્યા જવાના હતા. આમ ગમે તે રીતે પણ મુશાયરાનો ફીઆસ્કો થયો અને ગઝલ સમ્રાટ 'શયદા' સાહબની નરમસોની ઇજ્જત પર પાણી ફેરવાયુ પરિણામે સભળાય છે કે 'શયદા', 'સગીર', 'કોકિલ' વગેરે સિદ્ધ હસ્ત કવિઓએ તો રાજીનામા પણ આપ્યા છે હવે ખુન્નસ તો દમ લઇ શયદા'જી એકાતમા પોતાના મનમા કહેતા હશે કે 'હે ખુદા! તુ મને મારા મિત્રોથી બચાવ!'' અહેવાલનો રગ, ઢગ જોતા જણાય છે કે જો ઉપરોકત ત્રણ શાયરોએ રાજીનામા આપ્યાની વાત ખરી હોય તો બીજા પણ ત્રણ ચાર રાજીનામા અપાશેજ 'નસીમ' અને 'નાશાદ' પણ કનકી કારકર્દિ પરાવે છે ને! કોઇનેય હિસાબમા ન ગણનાર પેલા ઇનિ મીન, ને સાડેતીન શાયરો આ એકજ ઠોકરથી સુધરશે કે પછી "વહી રફતાર બેઢગી જો પેહલેથી સો અબભી હય!" ના સૂત્રને વળગી રહેશે! કોઇ પણ કૌમને સુધારવાની સાથે બગાડવામા પણ સાહિત્યકારો અને કવિઓનો ફાળો નાનોસૂનો હોતો નથી!



સવાલ-મારી ઔરત સાથે સવારના નાસ્તામા તકરાર થઈ ગઇ તે વેળા મે ગુસ્સામા કહ્યુ કે, 'રાધણીમાથી બહાર ચાલી જા, અગર નહિ જઇશ તો તને તલાક છે' તેણે જીદ કરી મે બીજી વખત ગુસ્સામા તેણીને કહ્યુ, 'તુ રાધણીમાથી બહાર ચાલીજા જરૂર તને તલાક છે' એમજ ત્રીજી વાર કહેતા તે તુરત બહાર રાધણીમાથી ચાલી ગઇ પછી મે તેણીને કહ્યુ કે "આજ આખો દિવસ તારે રાધણીમા આવવુ જ નહિ" એમ કહી હુ બીજા કમરામા ચાલ્યો ગયો ફરી તેણી સાંજના વખતે ભુલથી નાના બચ્ચાની દૂધની શીશી લેવા રસોડામા ચાર પાચ કદમ ગયેલ તેને મારી વાત યાદ આવી જતા એકદમ પાછી નીકળી આવી તો તલાક થશે કે કેમ ?

જવાબ-પૂછેલા સુરતમા બે તલાક (રજઇ) ઔરત પર પડી છે માટે મજકૂર ઔરતને તમો ઇદ્દત દરમ્યાન રૂજુઅ કરી વગર નિકાહ પઢે પાછી રાખી શકો છો રૂજુઅની મતલબ એ કે તમો મોઢાથી એમ કહો કે મે રૂજુઅ કર્યુ છે અથવા તો તેણી સાથે સોહબત કરે યા ચુંબન કરે એથી રૂજુઅ સહીહ થઇ જશે પરંતુ ભવિષ્યમા ધ્યાન રાખશો કે હવે એક તલાક પણ આપશો તો આગલી બે અને પાછલી એક મળી ત્રણ તલાક થઈ જશે અને ફરી હલાલા વિના ઔરતને નિકાહમા લાવી શકશો નહી તમોએ બે વેળા એમ કહ્યુ કે રસોડામાથી બહાર ચાલી જા, નહિ તો તને તલાક છે પરંતુ તે બે વેળા કહેવાથી ગઈ નહિ અને ત્રીજી વાર કહેવાથી તુરત તે બહાર ચાલી ગઈ તો આગલી બે તલાક પડશે ત્રીજી પડશે નહિ (દુર્રે મુખ્તાર પાનુ ૫૫૯, ૫૬૦)

સવાલ-જનાઝહની નમાઝ કરતા ઉપર જનાઝહ રાખીને પઢી શકાય? અત્રેના ઇમામો મસ્જિદમા કોઇ પણ ભાગમા પઢવા માટે હુકમ નથી એમ કહે છે, મસ્જિદમા જુદુ જમાતખાનુ, જુદો વરંડો અને ખુલ્લી સેહન ફરાગતવાળી છે તે માટે શુ હુકમ છે?

જવાબ-જે ભાગ મસ્જિદમા દાખિલ ગણાતો હોય ત્યા જનાઝાની નમાઝ પઢવી ફુકહાએ કિરામ મકરૂહ લખે છે અને હદીસ શરીફમા છે કે એથી મૈયતને નમાઝનો સવાબ મળતો નથી જો વરંડો અને સેહન દાખિલે મસ્જિદ તરીકે ગણાતા ન આવતા હોય તો ત્યા પઢી શકાય છે પણ વરંડો અને સેહન મસ્જિદમા દાખિલ છે કે ખારિજ તેનો ફેંસલો મસ્જિદના અસલ બાનીઓ સિવાય બીજો કોઇ કરી શકતો નથી ફુકહાઓએ એક સુરત આ પણ લખી છે કે જનાઝહ અને અમુક મુસલ્લી ખારિજે મસ્જિદમા હોય અને બાકીની થોડી કે વધુ દાખિલે મસ્જિદમા



હોય તો જાઇઝ છે જો વરડો અને સેદન દાખિલમા જરુના હોય તો ત્યા ન પડે, રસ્તા ઉપર પડે તેમા વાંધા જેવુ કંઇ નથી વરડો અને સેદન મસ્જિદથી દાખિલ અથવા ખારિજ હોવામા ઘણી જગ્યાએ ઘણી મતફેરી હોય છે એવા મતફેરીઓ વેગા ઝગડો કરવો મુનાસિબ નથી

સવાલ–કબરસ્તાનની દફનમા જ્યા દફન કબરો નહિ બની હોય તે જગ્યાએ ફરઝ અથવા નફિલ નમાઝ પઢી શકે છે કે નહિ? અને મજકુર નમાઝો પઢવા માટે નમાઝની જગ્યાથી કબર કેટલી દૂર હોવી જોઇએ?

જવાબ–કબરસ્તાનમા સાફ જગ્યાએ ફર્ઝ કે નફિલ નમાઝ એ શર્તે પઢી જાઇઝ છે કે સામે કબ્રો ન હોય અને કબ્રો હોય તો સામે દીવાર અથવા કંઇ આડ હોવી જોઇએ જો જમાઅતથી નમાઝ પઢવામા આવે તો દરેકને સામે સુતરો હોવો જોઇએ કબરસ્તાનમા માત્ર ઇમામનો સુતરો પૂરો નથી બીજી જગ્યાએ માત્ર ઇમામનો સુતરો કાફી છે

સવાલ–મસબુક જો ઇમામ સાથે આવી મળે તો તેને સના પઢવુ જોઇએ કે નહિ? અથવા નમાઝ પૂરી થતા બાકીની નમાઝ પઢવા ઉભા થાય ત્યારે સના પઢે?

જવાબ–મસબુક જ્યારે બાકીની નમાઝ પઢવા ઉભો થાય ત્યારે સના પઢે

સવાલ–કોઇ માણસ ઇમામ કિરાઅત શરૂ કરે ત્યારે આવે તો તેને સના પઢવુ જોઇએ કે નહિ?

જવાબ–ઇમામ જ્યારે કિરાઅત શરૂ કરે તો પાછળથી આવનાર સના પઢે નહિ

સવાલ–ગાવુ, બજાવવુ મ્યુઝીક, રમવુ વગેરા કેમ છે?

જવાબ–જાઇઝ નથી કુર્આને શરીફ તથા હદીસોમા એની સખ્ત વઇદ આવી છે

સવાલ–રેડીઓ સાંભળવુ અને તેમા વાજુ વગેરે વાગે તે સાંભળવુ કેમ છે? ખુલાસા સાથે લખશો

જવાબ–રેડીઓમા ગાનતાન વાજીંત્ર સાંભળવુ જાઇઝ નથી તકરીર અથવા બીજી જાઇઝ વાતો સાંભળવી દુરસ્ત છે

સવાલ–હસાઇની દફન ક્રીયામાં જવુ તેમજ તેના કફન વગેરેમા ભાગ લેવુ કેમ છે?

જવાબ–ભાગ લેવો દુરસ્ત નથી માત્ર દિલસોઝી જાહેર કરી શકે છે

સવાલ–આજકાલ ઓરતો ઘણાજ ઝીણા કપડા પહેરે છે અદરમા ફક્ત ચીગનેટ વગેર પહેરે છે એ માટે શો હુકમ છે?

જવાબ–ઓરતોએ એવા બારીક કપડા પહેરવા જોઇએ નહિ કે જેમા શરીર ખુલ્લુ દેખાય હદીસ શરીફમા આવ્યુ છે કે કેટલીક ઓરતો કપડા પહેરવા છતાએ નાગી રહે છે એથી ઘણી સખ્ત વઇદ સાબિત થાય છે

સવાલ–મસ્જિદમા માણસો વઝુ કરતા હોય ત્યારે સલામ કરવુ કેમ છે?

જવાબ–વઝુ કરતા હોય ત્યારે સલામ ન કરવુ બીજા લોકોને સલામ કરે

સવાલ–એક ઓરત ઝિનાકારને બે જણથી જે નાની છોકરીઓ છે તે બન્નેને એકી વખતે કોઇ નિકાહમા નાખી શકે છે?

જવાબ–તેઓ બન્ને એકમાથી છે એટને બન્ને બેનો ગણાશે જો કે ઝિનાથી છે એકી વખત બન્નેને નિકાહમા રાખવી દુરસ્ત નથી

સવાલ–એક માણસની નિકાહની ઓરત છે છતા રખાતો નખેનીઓ ઘણીની ઓરતને એક દિવસે વઢીને છોડી દેવા કહ્યુ ત્યારે ધણીએ કહ્યુ કે તને છોડી શકુ છુ પણ તેણીઆને છોડી શકતો નથી' એથી તલાક થઇ કે કેમ?

જવાબ–'તને છોડી શકુ છુ' એ કહેવાથી તલાક પડશે નહિ એથી મતલબ એ છે કે હાલ તલાક તને આપતો નથી પરન્તુ ભવિષ્યમા તને તલાક આપવા ચાહુ તો આપી શકુ છુ

"નઝમે કુર્આન"

૭૮૬

("અલિફ—લામ—મીમ"કા દુસરા રૂકૂઅ બાકી હીસ્સા)

યેહી વોહ લોગ હૈ મારે હૂએ રાહે ઝલાલતકે,
જિન્હોને મોલ લી હે ગુમરહી બદલે હિદાયતકે

ન બખ્શા ફાએદા કુછભી ઉન્હે ઉનકી તિજારતને,
ગવાઇ રાહ સીધી ઉનસે ઉનકી દિલકી ચાહતને

મિસાલ ઇનકી હૈ જૈસે કોઈ આકર આગ સિલગાએ,
યહા તક હો કે ઉસકે હર તરફ કુછ રૌશની છાએ

ખુદા લે જાએ ઉનકે નૂરકો યૂ ફેર હો જાએ,
ઉન્હી તારીકાયોમે છોડદે, અંધેર હો જાએ

અબ ઉનકો દેખીએ, વોહ દેખકર ભી દેખતે કયા હૈ,
સમઝ લીજે કે વોહ હર ચીઝકો સમઝે હુએ કયા હૈ

સમઝકી બાતકી જાનિબ ન આએ હૈ ન આએંગે,
વોહ બેહરે હે, વોહ ગુંગે હૈ, વોહ અંધે હૈ, ન લૂટેંગે

મિસાલ એક ઔર જૈસે આસમાસે મેહ બરસતા હો
કહીં બિજલી ચમકતી હો, કહીં બાદલ ગરજતા હો

ગરજકા શોર સુનકર ઉંગલીયા કાનોમે દેતે હૈ,
વોહ અપની મૌતકે ડરસે યુહી કુછ કામ લેતે હૈ

બિનઆખિર હે ખુદા ઇન, કાફિરોકા ઘેરનેવાલા
કે ઇનમે હૈ હરેક અલ્લાહસે મુહ ફેરનેવાલા

યકાયક લે ઉડી જબ બિજલીયા નુરે બસારતકો,
તો આંખે ફાડકર દેખા કરે એક એકકી સૂરતકો

અગર બિજલી ચમક જાએ તો ચલતે હૈ ઉભરતે હૈ,
અગર હો જાએ અંધેરા તો રૂક જાતે હૈ ડરતે હૈ

ખુદા ચાહે તો ગોશો ચશ્મસે બે-બહેરા હો જાએ,
ઉસે હર ચીઝ પર કુદરત ન વોહ દેખે ન સુન પાએ

(દુસરા રૂકૂઅ ખતમ)

અઝ-અબ્દ નઝ્મ "ગાલિબ" દીની નિઝામી બરોદવી

ગાગરમાં સાગર

જગતના ઇતિહાસનું દર્પણ

રજુ કરનાર રાજમાન્ય ‘સાનેહુ બકીલી’ સાહબ [સચીન.]

[ગુજરાતમાં ઐતિહાસિક અને ભૌગોલિક સંશોધનો કરી કલમદ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનાર છેલ્લી પચ્ચીસીના આ મહાન લેખકના પરિચયની ગુજરાતને જરૂર ન હોય] —તંત્રી

ઇ. સ. પૂર્વે ૫૦૦૦૦૦ થી ઇ. સ. ૧૯૪૩

ઇતિહાસ પહેલાનો યુગ ઇ. સ. પૂર્વે ૫૦૦૦૦૦થી ઇ. સ. પૂર્વે ૬૦૦૦ બરબ્રમય યુગ.

ઇ. સ. પૂર્વે ૪૦૦૦ મિસર (ઇજિપ્ત)માં સંસ્કૃતિનો આરંભ મિસરી પિરામીડોનું ચણતર પંચાંગ વર્ષ અને મહીના

ઇ. સ. પૂર્વે ૩૦૦૦ મિસરનું સામ્રાજ્ય

ઇ. સ. પૂર્વે ૨૦૦૦ ઇરાકમાં સંસ્કૃતિ નૈનવા શહેરની સ્થાપના મિસરમાં યહૂદીઓનું વસવું બાબિલમાં હમૂરાબીની હકૂમત

ઇ. સ. પૂર્વે ૧૦૦૦ ટરાયેનું યુદ્ધ એક નીઝનું ગ્રીસને જીતી લેવું

ઇ. સ. પૂર્વે ૯૦૦ યૂનાન (ગ્રીસ)માં નાગરિક રિયાસતોનો આરંભ પેલેસ્ટાઇનમાં યહૂદી રાજ્ય અને હૈકલનું ચણતર.

ઇ. સ. પૂર્વે ૮૦૦ યહૂદી કોમના પેગમ્બરો મહાન રોમનું વસવું ફિનીકીયનું કારથેજ શહેર વસાવવું

ઇ. સ. પૂર્વે ૭૦૦ અશૂરી સત્તાની ચઢતી અને પડતી યૂનાની નવી વસાહતોનો આરંભ નૈનવા શહેરનો નાશ

ઇ. સ. પૂર્વે ૬૦૦ ચીનમાં હકીમ કનફૂશિશ હિન્દુસ્તાનમાં ગૌતમ બુદ્ધ વિદ્વાન સોલનનું એથેન્સવાસીઓ માટે ધારા કાનૂન બનાવવું

ઇ. સ. પૂર્વે ૫૦૦ ગ્રીસના થીએટરોની ઉન્નતિ એથેન્સનો સુવર્ણ સમય મેરેથોનનું યુદ્ધ

ઇ. સ. પૂર્વે ૪૦૦ એથેન્સ અને સ્પાર્ટા વચ્ચે યુદ્ધ એથેન્સનો નાશ એથે ન્સમાં વિદ્યા કળાનું નવજીવન સોક્રેટીસ અને અફલાતૂન

ઇ. સ. પૂર્વે ૩૦ કારથેજનો નાશ ગ્રીસનું રોમન સામ્રાજ્યનું એક પ્રાંત બનવું રોમનો ભૂમધ્ય સમુદ્ર ઉપર કબજો મિકાબિયુની ઉઠલી યહૂદી સ્વતંત્ર સલ્તનત

ઇ. સ. પૂર્વે ૧૦૦ પોમ્પીયાઇનું પશ્ચિમ એશિયાને જીતવું સીઝરનું ફ્રાન્સ જીતી લેવું સીઝરનું માર્યા જવું ઓગસ્ટસનું શહેનશાહ બની જવું

ઇ. સ. ૧ હઝરત ઇસા મસીહ (અલ.) નો જન્મ ઇઝનડ ફિરોઝ મસી હવનનો પશ્ચિમ યૂરોપમાં પ્રચાર

ઇ. સ. ૧૦૦ રોમન સામ્રાજ્યની ઉન્નતિ

ઇ. સ. ૨૦૦–૩૦૦ જરમનીઓનો રોમન સલ્તનત ઉપર હુમલો

ઇ. સ. ૪૦૦ પોપ નિમવાનો આરંભ. ગોથિક કોમનું રોમને તબાહ કરવું પશ્ચિમ રોમન સલ્તનતનો નાશ સેક્સનોનું ઇંગ્લાંડમાં આવવું

ઇ સ ૫૦૦-૬૦૦ રોમન ખડિયેરો ઉપર ચર્ચની સ્થાપના અંધકારમય સમય (અજ્ઞાન કાળ) ઈસ્લામના સ્થાપક હઝરત મુહમ્મદ સલ્અ-મનો જન્મ

ઇ સ ૭૦૦ મસીહિયતનો ઉત્તર યૂરોપમા પ્રચાર મુસલમાનોનુ ઉતર આફ્રિકા સ્પેઈન ન૦ જીતી લેવુ

ઇ સ ૮૦૦ ૯૦૦ શાર્લેમનનું રોમમા તાજ માથે મૂકવુ ઉત્તર તરફની કૌમોના હુમલા જ મીનક પાયા ઉપર રોમન સામ્રાજ્યને જીવા કાના પ્રયત્નો પહેલુ રશ્યન રાજ્ય

ઇ સ ૧૦૦૦ પોપ અને શહેન્શાહ ગેરીગોરી સાતમા અને હેન્રી ચોથા વચ્ચે ખગાડ ઇગ્લાડનો વિજેતા વિલીયમ પહેલુ સલીબી (ક્રુઝેડ્ની) જગ

ઇ સ. ૧૧૦૦ વધુ સલીબી યુદ્ધો યૂરોપમા બહાદુરીના ગમીનો આરભ ભૂમધ્ય સમુદ્ર વ્યાપારનુ કેન્દ્ર બનવુ યુનીવર્સીટીઓનો આરભ

ઇ સ ૧૨૦૦ ગોથિક ઘાટના ગિરજાઓનુ બનવુ ઇટલીમા વિદ્યાકળાના પૂર્નજન્મનો આરભ સલીબી યુધ્ધોનો સમાપ્તી

ઇ સ ૧૩૦૦ બદુકના દારૂની શોધ ફયુડલ સરદારોની સત્તાનો નાશ પ્રજામતવાળી સત્તા અને સનાદગાર સમિતીઓનો આરભ.

ઇ સ ૧૪૦૦ જોન ઑફ આર્ક અગ્રેજોની ફ્રાંસમાથી વિદાય છાપકળાની શોધ તુર્કોનુ કોન્સ્ટેન્ટીનોપલ જીતી લેવુ અને પૂર્વ રોમન સામ્રાજ્યનો નાશ

ઇ સ ૧૫૦૦ કોલમ્બસ. ગોધખોળનો યુગ લૂથર ચર્ચની સુધારણા સ્પેનીશ અરમાનો નાશ ઈગ્લાડની મહારાણી ઇલીઝાબેથ વનદાઓનો સ્પેઇન વિરૂદ્ધ બળવો ફિલિપ બીજાની પદભ્રષ્ટના વહાણવટા માટે દરેક કૌમને રતનત્ના મળવા પહેલી ચળવળ

ઇ સ. ૧૬૦૦ ધાર્મિક ઝગડા દુન્યાના દરેક ભાગોમા યૂરોપીયન સસ્થાનોની સ્થાપના. ૬ વર્ષનુ યુદ્ધ ઇગ્લાડમા ઇન્કિલાબ ચાર્લ્સ બાદશાહનુ માર્યા જવુ સાયન્સનો આરભ ન્યુટન, શેક્સપિઅર, ક્રોમવેલ વિ


ઇ સ ૧૭૦૦ રૂસનુ મહાન શક્તિશાળી થવુ અમેરિકામા ઇન્કિલાબ વોશીંગ્ટન ફ્રાન્સમા ક્રાન્તિ બાદશાહ લુઇનુ માર્યા જવુ ફ્રાન્સમા પ્રજાસત્તાક

ઇ સ ૧૮૦૦ નેપોલિયનની ચડતી પડતી ગુલામીની બધી નવુ વૈદક શાસ્ત્ર સુખાકારીના સાધનો રેલ્વે ગાડી વિજળીના તાર એન્જીન વાળા વહાણ વરાળ યત્રો (એન્જીન) અબ્રાહમ લિન્કન દક્ષિણ અમેરિકામા સ્પેનીસ સસ્થાનોનો આરભ જર્મન સલ્તનતની ફરીથી સ્થાપના

ઇ સ ૧૯૦૦ વિશાળ પ્રમાણમા જિન્દગીની ઝરૂરીઆતની વસ્તુઓનુ તૈયાર કરવુ યુદ્ધ સામગ્રી માટે હરીફાઈ વિમાનની શોધ મહાન યુદ્ધ લીગ ઑફ નેશન્સ વ્યાપારી હરીફાઇ દુન્યાના દરેક દેશોમા આર્થિક બેચેની જર્મની અને રૂસની બાદશાહતોનો નાશ અનેક નવીન પ્રજાસત્તાઓની સ્થાપના નાશકારક યત્રોની સપૂર્ણતા. મહાન વિશ્વયુદ્ધ * (અપૂર્ણ)

* હેન્ડરિક વૉન લુન કૃત ઈતિહાસને આધારે

પોઠ



બીંતા પે વનીયા,
વનીયા પે મનીયા,
સનીયા પે નનીયા,
ચારે શૂકા મનીયા

ઉપર રજુ થએલી ગઝન (યા જે હો તે)ને અત્યારે યાદ કરવાનું કારણ 'કવિતા' માસિકમાં છપાએલી અને સહચર 'હાડીઓ'ની દ્રષ્ટિએ "ખાસ ધ્યાન ખેચનારી" કવિ 'સુંદરમ'ની ગઝલ છે જો કે 'સુંદરમ'ની ગઝન ગુજરાતી ભાષામાં છે, અને ઉપરોક્ત ગઝલ (યા જે હો તે) ગુજરાત ગઝન મંડળીના આનંદ સત્રીના ઘરમાં વપરાતી ભાષામાં છે બસ આટલા નજીવા તફાવત સિવાય કોઈ ખાસ તફાવત મને તો એમાં દેખાતો નથી હવે જુઓ 'સુંદરમ'ની ગઝનને પણ જોઈ લ્યો

'ચમન કયા સુમન કયા, મગન કયા, છગન છે,
અરે, આતો પેલા બિરાદર મગન છે,
અને આપણો આદિ પેલો ચમન છે,
ચમનની અલ્યા પાછી અહિંયે સુમન છે'

વિવેચકો કહે છે કે ગઝલ એટલે પ્રેમની ભાષા પ્રેમની ભાષામાં ચમન અને સુમન જેવા નાઝુક શબ્દો સરળતાથી વિહાર કરી શકે પરંતુ **મગન**ભાઈ અને **છગન**ભાઈ તો એમાં નર્યા રોચા જેવાજ લાગે છે! વળી જરા સૂક્ષ્મ દ્રષ્ટિ ફેંકો તો પ્રેમની વાણીમાં ચમનના સુમન દેખાશે ચમન**ની** સુમન નહિ ચમનની સુમન તો ગરમામાજ રૂડી લાગે અને આ બધીય ક્ષતિઓ ગળી જઈએ તો પણ છગન, મગન, ચમન સુમન,ની નરી કાફિયાગરી ગઝલ તરીકે અમારે ગળે ઉતરતી નથી એ તો વનીયા, સનીયા, નનીયા ને મનીયાની પેઠે ગળે ભરાય છે

કવિ 'સુંદરમ' મુશાયરાના પ્રમુખ બની ચૂકયા છે 'કવિતામાં ભયસ્થાનો' બતાવતું ભાષણ પણ આપી ચૂકયા છે અને ટયમાં માગ જેટલાજ હોવા છતાં મારાથી વધારે ગણી નામના મેળવી ચૂકયા છે, એટલે હું એમ કહું કે તેઓ ગઝનને પારખી શકયા નથી, ગઝલના કલેવરથી જ્ઞાત નથી, તો એ નાને મોઢે મોટી વાત લાગશે, પરંતુ એ સત્ય છે અને તેઓ **સત્યાગ્રહી** છે એટલે તેમને આ સત્ય કહું'છેજ છું'મ

●

"લેખક યદિ હય તો યોદ્ધા હય, યોધ્ધેકી પરખ યુદ્ધમે હય, યુદ્ધસે જો બચતા હય વહ યોદ્ધા કૈસા, ઔર યોદ્ધા નહિ વહ લેખક નહિ"

'જૈનેન્દ્રકુમાર'

મને લાગે છે કે દિલ્હીમાં શાંતિથી કોર્ટ ચઢેલા આ બાબુજીને પેલા નકગનદજી જેવા કોઈ લેખક યોદ્ધાનો ભેગ થયો નથી નહિતર તેઓ આવું લખનાજ નહિ બાબુજીએ સીધા ગોઠએ, સીધી દ્રષ્ટિથી સીધા રહીને, લડનાર યોદ્ધા યા લેખકોગર બાગેના લાગે છે, મુંબઈના **મહારી**ઓ સાથે તેમનો પ્રસંગ પડેલો લાગતો નથી એવા એકાદની સાથે બાબુજીના પાના પડે તો બાબુજીને પોતાનું મંતવ્ય આમ ફેરવેજ છૂટકો કે "લેખક યદિ હય તો લુચ્ચા હય, ઉસકી પરખ મોકે પર હોતી હય ઔર લુચ્ચા નહિ વહ લેખક નહિ."

●

મિત્રોના ખાનગી પત્રો પ્રગટ કરીને એ ટો રહેવી એક અપોગી એ જૂની ગમ્ર લાગે છે કે તેણે પણ બીજાઓને કંઇક ભયડેલુ છે પોતે

કરેલા કતૂતોનું સ્મરણ એને સમયસર થઇ આવે તે સારૂ નહિતર એનો બધોય દબદબાટ હૈયાફાટના ફેરામાં જશે અમારી આ કડકી અને કડક છતાં હિતકર સૂચનાને તે મિત્રની રૂડી સલાહ સમજે હરીફની ધમકી નહિ. આમ છતાંએ જો તે રાહ પર નહિ આવે તો અમારે અમારા બચાવ માટે કંઇ કરવું જ રહ્યું અને અમારા એકલા બચાવનામાથીજ એ અધોળી સાહિત્યના ક્ષેત્રમાં આપઘાત કરી બેસશે એ નક્કી સમજવું માટેજ એને કહેવાનું કે,

"મોલ કરો તલવારકા, પડા રહન દો મ્યાન "

●

"હું છું વતનમાં બે વતન મારૂ વતન, વતન નથી."

"વતન"ના મુશાએરામા ગઝલ લખનાર મ્હારા એક મિત્રે પોતાને દાદ ન મળતાં બદલ ઉપરોક્ત પંક્તિજ મને કટાક્ષ રૂપે સંભળાવી હતી અને બીજા પણ બે ચાર મિત્રોએ ઇનામી શેઅર પસંદ કરવામાં "પસંદગી કરનારની રૂચી ગઝલ લખનારને એકંદર સારી લાગે તેવી નથી" એવી ટીકા કરી હતી આ પ્રકરણમાં મુશાએરાના સંપાદક અને 'વતન'ના તંત્રી ઉપર કોઇ પણ ટીકા કરવાનું હું ઉચિત લેખતો નથી કેમકે જે થઇ રહ્યું છે તે શીરસ્ત મુજબજ છે અને શીરસ્ત ન જાળવનારને સજા ભોગવ્યેજ છુટકો વસ્તુસ્થિતિ આમ હોવા છતાંય બે એક વાતો નમ્રભાવે રજુ કરવાની ઇચ્છા રોકી શકાતી નથી એક તો એ કે ઇનામી શેઅર પસંદ કરવામાં ભિન્નરૂચી કાવ્યપ્રેમને ભૂલવું ન જોઇએ વિષયનીજ એક તરફી દ્રષ્ટિ પર પસંદગી ઢોળાય (પછી તે ભલેને વતનપ્રેમ જેવો જરૂરી અને પ્રગતિશીલ વિષય કેમ ન હોય) એ નિયમ શુભ હોવા છતાં કચવાટ નોતરવાના કારણભૂત છે શેઅરમાં પ્રથમ શાયરી જોવાની જોઇએ નર્યો વિષય નહિ. માપની દ્રષ્ટિએ, ભાવની દ્રષ્ટિએ, રચનાકારની દ્રષ્ટિએ, અને છટાની દ્રષ્ટિએ એમાં કવિત્વ હોવું જોઇએ એમ દરેક દ્રષ્ટિ કોણથી જોયા પછી સંયુક્ત ભાવો બે ચાઇને સત્વરૂપે ઉભરાતા હોય તેજ ઇનામી શેઅર ગણાવો જોઇએ આ પસંદગીમાં એવું નથી બન્યું એમ ગઝલકારોની શિકાયત છે બીજી વાત પરિક્ષક સ્વતંત્રાત્મા હોવાની છે નાજુક લાગણીને ચીરીને તપાસવું જોઇએ, ઉછરતાઓને યા ઓળખીતાઓને આગળ લાવવા સારૂ જુના યા પિછાણુ ન હોય તેવાઓને પાછળ હડસેલવાનું ભૂલથી પણ ન થવું જોઇએ આ બધું સુંદર રીતે આરોપાય તે માટે અભ્યાસી ગઝલભક્તોની એક કમિટિ નીમવામાં આવે તો વધુ બેહતર થાય પણ એ અભ્યાસીઓમાં કોને લેવા એ નક્કી કરવાનું કામ બહુ અઘરૂં છે કેમકે કેટલાક ચોરો આજે અભ્યાસી અને ખાં હોવાના દાવેદાર બની બેઠા છે ભાઈ સાદિક જૂઠા ચળકતા અને હરઘડી જોવા પડતા નામો જોઇને પસંદ કરવાને બદલે કમિટિમાં સારા જાણકારોનેજ ચૂંટશે એની અમને ખાતરી છે

●

હિંદી સાહિત્ય સંમેલનના પ્રમુખને આતી મોંઘવારી હોવા છતાં ચાંદીના સિક્કાઓથી તોળવામાં આવ્યા છે એ વાંચીને નવાઇ પામવું કે દુ:ખી થવું તે સમજાતું નથી પરંતુ એટલી તો ઇર્ષા થાય છેજ છે કે હજી ગુજરાતે કોઇ સાહિત્યકારને એના પુસ્તકોમાં પણ તોળ્યો નથી. જો કે કેટલાક લેખકો પોતાના વજન કરતા બમણા વજનનું સાહિત્ય પીરસી ચૂક્યા છે

●

મુશાએરા પ્રવૃત્તિ જોર પકડતી જાય છે એવા ટાણે મુશાએરાના ભયસ્થાનો રજુ કરવા

અપ્રાસંગિક નહિજ લેખાય માન્યું કે કવિતામાં મનોરંજનની શક્તિ છે પરંતુ જે કવિતાઓ માત્ર મનોરંજનાર્થેજ લખાતી હોય તેનું શું મૂલ્ય છે વારૂ? ધ્યાનપૂર્વક જોવામાં આવે તો મુશાયરામાં એકત્ર જનતા કવિનો એટલો આદર નથી કરતી જેટલો કે એની સુરીલી વાણીનો કવિતા ગમે તેવી હશે પરંતુ વાણીમાં લાવણ્ય હશે તો જનતા તેજ કવિને સાચો કવિ ગણી કાઢશે આ રીતે જોતાં મુશાયરામાં કવિતા ગૌણ અને વાણીની મિઠાશ પ્રધાન રહે છે

ધ્યાનપૂર્વક જોવામાં આવે તો મુશાયરાઓની લોકપ્રિયતાએ શાયરીનોજ નહિ બીજી સાહિત્યક પ્રગતિનો માર્ગ રોકી રાખ્યો છે ખ્યાતિ અને નામના માટે દરેક સાહિત્યકાર વાર્તા, નિબંધ નવલકથા અને નાટક લેખ વગેરે લખવાનું છોડી ગઝલ લઇ બેસે છે કેમકે એમાં ઓછા શ્રમે વધુ પાક ઉતારી શકાય છે અને જલદી નામના મેળવી શકાય છે

મુશાયરા વધતા જાય છે તેમ તેમ ગઝલકારોની ફોજ પણ વધતી જાય છે શાયરો વધે એમાં નાખુશ થવા જેવું નથી પરંતુ સંખ્યાવૃદ્ધિ એ સાહિત્યવૃદ્ધિનું પ્રમાણ નથી એકજ રાગ, એકજ લઢણ અને એકજ પ્રકારની આહો ખેંચવાની ઢબથી જનતાને અણગમો આવે એ સ્વાભાવિક છે શાયરો એટલા સુકુમાર પ્રકૃતિના થઇ ગયા છે કે અમુક નક્કી કરેલા કોમળ શબ્દો અને કોમળ આકારો સિવાય તેમને બીજું કશું સારૂંજ નથી લાગતું

ઉર્દૂમાં કોઇ પણ નવો કવિ જ્યાં લગી પોતાના ઉસ્તાદ કવિનું નામ રજુ ન કરે ત્યાં લગી એની કવિતા પ્રતિ ખાસ ધ્યાન અપાતું નથી બલ્કે કેટલીકવાર તો મુશાયરામાં તેને બોલવાનો અવસર પણ આપવામાં આવતો નથી પરંતુ ગુજરાતીમાં ઘણા ખરા શાયરો ઉસ્તાદના નામથીજ ચીડાય છે અને જો કોઇએ એમની કવિતામાં કોઇ ક્ષતિ બતાવી તો પ્રથમ તો તેઓ માનવાનાજ નહિ અને કચવાતે દિલે માની પણ ગયા તો બિચારા ટીકાકારની જાતની ખેર નહિ એને આ પૃથ્વી પરથી નાબૂદ કરવા માટે પેલા સ્વયંભૂ કવિઓ દરેક પ્રયત્નો કરી છૂટે છે આ કારણને લઇને અશુદ્ધિઓવાળા કાવ્યો પણ હાલ્યે જાય છે

કેટલાક લોકોનું કહેવું છે કે મુશાયરાથી કવિઓનો ઉત્સાહ વધે છે તેઓ પોતાની રાહ પર આગળ વધે છે પરંતુ એ વાતની સાથે તેઓ આટલું પણ યાદ રાખી લે કે મુશાયરાથી કેટલા કવિઓ મહાકવિ થયા? ઉલટું કેટલાનો તો એનો વેપાર લઇ બેઠા છે અમરવાણીનું આ મૂલ્ય કે તેને થોડાક સિક્કાઓ બદલ વેચવામાં આવે? શાયરની એ આબરૂ અને મોભો કે જેનું દિલ ચાહે તે બોલાવીને ફીસ આપી સાંભળી લે અને કેટલેક સ્થળે તો સમાપ્તી વેળા એની એવી એવી તો ફજેતી થાય છે કે ન પૂછો વાત પરંતુ વાહરે, શાયરની સાહસિકતા! કે થનારા બીજા મુશાયરામાં મૌજૂદ સમજાતું નથી કે કવિતાના આવા નિષ્ફળ પ્રયાસો શા માટે તે જારી રાખે છે? જનતા સન્માનવાને બદલે એને બનાવે છતાં એ પોતાની ઢબે ગાયેજ જાય એ શાયરીનું, શાયરનું કેટલું અપમાન છે? સમજુઓ આવું જોઇને એમ કહે છે કે આ કવિમાં 'સ્વમાન" જેવું પણ કંઇ છે કે નહિ?

મુશાયરાએ એક બીજી અને ખાસ વાત એ પેદા કરી દીધી છે કે, એનાથી પાર્ટીઓ અને

વાગ્બ દી થઈ પડી છે શાયરો પોતાની પાર્ટીનો રંગ જમાવવાના સારૂ બીજી પાર્ટીની જડ ઉખેડવામા લાગેલા રહે છે પરિણામ એ આવે છે કે બન્ને પાર્ટીઓ હોંસાતોંસીમાજ પડી રહે છે અને પ્રગતિના નામનું મીંડુ રહે છે એમનું ધ્યાન વિરોધી પાર્ટીની ટીકા કરવા તરફ વધુ અને સાચી કવિતા તરફ કમ રહે છે

આ છે થોડીક મુશાયરાની વિચારવા યોગ્ય ખરાબીઓ મુશાયરાની ખૂબીઓ અમે લખતો નથી તેથી એમ સમજવાનું નથી કે એમા ખૂબીઓ છેજ નહિ ખૂબીઓ ખૂબ છે, અને ખરાબીઓ કમ પરંતુ એ કમ ખરાબીઓ પણ સાહિત્યને ઓછી નુકસાનકારક નથી



"શયદા" મહાન છે અને એમની ગઝલોનુ સ્થાન જ્યા હોવુ જોઇએ ત્યાજ છે" પ્રમુખની તારીફ મંત્રીને કરવાનો આ મોકો મળ્યા બદલ બન્નેને ધન્યવાદ! પરંતુ વાત એ છે કે મંત્રીશ્રીએ 'શયદા'ની ગઝલોનુ સ્થાન ક્યા છે? તે ગુજરાતને બતાવી દીધુ હોત તો ગુજરાત સાથે અમે પણ એમના આભારી થાત આ તો પાછી શોધવાની ઉપાધિ રહીજ કે "એ ગઝલોનુ જ્યા હોવુ જોઇએ" એ સ્થાન ક્યા હશે? એ ગઝલો અગાઉ હતી ત્યાની ત્યાજ હોય તો અમારે કશુ કહેવુ નથી પરંતુ એણે પ્રગતિ કરી હોય તો અમે આ મંત્રીશ્રીને વિનવીશુ કે તેઓ તેનુ સ્પષ્ટીકરણ કરતુ એક નોખુ વિવેચન લખી ગુજરાત સામે રજુ કરે આ શુ ગોળ ગોળ કહી રહ્યા છે એ પણ અમને શ્રદ્ધા છે કે એ મંત્રીશ્રી એથી વધુ લખવાને અસમર્થ છે કેમકે 'શયદા'ની ગઝલોનુ સ્થાન બતાવવા જતા તેમની ગઝલોનુ સ્થાન કોઇ જોઇવે તો?

—"વણજારો"



— કત્અ —

એક સત્ય

ચગાવે રંગ પીળો કથીર કંચન થઈ નથી શકતું
સુગંધીમાં રહીને કાષ્ટ ચંદન થઈ નથી શકતું
કરેલા કર્મ પરથી જાત નિજ સમજાય છે 'ઘાયલ'
કરીને વેશ પલટો કોઇ સજ્જન થઇ નથી શકતું

[ગઝલ]

કજાને કે દયા આવે? કજાને પણ દયા આવી,
હતી મુજ દુર્દશા કેવી? હતી મુજ દુર્દશા આવી?

દયા આવી છટા આવી, અદા આવી, જફા આવી,
જવાની કોઇની આવી ને કોઇની કજા આવી

ગુજારી જિંદગાની માંડ ત્યાં માથે કજા આવી,
ગઇ જ્યાં એક આફત ત્યાં વળી બીજી બલા આવી

સમજાવાને ચહું છું પણ નથી એ વાત સમજાતી,
નયનથી કોણ જાણે શું એ સમજાવી ગયા આવી

છુપીને એમ આવ્યા કે ન જોવામાં વદન આવ્યું,
ધીરેથી એમ બોલ્યા કે ન સુણવામાં સદા આવી

રડું છું લોહીના અશ્રુ એ જ્યારે યાદ આવે છે,
હસીને કોઇનું કહેવું 'બહુ આજે મઝા આવી'

વિરહમાં ફૂલ પણ ખટકે છે આંખોમાં બની કાંટા,
ઊના અશ્રૂ રડાવે છે, વગી ઠંડી હવા આવી

ગયું કોઈ સુખી પોઢી સુખેથી પુષ્પ સેજા પર
અને કોઇ દુખીને ઊંઘ આખી રાત ના આવી

કરે છે ખુદ કિનારો પણ કિનારો આજ મારાથી,
દયા કર તું દયાસિંધુ હવે તો હદ થવા આવી

સિતમ પર એ સિતમ છે કે ફરી બરબાદ દુનિયામાં,
મને દિન મારૂં પૂછે છે કહે કેવી મઝા આવી?

ન આવી કેમ "ઘાયલ" ની હજુ સંભાળ લેવાને,
મરી ગઇ મોત ક્યાં એ મોતને પણ શું કજા આવી?

પાજોદ] ["ઘાયલ"

પણ દરરોજ હમેશા માત્ર એક વખત સવારે અને એક વખત સાંજે (કદી પણ છોડયા વગર) આ (નીચે લખેલ) દરૂદ પઢે છે જેતે લીવે તેને આ ફઝીલત હાસિલ થઈ છે

"અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદીંવ વ અલા આલે મુહમ્મદીન અદદા મન સલ્લા અલૈહે, વસલ્લે અલા મુહમ્મદીંવ વ અલા આલે મુહમ્મદીન અદદા મલ્લમ યોસલ્લે અલૈહે, વસલ્લે અલા મુહમ્મદીંવ વ અલા આલે મુહમ્મદીન કમા યમ્બગિસ્સલાતો અલૈહે, વ સલ્લે અલા મુહમ્મદીંવ વ અલા આલે મુહમ્મદીન કમા તજેબુસ્સલાતો અલૈહે, વ સલ્લે અલા મુહમ્મદીંવ વ અલા આલે મુહમ્મદીન કમા અમર્તા અઈયોસલ્લા અલૈહે, વ સલ્લે અલા મુહમ્મદીંવ વ અલા આલે મુહમ્મદે-નિલ્લઝી નૂરોહૂ મિન નૂરિલ અન્વારે વ અશરકા બેશોઆએ સિર્'હીલ અસરારો"

(૨) દલાએલુન ખૈરાતના કર્તા (રે અ) ફરમાવે છે તેમજ કેટલાક ઓલિયાએ કિરામે (રે અ) પણ કહ્યુ છે કે-આ દરૂદ શરીફ એક વખત પઢવાથી ચૌદ હજાર વખત દરૂદ શરીફ પઢવા જેટલો સવાબ મળે છે અને કુદરતી અક્ષરોથી કુદરતી રીતે અમુક અમુક પત્થરો ઉપર એને લખાએલુ જોવામા આવ્યુ છે (દરૂદ શરીફ નીચે મુજબ છે)

અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદેના મુહમ્મદીમ બહરે અન્વારેકા વ માઅદેને અસરારેકા વ લેસાને હુજ્જતેકા વ અરૂસે મમલેકતેકા વ ઈમામે હઝરતેકા વ તેરાઝે મુલ્કેકા વ ખઝાએને રહમતેકા વ તરીકે શરીઅતેકલ મોતલઝઝે-ઝે બેતોહીદેકા ઇન્સાને ઐનિલ વુજૂદે વસ્સબબે ફી કુલ્લે મૌજૂદીન ઐને અઅયાને ખલ્કેકલ મોતકદ્દેમે મિન નૂરે દેયાએકા સલાતન તદૂમો બેદવામેકા વ તબકા બેબકાએકા લામુન્તહા લહાદૂના ઈલ્મેકા સલાતન તુર્દીકા વ તુર્દીહે વ તર્દાબેહા અન્ના યા રબ્બલ આલમીન

(૩) દલાએલુલ ખૈરાતના કર્તા ફરમાવે છે કે-જ્યારે પણ કોઈ બદબૂદાર ચીજ જેવી કે પીયાજ, લસણ, મૂળા વગેરે ખાવાનો મૌકો આવે તો ખાના પહેલા આ (નીચે લખેલ) દરૂદ શરીફ પઢી તેની ઉપર દમ કરી ખાવાથી ઈન્શા એવી ચીજોથી જે કરાહિયત માલૂમ પડે છે તે નાબૂદ થઇ જશે

અલ્લાહુમ્મા સલ્લે અલા સયદેના મુહમ્મદે નિન્નબીય્યીન ઉમ્મીય્યીત ત હેરિલ મુતહહરે વ અલા આલેહી વસલ્લેમ

(૪) હઝરત શેખ અલી અબ્દુલ્લાહ સનોમી (રે અ)થી રિવાયત છે કે જે માણસ આ (નીચે લખેલ) દરૂદ શરીફને એક વખત પઢશે તો તેને એક હજાર વખત દરૂદ શરીફ પઢવા બરાબર સવાબ મળશે —

અલ્લાહુમ્મા સલ્લે અલા સયદેના મુહમ્મદીન સલાતન તુકર્રેમો બેહા મસ્વાહો વ તોશર્રેફો બેહા ઉકબાહો વ તોબલ્લેગો બેહા યૌમલ કિયામતે મો નાહો વ રેદાહો હાઝે હીસ્સલાતો તાઅઝીમલ લેહક્કેકા યા સૈયદેના મુહમ્મદો

(૫) હદીસ શરીફ અને કિતાબુસ્સાલેહીન' વગેરેમા છે કે જેવી રીતે આપ (સ૦)ની મુબારક જાતની હાજરીથી આપ (સ૦)ના ઝિક્રથી તેમજ આપ (સ૦) ઉપર દરૂદ શરીફ મોકલવાથી તે જગા મોઅત્તર ખુશ્બૂથી ભરપૂર થઈ જાય છે તેવીજ રીતે આપ (સ૦) ઉપર હમેશા કસરતથી (અસંખ્ય) દરૂદ શરીફ મોકલનારાઓમા પણ એક જાતની ખુશ્બૂ અને સુગંધી પેદા થઈ જાય છે

(૬) હઝરત અબૂ કાહિલ (રદી)થી રિવાયત છે કે જનાબ રસૂલિલ્લાહ (સ૦)એ મને ફરમાવ્યુ છે કે—એ અબૂ કાહિલ જેણે સાચી મહબ્બત અને ખરા ઉમંગ શોકથી રાત્રે અને દિવસમા માત્ર ત્રણ ત્રણ વખત મારી ઉપર દરૂદ મોકલ્યુ તો તે રાત અને દિવસમા તેનાથી (પઢનારથી) જે કંઈ ગુનાહ થયા હોય તે ખુદાપાક માફ કરી દેશે

(૭) હઝરત અબૂ હોરૈરહ (રદી)થી રિવાયત છે કે—જનાબ રસૂલિલ્લાહ (સ૦)એ ફરમાવ્યુ છે કે જે કલામ અને કામની શરૂઆત ખુદાપાકના ઝિક્ર અને દરૂદ શરીફ વગર શરૂ કરવામા આવે તે કલામ અને કામ બેસૂદ-બેફાયદા અને દરેક બરકતથી ખાલી રહે

(૮) હઝરત ઇબ્ને મસઉદ (રદી)થી રિવાયત છે કે કોઈ પણ હાજત મુશ્કિલ વગેરે માટે જ્યારે પણ ખુદાપાકથી દુઆ માગવા ઈચ્છો તો પહેલા ખુદાપાકની શાન અને મર્તબાને લાયક તેની હમ્દ સના કરી હઝરત (સ૦) ઉપર દરૂદ શરીફ મોકલી દુઆ માગો ઉમ્મીદ છે કે ખુદાપાક જરૂર કબૂલ કરશે દુઆ સાથે દરૂદ શરીફ પઢવાની રીત એ છે કે દરેક દુઆ માગવા પહેલા વચમા અને દુઆની છેવટે દરૂદ શરીફ પઢવુ જોઈએ માત્ર દુઆ માગી છેવટે પઢવુ એ ઠીક નથી ભરેલુ છે

(૯) હઝરત જાબિર (રદી)થી રિવાયત છે કે હુઝૂરે (સ૦) ફરમાવ્યુ છે કે—દરેક દુઆ શરૂ કરવા પહેલા અગર દુઆની વચમા મારી ઉપર દરૂદ મોકલો દુઆ પૂરી થયા પછીજ દરૂદ ન મોકલો એટલે કે દરેક દુઆની શરૂઆતમા અથવા વચમા દરૂદ શરીફ પઢવુ જોઈએ અને નહીં કે માત્ર દુઆ પૂરી કર્યા પછી પઢવુ

(૧૦) હઝરત જાબિર (રદી)થી રિવાયત છે કે—જનાબ રસૂલિલ્લાહ (સ૦)એ ફરમાવ્યુ છે કે જે કોઈ સવારની નમાઝ પછી કોઈ સાથે વાતચીત કરવા પહેલા એકસો વખત મારી ઉપર દરૂદ મોકલશે તો ખુદાપાક તેની એકસો હાજતો જેમા ત્રીસ દુનિયાની અને સિત્તેર આખિરતની પૂરી કરશે અને મગરેબની નમાઝ પછી પણ એજ મુજબ પઢવુ જોઈએ સહાબાઓએ (રદી) અર્ઝ કરી 'આપ (સ૦) ઉપર કેવી રીતે

દરૂદ મોકલવુ જોઇએ?' આપે (સ૦) ફરમાવ્યુ "ઇન્નલ્લાહા વ મલાએકતહૂ યોસ-લ્લૂના અલન્નબી યા અય્યોહલ્લઝીના આમનૂ સલ્લૂ અલૈહે વ સલ્લેમૂ તસ્લીમા-અલ્લાહુમ્મા સલ્લે અલૈહે" એ મુજબ પઢો

(૧૧) હઝરત આઇશા (રદી)એ ફરમાવ્યુ છે કે જનાબ રસૂલિલ્લાહ (સલ૦)ને ફરમાવતા મે સાંભળ્યુ છે કે પાકી અને વઝૂ સિવાય તેમજ મારી ઉપર દરૂદ મોકલ્યા સિવાયની કોઇ પણ નમાઝ ખુદાપાક કબૂલ કરતો નથી

(૧૨ હઝરત અબૂ દરદ્દા (રદી)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સ૦)એ ફરમાવ્યું છે કે જુમ્આને દહાડે મારી ઉપર પુષ્કળ દરૂદ પઢ્યા કરો કારણ કે એ એવો દહાડો છે કે જેમા ફરિસ્તાઓ મારી સામે હાજર થાય છે અને દરૂદ પઢનાર પઢવાથી ફારિગ થાય છે કે તરતજ મને તેની ખબર આપવામા આવે છે મે સવાલ કર્યો 'શુ આપ (સ૦)ની રેહલત પછી પણ એજ મુજબ થશે?" આપે (સલ૦) ફરમાવ્યુ 'બેશક એમજ થશે, કારણ અબીયા (અ સ)ના જિસ્મને ખાવા જમીનને માટે હરામ કરી દીધુ છે ખુદાના નબી હયાત ઝિંદાહ છે અને તેને રિઝક પહોંચાડવામા આવે છે'

(૧૩) હઝરત રસૂલે ખુદા (સલ) એ ફરમાવ્યુ છે કે તમામ બધા દહાડાઓમા જુમ્આનો દહાડો સર્વથી બેહતર-શ્રેષ્ઠ છે એજ દહાડે હઝરત આદમ (અ સ)ને પૈદા કરેલા અને એજ દહાડે તેમને (અ સ)ને દુન્યાથી ઉઠાવેલા એજ દહાડે સૂર ફુકવામા આવશે, અને એજ દહાડે હના (જળની વગેરે) તૂફાન તેમજ હોનનાક અવાઝો પેદા થશે તમો એ દહાડે મારી ઉપર પુષ્કળ દરૂદ પઢ્યા કરો કેમકે તમારા દરૂદ મારી સામે રજુ કરવામા આવશે સહાબાએ કિરામે (રદી) અર્ઝ કરી "અમારા દરૂદ આપ સામે કેવી રીતે પેશ થશે મરણ કે શરીર મુબારક ખોરીદાહ થઇ ગયુ હશે?" આપે (સલ) ફરમાવ્યુ "એવુ કદી પણ થઇ શકતુ નથી સબબ અબીયા (અ સ)ના શરીર મુબારકને ખાવા જમીનને ખુદાપાકે હરામ ઠેરવ્યુ છે" (એટલે જમીન કદી પણ ખાઇ શકતિ નથી)

(૧૪) હઝરત કતાદાહ (રદી)થી રિવાયત છે કે જનાબ રસૂલિલ્લાહ (સલ)એ ફરમાવ્યુ છે કે જેની આગળ મારો ઝિકર થાય (એટલે મારૂ નામ લેવામા આવે અને તે સાંભળના રો) તે મારી ઉપર દરૂદ મોકલે નહીં તો તેણે (સાંભળનારે) મારી ઉપર જફા ઝુ'મ અને મારી સાથે ગદ્દારી કર્યા બરોબર છે

"અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીવ વ અલા આલે મોહમ્મદીન ફી કુલ્લે વકતીન વ હીનિન."

આવી બેસો તો સારૂ !' યુવકે સભ્યતા દર્શાવતા કહ્યુ

'નહિ, જી, અહીં હુ આરામથી બેઠી છુ "

"મારી સભ્યતા આ વાતને સહમત નથી કે આપ અહીં આમ આ પ્રમાણે બેસી રહો" યુવકે સ્મિત કરતા કહ્યુ

શશિના મુખ પર પણ એક હાસ્ય લહરી ફરકી અને રહી ગઇ અને યુવકની પાછળ શશિ રૂમમા આવી

ફિલ્મ સ્ટારોના પોઝ અને અન્ય પોરટ્રેટોથી શણગારેલો ફક્કડ ડ્રોઇંગ રૂમ શશિને જોતાંજ ગમી ગયો યુવકે એક ખુરસી તરફ આંગળી નિર્દેશ કરતા શશિને બેસવા ઇશારત કરી, શશિ નિસંકોચભાવે ખુરસી પર બેસી ગઇ અને યુવકે પણ સામેની એક ખુરસી પર સ્થાન જમાવ્યુ

કેટલીય વાર વાતાવરણ નિરવ રહ્યુ શશિ મનમા ડરથી થરથરી રહી હતી તેણી સમજતી કે મા એના મોડા થવા પર ન કહેવાનુ પણ કહેશે

યુવક ઉલઝનમા હતો કે કઇ રીતે આ નિરવતાનો ભંગ થાય બીજો વિચાર એ હતો કે યુવતિ એજ્યુકેટેડ છે કાંઇ અસભ્ય બની ન બેસે ઉલટે શશિએજ મૌન તોડના યુવકની મૂંઝવણ દૂર કરી

"ઘણો વખત બેસવુ પડશે નહિ વારૂ !'

"જી હા ! બાર નવ વાગ્યા સુધી શુ કોઇ ઉતાવળ છે ? નાસ્તો મંગાવુ ? શુ'શુ !" તરતજ તેણે નોકરને અવાજ આપ્યો.

"ચોક્કસ ! હુ હમણાજ ખાઇ, પી,ને ચાલી આવુ છુ મ્હારી અસાવધાનીથી જરા મોડુ થયુ અને આપને તકલીફ આપી'

"એમા તકલીફ શાની એકલપણાથી તો સારૂ થયુ કે આપ આવ્યા

'તો શુ આપ અહીં એકલા છો ?"

"જી હા હુ અહીં એકલોજ છુ એક મિત્ર મ્હારી સાથે છે પણ તે આજે જરા ટહેલવા નીકળી પડ્યો છે તે પણ કાંય તમારી માફક "

"કોઇના આશ્રયમા હશે ' વાક્ય પુરૂ કરતા શશિએ હસી દીધુ યુવક કાંઇક રોમાંચિત બન્યો

"ન જાણે કેટલાય લોકોને આમ રોકવુ પડ્યુ હશે ? સારૂ તો છે કે હમો કોઇ ભલા માણસથી પરિચિત થઇએ " શશિની દ્રષ્ટિ યુવકનુ દિલ ચોરી રહી હતી હૃદયની ગતિ વેગ પકડતી હતી

"આપનુ શુભ નામ જણાવી શકશો ?" શશિના વિકસિત સૌંદર્ય પર દ્રષ્ટિપાત કરતા યુવકથી સહસા પુછાઇ ગયુ

" શશિકલા "

'ઓહ ! કેટલુ સુંદર નામ "શશિકલા !"

"અને આપનુ ?" શશિએ પૂછ્યુ

"મુજ રંકને લોકો પ્રકાશ નામથી "

"આપ કોઇ કોલેજના સ્ટુડન્ટ છો ?"

"જી, હા ! હુ એમ એમા છુ અને આપ પણ તો ?'

'જી, આ વરસે હું ફોર્થ ઇયર મા આવી છુ '

વાતનો ક્રમ ચાલુ રહે એ માટે પ્રકાશ નવીનવી વાતો ઉપાડતો ' આપ હમેશા ગરમીમા અહીં મહાબળેશ્વર આવો છો ?"

"જી ના " આ પહેલીજવાર આ તરફ આવી છુ મ્હારા પિતાની તદુરસ્તી કંઇક ઠીક

નથી ડોકટરોની સલાહ છે કે ગરમીની સીઝન પૂરુ પહાડ પરજ ચાલ્યા જાય "

અને આમ વાત વાતમા નવના ટકોરા થયા ખબરઅંતરનો ઘોંઘાટ ચારેકોર થઇ રહ્યો

' ઘણીજ ઝડપથી ટાઇમ પસાર થઇ ગયો" પ્રકાશે ઘડી તરફ નજર કરતા કહ્યુ

શશિએ ચાલવાની તૈયારી કરતા કહ્યું, ' થેંકસ, ઘણી તકલીફ ઉઠાવી આપે "

° ° °

તે દિવસનો બ્લેક આઉટ શશિ અને પ્રકાશ માટે શુભ સિદ્ધ થયો દિવસો જતા ઉભય અભિન્ન મૈત્રીથી ગુથાઇ ગયા શશિના પિતાને પ્રકાશ ખૂબજ ગમી ગયો તેઓ એના ગુણુ અને શીલ પર મુગ્ધ બન્યા અને તેથીજ તેમણે શશિ અને પ્રકાશને સમાજની સામે અમર કરી દીધા

° ° °

ઓરડામા આવતા મારતા પ્રકાશે સ્વિચ 'ઓફ' કરી ઓરડો સપૂર્ણ અધકારમય બની ગયો

શશિ ચમકીને બોલી ઉઠી 'અરે! આ શુ કરો છો?"

"બ્લેક આઉટ છે"

"તો પછી?"

" આશ્રમ શોધો "

"તે તો તમોજ આપી શકો તે દિવસે પણ આપ્યો હતો અને આજે પણ "

સૂચિત [હિન્દી પરથી]

અનુવાદક – "તાજ" [રાંદેર]

ઇસ્લામ પ્રચાર

[જનાબ 'ઇકરામ' સાહબ કૃત 'આબે કૌસર' જે મૌલાના શબ્બીર અહમદ ઉસ્માનીને અર્પણ થયુ છે તેનુ એક પ્રકરણ અત્રે રજુ કરવામા આવ્યુ છે]

લાહોર –પ્રાચીન ઇતિહાસ ગ્રથોએ એ વાત સીદ્ધ કરી છે કે સીંધ પછી ઉત્તર હિંદુસ્તાનમા ઇસ્લામનો હિંદમા સૌથી પહેલા લાહોરમા પ્રચાર થયો એટલુ જ નહિ પણ લાહોર તે સ્થળ છે કે જ્યાથી હિંદુસ્તાનમાં ફારસી શાઇરીનો આરંભ થયો મસઉદ સઅદ સલ્માન જે ફારસી ભાષાના મહાન કવિ હતા તેઓ પણ લાહોરમાજ નિવાસ કરતા હતા અને એમણે હિંદુસ્તાનમા ફારસી શાઇરીને લોકપ્રિય બનાવી એવીજ રીતે ઇસ્લામી મીશન અને એના પ્રચારના આરંભનુ પણ માન લાહોરનેજ ઘટે છે સૌથી પ્રથમ જે બુઝુર્ગ હસ્તીએ ઇસ્લામ પ્રચારનો કાર્ય આરંભ્યો તે શેખ ઇસ્માઇલ લાહોરી* હતા પોતે બુખારી સૈયદ હતા અને ધાર્મિક તેમજ આત્મિકજ્ઞાનમા પ્રથમ પંક્તિના હતા એમને માટે ઇતિહાસ સાક્ષી પૂરે છે કે ઇસ્લામી પ્રચારકોમા એ તે વક્તા છે કે જે લાહોરમા ઇ સ ૧૦૦૫ મા આવ્યા અને પોતાનો ઉપદેશ લોકોને સંભળાવ્યો, એમની વાએઝમા શ્રોતાઓની અથાગ મેદની જામતી અને એમની વાક્ છટાથી આકર્ષાઇ નિત્ય હજારો ઇસ્લામી ધર્મ અંગીકાર કરતા અને એ બાબતનુ તઝકિરએ ઉલ્માએ હિંદમા ૨૫૯ ઉલ્લેખ કરેલો છે કે

મોહદ્દિસ અને મોફસ્સિર બુઝુર્ગોમાના એક હતા. લાહોરમા તફસીર અને હદીસની સૌથી પહેલા રોશની ફેલાવનાર એઓ હતા એમની વઅઝની મજલિસોમા હજારો માણસો ઇસ્લામ સ્વિકારતા હતા આપે હિજરી સન ૪૭૦મા લાહોર મુકામે ઇન્તિકાલ ફરમાવ્યો"

શેખ ઇસ્માઇલથી પણ વધુ જે બુઝુર્ગે એ શુભ કાર્યમા નામના કરી છે તે ગીઝનીના મશ્હૂર શેખ અબુલ હસન અલી બિન ઉસ્માન હજવેરી (રહ) હતા જેઓ જનતામા દાતાગંજ બખ્શ નામથી પ્રખ્યાત છે એમનો જન્મ ઇ સ ૧૦ ૯મા થયો હતો અનેક દેશોના પર્યટનો કર્યા પછી સુલતાન મસઉદ ગઝનીના જમાનામા તેઓ પોતાના બે સાથીઓ સાથે લાહોરમા આવ્યા અહિંઆ તેમણે એક મસ્જીદ બાંધવાના શુભ કાર્યમા પોતાનો કિંમતી ફાળો આપ્યો હતો અહિં રહી એક મુદ્દત સુધી આપ લોકોને ઉપદેશ કરતા રહ્યા અને પુસ્તકો આલેખવામા પણ પોતાનો કિંમતી સમય ગાળતા રહ્યે છે કે એમના વખતમા અનેક લોકો ઇસ્લામમા આવ્યા એ લોકોમા એક મહાન વ્યક્તિ રાજા રાય રાજુ (જે લાહોરનો રાજા હતો) પણ હતા જેમનુ નામ આપે ઇસ્લામમા આવ્યા પછી શેખ હિંદી રાખ્યુ હતુ જેમના વંશજો આજે પણ આપના મઝાર પર મુજાવરપણુ કરે છે

* તેમનાથી પહેલા અરબી પુસ્તકોમા લાહોરના નવ મુસ્લિમ ફકીર બાબા રતન, બાબા ખાકી ને બીજી પાક દામનના વર્ણન મળે છે

આપની વફાત હિ સ ૧૦૭૨માં લગભગ થઈ આપના ગ્રંથોમાં 'કશ્ફુલ મેહજુબ' કે જેનો પ્રોફેસર **નીકલસને** અંગ્રેજીમાં તરજુમો કર્યો છે ઉપરાંત 'કશ્ફુલ ઇસરાર', 'મિનહાજો દીન અલ બયાન', 'બેહરુલ અયાન' વગેરે ગ્રંથો જનતામાં અગત્યનું માન ધરાવે છે

ઉપરોક્ત પુસ્તકો તસવ્વુફ અને તરીકત પ્રધાન છે એ પુસ્તકો ત્યારે આલેખાયા કે જ્યારે તસવ્વુફના મશ્હૂર ગ્રંથો જેમકે **શેખ શહાબુદ્દીન સોહરવર્દીની 'અવારીફુલ મઆરિફ'** કે **ઇબ્ને અરબીની 'ફુસુસુલ હુકમ'** પણ હજુ આલેખાયા ન હતા અને તસવ્વુફની આધુનિક નિયમતતા જેણે કેટલીક બાબતોમાં એને શરએ ઇસ્લામથી એક જુદીજ વસ્તુ બતાવી હતી હજુ અસ્તિત્વમાં આવી ન હતી

હઝરત દાતા ગંજબખ્શની કૃતિઓમાં પ્રાચીન સૂફીઓના અસિદ્ધ અને અપારપક્વ માન્યતાઓ અને વિચારોનો શંભૂમેળો નથી ખાસ કરી એમાં દુ યા અને દુન્યાદારીથી વંચિત નહી મુર્શિદનું અનુકરણ કરી અહવાલ અહવાલ કરીને અને દયને કીના અને તમામથી શુદ્ધ કરવાની વાત છે આપ શાયર પણ હતા જો કે એમનું દીવાન હાલમાં નથી પરંતુ ગદ્ય કૃતિઓમાં એમના અશઆરો મૌજૂદ છે

એ વાત સુપ્રખ્યાત છે કે હઝરત ખ્વાજા **મુઈનુદ્દીન ચિશ્તી** અજમેરી (રેહ)એ આપના મઝાર ઉપર ચિલ્લાકશી કરી હતી અને આપના વખાણમાં આ શેર કહ્યો હતો.

'ગંજ બખ્શો ફૈઝે આલમ મઝહરે નૂરે ખુદા,
નાકિસાંરા પીરે કામિલ કામિલાં રા રેહનુમા."

ઉપરોક્ત શેઅર આપના મઝારે શરીફ પર આજે પણ કોતરેલા મૌજૂદ છે ને જે સ્થળે ખ્વાજા અજમેરીએ એતેકાફ કર્યો હતો ત્યાં એક જુદો હુજરો પણ મૌજૂદ છે જેનો ઘુમટ શાહેનશાહ અકબરે બંધાવ્યો હતો

હઝરત દાતા ગંજબખ્શ પછી પણ લાહોરમાં એક કામિલ બુઝુર્ગ મૌલાના હસન સનઆની થઈ ગયા છે જે હિ સ ૧૧૮૨માં પેદા થયા હતા જેઓ કવિત્વ વિદ્યા શબ્દકોશ, અને હદીસના નિષ્ણાત હતા એમને એ વિષયમાં અનેક કૃતિઓ આલેખી હતી એક મુદ્દત સુધી આપ મક્કા શરીફમાં રહ્યા હતા અને છેવટે હિ સ ૧૨૫૨ માં આપે બગદાદ શરીફમાં પ્રાણ છોડયો

અજમેર –હઝરત દાતા ગંજબખ્શ (રેહ) અને શેખ ઇસ્માઇલ લાહોરીનું નામ માનને લાયક અને અગત્ય સ્થાન ધરાવે છે કિંતુ ઇસ્લામ પ્રચારની અગત્યની સેવા સાચે ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી (રેહ) એ કરી છે જેમનો મઝાર શરીફ આજે અજમેરમાં મૌજૂદ છે આપ હીજરી સન ૫૩૭ એટલે હિ સ ૧૧૪૨માં સિસ્તાનમાં પૈદા થયા હતા બાળપણમાં યતીમ થયા ને વિદ્યા પ્રાપ્તિ અર્થે ઇરાક ગયા નિશાપુર પ્રાંતમાં એક હારૂન નામે કસ્બો છે ત્યાં આપ ખ્વાજા ઉસ્માન હારૂનીના મુરીદ થયા અને વરસો સુધી એમની સેવામાં રહ્યા. અહિં તેમણે ખિલાફત મેળવી તેમના જીવનનો ઘણો ભાગ ઇસ્લામી મુલ્કોના પર્યટનમાં પ્રતિત થયો આપે મહાન બુઝુર્ગોની મુલાકાતો લીધી કહેવાય છે કે 'આપ પાંચ મહિના ને સાત દિવસ સુધી હઝરત ગૌસુલ આઝમ (રેહ) ના સંગમાં એક હુજરામાં રહ્યા' શેખ શહાબુદ્દીન સોહરવર્દી (રેહ)થી પણ આપનો ઘટ પરિચય હતો એવીજ રીતે શેખ નજમુદ્દીન કુબ્રા (રેહ), શેખ ઝિયાઉદ્દીન (રેહ), ખ્વાજા વાહીદુદ્દીન કીરમાની તેમજ બીજા અનેક વલી અલ્લાહની આપે મુલાકાત લીધી હતી એ વાત સુવિદિત

છે કે 'જ્યારે ખ્વાજા સાહબ મદી ।મુનવ્વ ।ની જિયારત અર્થે ગયા ત્યારે આપને હિંદુસ્તાનમા ઇસ્લામ પ્રચારનો આદેશ મળ્યો હતો રસૂલે અકરમ (સ અ વ) ખ્વાબમા તશરીફ લાવ્યા અને ફરમાવ્યુ કે ખુદાએ પાકે હિંદુસ્તાનનો પ્રદેશ તમારા સ્વાધીન કર્યો છે ' એટલે આ। ફરતા ફરતા હિંદુસ્તાન આવી ચડયા પ્રથમ લાહોરમા આવ્યા બે માસ સુધી હઝરત દાતા ગંજબખ્શ (રેહ)ના મઝાર પર મોતકિફ રહ્યા પછી દેહલી પધાર્યા અને ત્યાથી ઇ સ ૧૧૯૨ મા અજમેર તરફ પ્રયાણ કર્યું અહિ આવી આપે પ્રથમ જયપાલ જોગીને જે રાજાનો ગજગુરૂ હતો મુસલમાન કર્યો એથી આપની નામના ચોમેર પ્રસરી એ પછી હિંદુઓના જૂથના જૂથ આપની ખિદમતમા આવી ઇસ્લામ અંગીકાર કરવા લાગ્યા જ્યારે ખ્વાજા સાહેબે દેહલીથી અજમેરનો પ્રવાસ ખેડયો તો એ પ્રવાસ દરમ્યાન આપે પોતાની જાદૂ બયાનીથી સાતસો હિંદુઓને મુસલમાન કર્યા અને ઇ સ ૧૨૩૬મા સુલ્તાન અલ્તમશના યુગમા આપનો ઇન્તેકાલ થયા આપનો મઝાર શરીફ અજમેરમા છે જે ખાસ કરીને હિંદુસ્તાનમા સર્વોત્તમ પ્રસિદ્ધ જિયારતગાહ મનાય છે ચિસ્તીયા પંથનો આરંભ આપથી શરૂ થાય છે એ વંશાવળીમા બેશુમાર ઓલિયાઓ થઇ ગયા છે જેઓએ હિંદુસ્તાનમા જુદા જુદા ભાગોમા ઇસ્લામ પ્રચારની સેવા બજાવી છે

મુલ્તાન—તસવ્વુફની બાબતમા સૌથી પ્રથમ ચિસ્તી શાખા હિંદુસ્તાનમા આરંભાઇ એ પછી સોહરવર્દીયાના અનુયાયીઓનો આરંભ થયો જેની સ્થાપના શેખ બહાઉદ્દીન ઝકરિયા (રેહ)એ પશ્ચિમ પંજાબમા કરી તેઓ મુલ્તાનમા હિજરી સન ૭૭૮ એટલે ઇ સ ૧૧૮૨મા પૈદા થયા હતા પિતાના મૃત્યુ પછી તેઓ વિદ્યા પ્રાપ્તી અર્થે બુખારા, મદીના મુનવ્વરા અને બગદાદ ગયા બગદા મા કેટલોક વખત શેખ શહાબુદ્દીન સોહરવર્દી (રેહ)ની સેવામા રહ્યા ને ત્યા એમણે ખિલાફ્ત મેળવી પોતાના મુર્શિદથી આપને હુકમ મળ્યો કે મુલ્તાનમા જાઓ એજ તમારુ વતન છે ને તે એ ક્ષેત્ર છે કે જ્યા જઇ તમો લોકોને બોધ(જ્ઞાન આપો ' ઉપરોક્ત હુકમ મળતા આપ મુલ્તાનમા તશરીફ લાવ્યા ને ત્યા આવી પોતે લોકોને જ્ઞાન (શિક્ષણ) આપવા લાગ્યા મુલ્તાનના સુલ્તાન શાહ નાસી રૂદ્દીન કબાચા પણ આપના અનુયાયીમા હતા કદી આપ જો દિલ્હીમા આગમન કરતા તો દિલ્હીવાસીઓ પણ આપને ઘણાજ સપ્રેમ ને શ્રધ્ધાથી મળતા

સોહરવરદીયા પંથ માનવાવાળાઓમા રાગ રાગણી તેમજ સમાઅની એટલી બધી પ્રથા નથી કે જેટલી ચિશ્તીયા પંથમા જોવામા આવે છે પરન્તુ એટલુ સાભળવામા આવે છે કે શેખ બહાઉદ્દીન ઝકરિયા (રેહ) પણ જાતે સમાઅની મેહફિલમા પધારતા ને એ કાર્યમા ભાગ લેતા અને કાવ્યની ઉત્તમોત્તમ પંક્તિઓ પર મસ્તક ધૂનન કરતા ને કાવ્યના રસાસ્વાદમા લીન થઇ જતા કાવ્ય પ્રત્યે એમનો પ્રેમ ખ્વાજા ઇરાકીના મહાન કવિ ઇરાકી ના સંસર્ગથી ઉત્પન્ન થયો. ઇરાકી શેખ શહાબુદ્દીન સોહરવર્દીના ભાણેજ હતા ને જેમની સાથે શેખ ઝકરિયા (રેહ)ની પુત્રીના લગ્ન પણ થયા હતા ઇરાકી એ સમયે મુલ્તાનમા નિવાસ કરતા હતા ને હૃદયવેધક કાવ્યો બનાવતા હતા એતિહાસિક ગ્રંથકાર ફરિશ્તા આ લખે છે કે – શેખ બહાઉદ્દીન ઝકરિયા (રેહ) એક રાત ઇરાકીની મેહફિલમા આવી ચડયા 'ઇરાકી' નીચેની ગઝલ બનાવી રહ્યા હતા

' નખુસતી બદહ કા દર જામ કરદ,
ઝ ચશ્મે મસ્તે સાકી દામ કરદ

બગયે સયદે મુગે બને આશિક,
ઝ ઝુલ્ફે માહરયા દામ કર્દ
બ આલમ હર કુજા ગ્ને મનામત,
બદમ પુરદ્દ વ ઈશ્કશ નામ કર્દ
ચુ ખુદ કરદ્દ રાજે ખવિશતન ફાશ,
'ઇરાકી' રા ચરા બદનામ કરદદ "

ઉપરોકત ગઝલ સાભળી હઝરત શેખ પર એવી મનોવેધક અસર થઇ કે આપ ગઝલમા બિલ્કુલ લીન થઇ ગયા ને વારવાર ગઝલનો અતિમ શેર ફરીફરીને સુણાવના મુખથી ઉચ્ચારતા રહ્યા

આપની વફાત હિ સ ૬૬૬મા થઇ મુલ્તાનમા આપનો મઝાર છે આપના મહાન ખલીફા હઝરત શેખ સદરૂદીન આરિફ હતા જેમની કરામાતો માટે અનેક પ્રકારની લોકવાયકા પ્રચલીત છે તેઓ પણ પોતાના પિતાની નજીક મુલ્તાનમા દફન થયા છે હઝરત શેખ બહાઉદ્દીનના બીજા એક ખલીફા સૈયદ જલાલુદ્દીન મુનીરશાહ હતા જેઓએ જગસીયાન વસાવ્યુ અને પશ્ચિમ પજાબમા એક મુદ્દત સુધી ઇસ્લામ પ્રચારનુ કાર્ય સફળતા પૂર્વક કરતા રહ્યા આપનો મઝાર ઓછમા છે આપ ઉચ્ચ રોટીના આલિમ તેમજ શેખ હતા આપ મુતાતુન મશાઇખ હઝરત નિઝામુદીન ઔલિયા (રહ)ના સમકાલિક હતા ને સુલ્તાન અલાઉદ્દીન ખીલજી આપને ઘણીજ માન ભરી દ્રષ્ટિથી જોતા હઝરત મીર સૈયદ જલાલુદ્દીન જેઓ મખ્દૂમ જહાનીયા જહાગશ્તના નામથી પ્રખ્યાત છે તેમણે આપથી ખિલાફત પ્રાપ્ત કરી અને તેમણે હિદુસ્તાનના અનેક સ્થળોની મુલાકાત લીધી હતી તેમણે લોકોને જ્ઞાન આપ્યુ ને ઇસ્લામ પ્રચાર મહાનતાપૂર્વક કર્યો પ્રોફેસર આર્નોલ્ડ લખે છે કે 'ગુજરાતમા ઇસ્લામ પ્રચારનું કાર્ય આપેજ કર્યુ હતુ " આપના મઝાર ઓછમા છે હઝરત કુત્બે આલમ (રહ) અને હઝરત શાહ આલમ (રહ) જેમના મઝાર અમદાવાદમા મૌજૂદ છે, હઝરત મખ્દૂમ જહાનીયાના પૌત્ર અને પરપૌત્ર હતા તેઓ એક મહાન બુઝુર્ગ હતા* અને ગુજરાતના સુલ્તાન એમને ઘણાજ માનપૂર્વક માનતા હતા

ચિશ્તી અને સોહરવર્દીયા પથ હિદુસ્તાનમા ઘણાજ પુરાતન છે બાકી બે પથ એટલે કાદિરીયા ને નકશબદીયા ઘણાજ સમય પછી આરભાયા નકશબદીયા પથ હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ (રેહ)એ શહેનશાહ અકબરના જમાનામા શરૂ કર્યો ને એ હઝરત મુજદ્દિદ અલ્ફેસાનીના પ્રયત્નથી પ્રચાર પામ્યો કાદિરીયા પથ પણ સોળમી સદીના આરભમા હિદુસ્તાનમા શરૂ થયો પશ્ચિમ પજાબમા આ પથનો આરભ હઝરત સૈયદ મહમદ ગૌસ ગીલાની (રેહ)એ કર્યો જેઓ હલબમા પૈદા થયા હતા વિદ્યા પ્રાપ્તી ને હજ કાર્યથી પરવારી આપ હિદુસ્તાનમા આવ્યા સુલ્તાન સિકદર લોદી આપના અનુયાયીઓમા હતો આપે લાહોર મુલ્તાન અને ઓછમા એક મુદ્દત સુધી લોકોને ઉપદેશ આપ્યો આપની વફાત હિ સ ૧૫૧૭મા ઓછ મુકામે થઇ જે હજુ સુધી કાદિરીયા પથનું અગત્યનુ સ્થાન લેખાય છે પશ્ચિમ હિદુસ્તાનમા મુલ્તાન અને ઓછ ઇસ્લામ પ્રચાર અને બોધ-જ્ઞાનના મહત્વના સ્થળો લેખાય છે પરતુ હઝરત બહાઉદ્દીન હક્ક, શેખ બહાઉદ્દીન ઝકરિયા (રેહ)ની ઝિદગીમા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગજે શકર (રેહ) આ વિભાગમા આવ્યા જેથી પાકપટ્ટણ પણ સૂફીઓના ઇસ્લામ પ્રચારનુ અગત્યનુ સ્થળ બની ગયુ એ બુઝુર્ગોના પ્રયાસોના શુભ પરિણામો આજે અમો સિંધ અને પશ્ચિમ પજાબમા જોઇએ છીએ કે જ્યા મુસલમાનોની બહુમતી છે ને સ્થળે સ્થળે બુઝુર્ગોના મઝાર શરીફ મૌજૂદ છે ને લોકો એને માનભરી દ્રષ્ટિથી નિહાળે છે ને એની ઇજ્જત કરે છે
(અપૂર્ણ)

* ખુલાસા માટે જુઓ 'ઔલિયાએ' ગુજરાત

દીના

"શાકિર" બી એ (ઑન)

એની શાત આખોમા એના જીવનના અજવાળા ઝગઝગી રહ્યા હતા અટારીમા બેઠી બેઠી એ કોણ જાણે વાતાવરણની કેટલીએ પળો ચીરીને જીવનમા જ્યોત પ્રગટાવવા મથી રહી હોય તેમ લાગતુ આજે પણ વિજળીથી ઝગમગતા જગતમા, આવા અનેક આત્મા દેખી આપણામાના ઘણાકને નવાઈ લાગે ખરી પણ દીના કહેતી 'મ્હને હજી સુધી જીવનમા અજવાળા માટે આટલા બધા ફાફા કેમ મારવા પડતા હશે ?' હુ એને કહ્યા કરતો ' દીનુ તુ એક બે મોટા લેખક વાચ એટલે તને બધુ મળી રહેશે જો કલાપી ત્હને મઝા આપશે રમણલાલ ત્હને વિચાર વટોળે ચઢાવશે અને ધુમકેતુ ત્હારા ઘણા ખરા કોયડાનો ઉકેલ સૂચવશે' મારે તેમની પાસેથી એમાનુ કશુ જોઈતુ નથી મ્હારે બીજા લેખક પણ વાચવા નથી જ્યા સુધી હવામા ઉડતા પક્ષિઓ છે જ્યા સુધી સધ્યાના બદલતા રગો દેખી શકવા પુરતુ નૂર મ્હારી આખોમા છે જ્યા સુધી અર્ધ ઉઘાડા શરીર ટાઢથી થરથરતા જોવાના મળે છે જ્યા સુધી આપણે ત્યા અથડાતા અનાથો છે ત્યા સુધી મ્હને થોથા વાચવાને કોઈ કારણ જણાતુ નથી' દીના બોલી ઉઠી

એમ તો દીનાનો અભ્યાસ ઠીક ઠીક હતો એનુ વાચન પણ એની ઉમરના પ્રમાણમા ઘણુ સારુ કહેવાય એને નાનપણથીજ કુદરત નિહાળવાનુ પસદ હતુ એક વખત પાણીની એક લાબી સપાટી ઉપર ઉડતા એક પક્ષીને જોઈ એ બોલી ઉઠી આવડા મોટા આકાશમા પણ આ નાનુ સરખુ પક્ષી કેવા શાત પડઘા પાડી રહ્યુ છે બરાબર એવીજ રીતે ગાઢ મોટા મેદાનમા જ્યારે કુદરત સુઈ ગઈ હોય ત્યારે જો આપણે મોટેથી શ્વાસ લઈએ તો એ આપણે આ અનત લાગતી કુદરતને ગૂજતી મૂકીએ એમ મ્હારી ખાત્રી છે હા પણ અફસોસ એટલોજ થાય છે કે મ્હારી સૃષ્ટિમા [illegible] સમાજમા મ્હારા ધુમબડા પણ કોઈના કાને નથી પડતા ! મ્હારી અશક્તિઓ ઉપર માનવીની અશક્તિ ઉપર મ્હને લાગેજ અસૂ સારવાનુ મન થાય છે પેલા તમારા લેખકો અને કવિઓ ઉપર પણ મ્હને દયા આવે છે ગરીબ બિચારો લેખક, અને ગરીબ બિચારો કવિ કોણ સાભળે છે—કોને સમજાય છે એમની એ બાગો ? એક વાર તાડ ઉપર બેઠેલા ગીધને બતાવી કહેવા લાગી ગદુ ખાઈ ઉચે બેસનાર ગીધ અને અધમતાની સીમા વટાવી જઈ ઉચે બેસતા મથી રહેલ આજના માનવીમા મ્હને જરાએ ફરક દેખાતા નથી વળી એક વાર ટેકરી ઉપરના હરણને જોઈ એ બોલી ઉઠી આઝાદ જીવનમા સ્ફુર્તિ અને ખુબસુરતી પૈદા થાય છે જીવનની આવી અનેક મીઠાશ માણનાર દીના દુખી હોય એમ માનવુ મુશ્કેલ છે એ દુખી છે એમ ઘણા થોડા લોકો જાણે ।

એક દિવસ એણે મને કહ્યુ હુ અને એ મિત્ર હતા અમારા વિચારો એક બીજાથી તદ્દન વિરૂદ્ધ દિશામા જતા છતા એ અને હુ અમારી મિત્રતા જાળવી રાખતા એક દિવસ એણે મને કાઈ કારણસર તમાચો માર્યો મ્હને ચીઢ ચઢી મે બદલો લેવાનો નિશ્ચય કરી નાખ્યો અને એને જણાવી દીધુ કે 'તુ

જ્યારે સમયના હાથે તમાચા ખાશે ત્યારે હું બહુજ ખુશી થઇશ અને બને તો હૂંયે તને તમાચા લગાવીશ" એ પછી તો ઘણો વખત વહી ગયો. હુ જગતના બદલાતા રંગ સાથે બધુજ ભૂલી ગઇ એ પણ ભૂલાઇ ગયો હુ જ્યારે ઘર સંસારમા પડી ગઇ ત્યારે એક વેળા એ મ્હારે ત્યા આવ્યા. હુ એમને જોઇને દિંગમુઢ બની ગઇ ફાટેલા વસ્ત્રોમા એક છુપતા મુખડાને હુ જોઇ રહી મે પૂછ્યુ "તમારા આવા હાલ ?" એણે જવાબ વાળ્યો "ત્હારી ઇચ્છા પૂરી કરવા સમય અને તમાચા માર્યેજ ગયો, હુ તમાચા ખાતો ખાતો .. "એને દમ ચઢી ગયો થોડીવાર આરામ લીધા બાદ એ ફરી બોલ્યો " હવે ત્હારા હાથનો એક છેલ્લો તમાચો બાકી છે તે મળે એટલે હુ મ્હારી મન્ઝિલ ઉપર પહોચી જાઉ " એ ઢળી પડ્યા મ્હારી બધી શકિતઓ કોણ જાણે કયા ગુમ થઇ ગઇ હોય તેમ હુ કશુય કરી શકી નહિ મે એમની માફી માગી ત્યારે એ બોલી ઉઠ્યા "ત્હને માફી આપી મ્હારી પ્રકાશિત દુન્યાને હુ અંધારી બનાવવા માગતો નથી તુ એક તમાચો મારી લે એટલે મને આરામ મળી રહેશે હવે તુ એમાં ઢીલ કરીને મને નકામો વધુ દુખી ન કર મ્હારે ઘણે લાંબે જવાનું છે" એણે આંખો મીચી દીધી અને હુ એમને ઘોર નિદ્રામા નિહાળી રહી"

(સંપૂર્ણ)

નિર્દોષ

આઠ નવ માસની નોકરી વેઠી જ્યારે એ હુ મારા સ્વવતનમા પધારૂ છુ ત્યારે મારી આખો એને જોવા ઉત્સુક થઇ ઉઠે છે એ મારી સ્વવતનની સહચરીની છે, સહ ારીની છે, હુ એની સ્નેહભીની છાયામા વિશ્રામ લઉં છુ

એના પર મારો અગાધ સ્નેહ છે અપાર પ્રેમ છે, એટલેજ તો એ સ્વવતનની સાથી બની મારી સાથેજ રહે છે અને હુ એ એના વિના ક્યા જવાનું પસદ કરતો નથી, અમી પરમાત્મની ચાદનીમા શાન્તીથી મુગા-મુગા, અમે હાથમા હાથ લઈ કલાકો સુરી સરિતા-કીનારે બેસી રહીએ છીએ, જ્યારે હુ કો' અકથ્ય વિચારોમા એકતાર થઇ જાઉ છુ જ્યારે મારો હર્ષ પ્રફુલ્લ બની હર્ષોન્મત બની જાય છે ત્યારે ત્યારે આગ હાથોએ હુ એને હૈડાગી લઉ છુ

એ એની પ્રેમાળવૃત્તિને લઇ મારી પ્રેમપાત્ર બની છે મારી સુદરતાનુ એક અગ બની છે, એ જ્યારે મારી સાથે હોય છે ત્યારે શરીરનુ વૈવિધ્ય કઇ વધુ સુશોભિત બની શોભામય દીસે છે અને કદાચ આજ કારણને લઈ મારો દેહ પ્રભાવ કઈ વધુ પ્રભાનશાળી લાગતો હોય એવુ મને પ્રતિત થાય છે

એની આ વિશિષ્ટાને લઇ જ્યારે જ્યારે હુ પરદેશથી મારા સ્વવતનમા પધારૂ છુ ત્યારે એના સાનિધ્યમા, એની સ્નેહભીની છાયામા રહી શાન્તરા મેળવુ છુ, ઘેર આરામ લીધા પછી જ્યારે પરદેશ ગમન કરૂ છુ ત્યારે એનો વિયોગ અસહ્ય બને છે

એની સેવાઓને હુ ભુલી શકતો નથી, અનાયાસે ઉપસ્થિત થતી એવી કોઇ અશાન્ત પળ જ્યારે મારી નીકટ રહેલા મિત્રો સહૃદય સ્નેહીઓ, ગભરાઇ જઇ નાસભાગ શરૂ કરે છે ત્યારે પણ એ તો મારા શિરછત્રના સ્વરૂપ અટલ અણનમજ રહે છે, હુ એની આ અનન્ય સેવાને સન્માનની દ્રષ્ટિએ ઘડીભર જોઇજ રહુ છુ


એની આ મક્કમતાને જોઈ હુ આનદાશ્ચર્ય કહી ઉઠુ છુ—

"મારી પ્રિય  છત્રી ગભરા નહી, આતો શ્રાવણ માસનો ક્ષણીક ઉન્માદ છે
શ્રાવણ વરસે સરવડે,
એ આવે, એ જાય !

—એ માલિક દૃષ્ટા

લેખક . "ઈજન" ધોરાજવી

નિર્દય



એ રંગે કાળી હતી પરંતુ એનું કાળજું કાળું ન્હોતું, અને એની એ કાળજાની વિશુદ્ધતા કારણે એ મને પ્રિય અતી પ્રિય હતી,


એની નાજુક દેહલતા સૌન્દર્યમય હતી, સંધ્યાના ઈન્દ્ર ધનુષી અંબર રંગોની જેમ એની મુખમુદ્રા અલૌકિક રંગોએ પ્રકાશી રહેતી. એના દેહ પર ઝુલી રહેલો કાળો ગુચ્છો એના દેહ યૌવનમા અભિવૃદ્ધિ કરતો, એને જોઇ હું ઘડીભર ઉલ્લાસ અનુભવતો

એના સહકારે હું ઉત્સાહી થઇ ઘણા ઘણા કાર્ય કરી જતો, કો' દી કોઈ વાડી બગીચામા જતો ત્યારે એની પ્રેરણાથી ઝાડ પર ઝુલતા ફળ ફૂટનો રસાસ્વાદ લઈ શકતો, અંધારી રાત્રે જ્યારે ઘરે આવતો ત્યારે ભસતા કુતરાઓનો સામનો કરવામા એ મને સહાયતા કરતી, એની સહૃદયતાની કોઇ સીમા ન્હોતી, સહિષ્ણુતા, અને સેવા એ જાણે કેમ એના જીવન સિદ્ધાંત ન હોય! એમ એ જીવનની હરેક પળે કર્તવ્યલીન રહી સેવા કરવા તૈયારજ રહેતી, સંકટ સમયે એની સહાયતા કયારેક મને સંકટથી ઉગારી લેતી બળતા બપોરે મને એની નાજુક દેહ ઘટામા વિશ્રામ દેતી આવી અલૌકિક શક્તિશાળી એ પ્રિયતમા મેળવવા માટે હું મને ભાગ્યશાળી માનતો

લાંબા સમય પછી આજે એની જાતી બ્હેનો અગણિત સંખ્યામા મને દૃષ્ટિપાત થઈ એણીને આથી કંઇ વિસ્મિતા થઇ હોય એમ મને લાગ્યુ

બીજા દિવસે એ કંઈ વ્યાકૂળ લાગી, ક્યારે એ નહીં ને આજ આમ કેમ? હૃદયમા પ્રશ્ન થયો છતા એની પરવા ન કરતા એને લઇ હું બહાર નીકળ્યો ઝરમર ઝરમર મેહુલો વરસી રહ્યો હતો

એ મારી સાથે થોડા સમય સુધી તો શાન્ત રીતે ચાલી આવી પણ જ્યા એક સમીરનો સજ્જડ સપાટો આવ્યો ત્યા એ "કાગડા"નુ સ્વરૂપ લઈ નીજ દેહને ઉંટાવી દીધું, હું ભીંજાતોજ રહી ગયે, રાહદારીઓએ અટ્ટહાસ્ય કર્યું, મારા સ્વમુખેથી શબ્દો સરી પડ્યા—



"નિર્દય છત્રી આ તે શું કર્યું?"

જિંદગીની છાવણી

[મિશ્ર ભજન]

મોત પાસે પણ હતી મરનારની એ માગણી,
રૂહ લઈ જાજે સનમના ઘર ભણી

તારી માદક રૂપસુરાના વર્ષણે છલછલ થવા,
પ્યાસી તડપે છે હજી ચક્ષુ તણી

તે ભલે ના ચેન આપ્યું, કિન્તુ દર્પણ દિલ તણું,
ચીરનારી કા બની હીરાકણી ?

રક્તથી મારા જુઓ પશ્ચિમ દિશા રંગાઈ ગઈ,
તોય બાકી છે હજી મુજ તાવણી

મેરૂના ઊંચાણ ને માપ્યા ઊંડાણો અબ્ધિના,
થઈ શકી ના જીવતરની માપણી

ચાંદ-સૂરજ સાથ સ્પર્ધા દોડવાની થાય કાં ?
આજ રૂડી કલ્પનાની સાંઢણી

ભાત પડતી ધૈર્યની શી રીત જીવન—ચીરમાં,
જો વિષમતા હોત ના એમાં વણી

સ્નેહના ગોરસ થકી રસવત આલમને કરે,
લાગણી થઈ જાય જો ગોવાલણી

જાણીતી ન્હોતી મને આ મુલકની આબોહવા,
તોય નાખી જિંદગીની છાવણી

કેમ 'કિસ્મત' તારી ઠોકરની મઝા માણી શકે,
પ્રેમની જો હોય કાચી બાંધણી

" કિસ્મત "

થોડાક દિવસ — દિલ્હીમાં

અનુવાદક –રઝા કાઝી.

(ગતાંકથી ચાલુ)

તે દિવસે કરોલ બાગમાં ઝઘડો થતાં થતાં અટકી ગયો, વાત એમ બની કે વિજિયાના પતિનું પતિત્વ ઘવાયું તો તેણે વિજિયાને ખૂબ મારી કારણ કે તે દિવસે તે ઘેર ઘણી મોડી આવી હતી પણ વિજિયાનો એમાં શો વાંક? તે તો તેના શેઠને ત્યાંથી આવતી હતી કે જે તેને હજી પણ આવવા દેતો ન હતો અને એ તો બધા જાણતાજ હતા કે વિજિયાને બે હકદાર છે એક એનો પતિ અને બીજો શેઠ પતિ સાથે તો માત્ર લગ્ન થયા હતા અને શેઠ ખર્ચ પૂરો પાડવા ઉપરાંત એના માટે રેશમી સાડીઓ જોડા ચંદીના ઝાંઝર વગેરે લાવી આપતો હતો પતિ તો માત્ર આરો તેલ વેચનાર દુકાનદાર અને અફીણી હતો અને શેઠ સાઠ્યાસો રૂપીયાનો પગારદાર હતો અને 'શેઠનો હક હમેશા પતિ કરતા વધુ હોય છે, આપણા સમાજનો એ એક સબળ નિયમ છે"

વિજિયાને ખૂબ મારવામાં આવી છે એવી શેઠને જાણ થતાજ તેમાંથી મોટો પ્રશ્ન ઉપસ્થિત થઇ ગયો. આપણા દેશમાં હિંદુ–મુસ્લિમ પક્ષ સિવાય બીજા પણ પક્ષો છે અને તે પક્ષોમાં પણ અથડામણ થતીજ રહે છે 'પંજાબી', 'ભૈયા' 'બંગાળી', 'બિહારી' મતલબ કે જેટલા પ્રાંતો એટલા પક્ષ જો કે આ પ્રાંતિક પક્ષોની હિંસાવાસીમાં દર વખતે માણસોના ખૂનો થતા નથી પરંતુ ભાવનાઓના ખૂના જરૂર થાય છે અને એ વેંઝેરનો અગ્નિ નજીવા પણ સળગી ધુંધવાતો રહે છે અથડામણ શરૂ થતાજ એક છોકરો દોડતો આવ્યો અને કહેવા લાગ્યો પિતાજી પિતાજી? આજે ચમારોથી લડાઈ થશે તમે પણ ચલ જશો?" આ સાંભળતાજ મ્હારો મિત્ર સૈનિકની ઢબથી લાકડી લઇ યુદ્ધ–ક્ષેત્ર પ્રતિ દોડી નીકળ્યો. નાછૂટકે મ્હારે પણ તેના પાછળ પાછળ ઘસડાવું પડ્યું

ત્યાં જઇને જોયું તો વિજિયાના પતિની દુકાન પર ઘણા પંજાબી અને ભૈયાઓ ઉભા હતા, પંજાબીઓએ દુકાન પર હલ્લો કર્યો અને ચમારોને નિર્દયતાથી બહાર ખેંચી લાવ્યા ચમારણો બિચારી છાતી કૂટવા લાગી અંતે લોકોએ વચ્ચે પડી મામલો શાંત પાડ્યો ગરીબ બિચારા ચમારોએ માફી માગી અને રણક્ષેત્રમાં 'સમમતાગત' હોવાથી પતાકા ફરકી

મ્હેં એક પંજાબીને પૂછ્યું "આ યુદ્ધનું મૂળ કારણ શું તે સમજાવશો?"

તે બોલ્યો –'આ ચમાર પેલા પંજાબી બાબુ (કે જેઓ સરકારી ઓફિસમાં સુપ્રિન્ટેન્ડન્ટ છે) ને મારો ભાડી જુઓ તો ખરા જમાનો? ચમારો પણ માથે ચઢવા લાગ્યા છે? કરોલ બાગમાં એ લોકોથી આમ દબાઇને રહીએ તો પછી થઇજ રહ્યું પણ એ ચમારડા જાણતા નહિ હોય કે અમ કોઇ રેહપેજી માણસો નથી"

મ્હેં કહ્યું હશે –"જવા દો, આપ પણ જુલ્મ કરી રહ્યા છો"

તેણે કહ્યું –"ના સાહેબ! આ તો આબરૂનો સવાલ છે કરોલ બાગનો હાલ તમે શું જાણો?

એ ચમારો ઘણા લુચ્ચા હોય છે'' સારાશ કે મામલો એટલો વધ્યો કે પોલિસમા પણ રિપોર્ટ થઇ ગયો જો કે ચમારોએ માફી માગી લીધી હતી છતા બાબુજીનો ક્રોધ જેમનો તેમ હતો કોર્ટમા બન્ને પક્ષવાળા ધક્કા ખાતા રહ્યા વિજિયાને પણ બોલાવવામા આવી ઉંવરે લાખે ગામે જઇને સમાધાન થયુ

જ્યારે એક લૈલા હકીમ સાહેબે આ વાત સાભળી તો ક્રોધમા બરાડી ઉઠયા "આ લુચ્ચા પંજાબીઓએ અમારી ઇજ્જત વૃગમા મેળવી દીધી આટલા માટેજ હિંદીઓને સ્વતંત્ર મળતુ નથી"

બીજી બાજુ પંજાબીઓ બરાડી રહ્યા હતા - "કે આ ભૈયાઓ આપણને સમજી શુ બેઠા છે?"

હુ મારા મિત્રને સમજાવવા લાગ્યો કે "પંજાબી અને ભૈયાનો ઝઘડો શા માટે પેદા કરો છો? ઝઘડો તો માત્ર એક સ્ત્રીનો છે અને જ્યાસુધી દુનિયામા એક પણ સ્ત્રી હશે આવા ઝઘડાઓ મોજુદ રહેવાના"

મિત્ર બોલ્યો - 'તુ તો પાગલ છે" અને તેમની પત્નિએ છણકો કરતા કહ્યુ યાદ રાખો, આજે તમારૂ ખાવુ બધ'

શ્રાવણ માસ હતો ધીમે ધીમે વરસાદ વરસી રહ્યો હતો ચમારોએ ઝુલા બાધ્યા હતા અને શ્રાવણી ગવાઇ રહી હતી ચમારો સારા વસ્ત્રો પહેરી આખોમા કાજળ આજી બજારમા ફરી રહ્યા હતા ધનિયા ચમારણની બન્ને ખાઉધરી વહુઓ સાસુને જાબુ અને કેરી અપાવવા કહી રહી હતી જાબુ અને કેરી વધુ ખુશીની વાત તેઓ પોતાના નાનકડા પતિઓની આગળી ઝાલી ઝુલે બેસવા ચાલતી થઇ મને સહસા યાદ આવ્યુ 'છોડીસે બાલમ મોરે અગનમે ઝુલા ઝુલે"

મ્હારા પણ બાળલગ્ન થયા હોત તો કેવુ સારૂ! હુ પણ કોઇની ગોળની ચૂસતા ચૂસતા પત્નિની આગળી ઝાલી આ લોકોની પેઠે ફરત અને ઝાડ પરથી જાબુ તોડી તોડી ખાયા કરત

દિલ્હીની આ શ્રાવણી મઝા નિહાળીને જણાયુ કે બાળલગ્ન ઘણુ સારૂ આ લોકોનુ જીવન કેટલુ બધુ ઉલ્લાસપૂર્ણ છે પેલા ફિરંગીઓ કે જેઓ સાઠ વર્ષની વયે ઘરડા થઇને લગ્ન કરે છે તેઓ શુ જાણે બાળ લગ્નની મઝા? પરંતુ આ બધુ કદાચ મોસમનુ કારણ હતુ યુરોપમા નતો શ્રાવણ આવે, નતો કેરી ને જાબુ થાય છે, ત્યા તો બારે માસ આકાશ પર ધુમ્મસ વાદળ છવાયેલું રહે છે" આવુ વિચારી રહ્યો હતો કે મ્હારા મિત્ર બોલ્યા ચાલો આજે કુતુબ મિનાર જઇએ કેરી અને જાંબુ પણ સાથે લઇ લેશુ'

મેં કહ્યુ -"અને શ્રીમતીજીને?"

"જરા ધીમે બોલ" તેણે કહ્યુ

કુતુબ મિનાર આગળ ઘણી ભીડ હતી કુતુબ મિનાર જતા ખાસ રોઝ આવે છે એ જુના ખંડેરો અને મકબરાઓ છે એમ તો પૂરી દિલ્હી કબરોથી ભરી પડી છે જેટલી દુન્યા દિલ્હીની નીચે આબાદ છે એટલી તો ઉપર પણ નથી કાંઇ કાળે આ ખાસ રોઝ મારૂ તળાવ હતુ, પણ હવે તેના ખંડેરોમ કે બગીચાઓમા લોકો બેઠેલા હતા કેટલાક તો ખાવાનુ, હુક્કા પત્નિ અથવા વારાંગનાઓને સાથે લઇને આવ્યા હતા ક્યાંક સારંગી વાગતી હતી તો કોઇ કેમ ઉધો હસવાનો અવાજ આવતો હતો, હોઝનો ઘણો ખરો ભાગ સુકો હતો એટલે ત્યા કેટલાક છોકરાઓ ફૂટબોલ રમી રહ્યા હતા અમે વાંકી વાળી સીડીઓ પર થઇને ઉપર ગુમ્બજ તરફ જવા લાગ્યા તો સામેથી બે સ્ત્રીઓ આવી રહી હતી અમને જોઇને તેઓ બાજુ પર ખસી શકી નહિ કેમકે રસ્તો ઘણો સાકડો હતો કાં તો અમને પાછા ફરવુ પડત યા

તેઓને, પણ એમએમ મ્હને પેલી બકરીવાળી વાત યાદ આવતા અમે બન્ને જમીન પર સુઇ ગયા અને તેઓ અમારા ઉપર થઇને ચાલી ગઇ આગળ ચાલ્યા તો વળી ઉપરથી બે કિશોરીઓના હસવાનો અવાજ આવ્યો બે ગોપીઓ હસી રહી હતી અને બે કનૈયાઓ તેઓનો માર્ગ રોકી ઉભા હતા કેટલો સરસ રોમાન્સ! અહિંયા પણ ફરી આગળ જેમ કે શુ પડશે કે શુ? એવુ વિચારતોજ હતો ત્યા એ નાટકના સૂત્રધારો પાછા ઉપર ચાલ્યા ગયા અને અમે તેઓની પાછળ સીડી ચડવા લાગ્યા અમે ઉપર ચઢીને કૂટમાનની રમત જોવા લાગ્યા અને પેલી ગોપીઓ અને કનૈયાઓ બીજી એકાંત જગ્યા ગોધવામા પડ્યા

કુતુબમિનાર સુંદર જગ્યા છે એ કુતુબુદ્દીન એબકે બંધાવ્યો હતો મહંમદ બાદશાહનો અહિંયા ચાર મિનારવાળી એક ભવ્ય મસ્જિદ બનાવવાનો હતો

આજકાલ આ જગ્યાને લોકો સહેલ કરવા માટે ઉપયોગમા લે છે હિંદુસ્તાનમા પુરૂષો અને સ્ત્રીઓનુ સડક પર એક બીજાના હાથમા હાથ નાખી ફરવુ અસભ્યતા ગણાય છે પરંતુ એના કરતા કુતુબની સીડીઓ પર ગજબ જોવામા આવે છે અધી રાત સુધી લોકો કુતુબ આગળના બગીચામા ફરતા હરે છે અને મિત્રો તથા પત્નિઓ સહિત જુના શિલ્પીઓની શિલ્પકળા જોતા રહે છે કેટલો ઉચો મિનાર કેટલી મનોહર ઘડતર કેટલો સુંદર શિલાલેખ! એ જોતા જનતાનુ સમાગ થઇ જાય છે

પોતાના પૂર્વજો પ્રત્યે દિલ્હીવાસીઓને અસીમ પ્રેમ છે તેવોજ પ્રેમ કે જેવો લાહોર વાળાઓને સાલી ગલી ગલીઓ પ્રત્યે છે સમજ પડી કે લાહોરનુ બજાર અને ગલીઓ જલ્દી ઉંઘે છે પરંતુ દિલ્હીમા તેનાથી ઉધુ છે અહિંયા

કનોટ પ્લેસની દુકાનો રાત્રે સાત આઠ વાગતાજ બંધ થઇ જાય છે ચાંદની ચોકમા નવ વાગ્યા પછી કુતરા ભમતા દેખાય છે સડકો સુનીસટ થઇ જાય છે અને શહેરમા ચૂપકીદી છવાઇ જાય છે

એક વેળા સડક પર ચાલતા ચાલતા મે વિચાર્યું હતુ કે "આ લોકો બધા ક્યા જતા હશે? સિનેમા અને થિએટરો પણ ઉજ્જડ દેખાય છે રેસ્ટોરા અને કાફેમા પણ તેઓ જોવામા આવતા નથી શુ તેઓ ઘરમા ભરાઇ રહેતા હશે? યા ખુદા! એ લોકોને પોતાના ઘર પ્રત્યે આટલો બધો પ્રેમ કેમ છે?"

પણ હવે સમજાયુ કે હુ ભ્રમમા હતો જ્યારે દિલ્હીની ગલીઓ અને બજારો સૂના થાય છે ત્યારે ત્યાના મકબરાઓ આબાદ થાય છે દિલ્હીના મકબરાઓમા રાત તેવીજ રોનક હોય છે જેવી લાહોરના અનારકલી બજાર અને કનોટ પ્લેસની ન્યુ માર્કેટમા હોય છે જો તમે દિલ્હીમા રાત્રે જાવ તો ત્યાના બજાર, ગલીઓ અને સડકો ઉજ્જડ અને ઉદાસ દેખાશે પણ કુતુબમિનાર આગળ લોકોની ભીડ હશે, ખાસ હોજ પર હસવાના અવાજો સંભળાશે ફિરોજ શાહના કિલ્લાના ખંડેરોમા સુંદર મહેફિલ જમેલી હશે હુમાયૂના મકબરામા લોકો મોજ માણી રહ્યા હશે એક બાજુ કોઇકની ટોળી એ તો બીજી બાજુ નવાબ જહાંમનશાહ કે જેઓ તૈમૂરી વંશમાંથી છે અને મિસ ઈઝાબેલનુ ગાયુ સાંભળી રહ્યા છે કરોલ બાગનો એક ચમાર કે જે બીજા ચમારની સ્ત્રીનુ અપહરણ કરી લાવ્યો છે, તે પણ છે કેટલાક યુવાનો ભૂખી નજરે ચારે બાજુ જોઇ રહ્યા છે હુમાયૂની કબર શાંત અને આશ્ચર્યજનક છે કેટલાક તો પાનદાન, પથારી, હુક્કા, ફાનસ વગેરે સાથે લાવ્યા છે એક ખુણામા કોઇનેજ

ગર્લ પોતાના સાથીને કહી રહી છે "શટ અપ યૂ સ્વાઇન" છતાં તેનો પ્રેમી હસીને પ્રેમચેષ્ટાઓ કર્યે જાય છે

હુમાયૂ એજ સીડીઓ પરથી પડી ગયો હતો અને એજ માર્ગે તેણે પોતાનું ગુમાવેલ રાજ્ય ફરી મેળવ્યું હતું "શટ અપ યૂ સ્વાઇન."

નવાબ જમ્મન શાહ પોતાની પ્રિયતમાને કહી રહ્યા હતા કે "મ્હને સિનેમા થિએટર બિલકુલ પસંદ નથી, હું એવા નિરર્થક ખર્ચોને પસંદ કરતો નથી"

'જી ! સાચું છે "

'હિંદુસ્તાનના લોકો મહાન આસ્તિક પુજા ધરાવનારા છે, તેઓ ધર્મ માટે જીવ આપે છે અને લે છે તેઓ કેટલા બધા આભારી છે કે સિનેમા થિએટર નાચઘર અને એવી જાતના નકામા ખર્ચા પસંદ કરતા નથી તેઓ માત્ર પૂર્વજોની પ્રસંશા કરવી અને ગાંભીર્ય પ્રાર્થનાલયમાં બેસી પ્રાર્થના કરવા જાણે છે"

કુતુબુદ્દીન એબકનો ઇરાદો આવા બીજા ચાર મિનારો બનાવવાનો હતો, ચાર આ ખૂણનો

અશોકના શિલાલેખ પર લખ્યું છે કે જીવનમાં પ્રમાણિકપણે કામ કરો"

"શટ અપ યૂ સ્વાઇન"

મોડી રાતે ચંદની ચોકમાં સભા હતી વક્તા મહાશય બરાડા પાડીને કહી રહ્યા હતા કે—

"આપણે એક છીએ હિંદુ મુસ્લિમ પરસ્પર ભાઇ ભાઇ છે આપણામાં કોઇપણ જાતનો ભેદભાવ નથી પંજાબથી કન્યા કુમારી સુધી આપણે એક દેશનાજ નિવાસી છીએ એક કોમ ને એક ભાષાવાળા આપણે હિંદી છીએ "

મ્હેં વિચાર્યું "આપણે હિંદી છીએ હિંદુસ્તાન એક બાગના છે અને આપણે બધા છીએ તેના માત્ર દલાલ આપણામા દરેક એને કોઇ ન કોઇને હાથે વેચી દ આપે આર્યોઓને, યૂનાનીઓને, અરબોને તુર્કો ફિરંગીઓને

અને હાલમાં અમો હિંદીઓ તેને ઇંગ્લીશ અને અર્ધો જાપાનીઓને વેચવા ચહે છે

'વાહરે ! હિંદીઓ ? જુઠ્ઠા કપટી દગાખોર !

"પરંતુ એ બધી વાત આપણે શા માટે ? ખાવું પીવું અને મઝા ઓમાં જીવ મોજ માણવી શું બસ થી?" (સંપૂર્ણ)

........ચાલ્યો જજે!

[કાફિયાબદ્દી વિહોણી 'કવાપી' ટાઈપની ભાવનામય ગઝલ]

અય મુસાફિર, સંગમા તારા ન આવે કો ભલે,
એકલો બસ એકલો તુજ રાહ પર ચાલ્યો જજે.

હો ભલેને જીંદગીનો કાફલો મઝધારમા,
વીંધતો તોફાન સાગર પાર તુ ચાલ્યો જજે.

દર્દની તારી કથા કોઇ ભલે ના સાભળે,
લ્હોય એ લલકારતો લલકારતો ચાલ્યો જજે

જીરવીને ઝેર બદલામા દઈ જગને અમી,
એકલો તારા અનોખા પથ પર ચાલ્યો જજે.

જ્યાં કર્યાં નિશાન કોઇ ઓલીયા પયગબરે,
એજ રસ્તે એ નિશાની ખોળતો ચાલ્યો જજે

તુ નથી તણખો અરે છે વિશ્વનો તુ આફતાબ,
તેજ તારૂ ફેંકતો ફેલાવતો ચાલ્યો જજે

છો તિરસ્કારે તને આખી જહા નાખુશ થઇ,
લ્હોય તું મીઠી નઝર વરસાવતો ચાલ્યો જજે

રૂહની ખબસૂરતીનો ખીલતો હરદમ ચમન,
દમબદમ તુ એ ચમનને ચૂમતો ચાલ્યો જજે

વેદનાના જામ તારા ખાકમા ઢાળી દઈ,
લ્હેરતો અવધૂતશો ચોળી બદન ચાલ્યો જજે

અણુઅણુાવે તુજ સીતારી કૂરતા, અન્યાય જો,
દર્દ છલતા સૂર એ આલાપતો ચાલ્યો જજે

આકડી સ્થળ કાળ—સીમામા ફસાઇ ના જતો.
જીંદગીભર અંત હીણા પથપર ચાલ્યો જજે.

કોઇના ઈતબાર પરે રહેતો કદી મુસ્નાક ના,
તુજ તારો રાહબર "ર પેશ" થઇ ચાલ્યો જજે

"ર. પેશ"] [જુનાગઢ

લલિત કળા

[એક વિવેચન]

અનુવાદક
'હાશિમ' ટીમોલ

(ગતાંકથી ચાલુ)

ને શિલ્પી જે માન વકુળ માટે આશિર્વાદ સમાન છે તે એને સર્જનનો સાથી છે પ્રકૃતિ એટલે હોવું અને એનું કાર્ય માત્ર એટલુંજ છે કે હોવું જોઈએ તેની આપણામાં કલાકાર તે પોતાના અભિન્નતના ઉંડાણમાંથી એક નૂતન સૃષ્ટિની રચના કરતો રહી જે અસ્તિત્વમાં નથી કિંતુ જેને અસ્તિત્વમાં આવવુંજ જોઈએ 'ઈકબાલે ઝબૂરે અજમ'માં એ વિષય પર વેધક પ્રકાશ પાડ્યો છે

આજ કારણ છે કે 'ઈકબાલ' એ મંતવ્યો અનેકવાર વ્યક્ત કરતાં કહ્યું છે કે 'કળાની કૃતિમાં સૌંદર્ય હોય કે ન હોય પરંતુ તેમાં પ્રાણ, અને વાસ્તવિકતાનું હોવું અનિવાર્ય છે કેમકે ભાષા અને વાણીનું અસ્પષ્ટ હોવું એ વાતની સાબિતીરૂપ છે કે માત્ર આકૃતિની અગત્યતા પરત્વે ભાર મૂકાય નથી જેને કંઈ કહેવાનું હોય છે તે સર્વ પ્રથમ એ વિચારે છે કે એનો અર્થ સ્પષ્ટપણે એણે સમજાવી દીધો કે નહિ ? શબ્દ વિન્યાસ અને સૌંદર્ય શણગારનું સ્થાન એના પછી આવે છે જો કળાકાર એ બાહ્ય સૌંદર્ય અથવા શબ્દ માધુર્યની ઈન્દ્રજાળનો ભોગ થઈ પડ્યો તો જાણે એજ ભૂલી ગયો કે કળામાં મૂળ વસ્તુ પ્રાણ અને દિમાગ છે"

ખુદ અલ્લામા 'ઈકબાલ'ના શબ્દોમાં 'મોમિન'ની શાયરી ઉપર વખાણવા મંતવ્યનું ઉત્તમોત્તમ ઉદાહરણ છે જે પતનના માર્ગમાંથી પસાર થનાર કોમોની સૌથી મોટી ઓળખ છે

પ્રસ્તુત આલેખનથી એ સમજવાનું નથી કે 'ઈકબાલ' દાર્શનિક સૌંદર્ય અર્થાત કળાના આકૃતિ સાથે કશો સબંધ નથી રાખતા ના એવું નથી તે નાન એવું જ કહે કે સૌંદર્ય અર્થાત આકૃતિનો સબંધ કળા સાથે તેજ રહે જે હદ્દુઓના સ્પષ્ટ કર્યાં અને અર્થ-સર્જન માટે જરૂરી છે એનાથી દૂર હટવું અને આગળ આગળ ગતિ કરતા એ મર્મ વિષયથી જુદા થવા સમાન છે

કળામાં યત્ન અને શ્રમ વિના પ્રકૃતિના કાચા પદાર્થોને કદી પણ પોતાના હેતુઓસર ઢાળી અથવા વાળી શકાતા નથી કિંવા કાચા પદાર્થનું સ્થાન કળાકૃતિ માટે અનિવાર્ય છે પરંતુ સાથે સાથે એ પણ ન ભૂલવું જોઈએ કે યત્ન અને શ્રમ વિના કોઈ કળાકાર કૃતિમાં પ્રાણ રેડી શકતો નથી 'વહશત'ના શબ્દોમાં-

'ફેરો તબ્અ ખુદાદાદ અસર ન થા 'વહશત'
રિયાઝ કમ ન કીયા હમને કસબે ફનમેં વિષે '

'ઈકબાલે' એનું વધુ સ્પષ્ટિકરણ નીચે મુજબ કર્યું છે-

હરચંદ કે ઈજાદે મઆની હૈ ખુદાદાદ,
કોશિશસે કહાં મર્દ હુનરમંદ હૈ આઝાદ
ખૂને રગે મેઅમારકી ગરમીસે હૈ તઅમીર,
મયખાનએ 'હાફિઝ' હો કે બુતખાનએ બેહઝાદ
બે-મહેનતે પૈહમ કોઈ જૌહર નહિ ખુલતા,
રોશન શરરે તેશાસે હૈ ખાનએ ફરહાદ '

અહીં એ કહી દેવું આવશ્યક છે કે જો 'ઈકબાલ' પોતે કળાના બાહ્ય સ્વરૂપને ગૌણ સ્થાન આપે છે કહે છે કે-

'ન ઉઠા કોઈ અજમથી ન અજમસે બાખબર મૈ
કોઈ બિલ્કુલ મત હો અજમી હો યા કે તાઝી '

કિંતુ એ ઉપરથી એ અનુમાન પર આવવું જોઈએ કે 'ઈકબાલ'ની પોતાની કળા તેના

સ્વરૂપમા સાદ્ય સપન્ન નથી ઉદાહરણ રૂપે તેમનુ એક કાવ્ય "મે ઔર તુ" પ્રથમ પંક્તિની કળા-નિપૂર્ણતાની દલીલ પૂરી પાડે છે નીચેની પંક્તિઓ જુઓ-

'ફિર ચિરાગે લાલાસે રોશન હુએ કોહો દમન,
મુજકો ફિર નગ્મોંપે ઉકસાને લગા મુર્ગે ચમન
હુસ્નકો બેપરવાહ અપની બેનકાબી કે લીયે,
હો અગર શેહરોસે બન પ્યારે તો શેહર અચ્છે કે બન?
મનકી દૌલત હાથ આતી હય તો ફિર જાતી નહિ,
તનકી દૌલત છાવ હૈ આતા હૈ ધન જાતા હૈ ધન"

ખરૂ જોતા 'ઇકબાલ'ના દ્રષ્ટિકોણમા કળા સ્વના કુમળા છોડો હૃદયના ખૂનથી ઉછેરવામા આવે છે અને તેમા રંગ અને પરિમલ કળાકારનુ વ્યક્તિત્વજ રેડે છે મસ્જિદે કુર્તુબામા એ મતવ્યને અત્યત સ્પષ્ટ રીતે વ્યક્ત કર્યું છે-

'રગ હો યા ખિશ્તો સગ ચગ હો યા હરફે સૌત
મુઅજિઝએ ફનકી હૈ ખૂને જિગરસે નુમૂદ
કતરએ ખૂને જિગર સિલકો બનાતા હૈ દિલ!
ખૂને જિગરસે સદા સોઝો સરૂરો સરોદ'

કળામા આત્મા અને શરીર, શબ્દો અને અર્થોની ચર્ચાનો એવો નિર્ણયાત્મક નિર્ણય ભાગ્યેજ કોઇ અન્ય કળાકારે કર્યો હશે આખા વિવરણનુ તાત્પર્ય એજ બે પંક્તિઓથી સમજી લેવુ જોઇએ

હવે પ્રશ્ન એ રહે છે કે કળાનો આશય શુ છે? કળા કેવી હોવી જોઇએ? અને શુ કરવુ જોઇએ? 'ઇકબાલ'નુ દિમાગ નિરોગી દ્રષ્ટિએ વિચારે છે સક્ષિપ્ત શબ્દોમા કહી શકાય કે 'ઇકબાલ'ની દ્રષ્ટિએ આત્મ ભાનની પરિપૂર્ણતા એજ એમનો આશય અને ધ્યેય જે કળા એ આશયની સિદ્ધીમા સહાય કરે તે તદુરસ્ત, ઉચ્ચ-પોષક, અને ઉચ્ચ પ્રકારની છે જે એ માર્ગની આડે આવે તે વિનાશક અને અધોગતિ આણનાર છે

'ઇકબાલ'ની દ્રષ્ટિમા અજ્ઞાનતાની સ્હામે ઝુઝવુ, પ્રતિકુળને અનુકુળ બનાવવા સતત પ્રયાસ કરવો, અતરાયોથી મુખ ન ફેરવતા તેની સામે ટક્કર લેવી, અને અતરાયોને મિટાવવા અથવા મટી જવુ નિત નવી અભિલાષાઓ નિત નવા ધોરણોને સ્હામે રાખી ગતિમાન રહેવુ એનુંજ નામ જીવન છે જેનુ જીવન એ કસોટી પર કસાઇને પાર ઉતરે તેનું આત્મભાન જીવત અને જાગ્રત છે એ સિવાયની પ્રત્યેક વસ્તુ મોત, નિર્જીવતા અને ભ્રમ માત્ર છે

જીવનના ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિ અર્થે જે કળા સહાયક બને તેજ જીવનની માર્ગદીપિકા રૂપ છે જે જીવનની વાસ્તવિકતાઓથી મુખ ફેરવવાનુ શિખવે તે પ્રજાઓની પાયમાલી નોતરનાર માત્ર છે કળાની આ વિચારસરણી સૌંદર્યના ઘડતર નિયમાનુસાર છે કે નહિ? એ વાતને કોરે મૂકી અને એક પળ માટે જરા એમ વિચારીએ કે નાશ પામતી પ્રજાઓ માટે જેની તમામ સમજશક્તિ પર હીમ પડી ચૂક્યુ હોય, જેની પ્રજાકીય અને રાજકીય એકતાનુ બધારણ વેરવિખેર થઇ ગયુ હોય, જેની નિદ્રા પણ મૃત્યુ સમાન હોય તેને માટે 'ખૈયામ'ની રુબાઇઓના ખપ છે યા 'ઇકબાલ'ના પ્રાણપ્રેરક ગીતોનો?

'ઇકબાલ'નુ કથન છે કે અધોગામી શાઇરની એક પંક્તિ પ્રજાઓ માટે ચગીઝ ચગીઝ ખાનની સહારકતાથી પણ વધુ નાશકારક શક્તિ ધરાવે છે

એ દ્રષ્ટિએ હિંદની લલિતકળા પર છેલ્લી દ્રષ્ટિ નાખો, કવિની હાલત જુઓ પ્રથમ તો ગઝલ સિવાય અન્ય કોઇ વસ્તુને સ્થાન છેજ નહિ, અને ગઝલની જે દશા છે એ અગે એટલુજ કહેવુ પડે છે કે વૈરાગ્યવૃત્તિ અને અગ્નિપૂજકોએ પ્રસારેલ વિષ એની રગેરગમા

જાણી ગયુ છે ઉર્દૂ કવિતાનુ વર્તમાન સ્વરૂપ હિંદીઓની દાઝ અને ચિંતનનુ પ્રતિબિંબ પાડતુ નથી (માત્ર થોડાક અપવાદ સિવાય) પણ જીવનની બહારનાઓની કલ્પનાના બિંબનુ પ્રતિબિંબ છે ઘા ની નિશાનીનુ નિષ્પ્રાણ માળખુ છે અન્યોની ભાવનાઓની નિરસ છાયા માત્ર દેખાય છે કઠોર સત્યોની અવગણના, નશ્વર જગતની કહાણી એકાંતવાસ અને સંસાર ત્યાગના જરીપુરાણા ગેહણા આ છે આધુનિક ગઝલના તરી આવતા તત્વો

આજકાલ ગઝલની દુન્યામા એક એવુ પરિવર્તન લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે કે ગઝલમા ક્રમબદ્ધ વિચારો વ્યક્ત થાય એ પ્રયાસોનુ પરિણામ માત્ર એટલુ જ આવશે કે પહેલા નિર્જીવ અને નિરાશાના ચિહ્નો દેખાતા હતા હવે એવી ગઝલોદ્વારા આખી ઝુલ્ફે ધનાન, કાકુલ, વગેરેની ખૂબ હોળી ખેલાઈ રહી છે માની લીધુ કે ગઝલ કવિની આંતરિક દુન્યાની ઘટનાઓનુ ચિત્ર હોય છે કિંતુ એ કેવો અત્યાચાર છે કે ન ગઝલકારને કદિ ભૂખ લાગે, ન કદિ તે વૃદ્ધ થાય છે, ન કદિ એને ચિંતન કે મનન કરવાની જરૂર પડે છે વિષાદમય સૂરોમા પ્રેમ અને રૂપના રાગો આલાપનો જાય છે, અને લાગણીની એક કાલ્પનિક સુંદર સૃષ્ટિ સર્જી વાસ્તવિક દુન્યા અને ખુલ્લી દૃષ્ટિ ખીજી નામાએ મસ્તીથી તેનુ દિલ અને દિમાગ સેંકડો જોજન દૂર રહે છે

ઉર્દૂ ગઝલગોના 'હાફિઝ' અને 'ખૈયામો' જરા વિચારે તો ખરા કે 'ખૈયામ' અને 'હાફિઝ' પોતાના વર્ણનોમા કેટલા સાચા હતા ? અને આધુનિક ગઝલકારોને તે વૈભવ વિલાસની તક વિધા અને ફગાવે ચોપનારા ઉદાર દિલ શાહોની નવાજીશો, ભેટ–સોગાદો અને મહેફિલોની તે રંગીનીઓ પ્રાપ્ત પણ થાય છે ખરી ? અને એમની કળા નિર્મળ અને નિરોગી ન હોય ઓજમા ઓજુ એમા પ્રમાણિકપણુ તો નેતુજ ન્હોઈએને ? એમને મઓધીને અહનામા 'ઈંબાતે' કહ્યુ છે—

"યેહ કિસસે નઝર અહલે હુનરકી તખ્મીલ,
ફાગ દે ચશ્મે તમાગાપે નિહા ખાનએ ખ્યાલ
ન ખૂની દે ન જહાને સહરા થામકે દીર,
ઝિંદગાનીકી હકીકતકા ગાફરોને નજાત
આહ વો કાફિર બીચારા કે હૈ ઉમ્રે સનમ,
અસરે રફતાકે વેટી જંટ હુએ લાશો મકાન
હૂ દૈમિયન યેહ હુનર નેર જનાઝેકા ઈમામ
નઝર આતી દૈ જિસે મર્દકે સખિરતામે હયાત"

(અપૂર્ણ)

શુક્રિયા: ● મદ્રેસા મોહમ્મદીયા પીપરડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, રાંદેર.

● આફ્રિકાના સખીવજુદ વેપારીઓની મદદ ઉપકાર સહીત સ્વીકારે છે

			પા શિ પે
આગળ મળેના (જાન્યુ-ફેબ્રુ ૧૯૪૩ અંકમા સ્વીકારેલા)			૫૦૪-૬-૦
લતીફ જાનુ એન્ડ સન્સ	(કાઠિયાવાડ)	વાલ	૭૫-૦-૦
શરીફ નૂર	,,	વાલ	૧૦-૦-૦
એ એ જાનુ એન્ડ કુ	,,	ત્રિલિગ્સટાડ	૧૦ ૧૦-૦
મોહમદ આદમ લીમીટેડ	,	બેલ્ફોર્ડ નોર્થ	૧૦-૧૦ ૦
ઇબ્રાહીમ મોહમદ મુલ્લા	(ચાસા)	,,	૨-૨-૦
ગની રંગેર લીમીટેડ	(ગઢીપાત્રાડ)	,,	૫-૫-૦
આમોદ સુનેમાન લીમીટેડ	,,	,,	૩-૩-૦
અહમદ ઇસા	,,	,,	૧-૧-૦
ભીખા હાશિમ	(સરાયા)	,,	૩-૩-૦
એમ એચ જોસફ એન્ડ સન્સ	(ગણુગામ)	પ્રિટોરીઆ	૫૦-૦-૦
કાસિમ આદમ એન્ડ કુ લીમીટેડ	,,	,,	૨-૨-૦
અબુ સુલેમાન	,,	,,	૧૦-૧૦ ૦
પ્રિટોરીઆ શર્ટ એન્ડ ક્લોથીંગ મેન્યુ	,,	,,	૨-૨-૦
જુસબ હબીબ એન્ડ સન્સ	,,	,,	૩-૩-૦
સુલેમાન જુમા	(ભાનવાડ)	,,	૫-૫ ૦
એન એમ ઇબ્રાહીમ એન્ડ સન્સ	(રાણાવાવ)	,,	૨-૨-૦
એ સી એ ગની	(ભાનવાડ)	,,	૫-૫-૦
એ. એ લતીફ	(જોડીઆ)	,,	૫-૫-૦
એચ એસ ઇબ્રાહીમ	(રાણાવાવ)	,,	૨-૨-૦
ગની ઇબ્રાહીમ એન્ડ સન્સ	(ભાનવાડ)	,,	૨-૦-૦
એમ ઈ લીમીટેડ	(રાણાવાવ)	,,	૨-૦-૦
હિદાયતમીયા દાદામીયા	(નાસીક)	જોહાન્સબર્ગ	૫-૦-૦
બાકિસ સિલ્ક બજાર	(લાછપોર)	,,	૧૦-૧૦ ૦
એમ એ. આજમ	(રાંદેર)	,,	૦-૨-૬
એમ આઇ વાડી	(લાછપોર)	,,	૨-૨-૦
મોહમદ સાને કમરૂદ્દીન	,,	,,	૦-૨-૬
આર ખાન	(રાંદેર)	,,	૦-૫-૦
કાસિમ હુસેન	(અબ્રામા)	,,	૦-૧૦-૬

			પા શિ પે
એમ ખાન	(રંગૂન)	જેદાન્સરવર્ગ	૨-૨-૦
એમ એચ દાઉદ	(કપોતી)	,,	૧૦-૧૦-૦
એચ મુસા	(વેરમા)	,,	૫-૫-૦
એમ એ ફુકાન		,,	૦-૫-૦
સીરનાદ			૦-૫-૦
આઇ એમ જુમજુમીઆ	(લાઠપોર)	,,	૧-૧-૦
એમ એચ પટેલ	(રાબેન)	,	૧-૧-૦
આઇ એચ કાસમ	,,	,,	૨ ૨-૦
એચ એસ નાથા	,,	,,	૫-૫-૦
એમ ઇ જુમજુમીઆગીર	(લાઠપોર)	,,	૫-૫-૦
એમ ઇ વાડી	,,	,,	૫-૦-૦
ઇ ઇ સુરતી	(નબેન)	,	૧૦ ૧૦ ૦
ઇ એમ કારા	(લાઠપોર)	,,	૦ ૧૦ ૦
એમ એ કારા	,,	,	૨-૨-૦
એમ એ માધન		,,	૦-૫-૦
એ એમ બોદ		,,	૦-૫-૦
સીનાદ			૦-૫-૦
આરફી		જેદાન્સરવર્ગ	૦-૫-૦
ઇસ્માઇલ મસિમ		,,	૦-૫-૦
વીનાદ			૧-૦-૦
સીનાદ			૦-૫-૦
સીનાદ			૦ ૧૦ ૬
એ ઇ ભામજી	(લાઠપોર)	જેદાન્સરવર્ગ	૧-૧-૦
એ ઇ જુનજુનીઆ	,,	,,	૧-૧-૦
દાઉદ ભામજી	,,	,,	૫-૫-૦
એમ એસ જુમજુમીઆ	,,	,,	૦ ૧૦ ૬
એચ ડી ખાન	(કેરો)	,,	૫-૫-૦
એ એમ કાન	(લાઠપોર)	,,	૫-૫-૦
એ એચ ઉમર	(પોરબંદર)	,,	૦-૩-૦
ઇ જુમ્મા એન્ડ સન્સ	(જામ ખંભાળીઆ)	મીટનવર્ગ ટ્રા સનાન	૫-૫-૦
જુમ્મા બ્રધર્સ	,,	,,	૫-૫-૦
દાઉદ અલી એન્ડ કો	,,	,,	૫-૫-૦
એ બી ઉસ્માન એન્ડ કો	(પોરબંદર)	,,	૧૦-૧૦-૦

			પા. શિ પે
એમ એસ પીરાણીઆ	(જામ ખંભાળીઆ)	પીટર્સબર્ગ ટ્રાન્સવાલ	૫-૦-૦
ગોગેમ દુસેન	(પોરબંદર)	,,	૭-૭-૦
હાશિમ ઈસા એન્ડ સન	(જામ ખંભાળીઆ)	,,	૧-૧-૦
હનીફ હાશિમ	(બાનરડ)	,,	૨-૨-૦
એ જી સુલેમાન	,,	,,	૩-૩-૦
જે એમ પીરોજીઆ	(જામ ખંભાળીઆ)	,,	૧-૧-૦
આગુ સુલેમાન	(બાનરડ)	,,	૦ ૧૦ ૬
એમ એમ ઉસમાન	(પોરબંદર)	,	૫-૫-૦
એચ બી કાઝી	(ગલા)	,,	૪-૩-૦
મુસા કાસિમ	(બાટવ.)	,,	૨-૨-૦
જે સુમર	,,	,,	૦-૧૦ ૬
ડી સુલેમાન	(જામ ખંભાળીઆ)	,	૦ ૧૦ ૬
એ એમ ચોથીઆ	(ખોલવડ)	માચાડોડોર્પ	૧૦ ૧૦ ૦
એમ ઈ ભામજી એન્ડ કું	(બાડપોર)	,,	૧૦-૧૦ ૦
એમ ઈ ભામજી	,	,	૨-૨-૦
એમ ઈ કાઝી	(ખોલવડ)	,,	૨-૩-૦
ઈસા ખાલીસા	(જોડીઆ)	,,	૫-૫-૦
એ એસ એન. ચોથીઆ	(ખોલવડ)	,	૨-૨-૦
નબી હનીફ	(જોડીઆ)	દુસ્સદુમ	૩-૩-૦
પી એમ પીર	(સુરેલ)		૫-૫-૦
ઉસમાન આરબી એન્ડ કું	(જોડીઆ)	,,	૨-૨-૦
પી એમ પારખી		ટ્રાન્સવાલ	૩-૩-૦
એમ એ મસાલા		,,	૫-૫-૦
એમ આઈ પટેલ	(સુરેલ)	એશારટ (ટ્રાન્સવાલ)	૫-૫-૦
પી એ ભાભા	(બી.વ.)	, ,	૭-૭-૦
એમ. ડી. મહમદ મારફી	(સુરેલ)	,, ,,	૧-૧-૦
આઈ એમ ભાભા	(ભેસર)	એશારટ ટ્રાન્સવાલ	૦-૧૦ ૬
મહમદ ઈબ્રાહીમ પઠાણ	(સુરેલ)	,, ,,	૫-૫-૦
મુસા આરબી	(જોડીઆ)	,, ,	૨-૨-૦
એમ આઈ ડાકડા	(ભેસવડ)	કેરોલીના	૧૧ ૧૧ ૦
એ એસ એ ...	,,	,	૩-૩-૦
મહમદ એ ક. ...	(ભેસવડ)	કેરોલીના ટ્રાન્સવાલ	૫-૫-૦
પી એમ ...	,	, ,,	૪-૪-૦

			પા શિ પે.
આઇ એ ભાભા	(ખોલવડ)		૦ ૧૦ ૬
સર મોહમદ અલી	(જેડીઆ)	ફેરેસ્ટીના ટ્રાન્સવાલ	૫-૫ ૦
વી એન મોહમદ	,,	,, ,,	૪-૦-૦
એસ એમ પી મોહમદ	(રાણાવાવ)	,, ,,	૨-૨-૦
લીટલાક			૦-૨-૦
હાજી ઉસ્માન નુરમહમદ	(જેડીઆ)	,, ,,	૧-૧ ૦
કાસિમ હસનજી		,, ,,	૧-૧ ૦
યુસુફ કાસિમ લહેર		,, ,,	૦ ૧૦ ૦
યુસુફ સુલેમાન લાખી		,, ,,	૦ ૧૦ ૬
ઇબ્રાહીમ મોહમદ કાકા	(ભાઉપોર)	મોઍડીમ ,,	૨-૨-૦
એ ઇ હારાન		કાન ,,	૧-૧-૦
આઇ ઇ મીન્ની એન્ડ સન્સ	(ઉમેન)	નોત્સ્ક્રીએટ ,,	૧૦ ૧૦ ૦
એચ. એસ. પટેલ	,,	,, ,,	૫-૫-૦
એમ આઇ ગાડી	,,	બ્લાઇન્ડ રીવર ,,	૧૦ ૧૦ ૦
મોહમદ મુસા એન્ડ સન્સ	(ખોલાણ)	બારબરટન ,,	૨૫-૦-૦
સુલેમાન ઇબ્રાહીમ બુલખાન	(ખોલવડ)	,, ,,	૫-૫ ૦
જી એચ. ભાભા	,,	વન્ડર ફોન્ટીઅર ,	૩-૩-૦
એ એમ. ખાન		આરનોટ	૧-૧-૦
સુલેમાન ઇસ્માઇલ મીયા એન્ડ કુ	(ઉમેન)	જોલા સરબગ	૨૧-૦-૦
ડી મોહમદ		,,	૧-૦-૦
એચ. ઇ ગભા	(બારડોલી)	,,	૫-૫-૦
જી એમ અલી	(દાનાપુર) જી પટણા	ટીક બર્ગ ટ્રાન્સવાલ	૨-૨-૦
ઐયુબ સુલેમાન	(ભાનવડ)	ક્રોલીસ્ટન ટ્રાન્સવાલ	૫-૫-૦
એમ ઇ વાનોડ	(વાનોડ)	સ્ટેન્ડરટન	૧૦૦-૦-૦
એ પુ ગભા	(બારડોલી)	જોહાન્સબર્ગ	૨૫-૦-૦
			૧૧૬૦-૧-૬

રાંદેર : મુસ્લિમ–શાદી, અને જન્મ–મરણ.

શાદી

૨૦–૮–૪૩ અબ્દુર્રહેમાનખાન હાજી ગુલાબ ખાન પીરખાન–આશાબીબી હાજી અહમદભાઇ બટલર

૨૧–૮–૪૩ ઇબ્રાહીમ આજમ અ'લુ–ઝુબેદા-બીબી હાશમ ઇબ્રાહીમ અલ્લુ

૨૬–૮–૪૩ સીદ્દીકભાઇ કાસમભાઇ ઉસ્માન-ભાઇ મેમણ–અમીનાબીબી મોહ-મદ રહીમ શેખ

જન્મ

૧–૮–૪૩ ગુનામ હુસેન અબ્દુલ્લા–છોકરો

૧–૮–૪૩ ઇસમાન કાદ્દમીયા–છોકરી હાજરા-બીબી

૪–૮–૪૩ અબ્દુલમજી મોહ મદ હાફેઝ–છોકરો યાકુબ

૭–૮–૪૩ ગુનામ રસુલ શેખ હુસેન તાગવાલા–છોકરી શરીફાખાનુ

૮–૮ ૪૩ અબ્દુલ રહેમાન આજમ મુરાદ–છોકરો આજમ

૮–૮–૪૩ હાશમ ગુનામમોહ મદટીવી–છોકરી હવાબીબી

૧૦–૮–૪૩ ગુનામ મોહ મદ હુસેન ખભાતી–છોકરો ઇસમાઇલ

૧૦–૮–૪૩ વઝીયોદ્દીન ગુલામ મોહ મદ–છોકરો મોહમદ હફીઝુદ્દીન

૧૬–૮–૪૩ ઇસમાઇલ મુસાજી અમલા–છોકરો સુલેમાન

૨૨–૮–૪૩ ગુનામમોહ મદ અહમદ બતાસી–છોકરો ઉમર

૨૫–૮–૪૩ હાશમ અહમદ હાશમ યુસુફ–છોકરી ફોઝીયાબીબી

૨૬–૮–૪૩ આરેફ અહમદ ભામ–છોકરી અ મીનાબીબી

૨૬–૮–૪૩ ગુલામમોહમદ અબ્દુલ રહેમાન–છોકરી ફાતમાબીબી

૨૮–૮–૪૩ શેખ હુસેન રસુલ–છોકરો શેખ ગુલામ યુસુફ

૨૯–૮–૪૩ મલેક ગુનામયાસીન મલેક ગુનામ રહીમ છોકરો ગુનામહૈદર

૨૯–૮–૪૩ યુસુફ ગુનામમોહમદ–છોકરી રશી-દાબીબી

૩૦–૮–૪૩ અલી ઇસમાઇલ મોહન–છોકરો ઇસમાઇલ

૩૦–૮–૪૩ હુસેન સુલતાન–છોકરી હાજરાબીબી

૩૧–૮–૪૩ સૈયદ હસન-છોકરો ઉસમાન

મરણ

૨–૮–૪૩ કુમરાબાનુ અહમદ ઇ સરગ ઉ વ ૧૦

૪–૮–૪૩ કુલસમબીબી કરીમ પારેખની છોકરી ઉ ન ૧૫

૪–૮–૪૩ અબ્દુલરહીમ મોહ મદ મીરુ઼ી ઉ વ ૧૨

૧૦–૮–૪૩ આશાબીબી મલેક મોહ મદની છોકરી–ઉ વ ૩૦

૧૬–૮–૪૩ નુરમોહમદ કાલુ પીનવાલા ઉ વ ૩૦

૨૩–૮–૪૩ મોહમદ હફીઝુદ્દીન વઝીયુદ્દીન ઉ વ ૧૪

૨૯–૮–૪૩ આયશાબીબી અહમદ મો૦ સા૦ આમડીયાની છોકરી ઉ વ ૨૮

૨૯–૮–૪૩ ગુનામરસુલ તે સુરતુલ ગુલામ ઓવપાડીનો છોકરો ઉ માસ ૪

સ્વિકાર અને સમાલોચના

મુહમ્મદ ઇકબાલ–બઝમે ઇકબાલ ગ્રંથમાળા વર્ષ બીજુ પુસ્તક ચોથુ હયાતે ઇકબાલ પરથી સદર પુસ્તક જાણીતા લેખક જનાબ 'સીરતી' સાહબે તૈયાર કર્યું છે બઝમે ઇકબાલનુ આ છેલ્લુ પ્રકાશન ઇકબાલનુ સાદુ સરળ અને ટુંક જીવન રજુ કરવામા સારી રીતે સફળ થયું છે ગુજરાતીઓએ જોશમા આવીને ઇકબાલના નામને અપમાનની સાથે દર્જ કરવામાવ બાકી રાખ્યું નથી દા. તરીકે 'બઝમે ઇકબાલ' કે ઇકબાલ પ્રેસ વગેરે તો એ નામની શોભામા વધારો કરનાર છે પણ 'ઇકબાલ ફ્રુટ હાઉસ', 'ઇકબાલ રેસ્ટોરન્ટ', કે 'ઇકબાલ હૅર કટીંગ સૅલુન' એ શુ સૂચવે છે? ખેર! ૭૮ પૃષ્ઠના આ પુસ્તકમા ઇકબાલના અનુકરણીય જીવનના અણમૂલા તત્વો, દરિયાને ઘટમા સમાવે તે રીતે સમાવ્યા છે મુસલમાનો પોતાના પ્યારા ફિલ્સુફ કવિના જીવનથી અજ્ઞાત રહે એ કેમ પાલવે અમારી સમાજ વાચકોને ભારપૂર્વક ભલામણ છે છે કે તે બઝમે ઇકબાલ કઠોર વાયા સાયણને સરનામે લખી આઠ આનાનુ આ પુસ્તક જરૂર મગાવે 'દેર આયદ દુરસ્ત આયદ!'ની કહેવત પર ભરોસો ન રાખી, 'મુલ્તવી રાખવાના માઠા ફળ' ન ભોગવે પુસ્તકની સરળ શૈલી, વિષયની ગહનતા સફાઇ છપાઇ અને સાદગી લેખક પ્રકાશકને અભિનંદનની ખંડણી અર્પે છે!

કઠોર મદ્રસએ અંજુમને ઇસ્લામનો તા. ૧–૮–૪૨થી તા. ૩૧–૭–૪૩ સુધીનો રિપોર્ટ અને હિસાબ અવલોકન અર્થે મળ્યો આ અંજુમન ખાતે દીની–દુન્યવી તાલીમ આપવાનો એક મદ્રેસો, ઉપરાંત છોકરીઓની કન્યાશાળા અને સ્કૉલરશીપ ખાતુ, બૉર્ડીંગ વગેરે ઉપયોગી ખાતા ચાલે છે ને તરક્કી કરી રહ્યા છે

ઇસ્માઇલી આફતાબ–ધોરાજી (કાઠીઆવાડ)થી બહાર પડતા આ ઇસ્માઇલી જમાતના પત્રમા જમાત સિવાય અન્ય મુસ્લિમોના પ્રશ્નો પણ ચર્ચાય છે તેમજ સાહિત્યમા પણ એ પખવાડિક અચ્છુ સ્થાન પ્રાપ્ત કરી શકે એમ છે ખાસ કરીને એની પખવાડિક 'મજલિસ' ગુજરાત કાઠિઆવાડના કાવ્યરસિકોનુ આકર્ષણ બની ગઇ છે-

મેમણ મિત્ર–મુંબઇથી નીકળતા કચ્છી મેમણ જમાતના આ માસિકે ૨૫ વર્ષ પુરાં કર્યાં હોઇ હાલમા તેની **સીલ્વર જ્યુબીલી** ઉજવાઇ છે મુસ્લિમ સમાજમા એક માસિક સુખરૂપ પચ્ચીસ વર્ષ પૂર્ણ કરે એ આનંદ સાથે અભિમાનનો વિષય ગણાય. અને તે અભિમાનના ખરા હકદાર જનાબ ઉસ્માન હસન જાપાનવાળા છે એ એક સરળ, સાદા, ને ખામોશ સાહિત્યકારે કોઇ પણ જાતની ધામધુમ ધરપચ વગર પોતાના માસિકને પચ્ચીસ વરસ નિભાવ્યું અને હજુય આગળ ધપાવતા જાય છે એ બદલ એમને અભિનંદન અર્પીએ છીએ અને જે જમાતની સેવા માટે એ ઉપસ્થિત થયું છે તે એને યોગ્ય ઉત્તેજન આપી વધુ સમૃદ્ધ કરે એમ ઇચ્છીએ છીએ.

દારૂલ ઉલુમ મદ્રસએ અશરફીયા રાંદેર–મજકુર સંસ્થાના છેલ્લા વાર્ષિક જલ્સાનો રિપોર્ટ મળ્યો એ ઉપરાંત એ મદ્રસાની રોજની કાર્યવાહી પણ અમે નજરે જોઇ છે મૌલાના અહમદ અશરફ સાહબ જેવા નેક અને મુખલીસ મોહતમીમની અજોડ વ્યવસ્થા શક્તિથી પ્રગતિ સાધતી એ દીની સંસ્થા ગુજરાતના ઇલ્મી ગુલશનની ગરજ સારે છે મજકુર સંસ્થાની કાર્યવાહી ને કારકીર્દી પ્રશંસાપાત્ર છે

—તંત્રી

સ્ટોપ પ્રેસ

મુંબઇથી 'ડુગડુગી' અને 'લા જવાબ' ઉપનામધારી શાયરોએ બે કટાક્ષ કાવ્યો આજકાલના શાયરોના મનોદશા પર કટાક્ષ રૂપે મોકલાવ્યા છે એ ભાઇઓ ફક્ત અમારી જાણ માટે પોતાના એડ્રેસ મોકલશે તો જરૂર છાપીશુ નામ ખાનગીજ રહેશે!

—તંત્રી

Printed by Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press
" , *Kanpith, Khand Bazar*, Surat
Published by Azum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalay
Tower Road, Surat

પુ. ૫ : અંક ૨ જો

ઑક્ટોબર

૧૯૪૩

કા
ર
વાં






…ાત કરે

લાટ સાહબથી જે એક વાર મુલાકાત કરે !
આપણા જેવાથી તે ખાક પછી વાત કરે !
તે ગઈ રાતની ના કોઈ અહીં વાત કરે,
અહીં નવો સૂર્ય, નવા તેજનું પ્રભાત કરે
આપ બદનામ થઇ કોઇને પ્રખ્યાત કરે,
પ્રેમ તે પ્રેમ કે જે રૂપનેયે મ્હાત કરે
ભક્ત યુરોપના એવા છે કે, ઇશ્વરને પણ,
એમનું ચાલે તો ઈંગ્લાંડથી આયાત કરે
કઇક એ'રાય છે આ શહેરમા દુમગા કાઝી,
જાતને છોડીને જે પારકી પંચાત કરે
હુંય મજનૂની તરહ જાન દઇ દઉં હમણા,
એક બે કીમતી તે ભીખ જો ખેરાત કરે
તુજથી મળવા મહીં ઇનકાર નથી કંઇ મુજને,
સીધે મોઢે યદિ સીધી તું કોઈ વાત કરે
'શેખચલ્લી' અમે શાઇર ગણીશુ તેને,
જુના છંદો મહીં પેદા જે નવી વાત કરે

—'શેખચલ્લી'



તંત્રી : "વહશી"



અનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ હિન્દ રા ૫ બમા રા ૬ પરદેશ શી ૧૦ (રા ૬॥) છુટક સાત આના.

લવાજમ પુરૂ થવાની ખબર બાજુના ચોકઠામા આપી છે, બીજો અંક પ્રગટ થાય ત્યા સુધીમા જો લવાજમ નહીં મળે તો વી પી થી નવો અંક રવાના થશે રેપર ઉપર ગ્રાહક નબર હમેશા લખાય છે તે નોંધી રાખો મનીઓર્ડર અથવા પત્રવ્યવહાર વખતે તે જરૂર લખો અંક નહિ મળવાની ફરિયાદ તારીખ ૨૦ સુધીમા હિંદના ગ્રાહકોએ કરવી

સરનામુ નીચે મુજબ —

VAHSHI SAHITYA KARYALAYA Tower Road, Surat



ક્યાં ?

આખ એની એજ છે, પણ આખમા લજ્જા નથી,
બોલ એના એજ છે, પણ બોલમા માઝા નથી
ઊર એના એજ છે, પણ ઊરમા ક્યા લાગણી ?
માનવી, એ માનવી છે કિન્તુ માનવતા નથી !



ગઝલ

સાવ સાચી વાત છે આ ઉડતી અફવા નથી,
કોઇની દુન્યા નથી આ કોઈની દુન્યા નથી
સપ એ જનતાની સાચી શક્તિ છે સખ્યા નથી,
છે બધી બેકાર સખ્યા એક જો એકા નથી
છે ભરોસો શ્રેષ્ઠ સાધન ભક્તિનુ પૂજા નથી,
છે નકામી ભક્તિ જો વિશ્વાસ કે શ્રદ્ધા નથી
વિશ્વ શુ છે ! કોઇના સુદર વિચારોનો વિકાસ,
કલ્પના છે કલ્પના બીજુ કઇ દુન્યા નથી.
સૂર્યકિરણો જ્યા ન પ્હોચે છે નઝર દોડે છે ત્યા,
વ્હેમ છે એ વ્હેમ ક્ષિતિજ દ્રષ્ટિ મર્યાદા નથી
છે વધુ પામર પશુથી એક એવો માનવી,
એક એવો માનવી જેનામા માનવતા નથી
થાય છે માઝા મુકેથી આબરૂ બે-આબરૂ,
સિધુ શુ કે બિદુ એમા કોઈની શોભા નથી
લાજને મર્યાદ મો શણગારનો શણગાર છે,
ધૂળ સૌ શણગાર છે જો આખમા લજ્જા નથી
આશ એનુ નામ છે મોતથી પણ ના મરે,
એ ઘડીમા થાય પૂરી એ કઈ આશા નથી
જિદગીમા કઇ નથી, છે જિદગી આશા થકી,
મોત છે એ જિદગી જેમા કઈ આશા નથી
હો ભલે સસારને સસાર મિથ્યા હો ભલે,
મારે મા સસારની રજ માત્ર પણ મિથ્યા નથી
જોઉ છુ હુ ઊચથી પણ નીચમા ઊચા વિચાર,
મારે મન મોટાથી નાના લેશ પણ નીચા નથી
શોધ એને એટલામા, એટલામા છે અહી,
હાથથી 'નાયક' એ પૂરા હાથના છેટા નથી

'નાયક' (પાજોદ)

પુ પ અક રજો

કુર્આન

અલ્લાહ તઆલાનુ ફરમાન

હે મુસ્લિમો ! ઘણાખરા અનુમાનોથી બચતા રહો, કારણ કે કેટલાક અનુમાનો પાપ હોય છે, અને કોઈની જાસૂસી ન કરો તેમજ કોઈ એક બીજાની નિંદા પણ ન કરો શું તમારામાથી કોઇને આ ગમે છે કે પોતાના મરેલા ભાઈનુ માંસ ખાય (ખરેખર) તેથી તો તમને અણગમો થાય છે, અને અલ્લાહ (ના અઝાબ)થી ડરતા રહો, બેશક ખુદાપાક મોટો તોબાહ કબૂલ કરનાર દયાળુ છે હે લોકો ! અમો તમને એક પુરૂષ અને એક સ્ત્રીથી પૈદા કર્યા અને અમો તમારી અનેક કોમો અને કુટુંબો બનાવ્યા કે જેથી એક બીજાને ઓળખી શકો, સાચેજ અલ્લાહની નઝદીક તમારામાથી તેજ વધુ માનવંત છે જે સૌથી વધુ પરહેઝગાર હોય, બેશક ખુદાપાક સર્વજ્ઞ સંપૂર્ણ ખબર રાખનાર છે

(કુર્આન)

* * * *

હે મુસલમાનો ! ન તો પુરૂષોએ પુરૂષોની મશ્કરી કરવી જોઇએ (કારણ કે) બનવા જોગ છે કે (જેઓની મશ્કરી કરે છે) તેઓજ (ખુદાની નજીક) એ લોકોથી શ્રેષ્ઠ હોય, અને ન સ્ત્રીઓએ સ્ત્રીઓની મશ્કરી કરવી જોઇએ, બનવા જોગ છે કે (જે સ્ત્રીઓની મશ્કરી કરે છે) તેણીઓજ એ સ્ત્રીઓથી શ્રેષ્ઠ હોય અને માહોમાહે એક બીજાને મ્હેણા મારો નહિ તેમ એક બીજાને ખરાબ અલકાબ વડે પોકારો નહિ, ઇમાન લાવ્યા પછી ગુનાહનુ નામ લાગવુ (જ) બુરૂ છે અને જે કોઇ (આ વર્તણુકથી) અટકશે નહિ તો તેઓજ અન્યાય કરનારા છે (કુર્આન)

* * * *

સંપાદક-મો૦ અબ્દુર્રહીમ—



રસૂલુલ્લાહ (સલ૦)નું ફરમાન

રસૂલુલ્લાહ (સલ૦)એ ફરમાવ્યુ લોકો ! તમે જાણો છો કે ગીબત શી વસ્તુ છે ? (આપે) ફરમાવ્યુ તમારૂ પોતાના (દીની) ભાઇને (તેની પાછળ) એવી વાતથી યાદ કરવુ જે તેને ગમે નહિ (એજ ગીબત છે.) કોઇએ અરજ કરી, વારૂ જે કઇ હુ કરૂ છુ તે વાત જો તે મારા ભાઈમા મોજુદ હોય, (તે પણ ગીબત છે ?) ફરમાવ્યુ તુ જે કાંઈ કહે છે તે વાત જો તેમા છે, તો ખરેખર તે તેની ગીબત કરી, પણ જો તુ કહે છે તે વાત તેમા નથી તો ખચિત તે તેના ઉપર તોહમત મૂક્યુ (મુસ્લિમ શરીફ)

× + + ×

રસૂલુલ્લાહ (સલ૦)એ મિનામા ફરમાવ્યુ કે હે લોકો ! તમને ખબર છે કે આ કયો દિવસ છે ? તેઓએ જવાબ આપ્યો કે ખુદા અને તેનો રસૂલ બેહતર જાણે છે. આપે ફરમાવ્યુ આ અદબ અને ઈઝઝતનો દિવસ છે (ફરી) ફરમાવ્યુ વારૂ તમને ખબર છે કે આ કયુ શહેર છે ? લોકોએ અરજ કરી કે ખુદા અને તેનો રસૂલ બેહતર જાણે છે આ અદબ અને હુરમતવાળુ શહેર છે ફરી ફરમાવ્યુ શુ તમે જાણો છો કે આ કયો માસ છે ? લોકોએ કહ્યુ ખુદા અને તેનો રસૂલ બેહતર જાણે છે આપે ફરમાવ્યુ આ અદબ અને હુરમતનો મહિનો છે (ફરી) ફરમાવ્યુ (સાભળો) ખુદા તઆલાએ તમારૂ આપમનુ ખુન, તમારો એક બીજાનો માલ, તમારી એક બીજાની ઇઝઝત ને આબરૂ તમારા ઉપર એવીજ રીતે હરામ કરવામા આવી જેવી રીતે તમારા આ દિવસને, તમારા આ શહેરને, તમારા આ માસને હુરમતવાળો કરવામા આવ્યો છે (બુખારી શરીફ)

× × × ×

—સાદિક સા૦ રાંદેરી



કારકીર્દિ સમાપ્ત કર્યા પછી પુનઃ વતનમાં પધારતા કેટલાક વાયડા ભાઈઓ પુનઃ પાછા જવા માટે છે ને! આવનો મહેમાન યજમાનની વાહવા કરે એ તો દેખીતી વાત છે, પણ મહેમાન રીતે અંતે હિંદને કેવી કેવી શાનપામરી ઓપાડવામાં આવે છે તે તો નભૂતો ભવિષ્યતિ જેવી વાત છે! બાકી એટલું તો ખરૂં જ છે કે હિંદના દાણા-પાણીમાંજ કંઈ એવી તાસીર છે કે એનું ખાનારાજ બનતા સુધી એનું ખોદવામાં નડે હોય છે, અને અજાયબીની વાત તો જુવો કે તે ખોદણકામને મુત્સદ્દીગીરીના રૂડા નામથી સત્કારવામાં આવે છે! દાક્તર, જેમ દરદીને રોગ મટાડવાનો સધીયારો આપે, તેમ વેવલ સાહેબ, લંડનની ડીનર પાર્ટી એના ખાણાના ટેબલ પરથી હિંદને માટે સારા સારા શબ્દો ભેટ કરે છે, પણ આપણે તો એટલીજ પ્રાર્થના કરવી રહી કે એ કદી ખાણાના ટેબલમાં સોનાયના શબ્દો ન હોય! ભૂતકાળનો અનુભવ કહે છે કે 'ખાણાના ટેબલ પરથી બોલાયેલા શબ્દો હંમેશા ઘેનમાં બોલાયેલા શબ્દો જેવાજ પુરવાર થાય છે! ખુદા કરે ને એમાં અપવાદરૂપ વેવલ સાહેબના શબ્દો નીકળે કારણ કે અત્યાર સુધીના વાઇસરૉય કરતા એમની વરણીય અપવાદરૂપ છે ને! હિંદને વાયદાના સોદા કરનાર વાણીયા કરતા તડ ને ફડ કરનાર લશ્કરી વાયસરોયની જરૂર હતી અને તે બ્રિટનની સરકારે પુરી પાડી છે જોઈએ છે હવે "લાડીને પાડી નીવડે વખાણુ!"

●

પશ્ચિમના મુલકોમાં જાગી દ્યો, હાકોરો કે ગેહીય શાહુમો કરતા જાણીના લેખકોની દૌલત ઓછી હોતી નથી ત્યાની કલમો કીર્તિની ખાણ સમાન સાબિત થએલી છે ત્યારે આ બૂખડી ખારસ દેશમા કલમધારીઓ સૌથી વિશેષ કંગાલ હોય છે અને તેમાંય ગુજરાતમાં તો કાંઈક કુબડા કે ભાંભૂજાય કલમસ્વામીઓ કરતા પણ સદર હોય છે! તાજેતરમાં રૂપિયામા લાગમે! હિંદી પરિષદ્ના વર્તમાન પ્રમુખ શ્રી મખનલાલ ચતુર્વેદી કંઈક લેખકોનો પોતાનાજ પાક કાઢી ટપકા રૂપે કહે છે કે, "અન્ય દેશના લેખકને મન પોતાની કલમની શક્તિ એજ સાચી સંપત્તી હોય છે, જ્યારે આપણે ત્યાં કલમ લેખકને માટે શાપરૂપ હોય છે આપણા લેખકોને વિશ્વાસ બેસતો નથી કે તેની કલમનું કોઈ મૂલ્ય ચૂકવશે? હિંદી સાહિત્યમાં પ્રકાશક એ લેખકોને મન યમદૂત છે' "લક્ષ્મી ને સરસ્વતીનો મેળ કદી ન જામે" એવી એવી ખોટી કહેવતોએ આપણા લેખકોના ટાંગીયા ઢીલા કર્યા છે! આપણે ત્યાં પ્રકાશકો લય! અને લેખક મજુર છે, ત્યારે બીજા દેશોમ લેખકો નવના અને પ્રકાશકો મજુર હોય છે ત્યાં પ્રકાશકોને ટોબની લઈને નરો ના આગળ ધક્કા ખાવા પડે છે ત્યારે આપણે ત્યાં લેખકોને પ્રકાશકોને આગળે પગ ઘસવા પડે છે! આ છે અહીંનો અને ત્યાંનો ભેદ! લેખકો પોતે પોતાની કીમત ક્યારે આંકશે?


●

હવે કુરબાં ખાસ અંક

'કારવાં' પોતાના વાચકો સમક્ષ કુરબાનો ખાસ અંક પેશ કરશે જેના સંપાદક તરીકે જાણીના લેખક અને વિવેચક તથા કવિ જનાબ-'નિસાર' સાહેબ રહેશે લેખકો અને કવિઓએ અત્યારથીજ કમર કસીને તૈયાર રહેવું નોતરુ છે! દિલમાં બહાર પડશે વધુ એ તો જાણેજ છો ને કે 'કારવાં'નો ખાસ અંક એટલે?

આદમીઓની તેની ગોખી કીમત કેવી

—તંત્રી



સવાલ—કેટલાક લોકોનુ એમ માનવુ છે કે માણસ જે થુંક થુંકે છે અને તેનો રંગ તદ્દન સફેદ હોય છે અને તેમાં લોહી હોતુ નથી તો તે સફેદ થુંક મોઢાના અંદર રહે છે ત્યાં સુધી પાક રહે છે અને મોઢાથી બહાર નીકળવા પછી નાપાક થઇ જાય છે તો શુ એ વાત ખરી છે?

જવાબ—થુંકવા પછી પણ સફેદ થુંક નાપાક થતુ નથી જો તેની સાથે લોહી મળેલુ હોય તો તે નાપાક થઇ જાય છે સફેદ થુંક કપડા વગેરેને લાગવાથી કપડુ નાપાક થતુ નથી હા કોઇ માણસ અણગમતાના લીધે તેને ધોઇ કાઢે તો સારી વાત છે

સવાલ—આજકાલના જમાનામાં કેટલાક સૈયદો ઘણા ગરીબ અને મોહતાજ હોય છે તો એવા હાજતમંદ સૈયદોને ઝકાતના નાણા આપવા દુરસ્ત છે કે નહિ?

જવાબ—ઝકાતના નાણા સાદાતને મના છે માટે હનફી મઝહબમાં ઇમામ આઝમ (ર૦અ૦)ની મશહૂર રિવાયત મુજબ સાદાતોને ઝકાત આપવી દુરસ્ત નથી પરંતુ આજકાલના કમનસીબીના જમાનામાં સાદાતો ઘણી તકલીફમાં નજરે પડે છે અને લીનાદ પૈરાતથી લોકો તેમની ખીદમત કરી શકતા નથી માટે એવા સંજોગોમાં પાછલા હનફી ઉલમાઓએ સાદાતોને ઝકાત આપવા વિષે જાઇઝ હોવાનો ફતવો આપ્યો છે કારણ કે આગલા વખતમાં ખેતુલમાલ કાયમ થતા હતા અને તેમાથી સાદાતોને વઝીફા આપવામાં આવતા હતા અને હાલમાં તે સૂરત મૌજૂદ નથી માટે સાદાતોને ઝકાતના નાણામાંથી મદદ કરવામાં આવે તો કશો વાંધો નથી ઇમામ આઝમ (ર૦અ)થી પણ એક રિવાયત જાઇઝ હોવાની સાબિત છે (તહતાવી અલા મરાકીલ ફલા) ('દુર્રે મુખ્તાર' મજમુઆ ફતાવા અબ્દુલહઇ)

સવાલ—આજકાલ ગુજરાતના કેટલાક ગામોમાં ઇંદોરવાલા મોહંમદ રમઝાની પ્રવાસ કરી રહ્યો છે તે જીગર, ઇકબાલ, ગાલિબ, જોશ વગેરે નામચીન શાયરોના કલામ કોઇ પણ જાતના વાજિંત્રની મદદ વગર તેમજ રાગ-રાગણી વિના ગાય છે તેના કેટલાક કલામો તો શાને ઇલાહી અને હજરત મોહંમદ મુસ્તફા (સલ૦)ની શાનમાં છે તદઉપરાંત તે કરબલાના મરસીઆ પણ ગાય છે હવે તેની મેહફિલમાં મુસલમાનોને શરીક થવુ શરીઅતની રૂએ જાઇઝ છે કે નહિ?

જવાબ—સવાલમાં દર્શાવ્યા મુજબ સારા શેર અશઆર હોય, અલ્લાહ અને તેના રસૂલની તારીફમાં અને ઇસ્લામની શાનમાં શેર અશઆર પઢવામાં આવે તો તેમાં કાંઇ વાંધો નથી પરંતુ મજલિસમાં વાજિંત્ર વગેરે શરીઅત વિરૂદ્ધ કોઇ બાબત હોવી જોઇએ નહિ તો એવા અશઆર સાંભળવા તેમજ એવી મજલિસમાં ભાગ લેવો વાંધા ભર્યું નથી કરબલાના બનાવના કિસ્સા કે મરસીઆ પઢવા જોઇએ નહિ એના પઢવા અને સાંભળવાથી ગુનાહમાં ફસાઇ જવાનો ડર છે માટે એવી બાબતથી પરહેઝ કરવો જરૂરી છે

સવાલ—એક ઝઇફ પેશ ઇમામને અફીણ ખાવાનુ બંધારણ છે અફીણ ખાધા સિવાય જમાઅતથી નમાઝ પઢાવી શકતા નથી જેથી નિશાને લીધે નમાઝ પઢાવવાનુ બનાવ કેવુ



રહેતું નથી તો એવા શખ્સની પાછળ નમાઝ થાય કે નહિ? તેમજ એવા ઇમામને કાયમ રાખવા માટે કોશીશ કરનારા માટે શું હુકમ છે? અને નમાઝની હાલતમા ઇમામ સાહેબ અટકી જાય છે તેમજ બરાબર ભાન પણ રહેતુ નથી

જવાબ—એવા ઇમામની પાછળ નમાઝ પઢવી જોઇએ નહિ મજબુર ઇમામ બદલી સારો પરહેઝગાર ઇમામ નીમવો જોઇએ એવા અહીણી ઇમામની હિમાયત કરનારા ગુનેહગાર છે એવા લોકોને સમજની શરીઅતના મસલાથી વાકેફગાર કરી તાત્કાળીક ઇમામ બદલવો જોઇએ

સવાલ—અમારે ત્યા મસ્જિદમા કેટલાક નવા હાફેઝ થએલા છોકરાઓ તરાવીહ પઢાવે છે જેઓને બરાબર યાદ નથી એટલી બધી ભુલો કરે છે અને ગફલત પઢે છે કે જેનો કોઇ પાર નથી અને સારા હાફેઝ હાજર હોવા છતા તેમને આગળ કરતા નથી અને એમ કહે છે કે આપણા જેવા પણ હોય એમનીજ પાસે તરાવીહ પઢાવવી જોઇએ બીજાને પાસે પઢાવવાની જરૂરત નથી એમ નાહકની ઝીદ અને હઠ લઇ બેઠા છે સમજાવવા છતા સમજતા નથી જેથી લોકોમા ઘણી ગડબડ અને બેચેની છે એક સતર પણ સહી પઢી શકતા નથી તો એવી હાલતમા તેઓને બદલે સારા હાફેઝને ઉભો કરવો જરૂરી છે કે નહિ?

જવાબ જ્યારે કે તેઓ ઘણી ગલતીઓ કરે છે અને કુઆર્ન શરીફ સહી પઢી શકતા નથી તો બીજા સારા પઢનારને ઇમામ બનાવવો જોઇએ કેટલીક ગલતીઓ તો એવી હોય છે કે જેથી નમાઝ ફાસેદ થઈ જાય છે ને કેટલીક વળી મકરૂહ થઇ જાય છે માટે એ વાતનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ દીની બાબતમા અને તે પણ ખાસ કરી નમાઝ જેવી ઇબાદતમા નાહક હઠ અને ઝીદ કરવી ઘણીજ બુરી વાત છે માટે જે લોકો હઠ કરતા હોય તેમને નરમીથી સમજાવી શરીઅતના મસલાથી ખબરદાર કરવા સમજાવવામા એવુ રૂપ ધારણ કરવુ ન જોઇએ કે જેમા ઝગડો અને તકરાર પેદા થાય અલ્લાહના કલામની અને નમાઝ જેવા મુબારક કામની દરેક મુસ્લિમ ભાઇએ કદર કરવી જોઇએ દીનના બાબમા હઠધર્મી કરવી ગુનાહનુ કામ છે

૭૮૬ # "નઝમે કુર્આન" ૭૮૬

(સર્વ હક સ્વાધિન છે)

(જ૦ " ગાલિબ " સા૦ની પરવાનગી વિના કોઇએ છાપવુ કે પ્રગટ કરવુ નહીં)

("અલિફ્—લામ—મીમ"કા તીસરા રૂકૂઅ)

તુમ અય લોગો ઇબાદત અપને ઉસ રબકી કીએ જાઓ,
કે જિસ રબને કિયા પેદા તુમ્હે ઔર તુમસે અગલોકો
સબબ યે હૈ કે શાયદ તુમભી હો પરહેઝગારોમે,
ખુદાકે ખાસ બંદોમે ખુદાકે ખાસ પ્યારોમે.

ઉસી રબને બનાયા જિસ્કી હર જાનિબ રબૂબીયત,
ઝમીંકો ફર્શકી સૂરત ફલકકો *સકફકી સૂરત.
ઉસી રબને ઉતારા આસમાંસે ઇસ લીએ પાની,
કે જિસ્સે હો ફ્લોંકે રિઝકમે તુમ સબકો આસાની

તુમ્હે જબ ઇલ્મ હોજાએ ન યું બે-ઇલ્મ હો જાઓ,
વહી અલ્લાહ હૈ સબકા શરીક ઉસકા ન લે આઓ
અગર ઉસમે જો શય હમને ઉતારી અપને બંદે પર,
તુમ્હે શક હૈ તો ઉસ સૂરતકી સૂરત લાઓ ફિરફિર કર

ખુદાકે માસિવા અપને ગો હો કોઈ બુલાલો તુમ,
અગર સચ્ચે હો ઇન બેબસ આહો કો બુનાલો તુમ
અગર યેભી ન કર પાએ ન હરગિઝ કર સકોગે શર,
ડરો ઉસ આગસે હૈ જિસ્કા એંધન આદમી પથ્થર

જો હર એક કુફ્રકી બસ્તીમે શોલા બાર રેહતી હૈ,
જહાંકે કાફિરોંકે વાસ્તે તૈયાર રેહતી હૈ
વોહ જો ઇમાન લાએ ઔર અમલ અચ્છે કીએ ઉનકો,
બશારત દેકે જન્નતકે ગુલિસ્તાં દે દીએ ઉનકો

વોહ જન્નત જિસકે નીચે બેહતી હૈ નેહરે ગબાઆમાની,
વોહ જન્નત જો મઝા દેતા હૈ દિનમે નૂર ઇમાની
ફ્લોકા રિઝક મીલ્તા હૈ ઇસી જન્નતસે જબ ઉનકો,
નઝર આતે હૈ સબ હમ શકલ ધ્યાન આના હે તબ ઉનકો

વોહ કહતે હૈ કે ઐસા રિઝક હમ પેહલેભી પાતે થે,
જો ખા દેખાતો સમઝે ઝાયકે સબકે અનોખે થે
મિલેગી બીબીયાં પાકીઝા ઉન સબ ખુદાવોંકો,
હમેશાકી રેહાયશ હૈ હમેશા રેહને વાલોંકો

અઝ—અબ્દ નજ્મ "ગાલિબ" દીની નિઝામી બગોદરી

*સકફ=મકાનકી છત

રહેતું નથી તો એવા શખ્સની પાછળ નમાઝ થાય કે નહિ? તેમજ એવા ઇમામને કાયમ રાખવા માટે કોશીશ કરનાર માટે શું હુકમ છે? અને નમાઝની હાલતમાં ઇમામ સાહેબ અટકી જાય છે તેમજ બરાબર ભાન પણ રહેતું નથી

જવાબ-એવા ઇમામની પાછળ નમાઝ પઢવી જોઇએ નહિ મજકુર ઇમામ બદલી સારો પરહેઝગાર ઇમામ નીમવો જોઇએ એવા અહીંલી ઇમામની હિમાયત કરનારા ગુનેહગાર થશે એવા લોકોને સમજણથી શરીઅતના મસલાથી વાકેફગાર કરી તાત્કાલીક ઇમામ બદલવો જોઇએ

સવાલ-અમારે ત્યા મસ્જિદમાં કેટલાક નવા હાફિઝ થએલા છોકરાઓ તરાવીહ પઢાવે છે જેઓને બરાબર યાદ નથી એટલી બધી ભુલો કરે છે અને ગલત પઢે છે કે જેનો કોઇ પાર નથી અને સારા હાફિઝ હાજર હોવા છતા તેમને આગળ કરતા નથી અને એમ કહે છે કે આપણા જેવા પણ હોય એમનીજ પાસે તરાવીહ પઢાવવી જોઇએ બીજાને પાસે પઢાવવાની જરૂરત નથી એમ નાહક ની ઝીદ અને હદ લઇ બેઠા છે સમજાવવા છતા સમજતા નથી જેથી લોકોમા ઘણી ગડબડ અને બેચેની છે એક સતર પણ સહી પઢી શકતા નથી તો એવી હાલતમા તેઓના બદલે સારા હાફિઝને ઉભો કરવો જરૂરી છે કે નહિ?

જવાબ-જ્યારે કે તેઓ ઘણી ગલતી કરે છે અને કુર્આને શરીફ સહી પઢી શકતા નથી તો બીજા સારા પઢનારને ઇમામ બનાવવો જોઇએ કેટલીક ગલતીઓ તો એવી હોય છે કે જેથી નમાઝ ફાસેદ થઇ જાય છે ને કેટલીક ઘણા મકરૂહ થઇ જાય છે માટે એ વાતનો ખાસ ધ્યાન રાખવો જોઇએ દીની બાબતમા અને તે પણ ખાસ કરી નમાઝ જેવી ઇબાદતમા નાહક હઠ અને ઝીદ કરવી ઘણી ભુન ભરી વાત છે માટે જે લોકો હઠ કરતા હોય તેમને નરમીથી સમજણથી શરીઅતના મસલાથી ખબરદાર કરો સમજાવવામાં એવુ રૂપ ધારણ કરવુ ન જોઇએ કે જેમા ઝગડા અને તકરાર પેદા થાય અલ્લાહના કલામની અને રમઝાન જેવા મુબારક માસની દરેક મોમિન ભાઇએ કદર કરવી જોઇએ દીનના બારામા હઠધર્મી કરવી ગુનાહનુ કામ છે

૭૮૬ "નઝમે કુર્આન" ૭૮૬


("અલિફ—લામ—મીમ "કા તીસરા રૂકૂઅ)

તુમ અય લોગો ઇબાદત અપને ઉસ રબકી કીએ જાઓ,
કે જિસ રબને કિયા પૈદા તુમ્હે ઓર તુમસે અગલોંકો
સમજ યે હૈ કે શાયદ તુમભી હો પરહેઝગારોંમે,
ખુદાકે ખાસ બંદોમે ખુદાકે ખાસ પ્યારોંમે
ઉસી રબને બનાયા જિસ્કી હર જાનિબ રબૂબીયત,
ઝમીંકો ફર્શકી સૂરત ફલકકો *મકફકી સૂરત.
ઉસી રબને ઉતારા આસમાંસે ઇસ લીએ પાની,
કે જિસ્મે હો ફલોંકે રિઝકમે તુમ સબકો આસાની
તુમ્હે જબ ઇલ્મ હોગયા ન યુ બે-ઇલ્મ હો જાઓ,
વહી અલ્લાહ હૈ સબકા શરીક ઉસકા ન લે આઓ
અગર ઉસમે જો શક હમને ઉતારી અપને બંદે પર,
તુમ્હે શક હૈ તો ઉસ સૂરતકી સૂરત લાઓ ફિરકિર કર
ખુદાકે માસિવા અપને ગો હો કોઈ બુલાલો તુમ,
અગર સચ્ચે હો ઇન બેમર આહો કો બુલાલો તુમ
અગર યેભી ન કર પાઓ ન હરગિઝ કર સકોગે ગર,
ડરો ઉસ આગસે હૈ જિસકા ઇંધન આદમી પત્થર
જો હર એક કુફ્રકી બસ્તીમે શોલા બાર રેહતી હૈ,
જહાંકે કાફિરોંકે વાસ્તે તૈયાર રેહતી હૈ
વોહ જો ઇમાન લાએ ઓર અમલ અચ્છે કીએ નિકો,
બશારત દેકે જન્નતકે ગુલિસ્તાં દે દીએ ઉનકો
વોહ જન્નત જિસકે નીચે બેહતી હૈ નેહરે ગઆસમાની,
વોહ જન્નત જો મઝા દેતા હૈ દિલમે નૂર ઇમાની
જોકા રિઝક મીલતા હૈ ઇસી જન્નતમે જબ ઉનકો,
નઝર આતે હૈ સબ હમ શકલ ધ્યાન આતા હૈ તબ ઉનકો
વોહ કહતે હૈ કે એસા રિઝક હમ પેહલેભી પાતે થે,
જો ખા દેખાતો સમઝે ઝાયકે સબકે અનોખે થે
મિલેગી બીબીયાં પાકીઝા ઉન સબ ખુદાતરોંકો,
હમેશાકી પેદાયશ હૈ હમેશા રેહને વાલોંકો.

અઝ-અબ્દ નઅ "ગાલિબ" હીની નિઝામી બરોદવી

*મકફ=મકાનકી છત

પોઠ



અડવાણી અસનથી જુદી તો ખરા એમની ભાષા ગાહા ગલઘાદાર ખરી પરંતુ વાત કરે ત્યારે બમ સાકર સરતી કરી મૂકે આમ છતાં મનાવનારા એવા કે પાસગે પાસગે ડામ દીધા હો તોય પાપ ન લાગે થોડા દિવસની વાત છે કે એ હજરતથી એકાએક ભેટા થયો વાત પરથી વાત નીકળતા તેઓ બોલ્યા કે "એથું ને મિસાડીઓને ખીર ના પચી તે?" હું લાંબા સોચ વિચાર પછી પણ એમનો આ કટાક્ષ સમજી ન શક્યો એટલે મે ફરીને પુછ્યું 'કેવી મિનાડી અને શાની ખીર? કાંક ચસક્યા તો નથીને અડવાણી"

'હવે તો એજ બાકી રહ્યું છે તમે લોકો ચસકો ચસકો નહિ તો સાહિત્યમાથી ખસકો ભાળા શું મો લઇને ફરો છો જગતમા!" અડવાણીની વાત વધુ પેચદાર બનતી જતી હતી એવામા મહાકવિ હડમત ઓઝાની સ્વારી આવી પહોંચી આવતાની સાથેજ તેઓએ કહ્યું માળા હલ્લાથીએ વધુ બોદા નીકળ્યા ભઈ"

"અરે! જાપાનીસ ફુગ્ગા એનાથી સારા જે જરા વાર તો ફુલીને ટકી શકે છે" અડવાણીએ વાતને વળી પાડો એક આમળો દીધો

"આ તો પેની વાત થઇ કે પેનાનું શું? દોસ્તો! કંઇ સાફ સાફ ભસો કે હુ પણ કંઇ સમજી શકુ! આ શું? બિલાડી, ખીર, બોદા અને ફુગ્ગા જેવા ન શોભતા શબ્દો વાપરી કોઇની સવાર બગાડી રહ્યા છો?"

"અરે તને તો સવાર બગડ્યાની પડી છે અને પેલાઓનું સૌ કાંઈ બગડી ગયું તે નહિ વિચારાઓનું."

"અરે પણ કોનું?"

"કહીં દઉં? સાચેજ તું જાણતો નથી? તો લે સાંભળ પેલા શાસ્ત્રીય ગઝલકારો (!) જે અસલમાં ચાર જણ હતા અને પછી બાર જણ ઉમેરાયા હતા તે ફરીને પાછા ચાર જણ થઇ ગયા એ ચાર જણ પણ રહી ગયા એટલું સારૂ છે જેથી મંડળના નામ ફોનવાના હોય

તો પણ તેને સોનાપુર પહોંચાડી શકે દોસ્ત શું કહું આ દિવાળી પર તો તે આખા હિંદમાં છવાઇ જવાના હતા પરંતુ હાયરે કિસ્મત! મુસોલીની નાડો અને એમની પનોતી બેડી, કીટલીનું એ તોફાન થોડાક ખડખડાટમાં સમી ગયું કુબાના મય પર ગઝલકારના રંગમાં તેમણે એવી એવી અદાઓ બનાવી કે તે એમનોજ હિસ્સો હતો કોઇ પણ શાયર-માણસ હોય તો તે ન પાડી શકે એવી-સુંદર છાપ એમણે પાડી તેઓ માણસ થોગ હતા, શાયર હતા શાહી અફસોસ કે ગુજરાતે એમને વધાવાને બદલે ધૂનમાં ગઝલરૂપી ખીર તેમને ન પચવા તેમણે ઓકવા માંડી પણ તે એટલી ગંધાઇ કે શ્રોતાઓ મોં પર હાથ મૂકી તેમને છોડીને ચાલતા થયા નકટાને ફરી જય

• • •

"જ્યા જાય ઉંડો ત્યા સમંદર સુકા' એ કહેવત પ્રમાણે ત્રણ ત્રણ વાર મેટ્રિકની પરિક્ષામાં બેઠા પણ પરિણામ એજ એ મીંડું લાચારીએ ભણવાની ચૂકોને અભરાઇ પર મૂકી નૉવેલો વાંચવા માંડી અને એમ વાંચતા વાંચતા લેખક થવાના કોડ જાગ્યા દરેક નવો લેખક શરૂ કરે છે તેમ પ્રણય કાવ્યોથી શરૂઆત કરી શબ્દકોષમાંથી સુંદર સુંદર શબ્દો વીણી થોડું તરજુમીઆ, થોડું ભાડુતી, અને થોડું ઘરનું એમ લાલ, પીળો ને વાદળી રંગોથી રચનાઓ રચવા માંડી હિંદી માસિકોમાંથી અદ્દર તદ્દ ડાની નવલિકાઓ લખવા માંડી લેખક માણસ જ નથી એનો ગાઇ ધમજ નથી એમ નક્કી કરી, પ્રસંગાનુસાર કાવ્યો અને લેખો લખવા માંડ્યા કૃષ્ણાંકમાં કૃષ્ણની અને

વેશ્યાકમા વેશ્યા સુદ્ધાની તારીફ કરતા માડી સનસનાટી મચાવવા સારુ ધર્મ, ખુદા અને ધાર્મિક અગ્રેસરો વિરુદ્ધ પણ બબડવા મડયુ આમ છતા ગાડની ટીકારો ગુનાવ્યા સિવાય કોઈ બીજી રીતે એ ક્ષેત્રમા ફવાયુ નહિ લોકોમા જાતે અને કુટુબીઓ પાસે પ્રચાર કરાવ્યો કે મહીને દિવસે લેખો નખીને એક સો રૂપીઆ કમાઈએ છીએ, પરતુ અમારુ દિલ જાણતુ હતુ કે એક પાઈ પણ એમા મળવાની નથી છેવટે પ્રચારવેડાનો લાભ લઈ લીગનુ જોર જોઈ રાજદ્વારી ક્ષેત્રમા કૂદી પડ્યા કૉગ્રેસ અને લીગ એ તો અમારો ધધો ધપાવવાની શાબ્દિક મુડી હતી બાકી ન અમે લીગી હતા ન કૉન્ગ્રેસી અમારો ધર્મ સિદ્ધાત જે કાઈ ગણો તે પેટ હતુ અને એ પેટ આગળ અમે સર્વને હેઠ સમજતા હતા પરતુ લીડર થવામાય કશોય લાભ ન દેખાતા અને અનેક ઘોટાળાઓ માથે પડતા આખીએ પૉલીસી બદલી નાખી એડીટર બનવા મુબઈ દોડ્યા અને બની પણ ગયા પરતુ સીનેમાના પરદા પરના રાજાની પેઠે એ ખુરસી પણ જેની હતી તેણે છીનવી લીધી અને અમારે માટે વળી પાછા સમદર સૂકો થઈ ગયા હવે હમણા સીનેમાની જાહેર ખબરો નખીને અને હોટલોને ગાળો આળો લખીને ગાડુ ગબડાવી રહ્યા છીએ અમે છીએ ગુજરાતના પ્રગતિશીલ લેખક ની

° ° °

ઢેડીને હવાનદારે માળી એટલે ઢેડી ધરતી પર પગ ન મૂકે એમા નવાઈ શી? પોતાના નગટામડળના એક મગજને એક તત્રીએ કવિ તરીકે સ્થાન આપ્યુ તો તેઓ કવિમાથી વિવેચક બની બેઠા છે, હવે વિવેચકમાથી તેઓ શુ બનશે? એ તો અત્યારે કેમ કહેવાય પરતુ વિવેચક લખવાથીજ વિવેચક બની જવાતુ હોય તો દરેક લેખક એકી સાથે વિવેચક અને શાઇર લેખાશે વિવેચક થવા માટે જે પરિશ્રમ ઉઠાવવો પડે છે તે ઉઠાવવાની દરકાર નહિ રહે એ ભાઈ પોતાની શાઇર તરીકેની નિષ્ફળતાઓને આવા વિશેષણોના આવરણમા ન છુપાવે તો સારુ તેઓ કદાચ એવુ સમજતા હશે કે વિવેચક બન્યા વિના રહી જઈશુ તો લોકો તેમને અવિવેચકજ ઠરાવશે પરતુ તેઓ સમજતા નથી કે તેમના અશુદ્ધ ખોટા શબ્દો અને ઉચ્ચારને લીધેજ તેમની બીનઆવડત વધારે પ્રગટ થાય છે સાચેજ માણસના મનનુ કગાળપણુ માણસને દરેક વસ્તુ કરવાને પ્રેરે છે

° ° °

સાહિત્ય ગમે તે વાડામાથી આવે શરત એટલીજ કે સાહિત્ય તે સાહિત્ય હોવુ જોઈએ અને ખરુ જોતા તો જીવનની વિશાળ રાહથી આવે તેજ સાહિત્ય કહેવાય બાકી વાડા યા વાડની સાકડી ગલીઓમાથી આવે તે ખરુ સાહિત્ય ન હોય કોઈ પણ સાહિત્યકારે સાહિત્યને બાટલીમા બધ કરી લેબલ લગાવવાની વસ્તુ તરીકે ઓળખાવ્યુ નથી આમ છતા ગુજરાતી સાહિત્યમા વાડા અને વાડીઓ હજીએ ફૂલી અને ફાલી રહી છે 'મહાગુજરાત'મા આ સબધી કેટલીક વાતો વાચવામા આવતા દુખ થયુ

° ° °

માણસ, માણસ થવાનુ ભૂલીને દેવતા બનવાની ચેષ્ટામા રાક્ષસ બનતો જાય છે ખુરસી પર બેસીને તે ઉભા રહેવાની ગત ભૂલી જાય છે મોટર પર ચઢીને તે પગે ચાલનાર પ્રતિ ઘૃણાથી જુએ છે થીએટરોમા જઈને તે ભિખારીઓના ગીતો ભૂલી ગયો છે તે હસે છે પરતુ પોતાનુ હાસ્ય સમજી શકતો નથી તે ગાય છે પણ શુ ગાય છે તેનુ તેને ભાન નથી અને એરીતેજ રીતે તે લખે છે પરતુ શા સારુ અને શુ લખે છે તે વિસરી ગયો છે ગોઠવીતા શબ્દો યોજનારને સારો સાહિત્યકાર માનતા જનતા ટેવાઈ ગઈ છે માસિકો અને અઠવાડિકોમા ચિરજીવ લખાણ કેટલુ આવે છે? છપાય તે સાહિત્યને નામે ધપી જાય છે કોઈ ટોકતુ નથી કોઈ રોકતુ નથી, એમજ ચાલ્યા કરે છે

° ° °

હુકમતના ચાક પન્થી

પ્રગતિશીલ લેખકોનુ મુખપત્ર બનવાની ડફાસ મારનાર એક માસિક એટલી પ્રગતિ

કરી છે કે તેમા અડધુ પાનું અને વધેલુ પાનું, આવતુ હતુ તેની સાથે હવે ત્રાંસુ પાનુ પણ આવવા લાગ્યુ છે આશા રહે છે કે હવે વાંકુ પાનુ, ગોળ પાનુ અને ચોરસ પાનુ વાપરી તે તના વાચકોની પુરેપુરી હજામત કરી નાખી પ્રગતિની ટોચે પહોચી જશે

• ० •

'નવચેતન'વાળા ચાંપશીભાઈને ચેની અર્પણ થઇ જ્યારે એ ઘડી મોજ'વાળા શયદા' સાદમને જશને બદને જુતીયા મળ્યા છે કા શય ભાઈ! 'તાજા નમકહરામોની કામન જોઇ?

બિભીષણ કો રાજ દિયા ઔર હનુમાનકો તેન"


'સાગિર'ની ગઝલો સુધારવાનો ફરો રાખનાર 'આસિમ' ભૂલી ગયા લાગે છે કે રદ્દેરમા એમની ગઝલો કોની પાસે ઇસ્લાહ માટે જતી હતી?

• ० •

'શ્રી શયદાએ પોતાના પેપરદ્વારા અનેક ગઝલકારો જન્માવ્યા છે" —આસિમ

ગઝલકારોને જન્માવનાર એમના માબાપ હોઇ શકે, શ્રી શયદા યા પેપર નહિ. અલબત્ત એવી તારીફ કરનાર 'આસિમ'ને શયદા'એ પેપર દ્વારા જન્માવ્યા હોય તો નવાઇ નહિ

એક ઉડતું અવલોકન—



નજમા સુરતના કેપીટોલમા ચાલતા જાણીતા ડાયરેક્ટર મેહબૂબના એ અનોખા પિક્ચરનુ અવલોકન કરવાનુ કાર્ય મારે માથે આવ્યુ એ સર્વાંગ સુંદર પિક્ચર નિહાળ્યા પછી હિંદી પિક્ચરો માટેનો મારો અભિપ્રાય બદલાયો આપણા ડાયરેક્ટરો હવે ઉચ્ચ કક્ષાના ચિત્રો ભેટ ધરતા થયા છે એ નજમા જોતા સમજાયુ!

કથાનક ટુકુ છતા આકર્ષક હતુ પાત્રોના અભિનય પણ સમજપૂર્વકના હતા ધંધામા ફાફા જેવુ કંઇ ન હતુ ફોટોગ્રાફી સુંદર, અને સર્વ શ્રેષ્ઠ તો સનારોના કટાક્ષ હતા આરંભથી છેળની હવા જમાવતું એ ચિત્ર અંતમા કરૂણતા પર વાસ્તવીક રીતે ઉતરી પડે છે ગાયનો સાધારણ કોટીના હતા પણ ઇરનામી સામાજિક ચિત્રોમા તો 'નજમા' એક અપૂર્વ અને અજોડ પિક્ચરાજ ગણાય ટીકાત્મકને બદલે રચનાત્મક પરંતુ અનુકરણીય અને આદર્શ ગણાય ડાયરેક્ટર મેહબૂબે આગ એક વાસ્તવિક અને સફળ પિક્ચર દ્વારા પોતે એક પ્રથમ પંક્તિના ડાયરેક્ટર છે એ સાબિત કરી આપ્યુ છે

નવાબ જેવા સાંગોપાંગ નવાબને સુધારી એક ખાનદાન ગૃહસ્થ બનાવવાના હૃદયમ થનમા નજમા અંતે સફળ થઇ અને પ્રસ્તુતની કુરબાની પણ જેવી તેવી ન હતી! અભિનયની દ્રષ્ટિએ વીણા પછી અશોકકુમાર, મુરાદ કુમાર, સિતારા અને યાકુબ વગેરે ક્રમેક્રમે આવી શકે સફળતાની કસોટીમા આ પિક્ચર ૧૦૦માથી ૯૦ માર્ક જરૂર મેળવી જાય આપણા સમાજને આવા બીજા ચિત્રોની આવશ્યકતા ઉભીજ રહી છે —'સીને પ્રિય'

અનુવાદક —



જહાંગીર પર બોહતાન!

"મુસ્લિમ"

મૂળ ઉર્દૂ લેખક
જનાબ
મુહમ્મદ
નસીરૂદ્દીન
અસ્કરી.

કેટલાક ઇતિહાસકારો આ મશ્હૂર ઐતિહાસિક ઘટનાને આવી રીતે વર્ણવે છે કે –"નૂરજહાના તીરે-નઝરથી ઘાયલ થઇ જહાંગીરે તેણીના પહેલા ધણી શેર અફગનને કતલ કરાવી, નૂરજહાને બળજબરીથી પોતાની રાણી બનાવી" આ માન્યતાએ એટલી ઉંડી જડ ઘાલી છે કે, એના વિષે ઉંડાણમા ઉતરવાની ઇતિહાસકારોને જરૂરત નથી લાગતી પરતુ નીચે આપવામા આવેલા દાખલા દલીલોથી સાબિત થાય છે કે આ માન્યતા તદન પોકળ છે અને કેટલાક ઇતિહાસકારોએ એને ઉપર કહ્યા મુજબ ખોટી રીતે વર્ણવી છે

મેહરૂન્નિસા (નુરજહા) જ્યારે પોતાના માત પિતા સાથે શહેનશાહ અકબરના દરબારમા પહોંચી ત્યારે તેણીનુ વય ફક્ત ચાર જ વર્ષનુ હતુ અને જહાંગીરનુ વય આઠ વર્ષનુ હતુ ફક્ત આઠ વર્ષની બાળવયમા જહાંગીર-નૂરજહા સાથે શાદી કરવાની હઠ (ખરી રીતે બાળહઠ) લઇ બેસે, અને શહેનશાહ અકબર ચાર વર્ષની બાળવયની નૂરજહાની શાદી અલીકુલીખાન (શેરઅફગન) સાથે કરી નાખે, એ એક ન સમજવામા અને ન માનવામા આવે એવી બીના છે–આ દલીલને પણ જવા દઇએ અને બીજી દલીલ પર વિચાર કરીએ કે જહાંગીર તખ્તનશીન થયો ઈ સ ૧૬૦૫મા અને અલીકુલીખાનની શાદી મેહરૂન્નિસા સાથે થઇ ઇ સ ૧૬૧૧મા

આ ઘટનાને જુદી રીતે વર્ણવનાર ઇતિહાસકારોએ આટલુ પણ નહિ વિચાર્યું હોય કે જે શહેનશાહના એકજ ઇશારા પર લાખો ગરદનો ઝુકી જતી હોય, અને જે પેશાવરથી રાસકુમારી સુધીના મુલ્કનો સર્વસત્તાધિશ હોય, તે પોતાની મહબ્બતને અમલી જામો પહેરાવવાની છ વર્ષ સુધી શા માટે વાટ જુએ?

અગર જહાંગીરને નૂરજહા પ્રત્યે પ્રેમ હોત તો તેણે તખ્તનશીન થયા બાદ પહેલુ કામ એ કર્યું હોત કે શેર અફગનનો કાંટો વચ્ચેથી દૂર કરી નૂરજહા સાથે શાદી કરી હોત પરતુ જહાંગીરે આમ કર્યું નહિ, એ ઉપરથી સાબિત થાય છે કે જહાંગીરને નૂરજહા પ્રત્યે પ્રેમ તો શુ પણ ઝરાતણી લાગણી પણ નહોતી જ્યારે જહાંગીરને નૂરજહાની લાગણીજ નહોતી તો પછી તેણીને મેળવવાની અને શાદી કરવાની વાતજ ક્યાં રહી?

ઘડીભર માટે આપણે માની લઇએ કે, જહાંગીર અનુકુળ સમયની વાટ જોતો હોય, પણ આ માન્યતા પણ ટકી શકતી નથી કારણ કે જેણે પોતાના શાહઝાદગીના સમયમા અબૂલ ફઝલ જેવા એક પ્રતિભાશાળી માણુસને મરાવી ન નાખ્યો હોય, તે પોતાના રસ્તાના કાંટા સમા શેર અફગન જેવા એક મામૂલી માણુસને નહોતો મરાવી શકતો, એ માનવામાજ ન આવે એવી બીના છે

જો આ ઘટનામા અંશ બરાબર પણ સત્યતા હોત તો મ્હોટા મ્હોટા ઇતિહાસકારોએ અબૂલ ફઝલની ઘટના પછી આ ઘટનાનું પણ ઝરૂર વર્ણન કર્યું જ હોત 'તારીખે ફરિશ્તા' અને 'કારનામએ જહાંગીરી'ના કર્તા મૌલાના અકાઉદ્દદીન સાહબ તથા હેરલ્ડ લેમ્બ, બર્ની, સીમ્પસન અને બીજા યુરોપિઅન ઇતિહાસકારોએ આ ઘટનાનો ઇશારો સુદ્ધાં નથી કર્યો જહાંગીરની શાદી મેહરબાનીઓ–કે જે ખાસ

ખાસ માણસો પર ઉતરતી-તે અલીકુલીખાન પર પણ ઉતરી હતી જહાંગીરે તખ્તનશીન થતાંજ અલીકુલીખાનને શેર-અફગનનો માન ભર્યો ખિતાબ આપી બંગાળ ઇલાકાનો સુબા બનાવ્યો હવે અહિં સવાલ એ ઉભો થાય છે કે, જો જહાંગીર-શેર અફગનને પોતાનો હરીફ અને રસ્તા વચ્ચેનો કાંટો સમજતો હોત તો તેને માનભર્યો ખિતાબ અને સુબાગીરી બક્ષત, આ માટે તેની પુષ્ટિ ટના વધારત

આ આખીય બનાવ ખરી રીતે આમ છે કે શેર અફગને બંગાળ ખાતાની પ્રજા ઉપર અસહ્ય જુલ્મો કર્યા અને પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી ઉઠી આખર આ પ્રજા પોકાર જહાંગીરના કાન સુધી પહોંચ્યો અને આ ઉત્તમ હામ-ન્યાય પ્રિય શહેનશાહે, શેર અફગનના જુલ્મોની તપાસ કરવા બંગાળના ગવર્નર કુતુબુદ્દીનને આજ્ઞા આપી આની શેર અફગનને ખબર પડતા તેણે પાપ ઉપાડ્યું પડી જવાની બીકે કુતુબુદ્દીનને મારી નાખવાનું કાવત્રુ રચ્યું, અને બંનેની મુલાકાત વખતે તેણે કુતુબુદ્દીનની છાતીમાં ખંજર હુલાવી દીધું, પરંતુ પાછળ ઉભેલા કુતુબુદ્દીનના સિપાહીઓએ શેર અફગનની આ દગાબાજી જોતા તેઓએ તેના પર એક સામટો હુમલો કરી તેને કતલ કર્યો અને તેના સાગરીતો કુટુંબને બંદીવાન બનાવી શાહી દરબારમાં હાજર કર્યો આ રીતે નૂરજહાં જહાંગીરના દરબારમાં આવી

નૂરજહાંને જહાંગીરની સાવકી મા સાથે રાખવામાં આવી જેણી નૂરજહાં સાથે પોતાની પેટની દીકરી જેવો વર્તાવ રાખતી જ્યાં નૂરજહાં ચાર વરસ રહી ત્યાર પછીજ નૂરજહાંની સંમતીથી તેણી સાથે શાદી કરવાની દરખાસ્ત જહાંગીર પાસે મૂકવામાં આવી કંઇક માતાના દબાણથી અને કંઇક નૂરજહાંના દર્શની ગરનાનથી જહાંગીર આખરે પીગળ્યા અને તેણીને પોતાની બેગમ બનાવી આ રીતે નૂરજહાં 'મલકયે-હિન્દ' બની

સ્વીકાર અને સમાલોચના

'ખિલાફત' [મુંબઇ] –જાણીતા સાપ્તાહિક 'ખિલાફત' ગુજરાતીનો ૫૦ અંક નિગ્રુ અથ મળ્યો છેલ્લા ચાર પાંચ માસ થયા એ સાપ્તાહિકે સાહિત્ય જગતમા ઠીક ઠીક પ્રગતિ સાધી છે ૮ આનામા આવો સુદર અંક આપવો એ સાહસજ ગણાય ભાઈશ્રી વનીવા ણીની મહેનત લેખે લાગી છે લેખોની પસ દગી, ચિત્રોની છપાઇ વગેરે ઉમદાહ છે મુન્શી ફતેહખાન, શ્રી રમેશ, જ૦ સાપાણી શ્રી નામુ ઠક્કર, જ૦ 'તુરાબ' જ૦ 'નસીમ' જ૦ જીહનીસગર ઇબ્રાહીમ મીસ્ત્રી, વગેરેના લેખો તેમજ શ્રી શયદા, જ૦ વલી, જ૦ સિરિમન વગેરેના કાવ્યો ખાસ ધ્યાન ખેચે છે ગુજ રાતી લેખકોની દુર્દશાનુ કરૂણ છતા રમુજી ચિત્ર આલેખતો જ૦ 'બેકાર'નો લેખ ખાસ ધ્યાન ખેચે છે ત્યારે જ૦ 'સાગર' સાહબનો લેખ સાહિત્યની દ્રષ્ટિએ ઉચ્ચ પ્રકારનો છે છતા એક વાત એ ખટકે છે કે અમુક લેભાગુ તામ્બ્રેરોને જાણી જોઇને ચઢાવવામા ગુજરાત–કાઠિઆવાડના કેટલાક સિદ્ધહસ્ત ગઝલગોને અજાણતા અન્યાય થઇ જવાનો સભવ છે કાગળની કારમી મોઘવારીમા આવુ સાહસ કરવા બદલ 'ખિલાફત'ના તંત્રી સાહબને અભિનદન ઘટે છે

'અવલાદ' (રાજકોટ) બાળકોના એ સુદર માસિકનો ક્દ અક બાળમાના બરનો હોઇ બાળકો હોસે હોસે વાચે એવો બન્યો છે લેખોની વિવિધતા અને છપાઇની સુદરતા મન હર છે ઘણા આગેવાનો તથા તંત્રીઓના સદેશા છે સદેશા તો સુદરજ હોયને? કાવ્યો અને તેઓની ચુટણીમા વિવેક બુદ્ધિના દર્શન થાય છે આવો સારો અક મળવા બદલ વાચકોને મુબારકબાદી અને તંત્રીને અભિનદન આપીએ છીએ?

'ઉમ્મીદ' –સુરતથી નિકળતા એ યુવકોના માસિકનો દળદાર ૭ અંક ભેટ અપને જોતા આશ્ચર્ય માનવ પડે છે લેખો અને કવિતા ઓ તથા છપાઇની ગોઠવણીમાય તંત્રીઓએ ખૂબ જહેમત ઉઠાવી હોય એમ જણાય છ 'સારૂ લાગે એ ગમે ત્યાથી લેવુ' એ જાણે ઉમ્મીદનો નિયમ બધાઇ ગયો છે વાચન સગીન અને ઇબારત રગીલી છે **"નોધ અજોડ નઝ્મ અને નર્મ"** દરેક લેખને માથે એ પાઘડી ગોઠવવામા 'બેખુદ' સાહબે ખૂબ તકલીફ લીધી છે! પાને પાને ઝળકતો યુવક વ્યવસ્થાપકોનો ઉત્સાહ વખાણવાપાત્ર છે

ચાદનીએ ઇસ્લામ –ચાર આનામા સરસ ઇદ અક કાઢયો છે સમસ્ત ગુજરાત અને બૃહદ ગુજરાતમા મુસ્લિમ સ્ત્રી તંત્રીના હાથ નીચે નીકળતુ આ એકજ અઠવાડિક હોઇ પોતાની કલમી કારકીર્દિદ્વારા ઉત્તેજનનુ હકદાર ઠરે છે સ્ત્રીઓને ઉપયોગી સાહિત્ય સાદાઇમા ણમા રજુ કર્યુ છે વિષયની પસદગીને છપા ઇની સાદગી પાઠક અનુભવી હાથોની મહેનત જણાય છે આવા ઉત્તમ અક માટેના મહેન બ્હેન નુરુન્નિસાને મુબારકબાદ ઘટે છે

શમેકદ –ધોરાજી ની મુસ્લિમ ગુલઝાર પાર્ટી તરફથી શમેકદ કઝીનતોને વર્ણવતી ઉચ્ચ ઉર્દૂ ભાષા અને ગુજરાતી લિપિમા છપાએલી આ નાનકડી પુસ્તીકા પહેલીજ નજરે ધ્યાન ખેચે એમ છે **'કલીમ'** સાહબની કલમ અને બધ વસ્યા સુદર છપાઇમા દ્રષ્ટિગોચાર થાય છે પણ આટલી બધી અઘરી ભાષામા શા માટે? આવા વિષયો સરળ અને આસાન ભાષામા પ્રગટ થવા જોઇએ કે થોડુ ભણેલા પણ તેનો લાભ ઉઠાવી શકે એમ અમે માનીએ છીએ

—તંત્રી

ઈન્તેકાલે પુરમલાલ !

પાક પરહેઝગાર અને નેક બુઝુર્ગ, રાંદેરના સખી વજુદ ગૃહસ્થ જનાબ આઝમ આરીફ ભામ સાહેબનો ૭૬ વરસની વયે તા. ૧૯–૯–૪૩ ને રોજ ઇન્તેકાલ થયો છે. ઇન્નાલિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન. રાંદેરના એ દાની અને દુન્યવી કામોમાં છુટે હાથે ખેરાત કરનાર ગુપ્ત અને જાહેર દાનાથી ગુજરાત તેમજ હિંદુસ્તાન અજાણ્યું નથી. એમના વાલિદ બુઝુર્ગના સખાવત ખાતા ભામ ચેરીટીઝ ફંડ તરફથી સેંકડો મસ્જિદો અને મદ્રસાઓ ફૈઝ હાસિલ કર્યો હતો અને અનેક ઉચ્ચ તાલીમ લેના વિદ્યાર્થીઓ આ ફંડનાઓ એના ફંડનથી પારગત થયા હતા. સ્કૂલો અને હોસ્પીટલો, મદ્રેસા ને મસ્જિદો એમના સખાવતી ફંડથી તરોતાઝા થઇ રહી હતી. અને એ ચેરીટીઝ ઉપરાંત એમની ખાનગી સખાવતોનો સરવાળો લાખો રૂપિયાનો થવા જાય છે. કવેટા કે બિહારના ધરતીકંપો, મસ્જિદે અક્સાના સમારકામો કે તુર્કીના ધરતીકંપોમાંય એમણે બાદશાહી રકમો ખેરાત કરી હતી. મર્હૂમ સખાવતના ધુની બાદશાહ હતા. ધૂનમાં સમાય તેને ઠેઠ લગી નભાવી જાણતા. ઉપરાંત કૌમને માટે ૭ લાખનું વસીયતનામું કરી ગયા છે અને એકાદ લાખના મકાનો વકફ કરી ગયા છે. મર્હૂમ અપુત્ર હતા, પણ એમનું કુટુંબ વિશાળ છે. મર્હૂમના ઇન્તેકાલથી ગુજરાત, હિંદુસ્તાન અને સમસ્ત દુનિયાની આલમને એક સખાવતી દાતાની ખોટ પડી છે. ખુદા મર્હૂમને ગરીકે રેહમત કરે અને એમના કુટુંબને સબ્રે જમીલ અતા કરે. આમીન.

અમારા એક દિલસોઝ મિત્ર !

રાંદેરની મ્યુ. ડિસ્પેન્સરીના માજી ડૉક્ટર મહમદમિયા મલિક તા. ૬–૧૦–૪૩ના રોજ જન્નત નશીન થયાના સમાચારથી અમારા મિત્ર સર્કલમાં અને એમના મહોળા મિત્ર તથા કુટુંબ સમુદાયમાં દિલગીરીની લાગણી પ્રસરી હતી. ડૉ. મર્હૂમ સીધા સાદા અને ભલા માનવી હતા. એમના માયાળુ સ્વભાવે અનેક દરદીઓના દિલ જીત્યા હતા. રાંદેરમાં આવો ભલો ડૉક્ટર હજુ સુધી કોઇ આવ્યો નથી. કોર્ટ પાર્લામેન્ટ કે દરબારમાં હમેશા સત્ય કહેનાર, એ તોહજ્જુદ ગુઝાર પાક મુસલમાન હતા. એમના ત્રણ પુત્રોને એમણે ઉચ્ચ કેળવણી આપી ઉમદા તાલીમ અપાવી હતી. થોડો જ સમય થયા પેન્શન લીધું હતું. એમના જન્નતનશીન થવાથી અમે એક દિલસોઝ મિત્ર અને એમના કુટુંબ એક પ્રેમાળ વડિલ ગુમાવ્યો છે. ખુદા મર્હૂમને જન્નતુલ ફિરદૌસ અતા કરે અને એમના કુટુંબીઓને સબ્ર...

એક નિડર પત્રકાર !

ભાઇ–નગીનલાલશાહ તે ‘ચિત્રપટ’ના તંત્રીના તા. ૨૭–૯–૪૩ના રોજ થયેલા અકાળ અવસાનના સમાચાર સાંભળી અમારા દિલને આઘાત થયો છે. અમારા પરિચયમાં આવેલા અનેક પત્રકારોમાં સ્વ. નગીનલાલ જેવો નિડર અને ધ્યેયવાદી પત્રકાર અમે બીજો કોઇ ભાળ્યો નથી. સીનેમા લાઇનમાં કોઇની ચાપલુસી કર્યા વગર બેધડક પત્ર ચલાવવું એ ત્યાગવૃત્તિવાળા અને હિંમતવાન માણસનું જ કાર્ય ગણાય. સ્વ.ની ખોટ ગુજરાતને વરસો સુધી સાલશે. યુવાન વયમાં અવસાન થવાથી પત્રકારિત્વને, એમના કુટુંબને તથા મિત્રમંડળને પડેલી ખોટ પુરાય એમ નથી. પ્રભુ એમના પાછળવાળાઓને ધીરજ અર્પે એજ સત્પ્રાર્થના !

—તંત્રી મારવા

જરા આ તરફ

સાબિર' સાહબનો જે ચર્ચાસ્પદ લેખ ‘ખિલાફત’ના ૪૯ અંકમાં પ્રગટ થયો છે જે વિષે અમે વ્યૂમાં ઇશારો કર્યો છે, તે લેખ બેવડીમોજના ૧૯૩૫ના ૪૯ અંકમાં પ્રગટ થએલો જણાય છે.

—તંત્રી

દીદારે રસૂલ (સલ૦)

સ પા દ ક
રિફાઈ-સાબેરી

"આ અગાઉ લખવામા આવેલી હદીસો તેમજ અમુક અમુક નહીં લખાયલી હદીસોના ભાવાર્થ નીચે મુજબ છે

(૧) જે માણુસ દરૂદ શરીફ પઢે છે તે ખુદાપાકના કામમા તેનો સાથી બને છે કારણુ આ તે કામ છે જેને ખુદ ખુદાપાક પોતે પણુ કરે છે 'ઇન્નલ્લાહ વ મના એક તહુ યોમલ્લૂના અનનબી" "અલ્લાહ તઆના અને તેના ફરિસ્તા નબી (સલ) ઉપર દરૂદ મોકલે છે" જો કે એમા સદેહ નથી કે ખુદાપાક અને આપણા દર- વચ્ચે મોટો ફર્ક (અતર) છે છતા પણુ એક રીતે ખુદાપાક સાથે દરૂદ પઢવાના કામમા મળતાપણુ જરૂર થાય છે

(૨) મજકુર નબર ૧ પ્રમાણે ખુદાપાક ઉપરાત ફરિસ્તાઓ સાથે પણુ દરૂદ પઢવાના કામમા મલતાપણુ થાય છે, કારણુકે જેવી રીતે અલ્લાહ તઆના નબી (સલ) ઉપર દરૂદ મોકલે છે તેવીજ રીતે તેના ફરિસ્તા પણુ દરૂદ મોકલે છે જેથી નબર ૧ પ્રમાણે મળતાપણુ જરૂર થાય છે

(૩) જે માણુસ (મુસલમાન) રસૂલુલ્લાહ (સલ) ઉપર દરૂદ મોકલે છે તો અલ્લાહ તઆના અને તેના ફરિસ્તા તે માણુસ ઉપર દરૂદ અને સલામ મોકલે છે

(૪) જે મુસલમાન એક વખત દરૂદ મોકલે છે તો ખુદાપાક અને તેના ફરિસ્તા તેની ઉપર દશ વખત દરૂદ અને સલામ મોકલે છે

(૫) જે માણુસ એક વખત દરૂદ મોકલે છે તો તેને દશ નેકી મળે છે, તેના દશ ગુન્હા માફ કરી દેવામા આવે છે, અને તેના દશ દરજ્જા બુલદ કરવામા આવે છે

(૬) દરૂદ પઢનાને દોઝખ અને કુસપથી છુટા કરી દેવામા આવે છે

(૭) દરૂદ પઢનારને જન્નતમા શહીદોની પાડોશમા રાખવામા આવશે, એટલે શહીદોના મકાનોની પાડોશમાજ દરૂદ પઢનારાઓ માટે મકાનો બનાવવામા આવશે

(૮) જે દુઆની શરૂઆતમા, વચ્ચે, અને છેલ્લે દરૂદ શરીફ પઢવામા આવશે તે દુઆ જરૂર કબૂલ થશે

(૯) દરૂદ શરીફ પઢનાર કયામતને દહાડે નબી (સલ)ની શફાઅતનો હકદાર થશે

(૧૦) દરૂદ શરીફ પઢનારને તેના મરણુ પહેલા જન્નતની ખુશ ખબર આપવામા આવે છે

(૧૧) જે માણુસ એકસો વખત દરૂદ શરીફ પઢે છે તો અલ્લાહ તઆના તેની ઉપર હજાર વખત દરૂદ પઢે છે

(૧૨) દરૂદ શરીફ પઢનારાઓ સાથે ફરિસ્તા મહોબ્બત કરે છે અને વધુમા પઢનારાઓની દરેક રીતે તેઓ મદદ કરે છે

(૧૩) દરૂદ શરીફ પઢનારા જન્નતમા હુઝૂર (સલ) સાથે એવી રીતે દાખલ થશે કે ખાવેંદા ખાધ મયેની હશે, એટલે બહુજ નજદીકી સાથે દાખલ થશે

(૧૪) દરૂદ શરીફ પઢનાર મરણ પામે છે ત્યારે દરૂદ શરીફ તેના ગુનાહ માફ કરાવવા ખુદા પાકને સિફારિશ કરે છે

(૧૫) કયામતને એમ દરૂદ શરીફનુ વજન ઓહોદ પહાડના વજન જેટલું કરવામા આવશે કે જેથી પલ્લામા વજન વધારે થઈ જાય

(૧૬) દરૂદ શરીફ પઢનારાઓ માટે એક ફિરિશ્તો નક્કી કરવામા આવે છે જે દરૂદ શરીફને રસુલુલ્લાહ (સલ)ની કબ્ર મુબારકમા રજુ કરે છે

(૧૭) દરૂદ શરીફ પઢનારાઓને ભરપૂર સવાબ આપવામા આવે છે

(૧૮) દરૂદ શરીફ પઢનારાઓના ગુનાહ દરરોજ મટતા મટતા છેવટે તદન મટી જાય છે

(૧૯) દરૂદ શરીફ પઢવાનો સવાબ ગુલામ આઝાદ કરવાથી પણ વધારે છે

(૨૦) એક વખત દરૂદ શરીફ પઢવાથી તે એક વરસના બધા નાના નાના ગુનાહ માફ થઇ જાય છે

(૨૧) દરૂદ શરીફ પઢનારાઓના ગુન્હા ત્રણ દિવસ સુધી કીરામન કાતેબીન લખતા નથી અને તૌબાની ઈન્તેઝારી કરે છે, જો એ મુદ્દતમા તૌબા નહીં કરે તોજ લખે છે (એટલે કે ફરિશ્તા ગુનાહને તુરત નહીં લખતા તેથી તૌબા કરવા ત્રણ દિવસની મુદ્દત મળે છે, અને એ વખતમા જો તૌબા કરી લેવામા આવે તો ગુન્હાને લખતાજ નથી) દરૂદ શરીફ પઢનારાઓ ઉપર ખુદાપાકની કેટલી મોટી મહેરબાની છે તે નબર ૨૦-૨૧ થી ખુલ્લું જણાય છે

(૨૨) દરૂદ શરીફ પઢનાર કયામતને દહાડે હોલનાક દેખાવોથી બચેલો રહેશે

(૨૩) દરૂદ શરીફ પઢનારને ખુદાપાકની રહમત ચારે તરફથી ઢાકી લે છે

(૨૪) દરૂદ શરીફ પઢનાર અલ્લાહ તઆલાના ગુસ્સાથી નિર્ભય રહે છે

(૨૫) દરૂદ શરીફ પઢનારને કયામતને દહાડે અર્શે ઇલાહીનો સાયો મળશે

(૨૬) દરૂદ શરીફ પઢનાર દોઝખથી બચેલો રહેશે અને તેની નેકીનો પલ્લો ભારે વજન દાર થશે

(૨૭) દરૂદ શરીફ પઢનારને મેદાને મેહશરમા તરસની તકલીફ થશે નહિ

(૨૮) દરૂદ શરીફ પઢનાર દોઝખના પુલ (પુલ સરાત) ઉપર પગ મૂકતાજ પાર થતા તેના પગ ડગમગશે નહિ એટલે કંઇ પણ હરકત કે તકલીફ વગર પાર થઇ જશે

(૨૯) હજાર વખત, બીજી હદીસ મુજબ દરરોજ હજાર વખત દરૂદ શરીફ પઢનાર તેના મરણની પહેલાજ જન્નતમા પોતાની જગ્યા અને રહેઠાણ જોઇ લેશે

(૩૦) દરૂદ શરીફ પઢનારને જન્નતમા ઘણી બીબીઓ મળશે

(૩૧) દરૂદ શરીફ પઢનારને એટલો સવાબ મળે છે કે જેટલો સવાબ એક માણસને ૨૦ વીસ વખત જિહાદ કરવાથી મળે છે

(૩૨) દરૂદ શરીફ પઢનારને સદકાનો પણ બદલો મળે છે

(૩૩) એકસો વખત દરૂદ શરીફ પઢનારને એક લાખ નેકી મળે છે અને તેના એક લાખ ગુન્હા માફ થઈ જાય છે

(૩૪) જે માણસ દરરોજ એકસો વખત દરૂદ શરીફ પઢે છે તેની દરરોજની એકસો હાજતો ત્રીસ દુન્યવી અને સીત્તેર આખેરતની પૂરી કરવામા આવે છે

(૩૫) દરરોજ એકસો વખત દરૂદ શરીફ

પઢવુ આખો દિવસ અને આખી રાત ઇબાદત કરવા બરોબર છે

(૩૬) દરૂદ શરીફ પઢવુ એ અલ્લાહ તઆલાની નજદીક બીજા બધા કામોથી બેહતર છે

(૩૭) જે મજલિસમા દરૂદ શરીફ પઢવામા આવે તે તેની શોભા અને કયામતમા ચમકતુ નૂર છે

(૩૮) દરૂદ શરીફ પઢનાથી તંગતરદી અને મોહતાજી દૂર થઇ જાય છે

(૩૯) દરૂદ શરીફ પઢનાર સરકારે દો-આલમ (સલ)ની બહુજ નજદીક થઇ જાય છે

(૪૦) કસરતથી (વધુ વખત) દરૂદ શરીફ પઢનાર અલ્લાહ તઆલાની છેક નજદીક પહોચી જાય છે એટલે તેનો મુકર્રબ બની જાય છે

(૪૧) દરૂદ શરીફ પઢનાની બરકત પઢનારની ઔલાદમા પણ પહોચે છે

(૪૨) જે માણસ દરરોજ ૫૦ વખત દરૂદ શરીફ પઢે છે તેને કયામતને દહાડે રસૂલુલ્લાહ (સલ૦)ની મુલાકાત કરવાની ઇજ્જત મળશે

(૪૩) જે માણસ કસરતથી દરૂદ શરીફ પઢે છે તેનાથી અગર કોઇ ફર્ઝ પૂર્ણ કરવામા કોતાહી (કમી) થઇ જાય તો તેને માટે તેને પૂછવામા આવશે નહિ

(૪૪) દરૂદ શરીફ પઢનારના દિલનો મેલ દૂર થઇ જાય છે

(૪૫) જે દુઆની (શરૂઆત, વચ્ચે, અને છેવ્ટે) સાથે દરૂદ શરીફ હોય છે તે ખુદાપાક સુધી પહોચે છે તેને કોઇ પણ ચીજ રોકી શકતી નથી

(૪૬) જે માણસ દરરોજ સવારે અને સાંજે દશ દશ વાર દરૂદ શરીફ પઢે છે તે આકાએ દોજહાં (સલ)ની શફાઅતનો હકદાર બને છે

(૪૭) જે માણસ શોક અને મહબ્બતથી દિવસના ત્રીસ વાર અને રાત્રે પણ ત્રીસ વાર, અમુક હદીસ મુજબ ત્રણ ત્રણ વાર, દરૂદ શરીફ પઢે છે તો તે દિવસ અને રાતના તેના બધા ગુન્હા માફ થઇ જાય છે

(૪૮) જે માણસ ખુદ પોતાના અગર બીજાના ઘરમા દાખલ થઇ ઘરવાળાઓને સલામ કરી દરૂદ શરીફ અને સૂરએ ઇખ્લાસ એક વખત પઢે છે તો તે ઘરમાથી ખાના પીવા વગેરેની તંગી દૂર થઇ જાય છે

(૪૯) અગર કોઈ વાત ભૂલી ગયા હોઇએ તો દરૂદ શરીફ પઢનાથી તે યાદ આવે છે

(૫૦) ઘરમા કોઇ ચીજ મુકી હોય અને મળતી ન હોય તો દરૂદ શરીફ પઢતા પઢતા શોધવાથી ઇ અ મળી જશે

(૫૧) દરૂદ શરીફ પઢનાર કોઇપણ ચીજને ભૂલતો નથી (એટલે તેને "નિસયા"ની બીમારી થતી નથી)

(૫૨) જેની પાસે સદકામા ખર્ચવા કંઇ ન હોય તો દરૂદ શરીફ પઢવાથી સદકાનો સવાબ તેને મળશે

કવિ ફિરદોસી

અનુવાદક 'શાહીન' (રાજકોટ)

ફારસી કાવ્યના પ્રાણસખા કવિ ફિરદોસી' વિષે આજે આપણે ખૂબજ અગત્યનું છીએ અવ્વલમાં 'ફિરદોસી', કસીદાગો તરીકે 'અનવરી', અને ગઝલકારમાં શેખ 'સા'દી'નું સ્થાન ઉચ્ચ છે કવિ 'ખાકા'ની કસીદામાં અને અમીર 'ખુસરૂ' ગઝલીઆતમાં 'અનવરી' અને શેખ 'સા'દી'ની બરોબરીમાં કદાચ આવી શકે પરંતુ 'ફિરદોસી'ની બરાબરીમાં હજુ સુધી કોઇ આવ્યું નથી

વિશ્વના સાહિત્યમાં 'મહાકાવ્ય' ઘણુંજ ઓછા છે અને એ ઓછામાંનું એક મહાકાવ્ય તે ફિરદોસી કૃત "શાહનામા" છે, અને એ 'શાહનામા'ના કવિ તરીકેજ ફિરદોસીને સારી દુન્યા પિછાને છે ફિરદોસી'નું બીજું કાવ્ય 'યુસુફ અને ઝુલેખા" છે ફિરદોસીએ બીજા અનેક કાવ્યો લખ્યા છે, પણ ખરી અમરતા માટે તો 'શાહનામા'જ બસ છે 'શાહનામા' લખાયે નવ નવ સદી વિતી ગઇ છતાંયે તેનું સ્થાન આજે જગતમાં એવું ને એવું છે

કવિ ફિરદોસીનો જન્મ તૂસના એક ગામડામાં હિજરી ૩૨૩-૨૪ (૯૩૫ ૩૬)ના થયો હતો

ફિરદોસી કવિનું તખલ્લુસ છે પણ પૂરૂ નામ તો હુસન બિન ઇસ્હાક બિન શરફ્ શાહ છે કેટલાક કાવ્યો તો ફિરદોસીએ 'ઇબ્ન અસ્ફંદયાર'ના તખલ્લુસથી પણ લખેલા છે 'ફિરદોસી'ના તખલ્લુસ વિષે મતભેદ છે કોઇ કહે છે કે, ફિરદોસીના પિતા સુરીમીન અમુ મો'સર કી માલિકીના ફિરદોસ" બાગ પરથી પોતે તખલ્લુસ લીધું છે, ત્યારે બીજી બહારીસ્તાનમાં લખેલું છે કે સુલતાન મહમૂદની મજલિસ કવિએ ફિરદોસ સમી બનાવી હતી તેથી ફિરદોસી' તખલ્લુસ પડ્યું છે

ફિરદોસી તૂસના હાકિમના જુલમથી તૂસ છોડી ગઝની આવે છે ત્યાં ખૂબ આર્થિક મુશ્કેલીઓ વેઠી, છેવટે કવિતા ગાઇને માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવે છે આ વખતે કવિ 'અનવરી'નો ખૂબ માનમરતબો જોઇ 'ફિરદોસી'ને તેની સાથે મૈત્રી કરવાની ઇચ્છા થઇ ફિરદોસી કવિ 'અનવરી'ની મજલિસમાં જાય છે કવિ અનવરી તેના સાથીદારો અસજદી ને ફરૂખી સાથે વાતો કરી રહ્યો છે તેવામાં ફિરદોસીને જોઇ અનવરી તેની મજાક કરતા કહે છે કે, "બિરાદર, કવિની મહફિલમાં કવિનેજ પ્રવેશ હોય છે" ફિરદોસીએ જવાબ આપ્યો 'હું યે થોડો ઘણો કવિ છું" કવિ અનવરીને ફિરદોસીની વાતમાં યકીન ન આવ્યો અને તેની કાવ્યશક્તિ કેટલી છે તે પારખવાની ઇચ્છા થઇ

"અમે ત્રણેય એકેક કડી કહીશું અને ચોથી કડી તું કહે તો અમે તને કવિ તરીકે સ્વીકારીશું" કહી અનવરીએ એક કડી ગાઇ "ચુ આરીઝે તૂ માહ નબાશદ રોશન" એટલે કે તારા ગાલની રોશની ચંદ્રમાંય નથી બીજી કડી અસજદીએ ગાઇ "માનન્દે રૂખત ગુલ નબુવદ દર ગુલશન" તારા વદન સરીખુ એકે ગુલ ગુલશનમાં નથી" ત્રીજી કડી ફરૂખીએ ગાઇ 'મિઝગાનત હમીકુન્દ ગુઝાર અઝ જોશન" બખ્તરનેય વીંધી નાખે એવા તારા નયન છે આ પ્રાસની ત્રણ કડીજ બની શકે પણ ફિરદોસીએ ચોથી કડી શોધી કાઢી અને ગાયુ

"માનન્દે સતાને ગીર દર પુશન" જાણે પુશનના જંગમાં ગીરના ભાના આજ ફિરદોસી કાવ્ય શક્તિની વિશેષતા-અનુપમતા-મહત્તા

અનવરીએ ફિરદોસીની મહત્તા પિછાની અને તેનું ફારસીનું જ્ઞાન જોઈ તેને ફારસના શાહોની 'તવારીખ' લખવાની ઇંતિમાશ કરી

કવિ અનવરી ફિરદોસીને સુલ્તાન મહમદ ગઝનવીની હજુરમાં લાવે છે અને ફિરદોસીના તવારિખના જ્ઞાનની તારીફ કરે છે સુલ્તાનની કસોટીમાં પણ ફિરદોસી પાર ઉતરે છે

ફિરદોસી 'શાહનામા' લખે છે ૩૦ વર્ષની અથાગ મહેનતે અને ૮૦ વર્ષની ઉમરે ૩૮૯ હિજરીમાં તે પૂરૂં કરે છે સુલ્તાન મહમૂદના વઝીર અને ફિરદોસીના આશ્રયદાતા અબુલ કાસીમ અહમદ બીન અલ હસન અલમય મન્દી મારફત આ 'શાહનામા' સુલ્તાન આગળ રજુ થાય છે આનમયમન્દીના વિરોધી ઘણા હોઇ, ફિરદોસીને દિનારને બદલે દિરહમ બક્ષિસ મોકલાય છે ફિરદોસી હમામમાં હોઇ આવેલ દિરહમમાંથી ૨૦ હજાર હમામીને, ૨૦ હજાર ફુકાઇ (મિઠાઇ વેચનાર)ને અને ૨૦ હજાર દિરહમ લાવનારને વહેંચી દે છે

પછી ફિરદોસી બાદશાહના કિતાબદાર પાસેથી 'શાહનામા' લઇ સુલ્તાન મહમૂદ પર એક 'ઉપહાસ" લખે છે જેનો અર્થ એ છે કે "કેટલાયે વરસ મેં 'શાહનામા' પાછળ ઝહેમત ઉઠાવી અને તે એ આશાએ કે શાહ મને તાજ બક્ષિસ કરે, પણ અંતરના ખૂનજ મને મળ્યા, પયનથીજ મુઠીઓ ભરાઇ શાહ શાહનુંજ ફરઝંદ હોત તો મને સોનાનો તાજ બક્ષિસ કરત, શાહની મા બાનુ હોત તો મને ઘુટણ સુધી સોના ચાંદીથી ભરી દેત, પણ નીચ કુટુમ્બના ફરઝન્દ બુઝરગાનની તારીફ ક્યાંથી રાખી શકે? વૃક્ષ સ્વભાવેજ કડવું હોય, પછી ભલેને જન્નતના બાગે રોપાય, ને ફિરદોસના ઝરણેથી પાણી પવાય કે શીર ને શરબત પે સિંચાય-ફળ કડવાંજ ઉતરવાના! નાપાક-ઝાદથી શી ઉમ્મીદો રખાય? સીદીનો રંગ ધોયે સફેદ થયો સાંભળ્યો છે?" આ ઉપહાસ ફારસી આદિસ્યમાં ઘણોજ જાણીતો છે, અને ઉપહાસના કવિ તરીકે ફિરદોસીની તજ્જ્ઞી સાક્ષી પૂરે છે તેમજ ફારસી ઉપહાસક કવિતાનો ઇતિહાસ આ ઉપહાસથીજ શરૂ થાય છે

વળી બીજી હકીકત એવી પણ જાણવા મળે છે કે, સુલ્તાન મહમદ હિંદની સફર વખતે હિંદના એક હાકિમ પર પત્ર લખે છે અને અલમયમન્દી તરફ નજર કરી પૂછે છે કે "ધાર્યો જવાબ ન આવે તો ?" અનમયમન્દી 'શાહનામા'ની એક પંક્તિ જવાબમાં બોલે છે "અગર, જુઝ બકામે મન આયદ જવાબ મન ઓ ગુર્ઝ ઓ મયદાન ઓ અફ્રાસીયાબ" ધાર્યો જવાબ ન આવે તો પછી હું છું, સમશેર છે, અફ્રાસીયાબ ને મયદાન છે" સુલ્તાન મહમદ આ પંક્તિના કવિ વિષે અલમયમન્દીને પૂછે છે અલમયમન્દીએ કહ્યું, "આ કવિતા બનાવનારો બિચારો ફિરદોસી છે" આ જવાબ સાંભળી સુલ્તાન ઘણોજ પસ્તાય છે અને તુરત ૬૦ હજાર દિનારની કિંમતની નીળથી લદાયલા ૪૦ ઊંટ તૂસ તરફ રવાના કરે છે હજુ તો ઊંટ તૂસમાં પહોંચે તે પહેલાં તો ફિરદોસીના અવસાનના સમાચાર જાણવા મળે છે ઊંટ તૂસના દરવાજામાં પ્રવેશે છે ત્યાં તો બીજે દરવાજેથી ફિરદોસીના જનાઝાને લઇ જતો જોવામાં આવે છે કહેવાય છે કે, ફિરદોસીની બ્હેનને આ બક્ષિસ આપવામાં આવી, પરંતુ તેણે તે ન સ્વીકારી

ફિરદોસીનું અવસાન ૮૭ વર્ષની વયે હિજરી ૪૧૧ માં તૂસમાં થયાનું જાણવા મળે છે અને તેની કબર પણ હજુયે તૂસમાં મોજુદ છે

જહાનરા બુલંદી ઓ પસ્તી તુઈ
ન દાનમ ચઈ હરચે હસ્તી તુઈ

[જગતની બુલંદી ને પસ્તી તું જ છો,
તારા મર્મ નથી ઉકેલાતા, પણ હસ્તી તું જ છો]

દેહલી-હઝરત ખ્વાજા મુઇનુદ્દીન અજમેરી ના વખત અજમેર મા રહ્યા દેહલીમા એમના પ્રથમ કાર્ય ખ્વાજા કુતબુ

અનુસંધાન -

ઇસ્લામ પ્રચાર

"તાજ" [તંત્રી]

(ગતાંકથી ચાલુ)

દ્દીન બખ્તીયાર કાકી (રેહ૦) કરતા હતા. આપનો જન્મ ઓશમા થયો હતો. વિદ્યા પ્રાપ્તી પછી બગદાદમા આવી ખ્વાજા મુઇનુદ્દીન અજમેરીના મુરીદ થયા અને ખિલાફત મેળવી જ્યારે હઝરત ખ્વાજા બુઝુર્ગ (રેહ૦) હિંદમા પધાર્યા, ત્યારે હઝરત બખ્તીયાર કાકી (રેહ૦) પણ આપની ઝિયારત અર્થે બગદાદથી હિંદમા આવ્યા. પ્રથમ મુલ્તાન આવ્યા અને શેખ બહાઉદ્દીન ઝકરીયા (રેહ૦) અને શેખ જલાલુદ્દીન તબરેઝી (રેહ૦)ના મેહમાન રહી દેહલી આવ્યા. અહિંથી આપે હઝરત ખ્વાજા બુઝર્ગ (રેહ૦)ની સેવા કરવાની ઉત્કંઠા દર્શાવી પરંતુ એમને ઉત્તર મળ્યો કે "એકાંતમાઓ મારે દૂર રહેવી કોઇ જરૂર નથી માટે તમો દેહલીમાજ નિવાસ કરો" જેથી હઝરત બખ્તીયાર કાકી (રેહ.) વધુ સમય દેહલીમાજ રહ્યા. આપના જીવન પ્રસંગોથી એ વાત સિદ્ધ થાય છે કે ગરીબત અને તરીકતના આ તારલા જેણે હિંદના ઇતિહાસમા અનેક રૂપો લીધા એની પ્રથા આપનાજ યુગમા શરૂ થઇ એવી રીતે કે એ સમયે શેખુલ ઇસ્લામનું પદ ખાલી હતુ સુલ્તાન અલ્તમશ જે હઝરત ખ્વાજા (રેહ૦)નો અનુયાયી હતા. તેમણે હઝરત બખ્તીયાર કાકી (રેહ૦)ને એ પદ ગ્રહણ કરવાની વિનંતિ કરી પરંતુ આપે એનો સ્વીકાર કર્યો નહિ અને એ પદ શેખ નજમુદ્દીન સુગરાએ સ્વીકાર્યું જેઓ પણ એક મહા પુરુષ હતા. વળી ખ્વાજા મુઇનુદ્દીન અજમેરી (રેહ૦)ના સ્નેહી તેમજ અનુયાયી પણ હતા પરંતુ ખ્વાજા બખ્તીયાર કાકી (રેહ૦)થી એમને અણબનાવ હતો એનુ કારણ એ હતું કે ખ્વાજા સાહેબને સમાઅનો અથાગ શોખ હતો અને ગાનતાનની મેહફિલોમાં વખતો વખત ભાગ પણ લેતા શેખુલ ઇસ્લામ એમના આ વર્તનને વખોડી નાખતા બીજુ કારણ એ હતું કે ખ્વાજા સાહેબના અનુયાયીઓનુ એવુ માનવુ હતુ કે શેખુલ ઇસ્લામ એ વાતને પસંદ ન કરતા હતા કે લોક ખ્વાજા સાહેબને પોતાના કરતા વધુ માનભરી દ્રષ્ટિથી નિહાળે જેથી હઝરત ખ્વાજા બુઝુર્ગ (રેહ૦) દેહલી આવ્યા ને આપે શેખુલ ઇસ્લામથી એ વાતનો ઉલ્લેખ કર્યો કે "બીજાઓને ઉપદેશ આપનારાઓને એ વાત ન ઘટે કે તેઓ પરસ્પર એક બીજાથી અદેખાઇ રાખે કારણ કે મહાપુરૂષોમા એવી વાત ન હોવી જોઇએ કે જે વાત દુન્યાદારોમા હોય" આપે ખ્વાજા કુત્બુદ્દીનને અજમેર પોતાની સાથે આવવા કહ્યુ આપ તૈયાર થઇ ગયા પરંતુ એમના અનુયાયીઓએ હઝરત ખ્વાજા બુઝુર્ગ (રેહ૦)ની સેવામા અરજ કરી કે હઝરત ખ્વાજા કુત્બુદ્દીનને દેહલીમાજ રહેવા દો. જેથી હઝરત ખ્વાજા બુઝુર્ગ એકલાજ દેહલીથી અજમેર જતા રહ્યા.

હઝરત ખ્વાજા કુત્બુદ્દીન કાકી (રેહ૦) અને એમના સદ્ગત કાઝી હમીદુદ્દીનને સમાઅનો અથાગ શોખ હતો ને એમના આ શોખને લઇ ચિશ્તી પંથમા પીરોએ સમાઅને અગત્યનું ધાર્મિક સ્થાન આપ્યુ

હઝરત ખ્વાજા બુઝુર્ગ (રેહ૦)ના જીવન પ્રસંગોથી એવો પ્રસંગ નથી મળી આવતો કે જેથી એ વાત સિદ્ધ થાય કે આપ સમાઅને અગત્યના ધાર્મિક દ્રષ્ટિબિંદુથી નિહાળતા હતા પરંતુ આપના મુર્શિદ હઝરત ખ્વાજા ઉસ્માન હારૂની (રેહ૦) તો સમાઅના ખાસ વિરોધી હતા હઝરત ખ્વાજા બુઝુર્ગ (રેહ૦)ના અનુયાયીઓએ એ પ્રથા શરૂ કરી ને હઝરત સુલ્તાનુલ મશાયખ ને હઝરત અમીર ખુશરવ (રેહ૦) એ એને વેગ આપ્યો જેથી 'આહાબે આનેકીના' કર્તાએ એ વાતનો સાફ ઉલ્લેખ કર્યો છે કે 'મશ્ગૂલ'એ પીરાને ચિશ્ત કે દો રૂકૂન હૈ, અવ્વલ રૂકન નમાઝ, ઔર દૂસરા રૂકન સમાઅ

બાબા ફરીદ (રેહ૦)–હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકી (રેહ)ની વફાત ઇ સ ૧૨૩૬ મા થઇ ને આપનું સ્થાન હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજેશકરે લીધુ જેઓ બાબા ફરીદના નામથી પ્રખ્યાત છે હઝરત બાબા સાહબનો મુલ્તાન નજીક ખોટવાલમા જન્મ થયો હતો પ્રાથમિક વિદ્યા મુલ્તાનમા પ્રાપ્ત કરી જ્યા ખ્વાજા કુત્બુદ્દીન બખ્તીયાર કાકીથી આપની મુલાકાત થઇ બાહ્યીક વિદ્યાથી પરવાર્યા આપે દસ્લામી દેશોની મુલાકાત લીધી અને શેખ ફરીદુદ્દીન અત્તાર અને શેખ શહાબુદ્દીન સોહરવરદી તેમજ બીજા બુઝુર્ગોની ઝિયારતો કરી આ પર્યટન પછી આપ દિલ્હીમા પધાર્યા જ્યારે ખ્વાજા કુત્બુદ્દીન (રેહ૦)ની ઇ સ. ૧૨૩૬મા વફાત થઇ ત્યારે આપ તેમના જાનશીનપદે સ્થીરાયા આપ પાકપટ્ટણ તશરીફ લઇ ગયા જે તે સમય અજોધનના નામથી પ્રખ્યાત હતુ પોતે મરણ સુધી એટલે ઇ સ ૧૨૬૫ સુધી ત્યાજ રહ્યા આપે જ્ઞાન ઉપદેશ ને યાદે ઇલાહીમા જીવન વ્યતીત કર્યું પંજાબના કઇક વંશજો જેવા કે તવાનાએ આપના હસ્તે ઈસ્લામ અંગીકાર કર્યો હતો આપની અનેક કરામતોનો લોકો ઉલ્લેખ કરે છે છતા આપની ઉચ્ચતર કરામતો એજ હતી કે આપે પવિત્ર ને નિસ્વાર્થ જીવન વ્યતીત કર્યું

બાદશાહી દરબારોમા અને શહેરી જીવનના ઝઘડાઓથી આપને ઘણીજ ઘૃણા હતી આપે ખ્વાજા કુત્બુદ્દીન (રેહ૦)ને શેખ નજમુદ્દીનના બખેડાઓ જોયા હતા, ને જાણતા હતા કે શાહી દરબારમા જવાથી આવા પ્રકારના બખેડાઓ ઉત્પન્ન થાય છે જેથી એવા કલહોથી બચવાનો એજ ઉપાય છે કે શાહી દરબારોમા ન જવુ જેથી ખ્વાજા કુત્બુદ્દીનની ઝિંદગીમા આપ વધુ વખત **હાંસી**મા રહ્યા ને આપની વફાત પછી **પાકપટ્ટણ**મા તશરીફ લઇ ગયા પોતે જંગલમા નિવાસ કરતા અને જુના પુરાણા ફાટ્યા તૂટ્યા કપડા પહેરતા અને અનેક વખત ઉપવાસ પણ કરતા આપની એ વિશેષતાથી તેમજ આપની પરહેઝગારીથી આકર્ષાઇ લોકો આપને ઘણીજ માનભરી દ્રષ્ટિથી નિહાળતા સુલ્તાન બલ્બન પણ આપનો દ્રઢ અનુયાયી હતો એણે પોતાની પુત્રીના લગ્ન આપથી કર્યા હતા આપના મહાન ખલીફા હઝરત કુતુબ જમાલુદ્દીન હાંસવી હતા જેમના પર આપનો એટલો બધો વિશ્વાસ હતો કે કોઇ પણ ખિલાફતની સનદ એમની સહી વગર આપ સંપૂર્ણ લેખતા નહિ કહેવામા આવે છે કે એમણે મખ્દૂમ અલાઉદ્દીન સાબિર (રેહ૦)ની વિલાયતની સનદ દેહલીમા ફાડી નાખી જેથી મખ્દૂમ સાહેબે પોતાના પીરથી એ વાતની શિકાયત કરી ત્યારે બાબા ફરીદ સાહેબે કહ્યુ કે 'જમાલુદ્દીને જે સનદ ફાડી નાખી તેને ફરી કોઇ પ્રસંગ જોગોમા હુ સાંધી શકતો નથી માટે જાઓ દેહલીની વિલાયત તો તમને નહિ મળે પરંતુ કલ્યરમા જાઓ જ્યા તમો ખુશીથી વિલાયત કરી શકો છો

મખ્દૂમ અલાઉદ્દીન સાબિર (રેહ૦) – હઝરત મખ્દૂમ અલાઉદ્દીન અલી અહમદ સાબિર (રેહ૦) બાબા ફરીદના ભાણેજ હતા જેઓ ખોરવાલ ગામમા હિજરી સન ૫૯૨મા એટલે ઇ સ ૧૧૯૫મા પેદા થયા હતા. બાબા સાહેબે આપને ખાસ મહબ્બત અને મહેનતથી તાલીમ આપી હતી સાબિરી પથ કે જેમા હઝારો આદમી શામિલ છે આપેજ શરૂ કર્યો આપના જીવન પ્રસગોથી એ વાત તરી આવે છે કે આપ વધુવખત નીમ મદ જૂબ (અર્ધ અશુદ્ધિ) અને ઇસ્તિગરાક (લીન)ની અવસ્થામા રહેતા હતા પૂરાતન અને લોક માન્ય પુસ્તકોમા આપનો ઉલ્લેખ ઘણોજ થોડો થયો છે પરતુ હાલના ગ્રથકારો અનેક પ્રસગોનો ઉલ્લેખ કરે છે જેમકે બાબા સાહેબ (રેહ૦)ના પુત્રની વફાત આપના પતિની વફાત, શેખ જમાલ હાસવીનો અતિમકાળ ને શહેર કલ્યરની વીરાની વગેરે વગેરે આપના અનુયાયીઓ તો આ પ્રસગોને આપની આત્મિક શક્તિનો ચમત્કાર લેખે છે પરતુ ટીકાકારો એ પ્રસગોને વખોડી પણ કાઢે છે આપ હિજરી સન ૬૯૦મા એટલે ઇ સ ૧૨૯૧મા વફાત પામ્યા આપનો મઝાર શરીફ રૂળકી જિલ્લે સહરાનપુરથી ત્રણ માઈલ દૂર કલ્યરમા છે અહિ પ્રતિ વર્ષે ઉર્સના પ્રસગે સમાયની મેહફિલો, ફાતિહાખાની, ને ઝિકરો ફિકરોના દાયરા વાઅઝ નસીહતની મજલિસો ને નાચ રગની મેહફિલો અર્થાત્ કે સર્વ કઇ થાય છે ને આ૦ દસ દિવસ સુધી ખૂબ રગ જામે છે આ સ્થળની નજીક આર્ય સમાજીસ્ટોનુ ગુરૂકૂળ આવેલુ છે જ્યા બ્રહ્મચારીઓને વિદ્યા આપવામા આવે છે ને કૌમ ને દેશની સેવા અર્થે કેળવવામા આવે છે

મખ્દૂમ સાહબના ખલીફા શેખ શમ્સુદ્દીન તુર્ક હતા એમના પછી શેખ જમાલુદ્દીન કબીર ઔલિયા પાણીપતી થયા એમના સિવાય પણ અનેક બુઝુર્ગો પણ છે કે જેમનો ઉલ્લેખ મિર્ઝા અહમદ અખ્તરે કર્યો છે ને એમને સાબિર પથના વર્ણવ્યા છે પરતુ એમણે અનેક પથોથી લાભ ઉઠાવ્યા છે ને એમની આત્મશક્તિની ઉન્નતિમા માત્ર સાબિરી પથની તાલીમને કઇ લાગતુ વળગતુ નથી જેમકે શેખ અહમદ અબ્દુલ હક્ક તોશાર દેહલવી, શેખ હુસેન નાગોરી શેખ અબ્દુલ કુદ્દૂસ ગગોહી (રેહ૦), શેખ સલીમ ચિશ્તી (રેહ૦) શેખ જલાલુદ્દીન થાનેશ્વરી, કબીર મેહદી જોનપુરી, (રેહ૦) શેખ મુહમ્મદ તાહીર ગુજરાતી (રેહ૦) વગેરે વગેરે

સુલ્તાનુલ મશાઇખ (રેહ૦) –શેખ કુત્બે જમાલ અને મખ્દૂમ સાહબ હઝરત બાબા ફરીદ (રેહ૦)ના મહાન ખલીફાઓ હતા પરતુ એમના સર્વથી શ્રેષ્ઠ ખલીફા સુલ્તાનુલ મશાઇખ હઝરત નિઝામુદ્દીન મેહબૂબે ઇલાહી (રેહ૦) હતા એમના માટે એ વાત મશ્હૂર છે કે જ્યારે તેઓ પોતાના મુરશિદની સેવામા આવ્યા એ સમયમા બાબા સાહેબે એક ખ્વાબ જોયો જેમા આપે જોયુ કે, પોતે એક જાળ પથારી છે જેમા સેકડો પક્ષીઓ આવીને ફસાયા છે પરતુ એમા એક શાહબાઝ પણ આવીને ફસાયુ છે' એથી બાબા ફરીદ સાહેબે અમને જોયા ત્યારે કહ્યુ કે —

'અય આતિશે ફિરાકત દિલ્હા કબાબ કર્દહ,
સેનાબે ઇશ્તેયાકત જાહા ખરાબ કર્દહ"

હઝરત મેહબૂબે સાહબ ઇ સ ૧૨૩૮મા બદાયુન મુકામે પેદા થયા હતા આપનુ મૂળ નામ સૈયદ મુહમ્મદ હતુ પ્રાથમિક વિદ્યા પોતાના શહેરમા પ્રાપ્ત કરી પછી દેહલી ગયા ને ત્યાજ વિદ્યા સમાપ્ત કરી એ પછી બાબા

સાહેબની સેવામા પાકપટ્ટણ ગયા વીસ વરસની ઉમરમા તો દેહલીનુ નાયબ પદ પ્રાપ્ત કર્યુ આપની ભક્તિભાવના અને બંદગીથી આકર્ષાઇ બાબાફરીદ અનેકવાર કહેતા કે 'પુત્રના લક્ષણ તો પારણામાથીજ પરખાય છે" ને ખરી હકીકત તો એ છે કે જો આપણે એમનુ એ વર્તન તપાસીએ જે મખ્દૂમ સાહબ ને સુલ્તાનુલ મશાઇખે પોતાના મુર્શિદ વિશ્વાસુ શેખ જમાલુદ્દીન હાંસી (૬૬૦)થી કર્યું હતું તો મજકુર બેઉ મહાપુરૂષોની ચચ ળાના ને હઝરત સુલ્તાનુલ મશાઇખની હિમત અને એમના પાત્રનુ આપણને ભાન થઇ આવે છે મખ્દૂમ સાહબ જ્યારે શેખ જમા લ ની પાસે પહોચ્યા ત્યારે તેઓ ચકુલ પર સ્વાર હતા શેખ સાહબ આપના સ્વાગત અર્થે દરવાજા સુધી આવ્યા પરતુ તેઓ સ્વારી પરજ બેસી રહ્યા ને ચકુલથી નીચે ન ઉતર્યા શેખને આપનું આ વર્તન ન રૂચ્યુ પછી જ્યારે મુલાકાત પ્રસગે સધ્યા થઇ ગઇ હતી જેથી જ્યારે મખ્દૂમ સાહેબે સનદ પર મહોર કરવાને માટે કહ્યુ તો શેખે ફરમાવ્યુ "સાહેબઝાદા આ સમયે ચિરાગ (બત્તી) નથી સવાર થતા સુધી થોભી જાઓ આટલી ઉતાવળ શા માટે?" પરતુ મખ્દૂમ સાહેબે એજ વખતે મહોર મારવા માટે આગ્રહ કર્યો જેથી બેઉ બુઝુર્ગોમા એ પછી જીવન મરણનો વેરભાવ ઉત્પન્ન થયો એથી ઉલટુ જ્યારે સુલ્તાનુલ મશાઇખ કુતુબ શેખ જમાલ હસવીની સેવામા પહોચ્યા ત્યારે કુતુબ સાહેબે એમનુ સારૂ સ્વાગત કર્યુ ને રહેવાને માટે એમને એક જુદો હુજરો પણ આપ્યો આપ ત્યા રહેવા લાગ્યા બે માસ પછી કુતુબ સાહેબે પૂછ્યુ 'ભાઇ આપને આવવાનુ શુ પ્રયોજન છે" સુલ્તાનુલ મશાઇખે કહ્યુ 'જો આપને એ વાતની ખબર ન હોય તો હુ કહી દઉ" કુતુબ સાહેબ એ સાભળી મૌન થઇ ગયા બે માસ પછી ફરી પાછો એજ પ્રશ્ન કર્યો ત્યારે પણ એજ જવાબ મળ્યો પછી કહ્યુ કે "વારૂ ત્યારે સનદ લાવો" કુતુબ સાહેબે એ પર લખી આપ્યુ –

> 'હઝારા દરદો હઝારા સપાસ,
> કે ગોહર સપુર્દમ બ જોહર સનાસ'

એ પછી આપ દેહલી પધાર્યા અને શહેરની બહાર ત્રણ માઇલના અતરે નિવાસ કર્યો આપના ફકીર મિત્રો હમેશા ત્યા આપની સેવામા હાજર રહેતા આપના વિશેષ લક્ષણોમા એક ખાસ વિશેષતા એ હતી કે આપ ઘણાજ ઉદાર હતા હઝારો માણસો આપના દસ્તરખાન પર ખાણુ લેતા. તેમજ આર્થિક સહાય પણ મેળવતા આપના મુરીદોની સખ્યા અસખ્ય હતી આપને જે કઇ ભેટના રૂપે પૈસા ટકા આવતા તે આપ તરતજ ખર્ચ કરી નાખતા આપને પોતાના જીવનમા જે વૈભવ ને માન પ્રાપ્ત થયુ છે તે હિંદુસ્તાનમા બીજા કોઇ સાહેબે તરીકત બુઝુર્ગને પ્રાપ્ત થયુ ન હોય મોટા મોટા અમીર ઉમરાવો અને આમ જનતા આપની મુરીદ થઇ હતી ને બાદશાહ પણ આપનુ ખાસ માન રાખતા હતા આપનો આરભિક સમયનો જમાનો ગુલામ વશના બાદશાહોનો હતો પછી ખિલજી યુગ આવ્યો અલાઉદ્દીન ખિલજીનો પાટવી પુત્ર ખિઝરખાન આપનો મુરીદ હતો કે જેને મલેક કાફૂરે અધ કરી અલાઉદ્દીનના લઘુ પુત્ર કે જેની ઉમર નાની હતી, અને જેનુ નામ સાદિકખાન હતુ તેને ગાદીએ બેસાડયો તે પણ આપનો મુરીદ હતો પરતુ અલાઉદ્દીનના ત્રીજા પુત્ર કુતબુદ્દીન મુબારકશાહે મલેક કાફૂરને કત્લ કર્યો ને પોતાના ભાઇને ઉતારી પોતે ગાદી પર બેઠો. કુતબુદ્દીન મુબારકનો યુગ ઐયાશી ને બદકારી માટે મશહૂર છે બાદશાહ પોતે સ્ત્રીઓના વેશમા આવ્જાણો અને અવ ારો પહેરી દરબા મા આવતો અને દરબારના મસ્કરા ભાડ ભાટ, દરબારના આબરૂદાર પુરૂષોની મશ્કરી કરતા. [અપૂર્ણ]

બલાઓ વારતી આવી!

[જાણીતા શાસ્ત્રીય ગઝલકાર 'ફહીમ' વાહિદીના આ યેગ્ય
જાનશીનની ગુજરાતીઓને ઓળખ આપવાની ન હોય!–તંત્રી]

કોઈની યાદ મારા દિલ મહીં જખ્મ મારતી આવી,
અટકી દિલની અંતે જીત થઇ તે હારતી આવી

જવાની રૂપની ક્યાં પ્રેમને ગણકારતી આવી,
ઉભરતા નિજના જોબનને અરે! શણગારતી આવી

કઝા પણ જાન લેવા આવી તો પડકારતી આવી,
મને વિશ્રામ ગૃહમાં લઇ જવા સત્કારતી આવી

ચમનમાં પુષ્પના ભાવિ વિસર્જન પર રૂદન કરતા,
ઉષા ઝાકળના શીતળ અશ્રુ-બિંદુ સારતી આવી.

નિહાળી પથ પર મારા પગોમાં જોમ ને ચેતન,
નિકટ લેવા મને મંઝિલ ઉતારી આરતી આવી

હૃદયની ભેટ મેં ચરણે ધરી તે હાય સંગ દિલના,
ક્યાં સત્કારતી આવી અદા ધુત્કારતી આવી

તસવ્વુરમાં અફૂટી મેં ચડેલી જોઈ ઝાલિમની
નિરાશાઓ ચિંતન–આશાને મુજ વિસ્તારતી આવી

ચમન તારાજ, ગુલનો ક્ષય, વહીવટ પાનખર કેરો,
વસંત ગુલઝુલની આવી અવદશાને ધારતી આવી

બન્યો લાચાર નાવિક મધ્ય દરિયે જ્યાં તરંગોથી,
અરે! ત્યાં મારી હિમ્મત નાવડી હંકારતી આવી

હું આવી તેમની મેહફિલથી કહેવાને ગયો ખાલી
ઘણી આશાઓ મારી સાથમાં ઉભરાતી આવી

સુખોમાં નાખવાને ધૂળ યાદી જૂનાં દુખ કેરી,
ઉભી દુર્ભાગ્યની મુજ કલ્પનામાં તારતી આવી

ફળે તો કેમ "બિસ્મિલ' રૂપનું દર્શન ફળે મુજને,
અદાઓ મારા નયનો પર બલાઓ વારતી આવી

"બિસ્મિલ"] [ધોરાજવી

દિલના દાન પર

(ગુજરાતના બે જાણીતા ગઝલકારો જનાબ 'અસર' સાબેરી તથા 'સીરતી' સાહેબની આ સંયુક્ત પ્રસાદી મેળવવા બદલ 'કારવાં' અતિ હર્ષ અનુભવે છે)

—તંત્રી

આશા રહે છે દેશને એના જવાન પર,
નાવિકને હોય જેમ ભરોસો સુકાન પર

પ્રેમી જીવનમાં એક નિરાશાના કારણે,
વીત્યા અનેક વિતકો આશાની જાન પર

હસવામાં એની આંખથી આંસુ સરી પડે!
વર્ષાની સાથે વીજ પડે મારી જાન પર!

એ પણ નિશાન ખાલી ગયું? હોય! એમાં શું!
આશાનું તીર પાછું ચઢાવો કમાન પર

અફસોસ એજ છે કે તને કંઈ પડી નથી,
હું દિલની વાત નાખું જઈ કોના કાન પર

આશાઓ એની યાદને દિલમાં સતાવો કાં?
એવો સીતમ કરે છે કોઈ મેહમાન પર?

એ શું? કે 'તાકો દિલ' ને 'જીગર પર' એ જાય છે!
ફેંકો નયનના તીર બરાબર નિશાન પર

તારા વિરહમાં હોય શું? બીજું તો કંઈ નથી,
એક તારૂં નામ છે જે રહે છે ઝબાન પર

કુર્બાન તારા દિલને કરી દે તું 'સીરતી'
આધાર પ્રેમનો છે 'અસર' દિલના દાન પર

—'અસર'-'સીરતી'

વર્તમાન તુર્કી વિષે કંઇક

["શાન્ત"]

(' મુસ્લિમ સ્ટુડન્ટસ યુનીયન, મુબઇ તરફથી "ઇસ્લામ કલબ 'મા નામ ાર તુર્કી કોન્સલ જનરલ તથા તેમના મહેરદારને તા ૧ –૮ ૪૩ ના રોજ આમંત્રણ આપી તુર્કીના હાલહવાલ" જણાવવા વિનતિ કરવામા આવી હતી પ્રાથમિક ટુંક ભાષણ બાદ પ્રશ્નના જવાબરૂપે વાર્તાલાપ થએલો તેની વિગત નીચે રજુ કરી છે આશા છે કે વાચકગણનો આદર પામશે લેખક)

"ઉસ્માની ખિલાફત"–સાતસો વર્ષ અગાઉ સ્થાપેલી, ત્યારથી તુર્કી જાહેર થયુ ૪૦ વર્ષ પૂર્વે બાલ્કન યુદ્ધ થયુ બાદ ગ્રીસનુ યુદ્ધ થયુ લડાઇ એક અનિવાર્ય વ્યવસાય થઇ પડયો ગત મહાયુદ્ધમા હાર્યા બાદ ઉન્નતિની કાઇ આશા ન રહી માત્ર કમાલ અતાતુર્કની જેહમતકશી અને દુરઅદેશીથી હાલનુ તુર્કી બન્યુ

સુલતાન અ હમીદ બીજાના સમયમા સુધારાનો વિચાર અમલમા ન આવી શકયો કેમકે ધાર્મિક સત્તાધિશો મુલ્લા વિગેરેનુ જોર બહુ હતુ સીવીલ લૉ બનાવવો અશકય હતો તેમજ તઓના સામે કેસ ચલાવવો મુશ્કેલ હતો

તુર્કીશ નેશનલ એસેમ્બ્લીમા સૌથી પ્રથમ રાજ્ય ને ધર્મને અલગ કરવામા આવ્યા ખલીફનો મોભો ને દરજ્જો હતા તેવાજ રહેવા દીધા માત્ર સ્ટેટના કામકાજમાથી તેની દખલ દૂર કરી

તુર્કીમા ઇસ્લામનુ સ્થાન–રાજ્ય તરફથી કશી દખલ નથી પોતપોતાની ઇચ્છા મુજબ નમાઝ રોઝા સૌ અમલ કરે છે ફકત ઇસ્તંબુલમા ૧૭૦૦ મસ્જીદો છે તેનુ સમાર કામ દેખરેખ રાજ્ય તરફથી છે એંસી ટકા મુસ્લિમો ધર્મચુસ્ત છે નમાઝીઓથી શેરીઓ પણ ઉભરાઇ જાય છે કુરઆન શરીફની લીપી અરબી પણ છે સગવડ ખાતર રોમન લીપી દાખલ કરવામા આવી છે અગાઉ અક્ષરજ્ઞાનનુ પ્રમાણ ૨૦ ટકા હતુ રોમન લીપી બાદ ૪૫ ટકા થયુ છે શાળામા રોમન લીપી ચાલે છે

ઇદની ચાર દિવસની રજા પાળવામા આવે છે મુહર્રમમા પદરમીએ રજા પાળે છે આઝાન તુર્કી જબાનમા દેવાય છે વાએઝની છુટ છે પણ પ્રથમ મજુરી લેવી પડે છે

કેળવણી–પ્રાથમિક શાળાઓ બાદ ચાર વર્ષનો યુનીવર્સીટી કોર્સ છે મીલીટરી શિક્ષણ ફરજીયાત છે સહ શિક્ષણની પ્રથા છે મફત કેળવણી મળે છે માત્ર ખાના પીના તથા બીજા ખર્ચો વિદ્યાર્થીને શીરે હોય છે ગરીબ બાળકોની કેળવણીનો ખર્ચ રાજ્ય આપે છે

દેશની આબાદી તુર્કી ખેતી પ્રધાન દેશ છે સરકારી માલીકીની બધી જમીન છે ખેડે તેની જમીન જમીનદાર પ્રથા નથી જાતે ન ખેડી શકે તો સરકારને વેચી નાખે ઉદ્યોગો સરકાર હસ્તક છે મારકુનના પગાર રૂા ૭૫) હોય છે પ્રમુખને પાઉન્ડ ૧૨૦ ૦) માસિક મળે છે સરકારી નોકરો પાસેથી આઠ ટકા વોર ટેક્ષ લેવાય છે બીજા બધા પ્રમાણસર આવક–ટેક્ષ છે સ્ટેટ કેપીટલ નાખે છે તુર્કીમા તર્કીઝમ છે ત્યા બહુ માલદાર લોકો નથી સામાન્ય મધ્યમ વર્ગ આમ રીતે ઘણો છે દરેકને પોતાનુ રહેવાનુ એકાદ નાનુ ઘર ગાય કે બકરી હોય છે ગામડા અમુક વધુ આબાદ છે તુર્કીમા ઘરકામ માટે નોકરની પ્રથા નથી સ્ત્રીઓ ઘરકામ કરે છે નોકર બહુજ મોંઘા

પડે છે દરરોજના બે પાઉન્ડ આપવા પડે છે "નોકર કે માલીક" વૃત્તિ ત્યા નથી

મામાજીક સ્થિતિ–લગ્ન કરનાર દંપતિ મ્યુનિસીપાલીટીમા નામ લખાવે છે બાદ જાહેર રીતે છાપવામા આવે છે થોડા દિવસો પછી "લગ્ન ઑફીસ"નો કારકુન લગ્ન સાક્ષીની રૂબરૂ કરી આપે છે ધાર્મિક વિધિની ઇચ્છા હોય તો ત્યારબાદ કરી શકાય છે સ્ત્રીને વારસો ધણીની અર્ધી મીલ્કત મળે છે પરિવારના પુત્ર પુત્રીઓને બાકીની મીલ્કત મળે છે

સ્ત્રીઓનુ સ્થાન–કેળવણી બાદ જાગૃતિ મળતા પુરૂષોના ક્ષેત્રમા સ્ત્રીઓ આવી છે સાગમા સાગ સ્ત્રી વકીલો છે, સ્ત્રી ડાકતરો છે એર પાયલોટ પણ છે ઓફિસ કામ, પોસ્ટમેનનુ કામ સ્ત્રીઓ કરતી હોય છે શેરી વાળનાર પણ સ્ત્રીઓ હોય છે યુદ્ધ દરમ્યાન પચીશ લાખ પુરૂષો રોકાયેલા રહેતા તેમની ગેર હાજરીમા સ્ત્રી, પોતાનુ ખેતર ખેડતી, બાળકોને સભાળતી અને જીવનની બીજી ફરજો અદા કરતી રહી આ સજોગોના લીધે પરદો પાળવો અગવડભર્યો હતો હજી પણ કોઈ સ્વખુશી કુટુંબની સ્ત્રીઓ પરદો પાળે તો કાયદાની કાંઇ મના નથી સ્ત્રીઓ હૅટ પહેરે છે તે પણ પસંદગીની વાત છે તેમા સ્ટેટ તરફથી કાંઇ પ્રયોજન મળેલુ નથી સ્ત્રીઓ ટ્રામ કંડકટર છે મોટર ચલાવે છે, અને લડાઇ દરમ્યાન પુરૂષોથી ખભે મેળવી જુદી જાતના અને બંદુકોથી લડાઇ લડી છે તેના દ્રષ્ટાંતો છે સ્ત્રીઓ રમત ગમતને બહુ પસંદ કરે છે અને અખાડાબાજ સ્ત્રીઓ ઘણી છે શરતોની હરિફાઇમા પણ મોખરે રહે છે

દેશનો વહિવટ–રીપબ્લીક સસ્થા ચલાવે છે ૨૧ ટકા બીજી લઘુમતિઓને પણ હકો છે જેવુ, આર્મીનીયન ને ખ્રીસ્તીઓને લશ્કરી હોદ્દા, રાજદ્વારી હોદ્દા, મીલીટરી સ્કુલમા દાખલ નથી તે તેઓ મુસ્લિમ તુર્કી સ્ત્રીને પરણી શકતા નથી, ન તો તુર્કી પુરૂષ જયુ આર્મીનીયન કે ખ્રીસ્તી સ્ત્રીને પરણી શકે છે

હીંદી મુસ્લિમો અને તુર્કી.–ખીલાફતમા હિંદી મુસ્લિમોની આર્થિક સંગીન મદદની રૂએ તુર્કી પ્રજા તેમની ઋણી છે મિત્ર તરીકે ફરજ બજાવી તેનો આભાર માને છે હિંદના મુસ્લિમોને લગતી બાબતોને તુર્કી અખબારો છાપે છે હિંદના મુસ્લિમો આઝાદી મેળવે એમ તુર્કી ઇચ્છે છે પણ કોઇના ઘરના ઝઘડામા તે પડવા નથી માગતુ

શહેરી હક–કોઈ પણ શખ્સ જે તુર્કીમા પાચ વર્ષ વસવાટ કરે તો ત્યાંનો તે શહેરી તરીકે હક મેળવી શકે છે મુસાફરો માટે પોલીસ તેમજ સરકાર બનતી સગવડ આપે છે બાકી સાધારણથી માડી ખર્ચાળ હોટેલો છે ત્યા રહી શકાય છે લડાઇના સમયમા ત્યા પણ કાંઈ ખાંડ વિગેરેમા રેશનીંગ છે દરેક બાળક સ્ત્રી ને પુરૂષ દેશાભિમાનથી જીંદગી બસર કરે છે

હાલના તુર્કો પ્રમુખ ઇસ્મત ઇનુન બહુ ધાર્મિક વૃત્તિના છે

'કારવાં' એજન્ટસ:–

(૧) મેમર્સ લિમ્બાડા એન્ડ કું
પો. બોક્ષ ૭૬૩૬, જોહાનસબર્ગ

(૨) મેસર્સ તન્ના ન્યુસપેપર એજન્સી
નાનકવાડા, કરાંચી

(૩) ઓસમાનીયા ટ્રેડીંગ કું
ન્યુસ પેપર એજન્ટસ, રાણાવાવ

(૪) મેમણ ઉસ્માન ઇબરાહીમ
કમલાની બીડ ગેન, રસકસની દુકાને,
ભુજ–કચ્છ

(૫) અ. મત્તાર ઇબરાહીમ
ખુરેશી ચોક, વેરાવળ

લલિત કળા

[એક વિવેચન]

અનુવાદક
'હાશિમ' ટીમોલ

(ગતાંકથી ચાલુ)

હિન્દુસ્તાનની સંગીતકળાની દશા તો એના થીય દર્દનાક છે હિંદની સંગીતકળા કે જે એક વેળા પ્રાર્થનાનું એક અંગ હતું અને પ્રાર્થનાની આર્યોની કળા આર્યોની કલ્પના (ખાસ કરીને હિંદુસ્તાની) દેવતાઓ સમક્ષ દીનતા અને નમનનું પ્રદર્શન છે આ માને બળ આપનાર સાધન નથી એને સંગીત કળાના તમામ મર્મો અને રહસ્યો એજ ધોરીની આસપાસ ઘૂમતા રહે છે હકીકત એ છે કે હિંદુસ્તાની સંગીત પ્રાચીન યુગના જીવનનું પ્રતિબિંબ છે જ્યારે ઇન્સાનદેવી દેવતાઓની વધુ સમીપ હતા તે સમયના મનુષ્યો દેવી દેવતાઓ પ્રત્યે જે આસ્થા ધરાવતા હતા તે વર્તમાન યુગમાં ક્યાં છે?

પ્રકૃતિના ચિન્હો તડકો લીલું વિજળી આકાશ અગ્નિને તેઓ દેવી રહસ્યપૂર્ણ સમજવાને લાચાર હતા કેમકે ત્યારે માનવબુદ્ધિએ એના પર અધિકાર જમાવ્યો ન હતો સામાન્ય પણે દેવતાઓ એ શક્તિ ધરાવતા એટલેજ દેવતા હતા તે કાજે ઇન્સાન મજબૂર હતો કે પોતાની સંગીતકળામાં એ શક્તિઓ સામે પોતાની વિવશતા, દીનતા અને આધિનતાનો સ્વીકાર કરે હિંદુસ્તાનની તમામ સંગીતકળા અને નૃત્યકળા દેવમાનાઓ સાથે ઓતપ્રોત છે એના તમામ ગુપ્ત રહસ્યો મર્મપૂર્ણ સંકેતો અને એના પ્રત્યેક ભાવોમાં વિશ્વાસ માનવીની સહાયતા દીનતા, લાચારી અને દેવી દેવતા ઓના રૂપનું આકર્ષણ પ્રગટ કરે છે એ સંગીતમાં ઇન્સાન પોતે એક તુચ્છ અંગ છે નામરાગણીના સ્વરૂપો જુઓ એક પ્રકારની કોમળ લાગણી તો છે કિંતુ પ્રભાવ કે આકર્ષણ કરે એવું કોઈ ચિન્હ દેખાતું નથી ક્યાંક કોઈ લલના ચંપાના પુષ્પોની હારમાળા પહેરીને વીણા વગાડી રહી છે તો કોઈ જગ ધારી જોગી ગળામાં સર્પ વિંટાળીને ધ્યાનમગ્ન છે ખુદ એ રાગણીઓની અસર નિહાળો ખમાચની એક વિશિષ્ઠ પ્રકારની છટા બિહાગ ની વેદના કેદારની મસ્તી પહાડીની દર્દપૂર્ણ મીઠાશ સારંગની તિખાશ એ બધુંય છે નથી માત્ર બુલંદી તત્ત્વ અને ઉચ્ચ હામ ભક્તજનો માટે ધ્યાનમગ્ન થવાનું આ એક સુંદર સાધન છે કિંતુ એ નિયમબદ્ધ આધારોના મર્મો અને સંકેતો હમાની જિંદગીથી એટલી હદ વેગળા થઇ ચૂક્યા છે કે જ્યાં લગી આપણે પોતે ભૂતકાળના દટાયેલા ભૂતોની જેમ જીવનથી અલિપ્ત ન થઇ જઇએ જેના જીવનનું એ સંગીત પ્રતિબિંબ પાડે છે ત્યાં લગી આપણે એમાંથી કંઇ સ્વાદ મેળવી શકતા નથી ક્યાંક ક્યાંક વિશ્વવ્યાપી અસરોના ઇશારા આપણા સંગીતમાં મોજૂદ છે પરંતુ એના પ્રગટીકરણ માટે એક નિપૂણ સંગીતકારની જરૂરત છે અને આજ ના ગાનારાઓમાં એના સંગીતભંગોનો દુકાળ છે

એ સંગીત જીવનની રસાકસીમાં આત્મ ભાનની પરિપૂર્ણતામાં આત્મા અને હિંમતની જાગ્રતિને લાભદાયક તો શું નીવડે અન્નબ્બ ગુનાઓની એક માનસિક દુનિયાની આનંદનુ અફીણ જરૂર પીવડાવે છે એવા પ્રકારની પીટ હદ્દવાદી કળા સંબંધી અહનામાં ઇકબાલ

કહે છે—

"નાતવા નોઝાર મી સાઝો તિરા,
અઝ જહાં બેઝાર મી સાઝો તિરા,
સોઝે દિલ અઝ દિલ બુર્દ ગમ મી દહદ,
ઝહ્ર અંદર સાગરે જમ મી દહદ"

'ઇકબાલ' તો એવા સંગીતનો રસિયો છે કે જે પાક લણતી વેળા ખેડુતની દાતરડીની અતિ વીર સૈનિકની તલવારની જેમ વેગવાન બનાવી દે, જે સુપ્ત શક્તિઓને ઉભારીને આવાઝના ઉતાર ચઢાવથી એક નૂતન જગતની સ્થાપનાનો સંદેશ અને તેના વિજયની વધાઇ સંભળાવે

જો કે હજી હિંદમા એ પ્રકારનું સંગીત જન્મ્યુ નથી એ નિર્વિવાદ છે કિંતુ હુ એટલુ તો અવશ્ય કહીશ કે કેટલાક પંજાબી ગીતો વિષય, પ્રેરણા, અને જીવન પોષક તત્વો સહીત શબ્દોની એક વિશિષ્ટ રચના અને અંતરના ઉંડાણમાથી ઉદભવતા ભાવોને પ્રગટ કરવાની એક અનોખી લાક્ષણિકતા ધરાવે છે અને એ સંભળીને મને હમેશા એમ લાગ્યુ છે કે હાથ પગની શિથિલતાને ચંચળતામા પલટાવવા સાથે એમા જીવનના પ્રશ્નો સાથે બાથ બીડવાની હાકલ પણ હોય છે

(ગુજરાતીમા પણ આવા કેટલાક ગ્રામ્યગીતો છે જે સાભળીને આપણે કંઇક જીવન તત્ત્વ મેળવી શકીએ છીએ અનુવાદક)

સંગીત કેવુ હોવુ જોઇએ? એ અંગેનામા 'ઇકબાલ'નાજ મુખે સાભળો—

ખુશ તો બના હય મુગન્નીકે અમોઝિશે દિલ,
ન રહા ઝિંદા વ પાઇન્દા તો ક્યા દિલકી કુશૂદ,
હૈ અભી સીનએ અફલાકમે પિન્હા વોહ નવા,
જિસકી ગરમીસે પીગલ જાએ સિતારોકા વજૂદ,
જિસકી તાસીરસે આદમ હો ગમો ખૌફસે પાક,
ઔર પૈદા હો અયાઝીસે મકામે મહમૂદ'

શબ્દોના તત્વો વેગથી જીવનની ઉષ્ણતાના ચિન્હો જેવી રીતે ઉત્પન્ન થાય છે એનુ સર્વશ્રેષ્ઠ ઉદાહરણ ઇકબાલનુ તે પ્રેરક અને પ્રાણવાન કાવ્ય છે જે અફગાનોનુ લાક્ષણિક ગત "વા કુરબાન"ની ધુનમા ને ઢાળમા લખાયું છે

"રૂમી બદલે શામી બદલે બદલા હિંદુસ્તાન,
તુભી અય ફરઝંદે કુહસ્તાન અપની ખૂદી પેહચાન,
અપની ખૂદી પેહચાન ઓ ગાફિલ અફગાન!
માસમ અચ્છા, પાની વાફર, મિટ્ટીભી ઝરખેઝ,
જિસને અપના ખેત ન સીંચા વોહ કયસા દેહકાન?
અપની ખૂદી પેહચાન ઓ ગાફિલ અફગાન!
ઉંચી જિસકી લહર નહિ હય વોહ કૈસા દરિયા,
જિસકી હવાએ તુન્દ નહિ હૈ, વોહ કૈસા તૂફાન,
અપની ખૂદી પેહચાન ઓ ગાફિલ અફગાન!"

નૃત્યકળા પણ સંગીતની જેમ દેવતાઓનાજ ચરણે ધરાઇ છે બૌધ્ધે પોતાના શિક્ષણ અને પ્રચાર કાર્ય અંગે વ્યાખ્યાનો આપતી વખતે હાથ અને પગની આંગળીઓના હલન ચલનથી જે કામ લીધુ હતુ પ્રાચિનકાળના નૃત્યકળાના વિશારદોએ બૌદ્ધની એ સમજુતી આપનારા હાવભાવના અર્થો અને મર્મોને એક શાસ્ત્રીયકળા બનાવી લઇ પોતાના શરીરના વાંક વળાંકની ગુન્યા' એ ઇશારાઓ પર નાખી અથવા હિંદુ દેવમાતાઓની કેટલીક આકર્ષક પ્રણાલિકાઓને નૃત્યોનો સ્વાંગ પેદાવવાનો પ્રયાસ કર્યો એ કળા પણ આપણા જીવનના દરેક પ્રશ્નથી અલિપ્ત રહી. પ્રાણહીન નકામી અને દાઝ સુની બની ગઇ છે ન તો એ નૃત્યની ચેષ્ટામા જીવન છે ન એવા અર્થો જેના મર્મોથી આત્મિક રસાસ્વાદ લઇ શકાય નૃત્યકારોના હાથપગની ચેષ્ટાઓ અને શરીરના વાંકવળાંકો કશાય અર્થ કે પ્રભાવ વિના બુધ્ધિતિઓની આકૃતિઓની પેઠે એક પછી એક થયે જાય છે એ સાચુ છે કે કેટલાક ભારતીય નૃત્યમાં તેના નૃત્યમા પ્રાણી પ્રણાલિકાઓ એવી સચોટ રજુઆત કરે છે કે આપણા

જીવનના પાયાના પ્રશ્નોનો રંગ એમાં ઝાંખો છે કિંતુ એવા દાખલાઓ ઘણા ઓછા છે 'ઇકબાલ'ની વાણીમાં—

છોડ યૂરપકે લીયે રક્સો બદનકે ખમોપેચ,
રૂહકે રક્સમેં હૈ ઝરબે કલીમુલ્લાહી
સીલા ઉસ રક્સકા હૈ તિશ્નગીયે કામો દહન,
સીલા ઈસ રક્સકા દરવેશી વ શાહેનશાહી

જ્યારે સુલ્તાન હુસૈનના દરબારમાં ચિત્રકળાના પુનરોદ્ધાર થયો ત્યારે બેહઝાદે ઢીંગ એની મુકરતા રંગોનું મિશ્ર કરી લેનારૂં મિશ્રણ એ કળાને કંઈક વિકસાવવામાં સફળતા મેળવી જે દરબારી જીવનના સામાન્ય પ્રસંગોના ચિત્રો હતા અથવા ઇરાની ફુલવાડીમાં મિત્રોની મસ્તીઓની મેહફિલનું ચિત્ર

જ્યારે હુમાયૂં એ કળાની કલમ સાથે હિંદ આવ્યો તો મોગલ ચિત્રકળા પણ એજ કક્ષામાં આવી ગઈ તફાવત માત્ર એટલોજ હતો કે ઇરાની કળામાં આ કૃતિઓ હૃદયના ભાવોથી કોરી હતી

કિંતુ મોગલ ચિત્રકારોએ એ ભાવનાઓને ચિત્રોમાં—પ્રતિબિંબીત કરવા સાથે કેટલાક પ્રાણીઓની તસ્વીરો વિશેષત ઉસ્તાદ મન્સૂરના ચિત્રો અત્યંત આકર્ષક છે આમ છતાં એ મોગલ કળા પણ દરબારી વર્તુળમાંથી બહાર ન આવી ન કદિ એને જનસમુદાયની ઉર્મિઓનું રૂપાંતર કરવાની તક સાંપડી

રજપૂત ચિત્રકારોએ મોગલ ચિત્રકળાની સાથે સાથે કંઈક નવીનતા ઉમેરી જેને કેટલાક અંગ્રેજ સંચાલકો (Syncretism)નું ઉપનામ આપી એ પ્રત્યાઘાતી તત્વને છુપાવવા ચાહે છે એ કળાકારોએ સામાન્ય રીતે અજન્તાની દિવાનોની તસ્વીરોથી ભિન્નપણે અલગ કરવાને બદલે જે સમાજની હકીકતોનું પ્રતિબિંબ પાડતી હતી પોતાના મુખ હિંદુ દેવમાળા પ્રતિ ફેરવી લીધું અને જે સંગીતમાં બન્યું હતું તે ચિત્રકળામાં પણ એનુંજ પુનરાવર્તન થવા લાગ્યું રાધા કૃષ્ણના પ્રેમના ચિત્રો દેવમાળાની પ્રણયલીલાઓના ચિત્રો, રાગરાગણીના સ્વરૂપો એ રજપૂત ચિત્રકળાના વિશિષ્ટ વિષયો છે આપણી કળામાં આ પલાયન કરવાની જીવનથી મુખ ફેરવી લેવાની એક માનસિક સૃષ્ટિમાં રાચવાની ટેવ નજરે પડે છે તે ચિત્રકળામાં પણ કેમ નજરે ન પડે? પરિણામે આજ સુધી આપણી થોડાક વિષયોની હદોથી આગળ આવી શકી નહિ કોઈ મોગલ કળાના રંગમિશ્રીત તત્વોનો પ્રશંસક છે કોઈ રજપૂત શાખાઓના ભક્તિભર્યા અંશોનો પ્રશંસક છે કિંતુ આમ વર્ગના જીવનની સમીપ આણવાની અથવા એને સ્પર્શવાની કોઈ કળાકાર કોશિશ કરતો નથી તેજ સાધુઓના મઠોનું ધાર્મિક વાતાવરણ તેજ કલ્પિત ધરતી અને આકાશના જગત તત્વથી વાસ્તવિકતા પ્રત્યની ઉપેક્ષાવાળા ચિત્રો કળામાં પણ નખશીખ ઓતપ્રોત છે

'ઇકબાલે' આ પંક્તિઓમાં એ તરફ ઇશારો કર્યો છે—

કિસ દરજે યહાં આમ હુઈ મર્ગે તખય્યુલ
હિંદી ભી ફિરંગીકા મુકલ્લિદ અજમી ભી
મુજકો તો યેહી ગમ હૈ કે ઈસ દૌરકે બેહઝાદ
ખો બૈઠે હૈં મશરિક કા સુરૂર અઝલી ભી
માલુમ હૈ ઐ મર્દે હુનર તેરે કમાલાત
સનઅત તુઝે આતી હૈ પુરાની ભી નઈ ભી
ફિતરતકો દિખાયા ભી હૈ દેખા ભી હૈ તુને
આઈનએ ફિતરતમેં દિખા અપની ખુદી ભી"

સ્થાપત્ય કળા વિષે હું કશું નહિ કહું કેમકે એજ એક કળા છે જેને મુસલમાનોએ એની પરિપૂર્ણતાની ટોચે પહોંચાડી છે એ અજોડ અને બેનમૂન છે એ વિષય પર એક વિસ્તૃત નિબંધ લખી રહ્યો છું

(સંપૂર્ણ)

એકના પાપે વહાણ ડૂબે તો ત્રણના પાપે શું ?

(ગઝલ મંડળના છેલ્લા મુશાઇરામાં જે રકાસ થયો હતો તેથી ક્ષોભ પામીને એવા શાઈરો ઈબ્રત પકડે એ હેતુથી એક પ્રેક્ષકે આ કાવ્યો મોકલાવ્યાં છે)—તંત્રી

ગુર્જરગિરાનો ગઝલકાર !

હું ગુર્જરગિરાનો ગઝલકાર છું,
શરાબી, કબાબી છું ઝખમાર છું !
ઉદાસી ! નિરાશી ! મીરાસી કવિ,
બીભત્સ, નગ્ન-કાવ્યો હું રચનાર છું !
રંગીલો, ઢંગીલો ભંગીલો બની,
તરંગો હું તકડંચી કરનાર છું !
કપાતું, ને કાપું, ને નાચું સદા,
હું હીનકણી સાથ રમનાર છું !
હું બીમાર થઈને બન્યો મંચ પર્યન્ત,
ખરે ! સ્ટેજ પર હું લથડનાર છું !
હું કાળો, ઉકાળો રે નાનો છું નગ,
હું ધીરે ધીરે વિષ પાનાર છું !
બન્યો રાણુમેળામાં સરકસનો ખેલ;
ખેલાડી છું હું ખેલ રમનાર છું !
બુઝાયે જો દીપક તો અંધારમાં,
લઈ 'ડૂગડૂગી'ને બજાવનાર છું !

શું કરૂં ? રે ! શું કરૂં ?

ઊર્મિઓની થઈ મઝારો શું કરૂં ?
પુષ્પ વિણુ કંટકનો ભારો શું કરૂં ?
'હુંદ'થી પાડ્યો પનારો શું કરૂં ?
આશનો તૂટ્યો મિનારો શું કરૂં ?
છે પ્રહારો પર પ્રહારો શું કરૂં ?
ખાડશું ખુદે ખુમારો શું કરૂં ?
જીભ લથડે છે બધારો શું કરૂં ?
શર્મના ચોગમ પ્રકારો શું કરૂં ?
ભાગ્યનો ડૂબ્યો સિતારો શું કરૂં ?
ચારાગર, ના કોઈ ચારો શું કરૂં ?
શી રીતે કરવો ગુજારો શું કરૂં ?
થઈ ગઈ મોટર ખટારો શું કરૂં ?
ગર્મ છે રૂસ્વા—બજારો શું કરૂં ?
'ડૂગડૂગી' થઈ ગઈ નગારો શું કરૂં ?

'ડૂગડૂગી' [મુંબઈ]

રાણી સુગંધા

અનુવાદક

'સાબેહ અકીલી'

(આ વાર્તા, કાશ્મીરનો એક હૃદયદ્રાવક ઐતિહાસિક બનાવ છે એનું ટુંક વર્ણન કલ્હણના પ્રખ્યાત પુસ્તક 'રાજતરંગિણી' ઉપરાંત મૌલાના મુહમ્મદદીન સાહેબ 'ફૌક' કશ્મીરી કૃત 'તારીખે કશ્મીર' અને બીજા પુસ્તકોમાં છે પરંતુ હજુ સુધી આ વાર્તાને કોઇએ સવિસ્તર રજૂ કરી નથી)

મૃગ જેવા નયનોવાળી સુગંધા દરવ પ્રદેશના રાજ્યકર્તા સ્વામીરાજની સુંદર અને સુકોમળ પુત્રી હતી એના રૂપાળા ચહેરા ઉપરથી મદભરી યુવાનીના મસ્તીભર્યા આકર્ષણો એવી રીતે ઝળકતા હતા જેમ ચાંદની રાતમાં પ્રકાશિત ચંદ્રના નૂરાની કિરણો રાત્રીના શિતળ વાયુને ચીરતા ઉદ્યાનોમાં નૃત્ય કરવા લાગી જાય છે એનું સુકોમળ શરીર કોઇ પ્રફુલ્લીત પુષ્પની પેઠે નરમ અને નાઝુક હતું એના ગાલ યુવાનીની ઉષ્ણતાથી તમતમી રહ્યા હતા એના ઘુઘરવાળા શ્યામ કેશકલાપ જગત માટે એક અજીબ આકર્ષણ હતું એના ગુલાબની પાખડીઓ જેવા હોઠ જેના ઉપર એક ચિંતા કાંઇક મુસ્કરાહટ હરહંમેશ રમતી રહેતી અત્યંત ચિત્તાકર્ષક હતા

કાશ્મીરના રાજા શંકરવર્મને* સુગંધાના અસાધારણ સૌંદર્યની પ્રસંશા સાંભળીને તેને પોતાની વ્હાલી રાણી બનાવી લીધી પરંતુ સ્થિતિ આશાથી વિરૂધ્ધ બદલાઇ ગઇ કિસ્મતે સુકોમળ રાણીને દુઃખના દરીઆમાં ધકેલી દીધી રાજા શંકરવર્મને સિંધુ સરિતાના કિનારા ઉપર જુદા જુદા રાજ્યકર્તાઓને પરાજીત કરતો પોતાને સ્વદેશ આવી રહ્યો હતો કે ઉરશાના+ પ્રદેશમાં કોઇ શત્રુએ મારી નાખ્યો અને સુગંધા ભરયુવાનીમાં વિધવા બની રાજાની બીજી રાણીઓ પોતાના પતિની ચિતા ઉપર સતી થઇ ગઇ પરંતુ શંકરવર્મનના ન્હાની વયના પુત્ર ગોપાળવર્મનના સંરક્ષણનું ફર્જ સુગંધાએ સંભાળી લીધું

નવો રાજા ન્હાની વયનો હતો જેથી રાજ્યની લગામ સંપૂર્ણપણે તેની રક્ષણકર્તા માતાના હાથમાં રહી

સુગંધાનું દિલજીત રૂપ લાવણ્ય હજુ યુવાનીની ગોદમાં નાચી રહ્યું હતું તે ઘણીજ દીલથી પોતાના પતિને ભૂલી ગઇ યુવાનીના ઉગતા સૂર્યના કિરણો વડે એનો સુંદર ચહેરો હજુ પ્રકાશિત અને આકર્ષક હતો ચાંદની રાતોમાં જ્યારે તે એકલી પડતી ત્યારે સીનામાં એક પ્રકારનું મીઠું મીઠું દર્દ તેને બેચેન કરી નાખતું તે લાગણીવશ થઇને ઘણીવાર સુધી છાનુંછાનું રડતી વિધવા સ્થિતિમાં તે પાતાને પવિત્ર રાખી શકી નહિ છેવટે પાપ લીલામાં પડીને પવિત્રતા ખોઇ બેઠી એની પસંદગી પ્રભાકર નામે પ્રધાન જે દરબારમાં ઘણી લાગવગ ધરાવતો હતો—પર પડી તેને પોતાના રૂપઆશક બનાવી લીધો અને આવી રીતે પવિત્રતાના અમૂલ્ય મોતીને ભોગ વિલાસને ભેટ ચડાવી દીધું

એક રાત્રે જ્યારે મોસમ ખુશનુમા અને ચોમેર શાંતિનું સામ્રાજ્ય હતું નવયુવાન રાજા ગોપાળવર્મને એક ભયંકર સ્વપ્ન જોયુંને

* રાજા શંકરવર્મને ઈ. સ. ૮૮૩ થી ઈ. સ. ૯૦૨ સુધી રાજ્ય કર્યું આ રાજા અવન્તીવર્મનનો પુત્ર હતો

+ ઉરશા, તે પહાડી પ્રદેશનું પ્રાચીન નામ છે જે એબટાબાદ પાસે આવેલ છે

ચોકી ઉઠ્યો અને ગભરાએલી સ્થિતિમાં પોતાના શયનાલયમાંથી બહાર નીકળી નરમ નરમ હરીયાળી ઘાસ ઉપર ફરવા લાગ્યો આકાશ ઉપર ન્હાના મ્હોટા તારાઓની સભા ભરાએલી હતી ચૌદમીનો ચંદ્ર પોતાની સંપૂર્ણ તેજસ્વીતા સાથે સભાના પ્રમુખપદે બેઠો નૂરની વર્ષા વરસાવી રહ્યો હતો રાત્રી અર્ધ વિતી ચૂકી હતી અચાનક એણે પોતાના વેરવિખેર વિચારોને એકત્ર કરી પોતાની માતાના શયનગૃહ તરફ દ્રષ્ટિ કરી તે વિસ્મય થઈ ગયો, કેમકે હજુ સુધી ત્યાં રોશની થઈ રહી હતી કુદરતી રીતે એના દિલમાં એનું કારણ જાણવાની પ્રબળ ઇચ્છા થઈ આવી

દરવાન પત્થરના સ્થંભને ટેકો લગાવી સૂઈ રહ્યો હતો રાજા ધીમે ધીમે ડગલા પગલે ચાલતો શયનાલય પાસે પહોંચ્યો અને કોઈ એને જોતું નથી એની ખાત્રી કરી લીધા પછી, ઝીણી જાળીઓના પરદામાંથી અંદર ઝાંકવા લાગ્યો આહ! રૂંવાડાં ઉભા કરનાર શર્મભર્યું દ્રશ્ય! એની માતા સુગંધા અને પ્રભાકર દેવ પુષ્પોની સુગંધિત સેજ ઉપર અર્ધ નગ્ન અવસ્થામાં સૂતા હતા રાણીની ઉભરેલી સિનેરી છાતીમાં ...નો તૂફાની સમુદ્રની લહેરો પેઠે મોજાં મારતો અને નિમકહરામ પ્રધાનનો હાથ તેની કોમળ કમરને ફરતે વીંટળાએલો હતો બંને મસ્તીમાં દુન્યા અને દુન્યાની બધી વસ્તુઓથી બેખબર એમના દેહ આપસમાં ભેળી રહ્યા હતા ગોપાલવર્મન આ અનિતીમય દ્રશ્ય ન જોઈ શકતા પાછો ફરી ગયો

ચમકતા ચંદ્રે પણ શરમાઈ પોતાનો ચહેરો વાદળીના શ્યામ ટુકડા વડે સંતાડી લીધો પાછા ફરતા રાજાએ અંધારામાં નિદ્રાવશ દરવાનના પગ સાથે ઠોકર ખાધી અને તે ઉઠી બેઠો

ખબરદાર! કોણ છે? તેણે ઉઠવાની સાથે તલવાર ઉગામીને પૂછ્યું પરંતુ ચંદ્રના ચહેરા ઉપરથી વાદળીનો ટુકડો ખસી જતા ગોપાલવર્મનનો ગંભીર ચહેરો સ્પષ્ટ દેખાવા લાગ્યો દરવાને માનપૂર્વક મસ્તક નમાવી દીધું

આ બનાવે આનંદી રાજાની શાન્તિ અને સંતોષ બન્ને લુંટી લીધા ચાલાક પ્રભાકર પ્રધાનને દરવાનના કહેવાથી ભેદ ખુલી જવાની જાણ થઈ ગઈ એણે કોઈને કોઈ રીતે ભલા રાજા ગોપાલવર્મનને* હમેશાને માટે મૃત્યુના ખોળામાં સુવડાવી દીધો આવી રીતે જ્યારે રાજા શંકરવર્મનનો વંશ ખતમ થઈ ગયો ત્યારે રાણી સુગંધા+ ખુદ સિંહાસનારૂઢ થઈ ગઈ એણે રૈયતની સામે પોતાની પવિત્રતા અને ધર્મિષ્ટતા પ્રદર્શિત કરવાને માટે મરનાર રાજાના નામ ઉપર 'ગોપાલમઠ' અને 'ગોપાલ કેશવ' નામે વિષ્ણુના મંદિર ચણાવ્યા પરંતુ આખી દુન્યાને હમેશા બેવકુફ બનાવી શકાતી નથી જલદીથી જ કુદરતના મજબુત હાથોએ ફરેબના શ્યામ પરદાઓને ચીરી નાખી હવામાં ઉડાવી દીધા પ્રભાકર દેવે ગભરાઈને આપઘાત કરી લીધો. લોકો રાણીની વિરુદ્ધ વાતો કરવા લાગ્યા.

આ જોઈને સુગંધાએ ઇચ્છ્યું કે પોતાને સ્થાને પોતાના એક સગા નરજિતવર્મનને રાજ્યાસન ઉપર બેસાડી દે, પરંતુ તે નિષ્ફળ નિવડી કેમકે નરજિતવર્મન અત્યંત દુષ્ટ આચરણી, ગમાર, વિષયલંપટ અને ગુનાહગાર રાણીના હાથમાં રમકડા સમાન હતો.

અંતે તંત્રરન ટોળાના યોદ્ધાએ—જેમનું સૈન્યમાં વધુ બળ હતું—રાણીને જબરદસ્તી

* ગોપાલવર્મને ઇ સ ૯૦૨ થી ઈ સ ૯૦૪ સુધી રાજ્ય કર્યું 'રાજતરંગિણી'માં લખ્યું છે કે નિર્દય પ્રધાને પોતાના એક સગા દેવશ્રી—જે જાદુગર હતો—ની મારફતે ગોપાલવર્મનને મરાવી નાખ્યો

+ રાણીએ ઈ સ ૯૦૪ થી ઈ સ ૯૦૬ સુધી રાજ્ય કર્યું

ઝિન્દાબાદ

અનુવાદક
'રઝાકાઝી'

પ્રેમ, સ્નેહ લાગણી હમદર્દી,

જગત મૂર્ખ જગત, હા ! નિર્દય જગતથી એ આશાઓ વ્યર્થ આ જગત મતલબી છે

એમા વસનારા સ્વાર્થી નિષ્ઠુર, કાતિલ કે જેઓ કોઈના માટે મરવા જાણે છે ન જીવવા

પોતે પણ જીવતા નથી અને બીજાને જીવવા દેતા નથી

તમે તમા જીવન આ નિર્દય જગતને સમર્પી દો કિંતુ જગતની દ્રષ્ટિએ સૌથી મોટી ધિક્કાર પામેલી હસ્તીજ રહેવાના.

જ્યા સુધી આ પૃથ્વીપટ પર તમે જીવતા રહેશો તમારો સત્કાર તમારૂ સ્વાગત "મુર્દાબાદ"ની ગર્જનાઓથી થતુ રહેશે

હિંદુસ્તાનના સાહિત્યના ઇતિહાસ પર એક આછો દ્રષ્ટિપાત કરો મીર, ગાલિબ, સૌદા અને ઇકબાલ જેવા અનેક નરોનુ યાતનાપૂર્ણ જીવન અધ્યયન કરવામા આવે તો એમના જીવન પુસ્તકની પૂર્ણાહુતી થતા પૂર્વે તમને "મુર્દાબાદ" એ શબ્દો ચો દિશામા ગુંજતા સંભળાશે પરંતુ એમની જીવન-જ્યોત ઓલવાતાંજ 'ઝિન્દાબાદ'ની ઘોષણાઓ થઇ થઇ રહી છે અને થતીજ રહેશે

આ ઉપરાંત જગત ઇતિહાસ કે જે એવી અસંખ્ય હસ્તીઓના ઉદાહરણો રજુ કરે છે કે જેઓ જુદા જુદા દેશોમા જન્મ્યા અને ઝિંદગી ભર રૂદન કરતા રહ્યા અને છેવટે નિર્ધન અને કંગાળ હાલતમા મરી ગયા પણ દુનિયાએ તેઓની કદર ન કરી તેઓને ન ઓળખ્યા.

પરંતુ જ્યારે એ સત્ગત વ્યક્તિઓને કાળના ઉપભોગક અને સુંદર હાથે છીનવી લીધા તો જગત સ્તબ્ધ થઇ ગયુ આતૂર આંખે એમની શોધ આરંભી પણ તેઓ એક એવી સૃષ્ટિમા જઇ પહોંચ્યા હતા કે જ્યા આ જગતની કદરદાની અને ઉપકારવૃત્તિનો કશો અર્થ નથી

જગત શોકમા ડુબી ગયુ, યાદગાર કાયમ કરી, અને વાતાવરણ "ઝિન્દાબાદ"ની ઘોષણાઓથી ગુંજી ઉઠ્યુ

જીવતા જીવન 'મુર્દાબાદ' અને મૃત્યુ પછી "ઝિન્દાબાદ" એક એવી ઘટના કે જે જગતના પૃષ્ઠોના પ્રત્યેક પાને અમર રહેશે

શોક સભા

જનાબ
'નિસાર'

(એક હળવી નિબધિકા)

(મુસ્લિમ-ગુજરાતના આ લેખક અને અનેક વિવેચકની કલમ ઓળખની મોહતાજ નથી—તત્રી)

અબુ ખાટકીએ આગણામા પગ મૂક્યો ત્યારે રાત અડધેથીએ આગળ વધી ચૂકી હતી કાળા રગની બે પડીકીઓ બાનદીમા નાખી તે પાણીને જોરથી હલાવવા લાગ્યો, અને જ્યારે કાળો રગ બરાબર ઘોળાઇ રહ્યો ત્યારે તેણે પોતાનુ કમીસ કાઢી તેમા નાખ્યુ એની પત્ની રહીમન જે ઘોરતી પડી હતી તે સફાળી બેઠી થઇ પતિ ની આ હીનચાલતને વિસ્મયતાથી નિહાળવા લાગી અને કઇજ સમજ ન પડતા બોલી ઉઠી ' આ બધુ શુ થઇ રહ્યુ છે ? "

"કઇ નહિ, એ તો પેલા મુસ્તફા કમાલ હતા ને તે મરી ગયા એમના શોકમા કાલે હડતાળ છે એ હડતાળમા જવાની તૈયારી કરી રહ્યો છુ અને દુકાનો બધ કરાવવા જવુ પડશે ને ?"

"મ્હારી બલા જાણે કે એ મુસ્તફા કોનો દિકરો હતો ? પરતુ મારામારી થઇ હતી કે એમજ મરી ગયા મુઆ ! આ રોજના કકાસથી હુ તો કટાળી ગઇ છુ તમને હજારવાર કહ્યુ કે ઘર હિદુ લત્તામાથી ખસેડી મુસ્લિમ લત્તામા લઇ જાઓ પરતુ સભળાય શાના ?"

જવાબમા "અરે ! ગાડી" કહી અબુ હસવા લાગ્યો અને પછી બે ચાર ડગ રહીમન તરફ ભરીને કઇક યાદ આવતા બીજા ખડમા જઇ સૂઇ ગયો

ઉગતી સવારે તો કાળા રગનુ સરઘસ કાળા ઝડા સાથે બજારમા ઘુમવા લાગ્યુ "ઇન્કિલાબ ઝિન્દાબાદ ' "ઇન્કિલાબ ઝિન્દાબાદ" એક હિન્દુ વેપારી જે પોતાની દુકાને જઇ રહ્યો હતો તેણે આ ટોળાને દૂરથી જોયુ અને તેને ફાળ પડી તેણે બહીવાર તો આમ તેમ નજર નાખી દૂરથી આવતી ટ્રામ જાણે એનું જીવન લઇને આવી રહી હતી જલદીથી તે એમા ભરાયો અને ગચ્છતી કરી ગયો કાનોકાન કૂદકા મારતી આ વાત આખા શહેરમા પ્રસરી ગઇ અને જરાવારમા તો સડાસડ સૌના પાટીયા દેવાઇ ગયા

"હડતાળ તો પડી મગર **મહમ્મદ અલી** જયસી નહિ" એક ચાચાએ જુના સ્મરણો તાજા કર્યા

"ઔર યેહ ટ્રામવાલે તો જયસે જાનતેહી નહિ" બીજા એકે હડતાળની અપૂર્ણતાનું ભાન કરાવ્યુ

"ઇન્કલાબ ઝિન્દાબાદ" ને ટ્રામની આજુબાજુ કાળી ઝડીઓ ફરી વળી આ ઘેરો જોઇને ઉતારુઓની હિમતના આકાશ વછુટી ગયા અને કડક્ટરો રોજની મજુરીથી છૂટી ગયા

સાજના વિશાળ મેદાનમા એક શોકસભા ગોઠવાઇ શહેરભરના ગુડાઓ ત્યા હાજર હતા પાનબીડીવાળા, ચાહવાળા, ચનાજોર ગરમવાળા આ શોકસભામા શહેરની પુનઝરણીઓ એવી રહ્યા હતા સભામા કેટલાક શ્રીમાનો એવા

પણ હતા કે જેમને આ બધું શું થઇ રહ્યું છે તે જાણવાની પરવા સુદ્ધા ન હતી

મેદાનના એક ખુણે એક ઉંટભાઇ એક બકરીભાઇને સમજાવી રહ્યા હતા કે 'મુસ્તફા કમાલ બહુજ મોટા માણસ હતા મારી હોટેલનું નામ હવેથી "કમાલ હોટલ" રહેશે

"અને અપને બીટો કંપની સાબુનું નામ હવેથી 'કમાલ સોપ' રાખશું કેટલું ખુબસુરત નામ પીકી આપું" બકરીભાઇએ સાદ પૂર્યો.

એક બાજુ એક ચકોર જેવા સાહેબ આખી સભાને પોતાના કેમેરામાં સમાવી લેવાની કોશીશ કરી રહ્યા હતા તો બીજી તરફ ચોર બજારની ટાઇગામાં એક શ્રીમાન એક ગેરવાજીની જેબનું વજન આંકી રહ્યા હતા

સભાનું કામકાજ શરૂ થયું

એક હાડકાના માળખા જેવા વકીલ સાહેબે કમાલની વીરતાનું વર્ણન એટલા જુસ્સાથી કરવા માંડ્યું કે તેમને ખાસી ચઢી આવી અને તેઓ 'પાણી' 'પાણી' પોકારતા નીમજાન થઇ મંચ પર ઢળી પડ્યા "અલ્લાહો અકબર"નો ગગનભેદી અવાજ બુલંદ થયો અને વક્તા બદલાઇ ગયા આ બીજા વક્તા એક "ફરફરીઆ"ના એડીટર હતા એમના મનમાં તો કમાલપાશા કરતા 'કોનન'' વિષે વધુ માન હતું છતાં એ તકસાધુ બની માન ખાટવા લાગ્યા તેમનો એકએક શબ્દ શ્રોતાઓમાં આગ વરસાવતો હતો

"કમાલ તેજ મહાવ્યક્તિ હતા જેમણે માંદલા તુર્કોને ફરીથી જોમવંત બનાવ્યું "ઇન્કિલાબ ઝિન્દાબાદ"ની ઘોષણા એક ગડેરીવાળાના ધારાથી શરૂ થઇ આખી સભામાં ફેલાઇ ગઇ એ જોઇ ભાષણ કરનારના પગમાં ઔર જોર આવ્યું અને પછી તો તેમણે જે યાદ આવ્યું તે બકવા માંડ્યું 'કમાલપાશાએ અઝાન પણ તુર્કી ભાષામાંજ દેવાનો ઓર્ડર કર્યો કેટલાક મુલ્લાઓએ એની સામે માથું ઉચક્યું તો તેમને મચ્છરની પેઠે મસળી નાખ્યા"

"જૂઠું બકે છો કુફર છો બકવાસ બંધ કરો!' એક લાંબી દાઢીવાળા ચેશાઇમામ છાતીએ બને આગળ વધ્યા શ્રોતાઓ આ જોઇ બકવાવા લાગ્યા

જુઓ છો શું? હરામના એ દુશ્મનને ઉતારી પાડો' અને પછી તો અણુ ખાટફાની પારટીએ એ કલમ બહાદુરને એવા તે લીધા કે તેમને કયે રસ્તે નાસી છૂટવું તે અઘરૂ થઇ પડ્યું એક પથ્થર આવ્યો અને એડીટરના ઉઘાડા માથાની વચ્ચેજ ધમ લઇને પડ્યો એ જોતા આવ્યા ને તમ્મીજીની ટાંગોમાં અથડાઇ ને ઢળી ગયા અને એ વીર નર ઘવાયો એક મિત્ર એના ઘાવ પર પાટો બાંધી તેને ઘેર પહોંચાડવા ઘોડાગાડી લાવ્યો અને મુસ્તફા કમાલ ઝિન્દાબાદના પોકારથી સભા બરખાસ્ત થઇ

સભાથી છુટા પડતા સભાજનોમાં નીચે મુજબ વાતચીત થતી હતી

"..તો કાલથીજ નમાઝ શરૂ કરીશ'

'કમાલ મોટા ખરા પરંતુ મહુમ્મદઅલી પણ ઓછા મોટા ન હતા''

"કમાલ હેરકટીંગ સેલુન બહુ ખરાબ નામ તો નથી'

'શાને સલૂજ આવને જોઇએ"

'મુસતફા કમાલ' બરાબર સાત અક્ષરોનુંજ નામ છે "×

×પ્રેરિત

રાંદેર : મુસ્લિમ-શાદી, અને જન્મ-મરણ.

જન્મ

૨-૯-૪૩ ગુનજારખા રહીમખા-છોકરી રેહ-મતખાતુન

૫-૯-૪૩ સુલેમાન દાઉદ હજામ-છોકરી જુબેદા

૫-૯-૪૩ યાકુબ ઇસમાઇલ ઝીણા-છોકરી રાહેબાનુ

૬-૯-૪૩ ઇબ્રાહીમ ઇસમાઇલ અબ્બુ-છોકરો કાસમ

૮-૯-૪૩ અબ્દુર્રહેમાન હાફેઝ અહમદ મુલ્ના -છોકરો મોહમદ સલીમ

૮-૯-૪૩ માહમુદ મોહમદ મુરાદ-છોકરી ફાતમાબીબી

૮-૯-૪૩ ગુલામ મોહમદ ગુલામ કાના-છોકરી જુબેદાબીબી

૮-૯-૪૩ મલેક હુસેન મલેક મોહમદ રસુલ-છોકરો મલેક રસુલ

૧૧-૯-૪૩ સૈયદ મોહમદ અબ્દુલ્લા-છોકરી જેનબનીસા

૧૪-૯-૪૩ દાઉદ કાસમ-છોકરો મુસ્તુફા

૧૫-૯-૪૩ ઇસપ ગુલામ મોહમદ હાસ-છોકરી ફાતમાબીબી

૧૭-૯-૪૩ હાજી મીયા મોહમદ શેખ-છોકરો નિસાર એહમદ

૧૭-૯-૪૩ કાસમ ગુલામ હુસેન બનાસી-છોકરો ફારૂક

૨૩-૯-૪૩ નન્નુ ઇમામ-છોકરી હાજરાબીબી

૨૩-૯-૪૩ યુસુફ ઇબ્રાહીમ મોદન-છોકરી હાજરાબીબી

૨૩-૯-૪૩ મોહમદ હાસમ-છોકરી જુબેદાબીબી

૨૪-૯-૪૩ ગુલામ મોહમદ ગુલામ રસુલ કાપડીઆ-છોકરો હફીઝુદ્દીન

૨૫-૯-૪૩ માનમ હાશમ માનમ ઇસપ-છોકરો મોહમદ શરીફ

૨૮-૯-૪૩ પટેલ અહમદ ઇસપ આદમ-છોકરો ઇસુફ

૨૮-૯-૪૩ માહમ શેખમીયા માહમ અબ્દુલ રઝાક-છોકરો મોહમદશરીફ ઉર્ફે મીરાજુદ્દીન

૨૮-૯-૪૩ અલી આઝમ આરેફ-છોકરો ઇસમાઇલ

૨૯-૯-૪૩ અહમદખા લાલખા-છોકરી ઝરીના ખાતુન

મરણ

૨-૯-૪૩ ગુલામ મોહમદ હાસમ બપોરીયા ઉ મા ૧૦

૨-૯-૪૩ ગુલામ મહીયુદ્દીન વલી ઉ વ. ૧॥

૪-૯-૪૩ ફાતમાબીબી તે મુસા ભરીયારાની ઓરત ઉ વ ૫૦

૪-૯-૪૩ આસાબીબી તે સાલેહ મુસાજીની છોકરી ઉ વ ૬૦

૬-૯-૪૩ ખતીજાબીબી તે કરીમ મીયાની ઓરત ઉ વ ૭૫

૬-૯-૪૩ ગુલામ અબ્દુલ્લાહ ઉ વ ૭૦

૭-૯-૪૩ અબ્દુલ હમી- અહમદ સરગ ઉ વ ૧૪

૯-૯-૪૩ મોહમદ ઇસમાઇલ લીમલીયા ઉ વ ૨૭

૯-૯-૪૩ ફાતમાબીબી ગુલામરસુલની છોકરી ઉ વ ૨૨

૧૧-૯-૪૩ ફરીદાખાનુ શેખ ઇસહાક મોહમદ સૈનાદે ઉ મા ૬

૧૪-૯-૪૩ બીબી સુલતાન તે હુસેન સીપાઇની વિધવા ઉ વ ૧૦૦

૧૭-૯-૪૩ સૈયદ અબ્દુર્રહેમાન સૈયદ અબ્દુલ્લા ઉ વ ૫૦


૧૯-૯-૪૩ આઝમ આરેફ ભામ ઉ વ ૭૬ આસરે


૨૦-૯-૪૩ કાઝી હાશિમ કાઝી ઇનાયતુલ્લા ઉ વ ૬૦

૨૩-૯-૪૩ કાઝી રહેમતુલ્લા કાઝી હુસેન ઉ વ ૫૫

૨૮-૯-૪૩ બીબી તે ઇસમાઇલ ઇસપ તમાચાની છોકરી ઉ વ ૯૦

Printed by Maganlal Mangaldas Patel, at The Gangotri' Printing Press *Kanpith, Khand Bazar,* Surat
Published by Asum Ahmad Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya *Tower Road,* Surat





તંત્રી

'વહશી'

પુ : ૫ મું.
અંક ૩જો

નવેમ્બર
૧૯૪૩

.....શ્રીયુત અનુપમ

[ગઝલ]

ઘઉં કમ, બાજરી કમ, પાઉં-ઘી કમ,
દીસે છે 'ઇદ' પણ, આજે 'મુહર્રમ'!
નજર ઝાંખી, ઇલેક્ટ્રીક રોશની કમ,
નજર આવે ન કાં, સાહબ બી મેડમ!
મજેખમ જાય છે તો થાય છે કમ,
મગીજે-દબ, પગ વાનત છે કાયમ!
ઝગા જે એક આપી, કાન બચ્ચે,
સમજ કે આભજો ઝાડુ, બનો કમ!
પધારો આપ કિન્તુ બેસશો ક્યાં?
અમારા ઘરમાં ખુરસી છે ન જાજમ!
ગુલામીમાં તો બેઉ છે જ સરખા,
મિયાં 'અનવર', અને શ્રીયુત 'અનુપમ'.
જગતમાં સર્વ કો છે 'શેખચલ્લી',
વધુ પડતા કોઈ છે, તો કોઈ કમ

(અધુરી)

—'શેખચલ્લી'







'નિસાર'ના સંપાદન હેઠળ ઇદને દિવસે
બહાર પડશે

—નો આવતો અંક

આજ સુધીના અંકોમા નવીજ ભાત પાડશે

નવી દ્રષ્ટિ
નવા વિચાર
નવતર રૂપ

એમાં શું હશે?

■નવલિકા ■કાવ્યો ■તવારીખ ■ધાર્મિક લેખો
■નાટિકા ■કટાક્ષ કાવ્યો ■વિવેચન ■કુર્આની કાવ્યો
■કટાક્ષિકા ■મહેફિલ ■નિબંધ
■આ ઉપરાંત, આવાઝકી દુન્યા, પીઠ, અને ફતાવા ના ચાલુ આકર્ષણો.

એના લેખકો

જનાબ શયદા, જ બેકાર, જ અસર સાલેરી એમ એ જ યાવર બી એ જ ઉનીયા બી એ જ મીન્તી, જ નિસાર, જ નસીમ, જ શુ હુસેન મુસ્તુફા, જ કિસ્મત, જ વલી, જ દિવાન, જ હાશિમ, જ રઆકાઝી, જ સાલેહ બકીલી, જ માબિર સાહબ, જ તાજ

એના શાઈરો

મારાએ મુસ્લિમ ગુજરાતના ગઝલકારોનો 'કારવા'ને સહકાર છે

મુસ્લિમ ગુજરાતની સન્માનિત સાહિત્ય પ્રવૃત્તિ એટલે 'કારવા' વિશેષતા અને વિવિધતા ભર્યા એના વિશેષાંકનુ વાચન ચૂકવુ એટલે જીવનની એક રસલ્હાણની તક ગુમાવવા બરાબર છે

ચાલુ ગ્રાહકોને મફત. નવા ગ્રાહકોને પણ મફત.

છુટક નકલ : બાર આના.

કારવાના
કટાક્ષ કાવ્યો
ગુજરાતમા નવી
ભાત પાડે છે

●

કારવાંના
કટાક્ષ ચિત્રોમા
પણ નવીન
નજર જોશો

●

કટાક્ષ કવિ
શ્રી શેખચલ્લી

કટાક્ષ ચિત્રકાર
શ્રી ચકોર

સૌંદર્ય, સુગુણ, સુવાસ અને સર્વાંગી કલાની સુવાસથી મઘમઘતું એક ગૃહઉપયોગી પ્રકાશન

ચિત્રો ૨૫૦

દ્વિરંગી છપાઈ પચરંગી કલાની કારીગરીથી ઓપતા નયનમનોહર આકર્ષક ચિત્રો અને આકૃતિ સાથેના શ્રી કનુદેસાઈના પચરંગી સુવામીત બોક્સ સહિત

'સંસ્કારલક્ષ્મી'ના પ્રકાશન એન એમ ઠક્કરની કંપની તરફથી ગૃહઉપયોગી આ બીજુ પ્રકાશન રજુ કરવામા આવે છે સંસ્કારલક્ષ્મીથી અતિ સુપ્રતિષ્ઠા પામેલા શ્રી ડુંગરસી ધરમસી સંપટનીજ આ કૃતિ છે સંસ્કારલક્ષ્મીની જેમજ આ પુસ્તક પણ ગૃહઉપયોગી બનાવવામા આવ્યુ છે સંસ્કારલક્ષ્મીમા જે વિષયો નથી તે, તથા સ્ત્રીઓને માર્ગદર્શક થઈ પડે એવા અને સ્ત્રી–જીવનને સ્પર્શતા વિવિધ પ્રકારના વિષયો આ પુસ્તકમા રજુ કરવામા આવ્યા છે ઘરની રાણી એ એક એવુ પ્રકાશન છે, કે જે મધ્યમ અને સંસ્કારી વર્ગની બહેનો માટે તથા ગ્રામ્ય બહેનોથી માંડીને તે શહેરની સુધરેલી બહેનોને સ્પર્શે તેમને એમાથી શીખવાનુ મળે એવી રીતે તેની રચના કરવામા આવી છે

સ્ત્રીને **ઘરની રાણી** કહેવામા આવી છે સ્ત્રીથીજ ઘરની શોભા છે આ રાણીપદ તેને ક્યારે મળે છે કેવી રીતે તે પ્રાપ્ત કરી તેને શોભાવી શકે અને એ પદ પ્રાપ્ત કર્યા બાદ તેણે એને કેવી રીતે યોગ્ય બનવુ તેની માર્ગદર્શક માહિતી એમા દાખલા–દલીલ અને દ્રષ્ટાંતો સાથે આપવામા આવી છે સ્ત્રીએ ઘરની રાણી બની ઘરનો વહીવટ કેવી રીતે ચલાવવો, ઘરમા રહેતા અનેક પ્રકારના સંબંધવાળા માનવીઓની સાથે કેવી રીતે વર્તવુ તે આ પુસ્તકમા સરસ રીતે વર્ણવી બનાવવામા આવ્યુ છે

'ઘરની રાણી' પુસ્તકને પાંચ ભાગમા વહેંચી નાખવામા આવ્યુ છે **પહેલો વિભાગ** સ્ત્રીની સુન્દરતાને સ્પર્શતો છે એમા સ્ત્રીએ સુન્દર શા માટે બનવુ ? કેવી રીતે સાચી સુન્દરતા મેળવવી, ચહેરાની સુન્દરતા કેવી રીતે વધારવી, કેશ–ગુંફનના વિવિધ પ્રકાર, વેણીની રચના અને તેનુ સૌંદર્ય, સોળ શણગારની કળા, સ્નાનનુ મહત્વ, સ્નાન કેવી રીતે કરવુ, સૌંદર્ય પ્રયોગો, વાળ અને તેનુ રક્ષણ વેણી–ગુંથનના પ્રાચીન તથા અર્વાચીન પ્રકારો, સૌભાગ્ય–ચાંદલો, ચાંદલાની વિવિધ ફેશનો તથા પ્રચલિત પ્રકારો, શૃંગારની વિવિધ સજાવટો, વસ્ત્રોનુ સૌન્દર્ય વસ્ત્રો, પહેરવાની કળા તથા તેની ફેશન, અલંકારો અને આભુષણો, કાન, ગળાના અલંકારોના અર્વાચીન ઢબના નમુનાઓ તથા ફેશનો તરેહતરેહની બંગડીઓ, કંગન, સુવર્ણ કંગનો, શરીરનુ આરોગ્ય, વ્યાયામની જરૂર, ઉપવાસ આદિ વિષયો એમા પુષ્કળ ચિત્રો સાથે દ્વિરંગી શાહીમા સુંદર રીતે આપવામા આવ્યા છે



ઘરની રાણી

વિવિધરંગી પુષ્કળ ચિત્રોસાથેનું પુસ્તક.

ઘ

ર

ની

રા

ણી

બીજા વિભાગમાં પતિને કેવી રીતે વશ રાખી તેને વશ બનાવવો તેની યુક્તિ–પ્રયુક્તિઓ બતાવેલી છે, સ્ત્રી જો ધારે તો પતિને પોતાને અનુકુળ બનાવી પોતાના ગરીબ અને નાના ઘરમા પણ સ્વર્ગનુ સુખ ઉતારી શકે છે સ્ત્રીએ કેવી રીતે પોતાના પતિને ખુશ રાખવો જોઇએ, તેનો પ્રેમ જીતવા તેણે શું કરવુ જોઇએ, પતિ કેવી રીતે પ્રસન્ન બની સ્ત્રીને વશ થઇ શકે વિગેરે વિષયો એમા સચોટ રીતે વર્ણવેલા છે આ વિભાગનુ સ્ત્રીઓ અધ્યયન કરી તેનો જો અમલ કરે તો અનેક સ્ત્રીઓ પોતાના દુખી તકરારી અને કલેશથી બળતા ઘરોમા પણ સોનાનો સુરજ

ઉગાડી શકે છે સ્ત્રીને પતિ સિવાય બીજું કોઇજ મીઠું નથી પતિનો પ્રેમ એજ પ્રભુનો પ્રેમ એટલે પ્રત્યેક સ્ત્રીઓએ આ બીજો વિભાગ તો ખાસ વાચવોજ જોઇએ આ વિભાગ પણ સચિત્ર છે આકર્ષક રીતે દ્વિરંગી શાહીમા તેને છાપવામા આવ્યો છે

તે પછીના ત્રણ વિભાગોમા જુદા જુદા ઘરોના ને સમયના સમાર ચિત્રો એટલા તો સજીવ અને આકર્ષક ઢગે આલેખાયા છે, કે તે વાચતાએ આપણુ-આપણા પડોશીઓના તથા આપણા અગત સગાઓના હોય એવુ જણાયા વગર રહે નહિ વઢકણી માસુઓને પ્રેમથી અને પોતાની કામગરીથી વશ બનાવી દેતી વહુઓ, સસરા અને જેઠોનો પ્રેમ સપાદન કરનારી વધુઓ તથા ઘર આખાને પોતાને કબજે કરી લેનારી પુત્રવધુઓના રસભર્યા, બુદ્ધિ, શિક્ષણ અને જ્ઞાનથી ઓપતા સસાર ચિત્રો એમા પાને પાને ભરવામા આવ્યા છે કુટુમ્બના કલેશને કેવી રીતે દૂર કરી શકાય, સાસુ, નણદો તથા જેઠ અને દીયરોને પ્રેમથી કેવી રીતે પોતાના બનાવી, ઘરનો કબજો મેળવી શકાય તેની ગુપ્ત ચાવીઓ લેખકે કુશળતાથી અદર જણાવી દીધી છે આ ત્રણે વિભાગો સ્ત્રીઓને ખુબજ વિચારશીલ વાચન પુરૂ પાડે છે, અને તે દ્વારા સ્ત્રી સસારને લગતુ તથા કુટુમ્બજીવનને લગતુ ઘણુ તેઓ જાણી શકે છે

આ પુસ્તકમા ૨૫૦ ઉપરાત ચિત્રો સુશોભનો છે ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકારોનો એમા સાથ છે શ્રી કનુદેસાઇ, સૌ ભદ્રા બ્હેન, કુ નલિનીબ્હેન માવાણી, શ્રી ભાનુ સ્માર્ત આદિના ચિત્રો એમા મુખ્ય છે પુસ્તકમા રાસ નૃત્યો, ગરબા, મેદી, ગોવ્રત અને બપૈયાના ચિત્રો પણ સુદર રીતે આકારેલા છે આ પુસ્તકની શરૂઆતના ભાગમા કુમારી નલિની બ્હેન માવાણીનુ બગાળી કલ્પનાનુ અને **માતૃપ્રેમનુ** ત્રિરગી ચિત્ર ખરેખર આપણા મનને મુગ્ધ બનાવે છે આવીજ રીતે આ પુસ્તકના અત ભાગમા મૂકવામા આવેલુ શ્રી ભાનુસ્માર્તનુ 'કૉન્સર્ટ અને પ્રેક્ષકો'નુ ત્રિરગી ચિત્ર પણ એટલુજ નયનમનોહર અને મનને લોભાવનારૂ છે એમા ચિત્રાકનની કલા સાથે આજના શિક્ષિત નારીસમાજની કેશ-ગુથનની કલાનો પણ રસિક પરિચય કરાવવામા આવ્યો છે આ ચારે ત્રિરગી ચિત્રો આખા પુસ્તકની બે પાખ જેવા સુશોભિત અને રળીયામણા બન્યા છે

આ પુસ્તકનુ સૌથી વિશેષ આકર્ષણ તો એનુ બોકસ છે જેવી રીતે 'સસ્કારલક્ષ્મી'ના બોકસ પર ચાન્લો કરતી સોહાગણનુ સુદર ચિત્ર આપવામા આવ્યુ છે તેવીજ રીતે 'ઘરની રાણી'ના બોકસ ઉપર ગુજરાતની કલા અને સસ્કારિતાનો પરિચય કરાવતી એક ગુર્જર કુલવધુનુ સુદર, આકર્ષક અને નયન મનોહર પચરગી ચિત્ર આપવામા આવ્યુ છે આ ચિત્ર અમારા શ્રી કનુ દેસાઇની અપૂર્વ કલા રચનાનો સજીવ પરિચય કરાવે છે બોકસની બીજી બાજુએ શ્રીમતી ભદ્રાબ્હેન દેસાઈનુ ત્રિરગી ચિત્ર છે આ ચિત્ર પણ આકર્ષક અને દેસાઈ દપતીની કલાનો પૂરો પરિચય કરાવનારૂ બન્યુ છે

અને **ઘરની રાણી**ની સૌથી નવીનતા તો એ છે, કે આ પુસ્તકને હાથમા લો કે તરતજ તેમાથી સુદર મધુર સુગધી આવે છે એના લોકપ્રિય પ્રકાશક પોતાના દરેક પુસ્તકમા કઈને કઈ નવીનતા કર્યેજ જાય છે. **ઘરની રાણી**ને તેમણે સુદર મિત્રોમા કલાયુક્તત રીતે શણગારી વાર્નીશવાળા બોકસમા મુકી, એટલુંજ નહિ પણ મધુર અને દીલને હરી લે એવી ખુશબો પણ તેમાં મુકી, જેવી રીતે સસ્કારી અને કુલિન, શિક્ષિત અને કહ્યાગરી સમજુ કુલવધુ, ઘરમાં આવતાંની સાથેજ પોતાના રૂપ ગુણોની મધુર સુવાસ ઘરમાં પ્રસરાવી દે છે તેવીજ રીતે આ પુસ્તક પણ એના રૂપ ગુણ અને કલાની મધુર ફોરમનો પરીચય કરાવે છે અંદર મૂકવામાં આવેલી મધુર સુવાસની જેમજ પ્રત્યેક ગુણસુન્દરીનાં ઘર સુગધ અને આનંદથી કિલ્લોલી ઉઠો–પ્રત્યેકના ઘરમાં કુટુમ્બપ્રેમ, સાચ્ચા સસાર જીવનની મજાહ અને દૈવીપ્રેમના આનંદની ઝાકમઝોળ ઉડો એવી શુભ ભાવના આ ફોરમની પાછળ રહેલી છે અને આવા ઉમદા, શુભ હેતુ માટે પ્રકાશક આપણા અભિનદનને પાત્ર છે

આમ **ઘરની રાણી** એ વહુઓ–કન્યાઓ અને તરૂણીઓ માટેનુજ નહિ, પરન્તુ પુરૂષો અને સ્ત્રીઓ માટેનુ એક અનોખુ પ્રકાશન છે દરેક સસ્કારી અને શિક્ષિત કુટુમ્બોમા એ અવશ્ય હોવુ જોઇએ સ્ત્રીઓને વહુઓને, કોડભરી કન્યાઓને શુભ પ્રસગે, નવા વર્ષે કે જન્મદિન પ્રસગે ભેટમા આપી શકાય એવુ આ એકજ પુસ્તક અમને જણાય છે અમો અમારા વાચકોને એ ખરીદવાની આગ્રહભરી વિનતિ કરીએ છીએ સુદર સામગ્રી, ૨૫૦ ઉપરાત ચિત્રો, આકર્ષક પચરગી સુવાસીત બોકસ અને આખને ઉડીને વળગે એવુ રૂપાળુ મુદ્રણ જોતા કિમત રૂ। ૬–૧૨–૦ યોગ્યજ છે વી પી ખર્ચ ૦–૧૨–૦ અલગ

આફ્રિકાના ઘરાકો તરફથી ચૌદ શીલીંગ મળતા પુસ્તક ઘેર બેઠા મળશે.

‘**ઘરની રાણી**’ પ્રગટ થતાની સાથે ટુક સમયમાજ લોકપ્રિય બની ગયુ છે શ્રી ડુગરશી સપટે સ્ત્રી–જીવનના પ્રશ્નો એમા સુદર રીતે છણી તેને સજીવ બનાવ્યુ છે સ્ત્રીઓને વિવિધ પ્રકારનુ જ્ઞાન આપી શકે, તેમને સસારમાર્ગના મક્કમ સુકાની બનાવી શકે એવુ આ માત્ર એકજ પુસ્તક છે **ઘરની રાણી** પ્રત્યેક ઘરમા હોવુજ જોઇએ એવો અમારો આગ્રહભર્યો મત છે. પુસ્ત નીચેને ઠેકાણેથી મળી શકશે

એન. એમ. ઠક્કરની કંપની.

બુકસેલર્સ પબ્લીશર્સ

૧૪૦, ગોવિદ બિલ્ડીંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨



"કોયલા"



ઘૂઘવાતા સમુદ્રે પહાડ પર આક્રમણ કરતા કહ્યું —

'હું મહાન છું

પહાડે ઉપેક્ષાથી એના આક્રમણને પાછો હઠાવતા કહ્યું —

'હું મહાન છું'"

—અને ત્યારે આસમાનથી કડકતી વીજળી પડીને સમુદ્રને-સૂકવી નાખ્યું અને પહાડને બાળીને ભસ્મ !

બન્નેને હતા ન હતા કરી દીધા ! !

* * *

એ વાત પેઢીઓ સુધી હતી અને તેઓ જન્મભર બળતા રહ્યા

એક દિવસે સ્મશાનની એ કાળી ભૂમી પર બે ચિત્તાઓ બળી અને ઠંડી થઇ રાખ એકબીજાને અડકી ઉડી ગઇ.

જેઓ એકબીજાથી અસંત ઘૃણા રાખતા હતા તેઓ પોતાની ધૃણાને પણ રોકી શક્યા નહિ !

* * *

—ઇબ્રાહીમ ગુરૈયા] [પોરબંદર

જીવન—સંધ્યા



સુર્યાસ્ત થઇ ચુક્યો અને સિતારો દિવસની સમાપ્તિની ખબર આપી રહ્યો છે એ મારા પૂજનિક, જ્યારે હું આ "જગતના પરિમલ-તરંગો"થી કૂચ કરૂં ત્યારે મારા ભગ્ન હૃદયને ઘૃણા ન ઉપજે

જ્યારે મારી નાવ જીવન-અસ્તિત્વના ઊંડા અને ગહન સમુદ્રને ઓળંગે, ત્યારે એ મારા પ્રભુ, એના ભયંકર તરંગોમાં વિપ્લવ ન જાગે.

મારી જીવન-દીપિકા એક પરોઢ-દીપની જેમ ટમી ટમી રહી છે અને તેના પછીની તિમિરતા વ્યથાની આપી એ મારા પરમેશ્વર જ્યારે મારી વિદ્યમાન-દીપિકા ઓલવાઇ જાય, ત્યારે હું લેશ માત્ર પણ ભયભીત ન બનું

અફસોસ ! હું તરતજ આ ક્ષણભંગુર જગતને છેલ્લા પ્રણામ કરૂં, જેથી તેને-જેણે મને સર્જ્યો છે—એકવાર પુનઃ જોઇ લઉં !"

*સુચિત

'ખામોશ'] [કુતિયાણા

કુર્આન

અલ્લાહ તઆલાનુ ફરમાન

(૨૭૬) હે ઈમાનવાળાઓ! ખુદાપાકથી ડરવાનો જે હક છે તે પ્રમાણે ડરો અને ઈસ્લામ સિવાય બીજી કોઇ હાલતમા પ્રાણ આપશો નહિ અને સર્વ એકત્ર થઇ ખુ(ના દીન)ની રસ્સીને મજબૂત પકડી રાખો અને એક બીજાથી છુટા પડો નહિ, તથા તમારા ઉપર ખુદાનો જે ઉપકાર છે તેને યાદ કરો કે જ્યારે તમો (એક બીજાના) દુશ્મન હતા, ત્યાર પછી ખુદાપાકે તમારા દિલોમા પ્રેમ રેડયો તો હવે તેની કૃપાથી તમે ભાઇ ભાઈ બની ગયા, અને (જો કે) તમો દોઝખના એક ખાડાને કિનારે (પહોચી ચૂકયા) હતા છતા ખુદાપાકે તમને તેમાથી ઉગાર્યા, એવીજ રીતે ખુદાપાક તમારા માટે (બીજા પણ) હુકમો બયાન કરે છે કે જેથી તમે સીધી રાહ પર કાયમ રહો

× + + ×

(૨૭૭) બેશક (સૌથી) પહેલુ ઘર જે લોકો માટે નિર્માણ થયુ તે ઘર છે જે મક્કા (શહેર)મા છે તે બરકતવાળુ અને જગત માટે માર્ગદર્શક છે તેમા ઘણી સ્પષ્ટ નિશાનીઓ છે જે પૈકી એક (નિશાની) મકામે ઇબ્રાહીમ છે અને વળી જે કોઈ તે(ની હદ)મા દાખલ થાય છે તે તો અમન (સલામતી) મેળવે છે અને ખુદાને (રાજી કરવા) માટે (તે) લોકોને શિર આ ઘરની હજ્જ (ફર્ઝ) છે જેઓ ત્યા સુધી પહોચવાની શકિત રાખતા હોય અને જે કોઈ ન માને તો ફરી ખુદા-પાક પણ કુલ જહાનથી બેપરવા છે (કુર્આન)

× × × ×

(૨૭૮) ખરેખર જેઓએ ઇમાનને બદલે કુફ્ર લીધુ તેઓ (પણ) ખુદાનુ કઈ બગાડી શકશે નહિ અને તેઓને માટે દુખ-દાયક અઝાબ છે અને કાફિરો એમ ન સમજે કે અમે તેઓને જે મોહલત આપીએ છીએ તે તેઓને માટે કઇ બેહતર છે (કદિ નહિ બલ્કે) અમે તેમને એટલા માટે ઢીલ આપીએ છીએ કે જેથી તેઓ (પોતાના) પાપોમા વધારો કરે અને (આખેરતમા) તેઓને માટે હલકાઈ કરનાર અઝાબ છે (કુર્આન)

સંપાદક-મો૦ અબ્દુર્રહીમ—

ઇસ્લામી શિક્ષણ

રસૂલુલ્લાહ (સલ૦)નુ ફરમાન

(૨૭૬) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે ખચિત હલાલ જાહેર છે અને હરામ પણ જાહેર છે પરતુ હલાલ અને હરામની વચ્ચે સદેહની વસ્તુઓ હોય છે જેને ઘણા લોકો જાણતા નથી તો જેણે સદેહની વસ્તુથી પરહેજ કરી તે પોતાના દીન તથા આબરૂને સલામત લઈ ગયો. અને જે સદેહની વસ્તુમા પડયો અને તે હરામમા પણ પડયો જેમકે ભરવાડ હેમા કહેતા રોકેલી જમીનની આસપાસ (જનાવરો) ચરાવશે તો નજીક છે કે તે (જનાવરો) હેમામા પણ ચરશે સાભળો કે બેશક દરેક બાદશાહની એક હેમા હોય છે અને ખચિત જાણી લો કે અલ્લાહની હેમા તે તેની હરામ કરેલી વસ્તુઓ છે જાણી લો કે બેશક શરીરમા એક માસનો ટુકડો છે કે જ્યારે તે ઠીક હોય છે ત્યારે આખુ શરીર ઠીક હોય છે અને જ્યારે તે બગડે છે તો આખુ શરીર બગડે છે જાણી લો કે તે ટુકડો દિલ છે (સહીહૈન)

* * *

(૨૭૭) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે ખચિત અલ્લાહ તમારે માટે ત્રણ વસ્તુ પસદ કરે છે અને તમારે માટે ત્રણને નાપસદ કરે છે જે તમારે માટે પસદ કરી છે તે (૧) તમો તેની બદગી કરો અને અન્યને તેનો શરીક બનાવો નહિ (૨) તમો બધા એકત્ર થઇ ખુદાની રસ્સી (કુર્આન, હદીસ)ને પકડો અને (માહોમાહે) ફુટ ન નાખો (૩) અલ્લાહે તમારા ઉપર જેને હાકિમ નિર્માણ કર્યો હોય તેનુ ભલુ ઇચ્છો અને જે તમારે માટે નાપસદ કરી છે તે (૧) નકામી વાતચીત કરવી. (૨) વગર હાજતે ઘણો સવાલ કરવો અથવા ફોગટ વાતો પૂછવી (૩) કમો કે માલ જાએ કરવો (મુસ્લિમ)

* * * *

(૨૭૮) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે તારાઓ આકાશ માટે પનાહ છે તો જ્યારે તારાઓ જતા રહેશે તો જેનો વાયદો થયો તે આકાશમા આવશે (એટલે તૂટી જશે) અને હુ મારા સહાબા માટે અમન છુ તો જ્યારે હુ જઇશ તો જેનો વાયદો થયો તે સહાબામા આવશે (એટલે ફૂટ પડશે) અને મારા સહાબા મારી ઉમ્મત માટે પનાહ છે તો જ્યારે મારા સહાબા જશે ત્યારે મારી ઉમ્મતને જેનો વાયદો થયો તે આવશે (એટલે ફસાદ અને બિદઅત લોકોમા પ્રગટ થશે (મુસ્લિમ)

—સાદિક સા૦ રાંદેરી

૭૮૬ "નઝમે કુર્આન" ૭૮૬

(સર્વ હક સ્વાધિન છે)

(જ૦ ' ગાલિબ સા૦ની પરવાનગી વિના કોઇએ છાપવુ કે પ્રગટ કરવુ નહીં)

(" અલિફ—લામ—મીમ "કા તીસરા રૂકુઅ)

ખુદા બેશુમા ઐસી બાતસે શરમિન્દા કયૂ કર હો
મિસાલ અદનાસે એક મચ્છરકી લાએ યાકે બઢકર હો.
જો મૌમિન હૈ વો હે માલૂમ હૈ હક ઉનકે રબસે હૈ
યે કયૂ કર હૈ? યે કૈસે હૈ? યે કયા હૈ? કિસ સબબસે હૈ!
જો કાફિર હૈ વોહ કેહતે હૈ યે કયા અલ્લાહને ચાહા
મિસાલ ઐસી કહી જૈસે કોઇ હસકર કહે આહા
ઇન્હીં બાતોસે બહોતેકો ખુદા ગુમરાહ કરતા હૈ
ઇન્હીં બાતોસે બહોતોકો ખુદા આગાહ કરતા હૈ
નહીં ગુમરાહ કરતા હા મગર એક ફેક વાલેકો
ઝમાને દાયમી બખ્શા ગયા જિન બે—કમાલેકો
ખુદાસે વાઅદા કરકે અહદકો જો કાટ દેતે હૈ
કુવોકા બોજ લેતે હૈ મગર ફિર પાટ દેતે હૈ
ખુદાકે હુકમસે વોહ તોડતે હૈ જિસમે મિલના થા
મગર ઇનકો તો દુન્યામે ફસાદી બનકે રેહના થા
યેહી વોહ લોગ હૈ જો હૈ ખસારા પાનેવાલો મેં,
યેહી હૈ અપને જાનમે હી ફસકર આનેવાલો મેં
યે તુમ ઇન્કાર કૈસે કરતે હો અલ્લાહ બરતરસે
કે જબ તુમ મુર્દા થે ફિર તુમકો કર દિયા જિન્દા
તુમ્હે ફિર મારેગા તુમ્હે ફિર જિન્દા કર દેગા
તુમ્હે ફિર ઉસકી જાનિબ લૌટ જાઓગે યે ગમ કૈસા
વહી જિસને કે તુમ સબ પર પૈદા કર દિયા સબ કુછ,
જો કુછ ભી હૈ ઝમીમે ઉસને પૈદા કર દિયા સબ કુછ
ફલકકા કસ્દ રખ્ખા તો બરાબર સબકો યૂ રખ્ખા,
યેહી સાત આસમા રખ્ખે ન યૂ રખ્ખા ન યૂ રખ્ખા
ઉસે હર ચીઝકા હૈ ઇલ્મ વોહ પેહચાન લેતા હૈ
બહોત કુછ જાનતા હૈ ઔર બહોત કુછ જાન લેતા હૈ

(તીસરા રૂકૂઅ ખતમ)

અઝ-અબ્દ નામ "ગાલિબ" દીની નિઝામી બઓદવી

"બાવન જટિલ જાગ છે બાવનથી બહાર જા
બાવનથી બહાર જશે તો પાવન બની જશે"

—શયદા

'નવચેતન'વાળા ચાંપશીભાઈને પ્રેમાંજલિ આપતા શ્રી 'શયદા(એ, રજુ કરેલી ઉપલી પંક્તિમાં) કંઈ ફિલસુફી સમજાવવા માગે છે તે તો તેઓજ જાણે એ માન્યુ કે ચાંપશીભાઈ 'બાવન'મા છે પરંતુ તેથી તેઓ જટિલ જાગમા પણ છે એ કેમ કહેવાય? બાવનમા વરસમા પ્રવેશ કરનાર દરેક જટિલ જાગમાજ પ્રવેશ કરે છે એમ તે શી રીતે કહેવાય! વળી શ્રી શયદા તો હુ ધારુ છુ ત્યા લગી હજી 'વન'મા પણ પેઠા નથી ત્યા તેઓને એ 'બાવન'ની જટિલતાનો અનુભવ ક્યાથી? એ ખરુ છે કે શાયરીને અને અનુભવને વધુ સબધ નથી, નહિતર કેટલાક શાયરો યૌવનમા પ્રવેશના પહેલાજ ભક્તિરસના અને ત્યાગના કાવ્યો ન લખી શકત આમ છતાય એ બાવનની જટિલ જાગનો ઉકેલ હજી મારાથી સમજાયો નથી એક વિચાર એ થાય છે કે 'બાવન'જ જટિલ જાગ શા માટે? શુ જીવન જટિલ જાગ નથી? અને તેથી જીવન જટિલ જાગ છે જીવનથી બહાર જા જીવનથી બહાર જશે તો ? પરંતુ જીવનથી બહાર જવાનો વિચાર આવતાજ આખોમા અધારા છવાઈ જાય છે અને શાયરીનો બધો નશો ઉતરી જાય છે ત્યારે બીજો વિચાર સૂઝે છે કે, એ વન જટિલ છે તુ 'વન'થી બહાર જા


તુ વનથી બહાર જશે તો એકસઠ બની જશે આ ફેરફારજ! ...નિક લાગે છે ...ગણુ કે એમા બાવન નહિ પણ આખાએ 'વન'નો કિંવા એકાવનથી અઠ્ઠાવન સુધીનો આકડો આવી જાય છે અને ઓગણસાઠ અને સાઠ

પોઠ

એ તો એકસઠના સગાવહાલાજ લેખાય ત્યારે આમ જોતા તો 'વન'માથી બહાર જતા 'સઠ' બની શકે છે, પાવન નહિજ પરંતુ 'સઠ' એ શબ્દ લોકો 'શઠ'ની પેઠે વાચે કેમકે—આપણે ત્યા 'રસિયા' અને 'રશિયા'નો તફાવત જાણવાની વધુ ભાંજગડમા ઓછા લોકોજ ઉતરે છે અને આમ જોતા એ આશિષ ઉલટી શાપ બની જાય છે એટલે એ પણ નકામુ ત્યારે? સીધી સાદી વાત એ છે કે એ પંક્તિ આમ વચાય તો—

'બાવનથી બહાર જશે તો ત્રેપન બની જશે'

શુ કહ્યુ ત્રેપનનો કશો અર્થ નથી? વાહ સાહેબ એના અર્થ સાથે શી નિસ્બત! 'બાવન'થી નીકળી 'પાવન' બનાય કે નહિ એ તો એ માણસના આચાર પર નિર્ભર છે પરંતુ 'બાવન'થી બહાર નીકળતા 'ત્રેપન' તો બનીજ જવાય છે એને માટે કશાય બધન યા શરતની જરૂર નથી બાવનથી બહાર નીકળવાની વાત બાવનથી બહાર નીકળ્યા કે સીધા ત્રેપનમાજ હવે એય ન માનવુ હોય તો અમારા દોસ્ત અદાજીએ એક નવુજ દ્રષ્ટિકોણ શોધી કાઢ્યુ છે એમનુ મતવ્ય છે કે બાવન જટિલ જાગ છે એ પંક્તિ મૂળ બાવનની રમતમાથી ઉદ્ભવી લાગે છે બાવનની રમત એટલે બાવન પત્તાની રમત જટિલ જાગને તેઓ એમ ફીટ કરે છે કે બાવનમા રહે છે ત્યા લગી દરેક પત્તુ પોતે રમત જાળમા એક કરેદાર (ડાયરેક્ટર કરનાર નહિ) કિંવા પાત્ર તરીકે ગુથાઈ રહે છે અને એક બીજાથી સાકળાતુ રહે છે જેમકે



બાદશાહ રાણી ગુલામ એક્કો, દુરી વગેરે હવે જે પત્તુ આ બાવન નથી હોય છે કિંવા ત્રેપનમુ હોય છે તેને આ જટિલ જાગ સાથે કશી લેવા દેવા નથી હોતી કિંવા તે કશેથી

પાનન હોય કે એ 'પાનન' પત્તાનું નામ 'જોકર' હોય છે એટલે પંક્તિ આમ લખાઈ હોત તો આ ગુંચવાડો ઉભો ન થાત

'પાવનથી બહાર જશે તો 'જોકર' બની જશે'

પરંતુ ચાપશીભાઈ જેવા સજ્જન માટે આવો શબ્દ નજ હોય, અને 'શાયદા' જેવા એમના નિખાલસ મિત્રના મનમાં એનો વિચાર સરખો પણ ન ફરકે એ તો જરા એન ટિની ખાતર હુજ લખું છું બન્ને માનનીય મુરબ્બીઓની ક્ષમા સાથ

• • •

પોતાની પ્રિયતમાની 'જમના તટ પર રાહ જોતા એક નિષ્ફળ પ્રેમી અને હાનકડી-ઘડીવારમાં નષ્ટ પડી જાય તેવી ગગનડીવાળો કવિ લખે છે કે —

'જો તું આવે તો આ જગથી અમે આવી ખસી જઇએ
ક્ષિતિજથી પર અનોખી કોઈ દુનિયામાં વસી જઈએ'

સુન્દર શબ્દોનો મનમસ્ત બુરખો ઉતારી નાખીને ઉપલી પંક્તિને એના ખરા રૂપમાં કિંવા અર્થમાં સમજવાની કોશિશ કરીએ તો શું દેખાશે? વાણીના દુરૂપયોગ નરી અસભ્યતા જમના તટ પરથી આઘા ખસીને 'જમના'માં ભુસકો ન મારી શકનાર આ જગથી આઘા ખસવાની વાતો કરે છે! જાણે આ જગથી આઘા ખસવાનું તે ગુગનથી મુંબઈ નાસી જવાનું હોય તેમ ક્ષિતિજથી પરની અનોખી દુનિયા! (અહાહા કલ્પના તો સુંદર છે!) પરંતુ એ દુનિયામાં તો આસ્માન જમીન જવામાંજ રહેવા જાય છે, ત્યાં પ્રેમીને માટે જગ્યા ખાલી મળશે કે કેમ? એ એક સવાલ છે અર્થ બુઝયા વગર શબ્દોના ઠેકાણાથી કાવ્ય રચના કરનારે એ કવિતાની પહેલી લીટીનો "અમે" શબ્દ શું સૂચવે છે? અમે એટલે તમો એકલાજને 'કેમકે એમાં 'તું' ઉમેરાય તો પછી 'આપણે' કહેવું જોઈએ "અમે" નહિ એમ છતાં "અમે" એટલે એકનાજ અનોખી દુનિયામાં ચાલ્યા જવાના હોવ તો પછી એમની પ્રિયતમા જમના તટ પર આવતા તેનું શું થશે? એમના જેવા બીજા કોઇ તેને પણ મળી આવશે એમ સમજને?

• • •

"ભણેલા મુસલમાનો હિન્દુ ગુજરાતીઓ જેવુંજ ઉચ્ચારણ કરે છે વિદ્વાન મુસલમાનોના ગુજરાતી ઉચ્ચાર વિદ્વાન પારસીઓ કરતા પણ શુદ્ધ હોય છે વળી ગુજરાતી, એ ગુજરાતના જેવું જ મુસલમાનોની સ્વાભાવિક બોલી છે"

—પ્રોફેસર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
(કૈસરે'માંથી)

અને છતાંય તેઓ ગુજરાતી સાહિત્યમાં હરિજન જેટલુંય માન મળવી શકતા નથી અને છતાંય તેમને કોઈ સુવર્ણચંદ્રક અપાતો નથી એમનું કોઈ લખાણ પાઠ્ય હોવા છતાં ક્યાંયે એકાદ વેળા પણ પાઠ્ય પુસ્તકોમાં, મેટ્રિકની ગુજરાતી બુકમાં યુનીવર્સિટીના ગુજરાતી કોર્સમાં લેવાતું નથી એમને ખાસ આમંત્રિતો તરીકે નોતરવામાં આવતા નથી અને એમના ગામમાં ક્યાંયે સમારંભો ગોઠવાતા નથી ક્યાં રહે છે એ મુસ્લિમ વિદ્વાન? ગુજરાતમાં કે ગુજરાત બહાર? પારસીઓમાંથી તો બે ચાર પણ પરખાયા એક તો સાહિત્ય પરિષદના પ્રમુખપદ પણ બિરાજ્યા (જો કે એ ખુરસી સાથે ડગમગતીજ રહી અને એમને ત્યાંથી ઉઠવુંજ પડ્યું!) પરંતુ બિચારા મુસ્લિમ વિદ્વાનો જેવું ટગ સ્વાભાવિક ગુજરાતી બોલવા છતાં સાહિત્ય પરિષદમાં શોધ્યા જડતા નથી આ તો પેલી ગત થઇ કે ઘર બહાર નમાજ, પણ ઘર અંદર?

• • •

'દીવાની ઝમકો એક બે ટુક હૃદય
તેની ફુનાવી ધ્યે'

પ. પૈતાગ (ચિત્રપટ)

પરન્તુ પંડિતજીને ખબર નહિ હોય કે અમે શુકનીઓ એક કાંકરે બે પક્ષી મારનારા છીએ ત્યાં 'બેનાવી' હાથમાં આવે તો પછી છોડીએ? જુઓને અમારા એક તનીગજે એ બેનાનીથી એવો શિકાર કર્યો છે કે એક તરફ આખો અંક 'સીનેમા' પ્રશસ્તિથી ભરી દીધો છે એટલે એક ગોળી વાગી સીનેમાવાળાઓને બીજું આ અંક રૂપીઆ એકની કિંમતે બજારમાં મૂક્યો છે એટલે વાચકોને બીજી ગોળી વાગે આમ બેનાનીથી બેવડો મારો કરીને દિવાનીની એ બન્દુકથી લાભ ઉઠાવ્યો છે અને એ તો એજ કે આપણે જોઈએ, 'દુન્યા ગૂંતી હય ઝુકાનેવાલા ચાહીએ'

• • •

શાયરો કેવા ધુની હોય છે એની કેટલીક માહિતી હિંદના ક્રાન્તિકારી કવિ 'જોશ' પોતેજ પોતા સંબંધી લખેલા લેખમાંથી મળી આવે છે એમાંની હું થોડીક એક ઉર્દુ માસિકમાંથી રજુ કરું છું તેઓ લખે છે કે—

(૧) એક વેળા હું સ્ટેશન પર ફરી રહ્યો હતો એટલામાં ટ્રેન આવી હું ટ્રેનમાં જોતો જોતો પ્લેટફોર્મ પર ચાલવા લાગ્યો એકાએક એક ફર્સ્ટ કલાસના ડબ્બામાં મારી નજર પડી, તો મારા એક ખાસ પ્રિય મિત્રને ત્યાં બિરાજેલા જોયા હું સ્નેહભર્યા જુસ્સા સાથે એમને ભેટવા એમના પ્રતિ ધસ્યો તેઓ પણ બારીની પાસે આવી ઉભા એમના ચ્હેરા પર મને મળવાની કેવી ઉત્સુકતા તરવરતી હતી એ પૂછશોજ ના

પરન્તુ જેવો બારીમાં ડોકીયું કરી હું એમના સાથે હાથ મેળવવા જાઉં છું ત્યાં તો કંઈક વસ્તુના તૂટવાનો અવાજ આવ્યો મારા માથામાંથી લોહી ટપકવા લાગ્યું અને તે પ્રિય મિત્ર અગાએક ત્યાંથી છુ થઈ ગયા જાણો છો એ મિત્ર કોણ હતા? બારીના કાચમાં મારું પોતાનું દેખું પ્રતિબિંબ! કિંવા હુંજ મારો મિત્ર હતો

• • •

(૨) એક નવજવાન મિત્ર સાથે હું એક બાદની એક સુંદર જગ્યાએ બેઠો હતો એટલામાં ત્યાંથી એક મોટર પસાર થઈ મોટરમાંના બુઝુર્ગ વ્યક્તિએ મને સલામ કરી અને મેં તેમને પણ સલામ કરી

મોટર દૂર ચાલી ગઈ એટલે મેં મારા મિત્રને દર્દનાક શબ્દોમાં કહ્યું, "જોયુને! જીવનમાં આવાજ મૂર્ખાઓ મળી આવે છે ન જાણ્યું ન પહેચાન અને સલામ સાહબ" આવું બોલતાની સાથે મેં મારા મિત્ર પ્રતિ જોયું તો એનું મો ઉતરી ગએલું દેખાયું એનો પીળો પડેલો ચહેરો જોઈને મને સહસા સ્મરણ આવ્યું કે 'મોટરમાં જનાર અને સલામ કરનાર તો એ મિત્રના બાપ હતા'

• • •

(૩) એક દિવસ બોરીસ જવાનું મોડું થયું હતું એટલે વહેલો વહેલો હું કપડા પહેરી બહાર નીકળ્યો એટલામાં મારી પાછળ નથા બાળકોનો ખડખડાટ જોરથી હસવાનો અવાજ આવતા હું ઉભો હતો ત્યાંજ સ્તબ્ધ થઈ ગયો કંઈક ભાન આવતા શું જોયું કે બધાજ કપડા પહેર્યાં છે પરંતુ પાયજામો પહેરવાનું ભૂલી ગયો છું

• • •

(૪) રાતના મિત્રો સાથે ફરવા નીકળ્યો હતો પગે ચાલતા ચાલતા અમે પોલીસ ગેટ આગળ થઈને પસાર થયા એટલામાં પોલીસે કોઈ કારણસર જોરથી વ્હીસલ મારી હું એકદમ થંભી ગયો અને મિત્રને કહેવા લાગ્યો કે 'જરા જુઓ તો 'બ્રેક લાઈટ' બતલાઈ ગઈ છે કે શું?" મારો મિત્ર હસવા લાગ્યો

જરા વાર પછી મને ભાન આવ્યું કે હું તો પગે ચાલી રહ્યો છું મોટરજ નથી ત્યાં બ્રેક લાઈટ શાની હોય!

• • •

ફૂલ ખરણીઓ

* સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે શેઠી વિદ્યાગૌરી નીલકંઠની વરણી થઇ છે એ જાણ્યા પછી એમાં કોઇને કંઇ પૂછવાનું રહેતું નથી કેમકે બહેનોને આગળ લાવવાની ભારે જરૂર છે!

° ° °

સાહિત્ય પરિષદનું અધિવેશન વડોદરામાં મળવાનું છે અને એ માટે વડોદરા સરકારે રૂ ૭૦૦૦)ની સહાયતા કરી છે આ વાંચ્યા પછી ગુજરાત-કાઠીઆવાડના નવાબો પણ સાહિત્યને ઉત્તેજન આપવા પરિષદો બોલાવશે એમ માનવાની જરૂર નથી કેમકે એવા નકામા નાણાં બરબાદ કરવામાં તેઓ સંમત નથી

° ° °

* ટોપી માથાનીજ મળે તો સારૂં પરંતુ બૈરી માથાની ન મળે તોજ સારૂં આમ છતાં બૈરી માથાની મળી છે અને ટોપી માથાની નથી મળતી! મને નહિ! શેખચલ્લી અને હકમનને

* એક કરીઅ ટીમ વિના પત્રવ્યવહારમાંથી નીચેની લીટીઓ ઉતારૂં છું

ઘાયલ તમે ઉસ્તાદ છો પણ મા l નહિ
માત ઉસ્તાદ અસર સોનેરી'
ગાજુદ છે
મેડકમ તમને મારા શાગિર્દ લાયક
કયા ગણ્યા છે કે કયા તેના બરા
બર બનાવ્યા છે કે ગુરૂ અને
શિષ્યની વિનાને જન્માવી

(ઇસ્માઇલી આફતાબ)

મને તો આજેજ ખબર પડી કે 'અસર' સાહબ પણ ઇસ્લાહ કરે છે વાહ 'ઉસ્તાદ!' અમને ઘણી વેળા મળવા છતાં કંઇ વાત સરખી પણ ન કરી, બીજું તો કંઇ નહિ મારે એ ઇસ્લાહ કેમ થાય છે તે જોવું છે કારણ કે ગુજરાતી કાવ્યો તો વધુ પ્રમાણમાં 'ઇસ્લાહ' 'ઉસ્તાદ' 'શાગિર્દ' વગેરે લફરાથી મુક્તજ હોય છે



સુરતના જાણીતા ફૈજુ લાહભાઇ કુટુંબના નબીરા અને સાહિત્ય-પ્રેમી બિરાદર

યુસુફ એ કે ફૈજુલ્લાહભાઈ "બેખુદ"

ની શાદી ખાના આબાદીની પાન-ગુલાબની મજલિસ જુમ્અ તા ૫ ૧૧-૪૩ની ૫ ૦ના ર ખાનામાં આવી હતી સુરતના કલેક્ટર મી૦ વૈદ્ય સા૦ અને હિઝ હોલીનેસ નામ૦ મુલ્લાજી સા૦, માઝુન સા૦ અને ભાઇ સાહેબો અને જાણીતા હિન્દુ-મુસ્લિમ-પારસી ગૃહસ્થોની હાજરી ધ્યાન ખેંચી રહી હતી, કળાત્મક મંડપની ગોઠવણી મહમાનોનું દિલ હરી લેતી હતી આઇસક્રીમના લાઇટ રિફ્રેશમેન્ટ પછી એક ભવ્ય અને શાનદાર વરઘોડો નીકળ્યો હતો, જે ખાસ બજારો લત્તાઓમાં ફર્યો હતો વરઘોડો નિહાળવા માટે ઠેરેઠેર રસ્તાઓ ઉપર માનવ મેદની જામી પડી હતી અમે બિરાદર 'બેખુદ' અને તેમના કુટુંબીઓને દિલી મુબારકબાદી અર્પીએ છીએ —તંત્રી

આવાઝકી દુન્યા

સંભળાવનાર 'બેતાર'

મોરચાની ત્રિકોણુ પરિષદ સફળતાથી પાર ઉતરી છે અને નાઝીઓનો ઘાટ ઘડવાની યોજના પુરેપુરી નક્કી થઈ ગયાની વાતો વાતાવરણમાં વહેતી થઈ છે. રુઝવેલ્ટ વગેરે પોત પોતાના મથકમાં આવીને ભરાઈ ગયા છે. કહેવાય છે કે આ પરિષદથી મિત્રો નિકટ હતા તે કરતા પણ વધુ નિકટ આવી ગયા છે. હાથોહાથ ભેટવાને બદલે [illegible] લાગી ગયા છે. અમેરિકાએ તો ખુલ્લા દિલે જાહેર કરી દીધું છે કે લડાઈનો બોજો બ્રિટિશરોએ પોતાને માથે ઉપાડી લઈને અમને અમેરિકનોને [illegible] બચાવ્યા છે. એમ તો સૌ પોત પોતાનું ઉપરાણું [illegible] મિત્રોના નાના નાના સંધા વાંધા મટી ગયા છે ને [illegible] મુજબના [illegible] મજબુર થઈ [illegible] એવું સંભળાય છે. આમ [illegible] મોરચાઓના માથે તાગી મૂકવાના [illegible] પાણી રહ્યું છે. નાઝીઓ યુક્રેનને મેદાને [illegible] અને ઈટાલીમાં પણ બ્રિટિશ-અમેરિકન લશ્કરોની ધીમીધીમી કૂચને પ્રતાપે પાછા હઠતા હઠતા [illegible] થઈ ગયા છે. આ સખાવત ઉપાડને બદલે પડતી વેળા તો કદાચ રોમથી આગળ પણ વધી ગયા હશે.

[illegible] સાહેબ અને [illegible] ની પધરામણી થયા પછી હિંદના [illegible] પણ [illegible] થતા છે. [illegible] પડે [illegible] કહેવાનું કે એમ તો [illegible] પહેલા [illegible] તૈયારીઓ [illegible] હશે તો [illegible] કે

'[illegible]
[illegible] કરીને પડો [illegible] છે આગે"

આમ લડાઈ હિંદની નીકટ અને હિંદ લડાઈની નીકટ આવી લાગ્યા છે તેમ તેમ જખમદારનું [illegible] પણ તેજ થતું જાય છે. આટઆટલી મદદ [illegible] ગઈ છતા [illegible] અંકુશ [illegible] થતા નથી. વળી કોઈ અમેરિકન મહાશયે તો ભવિષ્ય ભાખ્યું છે કે ૧૯૪૮માં તો આખા જગતમાં જખમદારે [illegible] જો યુરોપમાં જખમદારે [illegible] તો અમેરિકા પણ ઉગરવાનું નથી. આમ જખમદારની [illegible] આગળ વધતી જાય છે અને ચારે બાજુથી મિત્રોને વિજય પ્રાપ્ત થતા જાય છે [illegible] એ તો કોઈ ચેન્દ્ર જાણતા નથી. [illegible] તો જખમદાર [illegible] એ [illegible] ત્રીજી વાત છે. હિંદમાં [illegible] આગમન [illegible] થયો કે અનાજની દુકાનો [illegible] સરકારી અમલદારોથી [illegible] નહીં ગઈ છે. હિંદમાં તો [illegible] વાત સિવાય બીજી બધી [illegible] પર [illegible] ગયો છે. [illegible] ના [illegible] પણ [illegible] ગયા નથી! [illegible] માણસો [illegible] થઈ ગયા, [illegible] કરી કરીને [illegible] નીકળી ગઈ [illegible] નમાલી [illegible] છે અને પ્રભુ પણ આ [illegible] અને કેમ ન [illegible]

વિજ્ઞાનને જોરે વિભુને હરાવવા નીકળેલો ભૂરા માથાનો માનવી પોતાનાજ સરજેલા વિજ્ઞાન વડે અંદરો અંદર કપાઈ રહ્યો છે ત્યાં વિભુ બેઠો બેઠો તમાશો કાં ન જુવે? નટરથના કેમ ધારણ ન કરે? પણ ભલા ભગવાન એ પશ્ચિમની પાપડી સાથે આ પૂર્વની ઇયળ પણ બફાઈ રહી છે તેનું શું? શું કંઈ પૂર્વના પાપોની સજાનો સૂક્ષ્મતર રૂપ હેતો નથી? ખુદાકી બાતે ખુદા જાને?

●

ગમે તેટલી કાગળોની અછત અને ગમે તેટલી મોંઘવારી છતાં રાતાપીળા રંગના પચરંગી દીવાળી અંકો નીકળ્યા છે. જેમ અનાજની ગમે તેટલી અછત છતાં ભિખારીઓ પોષાઈ રહ્યા છે તેમ ગમે તેવા કારમા સંજોગોમાંય બધા દીવાળી અંકો ચપોચપ વેચાઈ ગયા છે 'દીવાળી ન કરવી જોઈએ' એવો બધાને ઉપદેશ દેનાર પત્રકારોએ પોતેતો દીવાળી કરી નાખી છે!

અને અંકોના રૂપરંગ અને લેખ ઉઠાવ જોતાં તંત્રીઓને તમાચા મારીને પોતાના ગાલ રંગવા પડ્યા હોય એવું પણ જણાતું નથી. અનાજની અછત અને રેશનીંગને લીધે રોટલાની ભૂખ મંદ પડતાં વાચન ભૂખ ઉઘડી હશે કે શું? નહિતર મોંઘામોંઘા અંકોય ગુજરાતીઓ ઝટ શાના ઉપાડી જાય? અંકોમાં રંગીનતા છે પણ સંગીનતા કેટલી છે તે તો વ્યક્તિગત દરેક અંકને ફેંદી જોઈએ અને પેલા નાટકવાળાઓ કહે છે તેમ 'ક્ષીરનીર ન્યાયે' અવલોકીએ ત્યારેજ સમજ પડે બાકી માથા કરતાં પાઘડી મોટીની જેમ દીવાળી અંકોમાં લખાણો કરતાં જાહેરખબરોનું પ્રમાણ મોટું જણાયું છે પણ તંત્રીઓને પૂછતાં તેઓ રોકડો જવાબ પરખાવે છે કે 'જાહેરખબરોજ પેપરનો આત્મા છે ને! અને જો જાહેર ખબરો ન મળે તો પેપર પરમાત્માને હવાલે કરવું પડે ને!' આમ ખરૂંજ છે ને? ચાલો ત્યારે હવે જાહેર ખબરને પણ સાહિત્યનું એક અંગ સમજીને ધપાવે રાખો!

●

મુંબઈના ગગન મંડળમાં તોફાન પડ્યા પછી મુશાયરાનું જોર નરમ પડ્યું છે કે શાયરીના સન્નેપાત ઓછો થયો છે! પણ ના પાછું કલમી મુશાયરાનું જોર તો વધ્યું છે ને? તોય ઠીક છે નહિતર બિચારા શાયરો વગર કેમ જીવત? શાયરો મનમાં ને મનમાં બબડતા રહે તેના કરતાં વરાળ કાઢતા રહે એજ ઠીક છે ને! વળી હવે તો શિયાળાની સીઝન પાસે આવતી જાય છે સાંભળ્યું છે કે શિયાળામાં ગધેડાઓનું ગાંડપણ વધુ જોર કરે છે તો પછી શાયરોનું ગાંડપણ કેમ જોર ન કરે? કલમી મુશાયરો ગોઠવનાર તંત્રીઓ પણ દુરંદેશી ડાક્તરો જેવા છે તેમણે નાડ બરાબર પારખી લીધી છે! જેમ ગાજવીજ ને તોફાન પછી વરસાદ વરસતાં શાંતિ થાય તેમ શાયરીની દુન્યામાં પણ હવે ગાજવીજ પછી કંઈક શાંતિના દર્શન થાય એવા ચિન્હો સાંપડી રહ્યા છે

●

હવે જો તમે કેળવણીના સાચા હિમાયતી હોવ તો ખુશ થાવ કે સાર્જન્ટ કમિટિએ હિંદની કેળવણીમાં તળિયાઝાટક ફેરફાર કરવાની એક યોજના તૈયાર કરી છે. 'જે યોજના પુરી પાડતાં વાર્ષિક ત્રણ અબજ તેર કરોડનો ખર્ચ થાય એમ છે એ યોજનાના અમલ માટે ૧૮ લાખ શિક્ષકો ૫ કરોડ ૨૦ લાખ વિદ્યાર્થીઓને ભણાવવા માટે જોઈશે. આ શાળાઓ માટે ૭૫૦૦ ડાક્તરો અને ૧૫૦૦૦ નર્સોની પણ જોગવાઈ કરવી પડશે. આ બધી વિગત યોજના અમલમાં આવે તો હિંદમાં એક પણ માણસ અભણ પાડતો નજર ન આવે! પણ આ યોજના પુરી પાડવા માટે બે અબજ સીતોતેર કરોડ રૂપિયા કર વેરાથી ઉઘરાવવા પડે કરવેરાના ભારથી હિંદીઓના તો કમ્મરજ બેવડી ગઈ છે, ને આનો વધુ ભાર તેમનાથી વેઠી શકાશે? વધુ બોજ લાદતા જેમ નબળા બળદો રસ્તામાંજ બેસી જાય ને પછી પૂંછડું આમળતાંય ન ઉઠે એવી હાલત હિંદના રંક સીયા ગણની છે!

ર વેહનાની હવે એનામા જરાય તાકત બાકી રહી નથી એટલે બીજો કોઈ ઉપાય અજમાવાય તો બની શકે સિવીલ સર્વિસના મોગ પગારદારો પર કાપ મૂકાય અને બીજા મોગ મોટા સરકારી ખાતાઓ શવાવનામા ચરકસર કરી આ કેળવણીની યોજનાને આગળ ધપાવાય તો ધપી શકે યોજના તો સારી છે, પણ તેને પુરી કરવા માટે "થેનીકા મુહ સાકડા તો કયા કરે નર ફાકા !" જેવુ થવાનો સભવ પણ પુરેપુરો છે !

●

શીખામણ આપવાના અભખગથી નહિ પણ મુસ્લિમ સાહિત્યકારોના હિતાર્થે અને સાહિત્યના ઉધ્ધારાર્થે કોઈ ઘરડા મુરબ્બીની અદાથી હુ આજે શીખામણ આપવા તૈયાર થયો છુ ! શીખામણ આપવી રહેવી છે આભ બાવી આકરી છે એ હુ પણ જાણુ છુ છતા આ અનેરૂ કાર્ય કરી રહ્યો છુ અલબત્ત એક તરફ ગુજરાતી શાયરીની દુન્યામા મુસ્લિમ સાહિત્યકારો બેધડક આગળ વધી ગયા છે, પણ તે સાથે સાહિત્યના બીજા અગો તરફ જાય લક્ષ અપાયુ નથી આપણામા કવિઓની સખ્યા અનેક ગણી વધી ગઈ છે, ત્યારે લેખકોની સખ્યા સાવ ઘટી ગઈ છે જોકે થોડા ઘણા ગદ્ય ગાર્યા છે, તેમાય મૌલિક લેખો કેટલા? આગળીના વેઢા પર ગણતાય ઓછા ઉતરે એટલા! મુસ્લિમ કલમધારીઓ પદ્યના પથને અજવાળતા જરા થભે અને ગદ્યના પથે પ્રયાણ કરે કવિઓ ધારે તો અનુવાદકો સ્હેલાઈથી બની શકે છે પણ અનુવાદકો શા માટે બને? ઘણુ નાચ્યે ખૂ। વિચારે અને થોડુક પણ મૌલિક ગદ્ય લખતા થાય હવે મુસ્લિમ સર્કલ કઈ ઓછુ નથી? સાહિત્યની વાચન ભૂખ પણ ઓછી નથી? તો પછી એ તક કા ન ઝડપાય? જરાક વધુ તકલીફ પડે એજ ને? તો તકલીફ વગર કયુ કામ પાર પડે છે તે જરા વિચારી જુનો બિરાદરો! તમારી કલમની કીમત આકાવવી તમારા હાથમા છે માટે હાલ તો થોડુ લખ્યુ ઘણુ કરીને વાચવાની અભ્યર્થના છે।

○

ઈન્તેકાલે પુરમલાલ

શહેરના જાણીતા અને સમસ્ત મુસ્લિમ હિંદ તથા જગતમા પોતાની બાદશાહી સખાવતોથી જાણીતા થએના મોટા ભાઈ કુટુબના એક જુવાનનો અકાળે ઈન્તેકાલ થવાના દુ ખદ સમાચાર નોધતા અમને ખૂબ દિલગીરી થાય છે પ્રખ્યાત ક્રિકેટર શેઠ હાજી અહમદ બોગવાળાના ફરઝદે અરજમદ મી॰ યૂસુફ બોગવાળા ૨૩ વરસની ભર જુવાન વયે તા ૩૧-૧૦-૮૩ ના રોજ શહેર ઈરનામ ઉમખાના । પ્રાઉન્ડ પર ક્રિકેટ રમતા રમતાજ જન્નત નશીન થયા છે (ઈન્નાo)


મર્હુમ યુસુફે અનીરૂદ્ધ યુનીવરસીટીની મટ્રિકની પરીક્ષા પસાર કરી હતી તે પછી મર્હુમ શેઠ બોગવાળાના ચેરિટીઝના ટ્રસ્ટી તરીકે ચુટાતા ચેરિટીઝના કામકાજની દેખભાળનુ શિક્ષણ તેમના વાલિદના હાથ હેઠળ લેતા હતા

મર્હુમના ઈન્તેકાલથી અહમદ શેઠ અને તેમના કુટુબ પર જાણે દુ ખની વિજળી તુટી પડી હતી આખુ શહેર શોકમા ગરકાવ થયુ હતુ હિંદુ-મુસ્લિમ દુકાનદારોએ સપૂર્ણ હડતાળ જાહેર કરી હતી નિશાળો મ્યુનિસિપાલીટી અને બીજી દરેક સસ્થાઓએ હડતાળ પાડી શોકમા ભાગ લીધો હતો દરેક મદ્રેસાને મસ્જિદોમા મર્હુમના ઈસાલે સવાબ માટે ખત્મે કુરઆન થયુ હતુ તમામ ગુજરાતમા આ સમાચાર ફેલાતા શોકનુ વાતાવરણ છવાયુ હતુ દિલગીરીના સદેશાના તારોના ઢગલા થયા હતા

અમારે ઈનાઝી આગળ બસ પ્રાર્થના છે ખુદા મર્હુમને મગફિરત કરે અને તેમના વાલિદ તથા કુટુબીઓ મગફૂર તથા બહોળા મિત્ર સમુદાયને સબ્રે જમીલ અતા કરે। આમીન! આમીન! યા રબ્બુલ આલમીન!

શેઠ અહમદ બોગવાળાની દિલગીરીમા અમે ખાસ અંતરથી ભાગ લઈએ છીએ અને ખુદાથી પ્રાર્થના કરીએ છીએ કે તે એમને સબ્ર અતા કરે આમીન

તંત્રી



સવાલ-જ્યારે કોઇ માણસ મગ્રબ અથવા જુમ્આને દિવસે મરી જાય ત્યારે તેને દફન કર્યા પછી તેની કબર પાસે બે ત્રણ કારીઓને કુર્આન શરીફની તિલાવત માટે બેસાડવામાં આવે, જેઓ જુમ્આની નમાઝના વખત સુધી લગાતાર કુર્આને શરીફની તિલાવત કર્યા કરે, અને નમાઝના વખતથી બંધ કરી દે એમ કહેવાથી મૈયત કબરના અઝાબથી બચી જાય છે એવી માન્યતા છે કારણ કે જ્યાં સુધી તિલાવત થતી રહે છે ત્યાં સુધી મુન્કર નકીર હિસાબ કિતાબ વાસ્તે આવતા નથી અને જ્યારે તીલાવત બંધ થઇ જાય છે ત્યારે આવે છે અને તે દિવસ જુમ્આનો હોવાથી મયત કબરના અઝાબથી બચી જાય છે. માગવું કે નબી (સલ૦)એ ફરમાવ્યુ છે કે જે મોઅમિન જુમ્આના દિવસે મરી જાય છે તો તે કબરના અઝાબથી મહફૂઝ રહે છે તો શું સવાલમાં પુછેલી મૈયત પણ નબી (સલ૦)ની ફરમાવેલી હદીસમાં શામેલ થશે કે નહિ? શરીઅતનો એમાં શું હુકમ છે?

જવાબ-ફિકહની માતબર કિતાબ દુર્રે મુખ્તારમાં લખ્યું છે કે ઉજરત આપીને કુઆર્ન શરીફ પઢાવવું એથી મય્યતને સવાબ થતો નથી કારણ કે પઢનાર તો મઝદૂરી વસૂલ કરે છે એટલે તેનામાં જ્યારે તેની પાસે સવાબ રહેતો નથી તો બીજાને કેવી રીતે બક્ષી શકે? અને કોઈ માણસ ઉજરત વગર પોતાની ખુશીથી



પઢી બક્ષે તો સવાબ જરૂર પહોંચે. સવાલમાં દર્શાવેલી હકીકત મુજબ અમલ કરવો જોઈએ નહિ. અસલ તો કબર પાસે બેસી કુર્આને શરીફ પઢવામાં બે બાબતો મલ્હૂઝ છે વળી એવો અકીદો રાખવો કે કબર પાસે બેસી પઢવાથી મુન્કર નકીર આવી મુરદાને સવાલ કરી શકતા નથી એ ભૂલ ભરેલી વાત છે. હદીસ શરીફમાં આવ્યું છે કે મુરદાને દફન કરી તેને માટે એટલી વાર સુધી દુઆ કરવામાં આવે કે જેટલીવારમાં એક ઉંટને નહર કરી તેનું ગોશ્ત વહેંચવામાં આવે છે અને એ દુઆ મુરદાની બક્ષીશ અને મુન્કર નકીરના સવાલ જવાબની આસાની માટે છે. સવાલમાં જણાવ્યા મુજબ આજકાલ આ રસમ રિવાજની પાબંદી કરવી જોઈએ નહિ. સહાબા (રદી૦)ના જમાનામાં એ રસમ હતી નહિ પાછળથી કેટલાક લોકોએ પોતાનું પેટ ભરવા એવી રીત કાઢી છે જે સુન્નતના વિરૂદ્ધ છે. અલ્લાહ વધુ જાણનાર છે.

સવાલ-મૈયતને કબ્રસ્તાનમાં લઈ જતા જનાઝા આગળ અહીં મૌલૂદ પઢવાનો રિવાજ છે તેના માટે શરીઅતનો શો હુકમ છે?

જવાબ-જનાઝા સાથે મૌલૂદ શરીફ પઢવું સાબિત નથી. બધી હનફી મઝહબની માતબર કિતાબોમાં ફકીહોએ મૈયતના જનાઝા સાથે ધીમે ધીમે પઢવાનું નાપસંદ ગણવામાં આવ્યું છે અને જોરથી પઢવું મકરૂહ લખ્યું છે માટે મૌલૂદનો રિવાજ બંધ કરવો જોઈએ. અગર જનાઝા સાથે મૌલૂદ પઢવાનો હુકમ હોત તો સહાબા (રદી) જરૂર પઢત પરંતુ ચાર મઝહબમાં એની

કઇપણ સાબેતી નથી એવી બિદઅતો અને રસમો મુસલમાનોએ બંધ કરી સુન્નતે રસૂલુલ્લાહ (સલ)ની તાબેદારી કરવી જોઇએ એમાજ આપણા માટે નજાત છે

સવાલ-મૈયતને દફનાવ્યા બાદ તેની કબ્ર પર અઝાન આપે છે એ માટે શુ હુકમ છે?

જવાબ-કબ્ર પર અઝાન આપવી બિદઅત છે બિદઅત એટલે જે ચીઝ શરીઅતથી સાબિત ન હોય અને આપણે સાફ સમજી દીનમા નવુ કામ કાઢી અને એની હદીસ શરીફમા ઘણી સખ્ત વઇદ આવી છે જે ટાઇમ પર જે કામ વિષે અલ્લાહના રસૂલ (સલ.)એ અઝાન આપવાનો હુકમ કર્યો છે તેજ મૌકા પર અઝાન આપવી જોઇએ ન કે બીજે મૌકે આપણે અઝાનો વધારી કાઢીએ મૈયતને દફન કર્યા બાદ કબ્રને સિરાહે અલિફ લામ મીમથી મુફલેહૂન સુધી એટલે સુરએ બકરની શુરૂઅ આયતો અને પગ તરફ એનો ઉતરતો રૂકુઅ એટલે આમનર રસૂલો મઇગીન સુધી પઢવુ સુન્નત છે તેમજ હદીસ શરીફમા આવ્યુ છે કે મૈયતને દફન કર્યા બાદ બધા હાજર લોકો મૈયતની સાબેત કદમી વિષે એટલી વાર સુધી દુઆ કરે કે એક ઉંટ નહેર કરી તેનુ ગોસ્ત કાપી વહેંચવામા જેટલી વાર લાગે છે માટે જેટલુ કઇ બની શકે તેટલુ ધીમે ધીમે પઢી મૈયતને સવાબ બખ્શે અને તેની મગફેરત માટે બધા પોતપોતાના દિલમા અલ્લાહ પાસે દુઆ માગે વગર હાથ ઉઠાવે પણ દુઆ થઇ શકે છે અને કબ્રસ્તાનમા હાથ ઉઠાવી દુઆ માગવી પણ મુસ્લિમ શરીફની હદીસથી સાબેત છે માટે સુન્નતના મુવાફેક અમલ કરવો જોઇએ

સવાલ-નિકાહ વખતે દુલ્હાને પાચ કલેમા ઇમાને મુજમલ, મુફસ્સલ કાઝી પઢાવે છે તે પઢાવવુ સવાબ છે યા નહિ?

જવાબ-મુસલમાનને ખાસ નિકાહ વખતે કલેમા વગેરે પઢાવવા કઇ જરૂરી નથી બલકે જરૂરી સમજી પાબંદીથી પઢાવવુ બિદઅત છે કદી કોઇના વિષે કાઝી મુનાસીબ સમજી પઢાવે કે દુલ્હાએ કદાચ ભૂતકાળમા કુફ્ર કલેમો બકયો હોય તો વ્યાજબી છે નહી તો ખાસ પ્રુગનો રિવાજ સમજી પાબંદી કરવી ભૂલ ભરી વાત છે

સવાલ-એક માણસની ઓરત પોતાની મહેર ધણી પાસે માગે છે કે મારી નક્કી કરેલી મહેર અદા કરો પરતુ ધણી પાસે પૈસા નથી અને ઓરત માગમાગ કરે છે ધણીના માબાપ મોજૂદ છે એવી હાલતમા ધણીએ મહેર આપવી જરૂરી છે કે તેના માબાપને આપવી જોઇએ?

જવાબ-ઓરતની નિકાહ વખતે નક્કી કરેલી મહેર બાકી હોય તો જ્યારે માગે ત્યારે ધણીએ અદા કરવી જરૂરી છે કારણ કે ધણીના શિરે ઓરત તરફથી કર્જ છે ધણી કોશિશ કરી કોઇ પણ રીતે મહેર અદા કરી આપે ધણીના માબાપના શિરે અદા કરવી જરૂરી નથી લેકિન પોતાની ખુશીથી માબાપ આપશે તો એહસાન અને સવાબ થશે જો ધણી તંગીમા હોય તો ઓરતે મોહલત આપવી જોઇએ અને જો તેણી ખુશીથી મહેર માફ કરી આપે તો માફ થઇ જશે અને તેણીને ઘણો સવાબ મળશે

સવાલ-જાદુ તથા નાપાક ઇલ્મ તેમજ મુઠ વગેરે બલાથી બચવા માટે હિંદુ ભગત (મૂર્તિપૂજક) જડીબુટ્ટીને માદળીયામા ભરી ગળામા પહેરવા આપે અથવા તાંબાનુ કડુ હાથ પર પહેરવા આપે તો એ ચીજને

પહેરવી જાઇઝ છે? અને પહેરસાથી નમાઝમા તથા કુર્આને શરીફમા કઈ વાંધો આવે છે કે? હા એટલુ નક્કી છે કે એમા કોઇ નાપાક વસ્તુ મેળવવામાં આવી નથી

જવાબ જાદુ તથા મૂઠ મારવી વગેરે સખ્ત હરામ છે એવા ચોકો વિષે કુફ્રનો અંદેશો છે જાઇઝ રીતે તેનો બચાવ કરવો જોઇએ શિર્ક અને કુફ્રથી બચવુ જરૂરી છે સવાલમા દર્શાવેલી હકીકત મુજબ ઇલાજ કર નહિ એવી ચીજો બાંધેલી હશે તોએ નમાઝ થઈ જશે

સવાલ-કેટલાક લોકોનુ કહેવુ છે કે શહેરી કબુતર કે જે ઘરમાજ પાળવામા આવે છે અને જગલી કબુતર જેમ ગમે ત્યા ચરતા નથી તેવા શહેરી કબુતર ઘરમા પાળવા નદુરસ છે શુ એ ખરૂ છે? અને કેટલીક વાર બચ્ચાની પેદાશ બહુ થતા અટકાવવા માટે કબુતરના ઇંડા ફેકી દેવામા આવે છે શુ એમા ગુનાહ છે?

જવાબ બને તરેહના કબુતર પાળવા ખાવા દુરસ્ત છે પાળવા નદુરસ નથી પણ પાળી ભૂખે મારવા સખ્ત ગુનાહનુ કામ છે

સવાલ-એક માણુસ પરદેશમા પોતાના બાલબચ્ચા સાથે ખુશીથી રહેતો હતો અને પોતાના માલની ઝકાત પણ અદા કરતો હતો હવે તે માણુસ ગુજરી ગયો છે અને પોતાની પાછળ સાત બચ્ચા અને એક ઓરત મૂકી ગયો છે મજકુર ખાનદાન પોતાના વતનમા આવી ગયુ છે તેઓના રહેવા માટે ઘર તેમજ ખર્ચ માટે ૫૦-૬૦ ની રકમ કરજે હસના તરીકે આમદની છે અને ખર્ચ ૧૦૦થી વધારે છે માટે તેઓને ઝકાતના પૈસા લેવા જાઇઝ છે? એક માણુસે ઝકાતના પૈસા આપ્યા તે નહિ લેવાથી સામેવાળો માણુસ નારાઝ ન થાય જેથી ઝકાતના પૈસા મૂકી રાખ્યા છે તો તે ખર્ચ કરવા કે કેમ?

જવાબ-જો તમને ગરીબી હાલતમા અમુક રકમ કરજે હસના તરીકે મળતી હોય અને માસિક ખર્ચ વધારે હોય જેથી કર્ઝદારી થતી હોય અને ઝેવર પણ ન હોય તો એવી તન્ગીફની હાલતમા ઝકાતના નાણા લેવા અને ખરચ કરવા દુરસ્ત છે એમા કઈ વાંધો નથી પરતુ ઝેવર હોય અને માત્ર ખર્ચની તકલીફ પડતી હોય તો ઝકાત લેવી દુરસ્ત નથી ગરણુ કે ઝેવર તમારો માલ છે તેને ખર્ચ કરી શકો છો

જ્યાં માનવતા ઉંઘે છે અને ન્યાય મો છુપાવે છે તેવુ :—

આ શહેર છે!!

અનુવાદક "રઆકાઝી"

આ શહેર છે!

અહીં દરેક જાતીના મનુષ્યો વસે છે, નોકરો, બેકારો, પીળા પચરક રોગીઓ, ડોકટરો, મોટા પેટવાળા ધનવાનો, મીન માનેકો પાતળા દુબળા મજુરો, રેશમી સાડીઓવાળી નેગાણીઓ, અને કાળી મજુરી કરનારી મજુરણો

અહિંયા કચેરીઓ, વકીલો, ન્યાયાધીશો અને આરોપીઓનો પણ તોટો નથી આરસ પહાણની આલિશાન બિલ્ડીંગો તુટેલ ઝુપડીઓ, સાકડી અને અધારી ગલીઓ અને નર્ક જેવી બદબો ભરેલી પોળો વગેરે

અહીં ઘણી કૅાલેજો પણ છે, જેમા હઝારો વિદ્યાર્થીઓ વિદ્યા પ્રાપ્ત કરે છે પરતુ એ કૅાલેજમા યુવાનોને એકટર અને યુવતીઓને એકટ્રેસ બનાવાય છે તેઓને પ્રેમ કરવો, પ્રેમને છોપવો અને ભેદ ઉઘડી જવા પર પ્રેમનો ત્યાગ કરવો એજ શિક્ષણ શિખવાય છે છોકરીઓ માતા પિતાની લાજ રાખ્યા વગર પ્રેમ કરી શકે છે, પાર્ટીઓમા ખુલ્લમ ખુલ્લા ભાગ લઇ શકે છે મિત્રોના કહેવા પર ગાઇ શકે છે અરે! નાચી પણ શકે છે, પ્રેમીઓને પત્ર દ્વારા પ્રેમનો વિશ્વાસ આપી શકે છે અને મોકા પર તેની સાથે નાસી પણ જઇ શકે છે સાગરા કે અહીં કૅાલેજમા એવી રીતે વિદ્યાર્થીઓ વિદ્યા પ્રાપ્ત કરવા આવે છે કે જાણે સ્વયવરમા જઇ રહ્યા હોય

વળી કોલેજોમા નાટકો પણ ભજવાય છે પરતુ આ નાટકોની આડમા પરદા પાછળ પ્રેમના નાટકો ભજવાય છે છોકરા છોકરીને ફસાવવા માટે નાટકો ભજવે છે અને છોકરીઓ છોકરાઓ સાથે નાસવા માટે પાર્ટ ભજવે છે

અહિંયા સૌંદર્યના હાટ ભરાય છે કે જ્યા મોટા મોટા સજ્જનો એટલા માટે જાય છે કે બીજાઓની ઇજ્જત ખરીદી પોતાની ઇજ્જતમા વધારો કરવા ચાહે છે એ હાટમા તમને માનવતા ઊંઘતી, ન્યાય આંધળો અને સજ્જનતા બનાવટી સાંભળશે

કાશ! મ્યુનિસિપાલિટીના સભ્યોને એની જાણ થાય કે શહેરની બાહ્ય સુધરાઇને બદલે લોકોના દિલની સફાઇ કરવાની વધુ જરૂરત છે

અહીં ઘણા છબીઘરો પણ છે કે જેમા ચોવીસ કલાક કોલાહલ થતો રહે છે સિનેમાવાળાઓ એક બીજાની હરીફાઇમા નવાનવા ચિત્રો રજુ કરે છે અને કેટલાક તો નાની નાની ગરીબ છોકરીઓને સુદર વસ્ત્રો પહેરાવી મોટા નામ ધારણ કરાવી સ્ટેજ પર નાચ ગાનનો શો' ગોઠવી જનતાનો ખુબ પૈસો ચુસે છે કેમકે પબ્લિકને આવા ચેનચાળા ગમે છે

તેઓ પાપી જીવન વિતાવી થાક્યા પછી પવિત્ર જીવન વિતાવવા ચાહતા નથી અને એમને એમ તેઓનું જીવન નમાલું અર્થહીન થઇ જાય છે અને આવું અર્થહીન જીવન ગાળનારાઓ બીજા હજારો મનુષ્યોના જીવન પાયમાલ કરી દે છે

અહીં ભીખારીઓ પણ મોટી સખ્યામાં છે તમે તેઓને ગંદા કપડામાં, સૂર્યથી તપતી સડક પર 'બાબા એક પૈસો આપો ભગવાન તમારૂં ભલું કરશે' આવા ઉદ્‌ગારો સહિત જોશો. મોટરના ભુંગળાનો અવાજ કે ગાડીની ટીન ટીન સાંભળતાજ તે તરફ દોડી એ ઘણા હકીના હોય છે તમે તેઓના બાળકોને સડક પર એક પૈસા માટે હાથ જોડી કાલાવાલા કરતા જોશો. ચાર પાંચ વરસના બાળકના મુખમાંથી "અલ્લાહ તુજકો અચ્છા દે" સાંભળી તમે આશ્ચર્યમાં પડી જશો કે આ બાળક! બાળક કેવી રીતે આવતરે છે એ શું જાણે? પરંતુ આવા વાક્યો તે પોતાના માતાપિતા પાસે એવી રીતે શીખી લે છે કે જેવી રીતે એક આધુનિક કોલેજનો વિદ્યાર્થી બીજા પાસે સિગરેટ પીતા શીખે છે

અહીંથી માસિકો દૈનિકો પણ ઘણી સંખ્યામાં પ્રગટ થાય છે દરેક પેપર જનતાનું મુખપત્ર હોવાનું અને વધુ સંખ્યામાં નીકળવાનો દાવો કરે છે જૂઠ્ઠું બોલવાનો, વાતો બનાવવાનો, અને જાળમાં ફસાવવાનો અહિંયા સર્વને હક્ક છે અહિંયા તેજ પત્ર વધુ આવકાર પામે છે કે જેમાં કુમારિકાની ડાયરીઓ, જવાનીના પત્રો, જાતિય વિષયક લેખો અને સિનેમાની એક્ટ્રેસોની આલરીક બાબતો છપાતી હોય

તમારો અહીં ભયાનક ચહેરાવાળા, કપટી હૃદયવાળા, અને ધ્રુજતા અંતર આત્માવાળા લેખકો અને કવિઓ સાથે ભેટો થશે પરંતુ એમાંના કેટલાક તો લેખક કહેવાને યોગ્ય હશે અને બીજા એવા પણ હશે કે જેઓ એટલાજ માટે લેખો લખે છે કે તેમને દુન્યામાં બીજું કશું કામ મળતું નથી

અહીં તમને સભ્યતા મોજમજાહ ઉડાવતી દૃષ્ટિગોચર થશે રેશમી સાડીઓવાળી સુંદર ગોપીઓ પાછળ હિંદુસ્તાની કાળા કનૈયાઓ ફરતા દેખાશે

સારૂં છે કે શહેરના સરકાર સભ્યતા અને સંસ્કૃતિ પ્રગતિ કરી રહી છે એટલે અજ્ઞાનતાએ પણ પ્રગતિ કરી છે ને ?

ગામડું સારૂં કે શહેર ! એ બહુ વિચારવાની વસ્તુ નથી શહેર, શહેર છે ને ગામડું, ગામડું ! ગામડામાં શહેરની તે પ્રવૃત્તિઓ અને સંસાર ક્યાં ?

દીદારે રસૂલ (સલ૦)

સંપાદક
રિફાઈ-સાબેરી

(૫૩) દરૂદ શરીફ મોકલનારાઓને હુઝૂર, (સ૦) પોતે જવાબ આપે છે અને તેઓ નબી (સ૦)ના જવાબની ઇઝઝતની મગરૂરી હાસિલ કરે છે

(૫૪) જે માણસ દરૂદ શરીફ પઢે છે તેનુ અને તેના બાપ, દાદાનુ નામ એક ફરિશ્તો હુઝૂર (સ૦)ની આગળ રજુ કરે છે એટલે કે તે ફરિશ્તો કહે છે કે –યા રસૂલુલ્લાહ (સ૦) ફલાણા માણસે દરૂદ શરીફનો તોહફો મોકલ્યો છે

(૫૫) દરૂદ શરીફ પઢનાર તે લાઅનતથી દૂર રહે છે કે જેને માટે હઝરત જિબ્રઇલે (અ૦સ૦) દુઆ કરી છે અને હુઝૂરે (સ૦) આમીન કહી છે

(૫૬) દરૂદ શરીફ પઢનારને કયામતને દહાડે જન્નતનો રસ્તો શોધવાની જરૂરત રહેશે નહિ

(૫૭) હુઝૂર (સ૦) ઉપર ઝુલમ કરવાના તોહમત અને કાર્યથી દરૂદ શરીફ પઢનાર બચેલો રહે છે કારણ હુઝૂરે (સ૦) ફરમાવ્યુ છે કે "જેણે મારૂ નામ સાંભળી મારી ઉપર દરૂદ ન મોકલ્યુ તો તેણે મારી ઉપર ઝુલમ કર્યો"

(૫) દરૂદ શરીફ પઢનાર ખુદાપાક અને તેના રસૂલ (સ૦)ની લાઅનતથી બચેલો રહે છે

(૫૯) દરૂદ શરીફ પઢનાર કંજુસ કહેવડાવવાથી બચેલો રહે છે કારણ હુઝૂર રસૂલુલ્લાહ (સ૦)એ ફરમાવ્યુ છે કે –"જે માણસ મારી ઉપર દરૂદ મોકલતો નથી તે કંજુસ છે"

(૬૦) દરૂદ શરીફ પઢનાર સાથે સરકારે દોઆલમ (સ૦)ને મહબ્બત થઈ જાય છે

(૬૧) દરૂદ શરીફ પઢનારને ઇમાન અને હિદાયતની દૌલત આપવામા આવે છે, તેનું દિલ ઝિન્દા કરવામા આવે છે અને વધુમા ગુમરાહી અને ગુન્હાના કામોથી તેને બચાવી લેવામા આવે છે

(૬૨) દિલી શૌક અને મહબ્બતથી દરૂદ શરીફ પઢનારનુ દિલ આઇના થઇ જાય છે અને તેમા હુઝૂર (સ૦)ની મુબારક સૂરત હંમેશ માટે કાયમ રહે છે

(૬૩) દરૂદ શરીફ પઢનારને માટે આસ્માન અને જમીનના બધા રહેનારાઓના દિલમા મહબ્બત અને દોસ્તી પેદા કરવામા આવે છે એટલે તેઓ બધા પઢનાર સાથે મહબ્બત અને દોસ્તી કરે છે

(૬૪) દરૂદ શરીફ પઢનારની ઉમર, ઇમાન, માલ અને એહલો અયાલમા બરકત (વધારો) થાય છે

(૬૫) કસરતથી (અસંખ્ય) દરૂદ શરીફ પઢનારને હુઝૂર (સલ૦)ની મહબ્બત દિલમા વધતી જાય છે

(૬૬) ઉમ્મતીઓ ઉપર હુઝૂર સરકારે દોઆલમ (સ૦)ના બહુ મોટા હક છે જે હક દરૂદ શરીફ પઢવાથીજ અદા થાય છે

(૬૭) દરૂદ શરીફ પઢનારને ખુદાપાકના ઝિક્ર (યાદ કરનારી)નો પણ સવાબ મળે છે

(૬૮) દરૂદ શરીફ પઢનારનો લકબ ખુ઼.મા કરનાર (કસીરૂલ ઝિક્ર) ગણવામા આવે છે

(૬૯) કસરતથી (અસખ્ય) દરૂદ શરીફ પઢનારને રસૂલુલ્લાહ (સલ)ના દીદાર ખ્વાબમા તેમજ જાગૃત હાલતમા પણ જોવાની ઇઝ્ઝત મળે છે અને આલમે બર્ઝખ (એટલે મરણ પછીથી કયામત સુધીના વચગાળાનો વખત)મા સરકારે દોઆલમ (સલ)ની સોહબત અને નજદીકી હાસિલ થાય છે

(૭૦) દરૂદ શરીફ પઢવુ જનાબ સુલતાને (સલ)ની સાથે મહબ્બત હોવાની દલીલ છે

(૭૧) જેણે મારી (હુઝૂર સલ) ઉપર દરૂદ મોકલવુ મોકૂફ રાખ્યુ (છોડી દીધુ) તણે જન્નતનો માર્ગ વિસારી દીધો

(૭૨) જેની પાસે (હુઝૂર સલ) યાદ થાય છતા દરૂદ મોકલ્યુ નહી તે જન્નતનો માગ ભૂલી જશે

(૭૩) હુઝૂર સલ પર વધુ દરૂદ મોકલો કારણ એ કાર્ય તમારા માટે ઝકાત છે એટલે તમારા બદનની પાકી છે અને વધુમા વધારે સવાબ માલમા બરકત, અને ગુન્હાઓની માફીના કારણ રૂપ છે

(૭૪) દરૂદ શરીફ પુલ સરાત પર નૂર (રોશની) થશે

(૭૫) જે કોઇ મારી (હુઝૂર સલ) ઉપર જુમ્આને દહાડે એંસી (અમુક હદીસ મુજબ એકસો) વખત દરૂદ મોકલશે તેના એંસી વરસના ગુન્હા માફ થઇ જશે

(૭૬) દરૂદ શરીફ પઢનાર જ્યાસુધી પઢતો રહે છે ત્યાસુધી ફરિશ્તા તેની બખ્શીશ માટે દુઆ માગતા રહે છે

(૭૭) ફરિશ્તાઓ દરૂદ શરીફને હુઝૂર (સલ)ની ઇઝ્ઝતની રૂબરૂ પહોચાડી દીએ છે

(૭૮) હુઝૂર (સલ) ઉપર એક વાર પણ જો દરૂદ શરીફ મોકલવામા આવે તો એક ફરિશ્તો હુઝૂર (સલ)ની રૂબરૂ તે દરૂદ શરીફને લઇ જાય છે ત્યારે આપ (સલ) તે ફરિશ્તાને કહે છે કે મારા તરફથી દરૂદ પઢનારને દસ દરૂદ પહોચાડી કહો કે જો એમાથી એક પણ દરૂદ હશે તો તુ જન્નતમા મારી સાથે દાખલ થશે અને હુ તારી શફાઅત કરીશ'

જેવી રીતે દરૂદ શરીફ પહોચાડવા અમુક ફરિશ્તા છે તેવીજ રીત સલામ પહોચાડવા પણ ખુદાપાકે અમુક ફરિશ્તા પૈદા કર્યા છે

(૭૯) હુઝૂર (સલ)ની કબ્રે મુબારકની પાસે અગર હજારો માઇલ દૂર ગમે ત્યા પણ દરૂદ શરીફ પઢવામા આવે છે તે હુઝૂર (સલ)ને પહોચાડવામા આવે છે

(૮૦) જે કોઇ માણસને હુઝૂર (સલ) ઉપર અને એહલે બૈત ઉપર ભરપૂર દરૂદ શરીફ મોકલવા ઇચ્છા હોય તો તેણે આ મુજબ મોકલવુ —

"અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયેદેના મોહમદે નિન્નબીયિલ ઉમ્મીય્યે વ અઝવાજેહી ઉમ્મહાતિલ મુઅમેનીના વ ઝુર્રીય્યતેહી વ અહલે બૈતેહી કમા સ લૈતા અલા ઇબ્રાહીમા વ અલા આલે ઇબ્રાહીમા ઇન્નકા હમીદુન મજીદ"

"સલાતુત્તસ્બીહ"

[આ વિષય અહી એટલા માટેજ લખવામા આવે છે કે દરૂદ શરીફ બાબતની જે જે કિતાબો

વગેરેમાંથી મેં આ લખાણ લખ્યું છે તેમાં અકબર (વધુ જાણની) કિતાબોમાં એનું વર્ણન જોવામાં આવ્યું છે અને આવી એક નેક બાબતથી વાચકોને મહરૂમ રાખવા માટે દિલ નારાજ થવાથી લખું છું ખુદાપાક મને તેમ સૌને એની રગબત આપે આમીન]

એક દિવસ હુઝૂરે અકરમે (સ૦) આપના કાકાને કહ્યું કે-હું તમને એવી દશ ખસલતો બતાવું છું કે જેના કરવાથી ખુદાપાક તમારા દરેક નાના, મોટા, છુપા તેમજ જાહેર, જાણી જોઈને અગર અજાણતા કરેલા બધા ગુન્હા માફ કરી દીએ

મારા કાકા! ચાર રકઅત નમાઝ એવી રીતે પઢો કે-દરેક રકઅતમાં સૂરએ ફાતેહા "અલ્હમ્દ" અને તેની પછી બીજી કોઈ એક સૂરત પઢો અને પછી પંદર વખત "સુબ્હાનલ્લાહે વલ હમ્દો લિલ્લાહે વ લાઇલાહા ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર" પઢો પછી રૂકુઅમાં એજ (મજકુર) શબ્દોને દશ વખત પઢો, અને રૂકુઅમાંથી ઉભા થઈ ઉભા રહીને દશ વખત, સજદામાં દશ વખત, સજદામાંથી બેઠા થઈ બેઠા બેઠા દશ વખત, બીજા સજદામાં દશ વખત, બીજા સજદામાંથી ઉઠી ઉભા થવા પહેલા બેસીને દશ વખત મજકુર શબ્દોને પઢો, આવી રીતે દરેક રકઅતમાં પોણુસો વખત પઢો, અને મજકુર રીતે ચાર રકઅત પૂરી કરો.

"જો તમારાથી બની શકે તો આ નમાઝ દરરોજ પઢો, નહીં તો દર જુમ્મા (શુક્રવારે) અને જો એ પણ મુશ્કિલ લાગે તો દરેક મહીનામાં એક વખત પઢો, છતાં પણ જો એ પણ મુશ્કિલ લાગે તો આખી જિંદગીમાં માત્ર એકજ વખત જરૂર જરૂર પઢશો."

(મજકુર રૂકુઅ, સજદા, કૌમા વગેરેમાં પઢવાનું લખેલું છે તે બધામાં રૂકુઅ, સજદા વગેરેની તસ્બીહ વગેરે પઢવા પછી એને પઢવું સંપાદક)

મજકુર નમાઝ જુદી જુદી રીતે પઢવાની અમુક રિવાયતો પણ છે છતાં તે બધામાં હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક (રહી૦)ની બતાવેલી રીત જે હઝરત ઇમામ ગઝાલી (રે અ) એ 'અહયાઉલ ઉલૂમ"માં લખી છે તે સારી છે, જે નીચે મુજબ છે-

પહેલી રકઅતમાં તકબીરે તહરીમા "અલ્લાહો અકબર" પછી સના "સુબ્હાનકલ્લાહુમ્મા" પૂરી પઢી પંદર વખત મજકુર તસ્બીહ" સુબ્હાનલ્લાહે વલ હમ્દો લિલ્લાહે વ લાઇલાહા ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર" પઢવી તે પછી પૂરી "બિસ્મિલ્લાહ" અને સૂરએ ફાતેહા તથા બીજી એક સૂરા પઢીને પછી મજકુર તસ્બીહ દશ વખત પઢવી, એ પછી રૂકુઅમાં જવું અને રૂકુઅની તસ્બીહ 'સુબ્હાના રબ્બીયલ અઝીમ" પઢી મજકુર તસ્બીહ દશ વખત પઢવી, અને રૂકુઅમાંથી ઉભા થતી વખત "રબ્બના લકલ હમ્દ" પઢી ઉભા રહી દશ વખત મજકુર તસ્બીહ પઢવી, અને પછી સજદામાં જવું, અને સજદાની તસ્બીહ "સુબ્હાના રબ્બીયલ આઅલા" પઢવા પછી મજકુર તસ્બીહ દશ વખત પઢવી, પછી સજદામાંથી બેઠા થઈ "રબ્બિગ્ફિરલી" પઢી મજકુર તસ્બીહ બેઠા બેઠા દશ વખત પઢવી અને પછી બીજો સજદો કરવો અને સજદાની તસ્બીહ પછી મજકુર તસ્બીહ દશ વખત પઢવી આ રીતે પઢવાથી દરેક રકઅતમાં કુલ પોણુસો તસ્બીહ થાય છે એવી રીતે બીજો સજદો કરી તસ્બીહ વગેરે પઢી સીધા ઉભા થઈ જવું, બેસવું નહીં, તેમજ ઉભા થઈ "સના" પણ પઢવી નહીં,

પણ સુરએ ફાતેહા પઢના પડેલા પંદર વખત મજકુર તસ્બીહ પઢી પછી સુરએ ફાતેહા અને બીજી સુ. પઢી મજકુર તસ્બીહ દશ વખત પઢવી અને એ પછી પડેલી રક્અત જેમ રૂકુઅ વગેરેમા મજકુર રીતે પ્રમાણે પઢવુ અને બીજા સજદા પછી બેસીને માત્ર (તશહ્હુદ) "અત્તહય્યાત" પુરી પઢવી અને પછી ઉભા થઇ જવુ અને બીજી રક્અત જેમ ત્રીજી રક્અત પઢવી શરૂ કરવી અને બીજો સજદો પૂરો કીધા પછી ઉભા થઇ મજકુર રીતે ચોથી રક્અત પૂરી કરી તશહ્હુદ) અત્તહય્યાત-દરુ૦ શરીફ-દુઆ વગેરે પઢી સલામ ફેરવવુ આ રીતે ચાર રક્અતમા કુલ ત્રણસો તસ્બીહ થાય છે

[જેવી રીતે બીજી નમાઝમા ફર્ઝ, વાજિબ, વગેરે પઢવામા આવે છે તે પઢવા ઉપરાંત મજકુર રીતે મજકુર તસ્બીહ પઢવામા આવે છે એજ માત્ર એમા વધારો છે બાકી બધી રીતે નમાઝમા પઢવામા આવે છે તે બધુ પણ પઢવુ જોઇએ —સંપાદક]

મજકુર રીતને ઘણાખરા હનફી આલિમોએ અમલમા લીધી છે (એટલે મજકુર રીતે પઢી છે)

જો નાયકની ખુશી ...ગ (સવ)ની બતાવેલી રીતે પઢવા હોય તો તેમણે બને કાઇદામા 'અત્તહય્યાત' પઢવા પહેલા મજકુર તસ્બીહ પઢી લેવી પણ બીજા બધા રૂકુનો વગેરેમા તે તે રૂકુનો વગેરેની તસ્બીહ વગેરે પઢવા પછી મજકુર તસ્બીહ પઢવી

હઝરત ઇબ્ને અબ્બાસ (રદી)ની રિવાયત મુજબ મજકુર નમાઝમા નીચે લખેલી ચાર સુરાઓ "અલહમ્દ" પછી પઢવી બેહતર છે — (૧) સુરએ 'તકાસોર' (૨) સુરએ 'અસર' (૩) સુરએ 'કાફેરુન' (૪) સુરએ 'ઇખ્લાસ'.

અને કેટલીક રિવાયતોમા —(૧) સુરએ "ઝિલ્ઝાલ" (૨) સુરએ "આદીયાત" (૩) સુરએ 'નસર' (૪) સુરએ 'ઇખ્લાસ' પણ લખેલુ છે

ગંગા-જમની !

કર રહા હું બઝમમેં માઝીકા માતમ ઇસ લિયે,
તાકે મુસ્તકબિલ કે ગો'અંકો દવા દેની પડે

એથી તો રૂદન કરૂં છું આજથી ગઇ કાલનું,
'ભાવીના ભડકાઓને' જેથી દવા દેની પડે

વો દવા દૂંગા તમદ્દુનકી અલાલત કે લિયે,
શાયદ મુલ્કકો મજબુરન શિફા દેની પડે,

સંસ્કૃતિના રોગની એવી દવા અર્પીશ હું,
જેથી નાછુટકે પ્રભુને પણ શિફા, દેની પડે

ખાકસે હિંદોસ્તાકી વો ઉગાઉંગા શહીદ,
જિનકે મદફનમેં ઝમીને કરબલા દેની પડે

હિંદ-ભૂમિથી શહીદ ઉત્પન્ન એવા હું કરીશ,
'કરબલા'ની ભોમ જેને દાટવા દેની પડે

મેરે હમરાહી કરેંગે ઇસ તરહ જાને નિસાર,
ઝર્રે ઝર્રેકો સદાએ મરહબા દેની પડે

પ્રાણ અર્પણ એવી રીતે કરશે મારા સહચરો,
'વાહવાની દાદ' કણકણનેય હા, દેની પડે

કોમને મઝદૂર કર દુંગા જહાં પર આશકાર,
કશમકશમેં ખ્વાહ જાને મુશ્કિલા દેની પડે

મુલ્ય જે મઝદૂરના છે તે હું જગ જાહેર કરીશ,
જાન પણ એ કાર્યમાં કોને જવા દેની પડે

એ ફલક મુઝકો મિટા લેકિન કહીં ઐસા નહો,
ખાકકી ચુટકીકે બદલે કીમીયા દેની પડે

નાશ કર હે વ્યોમ મારો પણ ન કંઈ એવું બને,
ધૂળ બદલે કીમીયાની કંઈ મતા દેની પડે

ઇસ કદર કર દુંગા માઓંકી મહબ્બતકો બલંદ,
દિલકે ટુકડોં કો શહાદતકી દુઆ દેની પડે

ઉચ્ચ એ કક્ષાએ હું લઇ જઇશ માતાઓનો પ્રેમ,
નીજના પુત્રો દે બળીદાન, એ દુઆ દેની પડે

ઉર્દૂ 'એહસાન' દાનિશ ● ગુજરાતી "અમીન" આઝાદ

અનુવાદક

ઇસ્લામ પ્રચાર

"તાજ" [રાંદેર]

(ગતાંકથી ચાલુ)

કુત્બુદ્દીને ગુજરાતના એક નીચ જાત અધ મુસ્લિમ ગુલામ ખુશરૂના હાથમાં પોતાનો સર્વ કારભાર સોંપ્યો હતો તેણે રાજગાદીની લાલસામાં પોતાના અન્નદાતાનો વધ કર્યો, ને પોતે રાજ્યગાદીનો હક્કદાર થઇ બેઠો ખુશરૂનો યુગ ઇસ્લામી હુકૂમત માટે એક કસોટીનો યુગ હતો કેમ્બ્રીજ હીસ્ટરીમાં લખ્યું છે કે, ઇસ્લામને એ સમય એક મદદગારની ઘણીજ જરૂર હતી ખુશરૂની પૂરી ટોળીમાં કોઇ એવો ન હતો કે જે માત્ર નામનોજ મુસલમાન ન હોય કેટલાક તો એવા હતા કે જેઓએ ઇસ્લામ પણ અંગીકાર કર્યો ન હતો દરબારમાં છડે ચોક બુત પરસ્તી થતી, ને ઇસ્લામ ધર્મની અવગણના ને અપકિર્તિ થતી મુસ્લિમ ઇતિહાસકારો આ પ્રસંગને ઘણાજ ખેદજનક રીતે આલેખે છે કે, મુસલમાનોની મસ્જિદો એ સમયે અપવિત્ર હોતી યા ખંડન થતી એટલુંજ નહિ પરંતુ ઇસ્લામના પવિત્ર પુસ્તકો ખુરશીઓ અને સ્ટુલોની જેમ બેસવાના કામમાં વપરાતા"

ઇસ્લામને માટે આ યુગ ઘણો કટોકટીનો હતો પરંતુ ગાઝી મુલ્ક ફખરૂદ્દીન જૂનાએ જે પાછળથી સુલ્તાન ગ્યાસુદ્દીન તઘલખના નામથી ગાદીએ બેઠો તેણે આ આફતને દૂર કરી તે એક સાચો મુસલમાન હતો એટલુંજ નહિ પરંતુ ખિલજી વંશનો એક નિમકહલાલ સેવક હતો. દ્રોહી ખુશરૂને પોતાના દુષ્ટ કૃત્યની સજા આપી એમણે ખિલજી વંશના વંશજોની શોધ કરી પરંતુ જ્યારે એ વાતની ખબર પડી કે મુબારકે એ વંશના એક પણ બાળકને જીવતું છોડયું નથી, ત્યારે ઉમરાવોના આગ્રહથી પોતે રાજ્યગાદી પર બેઠો

બહાઉદ્દીનની પાદશાહ અને સુલ્તાનુલ મશાઇખનો સંબંધ પ્રથમથીજ બગડી ગયો હતો એનું કારણ એ હતું કે જ્યારે ખુશરૂએ જોયું કે ગાઝી મુલ્કનું સૈન્ય નજીક આવી પહોંચ્યું છે તો એણે એના મુકાબલા અર્થે પોતાના સૈન્યને કાઇક વરસોનો પગાર અગાઉથી આપી દીધો એટલુંજ નહિ પણ એણે મજકૂર ફકીરો અને મશાઇખોને ખુશ કરવા અર્થે મોટી મોટી રકમો એમની સેવામાં રજુ કરી એમાંથી ઘણા બુઝુર્ગોએ તો એ બદકાર અને ઇસ્લામના દુશ્મન પાદશાહની ભેટનો સ્વીકાર ન કર્યો પરંતુ કેટલાકોએ સ્વીકાર પણ કર્યા જ્યારે ગ્યાસુદ્દીન તઘલખ ગાદી પર આવ્યો ત્યારે એણે એ ભેટો પાછી માગી સુલ્તાનુલ મશાઇખને ખુશરૂએ પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. પરંતુ જ્યારે નવા પાદશાહે એ બક્ષીસની રકમ પાછી આપવા માટે હુકમ કર્યો ત્યારે આપે જવાબ વાળ્યો કે "મને જે કંઇ મળ્યું હતું તે મેં તેજ વખતે લોકોને દાન કરી આપ્યું છે હવે એ રકમ પાછી આપી શકું એમ નથી" આ સાંભળીને પાદશાહને ઘણો ખેદ થયો ઉપરાંત પાદશાહ જાતે એક સાચો શરીઅતનો પાબંદ હતો જે સમાઅની મેહફિલને શરીઅતના હુકમ વિરૂદ્ધ લેખતો જેથી તેણે તમામ મશહૂર મશાઇખો અને આલિમોને સમાઅના વિષય પર વાદવિવાદ કરવા એકત્ર કર્યા જેમાં સુલ્તાનુલ મશાઇખ પણ પધાર્યા હતા ઉગ્ર ચર્ચાઓ પછી એ આલિમ મંડળ એ નિર્ણય પર આવ્યું કે "સમાઅની મેહફિલ શરીઅત મુજબ હરામ નથી"

એ વાતનો તો એ સમય નિકાલ આવ્યો પરંતુ શરીઅત અને તરીકતની નારાજી પૂરી ન થઇ જ્યારે પાદશાહ બંગાળ પર ચઢી લઇ ગયો, ત્યારે એને ત્યાં એવા સમાચાર

મળ્યા કે 'એનો વડીલ પુત્ર ઉલગખાં સુલતાનુલ મશાઇખનો અનુચર થઇ ગયો છે, ને સૈન્ય ભેગું કરી રહ્યો છે, કે જેથી બાપને તાનજ કરી પોતે ગાદીનો હકદાર થઈ જાય" પાદશાહને કાને જ્યારે એ વાત આવી ત્યારે પાદશાહે સુલતાનુલ મશાઇખને હુકમ કર્યો કે "મારા આવતા પહેલા તમે દેહલી છોડી ચાલ્યા જાઓ" કેટલાક ઇતિહાસકારો આલેખે છે કે શેખ નિઝામુદ્દીન (રહ૦)એ પાદશાહનું કહેણું સાંભળ્યું ત્યારે એમણે જવાબમાં ફારસીની તે મશહુર નોકવાયકા લખી મોકલી કે 'હનોઝ દેહલી દૂર-અસ્ત" ને થયું પણ એમજ જ્યારે સુલતાન દેહલી પાછો આવ્યો ત્યારે ઉલગખાને શહેરની બહાર એક કાષ્ઠના મહેલમાં પિતાનું સ્વાગત કર્યું એ મહેલનો એક ભાગ એવો બનાવવામાં આવ્યો હતો કે તે પર જરાક બોજ આવે તો આખી ઇમારત પડી જાય જ્યારે પાદશાહ ખાનપાનથી પરવાર્યો ત્યારે ઉલગખાનના કહેવાથી હાથીઓ મંગાવ્યા અને મહેલના એ નાજુક ભાગને હાથીઓ પાસે ટક્કર મરાવી જેથી એ મહેલ પડી ભાગ્યો ને પાદશાહ એની નીચે દબાઇ મૂઓ

આ પ્રસંગ ઉપર ઇતિહાસકારોએ અનેક વિવેચનો કર્યા છે "ખ્વાજા હસન નિઝામી આજે પણ એવો અભિપ્રાય આપે છે કે ઉપરોક્ત મહેલ ઉપર વીજળી પડી હતી, કારણકે ખુદાપાકને પોતાના મહેબૂબ બંદાનું કથન સત્ય પૂરવાર કરવું હતું કે 'હજુ દેહલી દૂર છે'" કેમ્બ્રીજ હિસ્ટરીના કર્તાએ ઉલગખાનને પિતાનો કાતિલ આલેખતા વિચાર દર્શાવ્યો છે કે 'પાદશાહના કતલમાં સુલતાનુલ મશાઇખનો પણ હાથ હતો' જેથી અમો પણ એ નિર્ણય ઉપર આવીએ છીએ કે એક લાયક ન્યાયી ને સાચા મુસલમાન પાદશાહના મૃત્યુને કામેન લેખે એ ઉચ્ચતર ન ગણાય ને નતો કેમ્બ્રીજ હિસ્ટરીના ઉલ્લેખ સંબંધમાં ન તો કોઇ ઇતિહાસીક સાબિતી મળી આવે છે કે સુલતાનુલ મશાઇખે પાદશાહના મૃત્યુ અર્થે કાવતરું ઘડ્યું હતું સંભવિત છે કે પાદશાહનું મરણ અકસ્માતથી નિપજ્યું હોય કારણકે જ્યારે ઉલગખાને વરંગલ તરફ સૈન્ય લઇ પ્રયાણ કર્યું ત્યારે ત્યાં પણ એણે પિતાની સામે બળવો કરવાની ઇચ્છા દર્શાવી હતી ને જ્યારે એનો બાપ એક મુદ્દત સુધી બંગાળમાં રહ્યો ત્યારે એને પોતાની મનોઇચ્છા પૂર્ણ કરવાનો પ્રસંગ સાંપડ્યો ને એણે પોતાના પિતાના વધનું કાવત્રું રચ્યું એ પણ થઇ શકે છે સુલતાન ગ્યાસુદ્દીન તઘલગનું મરણ ફેબ્રુઆરી યા માર્ચ ઇ સ ૧૩૨૫માં થયું ને એ પછી થોડાજ દિવસોમાં એટલે એપ્રિલની ૩જી તારીખે સુલતાનુલ મશાઇખની વફાત થઇ એમના ભાણા મહદાક ગ્યાન શેખ રૂકનુદ્દીન મુલ્તાની પણ હાજર હતા જેઓએ જનાઝાની નમાઝ પઢાવી હતી મઝાર દેહલીમાં મોજુદ છે સુલતાનુલ મશાઇખ ખુદાના ફઝલથી આયુષ્ય પણ લાંબુ પામ્યા હતા. ને એમના સુભાગ્યે એમને એમના અનુયાયી ઇતિહાસકારો સાંપડ્યા એટલે અમીર ખુશરૂ ને ઝિયાઉદ્દીન બરની જે બેઉ આપના મુરીદ હતા આપને એ સમયે ઘણીજ કિર્તિ સાંપડી હતી પોતે પોતાની કુશળતા અને સર્વ શક્તિ તરીકત અને ઇસ્લામ પ્રચારમાં ખર્ચી હતી દેહલીમાં રહીને આપ દૂર દૂર દેશોમાં પોતાના ખલીફા મોકલી તેમની મારફત ઇસ્લામ પ્રચારનું કાર્ય કરાવતા હઝરત નિઝામીના કથન અનુસાર આપના મુરીદ હિંદ ચીન, અને અરબસ્તાનમાં પણ મોજુદ હતા વળી ગુજરાત ને દક્ષિણમાં ઇસ્લામ પ્રચાર માટે આપે ૫૦૦ ખલીફા મોકલ્યા હતા જેથી આધ્યંત પણ એ વખતના લાખો મુસલમાન

ત્યા મૌજૂદ છે ચીનના શહેરોમા આજકાલ ૧૫૦ ખાનકાહો છે કે જે નિઝામીયા પંથથી આબાદ છે અફઘાનિસ્તાનના હજારો મુસ્લિમ ખાનદાનોનો સબંધ એનાથી છે હિંદુસ્તાનમા કોઇ પણ શહેર કે ગામ એવુ નથી કે જ્યા હઝરત મેહબૂબ ઇલાહી (રેહ૦)ના પંથનો ફાએ ન હોય ખાસ કરીને પંજાબ તો નિઝામીઓથી ભરપૂર છે

સમાઅ સબંધે શરીઅતના હુકમો ભલે ગમે તે હોય પરંતુ એ વાત તો નિશ્ચિત છે કે, એથી સંગીત વિદ્યાને ઘણુજ ઉત્તેજન મળ્યુ છે એ વિદ્યામા અમીર ખુશરૂ ઘણાજ વિખ્યાત હતા ઉના પગ તેઓ પોતાના મુર્શિદના એક જાનિસાર અનુયાયી હતા પોતાના ફનમા સમાઅના પ્રેમેજ એમને પ્રખ્યાત બનાવ્યા એ સંભવિત છે તેથી અમીર ખુશરૂને **મુક્તાહુસ સમાઅ** પણ કહે છે એમણે અનેક રાગ રાગણીઓ પ્રર્ચલિત કરી સંગીત વિદ્યામા તેઓ નિપૂણ હતા સિતારમા એમણે અનેક વાનોનો અવિષ્કાર કર્યો કઇક રાગો ઉત્પન્ન કર્યા, રાગોમા વધ ઉત્પન્ન કરી સમાઅની ઉન્નતિ અર્થે જેટલી સંગીતની અગત્યતા છે તેટલીજ સુંદર કવિત્વની જેવી શાયરીને પણ એમા રંગ મળ્યો સુલ્તાનુલ મશાઇખના ખાસ મુરીદોમા અમીર ખુશરૂ અને હસન મશ્હૂર શાયરો હતા

નિઝામીયા પંથ જે સાબેરીયા પંથ જેમ ચિસ્તીયા પંથની એક શાખા છે જેની પ્રથા આપથી શરૂ થઇ કેટલાકો કહે છે કે હઝરત બૂ અલી કલંદર પાણીપતીએ પણ સુલ્તાનુલ મશાઇખથી બૈઅત કરી હતી કલંદર સાહબ જે કુબે જમાલ હાંસવી (રેહ૦)ના નમીઆઇ ભાઇ હતા ને સુલ્તાનુલ મશાઇખના સમવાયક હતા આપ પાણીપતમા પૈદા થયા હતા જાહીર વિદ્યા પ્રાપ્ત કર્યા પછી આપે જ્ઞાન ઉપદેશનો કાર્ય આરંભ્યો બાર વરસ સુધી કુવ્વત ઇસ્લામ મસ્જિદમા વાઅઝ કરતા રહ્યા એ પછી એક ફકીરની અસરથી જ્ઞાન ઉપદેશનું કાર્ય છોડી જંગલમા નીકળી ગયા ને કલંદરની સ્વતંત્ર રાહ લીધી

આપના જીવનના જાણવાજોગ અનેક પ્રસંગો છે જેમને શરીઅત ને અખલાકના દ્રષ્ટિબિંદુથી નિહાળીએ તો તે પર અનેક ટીકાઓ થઇ શકે છે પરંતુ દુનિયા આપને એક કલંદર તરીકે ઓળખે છે ને એ વાત તો ચોક્કસ છે કે જે માણસે દુન્યાનો ત્યાગ કર્યો હોય તેને દુન્યાદારીના નિયમોથી આપણે પારખી તો નજ શકીએ? આપની ઉમર ઘણી ખરી તો લીનતામા અને નિર્ભાન અવસ્થામા વ્યતિત થઇ ને જ્યારે હિજરી સન ૭૩૪ ના રમઝાનમા આપ વફાત પામ્યા ત્યારે આપની પાસે કોઇ ન હતુ અને ત્રણ રોજ સુધી કોઇને પણ જાણ ન થઇ કે આપ દુન્યાથી કૂચ કરી ગયા છે

ત્રીજા દિવસે કેટલાક લાકડા ફાડના રાઓએ તેમની લાશ જોઇ અને દફનાવવાની તૈયારી કરી મઝાર પાણીપતમા છે (અપૂર્ણ)

કાઠીયાવાડમાં પ્રાચીન મસ્જિદો

રજુ કરનાર ‘ પુરાતત્વ પ્રેમી ’

આખા કાઠીયાવાડમા મુસ્લિમ સલ્તનત હતી એમ ઇતિહાસના પૃષ્ઠો ઉથલાવતા માલૂમ પડે છે તે વખતે ઘણા શહેરો અને ગામોમા ઇસ્લામીઓએ મસ્જિદોના પાયા નાખ્યા છે તે પૈકી સશોધન દ્વારા જે પ્રાપ્ત થયુ તે વાચકો સમક્ષ રજુ કરૂ છુ આ ઉપર સાનમા સારો પ્રકાશ તો જનાબ ‘કોકિલ’ જેવા પાડી શકે અને એવી આશા અસ્થાને નથી, છતા જેટલુ મળ્યુ તે રજુ કરૂ છુ

ફિરોઝ તઘલગે ઇ સ ૧૩૬૦મા ગુજરાત ઉપર સ્વારી કરી જુના સોરઠમા મુસ્લિમ સત્તા પ્રબળ કરી ઝફરખાનને ગુજરાતનો સુબો નીમી તે દિલ્હી ગયો એના પાછના વખતમા એણે ઇઝ ઉદ્દીન અને સૈયદ સિકદરને માગરોળના ગોહિલ રાવળ સામા લશ્કર લઇને મોકલ્યા તેનો પરાજય કરી ત્યા રાવળ મસ્જિદ બધાવી તેમજ જુમ્મા મસ્જિદ પણ બધાવી એ મસ્જિદ જો કે ચાપાનેરની જુમ્મા મસ્જિદ કરતા ઉતરતી, પણ બહારનો ડોળ દમામ તથા નકશી કામમા અહમદાબાદની જુમ્મા મસ્જિદથી જાય તેવી નથી તેની બાધણી ઘણી ઉમદા છે માગરોળ માથી એક ફારસી લેખ જડયો છે તેમા ફિરોઝ તઘલગની બાદશાહતમા માગરોળ ગામમા ખ્વાજા સદર-ઉદ અકાબરે ઇ સ ૧૩૮૫મા એક મસ્જિદનો પાયો નાખ્યાની વાત છે

મહમદ બેગડો જુનાગઢના સ્થળથી એટલો બધો ચકિત થયો કે તેણે પોતાની રાજધાની ત્યા આણવાનુ નક્કી કરી પોતે ઘણા દિવસ સુધી ત્યાજ રહ્યો એ અરસામા તેણે શહેરનો કિલ્લો મજબુત કરી ઉપર કોટમા એક મસ્જિદ બધાવી

આ અરસામા ઓખાના વાઘેર સરદાર ભીમાએ મુલ્લા મહમદ સમરકન્દીની ઉપર હુમલો કરતા મુલ્લાએ જાતે આવી મહમદ બેગડાની મદદ માગતા સુલ્તાન પડે લશ્કર લઇને ગયો અને જગત-દ્વારકા જીતી લીધુ ત્યાર પછી શખોદ્ધાર બેટ જીતી લઇ દ્વારકામા મસ્જિદ બધાવી ને ફરાત-ઉલ-મુલ્કને ત્યાનુ રાજ સોપી પાછો ફર્યો મિરાતે સિકન્દરીમા લખેલ છે કે દ્વારકા આ પહેલીજ વખત મુસલમાનોના હાથમા ગયુ

અઢારમા સૈકામા હાલના અમરેલીના દક્ષિણ તથા પશ્ચિમ ભાગ, જેને હાલ પણ જુની અમરેલી કહે છે અને જ્યા આગળ જુનો કોટ જેમા હાલ તુરગ છે ત્યા જુની મસ્જિદ છે તે અમરેલીનો જુનો ભાગ હતો

સોરઠનો પ્રસિદ્ધ સુબો મલેક અયાઝ ઘણે ભાગે દીવમા પણ કોઈ કોઇ વખતે ઉનામા પણ રહેતો ઉનામા એક જુનુ તળાવ છે તેમાહેનો એક સ ૧૫૮૨ ઇ સ ૧૫૨૬ ની સાલના સસ્કૃત લેખમા મલેક અયાઝનુ નામ છે અને તેની કબર ઉના ગામની બહાર હઝરત શાહની મસ્જિદમા બનાવવામા આવી છે આ મસ્જિદ કોના વખતમા બધાઇ?

મુસ્લિમ સલ્તનત જ્યારે આખા કાઠીયાવાડમા હતી ત્યારે કુતીયાણાને મુઝફ્ફરાબાદ કહેતા કારણ ગુજરાતનો સુલ્તાન મુઝફ્ફર હલીમ જ્યારે સોરઠનો સુબો હતો, ત્યારે તેને કુતીયાણુ બહુ ગમતું તેથી તેણે ગામને બનાવ્યા અને ગામ ફરતો કોટ બંધાવ્યો જુના ફારસી લેખો તથા દસ્તાવેજોમા કુતીયાણાને મુઝફ્ફરાબાદ કહ્યુ છે અહીંની જુમ્મા મસ્જીદ હિ સ ૯૪૦ ઇ સ. ૧૩૫૯ મા બંધાઇ છે અને એક ફારસી લેખમા લખેલ છે કે આ મસ્જીદનો બાંધનાર કોઇ ઇબ્રાહીમ નિઝામ ઝરથી હતો તે ગુજરાતના સુલ્તાન મહમદ ત્રીજાના વખતમા થઇ ગયો

જુનાગઢમા માઇ ગઢેચી છે ત્યા એક જુની મસ્જીદ છે તે મસ્જીદના દરવાજા ઉપર અરબી ભાષામા સન ૬૮૫ ઇ સ ૧૨૮૪ નો લેખ છે તે ઉપરથી જણાય છે કે જુનાગઢમા મક્કા-મદીના હજ કરવા જતા મુસલમાનોના એજન્ટ તરીકે રહેતા હતા તેણે બંધાવી છે

સુલ્તાન મહમદ બેગડાએ જુનાગઢનુ નામ બદલી મુસ્તફાબાદ રાખ્યુ અને કિલ્લેબંધી કરી એક મસ્જીદ બંધાવી તે કઇ હશે ?

ધારીમા એક જુની મસ્જીદ છે એ મસ્જીદ ગોરી બીબીમને નામે ઓળખાય છે

માંગરોળમા મુસલમાનોનુ થાણુ ઇ સ ૧૪૮૬ મા હતુ તે વખતે એક મસ્જીદ બંધાઇ

મહુવા ભાદ રોડના દરવાજા બહાર એક જુની મસ્જીદ છે તેમા અરબી લેખ હિ ૮૨૬ નો છે તેમા લખેલ છે એ મસ્જીદ મલેક અસર ઉન મલિક બિન મલિક હૈદરે ગુજરાતના સુલતાન અહમદશાહના વખતમા બંધાવી

હિજરી ૭૭૫ ઇ સ ૧૩૭૩ મા માંગરોળમા મુસલમાન હાકેમ ઇઝ્ઝુદ્દીન બિન યાકુબ-શાહે જુમ્મા મસ્જીદ બંધાવી અને [illegible] મસ્જીદમા એક હિજરી ૭૮૦ નો અને [illegible] મસ્જીદમા હિજરી ૭૮૪નો લેખ છે એ મસ્જીદ કોણે બંધાવી હશે ?

વઢવાણમા સુલતાન અહમદશાહના વખતમા મોટુ થાણુ હતું વઢવાણના ત્રણ ફારસી લેખોથી ફલીત થાય છે કે અહીં ત્રણ મસ્જીદો બંધાઇ છે તેમા બે અહમદશાહના વખતમા ત્રીજી સુલતાન મહમદ ત્રીજા ન્યાસુદ્દીન વઉદ્દીનના વખતમા બંધાઇ આ વિષય પર કોઇ પુરા તત્વવેત્તા વધુ અજવાળુ પાડે એ આશાએ હાલ તો વિરમુ છુ



"ધઉંની દુકાન"

'મઝાક' માહુમ (રંબોઈ)







ખરા બપોરનો સમય હતો ગરમીથી દિનો ખેકરાં હતા. એક દુકાન અને આટલા ભૂખ્યા ? રહમ ! અય પરવરદિગાર મા ! રહમ ! એ લાઈનોમાં નિર્દોષ બચ્ચાઓ અને માતાઓ પણ છે, ભૂખ્યા અને અશકત ઘરડાઓ પણ છે, તથા ઉદાસ અને નિરાશ વિધવાઓ પણ છે ! જુઓ, ફૂલ જેવા નાઝુક બચ્ચાઓ કરમાઈ રહ્યા છે ! અફસોસ એ માસૂમ ભૂખથી તડપી રહ્યા છે ! એક બાજુ પાક પવિત્ર અને લજ્જાળુ માતાઓ શરમથી નીચી નિગાહે ઉભી છે ! એક તરફ અનાથ કુમળા બચ્ચાઓ મુરઝાઈ રહ્યા છે ? હવે તો હે ખુદા તુ આસરો આપ ! એમનામા હવે શક્તિ રહી નથી એક તુજ છે આસરો આપનાર, બીજો કોઈ ના ! અગર નથી—નહિ તો યાદ રહે કે હશ્રના મેદાનમાં એક દિવસ જરૂર આવશે !

નહિ તો વિધવાઓના બચ્ચાઓ ભૂખથી મરી જશે !

કેટલા દિવસ ફાકાઓથી એમને એમ પાછા ઘેર જશે ? છેવટે જરૂર એક દિવસે ભૂખ્યા મરી જશે ! એમના રૂપ રંગ તો જુઓ ? જાણે સો વર્ષના ન દેખાતા હોય ! ઉંડી ઉંડી આંખો જાણે કબરો ન દેખાતી હોય ? ચાચાના હાથ જાણે કબરની દીવાલો ન હોય ? આ એક જીવતા શરીર જાણે હાડકાના પીંજરામા કેદ ન હોય આ તો કાંઈ એમની જિંદગી ઉપર જાણે મોત ! જાણે હાલની આ નવી જીવતી કબરો ! શું ધઉંની દુકાન પર એ મોત દેખવા આવ્યા હશે ? જો જિંદગી એમને બક્ષી હોય તો અય "રહીમ" એમને જીવવા દે આવી રીતે એમને ભૂખ્યો ન રાખ, અને લોહી ન પીવા દે ! આવા ઘરડાઓનો મુશ્કિલકુશા કોઈ નથી ? એક તુજ છે બીજો કોઈ તારા વગર નથી ?

એક દુકાન પર રડી રહીને ગરીબ વન્ડી ડોબી કહી રહી છે, "ત્રણ દિવસ થયા મારા બચ્ચાઓએ રોટી ખાધી નથી અફસોસ ! એક દાણો પણ દુકાનથી મળતો નથી ! સાંજ પડી જાય છે પણ મારો વારો આવતો નથી ! મારા ઘડપણ પર કોઈને રહેમ આવતી નથી શું રહેમ અને દયાના દરિયા સુકાઈ ગયા છે ? ત્રીજો દિવસ છે મારા બચ્ચાઓએ કાંઈ ખાધું નથી કોઈ મારા દુખનો કિસ્સો સાંભળતું નથી ! ઝુલ્મ છે કે માણસ તો માણસ ખુદા પણ સાંભળતો નથી !"

આટલું કહેતા તો તેને ભૂખથી ચક્કર આવ્યા ડી ભૂખરી પથ્થરની સડક ઉપર ઉંધા માથે બેહોશ થઈને પડી ! આંખમાં આંસુ અને માથામાંથી લોહી નીકળવા લાગ્યું હું કંપી ઉઠયો અને ખુદાને જોરથી પુકારી કહેવા લાગ્યો

'જો ! આ જીવ આપે છે તારી રહમતના સોગંદ છે ! તારી રહમતના સોગંદ છે ! તારી કુદરતના સોગંદ છે અગર ધઉં ખાવાને ન આપે તો તું તેમને મોત આપી દેને !"

હઝરતે આ મનો મદનો આનીથી આવી રીતે ન લે"

*(સૂચિત)

હુસ્નકી આ દેખલે ગુજરાતમેં મજબૂરીયાં!

[જનાબ હકીમ બશીર અહમદખાન "ઝખ્મી" અહમદાબાદ]

નીલગૂં સાડીપે ઝરદોઝીકીથી રંગી બહાર,
યા ફલક પરથી સિતારોકી જવાની બેકરાર
ચર્ખ ચકગના હુવા બોલા હૈ મેરી હમસરી
આઈ આવાઝે પરિસ્તા હૈ યહી ગીનમ પરી

સાઅદે સીમીંપે રકસાં વોહ તિનાસ ચૂળીયાં,
યા રવાએ ચર્ખ પર ભોલી શફકકા સા સમાં
વોહ સરે અન્ગુસ્તમે નલમાસકી અંગુસ્તરી
દેખકર ચુન્ધીયાએ જિરકો નૂરે ચશ્મે મુસ્તરી

હૂસનેસે કિસ તરહ પાએ મેઈ ઈસકી કમર,
જુમ્તજૂમે ખો ચૂકીહે શાયરોકી ભી નઝર
હર કદમ પર સર બ સિજદહ હો રહાથા આસમાં,
પાઉંકી ઝન્ગાર પર કુર્બાનથી મૂસીકીયાં

દેખ લેતી ઈસકી આંખોકા અગર મસ્તાનાપન,
નરગિસે રઅના પે છા જાતા વહી દીવાનાપન
જુબિશે લબસેથી ઈસકે મૌજે કુ ઝુમ નગમે બયાં,
ખામશી પર ઈસકીથી સરમસ્ત સોસનકી ઝુબાં

મય ભરી મીનાએ ગરદન ઔર વોહ ઉસકા નિખાર,
સાકીએ બઝમે ફનકા હોશ હો જિસ પર નિસાર.

• • • •

હૈર લેકીન અપ દિયે સદ્યાક દામા પારા કર
દીદએ ઈબ્રતસે રંગ દહરકા નઝઝારા કર
હુસ્નો મૂસીકીકે સર પર બેકસીકા બાર દેખ
પહેનૂએ ગુલ્હાએ તરમે ખેમસીકા ખાર દેખ.

ધૂસ ભુતે તન્નાઝ પર મન ભરકા એક સદુક દેખ,
દૌરે સરમાયા પરસ્તીકા હૈ યે મઅશક દેખ
હુસ્નકી આ દેખને ગુજરાતમે મજબૂરીયાં,
ફિક્ર ઔર રંગીનીએ પૈકર ઔર યે મઝદૂરીયાં!

('મહીના'માંથી)

—કોઇને પણ કામનું!

"કાગડા વિષે પવિત્રપણુ, જુગારને વિષે સત્યપણુ, સર્પને વિષે ક્ષમાપણુ, સ્રીને વિષે કામની શાન્તિ, નપુસકને વિષે ધીરજ, મદ્ય પીનારમા આત્મજ્ઞાનના વિચાર, અને રાજાને વિષે મિત્રપણુ જોયુ નથી, ને સાભળ્યુ પણુ નથી "

° ° ° °

પત ગીયાનુ તેજ કયા સુધી? ચદ્રનો ઉદય થયો નથી ત્યા સુધી ચદ્રનુ તેજ કયા સુધી? સૂર્યનો પ્રકાશ થયો નથી ત્યા સુધી

"જે રાજાઓ પોતાના સાથીઓ સાથે ઘણાજ મળતાવડા થવાનો દેખાવ આપે તેમને માટે એમ સમજવુ કે તે માણસનો ઉપયોગ નારગીઓના જેવો કરવાનો તેનો વિચાર છે, એટલે કે રસ ચુસવા માટે નારગી ખરીદે છે, અને તે બરાબર ચુસાઇ રહી એટલે તેને નાખી દે છે વાસ્તે સભાળ રાખજે કે તે તારા વિચારો બધા વાચી લે નહિ, કેમકે નહિ તો પછી એક પુરેપુરી વાચી લીધેલી ચોપડીને પોતાની પેટીની પછવાડે જેમ તે ફેકી દે છે, તેમ તને પણુ ફેકી દેવાને વાર લગાડશે નહિ"

"ડયુક ઓફ આલવા"

કુળવાન પુરુષો સાથે સોબત, પડિતો સાથે મિત્રતા તથા જ્ઞાતિ ભાઇ સાથે સપ કરનારો પુરૂષ કયારેય પણુ દુખ પામતો નથી

વિદ્યાભ્યાસ એ તરૂણાવસ્થામા પોષણુ વૃદ્ધાવસ્થામા મોજ, સતતિમા શણુગાર તથા વિપત્તિમા દિલાસો છે ઘરમા તેથી આનદ ઉપજે છે, બહાર નમ્રતા પથરાય છે, ને દિવસે કે રાત્રિએ એ વિષે, મુસાફરીમા કે એકાતવાસમા તે આપણુને છોડી જતી નથી

'સિસરો'

રાજા સેવા કરવી તે તરવારની ધારને જીભથી ચાટવા બરાબર છે, રાજ્ય સેવા કરવી તે સાવજને બાથમા ઘાલીને મળવા બરાબર છે અને રાજ્યની સેવા કરવી તે સર્પણીના મુખનુ ચુબન કરવા બરાબર છે

° ° ° °

'પહાડોમા જેમ પાણી રહી શકતુ નથી, તેમજ ઉદાર અને મહાન પુરૂષના હૃદયમા ક્રોધ અથવા દ્વેષ ટકી શકતો નથી

સપાદક –'મીરઝાં'

મરહૂમ ફ્રેન્ચ લેખક સેન્ટ જુઈટની હૃદયસ્પર્શી નવલિકા

•દાકતરની ચિકિત્સા•

અનુવાદક 'ચાકમુત'

દાક્તરે એને જોતાજ કહ્યુ 'તુ મરી જઇશ તા! મરણુ વિષે મને લેશ પણ શકા નથી અત્યારે પણ તુ મને મડદા જેવોજ લાગે છે "

આટલા મોગ દાક્તરના મુખેથી આ શબ્દો સાભળતા સલીમ ભયભીત થઇ કપવા લાગ્યો દાક્તર બદરીદાસ ઝેરશાસ્ત્રના મહાન નિષ્ણાત હોઇ એ બદન આતરરાષ્ટ્રીય ખ્યાતિ પણ પ્રાપ્ત કરી ચૂકયા હતા ધરતીના પટ પર એવો એક પણ દેશ નહોતો કે જે એમના જ્ઞાન અને કાબેલિયતને ઇન્કારી શકે

સલીમ એમના મહૂમ મિત્રનો એકનો એક પુત્ર હતો દાક્તર બદરીદાસને એના પર પક્ષાત હતુ અને એ પણ એમની પાસે ત્રીજે ચોથે દિવસે અચૂક આવતો

દાક્તર બદરીદાસ, સલીમની આખો બે ચાર અભ્યાસપૂર્વક તપાસી બોલ્યા, 'ઝેરની સપૂર્ણ અસર છે, કમનસીબ છોકરા! સાચુ બોલ તે શુ કર્યું છે?'

મૃત્યુને સામે નિહાળી સલીમના ઓષ્ઠ સુકાઇ રહ્યા હતા ભયથી ધ્રૂજતા તેણે જવાબ આપ્યો, "મે કાઇ પણ નથી કર્યું "

દાક્તર સાહેબ એની વાણીનુ અનુકરણ કરતા બોલ્યા, "બેટા! જરા તારી યાદશક્તિ સતેજ કર તે કોઇ વસ્તુ ખાધી છે, કોઇ વસ્તુ પી લીધી છે, કોઇ વસ્તુ સૂઘી લીધી છે?"

સલીમે કહ્યુ, "મારા એક દોસ્ત બાગવાના જમનોના પ્રવાસ કરી રહ્યા છે એમણે મને એક લાલ ફૂલ પરબિડિયામા મોકલ્યુ છે, મે એ ફૂલ અવશ્ય સૂઘ્યુ હતુ"

દાક્તર બદરીદાસ ઝેરના અર્કની એક ભરેલી શીશી પોતાના ફરમાન પર ઊંચી વાળતા બોલ્યા, "ક્યા છે એ ફૂલ? ક્યા છે? જરા મને પણ જેવા તો દે"

સલીમે ખીસામાથી પરબિડિયુ કાઢી, તેમાથી ફૂલ લઇ દાક્તર સાહેબના મેજ પર મૂકી દીધુ

ફૂલને જેતાજ દાક્તર સાહેબ ધ્યાનથી જોતી બોલ્યા "મારી ચિકિત્સા નિષ્ફળ ગયી છે આ ફૂલનુ નામ છે 'પાયરા મિનેસીસ ઇન્ડિકા" (Pyramenesis Indica) આ અતિશય ઝેરીનુ હોય છે તે આ ફૂલ ક્યારે સૂઘ્યુ હતુ?"

આજે સવારે નવ વાગે"

"આનુ ઝેર ચોવીસ કલાકે અસર કરે છે કાલે સવારે બરાબર નવ વાગે તારુ મૃત્યુ નીપજશે"

સલીમના ચહેરા પર ફિક્કાશ હસી આવી તે બોલ્યો, 'દાક્તર સાહેબ! મારુ શરીર તો તદ્દન તદુરસ્ત છે"

દાક્તર બદરીદાસે કહ્યુ 'તુ ઝેરની સ્થિતિ નથી જાણતો કાલે જ્યારે નવ વાગવામા પાચ મિનિટ બાકી રહેશે ત્યારે તારા હૃદયમા એમ એક દરદ થવા માડશે અને તુ પાચ મિનિટ માજ તરફડી મરી જઇશ"

"દાક્તર સાહેબ! કોઇ ઉપાય?"

"કોઇજ ઉપાય નથી"

યૂરોપ અને અમેરિકાના તબીબો પણ જેમની સમક્ષ વિદ્યાર્થીઓ બની જાય છે એવા

ઝેરશાસ્ત્રના નિષ્ણાત દાક્તર બદરીદાસની ચિકિત્સા કઇ રીતે અસત્ય હોઈ શકે ?

ત્રેવીસ, ચોવીસ વર્ષનો નવજવાન સલીમ દીવાના પેઠે દાક્તર સાહેબના દવાખાનામાંથી બહાર નીકળ્યો એના પગ લથડી રહ્યા હતા—દૃષ્ટિ સમક્ષ મૃત્યુની તસ્વીર હતી 'કાલે બરાબર નવ વાગે હુ મરી જઇશ '—એ એકજ વિચાર એના મગજમા ઘોળાયા કરતો હતો.

° ° °

પડતો આખડતો એ રાત્રિના આઠ વાગે પોતાના નિવાસસ્થાને પહોંચ્યો

વૃદ્ધ ચાકરડીએ એને કહ્યુ, 'ભોજન તૈયાર છે જમી લો ''

'પરતુ કઇ રીતે જમી શકાય ? અને હવે જમવાની જરૂર પણ શી બાર કલાક પછી તો જીવનપ્રદીપ બુઝાઇ જવાનો છે '' સલીમ સ્વગત બોલ્યો

માથુ દુખવાનુ બહાનું બનાવી એણે પથારી પર લબાવ્યુ પણ ઊંઘ કયાંથી આવે ? એ વિચારવા લાગ્યો, ''મારે માસિક સો રૂપિયાની ઊપજવાળી જાયદાદ છે એનુ મારે વસીયતનામુ કરી નાખવુ જોઇએ પરતુ વારસદાર તરીકે કોને મુકર્રર કરવો ? નથી કોઇ મિત્ર નથી કોઇ સગુવહાલુ !'

હા, એના મર્હુમ ચાચાની એક જવાન દીકરી નસીમા હતી યતીમ નસીમા ઘણા વર્ષોથી એના મામા સાથે દુખમય જિદગી ગુજારતી હતી સલીમને નસીમા માટે છૂપો પ્રેમ હતો, પરતુ એની સાથે શાદી કરવાની પોતાની ઇચ્છા એ કેવી રીતે વ્યક્ત કરી શકે ? એણે સાભળ્યુ હતુ કે નસીમાના મામા પૈસાના પૂજારી છે

આખરે એણે વસીયતનામુ ઘડી નાખ્યુ, એમા એણે નસીમાને પોતાની તમામ માલમિલકતની વારસદાર ઠરાવી દીધી

એ વિચારવા લાગ્યો, ''નસીમા કેવી ખૂબસૂરત અને ઉમદા છોકરી છે, પરતુ બિચારી આફતોમા ઘેરાયેલી છે ચાર પચ દિવસ પહેલા જ્યારે હુ એને મળ્યો ત્યારે એ કેટલી ગમગીન હતી ! એમ લાગે છે કે એના મામાએ પેલા આધેડ ઉમરના અક્કડ લશ્કરી અફસર સાથે એનુ વેવશાળ કરી નાખ્યુ છે જૂના વિચારોનો અભણ જમીનદાર ! એને બિચારાને છમકતા યુવાન હૈયાના આકર્ષણોની શી લાગણી ! એ તો હમેશા રૂપિયા, આના, પાઈના વર્તુળમજ ઘુમ્યા કરે છે એને મન રૂપિયા એજ સર્વસ્વ છે નસીમા ! કમનસીબ નસીમા મને રડતા રડતા કહેતી હતી કે હુ ઝેર ખાઇ મરી જઇશ પણ એ ખરાબ સ્વભાવના લશ્કરી અફસર સાથે હરગિઝ શાદી નહિ કરૂ એની વાતચીત પરથી લાગતુ હતુ કે એ પણ કોઇના પ્રેમમા પડી છે આહ એ મને ચાહતી હોત તો ! નસીમા મારે માટે સર્વોત્તમ જીવનસાથી નીવડત એમા જરાય શકા નથી, પણ હવે એ વાતો ઉચ્ચારવામા શો લાભ ? રાતના બે વાગી ગયા ! સાત કલાક પછી મારી જીવનયાત્રા સમેટાઇ જશે પરતુ જો મારે મરવાનુજ છે તો મારી વહાલી નસીમાને મુસીબતોમાથી મુક્ત કરવા માટે છેલ્લો પ્રયત્ન શા માટે ન કરૂ, એના મામા સાથે ઝગડો કરી, રૂપિયાની લાલચમા ફસાઇ એ અક્કડ લશ્કરી અફસર સાથે નસીમાની શાદી કરતા એને શા માટે ન અટકાવુ ? પણ એ કઈ રીતે ખુશી થશે, બહુજ જિદ્દી માણસ છે ! હુ નસીમા માટે મારૂ જીવન ખતમ કરીશ મરસિયાનો સામનો કોઇ નથી કરી શકતુ જો મારે મરવુજ છે તો એક સારા માર્ગ પાછળજ જાન કેમ ન આપુ ?''

° ° °

ઉપરોક્ત વિચાર કરી સલીમ ઉભો થયો ઘડિયાળમાં જોયું તો ત્રણ વાગી ગયા હતા એણે કપડાં પહેર્યાં અને એ નસીમાના મામાના ઘર તરફ ચાલી નીકળ્યો

ત્યાં જઈ પહોંચતા એણે હળવેથી ઘરનું બારણું ખખડાવ્યું, પછી બેચાર બૂમો પાડી પણ કોઈએ જવાબ ન આપ્યો એટલે એણે એક મોટો પથ્થર ઉપાડી એનાથી ધીરે એમ દરવાજો ભભડાવવાનું શરૂ કર્યું

નસીમાના મામાની આંખ ઊઘડી ગઈ ગભરાટમાં બોલી ઊઠયો 'કોણ છે?'

સલીમે જવાબ આપ્યો 'એ તો હું સલીમ જરા નીચે પધારો

'સલીમ! અત્યારે તમે શા માટે આવ્યા?'

'કામ પડયું છે એટલે, નહિ તો શા માટે આવું ?'

રાત્રિપોશાકમાં સજ્જ થયેલા નસીમાના મામાએ નીચે આવી પૂછ્યું, 'કેમ શી બાબત છે?'

સલીમે કહ્યું 'હું આપને એ વિનંતિ કરવા માગું છું કે જેની પહેલી બીના ચાર દીકરા હયાત છે એવા ચેતા બુઢ્ઢા રિસાલદાર અબ્દુલ્લાહખાન સાથે નસીમાની શાદી કરવાનો વિચાર મૂકી દેશો '

'તમે આ શું કહી રહ્યા છો?

'હું જે કાંઈ કહી રહ્યો છું તે ઠીક કહી રહ્યો છું, સમજી વિચારીને કહું છું મારા શબ્દોમાં કોઈ સમસ્યા નથી સ્પષ્ટ શબ્દો છે અને એનો ભાવાર્થ પણ સ્પષ્ટ છે શું આપ ન સમજ્યા?

' એમ થઈ શકેજ નહિ"

"એમ થશેજ"

'મે જીભ આપી દીધી છે, હવે નસીમાની શાદી રિસાલદાર અબ્દુલ્લાહખાન સાથે જરૂર થવાની" '

"કદાપિ નહિ થાય"

'કોણ અટકાવશે ?'

' હું

' જોઈ લઈશ મે તમારી વાતનો જવાબ આપી દીધો હવે તમે જાવ અને જે થાય તે કરી લો

'આટલી રાતે ઠંડીમાં જાઉં કયાં? હું તો આપની પાસેજ રહેવાનો'

નસીમાના મામા બરાડી ઊઠ્યા ' રહેવું હોય તો રહો પણ હું તો એમજ સમજીશ કે તમે ચાલ્યા ગયા છો અને હું તમારી સાથે વાતચીત નહિ કરૂં"

સલીમે સસ્મિત જવાબ આપ્યો 'ભલે આપ વાત ન કરશો પણ આપના ઘરમાં મને આટલી વાત તો પસાર કરી લેવા દો' એટલું કહી એણે નસીમાના મામા સાથે મકાનમાં પ્રવેશ કર્યો નસીમાના મામા પથારી પર પડખાં પડ્યા બબડતા હતા 'શી સજ્જનતા છે શી વિવેકશીલતા છે? ઠંડીની મોસમમાં બારણાં ભભડાવી કોઈ માણસને રાતના ત્રણ વાગે ઊંઘમાંથી જગાડવો એની ઊંઘ બગાડવી અને તે પણ એક આવી વાત માટે!

સલીમે એમની વાતનો જવાબ ન આપ્યો એક ખૂણામાં નસીમાના મામાએ જૂનો સિતાર રાખેલો હતો એને એ પોતાના પ્રાણ કરતા પણ અધિક પ્રિય ગણતા હતા સલીમે સિતાર ઉપાડી સંગીત શરૂ કરી દીધું—તાન તાન તુન તુન

નસીમાના મામા ગભરાઈને બેઠા થઈ ગયા અને કહેવા લાગ્યા 'સલીમ! ખુદાને ખાતર મારા સિતારને હાથ ન અડાડો'

સલીમે જવાબ આપ્યો 'આપે તો પહેલાથીજ એ માની લીધું છે કે હું ચાલ્યો ગયો

છુ હું એમ સમજી લઇશ કે આપની આ ઓરડામા હાજરી નથી, મારી મરજીમા આવે તે કરીશ' તુન તુન, તાન તાન

'જુઓ મિયા સલીમ! હુ તમને સમજાવુ છુ તમારી આ બધી કુટિલતા મૂકી દો મને આ જાનની નકારી વાતો ગમતી નથી"

'આપ આ ઓરડામા બિરાજમાનજ ક્યા છો?" તુન તુન, તનુમ તાન તનુમ, તાન તાન

'ખુદાને ખાતર મારા સિતાર પર દયા કરો એ મારી પાસે વીસ વરસથી છે અને હમણાજ ત્રણ રૂપિયા ખરચી મે એના તાર બદલાવ્યા છે આ જમાનાના છોકરાઓને પૈસાનુ કાઇ દુઃખજ નથી જાણે ત્રણ રૂપિયાનો કાઈ અર્થજ નહિ!'

"વાહ, સારુ આપ મારી વાત માન્ય રાખો છો?"

"કઈ વાત?"

"રૂપિયાના પ્રલોભનમા નસીમાની શાદી અજાણ્યા લશ્કરી અફસર સાથે ન કરશો?"

'એ નહિ બની શકે"

હીક ત્યારે સાભળો" તાન, તનુમ, તાન, તુન તુન તુન તુન, તનુમ તનુમ તાન

હાય, મારો સિતાર તૂટી ગયો '

"હાય, મારી નસીમાનુ જીવન બરબાદ થયુ" તુન તુન, તાન તાન

'હાય, મારા વીતી ગયેલા યૌવનની નિશાની સિતાર!"

'હાય, મારા મહૂમ કાકાની નિશાની નસીમા!" તાન તાન, તુન તુન, તાન તાન, તનુમ તનુમ તન તન તન

વૃદ્ધ જમીનદારે—નસીમાના મામાએ—કટાળી જઇને પૂછયુ આખરે તમારી ઇચ્છા શુ છે?'

સલીમે જવાબ આપ્યો, 'બસ આજ કે પેલા જગલી લશ્કરી અફસર સાથે નસીમાની શાદી ન થાય" તનુમ તનુમ, તન તન

'રિસાલદાર ગુલ ખાન સ્વભાવનો છે'

"એ તો હુ પણ કહુ છુ" તાન તાન તાન, તન

"ખુદાને ખાતર સિતાર મૂકી દઇ ઇન્સાનની પેઠે વાત કરો"

'ખુદાને ખાતર મને સિતાર વગાડવા દો" તન તન તન, તનુમ તનુમ, તાન તાન તાન તાન, તનુમ

હવે સલીમ સિતારને પૂરેપૂરી કરી નાખશે એમ લાગતુ હતુ

જમીનદારે કહ્યુ "જો હુ હવે વેવિશાળ તોડી નાખુ તો રિસાલદાર મને જાનથી મારી નાખશે'

બસ આગવીજ વાત! એને તમે મારા પર છોડી દો જો આ અજ્ઞાન રિસાલદાર શાદીનો વિચાર છોડી દે તો નસીમાને પોતાની મરજી મુજબની શાદી કરવાની છુટ આપવામા આવશે?"

તન તન તન, તાન તાન

'હા, મિયા સલીમ! હા ખુદાને ખાતર હવે તો મારો સિતાર બગાડો મા"

તન તન તન, તાન તાન તન, તનુમ તનુમ તન તન

વૃદ્ધ જમીનદાર ચીડાતા બોલ્યો, "હવે શી બદમાશી માડી છે?'

સલીમે અટ્ટહાસ્ય કરી જવાબ આપ્યો, "આ તો આનદનુ ગીત છે હવે જરા એ કહો કે એ ગમાર રિસાલદાર રહે છે ક્યા?"

જમીનદારે એને મકાનનુ ઠેકાણુ આપતા કહ્યુ, "ત્યા જરા સમજી વિચારીને પગ મૂકજો, ઘણાજ ખરાબ સ્વભાવનો લશ્કરી અફસર છે ક્યા તો તમને જોતાજ ભભૂકી ઊઠશે જો કાઇ આડુ અવળુ ભરાઇ ગયુ તો તમને જીવતા નહિ મૂકે"

'જોઈ લઈશ" સલીમે કહેતાંથી જવાબ આપ્યો અને રિસાલદારના નિવાસસ્થાન તરફ ઊપડ્યો

લગભગ પાંચ વાગે એ ત્યાં પહોંચ્યો એણે બારણું ખખડાવ્યું પણ કાંઈ જવાબ ન મળતાં એણે બૂમો પાડવા માંડી રિસાલદાર સાહેબ, અરે રિસાલદાર સાહેબ !"

અંદરથી ભયાનક અવાજ આવ્યો, 'કોણ જંગલી હોકારો કરી રહ્યું છે ?"

સલીમે સવિનય જવાબ આપ્યો, "સરકાર ! જરા નીચે પધારશો ? હું જમીનદાર સાહેબનો એક અગત્યનો સંદેશો લઈ આવ્યો છું"

ભારે કદમોનો સંચાર સાંભળ્યો મકાનનું દ્વાર ઊઘડ્યું રિસાલદાર બહાર નીકળ્યો લગભગ પચાસ વર્ષની ઉંમર, સારી તન્દુરસ્તી, મોટી મોટી મૂછો, ભરાવદાર ચહેરો અને આંખોમાં તુમાખી એણે કરડાઈથી પૂછ્યું, "બોલો શું કામ છે ?'

સલીમે જવાબ આપ્યો, 'હું અંદર બેઠા પછી જ જવાબ આપી શકીશ"

રિસાલદાર એને પોતાના કમરામાં લઈ ગયો દીવાલો પર સર્વત્ર તરેહ તરેહના હથિયારો લટકી રહ્યા હતા પથારીના શિરાણે કિરચ હતી, બાજુમાં રાઈફલ અને મેજ પર બે રિવૉલ્વરો પડી હતી

પ્રથમ તો હથિયારો જોઈ સલીમ જરા ગભરાયો, પણ પછી એને વિચાર આવ્યો કે જ્યારે હું દુનિયામાં ચાર કે સાડાચાર કલાકનો જ છું તો પછી મોતનો ભય શા માટે ?"

રિસાલદારે એને કહ્યું, "હવે આપ આપનો હેતુ કહો"

સલીમે કહ્યું, "આપ જમીનદાર સાહેબની ભાણેજ સાથે શાદી કરવા માગો છો ?"

"હા '

' આપ એની સાથે શાદી નથી કરી શકતા "

"મને કોણ અટકાવી શકે છે ? લોહીની નદીઓ વહી જશે, નદીઓ ''

'હું અટકાવું છું "

"તમે કોણ છો ?"

' એનો પિત્રાઈ "

રિસાલદાર અબ્દુલ્લાહખાને પોતાની મોટી મોટી મૂછો પર તાવ દઈ સલીમના ચહેરા પર નજર વહેતી મૂકી ભરાવદાર શરીરવાળો સુંદર નવજવાન, પરંતુ ચહેરા પર ગજબની મક્કમતા

એણે કહ્યું, 'જા છોકરા ! જા મને તારી નવજવાની પર રહેમ આવે છે"

સલીમે જવાબ આપ્યો, "મને રહેમની જરૂર નથી"

"શું તું તારી જીંદગીથી કંટાળી ગયો છે કે મારી સાથે લડવા આવ્યો છે ?"

"અને તું શું તારી જીંદગીથી ત્રાસી ગયો છે કે મારી પિત્રાઈ બહેન સાથે શાદી કરવા ઇચ્છે છે ?"

"જો મેં સેંકડો માણસોનો તલવારથી ઘટ ઘડી નાખ્યો છે હાલ માતાથી મોટો શામ શીરબાજ દુનિયાની સપાટી પર મોજૂદ નથી"

'મને પણ કોઈ આવા સંગ્રામવીરની જરૂર હતી કે જે મારો સમોવડિયો થઈ શકે"

રિસાલદારે સિંહ જેવી ગર્જના કરી, શું ખરેખર તું મારી સાથે લડવા જ માગે છે ?'

સલીમે જોરથી મેજ પર મુક્કી મારી જવાબ આપ્યો "અને તું શું મશ્કરી સમજે છે ?"

"જો, તારી મા સાથે હાથ મૂકીને રોશે"

"વાહ, હું મારી માને પહેલાંજ રોઈ ચૂક્યો કહે કઈ વસ્તુથી લડીશ ? તલવારથી,

બદુકથી કે રિવૉલ્વરથી?' મેજ પર જે બે રિવૉલ્વરો પડી હતી તે તરફ હાથ લબાવતા સલીમે કહ્યુ, 'આ રિવૉલ્વરોમાંથી લઈએ એક તુ ને એક મને દે"

રિસાલદારે રિવૉલ્વરોને ખસેડતા કહ્યુ "મિયા સાહેબજાદા! અગ્નિ-શસ્ત્રોને હાથ ન લગાડો એનાથી રમવુ એ મશ્કરી નથી જાનનો જોખમ છે"

સલીમે જવાબ આપ્યો, 'તુ મરવાથી ગભરાય છે શાને? તુ ડરપોક લાગે છે"

"હુ ડરપોક? આપનો મરહૂમ લશ્કરી અફસર!!"

'વાહ! શુ કહેવુ રિસાલદાર બહાદુરનુ! મોતથી તો ભય પામી થરથર કાપી રહ્યા છો."

હું ભયથી નથી ધ્રૂજતો બનકે અત્યારે ઠડી વિશેષ છે"

'જો ભયથી નથી ધ્રૂજતા તો મારી સાથે લડો'

રિસાલદારે નમ્રતાથી કહ્યુ મિયા! લડવા ઝગડવાથી શો ફાયદો? સજ્જન પેઠે બેસીને વાતચીત કરતા આખરે તમારી ઇચ્છા શી છે?"

સલીમે પોતાનો સૂર બરાબર કરતા કહ્યુ, 'બસ એજ કે તમે નસીમાની સાથે શાદી કરવાનો ઇરાદો છોડી દો"

રિસાલદારે કહ્યુ 'સાચી વાત આ છે કે જમીનદાર સાહેબની ભાણેજ સાથે શાદી કરવા હુ પોતેજ નારાજ હતો એ સોળસત્તર વરસની નવજવાન છોકરી અને મારી ઉમર પચાસ વર્ષની એનાથી મોટા તો મારે દીકરા છે પણ જમીનદારે મારી ખાનદાનિયતની વાતચીતે મને બૂરી રીતે ઘેર્યો તો હુ તમારા ઉદ્દેશ પૂરો પાડવા સદૈવ તૈયાર છુ પણ મુશ્કેલી એ છે કે તમે મને ધમકીઓ આપી છે, અને આજ સુધી કોઇનીય ધમકીને હુ વશ થયો નથી"

સલીમે જવાબ આપ્યો, "બસ મહાશય! હુ મારી તમામ ધમકીઓ પાછી ખેચી લઉ છુ આપ તો મારા પિતા સમાન છો અને વળી આટના મોગ વિખ્યાત અફસર છો આપને હુ શુ ધમકીએ આપવાનો હતો! કહો તો હાથ જોડી આપની માફી માગી લઉ"

રિસાલદારે એની પીઠ પર હળવેથી ટાપલી મારી કહ્યુ, "જો આમ છે તો મને તમારી ઇચ્છા માન્ય છે હુ તમારી પિત્રાઇ બહેન સાથે શાદી કરવાનો ઇરાદો મૂકી દઉ છુ"

સલીમે કહ્યુ, 'તો મહેરબાની કરી મને એ જરા લખી દેશો?'

રિસાલદાર સસ્મિત બોલ્યા, 'મિયા સાહેબ જાદા! તમે છો સજ્જન સહેલાઈથી છોડો એમ નથી' એટલુ કહી એણે શાદીનો અસ્વીકારપત્ર નસીમાના મામાના નામ પર લખી આપ્યો.

સલીમ સાડા છ વાગે રિસાલદાર પાસેથી વિદાય લઈ લગભગ સાત વાગે નસીમાના મામાને ઘરે આવ્યો.

જમીનદાર સાહેબ દીવાનખડમા બેઠા બેઠા હુક્કો ગડગડાવી રહ્યા હતા સલીમને જોતાજ તે બોલી ઉઠ્યા 'ફરી મને હેરાન કરવા આવ્યા ને?"

સલીમે જવાબ આપ્યો 'હુ તમને હેરાન કરવા નહિ પણ ખુશ ખબર આપવા આવ્યો છુ રિસાલદાર સાહેબે શાદીની ઇન્કારી કરતો પત્ર લખી આપ્યો'

જમીનદારે ચોકી ઊઠી પૂછ્યુ, "શુ? સાચેજ તમે એ બદમિજાજી રિસાલદાર પાસે

ગયા હતા ?"

"જી હા."

"તદ્દન અસંભવિત જો ત્યાં ગયા હોત તો જીવતા પાછાજ ન આવી શકત"

"અરે, જુઓને આ રહ્યો રિસાનદારનો પત્ર"

જમીનદારે પત્ર લઇ એને વિસ્મયથી તપાસતા કહ્યુ, "તમે એના પર શું જાદુ કર્યું ? એ તો બહુજ જિદ્દી માણસ છે"

"અને હુ શુ ઓછો જિદ્દી છુ ? લાવો આ ખુશીમા હુ તમને સિતારનુ એકાદ ગીત તો સંભળાવુ"

એટલુ કહી એ મકાનમા નાઠો જમીનદાર સાહેબ એની પાછળ બૂમો પાડતા ઉપ્યા "જો ખબરદાર, મારો સિતાર ન બગાડતા, નહિ તો મારા જેવો કોઇ ખરાબ નથી"

સલીમે અંદર જઇ નસીમાની તપાસ કરી એ સ્નાનગૃહમા હતી સલીમે બૂમો પાડવી શરૂ કરી, "નસીમા, નસીમા! જલદી બહાર આવ"

સલીમનો અવાજ સાંભળી નસીમા ભાગતી પગલે બહાર આવી એના વાળમાથી ટપકતા જલબિંદુઓ એના સૌંદર્યમા વૃદ્ધિ કરતા હતા એણે સલીમને કહ્યુ, "આજ સવારના પહોરમા આ રસ્તે કેમ ભૂલા પડ્યા ? માણસો કહેતા હતા કે રાતે ત્રણ વાગે પણ તમે આવ્યા હતા છો તો મજામાને, વાત શુ છે ?"

જમીનદારે કહ્યુ, "વાત શુ છે ? તારા પિત્રાઇ ભાઇનું મગજ ખરાબ થઇ ગયુ છે આખી રાત પોતેય હેરાન થયા અને બીજા લોકોની ઊંઘ પણ ખરાબ કરી"

નસીમાએ પૂછ્યુ, 'આખરે એ કરતા'તા શુ ?"

જમીનદારે કહ્યુ, "એ એમનેજ પૂછી જો"

સલીમ બોલ્યો, 'હવે પેલા અજ્જડ રિસાલદાર સાથે તારી શાદી નહિ થાય. મે એની પાસે એમ લખાવી લીધુ આમા સાહેબે મારી સાથે કરાર કર્યો છે કે હવે શાદીની બાબતમા તુ સ્વતંત્ર છે જ્યા તારી ઇચ્છા હશે ત્યાજ તારી શાદી થશે"

નસીમાએ માથુ નીચુ નમાવી વક્રદૃષ્ટિએ સલીમ સામે જોયું વૃદ્ધ જમીનદારની અનુભવી આંખે નસીમાની ચોરટી નિગાહોમા સર્વસ્વ જોઇ લીધુ એ બધુ સમજી ગયા એણે કહ્યુ, 'સલીમ! હુ નસીમાની શાદી તમારી સાથે માન્ય રાખુ છુ"

સલીમનુ હૃદય જોરથી ધબકવા લાગ્યુ એને કપાળે પરસેવો વળી ગયો એણે કહ્યુ, "મારી શાદી નસીમા સાથે ! નહિ હું એની જીંદગી ખરાબ કરવા નથી માગતો હુ આપની પાસે માત્ર એટલા માટે આવ્યો હતો કે આપ મર્હુમ કાકાનું એક માત્ર સ્મરણ, એવી નસીમાને જુલ્મી રિસાલદારના ત્રાસમાથી મુક્તિ અપાવુ અને એને મારૂ વસીયતનામુ સોંપી દઉ"

"વસીયતનામુ ? શેનુ વસીયતનામુ ?" જમીનદારે પૂછ્યુ

"મારૂ વસીયતનામુ મે મારી માલમિલ્કત નસીમાને નામે ચઢાવી દીધી છે"

"શા માટે ?"

"આઠ વાગ્યાના છે હવે હુ આ દુન્યામા કલાક સવા કલાકનો મહેમાન છુ હવે હુ ઘરે જાઉ છુ—મરવા માટે"

નસીમા માથુ નમાવી ચુપચાપ ઊભી હતી એણે ગભરાઇ જઇ સલીમ તરફ જોયુ 'આજ તમને શુ થઇ ગયુ છે ? કેવી વાતો કરો છો પોતાના મોતની કોઇને ખબર પડી છે ?"

સલીમ ઊંડો નિશ્વાસ નાખી બોલ્યો "હા,

નસીમા! મને મારા મૃત્યુની ખબર છે મે ગઈ કાલે એક ઝેરીલુ ફુલ સૂંઘ્યુ હતુ, એના પરિણામે હુ આજે નવ વાગે આ દુન્યા ત્યાગી ચાલ્યો જઈશ"

નસીમાએ પૂછ્યુ, "તમને આ કોણે કહ્યુ?"

"દાકતરે" સલીમે જવાબ આપ્યો

"કયા દાક્તરે?"

"દાકતર બદરીદાસ કે જે દેશમા ઝેરશાસ્ત્રના સહુથી વધુ નિષ્ણાત છે અને જેમની ચિકિત્સા કયારેય ખોટી ઠરી નથી"

દાકતર બદરીદાસનુ નામ સાભળી નસીમા અને તેના મામા બન્ને ખડખડાટ હસી પડયા સલીમે આશ્ચર્ય થઈ હસવાનુ કારણ પૂછ્યુ નસીમા દોડીને કમરામાથી એક દૈનિકનુ પાનુ લઈ આવી અને સલીમને એક સમાચાર બતાવતા બોલી "તમારા દાકતર બદરીદાસની સ્થિતિ વિષે તમે જાતેજ વાચી લો"

સલીમે વાચવાનુ શરૂ કર્યું અખબારમા લખ્યુ હતુ –

"જણાવતા અમને અફસોસ થાય છે કે અમારા શહેરના જાણીતા વૈદક-નિષ્ણાત દાકતર બદરીદાસના મગજની સ્થિતિ એકાએક ખરાબ થઈ ગઈ છે વાચકોને ખબર હશે કે તેઓ દેશના ઝેરશાસ્ત્રના મહાન અને અજોડ નિષ્ણાત હતા અને હમેશા ઝેરીલી વસ્તુઓની ચિકિત્સામા મશગૂલ રહેતા હતા ઝેરશાસ્ત્ર પરના એમના સતત મનન અને ચિંતનને પરિણામે એમને એવો વિચાર ઠસી ગયો કે જે કોઈ વ્યક્તિ એમને મળવા આવે છે એ ઝેરની અસર તળે છે, એટલે રાતના નવ વાગે પોતાનુ દવાખાનું બધ કરતી વેળા એમના મગજની સ્થિતિ તદ્દન બગડી ગઈ અને એમણે "આ દવા પણ ઝેરીલી છે, આ ખુરશી પણ ઝેરીલી છે, આ મેજ પણ ઝેરીલુ છે એમ કહી કહી દવાખાનાની તમામ શીશીઓ દવાઓ અને સરસામાન બહાર સડક પર ફેંકવા માડયો એમની આ પ્રવૃત્તિએ કેટલાક રાહદારીઓને સારી એવી ઈજા પણ પહોચાડી પોલીસે એમને મહા મુસીબતે કાબૂમા લીધા અને તેજ રાતની ગાડીમા એમને અમદાવાદના દવાખાના તરફ રવાના કરી દેવામા આવ્યા"

સલીમે હાથમાથી અખબાર મૂકી દીધુ અને નસીમા તરફ જોઈ બોલ્યો, "નસીમા!"

નસીમાએ ધીમેથી કહ્યુ, "સલીમ!"

બન્નેની આખોમા બબ્બે અશ્રુબિંદુ ઝળકી રહ્યા હતા *

*(હસ્તલિખિત "સારબા"માથી)

'કારવા'ના નવા ગ્રાહક બનનારને.

'કારવા'ના નવા ગ્રાહક બનનારને કાઠિઆવાડના એક હમદર્દ ગૃહસ્થ તરફથી

મૌલાના 'મહમદઅલી'

નામનુ પુસ્તક ભેટ મળશે માટે ગ્રાહક બનનાર મિત્રો આ તક ઝડપી લેશેજ એ આશા રાખવામા આવે છે આ ઉપરાત 'કારવા'નો ખાસ ઈદે કુરબા અક પણ ભેટ મળશેજને?

–તત્રી

વતા શીખવું જોઇએ હું મિત્ર ધર્મ બજાવી ચૂકુ, પતિ ધર્મ નહિ એવો તમારે એમાંથી શું જોઇએ છે'' ઉષા એકદમ બહુજ બોલી ગઇ

મે ઉષાને સમજાવવા પ્રયત્ન કર્યો કહ્યુ "ઉષા, કવિતા કરવું બહુ જ સહેલુ છે જીવનની નક્કરતા એ જુદીજ વસ્તુ છે મિત્રતા તે કહું તે મુજબ-માત્ર એક કવિની કલ્પના છે આજે જગતમા મિત્રતાએ જે અવનવા પ્રકરણો લખાવ્યા છે તે જોયા પછી મ્હને મિત્રની જગ્યાએ જરૂરત દેખાતી નથી તુંજ વિચાર કર ત્હારી અને મ્હારી મિત્રતાનો અર્થ શો? ફક્ત એટલોજ કે હું અત્યારે જે કવિતા મ્હને સમજાતી એવી કવિતા કર્યા કરવું" થોડો વિચાર કરીને ઉષાએ પૂછ્યું 'નિતિ અનિતિમા માનો છો કે?" મે જવાબ વાળ્યો "નિતિ અનિતિના બખા એ કાંઇ આજે પહેલી વાર નઝરે પડતા નથી આજે તો ફક્ત કાયદા અને સમાજ સુધારકોએ એને બહુ મોટુ રૂપ આપી દીધુ છે નિતિ અનિતિ કાયદાથી બધાતી નથી કાયદાનો આસરો લઇ જીવી રહેલ આજનો માનવી નિતિ અનિતિ જોતો નથી આજે નિતિ ગુંગી છે અનિતિ આઝાદ છે-કાયદાના બળ ઉપર"

ઉષા, મ્હારૂ ઉપલુ વ્યાખ્યાન સાંભળતી રહી થોડો વિચાર કરીને બોલી "દયામાં માનો છો?" મે કહ્યું "દયા? એ તો બાપડી અમુક તમુકનો ઇજારો બની ગઈ છે પ્રભુના જગતમા "દયા"ની આજે જે ઠેકડી થઇ રહી છે તે જોઇને હવે મ્હને તો 'દયા' માગનાર ઉપર ગુસ્સો આવે છે શુ તુ મ્હને દયા બતલાવવા માટે વિચાર કરી રહી છે? જો એમજ હોય તો શુ ત્હારો પશ્ચાતાપ પ્રભુમા શ્રદ્ધા હોવા ઉપરાંત પણ ત્હારી દયા માગુ? ઉષા, તું ગમે તે ગણ તો'એ મ્હારે તારી દયા ન જોઇએ-કોઇનીએ દયાની મ્હને જરૂરત નથી' ઉષા ઉઠી અને ચાલી ગઈ એક શબ્દ પણ બોલ્યા વગર

એકાદ અઠવાડીઆ પછી ઉષા મ્હારે ત્યા આવી મ્હે એને આવવાનો આવકાર આપ્યો ઉષાએ હાથમાનુ પુસ્તક મ્હારા ટેબલ ઉપર મૂક્યું અહીંતહીંની વાત કર્યા પછી એણે પુસ્તક પાછુ હાથમા લીધુ અને કહ્યુ 'આજે તો હુ એક બે કવિતાનો ભાવાર્થ શીખવા આવી છું, કેમ, શીખવશોને?" મે ચોપડી હાથમા લીધી

એ પુસ્તકનું નામ હતુ 'પગલા" મે પૂછ્યુ 'કઇ કવિતા શીખવુ?" ઉષાએ એક કવિતા કાઢી એનો ભાવાર્થ હતો આજનો ઘમંડી યુવાન જે પગલા પાડે છે, જે ઇતિહાસ રચે છે તે પગલા બીજે દીવસે ભુલાય જવાય છે, જે ઇતિહાસ આજે એ રચે છે તે બીજે દિવસે ભૂંસાય જાય છે આ રેતના પટ ઉપર કુદરતના જાદુ ચાલે છે એટલે એ નમાલો છે'

ભાવાર્થ સમજ્યા પછી ઉષા બોલી "કેવી સુંદર કવિતા!" મે કહ્યુ 'એનાથી સુંદર કવિતા હું તને બનાવુ" એટલુ કહી નીચલી કવિતા વાંચી ગયો—

"જે પોતાના ધ્યેયમા કૃતીભૂત થતો નથી,
જે પોતાની આગલી ભૂલોનો વિચાર કર્યા વગર જ વર્તમાન અને ભવિષ્ય ઉપર મીટ માંડે છે એના વિરલ આત્મા આજેયે આપણી સાથે છે"

ઉષા ખુશ થઇ હોય એમ મને લાગ્યુ

(સંપૂર્ણ)

રાંદેર : મુસ્લિમ-શાદી, અને જન્મ-મરણ.

શાદી

૮-૧૦-૪૩ ગુલામનબી ગુનામ હુસેન બનુ-ફાતમાબીબી બીનતે મોહમદ બનુ

૧૦-૧૦-૪૩ યુસુફ દાઉદ ઇસમાઇલ ગના-ખદીજાબીબી બીનતે હાજી મોહમદ હુસેન ઇબ્રાહીમ મેતાલા

૧૬-૧૦-૪૩ શેખ ઇસમાઇલ મુસ્તુફા પીરભાઇ પોટર-મરીયમબીબી બીનતે શેખ મુનીર શેખ ઇસમાઇલ

૨૯-૧૦-૪૩ મીરઝા અહમદ મીરઝા અબ્દુલ્લાહ મી. મોહમદ-ઝીનતબીબી બીનતે શેખ અહમદ શેખ મોહમદ અશરફ

૨૯-૧૦-૪૩ મીરઝા મોહમદ મીરઝા અબ્દુલ્લાહ મીરઝા મોહમદ—સાલેબીબી બીનતે ગુલામ હુસેન

જન્મ

૨-૧૦-૪૩ મોહમદ અહમદ બપોરીયા-છોકરો યાકુબ

૩-૧૦-૪૩ મોહમદ હસન ભરૂચી ખાટકી -છોકરો ઇકબાલ હસન

૪-૧૦-૪૩ ઉમર અલી નાહનાભાઇ-છોકરો અલી

૪-૧૦-૪૩ સૈયદ હુસેન સૈયદ અલી-છોકરી ખતીજા બેગમ

૬-૧૦-૪૩ હાસમ અહમદ આજમ ઇસમાઇલ-છોકરો ઇબ્રાહીમ

૮-૧૦-૪૩ મોહમદખાન રસુલખાન-છોકરી રૂકૈયાબીબી

૧૨-૧૦-૪૩ ઇબ્રાહીમ અહમદ સુતી-છોકરો યાકુબ

૧૩-૧૦-૪૩ ઇબ્રાહીમ ગુ. મો. ધુપલી-છોકરી હાફેઝાબીબી

૧૫-૧૦-૪૩ હાસમ ગુલામ મોહમદ ટીટી-છોકરો યાકુબ

૧૬-૧૦-૪૩ આજમ હાસમ ટીટી-છોકરી ફ[illegible]બીબી

૧૬-૧૦-૪૩ ઇબ્રાહીમ [illegible]-છોકરી સકીના બીબી

૧૭-૧૦-૪૩ સુલેમાન ઇસમાઇલ મોના-છોકરો ઇસમાઇલ

૧૮-૧૦-૪૩ યાકુબ મોહમદ સાલેહ હાસીયા-છોકરી હાજરાબીબી

૧૮-૧૦-૪૩ શેખ ગુલામ મોહમદ હુસેન-છોકરો મુસ્તાક અહમદ

૧૯-૧૦-૪૩ ઇસમાઇલ નુરમોહમદ જમાલ ખાટકી-છોકરો અલ્લારખા

૧૯-૧૦-૪૩ ઇસમાઇલ અહમદ ખાડીવાલા-છોકરો યાકુબ

૧૯-૧૦-૪૩ ગુલામ હુસેન મોહમદ નાખુદા-છોકરો ઇબ્રાહીમ

૨૪-૧૦-૪૩ મોહમદ હાસમ તીનતાગી-છોકરી રૂકૈયાબીબી

૨૫-૧૦-૪૩ અહમદ મોહમદ ૭ અંગળીયા-છોકરી બે

૨૭-૧૦-૪૩ શેખ પીરભાઇ શેખ આજમ-છોકરી ફાતમાબીબી

૨૮-૧૦-૪૩ ઉમરજી ઇબ્રાહીમ-છોકરી જુબેદાબીબી

૨૮-૧૦-૪૩ પીરસાબ સૈયદ મોહમદ-છોકરી છોટી બેગમ

૩૧-૧૦-૪૩ હાસમ આજમ હોડીવાલા-છોકરી જુબેદાબીબી

મરણ

૫-૧૦-૪૩ હલીમાબીબી રસુલ રહીમની ઓરત ઉ. વ. ૬૦

૬-૧૦-૪૩ મદીના બેગમ સૈયદ ગુલામ હુસેન મુરતુઝાની છોકરી ઉ. વ. ૨૦

૬-૧૦-૪૩ અબ્દુલ હમીદ આરેફ મોહમદ ઉ. વ. ૪

૧૨-૧૦-૪૩ ફાતમાબીબી તે અહમદ અબ્દુલ્લા કુભારની છોકરી ઉ. વ. ૧૨

૨૦-૧૦-૪૩ યાહયા તે ઇબ્રાહીમ મોહમદ સેનોદનો છોકરો ઉ. વ. ૧

૨૩-૧૦-૪૩ આસાબીબી પીરભાઇ કમરની ઓરત ઉ. વ. ૫૦

૨૭-૧૦-૪૩ અહમદ મોહમદ મોનીયા ઉ. વ. ૮૫

૨૮-૧૦-૪૩ જુબેદાખાતુન તે ઇસમાઇલ મોહમદ શેકની છોકરી ઉ. માસ ૮

૩૧-૧૦-૪૩ યુસુફ અહમદ ગોરાવાલા ઉ. વ. ૭૩

Printed by *Maganlal Vanjibhai Patel*, at The Gangotri' Printing Press *Kasipith Khand Bazar*, Surat
Published by *Azum Ahmad Esmail Valehi* *for* Valishi Sahitya Karyalaya *Tower Road*, Surat

عید مبارک



ગુલામ ખરાબ!

પ્રેમનું થઈ ગયું છે નામ ખરાબ,
કોઈ કરતા ન એવું કામ ખરાબ!
પ્રીત દિલમાં રહે તો સુંદર છે,
એનો દેખાવ ધૂમધામ ખરાબ!
જેમના બોધની છે એ મતલબ,
હુજ્જ સારો ને આખું ગામ ખરાબ!
પગની 'ગુડબાય' ને 'પ્રણામ' સરસ,
માગી વઅલયકુમુસ્સલામ ખરાબ?
મારો જાહિલ છતાંય પણ આઝાદ,
નાની રોગા જતા ગુલામ ખરાબ!
કંઈક લેવાનું હો તો બિસ્મિલ્લાહ,
પાછું દેવી પડે, હરામ-ખરાબ
ઈદ-મળવાય આપ ના આવ્યા?
થઈ ગયો મારો પ્રોગ્રામ ખરાબ!
'શેખચલ્લી'નું કાવ્ય સારું છે,
દેવા જોઈએ એને દામ ખરાબ

— શેખચલ્લી





સંસ્કાર લક્ષ્મી અને ઘરની વાણીને મળેલા અનન્તિમ આવકારથી પ્રેરાઈને શ્રી ડુંગરસી ધરમસી સંપટે આ પુસ્તકની રચના કરી છે તેમના પ્રસિદ્ધ સર્જન સંસ્કારલક્ષ્મીમાં જે છે તે ઘરની રાણીમાં નથી અને ઘરની રાણીમાં જે છે તે સંસ્કારલક્ષ્મીમાં નથી અને એ બન્નેમાં જે નથી તે જીવનસખીમાં છે, એવી રીતનું આ અનોખું અને ચિત્રકનોથી પૂર્ણ સુવાળું સર્જન છે શ્રી ડુંગરસી સંપટની લેખિની માટે બે મત નથી ગુજરાત એમને એક સિદ્ધહસ્ત લેખક તરીકે માને છે અને આ પુસ્તકની પ્રસ્તાવનામાં ગુજરાતના પ્રસિદ્ધ નવલકાર સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈએ કહ્યું છે તેમ "તેમનો વિદ્યાભ્યાસ બહુવિધ પ્રકારનો છે અને અર્થશાસ્ત્રના શુષ્ક વિષયથી માંડી નવલકથાના રસમય લેખન સુધીની તેમની લેખન-પ્રવૃત્તિ પ્રશસ્ય છે" આવા પ્રસિદ્ધ લેખકની આ કૃતિ હોવાથી તેની સફળતા માટે બે મત છે જ નહિ

જીવનસખી એ એક રસકથા છે અને રસકથા કહેતી કે સ્ત્રીઓ માટેની સંસારકથા કહેતી એ બન્ને સંપુર્ણ જ છે પુસ્તકને ત્રણ ખંડમાં વહેંચી નાખવામાં આવ્યું છે પહેલા બે ખંડ વિવિધ વિષયોથી ભરપૂર છે અને તે સુન્દર સચિત્ર સ્વરૂપમાં અપાયેલા છે ખંડ પહેલામાં અર્ધ નારીશ્વર અને માતૃસ્નેહ, સ્ત્રીઓની મહત્તા, વદ, મ.. ભારત અને સંસારમાં તેમનું સ્થાન વગેરેની ચર્ચા કરવામાં



આવી છે સ્ત્રી-પ્રશસ્તિના અનેક વચનામૃતો, તાવી ગૃહિણી બનવા જીવનસખીએ પાળવા જોઈતા નિયમો વગેરે આ વિભાગોમાં સુન્દર અને આકર્ષક સ્વરૂપમાં આપવામાં આવ્યા છે એજ ખંડમાં 'ઘરવૈદુ'ને લગતું એક પ્રકરણ પણ આપવામાં આવ્યું છે આપણી સ્ત્રીઓને ઘરગથ્થુ વૈદકનું જ્ઞાન પણ લેવું જરૂરનું અને તેઓ જો આવા જ્ઞાનથી પૂર્ણ હોય તેમનું પોતાનું જ નહિ પણ ઘરના માણસો સંતાનોનું આરોગ્ય પણ સારું કાયમ પામે છે નાના પ્રકારના અનેક રોગોના ઇલાજો આ ખંડમાં બતાવવામાં આવ્યા

ખંડ બીજામાં ભારતની આદર્શ સન્નારીઓ જેવી કે અરુંધતી અનસૂયા, દમયંતી, શકુંતલા, અદિતી, મૈત્રેયી, લીલાવતી, અહલ્યા, ચંદનીબી, રાણી લક્ષ્મીબાઈ, કમળા નેહરૂ, સૌ કસ્તુરબા વગેરેના પ્રેરણાત્મક જીવનચરિત્ર તેમના જીવનસંદેશ સાથે આપવામાં આવ્યા છે આ ખંડની નવીનતા શ્રી કનુ દેસાઈના ચિત્રોથી ભરેલી છે શ્રી કનુ દેસાઈએ ખંડમાં આપણી આર્ય-સ્ત્રી સ્ત્રીઓના જીવન એવી તો કુશળ રીતે આપે,... ચીતર્યાં છે કે એ ખૂબ જ મજીવન ને પ્રેરક છે આજ વિભાગમાં 'સ્ત્રી અને પુરુષ' પર મહાત્મા ગાંધીજીનો લેખ પણ સુંદર રીતે મ... કઈ આ ગ્રન્થનું મહત્વ વધારી દેવામાં આ... છે આ લેખ દરેક સ્ત્રી-પુરુષે વાંચવા જેવો છે એમાં સ્ત્રી-પુરુષનો સંબંધ, એકબીજા પ્રત્યેની ફરજ અને હિંદુધર્મમાં એનું શું સ્થાન છે તેની ઝીણવટભરી મીમાંસા કરવામાં આવી

ખંડ ત્રીજો એક સળંગ કથા તરીકે આપણી આગળ રજૂ થાય છે ગુજરાતના સમેત્ર જેવા અન્તરંગ વિભાગમાં આવેલા ગામથી એની શરૂઆત થાય છે અને તેનો વિસ્તાર સંયુક્ત પ્રાન્તો, પંજાબ, નેપાળ અને વાયવ્ય સરહદ તેમજ અફઘાનિસ્તાન સુધીના પ્રદેશ ઉપર ફરી વળે છે પાત્રોની ગૂંથણીમાં પણ નવીનતા છે સંન્યાસીથી માંડીને સોશ્યાલિસ્ટ અને કમ્યુનિસ્ટ પાત્રો ખેતી જમીનદારી, નવીન કેળવણી અને સિનેમાના ધંધા સુધીના કાર્યમાં ૨૧ જુના ચિતરાયેલા છે જૂના, વચગાળાના અને ઝડપથી ફરતા ચાલુ જમાનામાં પણ શ્રી ગુણવંતભાઈએ અતિ કુશળતાપૂર્વક આ વાર્તામાં ઉકેલ્યા છે આખીય વાર્તામાં આર્ય સ્ત્રીઓ માટેની ઉચ્ચ ભાવના સંયુક્ત કુટુંબની મધ્યમ વર્ગીય સમાજમાં ઘટતી જતી ગરીબાઈ—એ બધા વિષયોને પ્રાધાન્ય આપી તેનો ઉકેલ પણ તેમણે વ્યવહારુ બુદ્ધિથી સૂચવ્યો છે અને આથીજ રસભર્યા ઉદ્દેશવાળી આ વાર્તા રસભરી બની છે એમાં જરાય શંકા નથી

આમ 'જીવનસખી' સ્ત્રી-જીવનનેજ નહિ પરન્તુ સમગ્ર કુટુંબજીવનને સ્પર્શતું એક અનોખી ઢબનું પ્રકાશન છે આખુંય પુસ્તક યુવાન ચિત્રકાર શ્રી કનુ દેસાઈની કલા-કારીગરીથી શણગારવામાં આવ્યું છે પાને પાને શુશોભનો ત્રિરંગી-દ્વિરંગી ચિત્રો અને આકૃતિઓ મૂકવામાં આવ્યા છે ત્રિરંગી ચિત્રોમાં જીવનસખી, જીવનનૃત્ય, સ્નેહ અને સંવેદના ચિત્રો ખૂબજ કલાપૂર્ણ ભાવ બતાવે છે દ્વિરંગી ચિત્રોમાં વટસાવિત્રી, બીજમાની વેલડી, માતૃસ્નેહ, પ્રાચીન અને અર્વાચીન યુગલ આદિ ચિત્રો ખાસ આકર્ષણ ઉપજાવે એવાં છે આખું પુસ્તક બેરંગી શાહીમાં છાપવામાં આવ્યું છે અને આપણાં પુસ્તક-પ્રકાશનમાં આ એક અતિ આવકારદાયક અને અનુકરણીય નવીનતા છે


પુસ્તકની પ્રસ્તાવના પ્રસિદ્ધ નવલકથાકાર **શ્રી. રમણલાલ દેસાઈએ લખી** આ પુસ્તકનું મૂલ્યાંકન વધારી દીધું છે શ્રી રમણલાલ દેસાઈની સાહિત્ય-પ્રસાદીથી સારુંય ગુજરાત પરિચિત છે આવા વિદ્વાન લેખકની કલમથી આ પુસ્તકની પ્રસ્તાવના લખાઈ છે તે સોનામાં સુગંધ મળ્યા બરાબર છે

કનુ દેસાઈ ચિત્રિત ત્રિરંગી ચિત્રથી અને એક દ્વિરંગી ચિત્રથી ઓપતા બે ચિત્રોવાળા આકર્ષક બૉક્સમાં આ પુસ્તક મૂકવામાં આવ્યું છે પુસ્તક લગ્નમાં બેનમૂન છે ભેટ આપવા માટે, જ્ઞાનસંસ્કાર ખીલવવા માટે, સ્મૃતિ માટે આ પુસ્તક જેવું બીજું કોઈ વાચન કે ભેટ નથી પ્રસિદ્ધ પત્ર 'સંદેશ' લિમિટેડનું આ પ્રથમ પ્રકાશન છે તેને સુંદર રૂપરંગમાં તૈયાર કરવા 'સંદેશ'ના સ્ટાફે તેમજ 'સંદેશ'ના ઉપતંત્રી શ્રી રતીલાલ સરમેળએ ખૂબજ પરિશ્રમ ઉઠાવી સર્વોત્તમ સ્વરૂપ આપ્યું છે આવા સુંદર અને ઉત્તમ પુસ્તકને વસાવવાની અમે અમારા વાચકોને આગ્રહભરી વિનંતિ કરીએ છીએ કિં રૂ ૪-૪-૦ વી પી પોસ્ટ ખર્ચ ૦-૧૦-૦ અલગ, આ પુસ્તક નીચેના સ્થળેથી મળશે

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ પબ્લિશર્સ ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ—૨



સોના ચિત્રમય મહોરોથી

ગાધીજીને જગવદના

કિમત રૂા ૨-૧૨-૦
વી પી ખર્ચ છ આના

સપાદક
શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણન
અનુવાદક ચદ્રશકર શુકલ

જીવન સખી

[દામ્પત્યજીવનની રસ કથા ભાગ ૧-૨-૩ સાથે
શ્રી. કનુ દેસાઇના ૯૫ ચિત્રો-ત્રિરગી બોકસ]

કિમત રૂા ૮-૪-૦ વી પી ખર્ચ દસ આના

લેખક શ્રી. ડુગરસી ધરમસી સપટ

સદેશ' લિમિટેડના આ પ્રથમ પ્રકાશનમા શ્રી ડુગરશી સપટ, શ્રી કનુ દેસાઇ અને શ્રી રમણલાલ વસતલાલ દેસાઇ આ ત્રણેનો સહકાર મળ્યો છે 'જીવન સખી' એ સ્ત્રી-પુરૂષ બને માટેનુ એક સર્વાગસુદર પુસ્તક છે એમા સસારજીવન, ગૃહવ્યવસ્થા નૈતિક બોધ અને પતિ-પત્નિના પ્રેમને દૃઢ બનાવનારી દાખના-દલીલો સાથેની રસમય વાતો છે એમાના સસારચિત્રો રસિક ને આમોદજનક અને આપણા રોજ-બ રોજના જીવનને આલેખનારા છે રામરાજ્ય'ના કલાનિર્દેશક શ્રી કનુ દેસાઇની કલાસૌરભથી આ પુસ્તકનુ પ્રત્યેકનુ પ્રત્યેક પાનુ મહેકી રહ્યુ છે શુભ પ્રસગે ભેટ આપી શકાય તેવા ત્રિરગી બોકસમા તે આપવામા આવ્યુ છે

ઘરની રાણી

[૨૫૨ ચિત્રો પચરગી સુવાસિત બોકસ ભાગ ૧, ૨, ૩, ૪, ૫, સાથે]

કિમત રૂા. ૬-૧૨-૦ વી પી ખર્ચ બાર આના

લેખક શ્રી ડુગરસી ધરમસી સપટ

ઘરની રાણી એ એક ગૃહઉપયોગી નવીન સર્જન છે આજની સ્ત્રીઓને શુ જોઇએ છે? તેમને શુ ગમે છે? સ્ત્રીએ સુદરતા કેવી રીતે મેળવવી? પતિનો પ્રેમ કેવી રીતે જીતવો, સસાર જીવનની સાચી સફળતા શેમા છે તે અને રાણીપદ મેળવવા માટે સ્ત્રીએ કેવુ બનવુ જોઇએ? પતિ સાસુ સસરા દેરાણી જેઠાણી, નણદ, વગેરે સાથે કેવી રીતે વર્તી તેમના હૃદય જીતવા તે બધુ આ ગ્રથમા સચિત્ર રીતે સાદી અને સરળ ભાષામા આપવામા આવ્યુ છે વિશેષ નવીનતા તો એ છે કે બોકસમાથી પુસ્તક બહાર કાઢતા તેમાથી સુદર મધુર ફોરમ આવવા માડે છે શ્રી કનુ દેસાઇ અને ગુજરાત કલાસઘના ચિત્રકારોની કલાકુશળતાના નમૂનારૂપ સુદર બોકસ ચિત્રોવાળુ સુવાસ પ્રસરાવતુ આ પુસ્તક મગાવી લ્યો.

એન. એમ. ઠક્કરની કપની :

[પાછળ વાંચો]

સંસ્કારી શણગાર

પાસે જે જે ન હોય તે તે
થતા ફરી આ કિંમતમા
સેટ (૮ પુસ્તકો ૧ શ્રી
મગાવતા ટપાલ ખર્ચ સાથે
પરંતુ એકી સાથે આ સેટ
(પેકીંગ ખર્ચ સાથે) અમાગ
પહોચતા કરીશુ આ સોનેરી
મનીઓર્ડરથી રકમ મોકલો
આજેજ તમારો ઓર્ડર મોકલો.



લગ્નનો આનંદ

(જાતીય દામ્પત્યજીવનની સુધારેલી
પુષ્કળ ચિત્રોવાળી ત્રીજી આવૃત્તિ)

કિંમત રૂા. ૩–૧૨–૦

વી પી ખર્ચ આઠ આના

દક્ષિણામૂર્તિવાળા પ્રસિદ્ધ કેળવણીકાર અને માનસશાસ્ત્રી શ્રી હરભાઈ ત્રિવેદીએ આ પુસ્તકની પ્રસ્તાવનામા લખ્યું છે કે "આ પુસ્તક રોજના જીવનવ્યવહાર પરત્વે સાન ખતી ધરે છે વાચનારને આ પુસ્તકથી એકંદરે લાભ થવાનો આ વિષય છેડવાની આપણી આરંભની સ્થિતિમા આ પુસ્તકને આપણો સમાજ આવકારજ આપે આવા પુસ્તકના વાચનથી જ પ્રજાની જ્ઞાનપિપાસા ઉઘડશે"

આ પુસ્તક માટે એનાથી વિશેષ કહેવુ તે સોના પર ઢોળ ચડાવવા બરાબર છે જાતીય વિજ્ઞાનને લગતા જે પુસ્તકો છે તે બધામા આ પુસ્તક અનોખુ જ સ્થાન મેળવે છે પુસ્તક સમજવામા માર્ગદર્શક થાય તેવા ચિત્રો તેમા આપવા કે દરેક સ્ત્રીપુરુષ અવશ્ય વાચે ને લગ્નજીવનનો ખરો આનંદ મેળવે એની આ ત્રીજી આવૃત્તિ છે તેજ એની જરૂરિયાત અને મહત્તા બતાવે છે

વાત્સ્યાયન કામસૂત્ર

કિંમત રૂા ૬–૧૨–૦

વી પી. ખર્ચ બાર આના

લેખક

શ્રી વસિષ્ઠ શાસ્ત્રી

ધર્મ, અર્થ અને કામનુ સાચુ મહત્વ વર્ણવી જેમણે જગતભરના જાતીય ગ્રન્થોમા પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે એવા પ્રસિધ્ધ વાત્સ્યાયન મુનીના મૂળ સંસ્કૃત ગ્રન્થનો આ શુદ્ધ અને સરળ ગુજરાતી અનુવાદ છે આ પુસ્તક પ્રગટ થવાની સાથેજ ચપોચપ ઉપડી ગયુ છે પરિણીત જીવનનો ખરો આનંદ ભોગવવા માટે, સાચુ સાંસારિક સુખ પ્રાપ્ત કરવા માટે તથા જીવનને સુખ, આનંદ અને રસભર્યું બનાવવા માટે આ પુસ્તક એક સાચો રાહબર છે જાતીય વિજ્ઞાનને લગતો આખી દુનિયામા અજોડ એવો આ માન એકજ ગ્રંથ છે કે જેની ફ્રેન્ચ તથા અંગ્રેજી ભાષામા લાખો નકલો વેચાઈ ગઈ છે આવા મહાન ગ્રન્થની આ ત્રીજી સુધારા–વધારા સાથેની આવૃત્તિ છે પુસ્તક સચિત્ર બોક્સમા આવે છે આ અમૂલ્ય ગ્રન્થરત્ન આજેજ મેળવી લ્યો.

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

આજેજ ખરીદો

પુ. ૫ મું.
અંક ૪ થો



તંત્રી-'વહશી'
ડીસેમ્બર ૧૯૪૩

અનુક્રમણિકા


એક ઉડતુ અવલોકન

પૃથ્વિ વલ્લભ, ઇતિહાસિક ચિત્રો ઉતારવામા મીનરવાના સોહરાબ મોદી મોથી અગ્રસ્થાન ધરાવે છે 'પુકાર' અને 'સિકંદર' પછી તેનાથીય ચાર ડગલા આગળ વધી જાય એવુ ચિત્ર સોહરાબ મોદીએ સીને જગતને આપ્યુ છે અને તેનુ નામ પૃથ્વિ વલ્લભ છે કનૈયાલાલ મુન્શીની કલમને ભી મોદીએ ઓપ ચઢાવ્યો છે અત્યાર સુધી કહેવાતુ હતુ કે આપણા સાહિત્યકારોની ઉત્તમ કૃતિઓ રૂપેરી પરદા પર ફેલ જાય છે તેમને આ ચિત્ર સરસ જવાબ આપી શકે છે અભિનય સમ્રાટ ભી મોદી અને અનિય સમ્રાજ્ઞી દુર્ગા ખોટેને સામસામા જોવાએ પણ એક અણમોલ તક છે આપેડાનો પ્રેમ એમા ખુબ બહેલાવ્યો છે પણ સયમ જળવાયો છે વસ્તુ ગુથણી અને સવાદ ઉચ્ચ પ્રકારના છે પડીત સુદર્શનની કલમ સવાદોમા ખુબ ઝળકી છે અને સેટીંગોની ભ યતા રજુ કરવામા રૂસીએ કરે પણ કમાલ કરી છે એકદરે ચિત્ર સર્વાંગ સુદર બન્યુ હોઇ મીનરવાની કીર્તિને વધુ ઉજ્વળ કરે એવુ છે સામાન્ય પ્રેક્ષકો કરતાય સાહિત્ય રસિકોને એ વધુ આકર્ષક જણાશે

—'સીનેપ્રિય'







આ સ્થાને બેસવાનો અમને પણ હક્ક છે

'કારવાં' ઈદ અંક



પહેલી નજર

લેખક યા કવિની કલમથી નિર્જીવ પાનાઓ પર ટપકાવેલા ચોડાક–કાળી યા બ્લ્યુ–શાહીના ટીપાને આ યુગનો અદ્ભુત માનવી 'કળા'ની સંજ્ઞા નહિ જ આપે તે તો અને કળાકારની રંગીન શાહીના સ્થાને એના રૂધિરના લાલ લાલ બિંદુઓ જોવા માગે છે મતલબ એ કે કળાકારે સ્વપ્રત્યે જીવન પ્રત્યે અને કળા પ્રત્યે પૂર્ણ સચ્ચાઈથી વર્તવાની જરૂર છે

સાહિત્યથી હૃદયની ભૂખ ભાંગવા ચાહતા આજના વાચકને લાંબા લાંબા લેખો વાંચવાની ફુરસદ ક્યાં? તેને તો હરતાં ફરતાં એના મનને સ્પર્શે એવું વાચન જોઈએ છે મને એજ એવું સાહિત્ય હોઈ શકે છે

આ અંકમાંની વાચન સામગ્રી કંઈક અંશે પણ વાચકના હૃદયને સ્પર્શે તેવી, 'કળા'ની સંજ્ઞા પામે તેવી હશે તો પ્રયત્ન સફળ લેખાશે સંપાદક તરીકે એથી વધુ મારે કશું કહેવાનું નથી

જે મિત્રોએ મ્હારી માગણીથી પોતાની કૃતિઓ મોકલી છે તેમનો તથા જેમણે માગણી સિવાય પણ મોકલી આપી છે તેમનો પણ આભારી છું અને તે આ અંકમાં લેવાઈ હોય યા ન લેવાઈ હોય

ભાઈ **'બેકાર', 'વહશી,'** અને **'તાજ'** તથા 'અજાત્રી પ્રેસ'ના માલિકો વગેરેનો પુરેપુરો આભાર માનવા બેસું તો પછી એ આભારનો ભાર ઉંચકીને ચલાયજ કેમ? છતાંય માનું છું અને ન ચલાવાથી અને વિરમું છું

—સંપાદક

કઠોર,

તા ૫-૧૨-૪૩



નિસાર

નિવેદન

ખુદાના ફઝલો કરમથી અને તેના હબીબે પાકના વસીલાથી 'કારવાં'ના વાચકો સમક્ષ અમે ઈદે કુરબાનના આ મુબારક પ્રસંગે, અમારી કાગળની કારમી મોંઘવારી છતાં ખાસ અંક પેશ કરીએ છીએ. 'કારવાં'ની પ્રગતિમાં છેલ્લા દોઢ વરસથી પોતાનો ખાસ ફાળો આપનાર મુસ્લિમ ગુજરાતના જાણીતા વિવેચક લેખક, અને કવિ જનાબ 'નિઝામ' (શેખચલ્લી)ને આ અંકનું સંપાદન કાર્ય સોંપ્યું હતું અને તેમણે તે કામ સંતોષકારક રીતે બજાવ્યું હોઈ પહેલી તકે અમે તેમનો આભાર માનીએ છીએ. ખુદ 'કારવાં'નો અંકજ ગવાહી આપી રહ્યો છે કે,

ના હી મેં સી મરી શોખીકી રંગત કૈસી?

લેખન કાર્યમાં મદદ આપવા બદલ જનાબ શુ... હુસેન મુન્શી તથા ... આપવા બદલ ... આભાર માનીએ છીએ અને સૌથી વધુ જહેમત ઉઠાવી 'કારવાં'ના ખાસ અંક માટે ઉજાગરા વેઠનાર ભાઈ 'તાજ'નો આભાર કેમ વિસરાય?

અમારા લેખકો અને કવિઓનો 'કારવાં'નું આમંત્રણ મળતાં તરતજ ... લેખો તથા કવિતાઓ મોકલાવે છે તેમનું ઋણ તો ન વિસરાય એવું છે અને તેમાંય ખાસ શ્રી ... કવિ શ્રી સુંદરમ્‌ભાઈ, અને કવિ શ્રી ...ભાઈનો ખાસ આભાર માનીએ છીએ. પણ સ્થળ સંકોચને લીધે ખાસ અંક માટે મોકલાયેલી આવેલી ઘણી સામગ્રી અમે પ્રગટ કરી શક્યા નથી તે બદલ તે લેખક અને કવિ મિત્રોની દિલગીરી સાથે માફી માગી લઈએ છીએ.

અને છેવટે 'કારવાં'ના વાચકો કે જો તેમનો પ્રેમ ન હોય તો અમારૂં ગુજરાન નહીં ચાલે તેમનો આભાર ન માનીએ તો અમે નગુણા કહેવાઈએ. તો પછી અમારામાં વિશ્વાસ મૂકી પોતાની જાહેરખબરો આપનાર વહેપારી બંધુઓ, તથા પુરેપુરી જહેમત ઉઠાવી અમને સહકાર આપનાર ગંગોત્રી પ્રેસના માલિક રામુભાઈ ... તથા પ્રેસના ખરા પરિશ્રમથી આ અંક તૈયાર થયો છે તે ગંગોત્રી પ્રેસના કામદારોનું ઋણ પણ કેમ વિસરાય?

એ બધાય ગુણીજનોના આભારના ભાર તળે દબાઈને પણ અમે સારામાં સારો અંક કાઢવાની કોશિશ કરી છે પછી તો જે વાચકોને ગમે તે ખરૂં!

"ગર કુબૂલ ઉફતદ ઝહે ઈજ્જો શરફ"



—'બહરી' તંત્રી 'કારવાં'

આગમાંથી બાગ

ના કર્યું તે અવગુણોની મૂર્તિનું ખંડન હજી,
આગમાંથી બાગનું ના થઈ ગયું સર્જન હજી

મૂર્તિ-પૂજક સેંકડો ને મૂર્તિ-ભંજક એકલા,
એમની એ વીરતાનું થઈ ગયું ચિંતન હજી ?

જે સ્વપ્ને પુત્રને કુરબાન કરવા નીકળ્યા,
કાં ન સમજ્યો એ ખલીલુલ્લાહનું જીવન હજી ?

પુત્ર-શ્રીના પર છરી મૂકનારનું ઇનામ જો,
એમના જેવું જગાવ્યું તે જીવન-મથન હજી ?

નીકળ્યા જેણે પિતાને કર્જ નિજની પાળવા,
એ ઝબીહુલ્લાહના દિલનું કર્યું શોધન હજી ?

જો તમન્ના છે થવાની મોક્ષ-લાયક ભક્તરાજ,
કાં ન શ્રદ્ધાથી કરે તું એમ તારું પૂજન હજી ?

આયુનું અર્પણ, આત્મોદ્ધારને કાજે, છતાં
સત્ય કાજે સંકટોના તેં કર્યાં દર્શન હજી ?

વિશ્વના ઇતિહાસમાં સાચી જીવી છે નામના,
નામ કર એમ આચરે ના કેમ અનુવર્તન હજી ?

આત્મપણુ-સંદેશ લઈ આવી ઊભી ઈદ્દુહા,
એ શ્રવી 'કિસ્મત' કરી લે જિંદગી રોશન હજી



કિસ્મત

● આભા. ઇબ્રાહીમ કાત્રી

"ઈદે—કુરબાં"

(મર્હુમ અબુલકલામ આઝાદ સાહેબની આ તકરીર ૨૯ મી જાન્યુઆરી ૧૯૪૧ના રોજ લાહોર રેડીઓ–સ્ટેશનેથી બ્રોડકાસ્ટ કરવામાં આવી હતી, જે ઓલ ઇન્ડીયા રેડીઓની આજ્ઞાથી તર્જુમાનુલ–કુરઆન' ભાગ ૧લા માં પ્રગટ થઈ છે—અનુવાદક)

તહેવાર અને ઇન્સાનના સામાજિક જીવનમાં ગાઢ સંપર્ક હોય છે. જ્યારથી મનુષ્યે આ ભૂમી પર સામાજિક–જીવન વ્યતિત કરવાનો આરંભ કર્યો છે ધણે અંગે ત્યારથીજ ઉત્સવ–ઉજવણીનું પ્રકરણ પણ શરૂ થયું છે. જગતમાં કોઇ કોમ એવી નથી અને કદી થઈ પણ નથી કે જેણે એ કેલેન્ડરના વર્ષમાં બે ચાર કે પાંચ દસ દિનમાં નક્કી ન કર્યા હોય! એ તહેવારો વાસ્તવમાં સમાજનો આત્મા છે. લોકોનું એક સ્થળે એકત્ર થવું સામૂહિક ભાવનાઓ પ્રદર્શિત કરવી, હળીમળીને આનંદ ઉજવવો, એમજ પ્રસંગની નિયુક્ત થએલી રસમો પાળવી વગેરે વસ્તુઓ પોતાનામાં અદ્દભુત અસરનો ગુણ ધરાવે છે, જેનાથી વ્યક્તિઓ પરસ્પર સંપર્ક સાધી એક ચતુર સામાજિક બને છે, અને તેઓમાં સામાજિક–આત્મા પ્રેરણા ઉત્પન્ન થાય છે, એટલુંજ નહિ પણ અમુક સમયના અંતરે તાજો અને જાગૃત થતા રહે છે!

સામાન્ય રીતે જે તહેવારો વિશ્વના વિવિધ દેશો અને કોમોના ઉજવવામાં આવે છે તેમનું અવલોકન કરતા જણાય છે કે પ્રત્યેક તહેવાર યા તો કોઈ મહત્વપૂર્ણ ઐતિહાસિક ઘટનાના સ્મારક તરીકે ઉજવવામાં આવે છે યા કોઈ મહાન વ્યક્તિની જીવન સાથે સંબંધ ધરાવે છે, યા કોઇ વિશિષ્ટ ધાર્મિક ઉત્સવ સાથે સંબંધ રાખે છે, સર્વથા તહેવારને માટે કોઈ ન કોઈ એવો પ્રસંગ–પ્રસંગ આવશ્યક છે જે એક કોમની વ્યક્તિઓ અથવા એક દેશના વસા

હતીઓને માટે સામુદાયિક દ્રષ્ટિએ રસપ્રદ વસ્તુ હોય, અને જેની સાથે તેઓની પ્રસંગ ભાવનાઓ સંકળાએલી હોય, એજ કારણસર એક 'કોમ' યા 'દેશના ઉત્સવામાં બીજી કોમ યા દેશના લોકો રસ લેતા નથી! અને નહિ હેતુસર અનિચ્છાએ કદાચ રસ લેવા ઈચ્છે તો પણ લઈ શકતા નથી! કારણ કે એક કોમનો તહેવાર જે પરંપરા અને પ્રણાલીઓ સાથે સંબંધ રાખે છે, તે બીજી કોમની ભાવનાઓ અને ઉત્સાહોમાં એવું આંદોલન પેદા કરતીજ નથી જે ખુદ તે કોમમાં પેદા કરે છે!

જગતમાં જુદી જુદી જાતીઓમાં ઉત્સવ–ઉજવણીની વિધિઓ પણ અલગ છે કોઈ સ્થળે તહેવાર કેવળ આનંદ પ્રમોદ અને રાગરંગ, તેમજ આમોદ–પ્રમોદ સુધીજ મર્યાદિત રહે છે! ક્યાંક એ દિનની સ્વતંત્રતાની સીમા ઓળંગી દુરાચાર તથા કર્મ–વિકાર હદ સુધી પહોંચી જાય છે! કોઈ જગ્યાએ ગુજરેલી રસની વિનોદી–ક્રીડા માટે હરેક–પ્રકારની રમતો પણ આયોજન કરવામાં આવે છે! અને ક્યાંક એ સામુદાયિક ઉત્સવ–પ્રસંગોનો લાભ લઈ લોકોમાં ઉચ્ચ પ્રકારનો નૈતિક–આત્મા પુરવા, તેમજ કોઇ મહાન પયગંબર સાથે મહોબ્બત અને પ્રેમ ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરવામાં આવે છે! મતલબ કે એક કોમની ઉત્સવ ઉજવવાની રીત જાણે એક માપ છે જેના વડે આપ તેની નાડ તેની હામ અને તેની ઉમંગોને પ્રત્યક્ષ રીતે માપીને જોઈ શકો

છે। જે કૌમમા જેટના ઉચ્ચ નૈતિક આત્મા હશે તેટલાજ પ્રમાણમા તેના ઉત્સવો પવિત્ર અને સભ્યતામય હશે, અને એજ પ્રમાણે કોઈ કૌમ નૈતિક દ્રષ્ટિએ જેટલી નીચ કક્ષામા હશે તે પોતાના તહેવારોમા તેટલાજ અયોગ્ય અને ભુંડા દ્રશ્યો રજુ કરશે

–સયફી] [પૂના

-[૧૭]-

સ્વપ્નમા જે આશના મર્જન થશે,
આયુમા સિદ્ધિ તણા સિંચન થશે
પર્ણહીન નિરમ્ય તરૂવર પર કદી
પખીઓ કેરા મધુર ગુજન થશે
આ ભયાનક સ્યામ માઝમ રાતમા
ચંદ્રિકાના કો' સમે ક્રીડન થશે
જળ વિહોણા આ જગસાગરના ઉરે
કૈકની નૌકા તણા નર્તન થશે
શૂન્યતામા જિંદગી ડૂબી જશે,
દિવ્ય એવુ આત્મનુ વર્તન થશે
કોણ તુજને રોકશે ગાતા 'શિતાબ' !
કોઇથી ના કંઇનુ બંધન થશે
–શિતાબ]   [ભાવનગર

-[૧૯]-

નિરખી જે માંડુ તણી ચિંતન થશે
આશિકોનુ ત્યા ને ત્યા મદફન થશે
જો કદી કાનેજ – વૈરાગ થશે,
પ્રેમનુ અધ્યયન મહીં ચેતન થશે
બ્રહ્મચારીનુ જીવન કેવુ મગજ ?
લગ્નથી તો એક નવુ બંધન થશે
જો વળી વસ્તી વધે મસ્તી બની,
તો પછી સ્વાતંત્ર્યનુ ક્ધન થશે !
મનનુ મુંડન થયુ તો શુ થયુ !
શૌર્યતાનુ ના કદી ખંડન થશે !
વાળના પટિયા ને નાજુક ચાલથી
મર્દમા નારી તણા દર્શન થશે
નાચનુ પણ આજ તો એક આર્ટ છે,
જોઇને અન્યોનુ દિલ રંજન થશે
આકરો અભ્યાસક્રમ કોલેજનો,
પ્રેમીઓથી ના કદી વેઠન થશે
પૂર્વ ને પશ્ચિમ તણો જામે ન મેળ,
શત્રુમેળાથી ન કઈ નેરાન થશે
હાલમા 'હુકમત' બધે તગી જશે,
નાશમાથી એક નવુ સર્જન થશે
–હુકમત ઓઝા]   [મજેવડી

-[૧૮]-

કાળ સાથે હાસ્યમય ક્રીડન થશે,
મોત સાથે હર્ષમય મિલન થશે
તુ ખડગ પ્રત્યે ધમે જો જોરાવરી,
ત્યા લીલાહાડી તણા દર્શન થશે
બધ કર યા દે ગડાની વિશ્વને,
ક્યા સુધી હે દિલ ! છુપા રૂદન થશે ?
ભીડ છે આ, દર્દથી અળગા નહી,
કષ્ટમા તો આત્મના અર્ચન થશે
જિંદગી તારી પ્રથમ મળગાવ તુ,
તોજ તુજ ઇન્સાનિયત રોશન થશે
ચેતુ તારા કર ભીસ 'એકાંમ' તુ,
નાગ સમ તુજ મન તણા ડોલન થશે
એકાંમ]   [ભાવનગર

-[૨૦]-

તાપી તીરે એક નગરન થશે
કો' તરણ ગુલશન તણુ મર્દન થશે !
વાદળી મુસર્જી જાગે હતી
તાપી તટપર અશ્રુનુ સર્જન થશે !
વાત 'લીના', વાત લીના' ને તજ
'લીના લીના' કોનુ ઉપવન થશે !
'લીના' પેર, 'લીના' કોળા–નારી,
પક્ષીના આહારનુ સાધન થશે
નાળા સ્ત્રોન–ગગન ડોલન મળે,
ઝાડ્યા વેર–ગણુ કંપન થશે !
ની ખબર ? કે પ્રેમ લીનાને તજ–
કાળ 'લીનાના દુઃખદ દર્શન થશે
હાય ગુલશનને જવાની ! સ્વર્ગમા–
તારી 'લીનાના ફરી દર્શન થશે
શુ થયુ ? કો ખાનામા તુ ખાર કો
તારામાથી એક નવુ સર્જન થશે
કો મગીર ચમા ઉતારમા ની જો ?
આપણુ પણ એક દી' નર્તન (?) થશે
ડુગડુગી ' જગ વગાડે સ્નેહથી–
તો પ્રભુ–લીના તણા દર્શન થશે
–ડુગડુગી]   [મુબઇ

–[૨૧]–

જ્યાં જીવનના ઝેરનું નીંગળ થશે
ત્યાં નવી સૃષ્ટિ નવું સર્જન થશે
એ એક માળા મધુર મધુર થશે
મારું એ આધીન મારું મન થશે
શું ખબર કે પ્રેમમાં નિર્મમ થશે
કે ના નયનો તારું અંજન થશે
અને થાઉં હરીફાઈથી નાશ!
વિઘ્નથી ઉર પ્રેમનું વર્તન થશે
તુજને જોવા જો બને ઉર–આરસી
મન મારું તુજને તુજ દર્શન થશે
એટલી કૃપાનિધી કરો કૃપા
મારું સ્મિત જેટલું દામન થશે
ગમ – કથાની તું કથું પ્રસ્તાવના,
ઉર છે એમાં દુઃખનું સુખ વર્ણન થશે
દામની તારી ભીની થઈ જરા
અશ્રુ–ભીના બસ જો લોચન થશે
નાશના ભમોનું દિન ને શાન છે
નાશમાંથી એક નવું સર્જન થશે
નાઝ નખરામાં અદા ને ગનમાં
રૂપનું એમજ વ્યતિત યૌવન થશે
જગ વ્યવસ્થા કાજ સર્જાયા છું હું
મારી તુજથી મારું નવખંડન થશે
વ્યક્ત ઉર વ્યાકુળતા 'બિસ્મિલ' ન કર
એમ તું કૃતાર્થ તુજ જીવન થશે?
–'બિસ્મિલ'] [ધોરાજી

–[૨૩]–

આંખમાં એ નૂરના અંજન થશે
જ્યાં નઝર ત્યાં નૂરના દર્શન થશે
દ્વાર દિલના ખોલ ના ત્યાં દર્દ છે
પ્રેમના હાથે જ ઉદ્‌ઘાટન થશે
અશ્રુઓને કાં વગોવે છે હૃદય
એ વિના તો આ તું નિર્ધન થશે
જ્યોતિની આશ જેનાથી ધરી
રી ખબર એ દિલનું યૌવન થશે
રી ખબર 'મુરાદ'! તારા હાથથી
નામુરાદીનું સદા પાલન થશે
–મુરાદ] [ભાવનગર

[૨૨] (અ)

ઝિંદગીનું ઝેર અમૃત થઈ જશે
તુજ અમી દ્રષ્ટિ જો સંપાદન થશે
યાતના તો છે મહોબ્બતની નીત
એ જ તારા પ્રેમનું પાલન થશે
અશ્રુઓનું આખરી અર્પણ થશે
પૂર્ણ તન દિલ ફરી ઉપવન થશે
દિલને તેની યાદનું સ્મરણ થશે
આખ! હેરાન તને સાધન થશે
સાધના કે 'અશરફ'! સાચી હોય તો
જરૂર ઉર નૂર પર દર્શન થશે
–'અશરફ'] [કરાંચી

[૨૨]– (બ)

મોતથી પૈદા ફરી જીવન થશે
નાશમાંથી એક નવું સર્જન થશે
સત્ય તુજથી વિશ્વ નવજીવન થશે
આ મનું તારા તને દર્શન થશે
એ તો નાખી નઝર ચાલી ગયા
વૃદ્ધતામાં નવું યૌવન થશે
રૂપ મહેર દિલની વહાલો તેઓને
પ્રેમ કરવાનું તને પણ મન થશે
મિત્ર થઈ જશે મુજને છે ક્યાં
શું થશે તેઓ અગર દુશ્મન થશે
ગઈ રજની ઉમ ભર "મઝલુમ" ન
સ્વપ્નમાં પણ આપના દર્શન થશે
–'મઝલુમ' જેતપુરી] [જેતપુર

–[૨૪]

આશ છે તો શાનમાં વધન થશે
ન નિરાશામાં તિમિર ઊંપન થશે
રૂપ ઊપ ગર્વ કરવો વ્યર્થ છે
રૂપનું પણ એક દિન ખંડન થશે
કર તિનારત રોજ તું દુઃખાનની
પ્રેમ ને સંતોષ સંપાદન થશે
મોત આવીને દીએ મદદ
નાશમાંથી એક નવું સર્જન થશે
રાખ "મુજરિમ" એસ ના લખશે ધરી
ઊનતી કર્તવ્યથી રોશન થશે
–'મુજરિમ'] [જેતપુરી

-[૨૫]-

પ્રેમના નિત નિત નવા ગોપન થશે,
રૂપ-મંઝિલ જો દિને યૌવન થશે
રે, હૃદય-સામ્રાજ્ય દેતા એમને,
શી ખબર કે આમ્રા નામન થશે
દોસ્ત, દુશ્મન સૌ વિસરશે પાપ મુજ,
કઇ મારી તો પતિત પાવન થશે
ઓ વિનાશક! ચેત પ્રત્યાઘાતથી
નાશમાંથી એક નવું સર્જન થશે
માનવી છે લાગણી, સુખ ...
દુઃખ તે ઓ કાળ! શું દુશ્મન થશે
આ રૂપાળો દેહ છે એક ફૂલ પર,
ફૂલ ફિકના એનું વિસર્જન થશે
રક્તથી રંગીન અંતર-આંગણું,
એમનું જે દિન મહા આસન થશે

—અનામી] [ભાવનગર

-[૨૬]-

આમની છે આંખમાં શંકા મને
કોઈ ટાણે નિજતણો દુશ્મન થશે
થાનકે જો પીઠ તારી નીરખતાં
મંદિરોનું તો નિરાંત ખંડન થશે
આરઝુઓ ઉરથી પાછી ફરી
કોણ જાણે ક્યારે વર પાવન થશે
જાગ એહ પાથરીને વૈભવો,
એમનું ઐયાશ જો બંધન થશે!

—ઐયાશ] [જેતપુર

-[૨૭]-

સ્વપ્ને મનપ્રેમના દર્શન થશે,
રૂપ પણ એ પ્રેમથી પાવન થશે
આપની મૂર્તિનો દિલમાં વાસ છે,
દિલ ન તોડો આપનું ખંડન થશે
આશ કોઈનેય એવી ક્યાં હતી?
સાથમાં 'મુન્શી'ના શુભ વર્તન થશે

—'મુન્શી'] [કમો

[૨]

સ્વપ્નમાં જ્યાં આપનાં દર્શન થશે
પ્રેમના ગાંઠ ત્યાં બંધન થશે
મારી મનને કોઈ અડચણ નહીં
દિલ મારા લાવે ...ાગન થશે
પ્રેમ સારો જગમાં ત્યારે થઈ જશે
જ્યાર મન્ન નાન આ ઉ...ન થશે
ખાર થઈને પ... આનંદ મનો
ઓ તમારા દાનનું મજ્જન થશે
નર્કમાં જાઓ તમો કે સ્વર્ગમાં
આત્મનાઓનું અમેનન થશે
વાત ... થાય કે મિલન ...
... લડા થશે?
... જગમાં મન્યા છે ...
નું હવે 'આમી' પરિવર્તન થશે?

'આમી'] [સુરત

—કુર્બાનીની ભાવના!?!

'જેમ બાપ ગયા ત્યાં લીલાગર થઈ ગયા' તેમ મુસલમાનોમાંથી ખરીની કુર્બાનીની ભાવના [illegible] અને એમની મોજ ખાવાની તૈયારી ચાલી ગઈ ગઈ. ખુદાના નામ પર પુત્રને કુરબાન કરવાની વાત તો [illegible] આજે તો ખુદાના નામે જુદી રસમો ખાતર પશુઓના રક્ત આપવામાં આવે છે. [illegible] લોકોની થાપણ ઓળવવાની વાત છે.'

[illegible] નામ પર [illegible] મુસલમાનો આજે [illegible] સુમડાથીજ બદનામ તરીકે [illegible] ગરીબ પાડોશી ભૂખથી તરફડે તેની અમીર પાડોશીને પડી નથી! [illegible] દુનની તો મોટી વાતુ છે. [illegible] દયાએ પણ [illegible] હૃદયમાંથી [illegible] લીધા છે! પાડોશી ધર્મ, ભાઈ તરીકેની ફરજ એ બધું જુની વાત થઈ ગઈ! મુસલમાન માટે મુસલમાન મરી ફિટતો હતો તે જમાનો ગયો. આજે તો [illegible] એને મોતે મરે આપણે શું? ની ભાવના જોવાની મળે છે.

[illegible] 'ના ગગનભેદી નારા તો આજેય ગાજે છે. [illegible] તેના મન મિનારા કયાં! [illegible] તાકાત છે ન કે ઐક્ય દેખાડવાની નથી છે.'



તાજ

[illegible] જમીનથી [illegible] ભૂખ! જોઈને ગગન [illegible] છું' કહેતા નાઝીઓનાં ટોળીયા જમીન પર ફરતા નથી, ભૂખના દુઃખ [illegible] છે. [illegible] બનાવી એમને ખાવાના નાખ્યા નથી! [illegible] જમીન [illegible] મોટી મોટી [illegible] તો હોય પણ એ ઉપર [illegible] દેખાતા (કુરબાન પ્રથાના [illegible]) [illegible] પણ અદથી [illegible] હોય છે! એમના [illegible] લાંબા લાંબા ભાષણો કરનાર [illegible] આજે હોય છે એ ઉજળા લીડરોને તો પોતાની ખુરશીની પડી છે. મેરી મરજી એમની તો કોઈને ચિંતાજ નથી! ચીપી ચીપીને ભાષણ કરનાર જે આગેવાનો પોતાની [illegible] ટકાવી રાખવા [illegible] કોમને નાને પડેલા જોખમ છે. [illegible] કોમની સેવા કરવાની એમને પડી નથી. એમના [illegible] પાટલુન અને મુંડી [illegible] પોતાની કે [illegible] થતી જે વાની [illegible] એમના તનની શોભા વધાર છે પણ એમના હૈયા કોમની [illegible] માત્ર મોન છે. દેખાડવાના જુદા ને ચાવવાના જુદા જેવા લીડરોથી ખુદા આપણને બચાવે.

[illegible] ખાનદાનીયામાં પડેલી, [illegible] રગમાં ફરેલી, આપણી ગરીબ જનતાને [illegible] આજે [illegible] નથી, [illegible] ક્ષેત્રમાં આગળ દેખાતા મુસલમાનો સામાજિક ક્ષેત્રમાં [illegible] આગળ પડતા નથી! મુસલમાનો પોતાની [illegible], કુઝન ખર્ચાની [illegible] [illegible] કુર્બાની આપતા ક્યારે શીખશે? તનની અને મોટિની કુર્બાની એજ સાચી કુર્બાની છે.

● મઝાક'

કુર્બાની

"... 'નાહકમાં અલ્લાહ 'ઇબ્રાહીમ'કી તસ્લીમે ...
આપકો કેહતા હૈ ... કે કુર્બા કર દે"

હઝરત ઇબ્રાહીમ (અ૦) અને હઝરત મુહમ્મદ (સલ૦) મા શુ ફેર છે? હઝરત ઇબ્રાહીમ (અ૦) ભેદ ખુલ્લો કરતા નથી અને હ૦ મુહમ્મદ (સ૦) એ ભેદને જાહેર કરે છે એટલે જ એ બન્ને પૈગમ્બરોમા ફેર છે એવીજ રીતે બન્ને પૈગમ્બરોના લખ્તે જિગરોમા પણ છે હ૦ ઇસ્માઇલ (અ૦) ને શહાદતની એક આરઝુ અને ઇશારો છે, પણ હ૦ હુસૈન (રઝી) ઇશારો અને આરઝુની તાબીર છે

હ૦ ઇસ્માઈલ (અ૦) એ કુર્બાન થવાની ઇચ્છા રાખી પણ આપની થનારી નસલમા એ મતલબ મળ્યો, અને આપને બચાવી લેવામા આવ્યા અને એજ ઉમ્મતને બચાવવા માટે હ૦ હુસૈન (રઝી) એ કુર્બાની આપી એટલે કે ઉમ્મતને માટે હ૦ ઇબ્રાહીમ (અ૦) ના લખ્તે જિગરને બચાવી લેવામા આવ્યા હતા તેજ ઉમ્મતના બચાવને માટે હ૦ મુહમ્મદ (સ૦) ના ખૂનનુ ટીપે ટીપુ કુર્બાન થયુ

હ૦ ઇસ્માઈલ (અ૦) જિબહ થવાના બચીયાની ખુશી હતા એ માટે ... અને હ૦ હુસૈન (રઝી૦) એક ખુશ્બુમા ભીંજેલુ ફૂલ જેવી મેદાનમા આવ્યા ... ને ચુટી લીધુ, તોડીને ફેંકી નાખ્યુ


'મઝાક'

ઉમ્મત એક ... (રહુસ) ... હ૦ ઇસ્માઈલ (અ૦) નો કુર્બાનીનો ... આ ... એક ... (બે) ... અને હ૦ હુસૈન (રઝી)ની શહાદત ... આ ... ઉંડો ભેદ, ... હ૦ ... ની ... ઇચ્છાનો ... જાહેર ...

ચશ્મે ... મઝાક
ગમ્મે ... ના ...

હવે ... પણ ... હ૦ ઇસ્માઈલ (અ૦) ની કુર્બાનીની ... પછી હ૦ હુસૈન (અ૦) ની ... નહીં થવાની ઇચ્છા ...

* હ૦ ઇબ્રાહીમ અ૦



તને હું વેચાયો

તને હુ વેચાયો, નથીજ કશુ કહેવુ વધુ તને,
ખરીદી લેવાનું ગણુય નથી મારૂ ગરીબનુ
તને વેચાવુ એ પણ નથી જ સામાન્ય કથની,
ખરીદી લેવાની રહી જ પછી કયા વાત સજની ?

ઊંડા અંધારાનો મરમ મર જે હોય કવિનો,
પ્રકાશેથી હુ તો ચહુ છુ જવું અંધાર ગલીએ
પ્રકાશે જે હૈયું મૃદુ કઠણ નિષ્પ્રાણ દિસતું,
તિમિરે એમાથી અમીઝરણુ લાગે પ્રગટતુ

હુ તો સાદી માતો સમજુ નથી ઈન્દ્રાણી સરખી,
તુ, કે હુ ના પેલા સુરપતિ સમો સ્વામી કુંડડો'
ગમી આખે એથી અધિક ગમી લુચ્ચા હૃદયને,
ગણો એને પ્રીતિ, તરસ–ભૂખ કે તુચ્છ મનસા

મળે છે ત્યા, દેઠી પરમપદ વાણુ પરખને,
પછી તો વેચાવુ સહજ બન્યુ છે સો મનખને

—ઈન્દુલાલ ગાંધી

આખા કાવ્યનો મુખ્ય ધ્વનિ 'પ્રિયાને સંબોધન'નો છે એમા જેટલી વિવશતા છે–સ્પષ્ટ વિવશતા–એથીયે અદ્ભુ તત્વ તો બંનેની અરસપરસની મૃદુ પ્રેમભક્તિ છે અંધારામાથી પ્રકાશમા જવાની વાત તો ખૂબ ચર્ચાઈ–ચર્ચાઈ ગયેલી છે પણ પ્રેમી તો હમેશા અંધારામાંજ કશું અદ્ભુત શોધે છે ને ! આપણે અરસપરસ એટલા બધા રૂપાળા–ઈન્દ્ર–ઈન્દ્રાણી સરખા–ન હોઈએ તેથી શું ? આપણને જે ગમ્યુ તેજ અને ત્યાજ આપણો મોક્ષ, એટલે સાચી દેડી–પ્રેમ કે પછી વતનની–એવી વિવશતામાથી, એક દિલીમાથીજ નીકળે છે પરમપરના વાણુઓ પણ આનાથી મોક્ષ માટે અધિક શું ઇચ્છે છે ? એ તો તારામા લયલીન થવાની, ને વેચાઈ જવાની અભીપ્સા જેનામા ન હોય તેની પ્રેમભાવના જૂઠી, તપશ્ચર્યા જૂઠી

મને તેં—

મને તે ફૂલ દીધું, ફૂલની ખુશબૂ વળી દીધી,
કરામત પ્યારની કૈં કૈં અનોખી તે ઘણી કીધી,
અને છેલ્લે ઝુંટાવી ફૂલ મારા હાથથી લીધું,
ઝુંટાવી માત્ર ના થભ્યો, અરે તેં ફૂલને વીંધ્યું,
અને હર પાંદડીએ તેહની તાંડવ ખુંદી કીધું

હવે હા, એકલી ખુશબૂ મને તું આપવા આવે,
મનાવા કૈં કસમ ખાવે,

પરંતુ ફૂલ વિણ ખુશબૂ
હવે મુજને મળી તો શું ?
અગર જો ના મળી તો શું ?

સુન્દરમ્

સંપાદક
રિફાઈ-સાબેરી

દીદારે રસૂલ (સ.અ.)

[સર્વ હક સંપાદકને સ્વાધિન છે]

મઝકુર નમાઝ મનાતુત્તસ્બીહની નમાઝ જેમજ પઢવામા આવે છે પણ એમા તસ્બીહો મુબ્હાનલ્લાહે વલહમ્દો લિલ્લાહે . ને બ ને નીચે લખેલા (અગર જો ખુદી હોય અગર જો યાદ હોય તો) દરૂદ શરીફ તસ્બીહની ગણત્રીનુ પઢવામા આવે છે ઘણા બુઝુર્ગાને દીન પણ આ નમાઝ પઢતા હતા

(૧) અલ્લાહુમ્મા સલ્લે અલા સય્યદેના મોહમ્મદે નીલ્નબીય્યીલ ઉમ્મીય્યે

(૨) અલ્લાહુમ્મા સલ્લે અલા સય્યદેના મોહમ્મદીન અબ્દેકા વ નબીયેકા વ રસુલેકન નબીય્યીન ઉમ્મીય્યે વ આલેહી વ અસ્હાબેહી વ સલ્લમ

(૩) અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન વ અલા આલે મોહમ્મદીન વ બારીક વ સલ્લેમ

"સલાતુલ હાજાત"

આ નમાઝ દરેક હાજત પૂરી થવા અકસીર મિકત છે અને ઘણા બુઝુર્ગાને દીને (રહ.અ) પઢી છે અને પઢવા માટે બનામત કરી છે

આ નમાઝ પણ મઝકુર મનાતુત્તસ્બીહ અને મનાતુસ્સબ્વાન જેમજ પઢવામા આવ છે અને એમા તસ્બીહ અને દરૂદ શરીફો અને નીચે લખ્યામાથી ગઈ પણ એક તસ્બીહની ગણત્રી પ્રમાણે પઢવામા આવે છે—

(૧) હસ્બીયલ્લાહો લાઈલાહા ઈલ્લા હોવા અલયહે તવક્કલતો વ હોવા રબ્બુલ આર્શીલ અઝીમ

(૨) હસ્બોનલ્લાહો વ નેઅમલ વકીલો

(૩) હસ્બોનલ્લાહો વ નેઅમલ વકીલો નેઅમલ મૌલા વ નેઅમલ નસીરો

જો કોઈ રીતની હાજત ન હોય અને ખાલેસન લિલ્લાહ મઝકુર ત્રણે નમાઝો એ દહાડે ગેર પઢી એક એમ પઢવામા આવે તો ખુદાપાક પોતાની દરેક રીતે દયાને વરસાવી ઈ આ મદદ કરે અને એ રૂપ ન કીની અનેક કાયદા તને આપશે જે મામન પોતાને પોત ... અને અનુભવી શકશે લખવામા નઝ ... થઈ જાય અને તેમા ... ઉપયોગ કર જેથી લખી શકાય એમ નથી

મગરીબ ... ની નમાઝ પઢી લીધા પછી પ્રથમ ૧૧ વખત દરૂદ શરીફ પઢી નીચે ... દુઆ એક વખત પઢી જે કઈ હાજત વગેરે હોય તે ખુદાપાક પાસે માગવી અને તે પછી ... ૧૧ વખત પાછુ દરૂદ શરીફ પઢવુ જે કઈ હાજત વગેરે હશે તે ખુદાપાક મગુ ... પૂરી કરશે—

અલ્લાહુમ્મા ઈન્ની અસઅલોકા બેહુરમેકા બિસ્મિલ્લાહ હિર્રહમાનિર્રહીમ મિસ્લઝી લાઈલાહા ઈલ્લા હોવલ હય્યુલ કૈયૂમ લા તા ખોઝોહુ સેનતૂવ વલા નૌમહૂઝી મલાઅત અઝમ તહૂ સમમા વાતે વલ અર્દિહલ્ઝી અતા લહુલ વે જૂહો વ ખશઅતિલહુમ અસ્વાતો વ

વન્જ–લતિલ તોલુબો મિન ખઝ્યતેહી અતોસહ્રી અલા મોહમદીન સલ્લલ્લાહો અલેહે વ અહલેહી વ અતાઅતેની હાજતી

અગર કોઇ ખૌફનો વખત હોય અથવા કઇ મુસીબત આવી પડે ત્યારે પ્રથમ ૧૧ વખત દરુદ શરીફ પઢી નીચે લખેલ દુઆ એક વખત પઢી દુઆ માગવી અને છેવટે ૧૧ વખત દરુદ શરીફ પઢવુ આ દુઆથી જે કઇ હાજત વગેરે હશે તે પણ માગનાથી ઇન્શા ખુદાપાક પૂરી કરશે —

અલ્લાહુમ્મા બેખેરાહુઇલ દલેબે ઇન્દ-રસોલૂહે લકા યા મૈયેદી બેગૈરે લોહુરીવ વ ઐકા યા અલ્લાહો યા જલીલો ફલા શૈઆ પેદાનીકા ફીગલીઝિલ ઓહુરે વ બેકુમીરયેકલ મોકલ્લસે બેનુરે એલા અશૅકલ અઝીમિલ મઝહે વ બેમાકાના તદલતા અશૅકા હકઝન રહ્લા અતખ લોકસસમાવાતે વ સૌનિન્ગરેરે લકા ઇન કુન્તા મિસ્લા માલમ તઝર કત્તો એલા-હન ઓરેફતા બિન્તૌહીદે ફજઅલની મિનલ મોહિબ્બી-નલ મબૂગીનલ મોકર્રબીનલ આ-શેકીના લકા યા અલ્લાહો, યા અ-લ્લાહો, યા અ-લ્લાહો, યા અ-લ્લાહો, યા અ-લ્લાહો, યા અલ્લા-હો, યા અલ્લાહો, યા અલ્લાહો

હઝરત મખદુમ કર્ખી (રે અ) થી રિવાયત છે કે—જો કોઈ દરરોજ કબ્રતથી "અલ્લા-હુમ્મર્દહુમ ઉમ્મતા મોહમદીન" પઢનો રહેશે તો ખુદાપાક તેનુ નામ અબદાલોમા લખશે એટલે અબદાલનો દરજ્જો તેને આપશે

જ્યારે તમો ચાહો કે ખુદાપાક દરેક બીમારી કે જેના સૌથી હલકી ગાફલતની બીમારી છે તો તમોને જોઇએ કે કસરતથી —**લાહોલા વલા કુવ્વતા ઇલ્લા બિલ્લાહિલ અલી-ય્યીલ અઝીમ** પઢ્યા કરો મજકુર સિવાય એના અનેક ફાયદાઓ હદીસ શરીફમા છે તેમજ બુઝુર્ગોને દીન પણ ફરમાવી ગયા છે

ગમે તેવી સખત હાજત, મુસીબત, વગેરે આવી પડે ત્યારે મસ્જિદમા જઇએ રકાત નફિલ પઢી તેનો સવાબ હુઝૂર (સલ) ને બક્ષી દઈ નીચે લખેલ દુઆ પઢવા પહેલા ૧૧ વખત દરુદ શરીફ પઢી એક વખત દુઆ પઢી, જે કઈ હાજત, મુસીબત વગેરે હોય તેની ખુદા-પાકથી માગણી કરવી અને પાછુ ૧૧ વખત દરુદ શરીફ પઢવુ ઇન્શા બહુ જલ્દી કામ થઇ જશે કામ પૂરુ થાય ત્યા સુધી દરરોજ પઢવુ જોઇએ પોતાના મકાનમા પણ પઢી શકાય છે, પણ જગ્યાની પાકીનો ખાસ ખ્યાલ નાખવો જોઇએ તેમજ નક્કી કરેલ વખતે પઢવુ જોઇએ —

અલ્લાહુમ્મા ઇન્ની અસઅલોકા વ તવજ્જહો એલૈકા બેનબીયેકા મોહમદીન સલ્લલ્લાહો અલેહે વ આલેહી વ અસહાબેહી વ સલ્લમા નબીય્યીર્રહમતા યા મોહમદીન ઇન્ની અતવજ્જહો બેકા એલા રબ્બેકા લેયકદા હાજતી અલ્લાહુમ્મા ફશફ્ફેહલી

(બાકી)

સુધારો

'કાસ્વા' માસ નવેમ્બર ૧૯૪૩ના પૃષ્ઠ ૧૦૨ મા નબર ૮૦ મા જે દરુદ શરીફ છે તેમા નીચે મુજબ સુધારો કરી લેશો—

(૧) ઝરીયત ને બદલે 'ઝુર્રીય્યતેહી'

(૨) કમા મલૈતા ને બદલે "કમા સલ્લૈતા"

(૩) હમીદુન ને બદલે 'હમીદુમ'

"ગાલિબ" બગોદરી

"નઝમે કુર્આન"

(' અલિફ—લામ—મીમ "કા ચૌથા રૂકુઅ)

بسم الله الرحمن الرحيم

نحمده و نصلی علی رسوله الکریم

કહા જબ તેરે રબને મારે દુન્યાકે ફરિસ્તોંકો,
તનન્નુઝ્ઝા અર્શ સ્તોંકા મુકદ્દરકે નસિસ્તોંમેં

બનાનેવાલા હું દુન્યામેં અપના જાનશીં કોઈ,
બના ક્યું કર રહે ઔર ઉમ્ર તક બિન્વત ગુઝ્રી કોઈ

ફરિસ્તોંને કહા ક્યા તૂ બનાએગા ઝમીંમેં વોહ,
ફસાદો ખૂન રખ્ખેગા જો આઈને મુર્બીમેં વોહ

હમીં ક્યા કમ હૈ જો હર વક્ત દમ તેરાહી ભરતે હૈં,
તેરી તહમીદ ઔર તસ્બીહ ઔર તકદીસ કરતે હૈં

કહા અ'લાહને સુનકર યે સબ મફહૂમ હૈ મુઝકો,
તુમ્હેં જો કુછ નહીં માલૂમ વોહ માલૂમ હૈ મુઝકો

સિખાએ હઝરતે આદમકો નામ ઔર નામકી બાતેં,
કે જિન બાતોંસે ઝાહિર હો ગઈ હર કામકી બાતેં

ફિર આદમને ફરિસ્તોંકો સુનાકર નામ યૂં પૂછા,
અગર સચ્ચે હો તો સમઝાઓ ઉન નામોંકા કુછ મનશા

કહા સબને કે તૂ હૈ પાક, હમ લા-ઇલ્મ હૈં લેકિન,
જો કુછ તૂને સિખા રખ્ખા હૈ હમકો હૈ વહી મુમ્કિન

બેનાશક હિકમતોંકા જાનનેવાલા તુહી તો હૈ
હમારે ઇલ્મકો પહેચાનનેવાલા તુહી તો હૈ

કહા આદમસે ઉન નામોંકા તુમ ઉનપર બયાં કરદો,
તુમ અપને ઇલ્મકી દૌલતકા કુછ કુછ ગઝદા કરદો

જબ આદમને ઉન્હી નામોંકો ઉનપર કર દિયા ઝાહિર,
જો થા બાતિનકે પરદોંમેં વોહ બાખિર હો ગયા ઝાહિર

કહા ક્યૂં મૈં ન કહેતા થા બેનાશક જાનતા હૂં મૈં
ઝમીનો આસમાકે ગૈબકો પેહચાનતા હૂં મૈં

ઉસે બી જાનતા હૂં જિસકો મિન ઐલાન રખતે હો,
ઉસે બી જાનતા હૂં જિસકો મિનબાતમાન રખતે હો

કરો આદમકો સજદા જબ ફરિસ્તોસે કહા હમને,
કિયા સજદા મગર મુંકતર કિયા ઇબ્લીસકો ગમને

કિયા ઇન્કાર ફિર ઉસને તકબ્બુર બી કિયા આખિર,
હુવા વોહ કાફિરોમે ઉસકે ભાગ ગયા આખિર

કહાં હમને કે અય આદમ રહો જન્નતકી બસ્તીમે,
તુમ ઔર બીબી તુમ્હારી દોનો ઇસ રેહમતકી બસ્તીમે

જો તુમ ચાહો ખુશીસ દોનો બિનફીકર ખાઓ જન્નતમે,
તુમ્હે બિન જાએગા બસ ફક હમારી કુંજે મોહબતસે

ન જાના ઉસ દરખ્તે ખાસકે નઝદીક ભૂલેસે,
અધેરે મ નહીં આતા ખતે બારીક ભૂલેસે

વગરના ઝાલિમોમે હોકે રહ જાઓગે તુમ દોનો,
બના ઉસમે હમારી ક્યા હૈ બદ જાઓગે તુમ દોનો

મગર ફિર બી ઉન્હી દોનોમે શૈતાને દિયા વો જુલર
યે નનચાહિદ ફરેબી ચાનમે વાકિફ ન થે બિલકુલ

નિકાલા ખુલ્દમે જિસને યે દોનો રેહતે બસ્ને થે,
જહાં શૈતાનકે વોહમો ગુમાક બદ રસ્તે થે

કહા હમનેકે ઉતરો તુમ-કે તુમ આપસમે દુશ્મન હો,
ઝમીં પર રેહગો ઇસ હદ તકકે એક વક્તે મોઅંયન હો

તબ આદમ અપને રબસે ચંદ બાતે સીખકર આયે,
ખુદાને તૌબા કી મંઝૂર તો ગિરગેરે મવર આયે

કે વો તવ્વાબ* જિસકી શાનમે શાને રહીમી હૈ,
કે જિસ શાને રહીમીમે ગઝબકી ચાલ ધીમી હૈ

કહા હમને કે ઉતરો સબ ઝમીમે ઇન મકાનોમે,
કે જૈસે ચુગને જાતે હૈં પરિન્દે આશિયાનોમે

ઝમીં વાનામે જબ મેરી હિદાયત તુમકો મિલ જાયે,
ફિર ઉસ મેરી હિદાયતકા તતબ્બોઅ કોઇ કર પાયે

ન ઉનકો ખૌફ હોતા હૈ ન વોહ ગમગીન હોતે હૈ,
કે જિનકો દીન મીન જાએ ન વોહ બેદીન હોતે હૈ

વોહ જો કાફિર હુએ ઓર ઝૂટ સારી આયતે જાની,
અગર્ચે ભૂલેસે ભૂલેમે બી યે બાતે નહીં માની

યેહી દોઝખકે બાશિન્દે હમેશા જિસમે રેહના હૈ
જિન્હે દુખ દર્દ સેહના હૈ જિન્હે દુખ દર્દ સેહના હૈ

(સર્વ હક "મગ્રાક"ને સ્વાધિન છે) (ચૌથા રૂકુઅ ખતમ)

---

* જુલર=ફરેબ
* તવ્વાબ=તૌબા કબૂલ કરનેવાલા
* તતબ્બોઅ=તાબેદારી કરના

ઇસ્લામ પ્રચાર

(ગતાંકથી ચાલુ)

હઝરત ખ્વાજા નસીરૂદ્દીન ચિરાગ દેહલ્વી (રહે.) —

હઝરત સુલ્તાનુલ મશાઇખના સૌથી પ્રિય મુરીદ અને મુખ્ય ખલીફા તેઓ સાહેબ હતા. અને એમનામાં એવા ગુણો હતા જે ખિલાફત પદને માટે એક બુઝુર્ગની જરૂરત હોય છે, જેનો પ્રથમ નમૂનો હિન્દમાં જેમ ખ્વાજા બખ્તિયાર કાકી (રહે.)એ હમીદુદ્દીનને મુકીને હઝરત શેખ ફરીદુદ્દીન શકરગંજ (રહે.)ને પોતાના ખલીફા તરીકે ચૂંટ્યા હતા, તેમ હઝરત સુલ્તાનુલ મશાઇખે પણ ખુસરૂને છોડી શેખ નસીરૂદ્દીન મહમૂદને પોતાના ખલીફા નિમાયા. જેઓ ચિરાગ દેહલ્વીના નામથી પ્રખ્યાત છે. આપ ઘણા તપ, ઇબાદત અને ખુદા પરસ્ત દર્વેશ હતા. સુન્નતની પેરવી કરવામાં ઘણીજ તકેદારી રાખતા અમના વિષે કહેવાય છે કે એક દિવસ એમના પીર ભાઇને ત્યાં સમાઅની મજલિસ હતી. સમા એની સાથે વાજીંત્રો પણ હતા. એટલે આપ તરતજ ત્યાંથી ઉઠી ગયા. દોસ્તોએ બેસવા આગ્રહ કર્યો ત્યારે કહ્યું કે હું હવે થોભી શકું એમ નથી કારણ કે આ કાર્ય શરીઅત વિરૂદ્ધ છે. ત્યારે હાજર જનોએ કહ્યું આપ સમાઅ જેવી વસ્તુથી ઈન્કાર કરો છો? ને પોતાના પીરના નિયમથી વિરૂદ્ધ ચાલો છો? ત્યારે આપે કહ્યું કે એના વિષે કંઇ સબુત નથી, એના માટે હદીસનું ફરમાન છે? આથી લોકોએ હઝરત સુલ્તાનુલ મશાઇખથી એ વાતની શિકાયત કરી, ત્યારે હઝરતે જવાબ આપ્યો કે એમની વાત સાચી છે. આપ ઘણું વખત ઉપદેશ આપતા ને પોતાના ખલીફાઓને પણ વિદ્યા પ્રચાર અને એની ઉન્નતિ અર્થે સૂચના કરતા. આપનું એ કથન સુવર્ણ અક્ષર આલેખવા જેવું છે કે "ઇમાનનો જામ ખાઓ, કયામતની પાછળ ન ભમો" આપની વફાત હિજરી સન ૭૫૭ ઇસ્વીસન ૧૩૫૬માં થઇ. આપની દરગાહ દેહલીમાં ચિરાગ દેહલીના નામથી મશહૂર છે.

સુલ્તાનુલ મશાઇખે દેશ દેશમાં પોતાના ખલીફાઓ મોકલી ઇસ્લામ ઉપદેશનું પ્રચારકાર્ય આરંભ્યું હતું. આપ એક વખત બંગાળમાં ગયા. ત્યારે પોતાના એક ખલીફા અને ભાણેજ સિરાજુદ્દીનને ખિલાફત પદ અર્પણ કરી બંગાળ મોકલ્યા ત્યાં તેઓ મરણ સુધી રહ્યા. પોતે તો દક્ષિણમાં દોરી ચાલી આવ્યા. પણ એમના વખતે દક્ષિણમાં એમના ખલીફા અને વર્તન મુજબ શેખ સિરાજુદ્દીનના મઝાર દક્ષિણના દોલતાબાદ પાસેના ખુલ્દાબાદમાં છે. એવીજ રીતે હઝરત મોઇનુદ્દીન ખ્વાજાજી (રહે.)ને શેખ અહમદ થાનેશ્વરીને મોકલી આપ્યા[1]. જ્યાં એ બુઝુર્ગોના મઝાર છે. આપના ત્રીજા ખલીફા હઝરત સૈયદ ગેસુદરાઝ હતા જેમના મઝાર ગુલબર્ગામાં આવેલા છે. આપ ૧૦૫ ગ્રંથોના કર્તા હતા. આપની કૃતિઓ વિવિધ વિષયો પર હતી. આપે એક તફસીર પણ એ મહશરીના ઢબે આલેખી હતી. ઉપરાંત મુશારિકુલ અનવાર (હદીસ) કિતા

---

[1] જુઓ જૈવિક એ હિંદ

અત્તર (ઈમામ) 'બુસ્તાન ફુકમ' અને 'અવારીફ' (નસત્રુફ)ના તર્જુમાઓ પણ આપ્યા હતા. સૈયદ સુલેમાન નદવીના શબ્દોમાં કહીએ તો આપ ચિશ્તીયા ખાનદાનના 'સુલ્તાને કલમ' હતા.

હઝરત ચિરાગ દહેલવી પછી ચિશ્તિયા અને નિઝામીયા પથથી આખા હિન્દુસ્તાનને ફેઝ પહોંચ્યો, ને અનેક બુઝુર્ગો જુદા જુદા પથથી ગાઢ સબંધ ધરાવતા, જેથી એ વાતનો નિર્ણય કરવો કઠીન છે કે કયા બુઝુર્ગ વાત ચિશ્તી, નિઝામી કે સાબેરી છે. હાલમાં ખ્વાજા હસન નિઝામી જેઓ સુલ્તાનુલ મશાએખના મઝારના નશીન છે તેમના પ્રયત્નોથી ફરી પાછો નિઝામી પથ ઉન્નતિ પર આવ્યો છે ને એમણે આખી જીવનમાં ખરી દીની તાલીમ, તસવ્વુફ અને ઈસ્લામની ઘણી સેવા કરી છે.

મલબાર—ઇતિહાસકારો લખે છે કે 'જ્યારે સુલ્તાન અલાઉદ્દીન ખીલજીનું સૈન્ય દક્ષિણમાં પહોંચ્યું ત્યારે મદુરા નજીક એમને કાંઈક એવા મુસલમાનોથી ભેટો થયો કે જેઓ અર્ધ મુસલમાન ને અર્ધ હિંદુ જેવા હતા, ને તેમના રીતરીવાજો પણ હિંદુઓ જેવા હતા પરંતુ ધર્મે મુસલમાન લેખાતા. મલબારના મોપલા મુસલમાનોથી ઉત્તર હિંદના મુસલમાનોનો આ પ્રથમ પરિચય હતો. મોપલા કોમ હિંદમાં ઘણા વખતથી આવી વસી હતી, ને હિંદ સાથેનો એમનો સબંધ આરબમાં ઈસ્લામથી શરૂ થયો હતો. કેટલાક ઈરાકી મુસલમાનો હિંદના કાંઠે આવી વસ્યા. અરબ મલાનો, હાથી દાંત, ને ઝવેરાતનો વેપાર અરબો અને ઈરાનીઓ મારફત સેંકડો વરસ પહેલાથી હિંદ અને યૂરોપ દરમ્યાન થતો. મુસલમાન થયા પછી પણ એમણે એ વેપાર ચાલુ રાખ્યો ને હિંદમાં આવવા જવા લાગ્યા. તે સમયે કેટલાક વેપારી શહેરોની વસ્તી અર્ધ હિંદુ ને અર્ધ મુસલમાનોની હતી.'

ઈતિહાસથી પુરવાર થાય છે કે મલબારના હિંદુ રાજાઓએ પોતાના દેશની ઉન્નતિ અર્થે ને વેપારની ખીલવણી માટે એ લોકોને આસરો આપ્યો હતો, ને મુસલમાનો ઈસ્લામ પ્રચારનું કાર્ય કરતા, તેમના કાર્યમાં કદિ વિક્ષેપ ન કર્યો. એનું પરિણામ એ આવ્યું કે મલબારની કુલ વસ્તીનો પાંચમો ભાગ આજે મુસલમાન છે. કહેવાય છે કે પોર્ટુગીઝો જો હિંદમાં ન આવ્યા હોત તો ધીમે ધીમે મલબારની બધીજ વસ્તી મુસલમાન હોત.

મોપલા કોમનો ઈતિહાસ ઈસ્લામના શાંત પ્રચારનો એક અમુલો પ્રસંગ છે. તદુપરાંત, જાવા, સુમાત્રા, અને મલાયામાં ઈસ્લામ એમ તાજ પ્રતાપથી ફેલાયો. હિંદુસ્તાનના લોકોનું માનવું છે કે એ ભાગોમાં ઈસ્લામ અરબ વેપારીઓએ ફેલાવ્યો, પરંતુ હોલેન્ડના ઈતિહાસકારો જેઓએ આ બાબતનો ઘણો અભ્યાસ કરી એ નિર્ણય જાહેર કર્યો છે કે આ દ્વિપોમાં ઈસ્લામ તે વેપારીઓએ ફેલાવ્યો તે જેઓ જાતે અરબ હતા પરંતુ ઘણી મુદતથી મલબારમાં રહેતા હતા. એ દેશોમાં ઈસ્લામની તેજ હાલત છે કે જેની દક્ષિણમાં છે. યમની વેપારી જે આજકાલ જાવામાં વધુ પડતા છે, તેઓ ત્યારે આવ્યા કે જ્યારે આ ભાગમાં ઈસ્લામ ફેલાઈ ચૂક્યો હતો, ને લોકો અરબ ને યમન વાસીઓને આસ્થા અને માનભરી દ્રષ્ટિથી નિહાળતા હતા.

(અપૂર્ણ)

' આ તરફ ગાંધી તણી છે ઓકડી,
તે તરફ ઝીણાની વાતો રોકડી,
અવનવી એ ખેંચતાણોમાં જુવો,
હિંદની સુકાઈ ગઈ છે ટોકડી !"

'બેકાર'




આધુનિક વસ્ત્રાહરણ

'કારવાં'

બંગાળનું અનાજ સંકટ



બંગાળ એ હિંદનો મોટો વસ્તીવાળા પ્રાન્ત ગણાય છે એનું ક્ષેત્રફળ ૮૪૦૭૨ ચો. માઈલનું છે એની વસ્તી ૭ કરોડ માણસોની છે બંગાળના ઉપસાગર ઉપર એ આવ્યો છે આમાં કુચબીહારના અને બીજા દેશી રાજ્યોના વિસ્તાર ૫૩૮૩ ચો. માઈલનો છે બંગાળનો પ્રદેશ ગંગા અને બ્રહ્મપુત્રાના કાંપનો બન્યો છે એ પ્રદેશમાં આ બન્ને નદીઓ હિમાલયથી કાંપ લાવીને ઠલવે છે. બંગાળમાં નદીઓ દ્વારા જળ વ્યવહાર મોટા પ્રમાણમાં થાય છે આ પ્રદેશમાં પુષ્કળ પ્રમાણમાં વરસાદ પડે છે, બંગાળ ગરમ ને ગરમ પ્રદેશ છે પણ ફળદ્રુપ ઘણો આ પ્રદેશ હિંદમાં બહુ અગત્યનો ભાગ છે બંગાળનું મોટું મેદાન નદી નાળાઓથી ભરપુર છે શહેરો ગામડાઓ પણ પુષ્કળ છે વસ્તી ગીચ છે ખૂબ વધે છે આ વરસે બંગાળમાં સર્વત્ર ભુખમરો છે



કુદરતી ધનસમ્પત્તિ નકશો

બહુ ગીચ વસ્તી છે દર ચો. માઈલે ૬૫ માણસ વસે છે બંગાળની વસ્તીની ખુબ વૃદ્ધિ થાય છે દર એક વર્ષે ત્યાં દશ લાખ માણસો વધે છે આથી બંગાળની ફળદ્રુપ જમીન આવડી મોટી પ્રજાને ભવિષ્યમાં કેમ નભાવી શકશે એ મોટો પ્રશ્ન બંગાળ પાસે છે બંગાળના નીચી જમીનમાં પાણી ભરાઈ મેલેરીયાના જંગલો બન્યા છે એમાં વસ્તી બહુજ થોડી છે વાઘ અને મગર સુંદર વનમાં વસે છે સુંદર વનમાં પાણીના ખાબોચીઆ ભર્યા રહે છે આથી બંગાળમાં મેલેરીઓ તાવ ઘર કરી રહે છે વગેરે વાઘોનો ભોગ થાય છે

વસ્તી—બંગાળની વસ્તી ખુબ ગરીબ છે છતાં શાન અને બુદ્ધિવાન છે બંગાળમાં ૭ કરોડ માણસો વસે છે તેમાં ૫૨ ટકા મુસલમાન, ૪ લાખ ખ્રિસ્તી અને ૪૭ ટકા હિંદુઓ બંગાળની વસ્તી વધારે ગણાતી નથી એનો મુખ્ય ખોરાક ચોખા છે ધનવાન વર્ગ માછલા ખાય છે ધનવાન વર્ગમાં મુખ્ય જમીનદારો છે એઓ ગામડિયાંઓથી મોજનું સુખી જીવન ગાળે છે

ભાષા—સાહિત્ય બંગાળી ભાષા એ સંસ્કૃતની અને પ્રાકૃતની પુત્રી છે એ ભાષા ખુબ ખેડાયેલી છે મોકળે મધુર છે એનું સાહિત્ય વિશાળ છે બંગાળમાં મહાન લેખકો થઈ ગયા છે બંગાળી ભાષા હિંદમાંની સૌથી વધારે ખેડાયેલી ભાષા છે બંગાળી પ્રજા ચિત્રકળા, સંગીત, નાટ્ય વગેરેમાં ખુબ કુશળ છે, પરંતુ

બંગાળમાં વરૂ બહુજ થોડા પાકે છે એટલે ઘઉંનો ઉપયોગ થોડો છે બંગાળમાં

નેપાળમાં પર્વત છે ન અમરનાથ ગૌર બહીમ
વગેરે છે જેવા મોટા નદિત્ય સ્વામિઓ
બંગાળમાં થયા છે અન્ય ચૈતન્ય મહાન
વાતાંમાં

બંગાળીઓ બનારસ વિદ્યાના આગળ વધના
છ નામી પાન અને ગરીબ છે બંગાળનો
વેપાર ગુજરાતી મારવાડી અને અંગ્રેજોના
હાથમાં છે બંગાળી ને ૦ પ્રમ મી! સેના
અને મ ૦નના વનને છે પણ ગીચ વસ્તીને
લીધે ગરીબ છે એમની ભાષા મીઠી છે બંગાળી
ગાન સંગીત પ્રિય છે

નદીઓ — બંગાળમાં ગંગા નદી ૩૦૦
માઈલના વિસ્તારમાં વહે છે બ્રહ્મપુત્રા પગ
ગંગાને મળી પદ્મા નામ ધારણ કરે છે ગંગા
બંગાળા પાસે ભાગીરથી નામ ધારણ કરે છે એને
હુગલી અને બીજા ઘણા ફાંટા નદીઓ મળે છે
પૂર્વમાં કપૂકુના નદી , બંગાળની નદીઓમાં
હોડીઓ મારફત મોટો વેપાર ચાલે છે

પર્વતો — ઉત્તરમાં ના ના સાન હિમાલય
સુધી હિમાલયો , ૬ચન ગંગાનું ૧૭૦૦૦
ફુટ ઉંચુ શીખર ૧ ૫૫ ઉપર દુની ગયો
ન મ ઝ માઈલનું બંગાળ સપાટ મેદાન છે
છોટા નાગપુર , બંગાળ નાગપુર રેલ્વે
અને ઈસ્ટર્ન બંગાળ રેલ્વે એમ ત્રણ મોટી
રેલ્વેઓ બંગાળમાં છે

શાસન — બંગાળમાં મુસ્લિમ મ, મનિ છે
ગવર્નમેન્ટમાં કહે છે હમણાં મુસ્લિમ
લીગનું પ્રધાન મંડળ ચાલુ છે પણ તે લોક
પ્રિય બહુ નથી ગવર્નરના હાથમાં મોટી
સત્તાઓ છે ખરી રાજતંત્ર સત્તાનો આધાર
સિવીલ સર્વિસ ઉપર છે બંગાળની ૧૯૪૩ના
સરકારી પેદાશ ૧૬ ક્રોડ રૂપીઆ અને દુકાળને
લીધે ખર્ચ ૨૪ કરોડ રૂપીઆ થશે

ખેતી — બંગાળનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે
મુખ્ય ખેતી ચોખાની છે પણ જમીનમાં
ખાતર નાખવામાં નથી આવતું એટલે ખેતી સારી થતી
નથી ચોખાની વાવણી લગભગ ૨ કરોડ
એકરમાં થાય છે તેમાંથી ૦ લાખ ટન ચોખા
બંગાળમાં ઉત્પન્ન થાય છે પ્રત માટે એ ચોખા
બંગાળમાં પૂરા હતા આગળ બંગાળ ૮થી
૮ લાખ ટનની નિકાસ કરી શકતું પરંતુ
વસ્તી વધવાને લીધે બંગાળમાં ચોખાની તાણ
પડે છે બંગાળ બ્રહ્મદેશથી ચાર-પાંચ લાખ
ટન ચોખા મંગાવતું હતું હમણાં બંધ છે
થાઈલેન્ડ ચોખાની તાણ પડે છે
૧૯૪૨–૪૩માં ૬૦ લાખ ટન ચોખાનો પાક
ઓછો પાક થયો છે આથી ચોખાની અછત
થઈ છે

બંગાળમાં શણ ૬૦ લાખ ૫૦૮
લાખ એકરમાં થાય છે તે સિવાય ચ નો
પાક મોટો થાય છે આખા જગતનું શણ
બંગાળ સિવાય અને આસામમાં પ્રથમ
૬ ૦ લાખ ગાંસડીઓ આ પ્રદેશમાં થાય
છે થાય છે તેની થી તેમાં બંગાળી મજુરી
અને ૧૦ લાખ એકરમાં થાય છે લગભગ
એ લાખ એકરમાં કઠોળ છે તમાકુ ૨૮૩૦૦૦
એકરમાં વવાય છે બંગાળમાં ખાસ
નીચુફળ નારીએળ અનાનસ ના ી અને
ગીનાકુ થાય છે બંગાળના ખેડુતો ગરીબ, પછાત,
છ ગાયો માત્ર ખેતી બોજ આપે
પણ પણ ઘણા અને નબળું નથી
બંગાળના માણસો ૫૦ બંગાળ સારા
હોતા નથી

ગૃહઉદ્યોગ — બંગાળના ગૃહઉદ્યોગો પૂ
પ્રમાણમાં છે બંગાળના ગરીબ આળસ
કરી શકે છે બંગાળનું હાથ ૫૬
૯ વરસ વર્ષ થયાં વખણાય છે બંગાળની
મનમલ બારીક અને સુવાળી બને છે એક
તાકાની લગભગ ૨૦૦) રૂ કિંમત પડે છે

ડુંગરીઆની ઝાળ જેવી બારી મલમલ હજુ પણ તૈયાર થાય છે. હાથીદાંતની ચુડીઓ, ધાતુના વાસણો, માટીના વાસણો પણ થાય છે.

આખા પ્રાન્તમાં હાથવણાટની લાખો શાળા ચાલે છે. વાસણો બનાવવાનો ઉદ્યોગ બંગાળના ઘણા ભાગોમાં થાય છે. શણના ઉદ્યોગ પણ ઠીક ઠીક ચાલે છે. ચામડાનું કામ, તેનાં જોડાં, ... પગડીઓ વગેરે અનેક ઉદ્યોગો બંગાળમાં ચાલે છે.

સ્ત્રીઓ—બંગાળની સ્ત્રીઓ ધર્મપ્રેમ કષ્ટસહનારી, અને સહનશીલ છે. એમાં ઘણી ઘણી ભણેલી છે. સરોજની નાયડુ, તોરૂ દત્ત વિગેરે પ્રખ્યાત સ્ત્રીઓ બંગાળમાં થઈ છે. બંગાળી સ્ત્રીઓ પડદો પાળે છે.

ઉદ્યોગો—બંગાળના જ્યુટ (શણ)નો ઉદ્યોગ મુખ્ય છે. એની ૧૦૦ મીલો બંગાળમાં છે. એમાં ત્રણ લાખ મજુરો કામ કરે છે. મીલો ઉદ્યોગ કલકત્તામાં છે. ... મીલ ... પણ છે. ચાહની પણ બંગાળમાંથી નિકાશ થાય છે. ઉદ્યોગો ઘણા ભાગે મોટે ભાગે યુરોપીયનો, મારવાડીઓ અને ગુજરાતીઓના હાથમાં છે. બંગાળી જમીનદારો પૈસાદાર છે પણ ઉદ્યોગી નથી. વેપાર પણ ઘણો ખરો પરદેશીઓના હાથમાં છે.

મુખ્ય શહેરો—કલકત્તા એક વખત આખા હિંદનું રાજ્યધાનીનું શહેર હતું. એની વસ્તી ૨૦ લાખ મનુષ્યો ઉપરની છે. કલકત્તા સુંદર શહેર છે. મોટા રસ્તાઓ અને મહેલો જેવાં મકાનો ધરાવે છે. મોટું બંદર અને મોટા પ્રમાણમાં વહાણવટું અહીં આવે છે. વેપાર પણ મોટો છે. એનમાં ચા, શણ અને ચા એ મુખ્ય વેપારો છે. બીજાં શહેરો ઢાકા, મીદનાપુર, ચટગામ, મુર્શીદાબાદ વગેરે છે. સાડા છ કરોડ બંગાળી એ જ ભાષા, લીપી અને સંસ્કૃતિ ધરાવે છે. બંગાળીઓ લડાયક પ્રકૃતિના નથી.

સંપૂર્ણ

'મૂર્ખતા મારી'

મહબ્બત એમની શુ થઈ! હજારો થઈ ખતા મારી!!
અને દિલ એમને દીધુ, ખરેખર મૂર્ખતા મારી!!
કરૂ ફરિયાદ કોને? એજ ઝાલિમ જ્યા બની બેઠા!!
રહમ પણ જે નથી ખાતા, એને ઢુંઢતા મારી!!
કોઈની યાદ પળ ભર, ચૈન પણ લેવા નથી દેતી!!
કહુ કોને? પ્રણય બદલે મળે મુજને સઝા મારી!!
મને મન્ઝૂર, મારી હાર છે, કયા ના કહુ છુ હુ?
જફાઓ એમની જીતી, ને હારી છે વફા મારી!!
એ મારી મૂર્ખતા સમજે, કે મારૂ ભોળપણ સમજે,
કે એવાને કહી નાખી, બધી જીવન કથા મારી!!
હવે પસ્તાઉ છુ 'ઉત્તમ', કરીને પ્યાર સંગ દિલથી,
હરક હુકાલિ દે છે એ, હમેશા ઇન્તેજા મારી!!

'ઉત્તમ'

● હાશિમ ટીમોલ

નારીઓ લુંટાય છે,
ચુકાદાઓ વેચાય છે,
પીડિતો પીસાઈ રહ્યા છે,
તેમ છતાં જગતનું ચક્ર—

ચાલ્યાજ કરે છે

તેણે એક સૈનિકને પૂછ્યું આ યુદ્ધ શા માટે? કયા હેતુસર? ખુનની રમત! સૈનિકે જવાબ વાળ્યો હું કંઈજ જાણતો નથી અને જાણીને કરું પણ શું? લડવું એ મારો ધંધો છે. સૈનિક છું મ્હને પગાર મળે છે પ્રાણને હથેળીમાં લઈને ફરૂં છું મ્હારા કુટુંબનું પોષણ અમારો નિર્વાહ એ કમાણીમાંથીજ થાય છે હેતુઓથી મને શું લાગેવળગે? રૂપિયા મ્હને ખરીદી શકે છે થોડા સિક્કાઓમાં મ્હારા જાનને વેચી શકું છું જો હિંદુસ્તાનીઓ મ્હને ઈંગ્લાંડવાસીઓ કરતાં વધુ નાણાં આપે તો હું તેમના પક્ષે રહીને લડું. તમારે યુદ્ધનો આશય અને હેતુ જાણવા હોય તો અમારા સરદારને પૂછો પછી તે સરદાર પાસે ગયો.

હું શું કહું? શી રીતે કહું? હું પોતે પણ નથી જાણતો પાટનગરથી હુકમ એક નાના કાગળમાં હું નકલ છું મને આદેશ મળ્યો કે લડાઈ શરૂ થઈ છે, તત્કાળ તમારું લશ્કર લઈ રણભૂમિ પર હાજર થાઓ. હું મ્હારી ફરજ બજાવી રહ્યો છું એથી વિશેષ કશું જાણતો નથી.

તમારા સાથીઓમાંથી કોઈને ખબર છે? તેણે આશ્ચર્યમાં પૂછ્યું.

"જી, નહિ! તેઓ પણ મ્હારી જેમ કીર્તિ અને નામનાની શોધમાં નીકળેલા છે. વિજય મળે તો વિજેતાનું ગૌરવભર્યું બિરુદ અને ખપી જવાય તો શહીદ."

ત્યારે હવે હું કેવી રીતે જાણી શકું કે આ ભયાનક અને વિનાશક જંગ શા માટે? તમે નહિ અધિકારીઓને પૂછો કદાચ તેઓ બતાવી શકે.

તે એક ઉચ્ચ અધિકારી પાસે ગયો. તેણે જવાબ આપ્યો, લડાઈનું કારણ તદ્દન સાધારણ છે આજથી વીસ વર્ષ પૂર્વે ઈંગ્લાંડના એક ખાનસામા અને હિંદુસ્તાનના એક મુસાફરમાં મધ બોલાચાલી થઈ હતી જેની શિક્ષા દુન્યાને આ રીતે મળી રહી છે. અમારા પ્રધાનો તો અમને વિશ્વાસ અપાવે છે કે આ યુદ્ધ માનવતાના ઉદ્ધાર માટે અને જગતની ઉન્નતિ માટે ખેલાઈ રહ્યું છે. પરંતુ સાચી વાત એ છે કે લાખો બાળકો અનાથ થઈ ગયા અને લાખો માતાઓની ગોદ ખાલી થઈ ગઈ અને ગરીબ સ્ત્રીઓ વિધવા થઈ ગઈ, શા માટે? બસ એમજ વગર કારણ વિના!

આ જોઈ તેણે વિચાર્યું ઈંગ્લાંડવાસીઓ મનુષ્ય નથી, નરપશુઓ છે નાહકજ જીવન બરબાદીને લાયક છે.


(૨)

તે રાતનું ખાણું પોતાના એક સૈનિક મિત્રની પત્નિ સાથે ખાવાનો હતો. તેને એ મિત્રનો પત્ર પણ પહોંચાડવાનો હતો. તે ત્યાં પહોંચ્યો. તેનું મકાન કેટલું સુંદર અને શણગારેલું હતું! તેણે વિચાર્યું કે આવું બધું શહેર શા માટે બરબાદ કરવું જોઈએ? પરંતુ ભોજન પહેલાં અને ભોજન પછી એણે એની,

ઘણી વસ્તુઓ જોઈ ઘણા એવા દરયો જોયા જેનાથી એના દિલને આઘાત થયો નૈતિકની પત્નિ એક મોહામણા યુવાન સાથે પ્રેમક્રીડા કરી રહી છે એક ન્યાયાધિશ પોતાની સ્ત્રીને છોડી એક વિધવા નર્તકી લાવ્યું નજરે જોઈ રહ્યો છે અને એની પત્નિ એક ફૂટડા યુવાનની સાથે મોટર પર બેસી કરી ગુમગુમ ન્હી રહી છે આ તુકતી સમજશક્તિ આ સર્વ રહસ્ય સમજવાને અશક્ત હતી એ સમજ્યો કે માણસોના હૃદય પર પાપનું સામ્રાજ્ય છવાયેલ છે તેણે આકાશ પ્રતિ નિહાળ કરી કહ્યું આ સમાજ અનિ નરકમા મળી જશે સ્પર્ધા દ્વેષ અને વૈરાગ્નિ આ જગતમા ઉધન પાયત મચાવશે અહિંસા ઉધીનની સગિના અને અશ્રુઓનો સાગર વહેતો રહેશે પતિઓ પોતાની સ્ત્રીઓને પોતાના મિત્રોને હાર નાખશે અથવા પ્રેમીઓ સ્ત્રીઓ માટે મળી તેના પતિઓનુ મશાળ કાઢી નાખશે કુદરત એવા થતા પહેલા આ શહેરને વિશ્વપર પરથી ભૂંસી નાખે તો સારુ તેવાજ વિચારમા લીન હતો કે તેણે એક ઢદને જોયો જેણે કાળા ઝભ્ભો પહેરેલા હતા તે પેલા નવજવાન ન્યાયધિશોને મળવા આવતો હતો ન્યાયધિશે કાગળનો એક પોથડો ઘાલી તેની તરફ ફેંક્યો ને વાત સુદ્ધા કરી નહિ પેલો વૃદ્ધ નગરનો એક અગ્રગણ્ય ધારાશાસ્ત્રી હતો તેણે પોતાના જીવનમા પચાસ વર્ષો કાનૂનના અવલોકનમા ગાળ્યા હતા જ્યારે પેલો ન્યાયાધિશ હજી કિશોર વયનો હતો બહુ તો પચ્ચીસ વર્ષની એની વય હતી અને કાયદાનો તો એણે બે દિવસ પણુ અભ્યાસ કર્યો નહોતો પેલો વૃદ્ધ વળીલ વેશ્મા પકડાયેલો હતો અને તેને મુન્સફના માટે મુકદમાના ચુકાદા લખવાના હતા જો કે એ નવજવાન મુન્સફ બુદ્ધિમાન છે પરંતુ પેલો વૃધ્ધ અને અનુભવી કાયદાશાસ્ત્રી શા માટે ન્યાયધિશ ન બની શકયો? આપ સમજ્યા નહિં આ દેશમા શ્રમજીવીઓને બહુ માનથી નવાઝવામા આવતા નથી આ નવજવાન એક ધનાઢ્યનો પુત્ર છે અને સપતિના બળ આ હોદ્દો મેળવી શકયો છે દરાનમા ન્યાય કરવાનો અધિકાર પણ વેચાતો મળે છે આ દુર્ભાગી દેશમા નોકરીઓ પણ તેઓજ મેળવી શકે છે જેઓ અમીર હોય જ્યા ન્યાય કર વાનો હક વેચાતો હોય ત્યા ચુકાદા પણ વેચાતા હોવા જોઇએ એક અધિકારીએ કહ્યુ એમા અચંબા જેવુ શુ છે? મનેજ જુઓ! મે આ મારી પદવી ખરીદેલી છે મારાથી વધુ કામેલ એવા માણસો હજીયે નીચી પાયરીમા વર્ષોના વર્ષોથી અથડાયા કરે છે પરંતુ મારા ધન વડે હુ આટલો મોટો હોદ્દો મેળવી શકયો છુ આ દેશમા ગરીબોને વસવાનો કોઈ અધિકાર નથી આ દેશ અમીરોના માટે છે, જેઓ ગરીબોનુ ખુન ચૂસી ચૂસી દૌલત ભેગી કરે છે

હવે તેણે વિચાર્યુ કે આ દેશના વિદ્વાનો સાથે મુલાકાત કરવી જોઈએ કદાચ તેઓ દ્વારા એનો મર્મ જાણી શકાય બીજેજ દિવસે તે એક શિક્ષણાલયમા ગયો જ્યા શહેરના બાળકો શિક્ષણ સંપાદન કરી રહ્યા હતા જવા પહેલા એક અફવા ફેલાઈ ગઇ કે તે આ શિક્ષણાલયના સુધાર માટે અહિ પધારે છે તત્તજ શિક્ષકો તેની પાસે દોડી આવ્યા અને એક બીજાની નિંદા ચાડી કરવા લાગ્યા સર્વેનો એકજ સૂર હતો અમનેજ રાખો અમેજ મહેનતુ છીએ બીજા સઘાઓને કાઢી મૂકો તેણે વિચાર્યુ કે કેવા છે આ લોકો? વિદ્વાન છે બહેનાગણોના છે પ્રજાને શિક્ષણ આપી રહ્યા છે પરંતુ પોતે ક્યા જઈ રહ્યા છે તેની ખબર નથી નીચ કર્મીના! શા માટે એક બીજાની નિંદા કરતા હશે? એક બીજાની બુરાઈઓ શા માટે કરતા હશે? શુ તેઓ સપથી ન્હી શકતા નથી? આટલા બધા સ્વાર્થી કેમ?

આગલી બધી સત્ર શમાની ચિંતા શા માટે? આ બધુ સુવાના યોગ્ય છે પરંતુ એમનો સુધારો ક્રાંતિ આવે તોજ થઇ શકે છે નવો ક્રાંતિ, નવી વસ્તુઓ નવી પ્રજા નૂતન શિખાગાલવો મારા! એક-ધનતિરૂપ થાય અને ઇમાન ગરક થઇ જાય અને આજ બાગીમાંથી નવું દિન પ્રગટે જેમાં આ પૂરાણા સરકારોનું નામ પણ ના હોય



હારિમ ગીઓલ

ક્રાંતિ! ? ઇંકિલાબ! તારી મહાન શક્તિ ક્યાં ગઇ? શું તારામાં હવે ચેતન નથી રહ્યું? તેણે પુસ્તક ફેંકી દીધા અને ગરોળીની જેમ સહારાની ની ગીની આ ચો. તેનો એક વિરાન ભાવ મેટો થયો તેની નજર પાતાનું ચયિન હૃદય હાન તું તે ગર્જી ઉઠયો આમ શા માટે? વિચાર કરેવા લાગ્યો દુન્યા એ તો પનાપૂર્વેથી ચાલતી આવી છે અને ફરી રહી છે ખુદાઈ દુનિયા ત્યારે નાગમાં અસ્તિત્વમાં હોય

(૩)

એ પછી તેણે પુસ્તકાલયમાં જઇ દુનિયાના સાહિત્યનો અભ્યાસ કર્યો ત્યાર કૃતિ વિનાશ સ્વચ્છંદતા અને ચારિત્ર્ય વિનાશક તત્ત્વોથી સભર હતી આવું હતું ત્યાંનું સાહિત્ય પુષ્પ અત્યંત સુંદર છે બુલબુલ તેને ચાહે છે વાટિકાને વસંત પોતાની હરિયાળીથી મુગ્ધ કરનારી નવોઢા સમ શણગારે છે પાનખરના નિર્દય હાથો એનું લાવણ્ય હરી લે છે—આહ! જીવન પ્રેમ છે અને પ્રેમ જીવન છે અને આવાજ પ્રકારની બીજી અર્થહીન વાતો!

આ સાહિત્યકારો ક્યાં પડે જઇ રહ્યા છે? શું તેઓ પોતાની કૌમ અને દેશને પતનની ઘોર નિંદ્રામાં પોઢાડી દેવા ચાહે છે? પોતેજ તંદ્રામાં છે નિર્બીન છે ત્યારે કૌમને શી રીતે જાગ્રત કરશે? તેઓ ક્રાંતિ શા માટે પોકારતા નથી? ગરીબના ગુનાહ કેમ? સમાજના અનિષ્ટોને નિર્ધનોને ચૂસનારા મૂડીવાદીઓને ઉઘાડા કેમ પાડતા નથી? ઉલ્ટા એમના ઉપર પ્રશંસાના પુષ્પો વેરે છે!

હજ અમે કહીએ છીએ કે વર્તમાન યુગ કયારામાં ક્યાંક છે અમારા વડવાઓ પગ એજ કરેલા હતા સાહિત્ય સારૂં પણ હોય છે અને નરસું પણ જગતમાં સનાતન કાળથી નીતિ અનીતિનો જંગ થતો આવે છે ઇષ્ટ અને અનિષ્ટ એક બીજા સાથે સંગ્રામ ખેલી રહ્યા હોય છે જગતમાં અંધકાર અને અનીતિનું સામ્રાજ્ય છવાઇ ગયું છે તેથી શું થયું? આ દુન્યા છે એમાં એમજ થતું રહે છે માત્ર દિલોની ખોજ શા માટે? જેઓ વૈભવમાં ચૂર થઈ જાય છે પાપના ખાડામાં ખુંપી જાય છે ઝાલિમ અને અત્યાચારીઓ બને છે એક દિવસ તેમને દુનિયા નષ્ટ થવુંજ પડશે એ વિધાતાનો અફર કાનૂન છે જે દેશના વતનીઓ પોતાની ખુદ નબળાઇઓ દૂર ન કરી શકે ક્રાંતિના નામ માત્રથી કંપી ઉઠે તે દેશ અને પ્રજાએ બરબાદ થવુંજ જોઇએ જગતમાં જીવવાનો અને રહેવાનો તેમનેજ અધિકાર છે દુન્યા તેમના માટે છે! જેઓ પોતાને એના પાત્ર સિદ્ધ કરે કે તેઓ દુન્યામાં રહી શકે છે'*

* ઉર્દૂ પરથી

○ શમદા

ઇન્સાન

રાત અંધારી હતી. આકાશમાં તારા ચમકતા હતા વિરહી હૃદયના ઝખ્મ પ્રમાણે કોઈ કોઈ સ્થળે ઝીણી ઝીણી વાદળીઓ તારા પર ફરી વળતી હતી, ઝખ્મ ઉપર મલ્હમ માફક

રસ્તાની બત્તીઓ બળતી હતી, દુખીયાના અંતર જેમ દુખીયાના અંતરને જોઈને રોયા વગર રહેતું નથી એ રીતે રસ્તાની બત્તીને જોનાર કોઈ નો'તું રસ્તો સુમસામ હતો, કબ્રસ્તાન જેવો, અથવા વેરાન જંગલ માફક

રસ્તાની બન્ને બાજુ વૃક્ષો પવનથી જરા જરા આનંદ લેતા હતા પાંદડાં હળવે હળવે હીંચકા ખાતા હતા, પરંતુ ઝોહરા પર

ઝોહરા પોતાના ઓરડામાં બેઠી હતી, વિચારમાં લીન એના મગજમાં અનેક વિચાર આવતા હતા .

ઝોહરાની જુવાની બળતા બપોર જેવી હતી આંખોના તેજપ્રકાશે સૂર્ય સાથે હોડમાં ઉતરે એવા હતા ઝોહરાની આંખ સાથે કોઈ આંખ મેળવે એમ ન હતું. આંખ મેળવનાર પળવાર માટે જાણે મુર્છા પામતો

જુવાન ઝોહરા માટે માગા આવતા બાપ ઝોહરાને માગાથી માહિતગાર કરતો ઝોહરાની નાખુશીમાં બાપ રાજી હતો. ઝોહરાની મરજી વિના શાદી કરવાની ઈચ્છા ઝોહરાના બાપને ન હતી

ઝોહરાના કાનમાં બે માણસોનો અવાજ અથડાતો હતો એક ઈમરાન, બીજો અમીર

દિવસના વખતે આ બન્ને યુવાનો ઝોહરાના બાપ પાસે આવ્યા હતા, એક પછી એક

ઝોહરાના બાપે બન્ને યુવાનને સવાલો કર્યા હતા ઝોહરાએ એ સવાલોના જવાબ સાંભળ્યા હતા બાપે ઈમરાનને પુછ્યું હતું "તમો શું કરો છો ?"

"હું ડૉક્ટર છું હાર્ટ સ્પેશ્યાલીસ્ટ મારી આવક અનગળ છે ઝોહરાને હું મારી જાન સાથે રાખીશ"

બીજા અમીરે કહ્યું હતું કે "હું ઇન્સાન છું હું ઝોહરા–સાથે એક સાચા ઇન્સાન તરીકે વર્તીશ"

ઝોહરાને આ ડૉક્ટર અને ઇન્સાનમાંથી એકની પસંદગી કરવાની હતી પસંદગીના વિચારમાં એ હમણાં ડુબેલી હતી કોને પસંદગી આપવી, એ વિચારે ઝોહરાને મુંઝવી મારી હતી

ડૉક્ટર જાન સાથે રાખનાર હતો અમીર ઇન્સાન તરીકે રાખનાર હતો

કોને પસંદગી આપવી એ ઝોહરાથી સમજાતું નો'તું વિચારમાં ને વિચારમાં એણે સમય કાઢ્યો, અને એવામાં કુકડાએ અવાજ આપી

કુકડાની અવાજ કાન પર આવતા ઝોહરા ઝબકી, અર્ધ નિદ્રામાંથી જાગી, અને તરતજ ઈબાદતમાં મશગૂલ થવા ઉઠી

સવારના દસ વાગ્યા બાપ ઝોહરાની પાસે આવ્યો ઝોહરાની આંખો શરમથી ઢળી ગઈ બાપે સવાલ કર્યો —

"શો નિર્ણય પર આવી બેટા ?"

ઝોહરા ન બોલી શકી એના અંતરનો ભાર બારે થયો અંતરના ભારથી ઝોહરા દબાઈ ગઈ બાપે ફરીથી પૂછ્યું —

"દીકરી ! તારી મરજી વિના મારાથી કશું થાય તેમ નથી બોલ બેટા ! તારો શું વિચાર છે ?"

ઝોહરા દબાતા દિલથી બોલી—

"આપ જે કરશો તે મારા ભલાનુંજ

ખુદાન્ જાહિર ગીમાનાર પર કેમો થાય છે તેના ધંધાને તેના કુટુમ્બને અને તેને વિશ્વપટ પરથી નેસ્તો નાબૂદ કરી નાખવાના શખ્ય તે પ્રયત્નો કરી છૂટાય છે અને બીજુ ઘણુ ઘણુ તે બિચારાને સહેવુ પડે છે

તે લેખકે યા શાયરોની ગુનામ મનો દશાનુ શુ કહેવુ કે જેને પોતાને લેખક યા શાયર સાબિત કરવા માટે વર્ષોનોને ખગાવે છે સાહિત્ય પણ જાણે વાદી અને પ્રતિવાદી વચ્ચેનો વિષય હોય તેમ એની લડાઈ શાસ્ત્રાર્થને બદલે ઇન્ડીયન પીનલ કોડના કાયદાની બારીકીઓથી લડવામા આવે અને એનો ચુકાદો કોઈ વિદ્વાન નહિ પણ મેજીસ્ટ્રેટ આપે ! ગુનાઓનુ રક્ષણ પણ બહારનાઓ કરે તો ગુનાઓના સાહિત્યનુ રક્ષણ પણ બહારનાઓ કા ન કરે ? સાહિત્યકાર અને કવિ થવાની અને દેખાવાની કેટલી અને કેવી ચેળ ! પોતાની કલમ પર એટલો બધો અવિશ્વાસ કે તે પોતાનો બચાવ પણ કરી ન શકે ? અને શાયરિને મદદ કરો મદદ કરો કહેતા નગરકાગની, શરણ ગતિ શોધવી પડે ?

સાહિત્યના ઝગડાને ન્યાયસર પતાવી દેવામા કંઈક કરી શકે તેવાઓએ કંઈ નથી કર્યું એ પણ મારે સખેદ કહેવુ પડે છે દૂરથી જોતને હસનારાઓ પોતે એનો ભોગ થઈ પડશે ત્યારેજ જાણશે કે આપણા સાહિત્યમા આ અન્યાય–અનિષ્ટ અન્યાય થયો છે અને એ અશ્વમવૃત્તિને પહેલાથીજ દાબવી જરૂરી હતી

જરા વિષયાન્તર થયુ વાત એ હતી કે ટીકાકારને બુડી વીતે છે મારા એક મુરબ્બી મિત્ર એટના માટે મારી સાથે સીધે મોઢે વાત નથી કરતા કે મે એમની વિચિત્ર વરણુ પર હળવી ટીકા કરીજ કેમ ? જો કે તેઓ પોતે માને છે કે મે એમનુ અપમાન નથી કર્યું પરતુ એમને દુખ એનુ છે કે મે ટીકાજ કેમ કરી ? એમની પોતાની જાત કદિ પણ ટીકાપાત્ર થઈજ નથી શકતી એમ તેઓ માનતા લાગે છે અલબત્ત તેઓ ટીકા ટીપ્પણ બધુય કરી શકે છે, પરતુ બીજાને એ હક આપવા ખુશ નથી

એક કવિરાજ (?) મારાથી એટના માટે ભડકેલા રહે છે કે તેમના 'ટાગ્રના'ને હુ કવિતા કહી શા માટે પોરમા વખાણતો નથી ? અને એમને ઉસ્તાદ કમ લેખતો નથી

એક મિત્રે મને એટના માટે ઉધાડા પાડવા નીકળ્યા હતા કે હુ અમુક પેપરમા લખુ છુ શા માટે ? તેમણે તો શગદતના એવા મન કાઢી લીધા કે એમના પર અગન લખેના પત્રો પેપરે ચઢાવી દીધા અને મારો લેખ ન છાપી એ અરગર લેખની પણ ટીકામા ખબર લઈ નાખી અને મનાઈ આપી દીધી કે કોઈએ એમને પાસે ફરકવા દેવા નહિ


બીજા એક મુનાગની મિત્રે (જેઓ રામ નારાયણ પાઠકનુ સ્થાન સાચવનાર છે) એટના માટે મારા પર વેર વાળવા માડયુ કે મે તેમને એક લેખ સબધી સોગામો હળવી ટીકા કરી હતી

આ અને એવા તો ઘણા કડવા અનુભવોની હારમાળા મારી પાસે છે આ બધુ શા માટે થયુ ? કયા ગુન્હાસર થયુ ? મારી નજરે જે દેખાયુ તે મે લખ્યુ એટલાજ માટેને ? બાકી મને કોઈની સાથે દુશ્મનાવટ તો હતીજ નહિ આટના નવા કસૂરની આટઆટલી સજાઓ ! આવી આવી આ દશાઓ ? શુ લખશે કોઈ ? કોના પર ટીકા કરશે કોઈ ? વિવેચન અને સમીક્ષા કોની કૃતિ પર કરશો ? પહેલા શત્રુ થવાનુ કબૂલો અને પછી ટીકા કરો પહેલા પીસાઈ અને મરી જવાની તૈયારી કરો અને પછી કલમ ઉચકો ! નહિતર પેલી કહેવતની પેઠે ચૂપચાપ જોયા કરો કે લોઢુ જાણે ને લુહાર જાણે કેમકે અહીંનો દરેક ગઝલગાર જિગર અને જાલીન છે અહીંનો દરેક વાર્તાકાર શરદ અને ખાડેકર છે અને અહીંનો દરેક લેખક એમી સાથે શાયર નવલિકાકાર નિબધકાર હાસ્યકાર વિવેચક અને ન જાણે શુ શુય છે અહીં કોઈ એક પણ કોઈથી કમ નથી બલ્કે તે એકજ સર્વથી ઉત્તમ છે !

જોયુને 'કારવાના તન્ત્રીએ પણ ટીકાકાર હોવાના કસૂર બદલ મારી પોથ ને છેક છેલ્લુ સ્થાન આપ્યુ નહિતર હમેશા અકમા આગળ રહેનારો વણજારો આમ પાછળ શા માટે ધકેલાયો તે સમજાયશો ?

Printed by Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press
Kanpith, Khand Bazar, Surat

Published by Azum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya
Tower Road, Surat



કારવાં

જાન્યુઆરી



અનુક્રમણિકા

વાર્ષિક લવાજમ હિન્દમાં રૂ ૫ બમા ૬ પરદેશ રી ૧૦ (શિ ૬॥) છુટક અંક આના

લવાજમ પુરૂ થયાની ખબર બાજુના ચોકઠામાં આપી છે, બીજો અંક પ્રગટ થાય ત્યાંસુધીમ જો લવાજમ નહીં મળે તો વી પી થી નવો અંક રવાના થશે રેપર ઉપર ગ્રાહક નંબર હમેશા લખાય છે તે નોંધી રાખો. મનીઓર્ડર અથવા પત્રવ્યવહાર વખતે તે જરૂર લખો અંક નહિ મળ્યાની ફર્યાદ તારીખ ૨૫ સુધીમાં હિંદના ગ્રાહકોએ કરવી

સરનામુ નીચે મુજબ —

VAHSHI SAHITYA KARYALAYA Tower Road, Surat



પુ. ૫ અંક ૫ મો

અશ્રુ–અંજલી !

(શબ્બીરની પવિત્ર સેવામા)

અસ્સલામ અય કરબલાના વીર રણધીર અસ્સલામ,
અસ્સલામ અય ધૈર્યના ધરનાર શબ્બીર અસ્સલામ
અસ્સલામ તુજને મુહમ્મદ મુસ્તફાના લાડલા,
અસ્સલામ અય ફાતેમા ને મુર્તઝાના લાડલા
મરહબા તે જુઠ પાસે નવ નમાવ્યુ શીશને,
મરહબા તે સત્યના ખાતિર કપાવ્યુ શીશને
લાખો સામે માત્ર બોતેર લઇને આવ્યો વીરલા,
રણ શત્રુ–સૈન્યમા ભારે જમાવ્યો વીરલા
હાક તારી સાભળીને મૃત્યુ પણ કંપી જતુ,
જોઇને તુજ શૌર્યતા એ શસ્ત્રથી શરમી જતુ
કરબલામા હોસથી પીધો શહાદત–જામને,
ને અનન્તાને વરી કર્યું અમર તુજ નામને
તે ખુદાની રાહમા ક્યા કોઇની પરવા કરી,
જાનને કુરબાન ઉમ્મત મુક્ત બસ કરવા કરી
સંકટો હસ્તા મુખે ધીરજથી સેહનાર હુસૈન,
ન્યાય ને સ્વતત્રતાના સત્ય ચાહનાર હુસૈન
હો સલામ અગણિત તને અગણિત સલામીના ધણી
અસ્સલામ બને જગતની નેકનામીના ધણી
અંજલી અશ્રુ તણી અર્પે છે "બિસ્મિલ"ની કબૂલ
વીર નર આજે સલામી દિલથી મુજ દિનની કબૂલ

"બિસ્મિલ" ધોરાજવી

કુર્આન

અલ્લાહ તઆલાનુ ફરમાન

(૨૮૩) અને યતીમોને નિકાહની વયે પહોચતા સુધી અજમાવતા રહો ફરી જો તેઓમા કઇક સભ્યતા માલમ પડે તો તેમનો માલ તેમને હવાલે કરો, અને તેમના મોટા થઈ જવાની ચિતાએ તે માલ ઉડાવપણે અને ઉતાવળે વાપરી ખાઈ ન જાઓ, અને જો (વાલી) ગુજાશવાળો હોય તો તેમણે યતીમના માલથી બચવુ જોઇએ પણ જો મોહતાજ હોય તો (તેમાથી) રીતસર ખાવુ જોઇએ, ફરી જયારે તેમની મિલકત તેમને સોપો તો તે ઉપર સાક્ષી રાખો, અને ખુદાપાક હિસાબ લેનાર બસ છે (કુર્આન)

\+ \+ \+ \+

(૨૮૪) તમારી માઓ, દીકરીઓ, બહેનો, ફોઇઓ, માસીઓ, ભત્રીજીઓ અને ભાણુજીઓ તમારા ઉપર હરામ કરવામા આવી છે અને જે માએ તમને ધવડાવ્યા છે તે તથા દૂધ બહેનો તથા તમારી સાસુઓ, તેમજ તમારી જે સાથે તમે સમાગમ કરી ચુકયા છો તે ઓરતોની (આગલા ઘરની) છોકરીઓ, જે તમારી દેખરેખમા છે, (તે પણ હરામ છે) પણ જો તમે તેણીઓથી સોહબત નથી કરી તો (તેણીઓની છોકરીઓ જોડે પરણવામા) તમને કઇ ગુનેહ નથી અને તમારા વશ છોકરાઓની વહુઓ તે તેમજ બે બહેનોને એકઠી કરો, (તો તે પણ હરામ છે) પરતુ (આ હુકમ પહેલા) જે થઇ ચુકયુ (તે માફ છે) બેશક ખુદાપાક અતિ ક્ષમા આપનાર (અને) મહા દયા કરનાર છે (કુર્આન)

× \+ \+ ×

(૨૮૫) જેઓ ખુદાઇ કરારનો તેની મજબુતી પછી ભગ કરે છે, અને જે વસ્તુને ખુદાપાકે જોડવા ફરમાવ્યુ તેને તોડી નાખે છે અને દેશમા ફસાદ મચાવતા રહે છે, એ લોકોજ ભારે નુકસાન ઉઠાવનાર છે (કુર્આન)

સપાદક —મૌ૦ અબ્દુર્રહીમ—



રસૂલુલ્લાહ (સલ૦)નુ ફરમાન

(૨૮૩) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે સ્વર્ગવાસીઓ પોતાના ઉપર ઉંચે મહેલવાળાઓને એવી રીતે નિહાળશે જેવી રીતે કે તમો આકાશના કિનારા ઉપર આઘે પ્રકાશિત તારાને જુઓ છો પછી તે પૂર્વમા હોય કે પશ્ચિમમા હોય. આ તફાવત તેઓમા મરતબાના કારણે છે, સહાબાઓએ અરજ કરી યા રસૂલુલ્લાહ! તે ભવ્ય મહેલો તો પૈગમ્બરોના હશે તેમના સિવાય અન્ય કોઇ ત્યા પહોચવા પામશે નહિ? આપે ફરમાવ્યુ કે કેમ નહિ (પહોચશે?) સોગંદ છે તેના, જેના કાબૂમા મારો પ્રાણ છે કે ત્યા તે લોકો પહોચી શકશે કે જેઓ અલ્લાહ પર ઈમાન લાવ્યા અને રસૂલોને સાચા માન્યા (સહીહૈન)

* * * *

(૨૮૪) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે એક માણસે પોતાના મુસલમાન ભાઈની જે બીજા ગામમા રહેતો હતો તેની મુલાકાતનો ઈરાદો કર્યો, તો અલ્લાહે માર્ગમા એક ફરિશ્તાને બેસાડયો જ્યારે તે તેની પાસે પહોચ્યો તો ફરિશ્તાએ પૂછયુ કે કયા જાય છે? તેણે કહ્યુ કે આ ગામમા મારા એક ભાઈને મળવા જાઉ છુ ફરિશ્તાએ પ્રશ્ન કર્યો શુ તારો તેના ઉપર કઈ ઉપકાર છે જેને વધારવા ચાહે છે? તેણે ના પાડતા કહ્યુ માત્ર ખુદાને માટે તેની સાથે મહબ્બત રાખુ છુ ફરિશ્તાએ કહ્યુ કે હુ ખુદાના તરફથી આ સદેશો લઈ તારી તરફ મોકલવામા આવ્યો છુ કે જેવી તુ અલ્લાહ વાસ્તે તેની મહબ્બત રાખે છે તેમ અલ્લાહ તારી સાથે મહબ્બત રાખે છે. (મુસ્લિમ)

* * * *

(૨૮૫) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે ખચીત સત્ય બોલવુ નેકીનો માર્ગ બતાવે છે અને ખચીત નેકી સ્વર્ગમા પહોચાડે છે અને ખચીત એક માણસ સાચુ બોલ્યા કરે છે, તે એટલા સુધી કે અલ્લાહને ત્યા તે સાચો લખાય છે અને ખચીત જુઠુ બોલવુ નાફરમાનીનો માર્ગ બતાવે છે, અને નાફરમાની દોઝખમા તાણી જાય છે અને ખચીત એક માણસ જુઠુ બોલ્યા કરે છે, તે એટલા સુધી કે અલ્લાહને ત્યા તે ઘણો જુઠો લખાય છે (સહીહૈન)

—સાદિક સા૦ રાદેરી



આવાઝકી દુન્યા

સભળાવનાર 'બેમન'

આવાઝકી દુન્યાકે દોસ્તો ! જાણો છો વડોદરામા ગુ. સાહિત્ય પરિષદનુ ૧૫ મુ સમેલન ભરાઇ ગયુ અને તે પણ પુરા ઠાઠમાઠથી વડોદરાના ન્યાયમંદીરમા એક તરફ પ્રમુખશ્રીઓ, બીજી તરફ ગેલેરીઓ અને ત્રીજી તરફ સ્ટેજ તરફ કેટલાક નામચીન સાહિત્યકારોના સહકારથી એ જલ્સો ઉજવાઈ ગયો અને બહાર રહી ગયા થોડાક ભૂખડી–બારસ સાહિત્ય રસિકો ને સાહિત્યકારો ગજવરબારી વ્યવસ્થાને પ્રતાપે કેટલાક સાહિત્યકારોના અપમાન પણ થયા પણ અપમાનથી ટેવાયલા સાક્ષરો ગાજ્યા શાના જાય ? હશે ! વરસો થયા નારીજાતીને નરજાતીએ રમાડી, હવે નારીનુ દુ:ખ જાણવા એક નારી નીજ નીમણુક થઈ હોઈ નારીએ નારીની નાડ પારખી ! સમજ્યા ? ન સમજ્યા હોય તો સમજો કે પરિષદ નારી જાતી અને તેના પ્રમુખ પણ વિદ્યાગૌરી નારી જાતી હોઇ તેમણે એની નાડ પારખીને ત્રીજી નારી જાતિનો જન્મ આપવાનો પ્રયત્ન કર્યો ત્રીજી નારી જાતી તે ગુજરાતી યુનિવરસિટિ પરિષદમા ગમે તે થયુ પણ ગુ યુનિવરસિટિની સ્થાપના માટે મંગળ ગીત ખૂબ ગવાયા આમ ત્રીજી નારીના ઉત્પત્તિ સ્થાનનુ નક્કી થતા ચોથી નારી રખડી ગઈ ચોથી નારી તે શ્રીમંત ગાયકવાડ નરેશ પ્રતાપરાવના પત્નિ એમણે સાહિત્ય પ્રદર્શનનુ તો ઉદ્‌ઘાટન કર્યુ પણ ગૃહસમાજનુ બારણુ દેવાઈ ગયુ ! શુ સાહિત્ય પરિષદનુ ઉદ્‌ઘાટન કરવાનુ કાર્ય પ્રતાપરાવે પોતાને માથે લીધુ હતુ પણ સાહિત્ય પરિષદ કરતા પણ લગ્ન મહાન વસ્તુ હોઇ એમણે પોતાના દીવાન કૃષ્ણમાચારીને માથે પરિષદના ઉદ્‌ઘાટનનો ભાર નાખી પોતે મુંબઇ જઇને બીજી રાણી પરણી બેસ વિચારા સાહિત્યકારો તો ન્યાયમંદીરમા બેસીને ગાયકવાડી છત્રછાયા નીચે ગાયકવાડ નરેશની કીર્તિના રણશીંગા વગાડીને હજુ ઘેર પગ પહોંચ્યા નહિ હોય કે રાજાએ 'રાજા વાજાને વાંદરાની જાતની સાચી ઠેરવી એમ તો બધાય બીજી, ત્રીજી ચોથી, કે પાંચમી રાણી કરે છે ! તેમા શુ થઈ ગયુ ? અહીં જુદી વાત છે ગાયકવાડ સ્ટેટમા તો 'એક પર બીજી ન કરવાનો કાયદો છે' એક પર બીજી કરનારને સખત સજા થાય છ ! પણ આનો જેણે કાયદો રચ્યો તેણેજ તોડ્યો શુ થયુ ? કંઈ દીવાન અને રાજા વચ્ચે ટંટોફિસાદ તો નથી જામ્યો ? દીવાન બાપુ ફરી ફરીને નવી નવી તાનાશાહી પ્રજાને ગાયકવાડની બક્ષીસ લેખે આપ્યા કરે અને નરેશ નવી નવી રાણીઓ પરણ્યા કરે ! રાજાના કેવા અજાયબ હોય છે ! એ પુરાતત્વ પ્રધાન અનુભવી મામલામાને એમનો ઓરતો શુનો દરગુજર કરે અને ડચ્ચુક જેવી વૈદકાર જનતાની એમને ફેર ન પાડે તો સારુ નહિતર આમા પ્રમુખ વાનરની સભાને દીવાન રાખતાય નાટકવાળા માસ્તર ખડી કરશે !

●

કરાચી ખાતે લેડી હારૂનના પ્રમુખપદે એક મુસ્લિમ મહિલા પરિષદ પણ ભરાઈ ગઈ અને તેમાં પ હજાર ઉપરાંત મુ બાનુઓએ ભાગ લીધો હતો પરિષદ સંપૂર્ણપણે સફળ થઈ હતી, અને તેમાં એવું જણાવાયું હતું કે "મુસ્લિમ કોમની જાગૃતિ માટે સ્ત્રી વર્ગની જાગૃતિની ખાસ આવશ્યકતા છે સ્ત્રી કેળવણીનું પ્રમાણ બીજી કોમોને મુકાબલે ઘણું ઓછું છે, જ્યાં સુધી મુ સ્ત્રી કેળવણીનો ફેલાવો થશે નહિ ત્યાં સુધી મુ કોમની સામાજિક, આર્થિક, કે રાજકારિ એક તરીકે લગતા સવાલોનો સંતોષકારક ઉકેલ થવો મુશ્કેલ છે" વાત તો સાચી છે આપણો અભણ સ્ત્રી સમુદાય આવી પરિષદોથી જાગૃત થાય અને કેળવણીના ક્ષેત્રમાં દાખલ થાય એ ઇચ્છવા જોગ છે, પણ બાકીની કોમની સ્ત્રીઓ હિંદુ ને પારસી, કોમની ભણેલી ને ગણેલી ગણાતી સ્ત્રીઓ, કેળવાયા પછી કપડાની ટાપટીપ વધારે, ઉંગી ધણીને વધુ ને વધુ ભાર પડતી જાય છે, એવી ઉપલકીયા ટાપટીપીયા કેળવણીથી કંઈ શુકરવાર વળવાનો નથી! ઇસ્લામી સરકારના વર્તુળમાં રહીને કેળવણી અપાય કે જેથી મુસ્લિમ સ્ત્રીઓ નેક બીબીઓ બનીને રહે રૂપ-સૌન્દર્યની ફરતી હાટડી જેવી સુધરેલી દેશી મડમો નહિ! આદર્શ ગૃહિણીઓ બને, પ્રગતિવાદી માતાઓ બને શમ્એ મેહફિલ નહિ! કારણ કે જ્યાં સુધી પશ્ચિમી તાલીમને આધારે આપણે જીવવાનું છે, ત્યાં સુધી યુરોપની નકલ ઘુસી જવાનો ઘણો ભય રહે છે! આપણા સમાજને સંસ્કૃતિને બંધબેસતી તાલીમ આપવાનો પ્રબંધ થાય અને તેમાં મુસ્લિમ

મહિનાઓ સુધીક નહિ પણ જયારથી તાલીમ
લે એ ઇસ્લામના જોગ છે અત્યારે આ ઉપર
આપાતી તાલીમ યા પશ્ચિમની સિનેમાના
તાલીમથી સ્ત્રીઓના આચાર કે વિચાર સુધ
રતા નથી પણ બગડે છે અને એ બગાડામા
અધકચરી કેળવણીની આંધળી બાનુઓને
સીનેમાના જમાનાએ પુરેપુરી બગાડે છે
અને બાકી નામની આતિની જમાના
જેવી દેખાતી યુવતિઓ જેવી થવાના મનિન
યુવતિઓને પણ ... છે તે તરફથી
બેપરવા પાનવ તેવી નથી શહેરની મહિ
લાઓની તાલીમ સુધરી જવાનો જેટલો સંભવ
છે તેટલો સિનેમાથી બગડી જવાનો પણ
ખુલ્લો ભય છે એ તરફ ધ્યાનમાં ઘરવા
વીનંતિ કરીએ।

❁

મરહુમ અલ્લામા ... અનીસ યુનિવર્સિટિ
... કન્વેન્શન સમક્ષ આપેલા ભાષણમા
ઇસ્લામના ઇતિહાસ અને સંસ્કૃતિનુ શિક્ષણ
યુનિવર્સિટિઓમા આપવાની મજબુત હિમા
યત કરી હતી તેમજ સાયન્ટીફીક શોધખોળ
વેપાર ઉદ્યોગ વગેરે કામ તરફ મુસ્લિમોને
આગળ આવવાની સુચના કરી હતી એમના
આખા ભાષણમા 'આગે બઢો'નો સુર હતો
ગામ કે શેરી તે ભાષણના મુસલમાન યુવા
નોને આગે બઢો। આગે બઢોની બા
...જાવ તો તે જરા આગળ વધીને
જોતા પણ નથી કે મુસલમાનો સૌથી આગળ
બઢેલા છે? કઈ વાતમા પાછા છે? જુગા
ર ઘોડાની આગળ વાળવાળા અને તેની
આગળ નાચવાવાળા પણ મુસલમાન છે। મોગ
લાઈ અમન ચેનથી આગળ વાન બનાવવા
પગવાળા પણ મુસલમાન છે। સુદર્શનના
તાબુત નાચનારને તેની આગળ નાચ બનીને
ફરનાર પણ મુસલમાન છે। ... આખી
નાચની તાલીમ આપવાની ભાવના અને નાચી
ખુશ નાચને અપનાવનાર તો મુસલમાનોજ છે
આવારી મોજશોખીથી દેશ પીડાય છે તેના
ગાનીઓમાનાજ ઘણા ... નાચગાનની
કળાને અપનાવનાર તો મુસલમાનજ છે શરમ
તાડી ... ઇસ્લામે બધે હરામ ઠેરવ્યા છતાંય
પીરમા મેળે ... ધમધમનાર તો મુસલમાનજ છે।
જુગાર આલમમાં સૌથી મોખરે તો મુસલ
માનજ છે। તાડીના ઝાડ સાચવનાર કે પીનારા
યા મુસલમાનના દુઃખાળ સાચવનાર પણ
મુસલમાનોજ છે। મોટી ... વાયડાઓમા ...
તેના રોવડા રડે પણ ઓરતોમા રંડી નચાવ

સાયન્સની એક અદ્દભુત શોધ

જેણે દુન્યાને આશ્ચર્યથી દંગ કરી દીધી છે

રોગને તિલસ્મી-(Regd) આ તેલ નથી,
બલ્કે જાદુ છે જેની આશ્ચર્યકારક અસરે
તીબ્બી (વૈદક) દુનિયામા અદભુત ક્રાંતિ
ઉત્પન્ન કરીને મોગ મોગ નામચીન હકીમોની
અક્કલને ચક્કરમા નાખી દીધી છે આ
દવાના ઉપયોગથી ૭ માસ જેટલા ટુંકા
ગાળામા પાંચ હજાર કરતા વધુ નિરાશ અને
કબરને કાંઠે પહોંચેલા દર્દીઓએ નવજીવન
પ્રાપ્ત કર્યું છે પુરુષેન્દ્રીયની તમામ ખામીઓ
અને ખરાબીઓ જેમકે વાંકાપણ ટુંકા
પણુ, સુસ્તી અને નામરદી વગેરેને દૂર
કરવા માટે અકસીર અને અસરકારક છે ને
એક અઠવાડીયાના ઉપયોગથી એટલી સફાઈ
અને જાહેર થાય છે કે મનુષ્યની બુદ્ધિ
દંગ થઇ જાય છે એક દરદીને માટે એકજ
શીશી પુરતી છે કીમત ૧ શીશીના રૂા ૩)
હિંદ બહારના દવા મગાવનારાઓએ દવાની
કિંમત પારસલ ઓર્ડરથી એડવાન્સ મોકલવી
ઇન્ડો જુર્મન કેમીકલ વર્કસ (રજી)
જુમ્મા મસ્જિદ દીલ્હી ન K S

નાગ મુસલમાનોજ છે! કહો મુસલમાનો કઈ બાબતમા પછાત છે? હા! કેળવણીમા પછાત હોય, ઉંચી નોકરીઓના પછાત હોય, વહેપાર વણજ કે હુન્નર ઉદ્યોગમા પછાત હોય તેમા શુ થયુ? લડીપડવાના અખાડામા તો આગળ છેને? આવે મોકેને કુસ્તી કરવી હોય તો! જુવો જગત ચેમ્પીયન મ.ન. ગામા પણ મુસલમાન છેને! શાહજીબાય મુસલમાનો ક્યા પાછળ છે? કામ ધંધા પડતો મુકીને અનેક રાતોના ઉજાગરા! મુસ્લિમ શાયરો અને તેમને માણવા મુસ્લિમ જનતા કરે છે! કોઇ પણ મુસ્લિમ જલસાની ધામધૂમ જોશો, તેમા અપાતા ભાષણોનો જુસ્સો જોશો, આગેવાનોનો ભપકો જોશો, તો તમને ખાતરીજ થઈ જશે કે મુસલમાનો કોઇ વાતમા પાછળ નથી!

o

અનેક બખ્તરી કરી આવી અને ગઈ, પણ મુસલમાનોમા કુરબાનીની ભાવના સતેજ થવાને બદલે ઉંધી મંદ થતી જાય છે હા! ગોશ્ત ખાવાની ભાવના ખુબ વધતી જાય છે એ ખરૂ! તેમજ અનેક મુહર્રમની ઉજવણીઓ વરસો વરસ થતી રહે છે ને શહાદતની ભાવના હૃદયમાંથી સાર નિસરતી જાય છે! મુહર્રમ ઉજવવા નીકળનાર મુસલમાનોને પૂછો કે હુસેન (અને૦)એ હાથે કરીને સ્વીકારેલી શહાદતનો મર્મ શુ છે? તો તે કાને હાથ ધરશે! સાપ ગયા ને લીસોટા રહી ગયા તેમ નિસાઠ તહેવાર તરીકે મુહર્રમને લોકો યાદ કરે છે સત્ય વચન ને ટેક ખાતર શહીદ થનાર તે શહીદોના શહેનશાહની શહાદત પરથી બોધપાઠ લેવાનુ કોઇને સુઝતુ નથી

'ઇસ્લામ ખિલાફ હોતા હુવા દેખ કર કરબલાકો યાદ'

એવુ તો ઘણાય ઇસ્લામી લેખકો લખે છે અને નાટકોમા જોરશોરથી કહેવાય છે પણ કોઇ એને સાભળીને ધ્યાનમા લેતુ નથીને! સત્ય ખાતર પોતાની જાતને, કુટુબને, ઘર બારને, તારાજ કરનાર તે અડગ વીરને માનનાર મુસલમાનો પોતાના પ્યારા નબી મ.સ૦ની ઉમ્મતની ખાતર આખુ ખાનદાન તબાહ કરનાર તે શહીદોના શહેનશાહની યાદ મુસલમાનો કેવા વિપરીત રીતે ઉજવી રહ્યા છે? પોતાની અનરીતી મનોદશાથી તેમના નામ અને કોમને બદનામ કરી રહ્યા છે! મુસલમાનોમા ખુદાના ફઝલથી જેરાતીનુ પ્રમાણ તો વધતુ જાય છે, છતા આવી નિરાશ જહાલતનુ પ્રમાણ તો જરાય ઘટતુ નથી! ખુ! મુસલમાનોને બલિદાનનો મહિમા અને શહાદતના મર્મો સમજવાની તૌફીક અતા કરે! આમીન

પો છાપાવાળાઓને પાગ ખોરાક મળી ગયો છે મિયાંશ ઓસ્ટ્રેલીયાવાળા કેસી નામેમ ની બંગાળના ગવર્નર પદે નીમણુક થનાર છાપાવાળા દેડકાની જેમ ઉછળી પડયા છે આગેવાનો કનઆની બની ચગી ગ્યા છે ને જેમ મને તેમ લખાણોમાં ને ભાષણોમાં ભી ફરીની ગવર્નર તરિકેની નીમણુક સામે ધૂળ ઉગાડી ગ્યા કે કહે છે કે ઓસ્ટ્રેલીઆમાં ગોરાઓ હિંદના કાળા માનવીઓને કાં દાખલ થવા દેતા નથી ન આવા એક ઓસ્ટ્રેલિયન આદમીને હિંદના એક પ્રાંતમાં ગવર્નર પદે સ્થાપીને બ્રિટીશ સરકારે હિંદનું અપમાન કર્યું છે હવે હિંદને એવા અપમાનોની કયા ખોટ છે? આફ્રિકાના કાળા કાયદાથી પણ કયા અપમાન થતું ન હતું? ગુલામોને વળી માન શાને અપમાન શા? નવાબ ત્યાં સો પુગ સમજને સપાઈ ઓને? અને બહુ ધમપછાડ કરશો તોય પીજ નગારખાનામાં તમારી પપુડીનો અવાજ કોણ સાંભળનાનુ હતુ? ખરું જોતા તો હિંદીઓએ ભગવાન સામે કૃપાની દર ખાસ્ત પસાર કરી જોઈએ કે તેણે આપણી ચામડીનો રંગ કેમ ઘઉંરંગ કેમ બનાવ્યો! શું એના કારખાનામાં ઉજળા રંગની ખોટ પડી હતી! અને ઓસ્ટ્રેલીયાથી ગવર્નરની આયાત થઈ છે તેને આપણે શાંતિથી સહીશું તો ઓસ્ટ્રેલીયાથી એની પાછળ પાછળ ઘઉંની પણ આયાત થશે અરે મી ફરી પોતાના ગનબારને દીપાવવા પુરા બંગાળને ભૂખે મરવા નહિ દે તો બસ હિંદની ભૂખના નિવારણને માટે ઓસ્ટ્રેલીયાથી ભાવિના આર નાર ઘઉંની ગુણીઓના ઢગને પણ ચૂપ ગોદામમાં મારે કે ખતાય ખાનગા તો ખાટો બેસી જશે બીજું શું?

હાજીનાજીનો શોકજનક ઇંતેકાલ—રાહેનજાતના બુઝુર્ગ તની હાજી ગુલામઅલી સાહેબ કે જેઓ ૫૩ વરસથી ગહે નજાત નામે માસિક ચલાવી રહ્યા હતા અને શીઆ ઇસ્નાઅશરી જમાતના એક આગેવાન હજાર હતા અને હાજીમાજી તેમના પત્રની ગોઠવણ જ્યુબીલી ઉજવાય હતી ઇસ્નાઅશરીઓની દીની અને દુન્યવી ભલાઈ માટે જેમણે મહેકો કિતાબો લખી હતી અને અનેક માર્ગદર્શક ફીગ અને સંસ્થાઓ ચલાવતા હતા એવા એક બુઝુર્ગ આગેવાન પત્રકારના ઇન્તેકાલથી કોમની આલમ અને શું સાહિત્યને વરસો સુધી ન પુરાય એવી ખોટ રહેશે ખુદા મરહુમને મગફેરત અતા કરે અને તેમના નજદીકીઓને સબ્ર જમીલ અતા કરે। આમીન

માનવી પર દયા કરે કોઈ!!!

ન્યાય કેવો, જફા કરે કોઈ
ચુપ રહીને સજા કરે કોઈ।
દર્દ છે તાજ દિલનું ઇલાજ છે
દર્દની શું દવા કરે કોઈ?
છે ગુનાહોમાં પણ અજબ લજ્જત
કેમ પાપો જતા કરે કોઈ?
એવા કેવો હું જગ મુસાફિર છું
જેને બસ લુંટવા કરે કોઈ!
દિલની હાલત તમે તો જાણો છો
શું હંમેશા કહ્યા કરે કોઈ?
જો ખુદા નાખુદા નથી બનતો
નાખુદાને ખુદા કરે કોઈ
દર્દ નથી એના નામની જગમાં
માનવી પર દયા કરે કોઈ!
હું નહું પીતો આખરી દમ તક
પ્રેમે પીવડાવ્યા કરે કોઈ!
દઈ છે મારા દિલ મિત્ર 'અમીન'
મિત્રને શું મના કરે કોઈ?
'અમીન' આઝાદ] [સુરત

પોઠ

ટાકનાર

વણજારો

ગાયકવાડી છત્રછાયા હેઠળ મનુ મુનશી આણી નુ એ ભરજેલુ 'ગુજરાતી સાહિત્ય પરિષદ 'નું નાટક ખલાસ થયુ અને એની પાછળ ઘણી ઘણી યાદો છોડતુ ગયુ છે કેટલાને એ "ભવ્ય જલસો અને અલ્પ કામ ગીરી" જેવુ લાગ્યુ, ત્યારે કેટલાકોને એ 'ઉમરાવોની સભા' જેવુ લાગ્યુ નાટક ભજવવાનું સ્થળ ન્યાયમંદિર હોવા છતા એ નાટકમા વણાઓને ન્યાય ન મળ્યો 'ખબરદાર' ને પ્રમુખસ્થાનેથી કેમ ખસવુ પડયુ એ સવાલ એમનો એમજ રહ્યો અને એ ખુરસી પર લેડી વિદ્યાગૌરીને બેસાડી દેવાયા એની દરખાસ્ત લાવનાર અને એને ટેકો આપનાર બધાયે વિદ્યાગૌરીની તારીફના એટલુ અને એવુ બોલ્યા કે જાણે કોઈએ પડકારથી એમને એમ બોલવાનુ સૂચનજ કરી રાખ્યુ હતુ છતાય એમા રમણલાલ દેસાઈએ તો રંગ રાખ્યોજ લેખાય એમણે તો આખી દુન્યાની નેતાગીરી સ્ત્રીનેજ સોપવી જોઈએ એટલે દરજ્જે કહી નાખ્યુ શબ્દો વાપરવા હોય ત્યા કંજુસાઈ શા માટે કરવી? જગત પણ ઉગતાને પૂજે છે, આથમતાને કે આથમી ગયેલાને, જતા રહેનારને, કોણ સંભારે છે? સાહિત્ય પરીષદે આમ જનતામા પહોચવુ જોઈએ એમ માનવા છતા કોઈ કંઈ બોલ્યુ નહિ 'કનૈયાની લીલા' આગળ જાણે કોઈનુ કંઈજ ચાલતુ ન હોય તેમ! કનુ દેસાઈ બોલ્યા 'ધૂમ'તુ બોલ્યા, ભોગીલાલ બોલ્યા અને એ બધુ છાપામા છપાઈ ગયુ ઠીક છે, સારુ કહેવાય, અને બસ આમ આમ શુ હોય? પરિષદમા ચંદ્રકો અપાયા ઇનામો વહેચાયા, પાદપૂર્તિઓ બોલાઈ નિબંધો વંચાયા, અને સંગીત પણ રજુ થયુ, ગરબા પણ ગવાયા અને દાંડીઆ રાસ પણ રમાયો મનોરંજનના એ પ્રોગ્રામો સાથે મનોભંજકના બનાવો પણ બન્યા પોલીસરાજાઓએ ઘણાઓને રોકયા, ઉતારી પાડ્યા, હેરાન કર્યા ટીકીટો ન મળી વ્યવસ્થા પણ બરાબર ન જળવાઈ સાહિત્યની સભામા સાહિત્યકારોનુ અપમાન થાય ઉમાશંકર સુન્દરમ, વીઆનાળા ચાપશીભાઈ જેવાઓને પોલીસ પેસવા ન દે એ શુ કહેવાય? પાછળથી એ બદલ માફી માગવા કરતા પહેલાથીજ એની વ્યવસ્થા જળવાઈ હોત તો સારૂ સાહિત્યની સભામા પણ એક જાતનુ અમલદારી રાજશાહી વાતાવરણ છવાએલુ રહેતુ, અને ઘણાના ગળા રૂંધાતા આમ હોય તો પછી એના માટે કોઈ બીજુ સ્થાન કેમ ન રખાયુ? પ્રજા વર્ગ, સાહિત્યકારોની સભા એક સરકારી મકાનમા શા માટે? સાહિત્યકારો, જે આઝાદી ઇચ્છે છે તે સભામા ન હોય ત્યા શુ મઝા આવે?

નવલિકા માટે રામનારાયણ પાઠકને ચંદ્રક અપાયો એમા વ્યવહાર દક્ષતા માત્ર હતી તેઓને પ્રમુખ ન બનવા મળેલુ તેની ભેટ જેવુ એમા લાગ્યુ પાદપૂર્તિ માટે મનુ દવે, અને બીજાઓને અપાએલા ઇનામો જુઓ અને એમની કૃતિઓ જુઓ, સાધારણ પ્રાસંગિક વસ્તુ રજુ કરવા સિવાય એમા કાવ્ય જેવુ શુ છે? કવિતામા સૂક્ષ્મતા, અર્થઘનતા, ની વાતો કરનારા ત્યા બેઠા હતા છતા કેમ કંઈ બોલ્યા નહિ?

નિબંધો કોઈએ રસથી સાંભળ્યા નહિ, કૈયાઝખાનુ સંગીત ચાલતુ હતુ ત્યારે લોકો નિખેરાઈ રહ્યા હતા નિબંધોમા પટણી સાહેબે 'દૂધ' 'ઘી' ની વાત કાઢી એમને જુવાર ચોખાની વાત કેમ યાદ ન રહી? અને સાહિત્યની એ પરિષદમા તેઓ બીજુ કાંઈ કહેત તો સારૂ! કેમકે, ભાવનગરમા તેઓ દૂધ ઘી બાજરો અને એ વિષયો પર બોલ્યાજ કરતા હશેને?

ધૂમકેતુ બોલ્યા "કાટા કારકૂન થજો, લેખક ન થતા" આ સંવાદ સાંભળી એમને "બહુ ડાહ્યા" કહેવાનુ મન થઈ આવ્યુ ભલા આ મી એ નથી જાણતા કે કંઈ પણ થવાની સૂઝ ન પડવાથીજ લોકો લેખક થાય છે કાટાકારકુન

થવાની મનાઈ આપી તો શું નૈકટર નથી થઈ શકતું ? પરંતુ લેખકને બીજું કંઈ થવુંજ નથી લેખક થવું છે, અને કહેવું છે તમે ના કહેશો તોપણ એ આદત હવે છૂટવી મુશ્કેલ છે માટે એ સનાદ કંઈ કામની નથી

બીજી વાત 'લેખક મિલન'ની પણ વર્તી મૂકાય છે જો કે એમાં હજુ ઉઘાડે છોગે કંઈ જાહેર થયું નથી પરંતુ લાગે છે ખરું કે લેખકોનું મંડળ સ્થપાશે ખરું

છેવટ એકજ વાત એ સભામાં કોઈને મોઢેથી ન નીકળી અને તે મુસ્લિમ સાહિત્યકાર મુસ્લિમ સાહિત્યકારોની ! ગુજરાતમાં આટઆટલા મુસ્લિમ લેખકો પત્રકારો અને કવિઓ હોવા છતાં ભૂલથી પણ કોઈએ સભામાં એમને સંભાર્યા નહિ એનું કારણ શું હશે ? એમાં કસૂરવાર કોણ લેખાવું જોઈએ ? એ સવાલના જવાબો જવાબો વાચકો પોતેજ વિચારી લે

° ° °

આપણા આરોગ્ય અને ગમેતે મગજોને ટકાવી આપવાનું રામબાણ એકજ છે—'ચૌદમું રતન' (બ. ક. ઠાકોર)

સાક્ષરશ્રી બળવંતરાય ઠાકોરે પોતાના લાંબા જીવનમાંથી શોધી કાઢેલી સાચી શ્રદ્ધા છે "ચૌદમું રતન" કિંવા મથીપાક યાને માર મનોનું સંતાન અને બાળકોનું ડહાપણ જ્યાં નકામું નીવડે છે ત્યાં એકજ વસ્તુ સફળ થાય છે અને તે માર અને તેથીજ તો કુદરતે જગતપર હિટલર, રોઝો સ્ટેલીન, જેવા માણસો મોકલી આપ્યા છે જેથી આડે ચઢી ગએલાઓને ચૌદમું રતન ચખાડીને સાન ઠેકાણે લાવે પેલી ગુજરાતીની જૂની કહેવત "માર ભુંડું અને કર સીધું" પણ એ મતલબના ટેકારૂપ છે અહિંસાની આટઆટલી ચર્ચાઓ થવા છતાં અને વર્ષોથી હિંદપર, ગુજરાતપર અહિંસાના પૂર ફરી વળવા છતાં બલુ કાકા પોતે પોતાની શ્રદ્ધામાં પાકા છે તેઓ હિંસામાં માને છે તેઓ છેવટનો અને સરળ ચુકાદો વિવાદથી નહિ પણ એમના ગેસાથી લાવવામાં માને છે


ત્યારે તો આપણે પણ પેલું જૂનું ગીત ફરીથી ગાવું શરૂ કરીશું ?


બુધે બરાબર બાજરી
બુધે નાર પાધરી
બુધે રોમુ કોદરા (?)
બુધે છોકરું છાનું રે !


આ બુધે એટલે બુધવારે નહિ પણ બુધ્ધુ મારે કિંવા ચૌદમા રતનના પ્રતાપે

° ° °

'સર્વ સુખની સીમા જ્ઞાન" એવું કહેનાર પંડિત પોતાના કથનમાં માત્ર એકજ અક્ષરની ભૂલ કરી છે અને તે જ્ઞાન નહિ પણ અજ્ઞાન લખવું જોઈતું હતું એથી જગતને આજે વધુ પીડી રહ્યું હોય તો વિજ્ઞાન છે લોકો વધુ દુખી થઈ રહ્યા હોય તો તે જ્ઞાનીઓ છે આજનું ઘોર યુદ્ધ જ્ઞાને જમાવ્યું છે અને વિજ્ઞાને વિસ્તાર્યું અને ભયંકર બનાવ્યું છે આવતા સમાચારો બનતા બનાવો, એક જ્ઞાનીને એટલા મૂંઝવે છે તેટલા અજ્ઞાનીને નથી મૂંઝવતા "આ શું થવા બેઠું છે ? હવે શું થશે ?" એ વિચારે જેટલા જાણકારને અશાંત બનાવતા હશે તેટલા અજ્ઞાનને નહિજ સામાન્ય રીતે જોતા સામુદાયિક વિપત્તિઓથી અજ્ઞાનીઓ બચી શકતા નથી પરંતુ તેઓ એક વસ્તુ જરૂર બચાવી શકે છે હૃદયનું સ્વાસ્થ્ય મનની શાંતિ પરંતુ જાણકારને એ વસ્તુ મળવી મુશ્કેલ છે અને એ શાંતિ ન મળતાં તે દુખીજ થાય છે જ્ઞાની અને અજ્ઞાની કલ્પીએ ઓછુંય ન હોવા છતાં એક સજ્જનને મોટરમાં ફરતા જોઈ અને પોતાને પગપાળો દેખી જે દુખ જ્ઞાનીને થાય છે તે અજ્ઞાનીને થતું હશે કે કેમ ! એ એક સવાલ છે ગમે તેમ હોય પરંતુ એટલું તો છેજ કે સુખમાં તે રહી શકે છે જે અજ્ઞાન, અજાણ હોય છે જાણવું, સમજવું, ઉંડા ઉતરવું, જે કાંઈ આપી શકે છે તે અસંતોષ હોય છે અને અસંતોષમાંથી દુખ પેદા થાય છેજ માટે વધુ જાણવાની અને વધુ સમજવાની કોશિશ ન કરવી એજ એક સુખી થવાનો ઉપાય છે







ઇસ્માઇલ　　　　　　　　　　આરિફ

ધૂમ કા શાદિમા આ થઇ છે?
કેમ ખાનગી બસ ખરી છે;
ઇનામા સહ એ અબગર છે
'વહશી' પુત્રો લગ્નથી ન થયા છે'

•

કોસ્તાના તંત્રી જનાબ આઝમ અહમદ ઇસ્માઇલ 'વહશી'ના પુત્રો અને શહેરના મશહૂર ઇસ્માઇલ ખાનદાનના આગેવાન તેમજ એમ. એન. પી. ટ્રસ્ટના ટ્રસ્ટી જનાબ [illegible] અહમદ આઝમ ઇસ્માઇલ સાહેબના પૌત્રો ભાઇ ઇસ્માઇલ ને આરિફની શાદી તેમના નિવાસ સ્થાન નાખુદા સ્ટ્રીટમાં તા. ૧૮-૧૨-૪૩ના રોજ ઘણી સાદગીથી થઇ હતી.

જ૦ વહશી સાહેબના બને ફરઝંદોની તાલીમ વિષે જ૦ મઝાક સાહેબના શબ્દોમાં કહીએ તો—

બને ફરઝંદ ઇ કે ના તો ઇસ્માઇલ નમી હૈ
ચાહ બી એ ખાસ હૈ નેઅમ બાગને બિરામી હૈ
ત્રે ફરઝંદ ઇન્કે [illegible] [illegible] પિર [illegible] હૈ
યે એમ એ પાગ[illegible]મા બાગી આઓરે તરે હૈ'

આ શાદીમાં શહેરની જનતાએ ઘણાજ ઉત્સાહથી ભાગ લીધો હતો નાના મોટા સૌ પધાર્યા હતા બહારગામથી આમંત્રીત મેહમાનો પણ પધાર્યા હતા જેમાં ખાસ કરી એમ. એમ. પી. ટ્રસ્ટના એ. ડી. ઓ. ઝ ને શાયરો મુખ્ય હતા જ૦ અસરના શબ્દોમાં કહીએ તો—

"બામ પર શહેર કે હુર ચમકવાલા આ થા,
જિસ તરેહ વહશીકે ઘરમે શાદીગેકા ઝુમકા'

રાંદેરના જનાબ 'રૂના', 'બેકાર', 'મુન્શી ઉમરખાન', 'હઝીં', ઉપરાંત બે ઘડી મોજના તંત્રી જ શયદા', જ 'નસીમ', 'ઘાયલ', નિસાર', 'અસર' સાબેરી, મીન્તી', મસ્ત 'હબીબ', 'અમીન' આઝાદ, 'મઝાક', 'આમી' 'ગઝામઝી' વિ૦ શાયરો બહારગામથી પધાર્યા હતા

રાતના દસ વાગે જનાબ વહરી સાહબના ઘર આગળ અપૂર્વ માનવ મેદની જામી કેમ ન જામે? એક તો રાંદેરના મશહૂર ખાનદાનના નબીરાઓની શાદી ને બીજુ શાયરોને સાભળવાની ઉત્કંઠા.

પ્રથમ હાફિઝ યુસુફ ગુલામમહમદ દુધાએ કુરાન શરીફની તિલાવત કરી એ પછી શાયરોએ પોતાના સેહરાઓ વાચ્યા હતા પ્રથમ ગુજરાતી ને પછીથી ઉર્દૂ સેહરાઓ વચાયા હતા

આમ સેહરાઓમાજ બે કલાક નીકળી ગયા એ પછી ફૂલહાર અર્પણ થયા બાદ સૌએ કેકોના પીણાને ઇન્સાફ આપ્યો ત્યાંથી સૌ સ્વરૂપસમા ભાઇ ઇસ્માઇલની નિકાહખાની માટે જ યૂસુફ મહમ હાડીવા સાહેબને ત્યાં ગયા હતા. ત્યાંથી પરવાર્યા પછી સૌ ભાઇ આરિફની નિકાહખાની માટે જ હાજી ઇબ્રાહીમ મહમદ યુસુફ ઈસ્માઇલ સાહબને ત્યાં ગયા હતા નિકાહખાની પછી ત્યાંથી સૌ સરઘસ રૂપે જ વહરી સાહેબના ઘેર જઇ મુબારકબાદી આપી વિસર્જન થયા હતા.

આ અપૂર્વ શાદીના યાદગાર પ્રસંગે વચાયેલા સેહરાઓમાંથી થોડીક પ્રસાદી અત્રે રજુ કરૂ છુ

-[૧]-

સુમ છે સુદર અને સુદર પરે સુદર સેહરો
રહી જશે યાદ બધાને એ જીવનભર સેહરો
પ્રેમ પડકારશે પોતાનો પરિચય પોતે,
બંધને બાંધશે બન્નેને બરાબર સેહરો
નાવ એક બનશે ને બીજો સુકાની બનશે,
પ્રેમ તોફાનના છનકારશે સાગર સેહરો
એ મુલાકાતો નવી, રાતો નવી, વાતો નવી,
રચશે ડુલ્હન અને દુલ્હાનુ પ્રભુત્વ પર સેહરો
જ્યારે સેહરાનુ થયુ પ્રેમથી શીર પર બંધન,
મુખને નૌશાહના જોતો રહ્યો દમભર સેહરો

—'અમીન' આઝાદ સુરત

-[૨]-

જોઇને શુભ ઘડી, જોઇ શુભ અવસર સેહરો
સ્વર્ગ એક રચશે નવુ આજ જગત પર સેહરો
સર્વ જોનાર કહે છે જોઇ સેહરાની બહાર
રહી જશે યાદ અમોને આ જીવનભર સેહરો
અર્શથી આવી છે મકબૂલ દુઆઓ થઇને
પામે તે કયા ન પછી ગોકમા આર સેહરો
ચડે પશુ કેમ ની દીવો હાર એ જળાકુળનો,
મનોરમ મુખડા ઉપર જોઇને મનહર સેહરો
ઉર્મિઓ, આશાઓ ઇચ્છાઓ બરાબર જોઇ,
બાધવા સ્નેહના બધન થયો તત્પર સેહરો

—મસ્ત હબીબ

-[૩]-

અનેરી ભાવના હુ શબ્દ મહીં લાવુ છુ
અમુલ્ય મોતીઓની ગુલછડી લુટાવુ છુ
હૃદયની ઉર્મીથી દુલ્હાઓને વધાવુ છુ
નથી તો કાવ્ય તો હુ આંખડી બીછાવુ છુ
નવીન માર્ગ વિષે બાળ તમે જાઓ છો,
દિસાય છે નવીન એના એક થાઓ છો,
તમારી આફતો સૌ દૂર દૂર થૈ જાએ,
તમારે કાજે વિશ્વ પુરનૂર થૈ જાએ,
પેર શુ તર! નહીં કષ્ટ દૂર થૈ જાએ
સદાય દિલ મહીં ઇસ્લામની દોલત રાખો
દુઆઓ દઉ છુ ખુદા દ સલામત રાખો

—શયદા (મુબઇ)

-[૪]-

સભા છે લગ્નની ઉર્મિના થઇ રહ્યા વિકસન,
ઘડી છે આજ કે રસની સુરા ભરે જીવન
પતંગ ઝુનઝુનું છે-ને ચિરાગ છે ફૂલો
અહિં રચાયેલું નિરખું છું-એક નવું ગુલ્શન
શિખા ચિરાગની-એકે નવ બહાર થઇ ગઇ છે,
શિખા નથી કંઈ-જ્યોતિના ફૂલ છે રૈશન
કે, લગ્ન ગ્રંથીઓ ગુંથે છે આરિફ ઇસ્માઇલ,
રે, ભાય એના સુખદ ભાગ્યનું કરે ગુંથન
સદાય હર્ષની જીવનમાં નૌ બહાર રહે,
હૃદયથી ઇચ્છું હું શાદી તણા અભિનંદન

—નસીમ (મુંબઇ)

-[૫]-

અનેક આઉટમાં છે જ્યારે એ લાઇટ સેહરાની
પછી દિલમાં ન થાએ કેમ રીઝર્વ સીટ સેહરાની
નઝર સુંદરની માફક સર્વની ચોટી છે નૌશાદ પર
ખરેખર મોટી છે ડીગ્રી અને ક્રેડીટ સેહરાની
બન્યો સૂરજ જો ઇસ્માઇલ તો છે ચંદ્રમા આરિફ
જગક બન્નેને સાએ સો ટકા છે ફીટ સેહરાની
મુબારક હો મુબારક ભાઇ આઝમ આપને જગમાં
ઘડી એ જશ્નની સોહામણી નાઇટ સેહરાની

—આસી સુરત

[નીચેના સેહરાઓ પોસ્ટ મારફતે આવ્યા હતા]

-[૬]-

ર જો ગમ દર્દો-અલમ દૂર નિરાશા હોજો,
દુ'લ્હા દુલ્હનનું કરે ઉચ્ચ મુકદ્દર સેહરો
દુલ્હા-દુલ્હનના માબાપ મુબારક તમને,
આંગણે લાવ્યો છે આજ આ શુભ અવસર સેહરો
ખુશ થઇ આજ હર એક પુષ્પ દુઆ દે તમને
દેખો ઔલાદની ઔલાદના શિરપર સેહરો

—મઝલુમ [કલકત્તા]

-[૭]-

માદે માહે માળીઓ ટકરાય છે!
સેહરો ઉત્તમ આજ કોનો થાય છે!
એ સ્પર્ધામાં થયા બને અજોડ,
નીખિં સેહરાને સહુ રીઝાય છે
બને પરણુ કામ લાગી જાય છે,
સેહરા પુષ્પોના અહિં બંધાય છે
શત્રુઓના દિન તપાસો ત્યાં જઇ,
કેવા તીણા કંટકો ભોંકાય છે

—સૈયદ અમીરૂદ્દીન [ઉભોઇ]

-[૮]-

જુઓ દાદા-પિતાને આજ શાદી-ભેરના રૂપે
તમોને મોકલ્યા આહી સહર્ષે ગુલ્શને સેહરા
મુબારક કારવા-તંત્રીને હો પુત્રો તણી શાદી,
મૂકી છે આજ મારા ઉર્મિઓના નર્તને સેહરા
સમર્પી સ્વાસ્થ્ય સુખ, સાફલ્ય, સમૃદ્ધિ ઉભય દિલને,
ગગનવા જિંદગીને નિત પ્રભુના ગુંજને સેહરા
રહમ વરસો ખુદાની નિત બને દંપતીના પર,
સ્ફુર્ગ આયુ બનો કર્તવ્ય કેરા પાનને સેહરા.
અભિનંદન, શુભેચ્છા આપી ઇસ્માઇલ, આરિફને,
યો કિસ્મત જાય છે એમાં હવે નિજ આસ્ને સેહરા.

—કિસ્મત-[પૂના]

[ઉર્દૂ સેહરાઓ]

-[૧]-

શુક સદ શુક ફિર આઇ હૈ આનમમે બહાર
શુક સદ શુક કે પુર કૈફ હુએ લૈલો નિહાર
હંસ કદર આજ હૈ ફૈના હુઆ હર સિમ્ત સફર
જિસ્કો દેખો નઝર આતા હૈ ખુશીસે માંસૂર
ઇસ્માઇલ આઝમકી યે શાદીકી ખુશીકા હૈ અસર,
આરિફ આઝમકી યે શાદીકા હૈ એક ખુશ મન્ઝર
યાદ ક્યા ખૂબ યે શાદીકા બંધા આજ સમા,
કે ફિઝા હો ગઇ વાદેરકી ગુલ્ઝારે જના
મુન્ના એકાર ભી અબ દિનસે યે દેતા હૈ દુઆ
કે હમેશા હી રહે શાદ બની ઔર બના.

—એકાર [ગોંદર]

-[૨]-

અગર તુમકો નહીં માલૂમ તો સુનલો સુનાઉં મેં,
ઔર **ઇસ્માઇલ** કે ઘરવાલોંકી બાતેં બતાઉં મેં
ભરી એક ખાન મેં હઝરતે અહમદકા નામ આયા,
મુબારક નામ વાલે હૈં મુબારક હી પયામ આયા
દુઆએં તુઝકો દેની ચાહીયે જો દિલસે નિકલી હો,
વોહ લૈનાએ ઉમીદોંકી હો જો મોહમીનસે નિકલી હોં
દુઆ યે હૈ કે ઇન્કો શા માનો કામરાં રખ્ખે,
વોહ જબતક રખનેવાલા યે ઝમીનો આસમાં રખ્ખે

—મઝાક [ડભોઇ]

-[૩]-

મેરી નઝરમેં હૈ વોહ ખાન્દાને ઇસ્માઇલ,
બયાન ક્યા હો મિન્ઇજમાન થા કે મિત્તફસીન
મગર કે ઉન્કે બુઝુર્ગ એક અહમદે વાલા,
કે જિન્કે નેક નિહાદ આ઼ઝમે શરાફત થા
જનાબે આઝમે અહમદકે દો હૈં લખ્તે જિગર,
સુરે કલ્બે સલીમો વજૂદે નૂરે નઝર
કહા જો ઇન્મેં હૈ બી એ જનાબે ઇસ્માઇલ,
વોહ ખુદ આરિફે 'એમ એ શાહ હૈ દલીલ
ઇન્હીંસે હારે પિદરકી હે શાન બાશદો મદ,
"અગર પિદર ન તવાનદ પિસર તમામ કુનદ"
ઇન્હીંકી આજ હૈ શાદીયે શા માનીય રોઝ,
હયાત જિન્કી હૂઇ રોશનીયે મહરે ફિરોઝ
યે નાકનો હૈ બને આરિફ ઓર ઇસ્માઇલ,
ખુદીજહ, આયશાહ દુલ્હન બનીકે શમ્એ સબીન
ખુદીજહ આરિફે એમ એ કી શાનકી તક્મીલ,
તો આયશહ હૈ સુરરે જનાબે ઇસ્માઇલ
દુઆયે 'ગાલિબે' દીના કુબૂલ હો જાએ,
કલી કલી હસી ગુલ્શનકી ફૂલ હો જાએ

—અબુનસ્લ 'ગાલિબ' બજોદવી

-[૪]-

ક્યુ હૈ તાઝા યે સબઝા ઝારે ચમન,
વઝમેં ઝીનત હૈ ક્યૂ બહારે ચમન
ગુલ લાના હૈ ક્યૂ નિસારે ચમન,
ચહેચાતે હે ક્યૂ હઝારે ચમન
મઝદએ જાંફિઝા સબા લાઇ,
બાગે આઝમમેં ફિર બહાર આઇ
શાખે ઉમ્મીદ ફિર ન ક્યૂ હો હરી,
ખિલ ગઇ દિલકી એક એક કલી
શેઠ અહમદ કે ઘર રચી શાદી,
મિયા આઝમ કે નૌ નિહાલોંકી,
હો મુબારક બફઝ્લ રબ્બે જલીલ,
તુમકો બી આરિફ ઔર ઇસ્માઇલ
ઇસ્મ ફનસે હૈ બેહરવર દોનો,
નુકતે નુકતે સે હે બાખબર દોનો
સાહબે ફદમો ઝી હુનર દોનો,
પાક તીનત હૈ નેક તર દોનો
ખુશ સયરે ખુશ ખુસાલ હૈ દોનો,
ખુશ લકા ખુશ જમાલ હૈ દોનો
તહીય્યતનામા ઇસ ખત્મ કરો,
એક નઇ બાત જિસસે હાસિલ હો
ફિક્ર તારીખ અબ ઉમર કર લો,
મિસરા તાઝા યાની કોઇ લિખો
લો નિદા ગૈબસે યે આઇ હે
માયએ નૂર કતખુદાઇ હે

—મુન્શી ઉમરખાન

નોટ—છેલ્લી લાઈનના અદદ ગણતા સને ૧૩૬૨ હિજરી નીકળે છે

-[૫]- \

ક્યુ ? નહિ પેહચાનતે ? આઝમ કે હે નૂરે નઝર,
જિન્કી શાદી કે જશન મે આયે હો તુમ દૌડકર
યે હૈ ઇસ્માઇલ અહમદ કે શુગ્લાપે કી ઉમંગ,
યે હૈ આરિફ યાઅની આઝમકી તમન્નાઓંકા રંગ
ઇન્કી વાદી જઝમએ ખુફતાકી ગોયા ગુફતગુ,
ઇન્કે સેહરે અહમદો આઝમકી શરહે આરઝૂ
હર લગી હૈ ઇન્કે સેહરેકી મુકમ્મીલ કહકશા,
ગામઝન હૈ ઇસપે ઉમ્મીદોંકા આઝમ કારવાં

ઉનકે સેહરેકી ખમોરી એક સરોદે જન નવાઝ
ઉનકે સેહરે દેખકર મમતાકા આંખોમે ગરુર
એક સેહરા બાગે જન્નત એક ફિરદોસે બહાર
એક પર રદના તસદ્દુક, એક પર ફૂર નિસાર
એક સેહરા બાપકી અઝમત હ દાદાકા વિકાર
એક બેહનોકી તમના, એક માકા ઇફતેખાર
ફૂલકી લડીયોમે બલ ખાતા હૈ યૂ રંગે શબાબ
જૈસે ચિલમનકે કરીબ આ જાયે કોઈ માહતાબ
આંખમે રખને ઉ કર દેખને ગર હમનશીં,
ગમમા કોઇ ખાર ઇન સેહરોકે ફૂલોમે નહીં
દુલ્હને નાઝ આફ્રી નાઝુક બદન નાઝુક ખિરામ,
દિલમે ઉતરી આ રહી હૈ જૈસે શાઇરકા કલામ
બેનગમ ઉનકો અગર જન્નતકી હૂર દેખલે
લે તમનાએ અફસી ઉનકે દિલમે કરવટે
એક દુલ્હન શાખે ગુલ હૈ એક હૈ ખુદા ગુલામ
એક શબનમકા સિતારા એક દુર્રે લાજવાબ
એકહૈ ઇસ્માઇલકે અરમા ભેહરે અફ્ગદા નકામ,
એક હૈ આરિફકે પુર હસરત જવા રાતોકે ખ્વાબ
જબતક કલીયા ખિલ સેહરા બને શાદી રચે
માફુમે દુલ્હનમે કોઇ જબતક અફશા ભરે,
જબતક ગદિરસે છૂટકર બહે તાપી નદી,
જબતક તાપી નદીમે રુછવાય હો તૈરતી
આરેફ઼ ઇસ્માઇલ ઇસ ઘરમે રહે કાયમ મુકામ
યાદ હૈ જબતક ખલીલુલાહકે બેટેકા નામ
મહુવે આઝમકી ઝિયાસે હો મુનવ્વર ઝિંદગી
યહ અહમદકે રેહકર હસ પડે દિલકી કલી
માકી મમતા ઔર બેહનોકી દુઆ ભી સાથ હો
દસ્તે ઇસ્માઇલ મે આરિફકા દાઇમ હાથ હો

—'અસર' સાબેરી (વડોદરા)

અમે બન્ને વરવધુને ખરા અંતઃપૂર્વક અભિનંદન આપીએ છીએ ને દુઆ કરીએ છીએ કે તેઓ સદા આનંદ અને ઉલાસમા રહે બન્ને વરવધૂઓને ખુદા મોટી ઉમર અને લાબુ નિરોગી આયુષ્ય અતા કરે આમીન

જ વહરી સાહબ ને જ હાજી અહમદ સાહબ તેમજ કુટુંબીઓને મુબારકબાદી અર્પી હુ પણ વિરમુ છુ 'તાજ'

શુક્રિયાહ

માસ્તર ફૈઝ દિ ઇસ્માઇલ અને આરિફની શાદીની મુબારકબાદીના ટેલીગ્રાફ અને પત્ર વાળા ઘણા સદેશા મારા વાલિદ સાહ મા. નામે અને ફૈઝન્દીના નામે ઘણા અગત મિત્રો કારવાના લેખક-કવિ મિત્રો અને એમ એમ પી ઓંફ ખેટઝ બધુઓ તરફથી મળ્યા છે કામના અતિશય દબાણના લીધે બધા સદેશાઓના જવાબ આપી શકાયા નથી તેથી કારવા દ્વારા બધા શુભેચ્છકોનો મા. વાલિદ સાહ અને ફૈઝ દિ તેમજ મા. પોતા તરફથી શુક્રિયાહ અદા કરુ છુ

વહરી

સોના ચાંદીની મંદીનુ રહસ્ય

આજે ખુલ્લુ થાય છે

વેપારીઓએ લાખો રૂપીયા કેમ ગુમાવ્યા?

માગશર માસમા ચાદી સોનાના ભાવો ઘટશે એમ **'વ્યાપારી ભવિષ્ય અને ભાગ્યોદય'** પુસ્તકના પાના ૧૪૨ ઉપર આપવામા આવેલ છે પરંતુ જે જે વેપારીએ આ પુસ્તકનો લાભ નહોતો ઉઠાવ્યો તેઓએ લાખોનુ નુકસાન કર્યું રૂ સોનુ ચાદી અળશી બીયા બજારની તેજી મંદી માટે શેર અનાજ, કપાસ બજારની વધઘટ માટે વ્યાપારી ભવિષ્ય અને ભાગ્યોદયની સનાહ લ્યો

(આ પુસ્તકની વધુ વિગત
પાના ૨૪૬-૨૪૭ ઉપર જુઓ)

રણ

પ્રભાકર એચ. દેસાઈ

પેન્સીલની આછી રૂપરેખા, અપૂર્ણ અવયવો અને તે પણ તદ્દન-સાવ નિરસ-આ બધાનો મેળ એ જાણે એનું જીવનચિહ્ન હતો એ પણ એક યુવક પરંતુ બીજાઓ કરતા જુદાજ પ્રકારનો મુખ પર હમેશા નિરસતા શરીરના અવયવો હમેશના દીવાદાંડી થઈ ગએલા પાંગળા માલુમ પડતા ખમીસના બટન હોવા છતા ન બીડવાની તેની બેપરવા રીત જીવન એને માટે જાણે અગીઆરી ખરી પડેલા ઝાડ જેવું! હાસ્ય કવચિતજ માલમ પડતું, અને તે પણ શીકકુ-હૃદય-હૃદયની સમતિ વિનાનું, ઊર્મિ વિનાનું મિત્રતા તો એને કદીયે ન ગમે ગમે એને ફક્ત એકાંત રખડવું એ તેનું નિત્ય દિવસનું કાર્ય થઈ પડયું હતું કોઈ બોલાવે નહીં ત્યા સુધી એ ભાઈ પણ બોલતો નહીં અને જ્યારે કોઈક તેને બોલાવવા દબાણ કરતું ત્યારે તેના વદન પર કંટાળાભર્યાં ચિન્હો દોડી આવતા, અને પોતે ગણ્યાગાંઠ્યાં અર્થસૂચક શબ્દો બોલી આગળ ચાલવા માંડતો

તેને જોતા સહેજ અનુમાન થઈ શકતું કે જગતથી તે દઝાએલો હોવો જોઈએ તેના વદન પરથી બહુધા કરૂણાભર્યા ભાવો તરતા સંધ્યા સમયે, નદીના લીલાછમ ઘાસથી ભરેલા તટ પર તે એકલોજ બેસી રહેતો ક્વચિત ઉછળતા પાણી તરફ તે દ્રષ્ટિ ચોંટાડીજ રાખતો કોઈ કોઈ વખતે નજીકના ઝાડ પર બેઠેલા કોઈ ખૂબસૂરત યુગલ-પંખીને નિહાળ્યાજ કરે, તો કોઈ વાર દૂર દૂર નજર નાખી પોતાની જાતને વિચાર-સૃષ્ટિમા દૂર ધકેલતો મોડી રાત સુધી તે વિચારયોજ કરે ન વિચારનો અંત આવે કે ન તેને જાગૃતિ સ્પર્શે! સુખની દુન્યા જાણે એના જીવનમાથી અલોપ થઈ ન ગઈ હોય એમ કરૂણાભરી દ્રષ્ટિએ જડ માનવની જેમ સતત જોયા કરી નયનોમાથી થોડાક ઉન્હા આસુઓ સરકાવી હૃદયને હલકુ પાડતો!!

— એના માટે અનેક સવાલો ખડા થતા —

આવો ખુશમીજાજમા રહેનારો, મિત્રમંડળમા નિત્ય મહાલનારો, નત નવા કપડા પહેરનારો, અને સુવાનીનું છલકતું સૌંદર્યવાળો આ સુરેશ આમ કેમ? એના જીવનમા આ એકાએક પલટો કેમ?

ઘણાઓ એને પૂછતા, "કેમ સુરેશભાઈ આમ કેમ?"

"બસ એ તો જીવન છે ને!" ટૂંકો-સાદો પરંતુ દર્દભર્યો જવાબ મળતો

"અરે પણ આ શરીર દિવસે દિવસે કૃશ કેમ થતું જાય છે?" કોઈ હીમાયતી મિત્ર લાગણી દાખવતા પૂછતો

"એમજ વારે-એ તો માટીની કાયા છે ને એનો શો વિશ્વાસ?" વૃદ્ધ-ધાર્મિક પુરુષના મુખમા શોભે એવો જવાબ મળતો

"સુરેશ જમી લેને?" માતા આગ્રહ કરતી

"અરે હા હું જમવાનું એ ભૂલી ગયો!" જાણે ઉંઘમાથી જાગૃત થતો હોય તેમ સુરેશ ચમકીને સામે સવાલ પૂછતો

પરંતુ સુરેશનું જીવન એકધાર્યું સતત ગતિમાન થયે જતુ હતુ નિરસતા, નિરસ અને દિલગીરી એ એના જીવનના જાણે પ્રયોગો! ઘણી વખતે પોતે ભીખારી જેવો લાગતો છતા એ અવસ્થામા પણ એના સંસ્કારો પોતાનો પ્રકાશ બીછાવતા હતા

એના તરફ કેટલાક દિવસો થયા મારૂ ધ્યાન ખેંચાયું તેના વિષે બીજાઓને પૂછતા

હું ફક્ત એટલુંજ જાણી શકયો કે છેલ્લા બે વર્ષથીજ તેની આવી સ્થિતિ થઈ પડી છે એક દિવસ મે તેને નદી કીનારે બેઠેલો જોયો હું પણ ત્યા ગયો તેની દ્રષ્ટિ સરિતાના વહેતા જળના તરંગો પર હતી હું તેની છેક નજદીક ગયો અને થોડીવાર સુધી ઉભા રહ્યા પછી એક બાજુ બેઠો સહસા તેનું ધ્યાન મારા તરફ ખેંચાયું હું બોલી ઉઠયો 'શું જોઈ રહ્યા હતા ?'

મારી તરફ ટગરટગર આંખોએ જોયા પછી તેણે કહ્યુ, 'કંઈ નહીં '

હું બોલ્યો, "તરંગોનું જીવન કેટલું ક્ષણીક છે ક્ષણભરમાંજ અદ્રશ્ય થઈ જાય છે હૃદયનુ પણ એમજ છે તરંગીત થાય છે પરંતુ " હું આગળ બોલું એ પહેલાં એ બોલી ઉઠયો

'ભાઇ ! તરંગોની દુન્યા સોહામણી છે મારી એ સૃષ્ટિ છે મારા તરંગો મને નવી દુન્યામા ખેંચી ગયા છે'

તમારા તરંગો

હા હા મારા તરંગો ! એ મારા કલ્પનાના તરંગોએ વિસ્તૃત સ્વરૂપ ધર્યું છે હું સુખીમા સુખી માણસ છું તમે સુખી નથી"

તમે સુખી ?' આશ્ચર્યસહિત બોલાઈ જવાયું

'હા હું સુખી છું ! મારા તરંગો મને અપૂર્વ આનંદ આપી રહ્યા છે મારી સૃષ્ટિનો હું માધાતા થઇ શકયો છું'

વાહ ! એ તો બહુ સરસ ! હા મનેય તમારી માફક સુખમા તરબોળ કરોને ?

એણે કહ્યું "મારી સૃષ્ટિમા તમારા જેવાનું કામ નથી"

'કારણ ?' મે પૂછ્યું

"ત્યા પ્રેમીકાની ઈચ્છા વિના જઈ શકાતુ નથી "

'પ્રેમીકા !! હું ચોંકયો

તેણે શબ્દો પર ભાર મુકતા કહ્યું "હા પ્રેમીકા "

હું વિચારશૂન્ય બન્યો, મે પૂછ્યુ, 'તમે કોઇ ખ્રિસ્તી કન્યાના પ્રેમમા તો નથી પડયાને!

'ના પરંતુ ખ્રિસ્તી કન્યા પૂછવાનું કારણ ?' એણે એકદમ સવાલ કર્યો

"એ બેવફાઈનું પ્રદર્શન મહેનાઇથી કરી શકે એમ છે એવા પ્રદર્શનમા એમની સરખામણી કોઈ કરી શકતું નથી માટે ' મે મારા અંતર ઉદ્‌ગાર્યો

સહસા તેની દ્રષ્ટિ વ્યોમ તરફ ખેંચાઈ ત્યા હસતી સંધ્યાને જોતા હોઠ બહાર એક નિશ્વાસ સરી પડયો મારાથી બોલાઈ જવાયું 'નિશ્વાસ !

તેણે કહ્યું "નિશ્વાસ નહીં પણ ઉચ્છવાસ તમને મારી દુન્યાની કયા ખબર છે ? મારી પાછળ છુપાએલા ઇતિહાસની કયા ખબર છે ?

"જાણાશો ? !

"સાભળો હું મારી દુન્યાનો માનવી છું તમારી દુન્યાનો નહીં, હા પ્રથમ હું તમારી સૃષ્ટિમા વિહારનારો હતો પરંતુ હવે નવી તમે જાણો છો ? આહા ! આ સ્થળે જ્યા અત્યારે હું બેઠો છું ત્યા આજથી બે વર્ષ પહેલા મે અનેક રમ્ય સ્વપ્ના ઘડયા હતા અનેક તરંગો સર્જ્યા હતા અને તે કોની સાથે ? મારી એક વખતની સાધના સાથે! સાધના ! સાધના ! એ કેવું અનુપમ નામ તે વખતે મને દિસતું હતું ! એને મે મારી સમજી હતી, અને અનેક સ્વપ્નો આ સ્થળે ઘડયા હતા અમે બંનેએ પ્રેમગીતના પાના ઉથલાવ્યા

હતા આકાશમા ઉંચે ઉંચે ઘણે દૂર દૂર ઉડવાના મનોરથો સેવ્યા હતા અને જૂઓ આવા આવા કદીયે ન ભુલાય એવા પ્રસગો પણ બનેલા તમે સિનેમા જોતા હો એવી રીતે એ પ્રસંગો–એ બનાવો અને સવાદો તમારી આખો સમક્ષ રજુ કરો

° ° °

"જો માતના તારાજ જરોમે મારો વિવાહ મે તોડાવ્યો છે માતાપિતાના હૃદયને દુ ખ પહોચાડીને જો જે તુ મારો વિચાર કરજે '

"શુ સુરેશ તમે પણ એવુ એવુ બોલો છો પ્રેમ એમથી થાય છે નહીં કે અનેકથી '

સાધના આમ કહેતી અમારા બંનેનો પ્રેમ અખૂટ–જાણે નાની રમતગમત કરતી–નાજુક દોડતી સરિતા જેવો અમે જોડએ પણ સાથે ફરીએ પણ સાથે આવીએ પણ સાથે ચાવતા ચાવતા વાત–ફરતા ફરતા વાત–જાણે અમારી વાતોનો અતજ ન આવે એ મને લળીલળીને વાત કરે–ઘડીમા આગળ ફરી વાત કરે તો ઘડીમા બને હાથ એક ગાધી લીગીમા રાખી રસ્તો રોકી લાડ કરતી લોકો ટીકાએ કરતા "શુ વાત કરવાની ઘરમા ફુરસતજ નથી ' બધા જાણતા કે અમારા સ્નેહલગ્ન થશે–આતરજાતિય લગ્ન થશે

"સાધના! મારૂ જીવન સુખી તારે ચરણે હો ?" કોઈ કોઈ વખત હુ કહેતો

એ કહેતી, "હા પણ સુરેશ તમારો સ્વભાવ દિવસે દિવસે આમ કેમ થતો જાય છે? જાણે વિશ્વાસજ નહીં હુ કોઈ પણ સજોગોમા તમને નહીં મૂકુ–નહીં મૂકુ પછી છે કાઈ?'

મને આશ્વાસન મળતુ ને સતોષ થતો

એક દિવસની વાત છે મે પૂછ્યુ "જૂઓ સાધના આ શુ છે?" મારા હાથમા ચિત્ર પુસ્તક હતુ

"પાણીથી ભરેલો દરિયો" ચિત્રમા જોયા પછી તેણે કહ્યુ

"અને આ ?'

"યુવાન

'સાધના ત્યારે આ યુવાનો એમ થાય છે કે પાણી પીધુ પરંતુ આગળ સામે ગણ ? શુ ? જળથી ભરેલા મોજાઓ તરફ આશ્ચર્યથી વિચાર કરે છે કે આ તો પાણી ખારૂ છે આ તે મીઠુ મઝાનુ પાણી ત્યાજ પીરો" પુસ્તક ચિત્રો એટલા બધા આબેહૂબ દોરાયા હતા કે સાધના તો આશ્ચર્યજ બની ગએલી પછી મે તરતજ બીજુ ચિત્ર ફેરવ્યુ અને પૂછ્યુ "આ શુ સાધના ?'

"તીજુ રણ'

આ યુવાને પીવાનુ પાણી તરત તો દીઠુ પરતુ આ રણમા તો એને તરસ તમ લાગે છે શુ કરે બિચારો?

"અરેરે ' અહીંઆ તો પાણી નથી ના ? આ ચિત્રમા આગળી મળી બનાવ્યુ

"પણ પણે પેલુ પાણીનુ ખાબોચીયુ ના છેને?" મે સાધના સાથે વાત કરી ને ત્રીજુ ચિત્ર ઉઘાડ્યુ "જૂઓ યુવાન મુઝાતો–મૂઝાતો આગળને આગળ પાણી આ તરફ ચાલ્યોજ જાય છે જોયને?

"હા

પછી મે ચોથુ ચિત્ર ઉઘાડ્યુ "પછી શુ દેખાય છે?

'છાછરા પાણીથી ભરેલો સુદર ખાડો'

પછી મે પાચમુ ચિત્ર ઉઘાડ્યુ અને કહ્યુ "તે યુવાનની દૃષ્ટિ તે તરફ પડીને તે ગયો

પછી તો છઠ્ઠા ચિત્ર કરૂણાભરી દેખાડી ચિત્રનુ પાનુ ફટાક દઈને ઉઘાડ્યુ

"જૂઓ આમાં યુવાનનું ગળું રૂંધાય છે પોતે ઘણો અકળાય છે છતાં પણ પાણી તરફ ધસડાય છે"

"હે !!" સાધનાની આંખો ચિત્ર જોઇ પટકાટ થવા લાગી

"પરંતુ શું થયું તે તમે જોયું ?" "જુઓ" અને આઠમા ચિત્રે દેખા દીધી

"યુવાન ગમે તેમ કરી ત્યાં પહોંચે છે પરંતુ ત્યાં કશુંયે નથી એના જતા પહેલાં પાણીનું બાષ્પીભવન થઈ વરાળરૂપે-સૂર્યના જબ્બર તાપથી ઉડી જાય છે ને જૂઓ આ છેલ્લું ચિત્ર યુવાન નિરાશ બને છે ગળાને જોરથી દબાવે છે ગળું સુકું થઇ ગએલું માલુમ પડે છે અને છેલ્લીમાં પટકાઇ અચેત બને છે અને એ તરફડી મરી જાય છે"

આટલું બતાવ્યા પછી મે એક ઊંડો નિસાસો નાખ્યો-પુસ્તક બંધ કીધું અને સાધનાને પૂછ્યું "સાધનાજી આમાં કંઇ સમજ્યા ?"

"ના" એણે અવાચક બની ટૂંકો ઉત્તર આપ્યો

"તો સમજો સાત વિવાહને માટે મને અનેક યુવતીઓ મળતી હતી-સાત પિતાની આબરૂ ઇજ્જત અને વાગવગને લીધે નાનો નાનપણનો વિવાહ પણ મે તોડી નાખ્યો તેની પણ તમને ખબર છે ને ?"

"હા" કહી અસ્પષ્ટ ભાવો પ્રગટાવી તે બોલી

"તો હું પણ તે યુવતીઓના દરિયાને છોડી એક રણ તરફ આવી ચઢ્યો છું ફક્ત એક નાના મૃગજળ પાણીથી ભરેલા ખાડા તરફ આકર્ષાઇને-એના વિશ્વાસે-તો એવું ન થાય કે પાણી બાષ્પીભવન થઇ-સૂર્યના ધિક્ના તાપને લીધે-ઉડી જાય"

"ના ના ખાડાનું પાણી તે શું હું ?" સાધનાએ સવાલ કર્યો

"હા તું ! તે અમૂલ્ય પાણી" મે હસતાં હસતાં જવાબ વાળ્યો

"અને સૂર્યનો ધિક્નો તાપ તે વળી કોણ ?" કપોલ પ્રદેશ પર અવનવી ગૂંચવણ ભરેલી રેખાઓ ઉપસ્થિત કરી તેણે સવાલ કર્યો

"તે તમારા કુટુંબનો આગ્રહ તમને અમ જુદા પાડવાને માટે થનારા પ્રયોગો-પ્રયત્નો"

બસ આટલું સાંભળી સાધના અવાચક બની ગઇ કોઇ મહાન આફત આસ્માનથી ઉતરી એની ઉપર પડતી હોય એમ તેને લાગ્યું લગ્નજીવનમાં વિજળીના ગડગડાટ કર્યો અંધકારમાં જાણે આગ હમણાંજ તૂટી પડશે એવી કોઇ અદૃશ્ય કંપારી સાધનાને-તેના દેહને સ્પર્શી જતી લાગી

પછી હું અગાસી પરથી સાધનાના ત્યાંથી ઘેર હું જવા ઉઠી ગયો ન હોઉં ત્યાં તો કાગડા સામેથી કર્ણપ્રિય અવાજ મેં સાંભળ્યો હું ઘર તરફ પાછો ફર્યો

'સુરેશ હું સાધના છું મારી સાધના અગાઉ કે નિર્જીવના કટકા થઇ પડે છતાં પણ હું નહિ ડગું' બસ આટલું કહેતાંની સાથે તેણે મારો હાથ પકડ્યો ને બન્ને એકબીજાનો જીવનનો પૂરો સાથ રંગબેરંગી બન્યું

° ° °

આમ દિન પર દિન વિત્યે જતા હતા

થોડા દિવસ પછી વળી મને પણ ઠીક નહોતું લાગતા મારી સાધનાના વચનો મારા તેના ઘરમાં ચર્ચાઈ ગયો હતો પુરેપુરી લગભગ સાધના પર અજમાયશ હતી 'મા' ખૂબ

ગુની હતી ગેન્જને? આતગ્જાનિય વઝનો એ મનાત હતો કાગ, મામા, ભાઈ અને બોજા વિગેરેના આક્રમણો-મ્હેણાઓ ઉપરાઉપરી તૂટતા હતા પત્થર પણ પીગળી પાણી થઈ જઈ વહેતા થઈ જાય એવી મીઠી વાણી પણ વપરાતી હતી છેલ્લા ચાર દિવસો થયા સાધના પણ મને મળી ન હોતી મારા સમસ્ત દેહ સળગતો હોય એમ મને લાગતુ

અને એક નધ્યા સમયે જ્યારે એની રાહ હુ જોઇ રહ્યો હતો, ત્યારે સાધના દૂરથી આવતી દેખાઈ મને ઘડીભર થયુ કે મારા જીવનની આશા પ્રગટી પરતુ એની ચાલમા મને જગતનો થાક લાગતો મોં પર નિરાશાના ભાવો છૂપાએલા હતા છતા તેને પચાવી શમવાની શક્તિ તે ઉત્પન્ન કરતી હોય એમ લાગતુ તેના મુખ પર રીમાશ-ઉદાસીનના તેમજ શોકની ઘેરી છાયા લીંપાએલી હતી આટલુ છતા પણ તે બધા ભાવોને છૂપાવવાની તે નિરર્થક કોશિશ કરી રહી હતી તે એકદમ યત્રવત મારી પાસે આવી, ને હુ જડની જેમ-તેમને તેમ ત્યાજ ચોટી રહ્યો તે બોલી, 'મા ... ફ'!!

તેનુ ગળુ રૂધાઇ ગયુ એ આગળ બોલી 'માના પ્રેમને હુ ઠુકરાવી શકતી નથી હુ 'માની એકનીએક છુ-એની આશાનો છોડવો છુ-મને પાણી પાઇ સીંચી-પોષી પાઈ પ્રફુલ્લીત કરી ખીલાવ્યો છે મને માફ કર સુરેશ મને મા ... ફ કર તુ ભૂલી જા !!!' એની આખો માથી દડદડ આસૂઓ નરી પડ્યા ને તે આગળ ચાલી નીકળી

તે ચાલી ગ ... ઈ!

માન જીવનના સુકોમળ તરૂવોને નીચોવીને!! માન આશાના ફૂલોને બે હથેળીમા પીસીને!! માર ખીલતા-ઉગતા સૌંદર્યને ચૂંથી!!!! માન આશાના મિનારાને માટીમા મેળવીને!!'

મારા જમનીયાળ, નિર્દોષને ભાવનર્યા જીવનને સુકકુ-રુખ્ખુ-ફીકકુ ને નમ નિરાશ બનાવીને તે ચાલી ગઇ

બસ આટલુ કહેવાની સાથે સુરેન ઉભો થયો "સાધના, સાધના એમ જોરથી પુકારતો દીવાના માફક દોડયો ને તરત "ખુ" "ન' 'રણુ' એમ જોરથી ચીસ પાડી જમીનપર ધબાક દઈ પછડાઈ ગયો મે સુરેશ! સુરેશ! એમ બૂમ પાડી દોટ મૂકી



મૌલાના અહમદ અશરફ રાંદેરી

સવાલ—ઇદુલફિત્ર અને શનિવાર થઈ પણ અહીંથી પંદર માઈલના અંતરે ચાંદ શુક્રવારે રાતે જણાયો રંગુની ૨૬ શુક્રવારે ૫૦ તેમજ અહીંના વેપારીઓ પાસે ટેલી ફોન હોવાથી બહારગામથી રિપોર્ટ મળ્યો કે ચાંદ દેખાઈ ગયો છે અને શુક્રવારે ઈદ છે અહીંના વેપારીઓના માણસો લેન ઉપર ગએલ હોય ત્યાંથી પંદર માઈલના દૂરના ગામના શુક્રવારે ૬૦ થઈ એમ જણાવ્યું આ ખબરો મળવાથી અમુક માણસો શહેર કાઝી પાસે જતા શહેર કાઝીએ આ વાત કબૂલ કરી નહિ અને શુક્રવારે રોઝો રાખવા બતાવ્યું ફરી તેમજ ગામના લોકોને પણ શનિવારની ઈદ કબૂલ રાખી બીજા માણસો કે જેમના માણસો ફોનમાંથી આવ્યા હતા તેઓ તથા ટેલીફોન વાળાઓએ તે માટે વાંધો લીધો તો હવે એ બાબતનું નીવારણ કેમ કર્યું? ઈદ શુક્રવારે કરી કે શનિવારે? અને શુક્રવારે રોઝો રાખે તો તે રોઝો હરામ થાય કે નહિ?

જવાબ—ચાંદની સાબેતી સિર્ફ ટેલીફોન ઉપર ભરોસો કરવો જોઈએ નહિ કેમકે ગવાહી માતબર નથી અલબત્ત ટેલીફોનથી વાત કરનારના અવાજને જે માણસ બરાબર યોગ્ય રીતે ઓળખતો હોય કે જેના અવાજમાં જરાએ શક પડતો ન હોય અને તે વાત કરનાર માણસ પણ માતબર આબરૂદાર હોય તો એવી સૂરતમાં આલિમોએ ટેલીફોનની ગવાહીને માન્ય રાખી છે જ્યારે તમારે ત્યાં કાઝીએ ટેલીફોનની ગવાહી માતબર રાખી નહિ અને શનિવારે ઈદ નક્કી કરી એટલે તમારી ઈદ શનિવારે થઈ ગઈ એમાં વાંધો કરવાની જરૂરત નથી અલ્લાહ વધુ જાણનાર છે બાકી જ્યાંએ શુક્રવારે ઈદ ઉજવવામાં આવી હોય તમારે માટે રોઝો હરામ નથી

સવાલ—નિકાહ પછી થોડા વખત ધણી ધણીઆણી તરીકે સાથે રહ્યા પછી એક સુની મુસલમાન પોતાની ઔરતને મોગલ્લઝા એટલે ત્રણ તલાક આપે છે ધણીએ પોતાની ઔરતને એ ત્રણ તલાક પોતાની તન તંદુરસ્તીની હાલતમાં આપી છે પણ ઈદ્દતના ૯૦ દિવસ પૂરા થયા નહિ ને એ માણસ ગુજરી ગયો હવે આ સંજોગોમાં એની ઔરત મરનાર ધણીના માલ અને મિલ્કતમાં વારસ થશે કે નહિ?

જવાબ ધણીએ પોતાની ઔરતને તલાક આપી અને તલાકની ઈદ્દત ખતમ થતા પહેલા ધણી ગુજરી ગયો તો તેના માલમાંથી તેણી વારસ થશે ધણી ઔલાદ છોડી ગયો છે તો તેણીને આઠમો ભાગ એટલે રૂપીઆ એકમાંથી બે આના અને જો ઔલાદ ન છોડી હોવાની બાબતમાં તેણીને ચોથો ભાગ એટલે રૂપીઆ એકમાંથી ચાર આના મળશે તેમજ તેણીના નિકાહ વખતની નક્કી કરેલી મહેર બાકી હશે તો તે પણ વારસા વગેરે આપવી જોઈએ અલ્લાહ વધુ જાણનાર છે

સવાલ—મેં એક મોટું જાનવર કુરબાની માટે ખરીદું છે જેમાં અમરના ચાર ભાગ છે બકરના બે ભાગ છે અને ઝૈદનો એક ભાગ છે હવે એ ત્રણે જણ આ વિચાર પર આવ્યા છે કે આપણે એ જાનવરને ઝબ્હ કરી સારા મસાકીન તથા અહબાબને હિસ્સા તરીકે તકસીમ કર્યા વગર ગોશ્ત વહેંચી દેવું અને આપણે ત્રણે જણે જરૂરત જેટલું લઈ લેવું અમરને પાંચ સેર જોઈએ છે બકરને બારેક

અને એહને ત્રણ રોર તો એ સૂરત જાયઝ છે કે નહિ ? અને હિસ્સાદારો એકુરબાનુ ગોસ્ત લઈ શકે એના માટે શરીઅતનો શુ તરીકો છે ?

જવાબ—કુરબાનીના જાનવરમા બધા ભાગીદારોની નિય્યત કુરબાની અથવા અકીકાની હોવી ઝરૂરી છે એક ભાગીદારની પણ નિય્યત માત્ર ગોસ્ત ખાવાની હશે તો કુરબાની કોઈની પણ દુરૂસ્ત થશે નહિ જે ભાગીદારના જેટલા હિસ્સા હોય તેટલા હિસ્સા બરાબર તોલ કરી આપવા ઝરૂરી છે પરતુ કોઈ ભાગીદારો પૈકી ભાગીદાર પોતાની રાજીખુશીથી પોતાનો ભાગ બીજાને બક્ષિસ કરી આપે એ પણ દુરૂસ્ત છે કોઈ પણ ભાગીદાર પોતાની હાજતને લઈ વિભાગ આપે નહિ અને બધુ પોતાના ખપમા રાખે એ પણ જાઈઝ છે મતલબ કે એક બીજાની નારાજીથી ઓછીવત્તો વહેચણી દુરૂસ્ત નથી

સવાલ—નીલગાય (ગોઝ) પાળેલુ છે, તેની કુરબાની થઈ શકે કે નહિ ? બે વરસ ઉપરનુ છે

જવાબ—નીલગાય (ગોઝ) તેમજ હરણ વગેરે જગલી જાનવરની કુરબાની દુરૂસ્ત નથી

સવાલ—ઉસ્તાદને હુક્કો પીવાની આદત છે તે હાફિઝ પણ છે તો હવે હુક્કો પીતા પીતા હાફિઝ થનાર છોકરાનુ દૌર યા સબક સાભળી શકે કે નહિ ?

જવાબ—કુર્આન શરીફ પઢતી કે પઢાવતી વેળા હુક્કો પીવો જોઇએ નહિ એમા મોટી બેઅદબી થાય છે

સવાલ—હિન્દુઓ બારમુ કરે છે તેમના ત્યા ખાવા ન જાય, છતા પણ મગાવીને તેમના સાથી ખાણુ આવે તો મુસલમાનથી તે ખાણુ ખાઇ શકાય કે નાજાયઝ છે ?

જવાબ—ગેરમુસ્લિમની કોઈ પણ રિવાજી ક્રિયામા મુસલમાને ભાગ લેવો જોઇએ નહિ ખાસ કરી બારમુ તેઓનો ધાર્મિક રસમ રિવાજ છે નાછુટકે ખપ્પુ લેવુ પડે તો ખાય નહિ અને બનતા સુધી એહતેયાત કરે

સવાલ—એક માણસની શાદી એક નાબાલિગ છોકરી સાથે થઈ જે બિલકુલ અણસમજ હતી તેનો બાપ ત્યા મૌજૂદ ન હતો અને શાદીથી ખુશ પણ ન હતો છોકરી બાલિગ થયા પછી તેણીએ આ નિકાહ તોડવાનો દિલમા પાક્કો ઇરાદો કર્યો તો પૂછવાનો મતલબ એ છે કે શરીઅતના કાયદા મુજબ આ નિકાહ તૂટી શકે છે કે નહિ ?

જવાબ—જે નાબાલિગ છોકરીના નિકાહ બાપ અથવા દાદાએ પઢાવ્યા હોય તે નિકાહો તેણી કોઈ પણ સજોગે ફસખ કરાવી શકતી નથી બાપ, દાદા વગરના બીજા કોઈએ નિકાહ પઢાવ્યા હોય તો એવી સૂરતમા તેણી નાબાલિગ હોવાથી બાલિગ થતા તુરત નિકાહને નામજૂર ગણે તો તેણી ફસખ કરાવવાનો હક ધરાવે છે (દુર્રે મુખ્તાર)

સવાલ—મારા નાચીઝને ડરાવવાની ખાતર મારી ઓરતને મે પહેલી એક તલાક તા ૫-૯-૫૨ના આપી ફરી બીજી તા ૫-૧૦-૫૨ ના આપી ત્રીજી તલાકની મુદ્દત આવતા મે છુપી રીતે તા ૧૮-૧૧-૫૨ ના આપેલી બે તલાક વાપસ ખેચી લઈ મારી ઓરત પર પોસ્ટ મારફતે રજુ થવાનુ કાગળ મોકલ્યુ, કારણ કે મારી નીયત ખાસ તલાકની હતી નહી માત્ર મારા સાસુને બીવરાવવા આ કાગળનુ લેવુ કે જેથી મોતી ખર્ચ આપે આ સાથે રજીના કાગળની કોપી તમારા જોવા માટે

મોકલી છે જેથી આપને જણાઈ આવે કે માત્ર બે તલાક આપી છે ત્રણ તલાક આપેલી નથી

જવાબ–તમારો સવાલ તથા રજુઆ કરવાના કાગળથી સીદ્ધ થાય છે કે તમોએ બે તલાક આપી છે, ત્રણ આપેલી નથી, અને રજુઆ મુદ્દતના અંદર નથી માટે બાઇને તલાક પડી ગઈ છે નવેસરથી નીકાહ પઢવા જોઇએ નીકાહ વીના ઔરતને તમો રાખી શકતા નથી

સવાલ–એક માણસના ત્રણ દીકરા અને પાંચ દીકરી હોય તેમા ત્રણ દીકરામાંનો એક દીકરો પોતાનુ ગુજરાન કરવા અશક્ત હોય અને બીજા બે દીકરા બાપની હયાતીમા જુદા થાય અથવા જુદા થવા માગે તો એક દીકરાને અથવા તે બન્ને દીકરાઓને બાપે શુ હીસ્સામે મીલ્કતમાથી ભાગ આપવો? બાપની હયાતીમા શરીઅત મુજબ વહેચણીનો શુ હુકમ છે? અને મરવા બાદ કેવી રીતે દરેકને પોતાની ઔરત સુદ્ધા હીસ્સો મળવો જોઇએ?

જવાબ–અગર જો હયાતીમા બાપ છોકરા છોકરીઓ વચ્ચે વહેચણી કરી આપે તો હનફી મઝહબના હુકમ મુજબ દરેકને સરખે ભાગે આપે, કારણ કે હયાતીમા આપવુ બખશીસ તરીકે છે અને વારસો મરના પછી વહેચવામા આવે છે પરંતુ કોઈ માણસ પોતાના છોકરાઓ પૈકી એક છોકરાને વધુ બચવાળા તેમજ હાજતમંદ સમજી (બીજાઓનો હક ન મારવાની નીયતે) અમુક રકમ અથવા મીલ્કત વધુ આપે એ જાએઝ છે અને જો બીજાઓને હક બાતેલ કરવા એમ કરશે તો થઇ જશે પરંતુ અલ્લાહના નજદીક ગુનેહગાર થશે અને હયાતીમા વહેચવા ઉપરાંત બાપના નામે જે મીલ્કત બાકી હશે, તેમા બાપના મરના પછી બધા વારીસદાર થશે છોકરાઓને ડબલ અને છોકરીને સીંગલ અને જે છોકરાને બાપે હયાતીમા વધુ આપ્યુ છે તે પણ બાપના નામે બાકી મીલ્કતમા વારીસદાર થશે એમની મીલ્કતમા છોકરાઓની ઔરતનો કશો હીસ્સો નથી

સવાલ–નીકાહનો ખુત્બો અરબીમાજ પઢવો જોઇએ? બીજી ભાષા માટે શુ હુકમ છે?

જવાબ–નીકાહનો ખુત્બો અરબીમાજ પઢવો સુન્નત છે બીજી ભાષામા પઢવાથી સુન્નતની વીરૂદ્ધ થાય છે માટે અરબીમાજ પઢવુ જોઇએ ઇજાબ અને કબૂલ કોઈ પણ ભાષાના થઇ શકે છે

વસીયત

કબ્રસ્તાનના નિજરમાન
રખેવાળનું હૃદય—મંથન
આલેખતી એક પ્રેરક
નવલિકા

લેખક 'કિસ્મત'

સાંજના ચારેક વાગે એક સાઇકલ કબ્રસ્તાનના પ્રવેશદ્વાર પાસે ઉભી રહી અને એક યુવાન એના પરથી નીચે ઉતરી એને બારણાના થાંભલા સાથે ટેકવી અંદર દાખલ થયો

પ્રવેશદ્વારમા પ્રવેશતાજ કબ્રસ્તાનના રખવાળની નાનકડી ઓરડી નજરે પડતી હતી પેલા યુવાને ત્યા જઈ બૂમ પાડી, 'કાનુમિયા, ઓ કાનુમિયા !" પણ કશો જવાબ ન મળતા ઘડીક તો યુવાન ચૂપ ઉભો રહ્યો થોડીવારે કાંઇ વિચાર આવતા તે આગળ વધ્યો અને એની ધારણા અનુસાર દૂર એકાદ કબર સમારી રહેલા કાનુમિયા એની દ્રષ્ટિએ પડયા કાનુમિયાએ પણ યુવાનને જોયો એમણે યુવાનની નજીક આવી કપાળેથી પરસેવાના ટીપા નિતારી પૂછયું "કેમ ભાઇ ?"

'કાનુમિયા ! એક મોટી કબર ખોદવાની છે" યુવાને જરા શોકગ્રસ્ત અવાજે કહ્યું

'કઇ તરફ ?' કાનુમિયાએ રાબેતા મુજબ સ્થાન પૂછયુ

'ત્યા કૂવાની બાજુમા " કબ્રસ્તાનના એક ખૂણામા આવેલુ પોતાનું અસ્તિત્વ કોઇ કોઇ વાર જૂની ચરખીના ક્રિચૂડ ક્રિચૂડ અવાજથી જાહેર કરતા કૂવા તરફ આંગળી ચીંધી યુવાન બોલ્યો.

'ભલે ભાઇ !" કહી કાનુમિયા પોતાની ઓરડી તરફ આગળ વધ્યા

'જુઓ કાનુમિયા ! મૈયતને તૈયાર કર વામા વાર નહિ લાગે માટે કબર પણ જલદી તૈયાર કરજો" પોતાની સાઇકલ તરફ જતાં યુવાને કહ્યું

'હમણાંજ કામ શરૂ કરી દઉં છું ને ?' કહેતાકને કાનુમિયા પોતાની ઓરડીમા પેઠ્યા યુવાને સાઇકલને પવન વેગે છોડી મૂકી

• • •

શહેરથી દૂર આવેલા, જીવનની ક્ષણભંગુરતા અને મોતના યશોગાન ગાતા કબ્રસ્તાનની પ્રશાંત આરામગાહો નાદાન માટે માત્ર માટીના ઢગ સમાન હતી જ્યારે બુદ્ધિમાન માટે એમા જ્ઞાનના ભંડાર ભરેલા હતાં રાય અને રંકનો સમાન સત્કાર કરતી કબ્રસ્તાન-ભૂમિની કરૂણ શાંતિમા પણ જીવનને પ્રેરણા પાનાર ગાન અવિરતપણે ગૂંજ્યા કરે છે એની કોણ ના કહી શકે એમ છે ?

કબ્રસ્તાનના રખવાળ કાનુમિયા આજે તો જીવનની અર્ધી સદી વટાવી ગયા હતા કબર ખોદવાનો અને કબ્રસ્તાનની રખવાળી કરવાનો ધંધો કાનુમિયાને એમના પિતા તરફથી વારસામા મળ્યો હતો એમ કહેવામા કશી અવાસ્તવિકતા નથી કાનુમિયા એને એકનિષ્ઠાએ સંભાળ્યે જતા હતા કદી કદી એ પોતાના આયુષ્ય ગ્રંથના પ્રકરણ વાચવા બેસતા ત્યારે એમની આંખ અશ્રુભીની બની જતી એક દિવસ કબ્રસ્તાનની ભયંકર શૂન્યતાથી વીંટળાઇ

રહેલી એમની નાનકડી ઓરડીમાં આનંદનું અજબ સામ્રાજ્ય જામેલું હતું એ સામ્રાજ્યના સર્જકો એટલે કાલુમિયા, એમની નેક પત્નિ, એમનો સોળ વરસનો પુત્ર અને એમની બારેક વરસની પુત્રી, પણ વરસો જતાં ઓરડી પર કબ્રસ્તાનની ગાઢી મૈત્રીની અસર થતાં માંડી માત્ર બે વરસના ગાળામાં કાલુમિયાને પોતાના ત્રણે સ્વજનોની કબરો વેદના ભર્યાં જિગરે ખોદવી પડી અને આજ એમની જીવનસંધ્યા સમે એમની હૃદય—ક્ષિતિજે કુટુંબસુખની સુવર્ણ રંગાવલિ રેલાયેલી નહોતી સેંકડો કબરો ખોદી ચૂકેલા કાલુમિયાની કાયા આજ ૫૩ મે વરસે પણ ૨૭ વરસના જુવાનને લજ્જિત કરે એવી હતી જીવનના ભારમાં આઘાત અને પ્રત્યાઘાતથી અંકિત થયેલા એમના પ્રશાંત ચહેરા પર, જોનારને સન્માન પ્રેરતી શ્વેત દાઢી ઝૂલી રહી હતી જીવનની લગભગ તમામ લાલસાઓથી પર થઈ ગયેલા કાલુમિયા પોતાનો ઘણોખરો સમય ખુદાની જ બંદગીમાં ગાળતા કદી કદી ગતસ્વજનોની કરુણ યાદ એમના આર્દ્ર હૃદયને વ્યથિત કરી એમની આંખોમાંથી અશ્રુબિંદુ ઉતરાવી જતી

જુવાનના ગયા પછી તુરતજ કાલુમિયા પાવડો, ત્રિકમ, કોશ અને બકડિયું લઈ દર્શાવેલી જગ્યાએ કબર ખોદવા ઊપડયા થોડી વારમાં તો એક માનવના શબને આશ્રય આપવા માટે ધરતીએ પોતાનું હૃદય ખુલ્લું કરી દીધું

'આજકાલ ગામમાં મરણ વધારે થતાં હોય એમ લાગે છે" હજી સવારેજ બે કબરો ખોદી ચૂકેલા કાલુમિયા મનોમન બોલ્યા, શહેરમાં મેલેરિયા તો ઘણા દિવસથી ગતિમાન હતો પણ હમણાં હમણાં જાણે એણે ભયંકર સ્વરૂપ પકડવા માંડ્યું હતું

"માણસોની જિંદગી કેટલી દર્દભરી છે! પોતાના સ્વજનોને દફનાવતાં એમના જિગરમાં કેવી વેદના જાગતી હશે?" કાલુમિયાની વિચારશ્રેણી આગળ વધી એમના સમર્થ હાથ ધરતીના હૃદયમાં ઘાવ પર ઘાવ કર્યેજ જતા હતા

"જેનું કોઈ નહિ હોય એવા બિચારા એકલદોકલનું શું થતું હશે? હું મરી જઈશ તો મને કોણ દફનાવશે?" અચાનક કાલુમિયાના હાથમાં ત્રિકમ થંભી ગઈ, એમને પોતાની મોત યાદ આવી ગઈ એ બેધ્યાન થઈને કબર સામે તાકીને ઉભાજ રહ્યા કબ્રસ્તાનના હરિયાળા ઘાસનો સ્વાદ ચાખવા માટે કબ્રસ્તાનના પ્રવેશદ્વારને ઉઘાડવા યત્નો કરી રહેલી ગાયે જો એમનું ધ્યાન ન આકર્ષ્યું હોત તો કદાચ કબરમાં સૂનારની મૈયત આવી પહોંચત ત્યાં સુધી કાલુમિયા એજ દશામાં ઉભા રહેત

હે, હો! ગાવડી!' એમણે ત્યાં ઉભા ઉભાજ પડકાર કર્યો લીલા ઘાસને બદલે ધીંગા હાથનો માર ખાવાને ગાય તત્પર નહોતી એટલે એણે આગળ કૂચ કરી અને કાલુમિયા પણ પોતાનું અધૂરું રહેલું કાર્ય સંપૂર્ણ કરવામાં પ્રવૃત્ત થયા

લોકો મૈયતને દફનાવી ચાલ્યા ગયા એટલે કાલુમિયા પોતાની ઓરડીમાં આવી ખાટલા પર આડા પડ્યા ફરી એમના મગજમાં પેલો અચાનક ટપકી પડેલો વિચાર સળવળ્યો કેમ જાણે એમના સિવાય અન્ય કોઈ કબર ખોદનાર જ ન હોય! ઘડીક તો એમને પોતાના એકલવાયા જીવતર પર ખૂબ તિરસ્કાર આવ્યો પત્નિના અવસાન પછી તક છતાં ફરી લગ્ન ન કરવા બદલ આજે એમને પસ્તાવો થવા લાગ્યો ઓરડીના નાનકડા દ્વારમાંથી દેખાતી આરસ, પત્થર અને માટીની કબરો સામે એમણે જોયું અને એમનાથી આહ નિશ્વાસ

મૂકાઇ ગયો "મારી પાછળ મારી આવી કબર કોણ બંધાવશે? એના પર ફૂલ પણ કોણ ચઢાવશે ને કોણ ફાતેહા પઢશે?" એટલું વિચારતા તો એમને પારાવાર વેદના થઇ હોય એમ એમણે પોતાની આંખો બંધ કરી દીધી, થોડી વારે જંગલની વનરાજિમાં ઝરણું રેડે તેમ એમની અશ્રુધારાઓ એમની દાઢીના સફેદ વાળમાં વહી ગઇ સાંજ તો ક્યારનીય આથમી ગઇ હતી છતાં એમને વાળુ માટે ખીચડી રાંધવાનું પણ યાદ ન આવ્યું દૂર દૂરના ટાવરમાં રાત્રિના નવના ટકોરા વાગવા માંડ્યા અને અચાનક કાનુમિયા પોતાની વિચાર તન્દ્રામાંથી ઝબકી બેઠા થઇ ગયા એમને નમાઝ યાદ આવી અને એમણે ઓરડીની પાસેજ આવેલી નાનકડી મસ્જિદ તરફ પગલાં માંડ્યાં

બીજા દિવસનું પ્રભાત ઊગ્યું હરેક પળે પ્રશાંત જણાતું કબ્રસ્તાન પણ પંખીઓના નાદે ગાજી ઊઠ્યું આજે તો શુક્રવારનો પવિત્ર દિવસ હતો કાનુમિયા અઠવાડિયામાં એકવાર શહેરમાં જુમાની નમાઝ પઢવા જતા બપોરના જમીને નીકળતા તે છેક સાંજે ઘરે આવતા અલબત્ત ખુદા ન કરે ને કોઇ મૈયત થતી તો તેમને જલદી પાછા ફરવું પડતું અઠવાડિયા પૂરતી ખરીદી પણ તે દિવસેજ કરી આવતા જામે મસ્જિદની આસપાસજ એમના જાની દોસ્ત લતીફની કરિયાણાની દુકાન હતી કાનુમિયા જુમા બાદ સાંજ જઇને બેસતા, ચા પાણી પીતા અને પોતાના મિત્ર સાથે પેટ ભરીને વાતો કરતા

"કાનુમિયા, ચાલો'' નમાઝ બાદ કોઇ સાથે વાતો કરવામાં રોકાયેલા કાનુમિયાને લતીફે જોડા પહેરતા પહેરતા બૂમ પાડી

'આવું છું, લતીફભાઈ!'' કહેતાકને કાલુમિયા પેલા સાથે વાત પતાવી આવી પહોંચ્યા અને બન્ને ઊપડ્યા લતીફની દુકાન તરફ

"બેસો" લતીફે કાનુમિયાની થડા સામેની જાજમની બેઠક ઝાપટતા કહ્યું

'યા ખુદા!'' કહી કાનુમિયાએ બેઠક પર જમાવ્યું

દુકાનની માટલીનું ઠંડુ પાણી પીવાનો કાર્યક્રમ પૂરો થતા ચાના પ્યાલા આવ્યા એને ઇન્સાફ આપતા આપતા બન્ને મનોએ અરસપરસના કુશળ સમાચાર પૂછી લીધા

"આજકાલ ગામમાં મેલેરિયા ખૂબ જોર પર છે" લતીફે બીડી સળગાવતાં કહ્યું

'હા, લતીફભાઇ! રોજની બે મૈયતો તો હમણાં હમણાં આપણામાં હોયજ છે" કાનુમિયાએ લતીફની વાતનું સમર્થન કરતા કહ્યું

'અરે, ગઇ કાલે અહીં મસ્જિદમાં એક પરદેશી મરી ગયો તે મહામુસીબતે એના કફન દફનની જોગવાઇ થઇ" લતીફે આગળ ચલાવ્યું

'હા, ભાઇ! આ એકલદોકલનો તો જમાનોજ નથી પાછળ કોઇ ફાતેહા દરૂદ પઢનાર પણ ન હોય એવી જિંદગી જીવ્યા તો પણ ઠીક અને ન જીવ્યા તો પણ ઠીક" કાલુમિયાએ પોતાની હૈયાની વરાળ કાઢી

ઘડીક શાંતિ પ્રસરી ગઇ

'હું મરી જાઉં તો મને દફનાવવા આવશોને લતીફભાઇ?'' કાનુમિયા શાંતિનો ભંગ કરતા સસ્મિત બોલ્યા

'અરે, યાર! શી ખબર કે તમારી પહેલાં હું જ નહિ ઊપડી જાઉં!'' કહી લતીફ હસી પડ્યો અને સાથે કાનુમિયા પણ હસ્યા

ઉપરની વાતને પાંચેક દિવસ થયા હશે ત્યાં તો કાલુમિયાના મિત્ર લતીફનું અવસાન નીપજ્યું એટલે કાનુમિયાને લાગ્યું કે પોતાની અંતિમ

ક્રિયાનો બંદોબસ્ત જલદી કરી લેવો જોઇએ કબરના મોઢે આવી ઉભેલી જિંદગીનો શો ભરોસો ?

આજે કબ્રસ્તાન આખું રોશનીથી ઝગમગી ઉઠ્યું હતું એના પ્રવેશદ્વાર પાસે ફકીરોની હાર લાગી હતી, જરા દૂર લારીઓવાળા અવનવી વાણીમાં પોતાની વસ્તુઓની જાહેરાત કરતા ઉભા હતા અને હમેશા સૂમસામ લાગતું કબ્રસ્તાન આજે અજબ ધમાલથી ગાજી ઉઠ્યું હતું આજે શબે બરાત હતી માણસો પોતાના વહાલા સ્વજનોની આરામગાહો ઉપર સુવાસિત ફૂલો ચઢાવવા અને ફાતેહા પઢવા આવી રહ્યા હતા. કોઈ મોટર કે ગાડીમાં આવતું તો કોઇ સાયકલ પર સ્વાર થઈને આવતું અને ઘણું એ રોજાઓ પગે ચાલીને આવતા હતા

કાલુમિયા પણ આજે અવનવા સ્વાંગમાં હતા કબ્રસ્તાનના રખવાળનું આજે માન ન હોય તો ક્યારે હોય ? રિવાજ મુજબ કાલુ મિયાએ પોતાની ઓરડી પાસે સફેદ ચાદરનો ટુકડો પાથરી રાખ્યો હતો માણસો હોંશે હોંશે એમાં મનગમતી રકમ ફેંકતા હતા કાલુમિયા તો પોતાના સ્વજનોની કબરો પર ફૂલ ચઢાવી ફાતેહા પઢી દુઆઓ ગણગણતા કબ્રસ્તાનમાં ઘૂમી રહ્યા હતા જે કોઇ એમને મળતું તે પોતાના આપ્તજનની કબરની સંભાળ રાખવાની કહી ને કંઇ સૂચના કરી જતું કાલુમિયા તેનો સંતોષકારક ઉત્તર વાળતા

પાછલી રાતે ધીમે ધીમે માનવ મેદની વીખેરાવા માંડી કબ્રસ્તાનમાં ફરી પૂર્વવત્ શાંતિ પ્રસરવા લાગી કાલુમિયા ફરતા ફરતા એક સફેદ આરસપહાણની કબર પાસે આવી પહોંચ્યા કબર પાસે બળતી અગરબત્તી અને કબર પર મૂકેલા સુવાસિત સુમનોથી આસપાસનું વાતાવરણ મઘમઘી રહ્યું હતું કાલુમિયા કોઈ ગહન દ્રષ્ટિએ એ કબરને તાકી રહ્યા. થોડીવારે એ આગળ વધ્યા ઝગમગતી રોશનીમાં એમની નજર બે ત્રણ માટીની કબરો પર પડી એ નજીક સર્યા એમણે જોયું તો એ કબરો પર એક પણ ફૂલ નહોતું એમના પરથી માટી ખરી જતા ઠેકઠેકાણે ખાડા પડી ગયા હતા 'મારી કબરની પણ આવીજ હાલત થશે ?' એમ નાથી મનોમન પૂછાઈ ગયું અને એમણે એક આહ નાખી "ના ના હું મારી કબરની આવી દશા નહિજ થવા દઉં મારી કબર એવીજ થવી જોઇએ" પેલી આરસની કબર તરફ જોઈ એ ગણગણ્યા જ્યારે એ પોતાની ઓરડી તરફ આવ્યા ત્યારે કબ્રસ્તાન કે એની આસપાસ એમની જાત સિવાય બીજું કોઈ રહ્યું નહોતું લારીવાળા અને ફકીરોના અવાજો શમી ગયા હતા અને ફરી સમસ્ત કબ્રસ્તાન પ્રગાઢ શાંતિની ગોદમાં લપાઈ ગયું હતું કાલુમિયાએ પોતાની ચાદરમાંના પૈસા જમા કરી લીધા. આશરે દશેક રૂપિયાનું એ પરચુરણ હતું "આ મારી કબર બાંધવામાંજ વપરાશે" પેટીમાં પૈસા મૂકતા એમણે એ પૈસાનું ભાવિ પણ નિયુક્ત કરી નાખ્યું

કબ્રસ્તાનના રખવાળને વાર તહેવારે આવી એવી આમદાની હોય છે કાલુમિયાની એકલ જાતનો વધારે ખર્ચો નહોતો એટલે એમણે ઠીક ઠીક બચત કરી હતી

બીજા દિવસે કાલુમિયાએ પોતાની મૂડી ગણી એમની પાસે એકાવન રૂપિયા પચ આના રોકડા હતા "આટલા રૂપિયા તો ઘણા થઇ પડશે એમાંથી મારી કબર બંધાવવાની અને જુમેરાત ચાદરો એના પર ફૂલ ચઢાવવાની વસીયત કરી જઇશ" એમણે ફરી પૈસા ગલ્લામાં મૂકી પેટી બંધ કરી કદાચ છેલ્લા પાંચ વર્ષમાં પહેલીજ વાર એને તાળું મારી દીધું

"પણ વસીયત કરવી કોને ?" ખાટલા પર આવી બેસતા કાલુમિયાના મગજમા નવીન જ મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થયો આળસ મરડીને ઊભા થયેના એ પ્રશ્નનુ નિરાકરણ શોધતા જતા વૃદ્ધ કાલુમિયાની શક્તિઓ હારી ગઈ પોતાની વસીયતનુ અક્ષરશ પાલન કરનાર, એમને ખૂબ વિચારવા છતા કોઈ નજ મળ્યુ આખરે કટાળીને એ બહાર ચાલ્યા ગયા

બપોરે કાલુમિયાના હાથમા ટપાલી એક પોસ્ટ કાર્ડ મૂકી ગયો કાલુમિયા તો પત્ર જોઈને આશ્ચર્યમા ગરકાવ થઈ ગયા કેમકે છેલ્લા કેટલાક મહિના નહિ પરતુ કેટલાક વર્ષ થયા એમણે કોઈને પત્ર લખ્યો નહોતો કે એમને કોઈનો પત્ર મળ્યો નહોતો એ પત્ર વચતા મળ્યા એમના એક દૂરના ભાણેજે એ લખ્યો હતો નામ એનુ લાલમિયા હતુ એ કેટલાક વખતથી બેકાર હતો એટલે એણે મામાને કોઈ નોકરી શોધી આપવા લખ્યુ હતુ

"ભાઈ, હુ તે ક્યા નોકરી ગોતવા જાઉ ? મારી કયાય લાગવગ થોડીજ ચાલે છે ?" પત્ર વાચી કાલુમિયા બોલી ઊઠ્યા, અને પત્ર સામે જોઈ કઈક વિચારવા લાગ્યા થોડીવારે એકાએક સ્ફૂર્તિથી ઉભા થઈ ગયા એમના ચહેરા પર અજબ આનદ છવાઈ ગયો હતો

"બસ હમણાજ એને કાગળ લખી અહી બોલાવી લઉ ખુદા તઆલાએ મારી દાઢીની લાજ રાખી મને પણ વસીયતનો પાલનાર આપી દીધો" કહેતાકને એ હાથમા લાકડી લઈ શહેરની ટપાલ ઓફિસે રવાના થયા

પત્ર લખ્યાને ચોથે દિવસે તો લાલમિયા એની સ્ત્રી અને એના બાળકને લઈને આવી પહોંચ્યો કાલુમિયા એ નાનકડા પરિવારને જોઈ ખુશ થઈ ગયા એમને લાગ્યુ કે એમની મોત સુધરી ગઈ

'જો ભાઈ, હુ હવે કબરને કાઠે આવી પહોચ્યો મને હવે મારી જિંદગીનો ભરોસો નથી તુ તારા બાલબચ્ચા સાથે અહીં રહે અને મારૂ કામ સભાળી લે" કાલુમિયાએ પોતાના ખોળામા બેઠેલા લાલમિયાના બાળકને માથે હાથ ફેરવતા ફેરવતા પોતાનો સમસ્ત કારભાર ભાણેજને સોંપી દીધો

લાલમિયા પણ સત્યનિષ્ઠ અને તદુરસ્ત જવાન હતો એણે પોતાના મામાની જવાબદારી ઉપાડી લીધી પોતાને આવા સમયે મદદ કરવા બદલ પોતાના મામાનો અને પરવરદિગારનો એણે હાર્દિક આભાર માન્યો

કાલુમિયા હવે પોતાનો લગભગ બધોય સમય બદગીમાજ ગાળતા એમના પેલા વિરાટ પ્રશ્નનુ નિરાકરણ થઈ જતા એમનુ મગજ પણ સ્વસ્થ અને પ્રફુલ્લ રહેતુ દિવસમા અનેક વાર એ પહેલા આરસ અને માટીની કબરો પાસે જઈ જઈ વિચાર કરતા ઊભા રહેતા લાલમિયાને એમની એ રીતભાત જરા વિચિત્ર લાગતી પણ એ કદીયે એ વિશે એમને પૂછતો નહિ

આખરે એક દિવસ પેલી કબરો અને પોતાના સ્વજનોની કબરો તરફ જઈ આવી પોતાનુ વસીયતનામુ લખી નાખી કાલુમિયાએ સતોષનો શ્વાસ લીધો

લાલમિયાને આવ્યાને એકાદ મહિનો થયો હશે ત્યા તો કાલુમિયાને ખુદાના ઘરનુ આકરૂ તેડુ આવી ગયુ એ પથારીવશ થઈ ગયા કચવાતે મને એમને નમાઝ છોડવી પડી પણ હરદમ એમની જિહ્વા ખુદાનુ નામ રટતી હતી લાલમિયા અને એની પત્નિએ એમની યથાશક્તિ સેવા બજાવી મ લુનો કારમો પજો પોતાના પર પડયો ત્યા સુધી કાલુમિયા સભાન જ હતા મરણ પહેલા એમણે લાલમિયાને પોતાની પાસે બોલાવી કહ્યુ, 'ભાઈ હવે હુ થોડી ઘડીઓ પછી મારી આખો મીચી દઈશ એમ મારો આત્મા મને કહી રહ્યો છે તેં અને તારી ઓરતે મારી ખૂબ સેવા કરી મારી

મોત ઉજાળી છે ખુદા તમને એનો બદલો આપશે" પછી ઓશીકાની નીચેથી ચાવી કાઢી લાલમિયાના હાથમા આપતા ઉમેર્યું, "જો ભાઈ, આ પેલી પેટીની ચાવી છે એમા એક ડબ્બો છે તેમા પચાસ રૂપિયા છે અને એક કાગળ છે એ કાગળ મારૂ વસીયતનામુ છે ભાઈ, મારે કઇ મોટી જાગીર નથી કે લાખોની મિલકત નથી છતા મે મારૂ વસીયતનામુ લખ્યુ છે મને ઉમ્મીદ છે કે તુ મને એ વસીયત મુજબ વર્તન કરવાનુ વચન આપીશ"

"મામા તમે નચિંત રહો હુ તમારી વસીયતનુ બરાબર પાલન કરીશ મામા, મામા !" એ ધ્રુસકે ધ્રુસકે રડી પડયો અને એનુ માથુ કાલુમિયાની છાતી પર નાખી દીધુ કાલુમિયાએ ધીરે ધીરે એના માથા પર પોતાનો વત્સલ હાથ ફેરવવા માંડયો દૂર ખુણામા બાળકને તેડીને ઊભેલી લાલમિયાની પત્નિને પણ એમણે પોતાની પાસે બોલાવી એના અને બાળકના માથા પર હાથ ફેરવી એ પરિવારને દુઆઓ આપી આખરે અલ્લાહનું નામ લેતા લેતા કબરસ્તાનનો એ બુજરગમાન વૃદ્ધ રખવાળ કબરસ્તાનની શાંતિમા ભળી જવા તત્પર થઇ ગયો એ વખતે શહેરની વસ્તી માથી ભીખ માગીને પાછો ફરતો કોઈ સાઈ લલકારતો જતો હતો —

"ખાક કા પૂતલા બનાયા ખાકકી તસ્વીર હય,
ખાકમે મિલ જાય બંદે ખાક દામનગીર હય"

કાલુમિયાના મરણને બીજે દિવસે લાલ મિયાએ પેલી પેટી ઉઘાડી એમાથી ડબ્બો કાઢી પેલુ વસીયતનામુ મેળવી એની પત્નિ સમક્ષ વાંચવા માંડયુ —

"ભાઈ લાલમિયા,

હુ મારી પાછળ આ થોડો ઘણો સામાન અને પચાસ રૂપિયા મૂકી જાઉ છુ મારી તમન્ના હતી કે મારી આરામગાહ આરસથી બાંધવામા આવે, એના પર ફૂલના ઢગ કરવામા આવે પણ એ તો અજ્ઞાન આત્માનો મોહ હતો ખુદાના લાખ લાખ શુક્ર કે દિવસો થયા ઘડી રાખેલુ વસીયતનામુ લખી નાખુ એ પહેલા પેલી માટીની કબરોએ મારો એ મોહ નષ્ટ કરી નાખ્યો. મજકૂર રકમની મારી પાછળ ગરીબોને સખાવત કરી દેજો મારી કબર માટીની જ રહેવા દેજો, એને બાંધવાની જરૂર નથી અને હા, તમને કયારેક ફુરસદ મળે તો મારી અને મારા આપ્તજનોની કબરો પર કાંતેહાના ફૂલો ચઢાવતા રહેજો ખુદા તમને આબાદ રાખે કાલુમિયા "

વસીયતનામુ વાંચી લાલમિયા અને એની પત્નિની આંખો અશ્રુથી છલકાઇ ગઇ પોતાના મામા શા માટે વારંવાર પેલી આરસ અને માટીની કબરો પાસે સ્થિર ઊભા રહેતા હતા તે પણ લાલમિયાને આજે સમજાઈ ગયુ

લેખાંક ૨ જો

તુર્કી વિષે કાંઇક

● સે શાન્ત ●

(તા. ૩૧-૮-૪૩ના રોજ મુંબઈ અન્જુમને ઈસ્લામ હોલમાં પરદેશોના કોન્સલ જનરલોની હાજરીમાં, જીન્નાહ કોલેજ ફોર લેડીઝ, લાહોરના પ્રીન્સીપાલ બેગમ ફાતીમાએ, તુર્કીની સફર અને ત્યાંના અનુભવો બાબત ભાષણ કર્યું હતું તેનો સારાંશ અત્રે આપ્યો છે —લેખક.)

તુર્કીની મઝહબ પાબંદી-હજથી પરવારી વગાના અમોએ તુર્કીની સફર કરી તુર્કી સરહદ પર તુર્કી-રેલ્વેના ડબા ઉપર "હિલાલ" ચીતરેલા જોઈ આનંદ થયો ગાર્ડ, સ્યુટ (Suit) પહેરેલા કપડે દરખ્ત નીચે નમાઝ અદા કરી રહ્યો હતો સીપાઈ કે ઓફિસરો પણ ગળામાં પંજસૂરા યા કુર્આન સાથે જોવામાં આવ્યા •

અંગોરા-શહેર સુધરાઇ અને બાંધકામ અમો ઉતર્યા તે હોટેલ સુંદર હતી કમાલે અંગોરા શહેરને ઉત્તમ બનાવ્યું સાત માઈલના રસ્તા ઉપર કેપીટલના બગનાઓ આવેલા છે સડક (Road) લંડન કે પેરીસથી પણ સારી છે ગાડીની આવજા, બગીચા, રસ્તાની બન્ને બાજુ પબ્લીક પાર્ક, બગના, સ્ટ્રુયો, સંગે મરમરનો પ્રૂટ જેટલો છુટથી ઉપયોગ થયો છે નવા મકાનો તુર્કીની શાન જાહેર કરે છે કાચની બારીઓ બીલ્લોર કાચની છે

મુસાફરો તરફ વિવેક-સરીરે તુર્કીએ અંગોરા બનાવ્યું ગરીબ મુસાફરો પ્રત્યે સલ્તનત તરફથી હમદર્દી છે શાહની દાવત આપી દફતર કચેરીઓ બનાવી મકાનો આલીશાન હતા

તુર્કી સ્ત્રીઓની તાલીમ : ઇસ્મત અનુનુએ ઝનાના સ્કુલ બનાવેલ છે તેમાં સીડીઓ, ગ્લાસ-ડીડા અને ચણતરકામ એવા ભવ્ય છે કે જાણે બાદશાહનો મહેલ! યુરોપમાં એ શાન નથી જણાતી એ શાળામાં ૯૦૦ તુર્કી ખાતુન ભણે છે કસરતનો કમરો ખાસ ધ્યાન ખેંચે છે બાળકીઓ કુદીને છત ઉપર ઉછળીને કુદતી આપણા દેશના છોકરાઓ પણ એ ન કરી શકે! હનાનાઝ-ઓફિસર સ્ત્રી છે મુલ્કની ખિદમત અચ્છી તરહ કરે છે "લડકીયા તેઝ આગકા બની હુઇ હય"

શિક્ષણ અને સ્ત્રી ઉદ્યોગ વઝીરે તાંગીર અલીબેગે પોતાની કારમાં ફેરવી પાણીનો રીઝર્વોયર (Reservoir) તથા નવું તળાવ બતાવ્યા પોતે મઝબુત બાંધાના અને કાર્યશક્તિ સારી ધરાવતા હતા ઘણી ઇઝઝતથી ચાહ પીવડાવી દફતરની ઓફિસ આલીશાન હતી જાણે કે સંગ્રહસ્થાન! પુરાણી તથા નવી ચીજોના મોડેલ જોયા જર્મન પ્રીન્સીપાલથી મુલાકાત થઇ તેમણે શરાબની બોટલ મુકી મેં કહ્યું કે અમારે શરાબ હરામ છે પ્રીન્સીપાલે કહ્યું કે તેણે પહેલીજ વખત મુસ્લિમ બાઇને જોઇ પોતે ખુશ મીજાઝ હતા કોલેજ બતાવી પહેલાં બહારના પ્રોફેસરો ઘણા હતા, હવે મુખ્યત્વે કરીને તુર્કીશ છે અંગુરના એનરો હતા સહશિક્ષણ ત્યાં હતું સાતસોમાંથી બસો છોકરીઓ હતી, જે બાગબાનીનું પણ કામ શિખતી હતી સો દોઢસો છોકરા છોકરીઓ લાયબ્રેરીમાં વાંચતા હતા, ત્યાં એવી તો શાંતિ જળવાતી કે જાણે કોઇ નથી અરબી લીપીમાં લખતા હતા બધા અરબી ખત લખે છે રસ્તામાં જોયું કે બાળકો અરબી પઢી શકતા

કોમૈજ હોસ્ટેલની વ્યવસ્થા-૭૦૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવી સગવડ હતી આઠ સાલ બાદ સરકારી નોકરી સારા પગારથી મળતી ગેસોકુ આધુનિક ઢબે હતુ મોગી દેગોમા ગેસથી (Gas) ખાણુ પાકતુ ખર્ચ સરકાર આપતી

ઈસ્તમબુલની મસ્જિદ -મીસરની મસ્જિદથી મોગી અને દુન્યામા પણ મોગી લખાય છે 'અયા સુફીયા'ને મ્યુઝીયમ કર્યું છે "સુલતાન મસ્જિદ" તથા "નુરૂલ ઇસ્લામ સારી મસ્જિદો છે મદ્રેસાના કમરા પચાસ હજાર તાલીબુન ઇલમ પઢી શકે તેવા કુશાદે છે મસ્જિદોને 'દુલ્હનકી તરહ' સજેલી છે, જેમા વીજળી ઝગમગે છે તુર્કી ટોપીથી કેમ નમાઝ પઢે છે? મુલ્લા સાહેબ સ્યુટ પહેરીને આવ્યા. ટોપી ઉતારી પાઘડી પહેરી બુટ ઉતારી નાખ્યા ઘણાએ ટોપી ઉતારી રૂમાલ બાધી નમાઝ પઢી ઔરતો અલગ નમાઝ પઢે છે દરેક મસ્જિદમા જુમ્મા થાય છે સુલ્તાન અહમદની મસ્જિદ છે ત્યા ૧૫-૨૦ જણા તિલાવતે કુર્આન કરતા હતા અઝાન અરબીમા તેમજ ખુત્બો પણ અરબીમા દે છે અને ઔરતોએ કહ્યુ સુરએ નૂન પઢી?' હાફિઝની તાઝીમ કરે છે 'નુરૂલ ઇસ્લામ' મસ્જિદનુ એક બઝાર છે જેમાથી ચાર હજાર દુકાનો છે ગલીઓ બાજુમા છે વકફ આમદાની મુસાફરો અને મસ્જિદ માટે છે બધાને પગાર આ બઝારોના અકવાફમાથી મળે છે મુલ્લા તાલીમ વાળા હોય છે

ઔરતોની આઝાદી-ગત મહાન યુદ્ધ અગાઉ મોટા મદ્રેસા ન હતા જંગ બાદ આ રીવાજ બદનાયો સ્ત્રીઓએ તાલીમ લીધી હાલમા સ્ત્રી-મુન્સફો, નેકી બેરીસ્ટર, ડાગ્ગાજ, ડૉક્ટર, મ્યુનિસીપાલ ઓફિસર અને અન્ય મુખ્ય હોદ્દા સ્ત્રીઓ ભોગવે છે મોગી સ્કુલમા નવી વીસ વર્ષની સલીયા ખાતુન પ્રીન્સીપાલ હતી ઇંગ્લીશમા ભણી હતી. છોકરીઓ હાથ-ગરીગરીમાં ઉત્તમ જણાઇ કાગળના ફૂલ, બગવા મોજા વિવિધ તરેહની મિઠાઇ બનાવે છે શો રૂમ્સ (Show-Rooms) આના દરજ્જાના હતા તેમને શીખ છે ત્રિ મ્કુલો થાવે છે છોકરીઓ માટે ટ્રેનીંગ સ્કુલો છે તુર્કીના સગ્રહસ્થાનો (Museum) એટલા બધ કામેલ છે કે મહીનાઓ સુધી જોયા જ કરીયે સુલતાનના મકાનોને મ્યુઝીયમ બનાવ્યા છે તેમા સારા ઝવેરાત તખ્તે તાઉસ સૈકડો વર્ષોના સલ્તનતના નમુના વિગેરે પબ્લીક માટે ખુલ્લા હતા.



'કારવાં' એજન્ટસ:-

(૧) મેસર્સ લિમ્બાડા એન્ડ કું
પો. બોક્ષ ૭૯૩૯, જોહાનસબર્ગ

(૨) મેસર્સ તઝા ન્યુસપેપર એજન્સી
નાનકવાડા, કરાચી

(૩) ઓસમાનીયા ટ્રેડીંગ કું
ન્યુસ પેપર એજન્ટસ, રાણાવાવ

(૪) મેમણ ઉસ્માન ઇબરાહીમ
કમલાની બીડ ગેન, વસકસની દુકાને,
ભુજ-કચ્છ

(૫) અ સત્તાર ઇબરાહીમ
ખુરેશી ચોરા, વેરાવળ

"ગાલિબ" બજોદરી

"નઝમે કુર્આન"

("અલિફ—લામ—મીમ"કા પાચવા રકૂઅ)

(સર્વ હક "મઝાક"ને સ્વાધિન છે)

અય ઇસરાઇલકે બેટો કરો તુમ યાદ વોહ નેઅમત,
કે જો મેને તુમ્હે બખ્શી હૈ અઝ રાહે કરમ ઇઝઝત

કરો તુમ અહદ પુરા, અહદ પુરા મે ભી કર દુંગા,
તુમ્હારે ઘર ઝમાને ભરકી આસાઇશ સે ભર દુંગા

અગર રહમાનીયત મેરે લીયે કી હૈ તો અચ્છી હૈ,
ડરો મુઝસે કે ઉસ ડરનેકા ફલ જન્નતકી કુંજી હૈ

જો કુછ મેને ઉતારા, ઉસપે તુમ ઇમાન લે આઓ,
યેહી ઇરશાદ હૈ પાક દીએ કુર્આન લે આઓ

તુમ્હારા જો ઉસૂલે દીન હૈ તસદીક કરતા હૈ,
હકો બાતિલમે યે કુર્આં ભી તેહકીક કરતા હૈ

ઇસી કુર્આનકે, પહેલેહી તુમ મુનકિર ન હો જાઓ,
ન મેરી આયતોકો લેકે કમ કીમતપે તુમ બેચો

મુઝીસે ઇત્તકા કરલો, કે રહબાનીસે બહેતર હૈ,
મુસલમાકી ફકીરી શાને સુલતાનીસે બહેતર હૈ

અભી તક મુન્તઝીર યે બાનીએ ઇસ્લામકે લેકિન
અભી કયા હો ગયા હક બાતકો કેહતે હો નામુમ્કિન

હકો બાતિલકી આમેઝિશસે તુમ અપનાહી ખોતે હો,
યે ગફલત ક્યા કે તુમ જાગે હુએ હો, ઔર સોતે હો

સમઝકર જાનકર હક બાતકો પોશીદા રખતે હો
બુરા કરતે હો ઇન્આમાતકો પોશીદા રખતે હો

નમાઝે પઢતે હો લેકિન બ બાતીન ઘરમે પઢતે હો,
ઝકાતે દેતે હો લેકીન બ ઝાહિર સબસે બઢતે હો

કરો કાયમ નમાઝોંકો દીઓ જાઓ ઝકાત અપની,
ઝુકો તુમ ઝુકનેવાલોંમેં ઉસે સમઝો નજાત અપની

યે કયા તુમ નેકીયોંકા હુકમ ઇનસાનોંકો દેતે હો,
ખબર અપની નહીં રખતે, ખબર અપની ભી લેતે હો

ફિર ઇસ પર ઔર યે તુર્રા કિતાબ-અલ્લાહ પઢતે હો
તુમ્હે અબ ધ્યાન, સમઝાઓ કે ઘટતે હો કે બઢતે હો

સમઝકર નાસમઝ બનનેકા યે અંદાઝ હોતા હૈ,
કે નાસમઝેંકા ભી અપની સમઝ પર નાઝ હોતા હૈ

નમાઝો સબ્રસે ચાહો મદદ જો સબસે મુશ્કિલ હૈ,
મગર જો ઇજઝવાલે હૈ ઉન્હે યે બાત હાસિલ હૈ

જિન્હે માલૂમ હૈ વોહ જાનતે હૈ રબસે મિલના હૈ
ઉસીકી રાહ લેંગે, ઉન્હે કિસ ઢબસે મિલના હૈ

રૂ પારો ખતમ પાચવા રકૂઅ ખતમ

શહેન્શાહ આલમગીરની શિખામણો

રજુ કરનાર સાલેહ ફકીરી

શહેન્શાહ આલમગીર (રહ) હમેશા પોતાના પુત્રોને શિખામણની વાતો લખતા રહેતા હતા એકવાર શાહજાદા મુહમ્મદ આઝમશાહને લખ્યુ કે, એક વખત આલા હઝરત (શાહજહા) ની સેવામા સાદુલ્લાહખાન વઝીર વિનય કરી આવ્યા આપે કારણ પૂછ્યુ વઝીરે કહ્યુ એક પુસ્તકમા કેટલાક ફકરા નઝરે પડયા તે આપ નામદારની સેવામા પેશ કરવાને ઉતાવળો હતો તે ફકરા આ છે

(૧) સલ્તનતનો પાયા ન્યાયથી કાયમ રહે છે

(૨) વીરતા અને ઉદારતાથી સલ્તનત વિશાળ થાય છે અને માન વધે છે

(૩) વિદ્વાનો પાસે બેસવુ અને અજ્ઞાનોથી દૂર રહેવુ અકલમંદીની નિશાની છે

(૪) અકાઈદ (માન્યતા) પર અમલ કરવો જોઇએ (અર્થાત એવુ ન હોય કે માન્યતા કંઈ અને કાર્ય કંઈ)

(૫) દુખો નડ્યે પણ દૃઢ રહેવુ જોઇએ (અર્થાત કેટલીએ મુસીબતો આવી પડે તેનો મુકાબલા મક્કમતાથી કરવો જોઇએ)

(૬) દુન્યવી કામોમા તદબીર કરવામા ઢીલ કરવી ન જોઇએ અને તકદીર પર રાઝી અને શાકિર રહેવુ જોઇએ (અર્થાત જ્યા સુધી બને ત્યા સુધી તદબીરથી કામ લો અને પરિણામ તકદીર પર છોડી દો જો સફળતા મળી તો સારૂ, નહિં તો સમજી લો કે તકદીર એવીજ હતી)

(૭) ખાનદાનનુ લાબી મુદ્દત સુધી કાયમ રહેવુ યતીમો-અનાથો પર દયા કરવા ઉપર અવલંબે છે (અર્થાત તેજ વંશ કાયમ રહી શકે છે, જે યતીમો ઉપર દયા કરનારો છે)

(૮) મુહતાજોની હાજત પૂરી કરવી મુસીબતોથી બચાવે છે

(૯) સલ્તનતની વ્યવસ્થા વઝીરોની સલાહ અને કાબેલીયતથી કરવી જોઇએ

(૧૦) ફકીરોની દુઆની મદદથી ઇન્સાન સફળ અને વિજયી થાય છે

(૧૧) દરમંદોનુ દર્દ દૂર કરવાથી મનુષ્ય તંદુરસ્ત રહે છે

(૧૨) માણસને ગુનાહગારોના ગુનાહોની માફીની ખુદાની રહમતની ઉમ્મીદ રાખવી જોઈએ

આ શિખામણો સાભળીને આલા હઝરત ઘણાજ ખુશ થયા અને તે ભલા ખાનની પેશાની પર ચુંબન કર્યું પાછળા પહોરે ફેટનક ખાન મહમૂદી ઝરદોઝીના તે ખાનને અર્પણ કર્યા આ બયાન કરીને આલમગીર લખે છે અમે આ શિખામણોથી પોતેજ લાભ લેવો મુનાસિબ સમજ્યુ નહિ, જેથી પોતાના વ્હાલા ફરઝંદને તે લખી મોકલી છે ખુદા સૌને અમલની તૌફીક આપે

° ° °

હઝરત શાહ આલમગીર પોતાના પિતાશ્રી શાહજહા બાદશાહની નોટબુકમાથી પોતાના ફરઝન્દ મુહમ્મદ આઝમશાહ તરફ થોડીક સારી શિખામણો લખી મોકલે છે અને ફરમાવે છે "હુ પસંદ કરતો નથી કે એનાથી હુ એકલોજ લાભ લઉં બલ્કે હુ ઇચ્છુ કે ફરઝંદ આલીજાહ પણ ફાયદો ઉઠાવે

(૧) ખરાબ લોકો પ્રત્યે ધ્યાન આપવુ ન જોઇએ

(૨) મતલબ પૂરી ન થવાથી દુખી થવુ ન જોઇએ

(૩) નેક સ્વભાવના માણસને નારાઝ કરવો ન જોઇએ

(૪) અતિશય ઝરૂરત વિના સવાલ કરવો ન જોઇએ

(૫) દીનદાર માણસોનો મહરામ સ્વીકારવો જોઇએ

(૬) જાહિલોને પોતાની મજલિસમા બેસાડવા ન જોઇએ

(૭) લાયક માણસોને પુરા પ્રયત્નોએ શોધી કાઢવા જોઇએ

(૮) હકદારોને સવાલ કરવા પહેલાજ બની શકે તે આપી દેવુ જોઇએ

(૯) પોતાનો સ્વભાવ મધ્યમ રાખવો જોઇએ

(૧૦) અમાન્યતાના કથન પ્રત્યે ધ્યાન આપવુ ન જોઇએ

(૧૧) વિદ્વાનોની ઇજ્ઝત કરવી જોઇએ

(૧૨) તનખ્વ રાખનારઓની ખબરગીરી કરવી જોઇએ, પણ તે મક્કાર ન હોય

(૧૩) તે એકલાનુ અસ્તિત્વ ગનીમત સમજવુ જોઇએ જે ખાનતથી આગો હોય (અર્થાત જે અલ્લાહવાળા હોય દુન્યાનો બંદો ન હોય)

(૧૪) તે કામને અખત્યાર કરવુ જોઇએ, જેમા દુન્યા અને આખિરતનો ફાયદો હોય

તમને રાજ્ય કરવાની ઇચ્છા છે, તો મારા માણસોને શોધી મેળવો ને લાભ ઉઠાવો"

° ° °

હઝરત આલમગીર બાદશાહ એક પત્રમા પોતાના પુત્રને સૈનિકોના દિલ ખુશ રાખવાને માટે શાહજહાની વઝીરોનો તરીકો બતાવે છે, કે તે દરરોજ વહેલી સવારે કાઢવાથી સ્વાગત કરતા હતા પછી નાસ્તા વખતે નાસ્તો અને ખાણા વખતે ખાણુ ખવડાવતા હતા અને રૂખ્સત વખતે સુગંધી અને પાન આપતા હતા તેઓ સૈનિકોના બાળબચ્ચા માટે પણ ખાણુ મોકલતા હતા, કે જેથી તેમના બાળબચ્ચા તેમના એકલા ખાવા પર અને અમીરોની નાહિમ્મતી પર ટોણો ન મારે અને હસરત ન કરે

આલમગીર આ લખીને ફરમાવે છે કે "આગના સમયના એક બુઝુર્ગની પાસે એક શખ્સે ઝમાનાની શિકાયત કરી આપે ફરમાવ્યુ હમણા તો શુક અને હમ્દનો મૌકો છે કે ઇન્સાનને ન રોટીની ચિંતા છે, ન તો જાનમાલના નુકસાનની, અને ન તો દીન ઇમાનની સુસ્તીનો ભય દેખો છે, પરંતુ તે ઝમાનો આવનાર છે જ્યારે કે—(૧) દુન્યાવાળાઓની નિયતો બદનાઇ જશે (૨) ઝાનઝાલના ઝુલ્મો ઝાહિર થશે (૩) ન્યાય અને ઉપકાર તદ્દન રહેશે નહિ (૪) શહેરોના રક્ષકો અને વ્યવસ્થાપકો લુટફાટ કરવા મંડી પડશે (૫) સમયનો સત્તાધિશ ફર્યાદીઓ તરફથી આંખો બંધ કરી લેશે (૬) અમીરો એક બીજાની સલાહથી ઝાલિમોની મદદ કરવા લાગી જશે (૭) ખોટા અને અન્યાયી હકો પ્રગટ થશે (૮) ઔરતો દિલેરી સાથે આગળ વધશે (૯) છોકરીઓ વઝારત સાથે સબંધ ધરાવશે (૧૦) લાયક લોકોને એદિલી અને બેકદ્રીથી જાણી જોઇને સુધારણાના કાર્યોમા શામિલ કરવામા ન આવશે (૧૧) કામ કરવાને લાયક લોકો એકાંતવાસ સેવવા છતા સલામતીમા ન હશે (૧૨) અણઘડ અને નકામા લોકો કામે લગાડાશે (૧૩) પુત્રો પિતાઓને દુખી કરશે (૧૪) પિતાઓમા પ્રેમ રહેશે નહિ (૧૫) નેક ઔરતો ખરાબ પતિઓની બદકારી અને પ્રેમ વિના દુખી થશે (૧૬) વાયદા વખત પર થશે નહિ (૧૭) હાકિમો અનાજને પોતાના સ્વાર્થ માટે મોંઘુ વેચાવશે (૧૮) હાકિમોના ઝુલ્મથી મુલ્ક વેરાન થઇ જશે (૧૯) બાદશાહો અને અમીરોના ઘરોમા બદકાર ઔરતો દાખલ થશે અને (૨૦) મર્દ ઔરતોનો લિબાસ પહેરવાની ઇચ્છા કરશે

ગ્રહો, ચન્દ્રોના ઉચ્ચનીચ, અમાસ, સુગત, મુ ભાઇને ગ્રહથી લાભ થશે કે નહિ, બીજના ચન્દ્રનો વેપાર, રાશી, પનોતી, કોષ્ટક જોખમકારક મહીનાવાર તારીખો મકરસક્રાન્તિના લાભાલાભ આદી બાબતોની સૂક્ષ્મ ચર્ચા છે

ધધારોજગારના ભાવતાલની સાધનાસામગ્રીના પ્રકરણમા રાશીના આંકો, અક્ષરો અક્ષય પાત્રનો તથા યત્રનો કોઠો, રોજની તેજીમદી કાઢવાની રીતો, વીશો યત્ર વગેરેની સમજ છે

રેસમા જીતનાર ઘોડા તથા અફીણના ધંધાના આંક નામના પ્રકરણમા કયો ઘોડો જીતશે, વિજયી ઘોડાની શોધ, ધનબિન્દુ, ઘોડાના નામ પરથી નફો નુકશાન કાઢવાની રીત, શરતમા કયો ઘોડો આવશે અફીણના આંકનો નીર્ણય વગેરે બાબતો સચોટ રીતે બતાવેલી છે

આવનાર વાર્ષિક વ્યાપારી ભવિષ્યના પ્રકરણમા દરેક મહીનાનું ભવિષ્ય વ્યાપારી દ્રષ્ટિએ આપવામા આવેલુ છે આગાહી, વધઘટ, લાભાલાભ તેજીમદી અહેવાલ વગેરેનો એમા સચોટ વર્તારો છે

બારે રાશિની ભવિષ્યવાણીવાળા પ્રકરણમા દરેક રાશીનુ પુરા બાર માસનુ ભવિષ્ય વિસ્તૃત રીતે આપવામા આવ્યુ છે કયા દીવસો લાભકારી છે કયા મહીનાઓમા છનાછનનો, સુખસપત્તીનો યોગ છે તેની પણ ચર્ચા એમા છે

વાર્ષિક સરવૈયાનો વર્તારો—આકાશવાણીની વેપારી વર્ગની સાવધાની આ પ્રકરણોમા ૨૦૦૦ ની સાલની સરવૈયુ સમગ્ર દ્રષ્ટિબિંદુઓની ચર્ચા સાથે સુદર અને સરળ રીતે ચર્ચવામા આવ્યુ છે, વળી એમા ગ્રહમડળ, આકાશ, વ્યોમ, પૃથ્વી વગેરેને લગતા ગ્રહોની સ્થીતી, તેમના ઉદય અને અસ્ત અને તેથી થનારા લાભાલાભની ચર્ચા પણ કરવામા આવી છે

આમ ૨૭ મોટા પ્રકરણોમા ૨૫૦ જેટલા વિષયો ચર્ચતુ આ પુસ્તક વ્યાપારી આલમને માટે તથા સાધારણ જનતા માટે રોજીદા ભોમીયાની ગરજ સારે એવુ છે આ પુસ્તકમા આપેલી બાબતોનો પદ્ધતિસર અભ્યાસ કરવામા આવે અને તે આધારે ચાલવામા આવે તો વ્યાપારની વૃદ્ધિ થયા વગર રહેજ નહી જેમને આસમાની-સુલતાની જોવી છે, જેમને તેજીમદી રૂ, અળસી બીયાના બજારોની સાચ્ચી રૂખ જાણવી છે, જેમને રૂ-અનાજ-સોના ચાદી શેર અને કપાસના બજારોની સચોટ તેજીમદી-આગાહીઓ જ્યોતિષી દ્રષ્ટિથી જાણવા જીજ્ઞાસા છે તેવાઓને માટે આ પુસ્તક બેનમુન છે એમા ૨૦૦૦ની સાલનો વર્તારો રાશીવાર આપીને આ પુસ્તકની મહત્તા વધારી દેવામા આવી છે

વ્યાપારમા વસતી લક્ષ્મીને મેળવવા માટે આ પુસ્તકની મદદ લો એમાં આપેલી સોનેરી ચાવીઓ વડે તમે તમારા ભાગ્યની પેટીઓ ઉઘાડો લક્ષ્મી, સિધ્ધિ, કીર્તિ, માનપ્રતિષ્ઠા અને સુખ એમાથી ક્રમક્રમ કરતા બહાર નીકળશે એને મેળવી તમારો ભાગ્યોદય કરો

આ પુસ્તકની રચના પાછળ અનેક વર્ષોની મહેનત છે અનેક પ્રાચીન-અર્વાચીન ગ્રન્થોનો આધાર છે એટલે એની એક પણ વાત ખોટી નથી જે છે તે સચોટ અને સાચુજ છે એની અવગણના કરવી એટલે પોતાની જાતનેજ નિષ્ફળ બનાવવા બરાબર છે આજેજ ખરીદો! કિમત રૂ ૫) વી પી ખર્ચ ૦-૧૦-૦ અલગ

અંગાર જો,

●

આંખડીનો એમની પલકાર જો,
વીજનો જાણે થયો ચમકાર જો

પાય છે સાકી મને રસ-ધાર જો,
એઉ જગમાં થાય છે ચમકાર જો

કોઈ જગમાં પ્રાણ તો સોંપત નહીં,
મોત માથે હોત ના શણગાર જો

હોશ મારા હોશમાં રેતા નથી
થાય છે દબી તણા દીદાર જો

ના, નથી એયાર પણ કંઈ લાખ છે,
શત્રુના માગ ઉપર આભાર જો

રૂપ એ તો દાસ છે શુદ્ધ પ્રેમનો,
પ્રેમ તો છે ઇશનો અવતાર જો

યાદ પોપી ઉર મહીં પસ્તાઉં હું
ઝખના છે રૂપની અગાર જો

નીચ એવા નીચમાં હોતા નથી,
પારકા હક્કો અરે! ખાનાર જો

નોતરે છે નાશ મનર હાથથી
જીવના જીવન અને લાચાર જો

વિશ્વમાં હસનાર 'શૌકીન' એક છે,
લાખ છે છાને ખૂણે રડનાર જો

"શૌકીન"] [જેતપુર

ઝબકાર જો;

●

રૂપ પર જો, પ્રેમનો શણગાર જો
ચાંદ તારાનો નવો ચમકાર જો

પૂન્ય માથે પાપનો અભાર જો,
એવો છે ઝિન્દગીનો સાર જો

એ બનાવમાં બનો થાતો નથી,
છે સુગંધમાં પુરો મમાર જો

પારખી પચાનમાં તારો હવે,
ધૂળધાણી થાય છે અવતાર જો

રૂપ પોતે આવશે ખેંચાઈને
પ્રેમનો વિસ્મૃત કર વિસ્તાર જો

પ્રાણ પ્યારો સુખ મહીં કરતો નથી
પામા દુ:ખથી ભગી જનાર જો

હાસ્ય એનું હોઠ એના દાંત જો,
સીપ-મોતીનો ખરો ઝમકાર જો

આમરૂના કાંકરાઓ થાય છે,
નામનાની ધૂનમાં રમનાર! જો

છે ઉતાવળ કોઈને મળવાની શું?
કાં? થયો ઉરમાં ફરી ધમકાર જો!

હામ ધર 'મજબૂર' દિલમાં હામ ધર
જો પછી છે કેટના નમનાર જો

"મજબૂર"] [જેતપુર

મેહફિલ

[ચાલુ]

(ઈદ અંકમા આ ગઝલો મોડી મળવાથી અત્રે પ્રગટ કરીએ છીએ) —તંત્રી

-[૨૯]-

વક્ર એના જો કદી લોચન થશે,
કાળને પણ કાળનુ દર્શન થશે !
દૂરથી જો આપના દર્શન થશે,
શ્વાસ છે, નિશ્વાસ પણ દુશ્મન થશે
તેજ પગલાથી તમે આવો નહીં,
તેજ મારા દિલ તણી ધડકન થશે
કોલ આપો છો તમે આવેશથી,
પણ ભલા એ કોલનુ પાલન થશે ?
શત્રુ કરશે કોઈ દિવસ મિત્રતા,
કોઈ દિવસ દોસ્ત પણ દુશ્મન થશે
કોઈ દિવસ હર્ષથી સત્કારશુ,
કોઈ દિવસ અશ્રુથી પૂજન થશે
જો થશે ત્યા આપની પધરામણી,
વન હશે તો વન એ, નંદનવન થશે
આવશે ઘર આગણે, એ ભૂલથી,
ભૂલથી ઘર આગણુ પાવન થશે
આગ મૂકી ઘર મહીં દુશ્મન અરે,
તુ ન સમજ્યો ઘર બધુ વેરાન થશે ?
ના રહ્યુ ચિરગાળ એ રહેશે નહીં,
નાશ તારૂ એક દિન પાવન થશે
વાત નિર્મળથી કશુ વળતુ નથી,
વાત જેવુ કોઈ દી વર્તન થશે ?
એટને તો એકને હુ ચાહુ છુ,
એકના અગણિતમા દર્શન થશે
કાળ તો છે' છે અનાદી કાળથી,
એક દીન ધનવાન તુ નિર્ધન થશે
નાશ તો પામો નથી કહિએ વિનાશ,
નાશમાથી નિત નવા સર્જન થશે
રજમે કઈ રજ 'શયદા'ને નથી,
રજથી પણ એનુ મન રંજન થશે
—'શયદા'] [મુબઈ

-[૩૦]-

રસતણી કુન્જો ફરીથી વન થશે !
રસ કટોરાનુ ફરી પાચન થશે !
રંગથી આવી છે, આજે નવ બહાર,
વિશ્વના ગુલશન ફરી ગુંજન થશે !
પ્રેમના ક્યારા બધે રોપી દિયો,
વિશ્વમા આ, સ્વર્ગનું સર્જન થશે !
રૂપ એકજ છે અને દૃષ્ટિ જુદી,
ભેદની દૃષ્ટિને શુ દર્શન થશે !
રગ તારા પ્રેમનો ઘેરો નથી
ક્યાથી ઘેરા રગનુ જીવન થશે !
શોકના અંતરની જો રંગીનીયો,
જિંદગી 'તારૂ' નવુ શોભન થશે
સ્નેહની વાતો ન કર, સહચર ફરી,
અશ્રુઓથી મારૂ તર દામન થશે !
રગ દર્શન શુ કરે નરગિસની આખ ?
તુજને ક્યારે તુરના લોચન થશે ?
ઉર દહનને તુ નહિ સમજી શકે,
રસતણા ભોગીને શુ દાહન થશે !
જિંદગીની ભાવના મરતી નથી,
મોતની પાછળ ફરી જીવન થશે !
છે કસાનો ધર્મ ક્યા કોઇ 'નસીમ' ?
ઉરની સુરભિ છે–ઉર અકન થશે ?
—'નસીમ'] [મુબઈ

-[૩૧]-

ઐક્યથી છુટા બધા બધન થશે,
વેર સત્યાનાશનુ સાધન થશે !
રોશનીની સભા જ્યા રોશન થશે,
કપટના વેપાર વિસર્જન થશે !
કોઇ હારે યા કે જીતે વેરમા,
આપણે તો બેવડ્ય ચદન થશે !

જાડો હો કે સુકો પાપડ ખેડવુ,
સરખુ રેશન કાડમાં રાશન થશે
'આજ 'ખા કનકી ખબર અલ્લાહ કો,'
એ કહેવતનુ બધે પાલન થશે!
ઘોબ જે બર્લીન પર ઠલવાય છે,
તેથી હીટલરનું પરિવર્તન થશે!
પશ્ચિમી સાયન્સને નોતી ખબર,
ખુદ જગતના નાશનુ કારન થશે!
એ કલંકિત કાળમાં બગાળના,
'નાશમાથી એક નવુ સર્જન થશે'
ખુનખુરાની આહથી સૈયાદનુ
અય' 'ગની' સાચેજ નિકદન થશે!
–'ગની'] [સુરત

–[૩૨]–

હિન્દુ મુસ્લિમ એકતા એકમત થશે,
જ્યારે સહુ હિંદીઓ હિંદી જન થશે
એકતાથી જ્યારે આંદોલન થશે
તો ગુનામીના છુગ બધન થશે

• • •

આસ્થા સાથે અચળ જો મન થશે,
તેજ આઝાદી તણા દર્શન થશે
નોકરી નો નાશ, તન, મન, ધન તણો
'નાશમાથી એક નવુ સર્જન થશે'
લાવશે કુરબાનીઓ કઈ એવો રંગ,
દાદ દેવા ખુદ પ્રભુનુ મન થશે
જોઇ લેશો હિન્દને આઝાદ પણ
આપ મેળે હિન્દ નંદનવન થશે
હિંદ ત્હારી દુર્દશા આ શી થઇ?
એનુ શુ ઇતિહાસમાં વર્ણન થશે?
કઇ વિચારો હિન્દીઓ દિલમાં જરા
ક્યા સુધી આવુ વ્યતીત જીવન થશે?
દેશે જે બલિદાન મૂકિત માર્ગમાં,
એવા યુવકને સદા વંદન થશે
હિન્દથી પેદા કરીશ એવો શહીદ,
જેના ચરણોથી જગત પાવન થશે
ફાળે આઝાદીના જાએ પ્રાણ જો,
તો સફળ સમજીશ મુજ જીવન થશે
એજ મુજ દિલને ધગશ રહે છે 'હબીબ',
હિંદ ક્યારે મૂકત થઇ પાવન થશે?
–મસ્ત 'હબીબ'] [સુરત

ઇસ્લામ પ્રચાર

લેખક 'તાજ' [વદિર]

(ગતાંકથી ચાલુ)

ગુજરાત—કચ્છ.—મનસાર પછી ઇસ્લામ પ્રચારનુ કેન્દ્ર મુલ્તાન અને ઓછ બન્યુ કે જે મુલ્તાનથી એસી માઇલ દૂર નૈઋત્ય ખૂણામાં આવ્યુ છે એ આશ્ચર્યની વાત છે કે અરબ વિજયીઓથી કઇ સબધ ન ધરાવતી એક ટાળીએ અહિ વ્યવસ્થાપૂર્વક ઇસ્લામ પ્રચારનુ કાર્ય આરભ્યુ એ ટાળી હુસન બિન સબ્બાહના અનુયાયીઓની હતી હસન બિન સબ્બાહની વફાત ઈ સ ૧૧૨૪ મા થઇ એના પ્રચારકો નવમા સૈકામા કાહેરાથી હિદમા આવવા લાગ્યા ને ધીમે ધીમે એમણે સિધ ને પશ્ચિમ પજાબમા પોતાનો કાબૂ મેળવ્યો હિદુસ્તાન ઉપર મહમૂદ ગીઝનવીની ચઢાઇઓનો મૂળ હેતુ આ લોકોનો નાશ કરવાનો હતો જેથી એણે મનસુરાના ઇસ્માઇલી ગવર્નરનો પરાજય કરી ત્યા એક સુન્ની મુસલમાનની નિમણૂક કરી મહમૂદના ગયા પછી ફરી આ લોકોએ કબ્જો કરી લીધો જેથી મહમદ ઘોરીએ બીજી વખત ઈ સ ૧૧૭૫ મા મુલ્તાન સર કરી તેમના હાથમાથી પડાવી લીધુ સુલ્તાન મહમદ ઘોરીનુ મૃત્યુ પણ આ લોકોના એક પ્રચારકના હાથે થયુ હતુ ઇતિહાસકારો એ લોકોને કરામતીન પણ કહે છે ઇસ્માઇલીયા પથના પ્રચારકોએ પહેલા ઓછને પોતાનુ કેન્દ્ર બનાવ્યું હતુ, પરતુ થોડાજ સમયમા એ ભાગ સુન્ની પીરો અને હાકિમોનુ કેન્દ્ર બની ગયુ જેથી ઘણાખરા ઇસ્માઇલીઓ ગુજરાત અને કચ્છમા આવી વસ્યા હાલમા વહોરા અને ખોજા કોમમા કેટલાક લોકો એવા છે કે જેમના વશજો સિધને મુલ્તાનનો ત્યાગ કરી ગુજરાતમા આવી વસ્યા હતા

ઈ સ ૧૯૨૧ની વસ્તી ગણત્રી પ્રમાણે વહોરા કોમ દોઢ લાખથી કાઇક વધુ છે તેઓ બધા હિદુઓમાથી મુસલમાન થયા હતા. એ લોકો ફાતમી ખલીફા અલ મુસતનસરના ગાદી વારસ અલમતઅલીને માને છે, પરતુ ખોજા કોમ અલમતઅલીના ભાઇ નઝારને માને છે કેટલાક વહોરાઓનું કથન છે કે હિદમા એમના ધર્મનો પ્રચાર સૌથી પહેલા અબ્દુલ્લાહ યમનીએ કર્યો, જેઓ ઈ સ ૧૦૬૭મા ખભાત આવ્યા હતા. જેમની વફાત ઈ સ ૧૧૭૭મા થઇ મઝાર આજે પણ ખભાતમા છે

વહોરા પ્રચારકોનુ શાત પ્રચાર કાર્ય સૈકાઓ સુધી ચાલુ રહ્યુ કેટલીક વેપારી કોમો એ પથમા જોડાઇ એ લોકો ઘણી ખરી બાબતોમા હિદુઓથી મળતા છે વારસાના કાર્યમા એ લોકો શરીઅતના પાબદ નથી બ્યાજ લે છે ને આપે પણ છે દિવાળીના પ્રસગે હિદુઓની જેમ પોતાના ચોપડાઓ બદલે છે તદુપરાત કેટલીક બાબતોમા તેઓ આમ મુસલમાનો કરતા શરીઅતના ઘણાજ પાબદ છે એમનો પહેરવેશ આમ જનતાથી જુદો છે ઘણા ખરા ચાડગ શ્રદ્ધાના વહોરા દાઢી રાખે છે, હિદુઓના હાથની મિઠાઇ પણ ખાતા નથી અને હિદુ ધોબીઓથી કપડા પણ ધોવડાવતા નથી જો ધોવડાવે છે તો ફરી તેને પવિત્ર કરી દે છે

વહોરાઓની બે જમાત છે એક સુલેમાની

અને બીજી દાઉદી એમની ભિન્નતા પણ વ્યક્તિત્વ પર છે કેટલાક વહોરા ગુજરાતના સુલતાનોના સમયમા સુન્ની મુસલમાન થઈ ગયા તેઓ ઘણે ભાગે ખેતી કરે છે ઘણા ખરા શિઆ વહોરા વેપાર કરે છે એમા દાઉદી વહોરા આગળ પડતા છે એમની જમાત વ્યવસ્થિત તેઓ સુરતના વડા મુલ્લાજીના હુકમને આધીન છે મુલ્લાજી સાહેબને જમાત સબધીના તમામ અખતીયાર સોપવામા આવ્યા છે એ લોકો આમ મુસલમાનોની મસ્જિદમા નમાઝ પણ પઢતા નથી એમની ઇબાદતગાહો જુદી છે કબ્રસ્તાનો પણ જુદા છે ઈદો અને બીજા તહેવારામા પણ તેઓ આમ મુસ્લમાનોથી જુદા પડે છે માત્ર ત્રણ વખત નમાઝ પઢે છે સવારે બપોરે અને સાજે જુમ્માની નમાઝ જમાતની સાથે પડતા નથી ગુજરાતી ભાષા બોલે છે દાનના મુલ્લાજી સાહેબ અરબીના ફાઝીલ છે હજ પણ કરી ચૂકયા છે ખેરાતી કાર્યમા પણ સારો ભાગ લે છે એ પણ પોતાની જમાતને માટે જુદો વાડો ખવાનો મક્કમ ઈરાદો ધરાવે છે આજે પણ આપણે કોઈ વહોરાને પૂછીએ કે તમારો ધર્મ શો છે? તો તે મુસલમાન કહેવાને બદલે **વહોરા** કૌમ બતાવશે

ઈસ્માઈલી આસ્થા ધરાવનારાઓની બીજી જમાત ખોજા જમાત છે જે પજાબ, સિધ, કચ્છ અને કાઠીયાવાડમા જોવામા આવે છે એમના પ્રથમ દાઈ નૂર સાગર હતા જેઓ બારમી સદીમા ફાતીમાઅલ મોતથી મોકલવામા આવ્યા હતા એમણે ગુજરાતમા આરી પ્રચાર કાર્ય આરભ્યુ ને પોતાની કરામતોથી ઘણા લોકોને પોતાના અનુયાયી કર્યા. એમણે પોતાનો નામ હિદુ જેવો રાખ્યુ છે પરતુ મુસલમાનો એમને નુરૂદીન કે સૈયદ સઆદત કહે છે એમણે કણબી રાઠો' અને કોળી લોકોને કે જે ગુજરાતની નીચ જાતો ગણાતી તેને ઇસ્માઇલીયા પથમા દાખલ કર્યા એ પથના બીજા બુઝુર્ગ પીર શમસુદ્દીન હતા જે ઇરાકથી ઓછમા આવી વસ્યા હતા ત્રીજા પ્રચારક શેખ સદરૂદીન કે જેઓ ખરાસનથી સિધ આવ્યા હતા અમણે પોતાના પ્રચાર કાર્યના નિયમ મુજબ પોતાનુ નામ હિદુ સમ રાખ્યુ હતુ અને કેટલીક હિદુ ધર્મની માન્યતાઓને એમણે સચ માની હતી કે જેથી ઇસ્માઇલીયા ધર્મનો પ્રચાર સહેલાઇથી થઇ શકે એમણે એક પુસ્તક દસ અવતારના નામથી લખ્યુ છે જેમા રસુલે અકરમ (સ અ વ.) ને બ્રહ્મા હઝરતઅલી (ર અ) ને વિષ્ણુ અને હઝરત આદમ (અ સ) ને શીવ તરીકે આલેખ્યા છે આ પુસ્તક ખોજા કોમનુ પવિત્ર પુસ્તક લેખાય છે અને એનુ વાચન ધાર્મિક મેહફિલોમા ને મરણ પ્રસગે [illegible]ના બિસ્તર પાસે પઢવામા આવે છે પીર સદરૂદીન સાહેબે પહેલા સિધમા પોતાની માન્યતાઓનો પ્રચાર કર્યો પછી કચ્છ અને પશ્ચિમ હિદના બીજા ભાગોમા જેથી આજે પણ ખોજા કૌમના લોકો એ ભાગમા વધુ પડતા નજરે આવે છે

હિદુસ્તાની ખોજાઓની પણ બે જમાત છે એક તો ઉત્તર પજાબ અને ચિત્રાલમા રહે છે અને બીજી આગાખાની કે જે કચ્છ કાઠીયાવાડ અને પશ્ચિમ હિદમા રહે છે એમની સખ્યા વધુ નથી પરતુ જમાતનુ બધારણ ઘણુ જ સરસ છે વેપારમા પારસીઓ અને ગુજરાતીઓની હરોળમા છે વહોરાઓની સરખામણીમા કે જેમણે પશ્ચિમ વિદ્યાને મહત્વ આપ્યુ નથી પરતુ ખોજા કૌમે એ વિદ્યા સારી રીતે પ્રાપ્ત કરી છે પહેરવેશમા પણ વહોરા અને બીજી કૌમો કરતા તેઓ પશ્ચિમનુ

અનુકરણ પણ કરે છે સ્ત્રીઓ પડદો કરતી નથી એમના કેટલાક ખાનદાન ઇરાની વંશના છે, તે એક આગળ પડતી કોમ છે સર આગાખાન, મીસ્ટર મહમદઅલી જિન્નાહ ને સર ઇબ્રાહીમ રેહમતુલ્લા કે જેઓ એ જમાતના છે પરંતુ એમના વ્યક્તિત્વનો પ્રભાવ તમામ મુસલમાનો ઉપર છે એ જમાતના હાલના સરદાર હિઝ હાઇનેસ આગાખાન ત્રીજા છે જેમના દાદા ઇ સ ૧૮૪૦ મા હિંદ આવ્યા હતા આગાખાને પોતાની સદ્‌બુદ્ધિ ને અનુભવથી એ કોમને આર્થિક તેમજ રાજ્યદ્વારી ખીલવણી આપી છે પોતાની જમાતનુ બંધારણ પુરાતન નિયમો ઉપર કાયમ રાખ્યુ છે પોતાની જમાતનુ લક્ષ આમ મુસલમાનો તરફ દોરી તમામ અગત્યના અને કટોકટીના સમયે મુસલમાનોને સાથ આપી મુસલમાનોમા સારૂ માન સંપાદન કર્યુ છે પરંતુ આમ મુસલમાનોને વહોરા અને ખોજા કોમથી એ શિકાયત છે કે એમના ફંડ, દવાખાના, અને સ્કૂલોનો માત્ર એજ કોમ લાભ ઉઠાવે છે બીજી મુસલમાન કોમને એથી કંઇ ફાયદો પહોંચાડતા નથી પરંતુ કહેવાય છે કે હવે ખોજા જમાતે ધીમે ધીમે એ કાર્યમા પોતાની દ્રષ્ટિ વિશાળ કરી છે અલીગઢ યુનિવર્સિટીના બંધારણમા એમણે સારો ફાળો આપ્યો હતો ને હવે તમામ કોમી કાર્યોમા ભાગ લે છે

વહોરાઓ અને ખોજાઓની માન્યતાઓ અને જમાતના બંધારણમા કેટલીક બાબત એવી છે કે જેથી લોકોને આશ્ચર્ય ઉપજે છે હાલમા એ પંથના નવયુવાનોએ એ બાબતો સામે સુધારાનો સૂર કાઢ્યો છે એ વાત ઠીક છે કે જમાતના બંધારણમા તેના સરદારને કેટલાક અખતીયારો આપવા જોઇએ પરંતુ એ અખતીયારો જમાતના ઉન્નતિ અર્થે વાપરવામા આવે એ ઠીક સિવાય જેથી જમાતના લોકો એમની સામે કંઇ પણ બોલી શકતા નથી

ગુજરાત અને કચ્છમા ઇસ્માઇલીયા પ્રચાર કાર્યના પ્રયત્નો માત્ર સુવ્યવસ્થિત નહિ બલ્કે બીજા મુસલમાનો કરતા પહેલા આરંભાયા હતા જો કે બીજા મુસલમાનો એ વખતે ગાફિલ ન હતા સૈયદ યુસુફુદ્દીને પ્રથમ સિંધમા અને પછી કચ્છમા ઇસ્લામનુ પ્રચારકાર્ય કર્યુ ને લોહાણા કોમના લોકો એમના હાથે મુસલમાન થયા ઉપરાંત કચ્છના કેટલાક લોકોને મલેક અબ્દુલ લતીફ હાલ શાહે મુસલમાન કર્યા જ્યારે ગુજરાતમા મુસલમાન સુલ્તાનોની હુકુમત જામી ને ખંભાત હિંદુસ્તાનનુ અગત્યનુ બંદર બન્યુ ત્યારે મક્કાને ઉત્તર હિંદુસ્તાનથી લોકો અહિ આવતા જતા એમા કેટલાક ઓલીયા અકરામ અને મુશાઇખો પણ હતા જેમના મઝાર આજે પણ જ્યા ત્યા નજર આવે છે એમણે અહિ ઇસ્લામ પ્રચાર કાર્યમા ઘણો અગત્યનો ભાગ ભજવ્યો સુન્ની મુસલમાનોએ માત્ર બીન મુસ્લિમ કોમમાંજ પ્રચાર કર્યો નથી બલ્કે શેખ તાહીરૂદ્દીન (રેહ) ને બીજા બુઝુર્ગોએ વહોરા કોમના અનેકોને સુન્ની ધર્મી બનાવ્યા જેથી આજે ગુજરાતમા સુન્ની મુસલમાનો શિયા મુસલમાનો કરતા બહુમતીમા છે એક કોમની વસ્તી કુલ્લ વસ્તીના દસમા ભાગ જેટલી છે

સંપાદક
રિફાઈ-સાબેરી

દીદારે રસૂલ (સ૦અ૦)

[સર્વ હક સંપાદકને સ્વાધિન છે]

દીન દુન્યાની બેહબૂદી, દરેક ગુન્હાની માફી વગેરે માટે-હઝરત અબુ હુરૈયાહ (રદી) થી રિવાયત છે કે "જનાબ રસુલિલ્લાહ (સ૦અ૦)એ ફરમાવ્યુ છે કે રૂકને યમાની પર ૭૦ ફરિસ્તા છે તેઓ જ્યારે કોઇ માણસ (નીચે લખેલ) આ દુઆ પઢે છે તો તે ફરિશ્તાઓ "આમીન" કહે છે આ દુઆના બીજા અનેક ફાયદાઓ હદીસ શરીફમા છે તેમજ બુઝુર્ગોએ દીન પણ ફરમાવી ગયા છે પઢનારને એના ફાયદા માલુમ પડતા જશે

અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકલ અફ્વા વલ આફેયતા ફીદ્દીને વદદુન્યા વલ આખેરા અલ્લાહુમ્મા આતેના ફીદ્દુન્યા હસનતંવ વ ફીલ આખેરતે હસનતવ વકેના અઝાબન્નાર

અગર જેટલા માથી નાકેના હોય તેમજ દરીયાઓથી પણ વધુ ગુન્હા હોય તો મજકુર દુઆ કસરતથી પઢવાથી ઇ અ બધા ગુન્હા ખુદાપાક માફ કરી દેશે, તેમજ અગર કોઇએ એવી દુઆ માગી લીધી હોય કે 'યા અલ્લાહ તારે જોઇએ તો દુન્યાના મને ગમે તે કાનનમા નાખ પણ આખેરતના અઝાબ વગેરેથી બચા વજે" અને જો તે માણસ બીમારી, મુશ્કેલી, મુસીબત વગેરેમા પકડાયો હોય તો મજકુર દુઆ કસરતથી પઢતા રહી દુઆ માગેયો છ અ દરેક મુસીબત વગેરે ખુદાપાક દૂર કરી દેશે

તંગદસ્તી-ગરીબાઇ દૂર થવા વગેરે માટે —

જુમ્માને દહાડે બપોરના વખત, માત્ર ચાર રકાઅત નફીલ પઢે આ નમાઝ બનતા સુધી દર જુમ્માએ પઢવી, જો ન થઇ શકે તો દર મહીને, અને એ પણ ન થઇ શકે તો વરસમા એક વખત જરૂર જરૂર પઢવી જોઇએ, એને હરગીઝ છોડવી જોઇએ નહીં આ નમાઝ પઢનાર કદીપણ ફકીર થશે નહીં, ફકીર (એટલે ગરીબ) હશે તો ઇ અ ધનવાન થશે, કમનસીબ હશે તો ઇ અ નસીબદાર થશે અને દીન દુન્યામા ઇજ્જત હાસિલ કરશે એ ઉપરાંત જમીન અને આસમાનની મખલુક એકઠા થઇ એનો સવાબ લખવા માગે તો પણ એનો પૂરેપૂરો સવાબ લખી શકે એમ નથી મારા અલ્લાહ ! કેવી નેક નમાઝ છે, ખુદાપાક સૌને એની રગબત આપે આમીન

ચાર રકાઅત નફીલની નિય્યત કરી નમાઝ શરૂ કરવી દરેક રકાઅતમા સુરએ ફાતેહા એક વાર, પછી પૂરી આયતુલ કુર્સિ, સુરએ કુલયા અય્યોહલ કાફેરૂન, કુલહોવલ્લાહો અહદ, કુલ આઉઝો બેરબ્બિલ ફલક, અને કુલ આઉઝો બેરબ્બિન્નાસ, દરેક પૂરી સુરતો દશ દશ વખત પઢવી એ મુજબ ચારે રકાઅતમા પઢવુ અને સલામ ફેરવ્યા પછી અસ્તગફેરૂલ્લાહ ૭૦ વખત અને સુબ્હાનલ્લાહે વલહમ્દો લિલ્લાહે વલાઇલાહા ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર ૭૦ વખત પઢવુ, અને અગીઆર વખત અથવા કમતીમા કમતી ત્રણ વખત નીચે લખેલ દુઆ પઢવી — અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા ય અતવજ્જહો અલૈકા બેહુબ્બીબેકલ મુસ્તફા ઇન્દકા યા હબીબના યા સૈયેદના મોહમ્મદ ઇન્ના નતવસ્સલો બેકાઇલા રબ્બેકા ફરક્અલના ઇન્દલ મૌલલ અઝીમે યા નેઅ

મર્હુમુલ્લાહિરો એની શરૂઆત તેમજ પટી ગ્યા પછી અગીઆર અગીઆર વખત દરૂદ શરીફ જરૂર પઢવું મજકુર કામ ઓ ઉપરાંત જે કઇ હાજત, મુરાદ કામ વગેરે માટે તે કામ પૂર્ણ થાય ત્યા સુધી દર જુમ્આએ મજકુર રીતે મજકુર નમાઝ પઢવામા આવશે તો ઇ અ ધારેલુ કામ ખુદાપાક બહુ જલદી પૂર્ણ કરશે

દુઆ કબુલ થવા માટે—

જેને ખુદાપાકથી કઇ હાજત વગેરે હોય તો તેને જોઇએ કે પોતાના નામના અદદ ગણી તેટલી વખત નીચે લખેલ દુઆ દરરોજ પઢવી કામ પૂર્ણ થાય ત્યા સુધી દુઆ શરૂ કરવા પહેલા વચ્ચે અને છેલ્લે અગીઆર અગીઆર વખત દરૂદ શરીફ જરૂર પરંતુ ઇ અ બહુ જલદી કામ પૂર્ણ થશે

(૧) અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા ફુઇન્ની અસ્હદોઅન્નકા અંતલ્લાહુલ્લઝી લાઇલાહા ઇલ્લા અંતલ વાહેદુલ અહ-દુસ્સમદુલ્લઝી લમયલિદ વલમ યુલદ વલમ યકુલ્લાહુ કોફોવન અહદ

(૨) અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બેઅન્ના લકલ હમ્દો લાઇલાહા ઇલ્લા અંતલહન્નાનુલ મન્નાનો બદીઉસ્સમા-વાતે વલ અર્દ યાઝુલજલાલે વલ એકરામે

(૩) યા હય્યો યા કય્યુમો બેહકકે લાઇલાહા ઇલ્લા અંતા સુબ્હાનકા ઇન્ની-કુન્તો મિનઝ્ઝાલેમીન

ઇમામ અન્નામ (રદી૦) થી રિવાયત છે કે-હુઝુરે (સલ૦) ફરમાવ્યુ કે-જે માણસ જુમેરાતે રોઝો અને અસરની વચમા બે રકાઅત નમાઝ જેની પહેલી રકાઅતમા 'સુરએ ફાતેહા" એક વખત અને "આયતુલ કુર્સી" ૧૦૦ વખત અને બીજી રકાઅતમા સુરએ ફાતેહા' એક વખત અને "સુરએ ઇખ્લાસ કુલહોવલ્લાહ" ૧૦૦ વખત પઢી સલામ ફેરવી ૧૦૦ વખત દરૂદ શરીફ પઢશે તો તેને રજબ શાબેઆન અને રમઝાન એ ત્રણ મહીનાના રોઝા રાખવા જેટલો સવાબ, તેમજ હજ્જે બૈતુલ્લા કરવા જેટલો સવાબ મળશે અને એ ઉપરાંત જેટલા મોમિન-મુસલમાનો હોય તેમની ગણ્તી પ્રમાણે નેકીઓ મળશે

દરેક મુશ્કેલ આસાન થવા તથા દરેક હાજત પૂરી થવા

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદી૦)થી રિવાયત છે કે-હુઝુરે (સલ૦) ફરમાવ્યુ છે કે-જે કોઇને ગમે તેવી મુશ્કેલ આવી પડી હોય અગર ગમે તેવી (શરીઅત મુજબ હલાલ) હાજત હોય તો તેને જોઇએ કે બુધ જુમે રાત અને જુમ્માના રોઝા રાખે અને જુમ્માને દહાડે ન્હાય ધોઇ સાફ કપડા પહેરી અને જો તકલીફ હોય તો અમુક સદકો લઇ મસ્જિદમા જઇ જુમ્માની નમાઝ પઢી રહ્યા બાદ (નીચે લખેલ) આ દુઆ પઢે ઇ અ બહુ જલદી કામ થઇ જશે આપે (સલ૦) વધારામા એ પણ ફરમાવ્યુ છે કે 'આ ભેદ અને રાઝ બેવકુફોને કહેવો નહિ કેમકે નહિ તો તેઓ ગમે તે (શરીઅત વિરૂધ્ધના) કામ માટે એનો ઉપયોગ કરશે

અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બેઇ-સ્મેકા બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમીલ્લઝી લાઇલાહા ઇલ્લા હોવલ હય્યુલ કય્યુમ, લાતાખોઝોહુ સેનતુવ વલા નોમલ્લઝી મલાઅત અઝમતોહુસ્સમાવાતે વલ આર્દે-લ્લઝી અંતા લાહુલ વોજૂહો વ ખશઅ-તિલ્લહુલ અસ્વાતો વ વજલતિલ કોલૂબો મિન ખશયતેહી અંતોસલ્લી અલ મોહમ્મદીન સલ્લલ્લાહો અલૈહે વ સલ્લેમ વ અંતાઅતેની હાજતી

સ્વીકાર અને સમાલોચના

ચિત્રપટ દિવાળી અંક [મુંબાઈ] કીં રૂા ૧॥ મુંબઈની નીકળતા તમામ સીને પત્રોમાં અત્યાર ચિત્રપટનો મોટો ફેલાવો છે. મનસુખલાલ ત્રિવેદીના તંત્રીપણા નીચે એનો પચીસમો નંબર છે. એના મર્હુમ તંત્રી નગીનદાસ નારણદાસ બ્રોકરનું નામ બોલ અને જાણીતી એ પત્ર મોખરે આવ્યું છે. તેની કીર્તિને શોભ આપે એવો દળદાર અને જોવામાં રંગીન તથા વાંચવામાં રંગીન અંક મહનાભાઈના વર્તમાન સંપાદક જમનાદાસ નંનદજીને અભિનંદન ઘટે છે. સુંદર શાહ, મધુર, મસ્તફકીર, ગોમર નિમાર, પ્રેમ ન... નાઇ નામું ઠકર, હુ.મત ઓઝા વગેરેના લેખો ને મનિયો ખાસ ધ્યાન ખેંચે છે.

બે ઘડી મોજ દિવાળી અંક [મુંબઈ] તંત્રી ... નાયદા કીં ૨) અમદાવાદ ... અર્પણ કરવાની નવી પ્રથા ... ખેંચે છે. ... મોતીલાલ મુનશી ગોપાલજીનો દિવાળી અંક બહાર પાડતી વખતે નોખોજ તરી આવે છે. મુનશીજી ... ના બંધા દિવાળી અંકોમાં બે ઘડી મોજના દિવાળી અંકના મૌલિક ... નવલિકાઓ પીરસાઈ છે. ... અને રંગીનતા પણ ધ્યાન ખેંચે એવી છે. જેટલા મહાલમો અને મનિયો છે તેનો ઉલ્લેખ કરવાનેય અવકાશ નથી. આવો સરસ સુંદર અંક કાઢવા માટે ગજ... મહારાજને મમાં ... પેશ કરીએ છીએ અને સાથે એ પણ જણાવીએ કે ... કાઢ્યા પછી ... પ્રાપ્ત થયો હતો।

દેશબંધુ દિવાળી અંક. [મુંબઈ] [રૂા ૧) ... મુંબઈને જન્મમાં આ અંક ... પણ ... રંગીન ... અને ... પસંદગી ... શ્રી ... આ ... આવો ... તે કેમ પરવડે ? આજ તો ... ને નહિ ... ના ... જુવે છે

તેજ ચિત્ર દિવાળી અંક [મુંબઈ] મુંબઈનું આ સુંદર માસિક ... જાય છે. ૪ આનામાં સૌથી સુંદર દિવાળી અંક કાઢવામાં ખરેખર સાહસ કર્યું છે. ચિત્રો અને લેખોની વિવિધતા સારી છે. ... એ ... એમ ... છે. પૈસા અને મહેનત સફળ થઈ છે એમ ... પણ વાચક કહી ... ।

શ્રીમદ્ હાર્ડીકર હાર્ડીકર ... રીયાનું નામ વર્ગોથી ગુજરાતમાં ગાજતું થયું છે. આજેય તેમના ... અને હાર્ડીકર ... સુરત, નવસારી, અમદાવાદ ... છે. એ શ્રીમદ્ હાર્ડીકરનો ... સુરત નર્મદ સાહિત્ય સભાના ... આ નાનકડી પુસ્તિકામાં આપ્યું છે. ... પછી આ તેમની બીજી ... ઉપયોગી પુસ્તિકા છે ... દ્વિરેફ અભિનંદનને પાત્ર છે.

અદાલત ૭૬ અંક. [મુંબઈ] ... આનાના એક ... માં ... પણ ... એના ... આ પત્ર પ્રગટ કરે છે ... હિંમત ... સારો છે

યદીન ... (અંગ્રેજી) ની ... ભાવનગરથી પ્રગટ થએલી આ પુસ્તિકા હૃદયની ... પુષ્પરૂપ છે. 'યદીન' એ ... પ્રગટ થતું ... ના ... સાહિત્ય ... નું એ ... છે ... એ ... નીની ... ૪ આના ... ભાવનગર

[ગ્રાહક ... અંક] —તંત્રી

રાંદેર મુસ્લિમ-શાદી, અને જન્મ-મરણ.

શાદી

૧૨-૧૧-૪૩ મેહમુદમીયાં મુનીરમીયા દાદામીયા-ઝીનતખાતુ હાશમખા મજનેખ. ૨૮-૧૧-૪૩ હાશિમ મોહમદ યુસુફ ભામ-હનીફાબીબી દાઉદ આરેફ ભામ

જન્મ

૧-૧૧-૪૩ યુસુફ મોહમદ મણી-છોકરી ફરીદાબાનુ ૪-૧૧-૪૩ હુસેન ઇસમાઇલ-છોકરો ગુલામ મોહમદ ૫-૧૧-૪૩ મીરજા અબ્દુલકરીમ મીરજા મોહમદ-છોકરો મીરજા મોહમદ. ૫-૧૧-૪૩ અહમદશાહ મમદુશાહ છોકરી બાનુબીબી ૬-૧૧-૪૩ ગુલામ મહીયુદીન મોહમદ ઇનામ-છોકરો ગુલામકાદર ૭-૧૧-૪૩ મોહમદ અહમદ સુરતી-છોકરો અયુબ ૭-૧૧-૪૩ સૈયદ ઇસમાઇલ સૈયદ મોહમદ-છોકરી તાહેરા બેગમ ૯-૧૧-૪૩ હાશમ અહમદ નાખુદા છોકરો ઇસમાઇલ ૧૦-૧૧-૪૩ રહેમાનખાન હુસેનખાન-છોકરો ફીરોઝખાન ૧૦-૧૧-૪૩ સૈયદ અબ્દુલકાદર સૈયદ બનુમાના-છોકરી ઝેનબ બેગમ ૧૧-૧૧-૪૩ ઇસમાઇલ યુસુફ તગારા છોકરી ફાતમાબીબી ૧૨-૧૧-૪૩ શેખ રસુલમીયા શેખ અબ્દુર્રહીમ ઓલપાડવાલા-છોકરો શેખ અબ્દુલ મજીદ ૧૩-૧૧-૪૩ અબ્દુલ મજીદ રસુલ સરપુદ્દીન-છોકરી સુગરાબીબી ૧૬-૧૧-૪૩ અકબર દાઉદ છોકરી-રેહમતબીબી ૧૭-૧૧-૪૩ મોહમદશાહ રસુલશાહ-છોકરી હાજરાબીબી ૧૭-૧૧-૪૩ અહમદ માહમુદ મનસુર પેઢીવાળા-છોકરો ઇબ્રાહીમ ૨૫-૧૧-૪૩ માહમુદ અહમદ કાઝી-છોકરો યુસુફ ૨૭-૧૧-૪૩ ઇબ્રાહીમ ગુલામ મોહમદ ધુપવી-છોકરો યાકુબ. ૨૯-૧૧-૪૩ હાસમ ઇસમાઇલ-છોકરી રાબીઆબીબી ૨૯-૧૧-૪૩ આજમ મોહમદ આજમ ઇસમાઇલ છોકરી હાજરાબીબી ૨૯-૧૧-૪૩ અબ્દુલ્લા દાઉદ મુલ્લા બી એ-છોકરી અમીનાબીબી. ૩૦-૧૧ ૪૩ મીર કાસિમ હાજી ઇબ્રાહીમ મુલ્લા-છોકરી ફરીદા ૩૦-૧૧-૪૩ કાસમ મોહમદ સોની-છોકરી સાલેબીબી

મરણ

૪-૧૧-૪૩ આસાબીબી તે ઇબ્રાહીમ આરેફની વિધવા ઉ વ ૮૦ ૫-૧૧-૪૩ ફાતમાબીબી તે હાજી આરેફની વિધવા ઉ વ ૬૦ ૫-૧૧-૪૩ ગુલામ મોહમદ તે હુસેન ઇસમાઇલ પાજણીગરાનો છોકરો ઉ દિવસ ૨ ૬-૧૧-૪૩ હબીબુલ્લાહ મુસ્તુફા પટેલ ઉ વ ૫૦ ૧૬-૧૧-૪૩ મરીયમબીબી તે મોહમદ ગુલામ જીવા લાડવાની છોકરી ઉ વ ૧૬ ૧૮-૧૧ ૪૩ સૈયદ મોહમદઅલી તે મુન્શી ગુલામ નબીનો છોકરો ઉ વ ૯ ૧૯-૧૧-૪૩ સકીનાબીબી તે ખોજ લતીફ ખોજ હબીબની ઓરત ઉ વ ૫૦ ૨૦-૧૧-૪૩ ઇબ્રાહીમ તે કાદુ ઇબ્રાહીમ મીરચીનો છોકરો ઉ માસ ૪ ૨૨-૧૧ ૪૩ યાકુબ યુસુફ અશરફ ઉ વ ૧ ૩ માસ ૨૪-૧૧-૪૩ હમીદાબીબી મલેક મોહમદની છોકરી ઉ વ ૭૫ ૨૪-૧૧-૪૩ રસુલ ધસીટ ઉ વ ૮૦ ૨૬-૧૧-૪૩ મજીદ તે રેહમાન રસુલ લકડાફાડુનો છોકરો ઉ વ ૧૫ ૨૭-૧૧-૪૩ જૈનબબીબી તે હાજી મોહમદ અલી મોદનની છોકરી ઉ વ ૧૭ ૨૯-૧૧-૪૩ ઇબ્રાહીમ કાસમ ઇબ્રાહીમ પટેલ ઉ માસ ૬ ૩૦-૧૧-૪૩ હાજરાબીબી તે હુસેન હાશમ ગવીમાની છોકરી ઉ વ ૨૨

'કારવાં'ના જાણીતા લેખક, કવિ અને વિવેચક 'વલી'ભાઇના એક પુત્રના ગુજરવાના સમાચારને પુરા મહીના પણ થયુ નથી તેવામા બીજા પુત્રના જન્નતનશીન થવાના સમાચાર સાંપડયા છે (ઇન્ના લિલ્લાહ) ભાઇ 'વલી'ની ધીરજની જાણે કુદરત કસોટી કરી રહી છે પણ ખુદાના હુકમ આગળ બંદા લાચાર છે! 'વલી'ભાઇના શોકમા અમે પુરી દિલી હમદર્દી જાહેર કરીએ છીએ ખુદા મરહુમને ગરીકે રહેમત કરે અને તેના માત-પિતાને સબ્રે જમીલ અતા કરે આમીન

(રાંદેર શાદી, જન્મ-મરણ માહે ડીસેમ્બર)

શાદી

૧૧-૧૨-૪૩ સાનેહ ગુલામહુસેન ઇસમાઇલ કુ આયશાબીબી યુસુફ ઇબ્રાહીમ મુલ્લા ૧૭-૧૨-૪૩ આજમ ઇબ્રાહીમ માકડા-સારાબીબી યુસુફ ઇબ્રાહીમ માકડા ૧૮-૧૨-૪૩ ઇસમાઇલ આઝમ ઇસમાઇલ-આયશાબીબી યુસુફ મોહમ્મદ હાટીયા ૧૮-૧૨-૪૩ આરિફ આઝમ ઇસમાઇલ-ખદીજાબીબી ઇબ્રાહીમ મોહમદ યુસુફ ઇસમાઇલ ૧૯-૧૨-૪૩ માલમ ગુલામકાદેર માનમ ગુલામ મુરતુઝા હુસેનમીયા-મેરાજબીબી ઇસમાઇલ ફતેહ મોહમદ મીસ્ત્રી ૨૨-૧૨-૪૩ હાજીખાન ઇમામખાન આજમખાન-ફાતેમાબીબી આજમ હુસેન ૨૩-૧૨-૪૩ મહમદ મોહમદ વાવડા (કઠોર)-રસુલબીબી સૈયદ અહમદ (રાંદેર)

જન્મ

૧-૧૨-૪૩ મોહમદ આરેફ દાખલી સેનક રાંદેરી-છોકરો શેહાબુદ્દીન ૨-૧૨-૪૩ અબ્દુર્રહીમ સૈયદ હબીબ-છોકરી જોહરા બેગમ ૩-૧૨-૪૩ આગા માહમુદ હાશમ મેહતર છોકરી-ઝુબેદાખાતુ ૩-૧૨-૪૩ શેખબદર મોહંમદ-છોકરો ઇકબાલ અહમદ ૫-૧૨-૪૩ કાસમ મુસાજી માકડા-છોકરી ૫-૧૨-૪૩ રસુલખા હામેદખા છોકરી-ઝુબેદાખાતુ ૫-૧૨-૪૩ કરીમશાહ કાસમશાહ છોકરો-ઇનાયતશાહ ૭-૧૨-૪૩ કાસમ મોહમદ ઓના છોકરી-સેહરેખાતુ ૧૦-૧૨-૪૩ પીરભાઇ કાસમ હજામ છોકરો-યુસુફ ૧૧-૧૨-૪૩ મલેક ઉસમાન મલેક જાફર છોકરો-મલેક રસુલ ૧૧-૧૨-૪૩ નુરમોહમદ નાથુ છોકરો-ગુલામ ૧૩-૧૨-૪૩ હાજીકાસમ હાજીમોહમદ યુસુફ ભામ-છોકરી આયશાબીબી ૧૫-૧૨-૪૩ ગફુરમીયા અબ્દુલનબી છોકરી-સકીનાબીબી ૧૫-૧૨-૪૩ માહમુદ હાફિઝ અહમદ ગુલામ મોહમદ-છોકરી મરીયમબીબી ૧૫-૧૨-૪૩ શમશેરખાન મોહમદખાન-છોકરી ખુતેજાબીબી ૧૭-૧૨-૪૩ આજમ કરીમ છોકરો-અબ્દુર્રશીદ ૨૨-૧૨-૪૩ ગુલામ મોહમદ યુસુફ દુધા-છોકરી હાજરાબીબી ૨૨-૧૨-૪૩ ઇબ્રાહીમ હાશમ મનસુર બગ્ગરવાલા છોકરો મોહમદ ઉમર ૨૫-૧૨-૪૩ કાસમ આજમ મુરાદ છોકરી-હાજરાબીબી ૨૫-૧૨-૪૩ આજમ નના અહમદ છોકરી-શીરીનખાતુ ૨૭-૧૨-૪૩ હાશમ મોહમદ આજમ ઇસમાઇલ-છોકરી હનીફાબીબી ૨૮-૧૨-૪૩ યુસુફ ગુલામ હુસેન ધુપની-છોકરી શીરીનખાતુ ૨૮-૧૨-૪૩ ઇસમાઇલ હાજી મોહમ્મદ અલી મોદન-છોકરી ઝેનબબીબી ૩૦-૧૨-૪૩ ઇબ્રાહીમખાન વઝીરખાન-છોકરી બીલકીસખાતુ

મરણ

૨-૧૨-૪૩ ખતીજાબીબી તે મોહમદ પીરન પાઝરીગરની છોકરી ઉ વ ૨૫ ૪-૧૨-૪૩ હવાબીબી ઇબરાહીમ ખતીબની છોકરી ઉ વ ૩૦ ૬-૧૨-૪૩ ઝુબેદાબીબી અબ્દુર્રહીમ હાસમ બગનીની છોકરી ઉ વ ૨ માસ ૧૦ ૭-૧૨-૪૩ આસાબીબી ઇબ્રાહીમ કાસમ મેહતરની છોકરી ઉ વ ૬૫ ૮-૧૨-૪૩ હાજી માહમુદ અહમદ મીયના ઉ વ ૩૫ ૯-૧૨-૪૩ શેખ અહમદ મોહંમદ ઓનપાડી ઉ વ ૫૬ ૯-૧૨-૪૩ મોહમદ આજમ મનસુર ઉ વ ૬૦ ૧૩-૧૨-૪૩ માનમ હમીદખાન તે માનમ ગુલામમીયા વાહેદખાનનો છોકરો ઉ વ ૩૦ ૧૬-૧૨-૪૩ આસાબીબી મહમદ અહમદ બપોરીયા ઉ વ ૨૪ ૧૭-૧૨-૪૩ આજમ યુસુફ મોદન ઉ વ ૩૫ ૧૮-૧૨-૪૩ આગાબીબી કાસમ ભામની છોકરી ઉ વ ૮૫ ૨૧-૧૨-૪૩ ઝુબેદા ખાતુ તે રસુલખા હામેદખાની છોકરી ઉ દિવસ ૨૦ ૨૩-૧૨-૪૩ અહમદ ઇસમાઇલ મલગી ઉ મા ૧૧ ૨૫-૧૨-૪૩ ઝેનબબીબી તે ઇમામ ઇજનીની છોકરી ઉ વ ૧૫ ૩૦-૧૨-૪૩ કાસમ માહમુદ કાઝી ઉ વ ૫૫ ૩૦-૧૨-૪૩ ઝીનતબીબી તે હાશમ નનાની ઓરત ઉ વ ૬૦ ૩૧-૧૨-૪૩ ગુલામ હુસેન પીરશાહ ઉ વ ૫૦

Printed by Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press Kanpith, Khand Bazar, Surat

Published by Azum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya Tower Road, Surat

ગુઝારિશ

અન્જુમને ઈખ્વતુલ ઈસ્લામ, સુરત

સલામે મસ્નુન બાદ,

[illegible] અમારી નમ્ર ગુઝારેશ છે કે અમારી અ ન્જુમને ગોપીપુરામ આવેલી મદ્રેસ્સા (મદ્રેસ્સા) [illegible] હાલતમા હતી તેની [illegible] તાગીર કરવાથી શહેરના [illegible] ખાસ કરીને [illegible] તથા અ ન્જુમનના [illegible] તરફથી ઘણી [illegible] મિસ્માર [illegible] ખાસ મદ્રેસ્સાનો [illegible] હમારી સસ્થાએ [illegible] હવે [illegible] મદ્રેસ્સો મિસ્માર હાલત [illegible] નવેસથી [illegible] છ, અને [illegible] હાલની [illegible] વળી આ મદ્રેસ્સાના નિભાવનો [illegible] કરવાનો છે જેમકે [illegible] પણ [illegible] જેથી હમારી સસ્થાએ ઉપર [illegible] ગામને [illegible] રાખવામા આવ્યુ [illegible] જેથી આપ સર્વ [illegible] આપ [illegible] તન, મન અને ધનથી [illegible] મદ્રેસ્સાને [illegible] આપશો એવી આશા રાખી રજા લઈએ છીએ

ગુરત, [illegible]

[illegible]

[illegible]


લી૦ સેવક

યુસુફ ઈસ્માઈલ વૈદ પ્રમુખ

યુસુફ અહમદ ગોગા સેક્રેટરી

અન્જુમ [illegible]






ખાટી જશે

—•—

મહુ બાત તેઓજ ખાટી જશે,
તો અડવાડ ... કાટી જશે
બધા આદમી થી ફિકર મરતને,
નાં ને કોઇ આવી દાટી જશે
જના પીગ સાહબથી બચને જનાબ
દેવ પીગ માનીને ચાટી જશે
ન ઠર ગર્વ, ના એક ગર્વિષ્ટ છું,
... 'ગર્વ'ની આખ કાટી જશે
... ઉતી જોખના બિન થઈ
ઉભગીના ... ને નાગ જશે

—નેકમસ્તી



પુ. ૫ અંક ૬ ઠ્ઠો

ફેબ્રુઆરી

૧૯૪૮

તંત્રી—'વહશી'




અનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ હિન્દ રૂ ૫ બર્મા । ૬ પરદેશ શી ૧૦ (રૂ ૬॥) છુટક ચાર આના

લવાજમ પુરૂ થવાની ખબર બાજુના ચોકઠામા આપી છે, બીજો અંક પ્રગટ થાય ત્યા સુધીમા જો લવાજમ નહીં મળે તો વી પી થી નવો અંક રવાના થશે. રેપર ઉપર ગ્રાહક નંબર હમેશા લખાય છે તે નોંધી રાખો. મનીઓર્ડર અથવા પત્રવ્યવહાર વખતે તે જરૂર લખો અંક નહિ મળવાની ફર્યાદ તારીખ ૨૫મી સુધીમા હિંદના ગ્રાહકોએ કરવી

સરનામુ નીચે મુજબ —

VAHSHI SAHITYA KARYALAYA Tower Road, Surat



પુ. ૫ અંક ૬ ઠ્ઠો

ગઝલ

જનાબ મૌ. મુફ્તી સૈયદ મેહદી હુસન "આઝાદ" સા. શાહજહાનપૂરી

મહે તાબા હો શર્મીંદા ન ક્યૂં ઉસ રૂએ રૌશનમે,
કે હોતા હૈ ગુરૂએ મેહરે રખ્શા જિસ્કી ચિલ્મનમે
લગી હી રેહતી હૈ બર્કે બલા મેરે નશેમનમે,
નિકલ જાઉં કહા મે ઉસ્કો લેકર હસ્રતે ગુલ્શનસે
નતીજા યે હુઆ મશ્ગોશીએ સૈયાદો ગુલ્ચીંકા,
નિકલ જાએ બરંગે બૂએ ગુલ બુલ્બુલભી ગુલ્શનસે
તેરી તેગે નઝર હૈ જિસ બલાકી જિસ ક્યામતકી,
કે જિસ્કે ચલ્તેહી પન્વાઝ હો જાતી હૈ જા તનમે
બહારે રૂએ ગુલકો દેખકર ઘુટતા હૈ દમ મેરા,
અગરે સૈયાદ રખ મેરે કફસકો દૂર ગુલ્શનસે
યે ક્યા અરમા હ કૈસી આરઝૂ હૈ ક્યા તમન્ના હૈ,
ન મૈં જીતે કભી દામે બલાએ સૈદ અફગનમે
નમૂદે હુસ્નકી ખાતિરસે ચિલ્મનકો ઉઠાઓ તુમ,
કે એક હસરતકા માગભી લગા બૈઠા હૈ ચિલ્મનમે
કહીં ઐસા નહો ખાક ઉસ્કી દામનગીર હો જાએ,
અગર ગુઝરે કોઇ તો બચકે ગુઝરે મેરે મદફનમે
ક્યામતકી ઇનાયત હૈ મરે મકતન યે સિસ્માન પર,
કે કાતિન ઉસકો દેતા હૈ હવા ખંજરકે દામનમે
મેરે જોશે જુનૂંકે દૌર ઇન્પર ક્તિને ગુઝરે હૈ,
કોઇ પૂછે યે મેરી આસ્તીને મેરે દામનમે
મે દુશ્મનીયત પમદ 'આઝાદ' હૂ દુશ્મન તઅસ્સુબકા,
ન મૈં મસ્જિદમે રખ્તા વાસ્તા કુછ ન મંદરમે

કુર્આન

અલ્લાહ તઆલાનુ ફરમાન

(૨૮૬) અને જો મુસલમાનોના બે ટોળા માહોમાહે લડી પડે તો તેઓમા મેળાપ કરાવી આપો, ફરી જો તેઓમાથી એક ટોળુ બીજા પર જુલમ તો તમે સૌ જુલમ કરનાર સાથે લડો, એટલા સુધી કે તે ખુદાના હુકમ તરફ રજુ (આધીન) થાય, ફરી જો તે રજુ થાય તો તેમની વચ્ચે ઈન્સાફથી મેળાપ કરાવી આપો અને ન્યાયથી વર્તો, બેશક ખુદાપાક ન્યાય કરનારાઓને પસદ કરે છે (કુર્આન)

× × × ×

(૨૮૭) હે ઈમાનવાળાઓ ! એક કોમ બીજી કોમની મશ્કરી કરે નહિ કદાચ તેઓ એમનાથી બેહતર હોય અને સ્રીઓ પણ ઓઓની મશ્કરી કરે નહિ કદાચ તેણીઓ એણીઓથી બેહતર હોય, અને એક બીજાને મહેણુ ન મારે, તેમ એક બીજાને/ખીજવવા માટે નામ ન પાડો, ઈમાન લાવ્યા પછી ગુનેહગારીનુ નામજ ખોટુ છે, અને જે કોઈ તૌબહ ન કરે તો તેઓજ બેઈન્સાફ છે. (કુર્આન) .

× × × ×

(૨૮૮) હે લોકો ! અમે તમને એક પુરૂષ અને એકજ સ્રીથી ઉત્પન્ન કર્યો અને અમે તમારી અનેક કોમો અને કુટુબો બનાવ્યા કે જેથી તમે એક બીજાને ઓળખો, બેશક ખુદા પાકની નજદીક તમારામા વધુ માનવત તે છે જે વધુ પર-હેઝગાર છે, બેશક ખુદાપાક સર્વજ્ઞ (અને) ખબર રાખનાર છે (કુર્આન)

× × × ×

(૨૮૯) પુરા ઈમાનવાળા તો તે લોકોજ છે જેઓ અલ્લાહ પર અને તેના રસૂલ પર ઈમાન લાવે, ફરી કઈ શકામા ન પડે અને પોતાના માલ અને જાનથી ખુદાની રાહમા લડે, એ લોકોજ (ઈમાનના) સાચા છે (કુર્આન)

સપાદક—મો૰ અબ્દુરહીમ—

હદીસ

ઇસ્લામી શિક્ષણ

રસૂલુલ્લાહ (સલ૦)નું ફરમાન

(૨૮૬) રસૂલુલ્લાહે સલ૦ એ ફરમાવ્યુ કે એક દીનાર (સોનાનો સિક્કો) તેં અલ્લાહના માર્ગમા (જેહાદમા) ખરચ કર્યો અરે એક દીનાર તે ગુલામ આઝાદ કરવામા ખરચ કર્યો અને એક દીનાર તે મોહતાજોને દાન આપવા ખરચ કર્યો અને એક દીનાર તેં પોતના ઘરવાળાઓ પર ખરચ કર્યો એ સૌમા જે તે પોતાના ઘરવાળાઓ પર ખરચ કર્યો તેનો સવાબ મોટો છે (મુસ્લિમ)

*　*　*

(૨૮૭) રસૂલુલ્લાહ સલ૦ એ ફરમાવ્યુ કે મુસલમાન પુરૂપ ઉપર અમીર (મુસલમાન હાકિમ) ની તાબેદારી વાજિબ છે પછી તે તેને મારી લાગે કે માઠી લાગે એટલા સુધી કે તેને કોઇ ગુનાહનો હુકમ કરવામા ન આવે પણ જ્યારે ગુનાહ અને શરીઅત વિરૂદ્ધનો હુકમ કરે ત્યારે સાંભળવુ અને તાબેદારી ન કરવી જોઇએ (સહીહૈન)

*　*　*　*

(૨૮૮) રસૂલુલ્લાહ સલ૦ એ ફરમાવ્યુ કે રાતમા એક ઘડી એવી છે કે મુસલમાન બંદો અલ્લાહથી પોતાની બેહતરીની માગણી કરે અને તે ઘડી તેને માફક આવી જાય તો અલ્લાહ તેને જરૂર આપે અને એક રિવાયતમા છે કે દુન્યા તથા આખેરતની બેહતરી માગે તો તે જરૂર આપે અને તે ઘડી દરેક રાતમા છે (મુસ્લિમ)

*　*　*　*

(૨૮૯) રસૂલુલ્લાહ સલ૦ એ ફરમાવ્યુ કે આગળ વધીને અનાજની ખેપ ખરીદો નહિ તો જે કોઇ આગળ વધી ખેપ કરનાર પાસેથી ખરીદશે, ફરી જો તે ખેપનો માલિક બજારમા આવે તો તેને અખત્યાર છે. એટલે આગલા વેચાણને મન્જુર રાખે અથવા નામન્જુર રાખે અને પોતાના તે અનાજને બજારમા વેચી નાખે (મુસ્લિમ)

—સાદિક સા૦ રાંદેરી

આવાઝકી દુન્યા

સંભળાવનાર 'એક્ા૦'

આવાઝકી દુન્યાકે દોરસો! સમયના રંગ ન્યારા છે આજે જ્યાં ત્યાં દરેક વાતની અછત વર્તાય રહી છે, છતા છત વધતી જાય છે જુવો કાગળની અછત છતા છાપાની અને કરન્સી નોટોની છત વધતી જાય છે! ઘરમાં અનાજની અછત પડે છે, છતા છોકરાની છત વધતી જાય છે! કફનની અછત પડે છે, મસાણમા લાકડાની અછત વર્તાય છે છતા મૂડદાની છત વધતીજ જાય છે દવાની અછત છે, છતા બીમારોની છત વધતીજ જાય છે! રણભૂમિપર ખપી જતા સૈનિકોની છત ઘટતા, વિધવાઓની છત વધતી જાય છે! કામ કરનારાઓની અછત થતી જાય છે તેમ તેમ ભાષણખોરોની છત વધતી જાય છે! લડાઈથી દુન્યાની શિકલ બગડતી જાય છે, તેમ તેમ નૂતનરચનાવાળા ચેક્ષપટોની છત વધતી જાય છે! નમાઝીઓની અછત વર્તાતી જાય છે, તેમ તેમ મસ્જિદોની છત વધતી જાય છે અસીલોની અછત થતા, વકીલોની છત વધતી જાય છે! આસ્તિકોની અછત થતા, નાસ્તિકોની છત વધતી જાય છે! હિદી સલાહ-શિખામણ આપનારાઓની જરૂર નથી છતાય સલાહકારો ઉપદેશ આપવા આવ્યેજ જાય છે! વાચનારાઓની અછત દેખાય છે, છતા પુસ્તકો છપાયેજ જાય છે! ખાંડની અછત વર્તાય છે, તેમ તેમ ચાહ પીનારાઓની છત વધતીજ જાય છે! સેવાધારીઓની સંખ્યા ઓછી થતી જાય છે, તેમ તેમ ખિતાબધારીઓની સંખ્યા વધતીજ જાય છે! ગુંડાઓની સંખ્યા ઘટતા, દાદાઓની છત વધી રહી છે! રેલ્વેની અછત થતા, પેસેજરોની છત વધી રહી છે રોટીની અછત વર્તાય છે છતા પ્રેમની છત વધી રહી છે! લગ્નના કરતા છૂટાછેડાની છત વધી રહી છે! એક પતિવ્રતની ભાવના ઘટતી જાય છે, ત્યારે એક પર બીજી ને બીજી પર ત્રીજી કરવાની ભાવના ભદ્રપુરૂષોમા વધતીજ જાય છે! શરીરમા લોહીની અછત વર્તાતી જાય છે, તેમ તેમ બિસ્તરામા માકડોની સંખ્યા વધતી જાય છે! મચ્છરદાનીઓનો દુકાળ પડતો જાય છે, ત્યારે મચ્છરોનો સુકાળ વર્તાતો જાય છે! કંપોઝીટરો ઘટતા જાય છે ત્યારે લેખકો વધતા જાય છે! ગાંડપણ ઘટતું જાય છે, ત્યારે કવિતા વધતુ જાય છે! લાઈફ યાને ઝિંદગી ટુંકી થતી જાય છે તેમ છેગ લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીઓ વધતી જાય છે! ગજના તંગ થતા જાય છે, તેમ તેમ વેરા વધતા જાય છે! ચોરો તંગ થતી જાય છે, તેમ પગ લંબાતા જાય છે, અને પગ ટુંકા થતા જાય છે, તેમ તેમ પાટલૂન લાંબા ને પહોળા થતા જાય છે! ઓરડીઓ સાંકડી થતી જાય છે, તેમ ભાડુતો વધતા જાય છે! બેન્ક ઘસાતા જાય છે, તેમ તેમ યોજનાઓ વધતી જાય છે! આમ જમાનો

અછતના ગર્ષણ પર છાની અબાડી વધતીજ થાય છે!



લડાઈની અસર જગતના અણુએ અણુમા પ્રસરી રહી છે, જેથી લોકો પણ એ તો 'વૉર કવૉલીટી'ની વસ્તુ જાણી નભાવી લે છે જુવો પહેલા છાપા મોળા બતાસા જેવા કાગળ પર છપાતા હતા તેને બદલે કેટલાય છાપા રાખોડીયા રંગે છપાતા ગયા છે! દિવાસળીની પેટી પર ૬૦ દિવાસળીઓ લખેલી હોય છતા ઉપરની કાપલી દૂર કરી અંદર જુવો તો ૪૦-૪૫ નીજ સખ્યા નીકળે અને તેમાય દસ-પંદરેક તો તૂટેલી હોય! ઘઉંના પંદર રૂપીયા ભાવ આપો તોય નર્યા મુડદાલ અને સાતા દાણા પૂછો તો કણીયો કહેશે કે ભાઇ સાબ એ તો વૉર કવૉલીટી'નો માલ છે લડાઇ શુ ઘઉંના દાણામા પણ ઘુસી ગઇ હશે? માલ ભલે લડાઇને લીધે મોંઘો થાય પણ બગડી શી રીતે જાય? દાઢી છોલાવવાના ચચરાટથી ઘરાક ભડકે તો તરત વાણંદ ભાઈ કહે કે શુ કરીએ વૉર કવૉલીટીના અસ્તરા છે નવા તો મળતા નથી જેથી ઘસી ઘસીને નભાવીએ છીએ! કાત્રી તો કે દસ ને પંદર રૂપિએ છતા એવી તકલાદી કે એક ઝાપટુય ન વેઠે! અસ્સા, કીંમત વધી તો ભલે વધી પણ આ દાણાને સળીયા કા તકલાદી થઇ ગયા? અને કપડુ કેમ ઝઝરૂ થઈ ગયુ? તો છત્રીવાળો જવાબ દે કે 'ભાઇ સાબ એ તો વૉર કવૉલીટીનો માલ છે, લેવા હોય તો લ્યો નહિ તો રસ્તો પકડો!" ગપડામા વૉર કવૉલીટી ઘુસી ગઇ! દરજીની સિલાઈમા વૉર કવૉલીટી ઘુસી ગઇ! બિસ્કુટ ને પાઉંરોટીમા તો ઠીક, પણ વેગણા ને બટાકામા પણ વૉર કવૉલીટી ઘુસી ગઇ? શુ જમીનના પડમા પણ લડાઇ ઘુસી ગઇ હશે? ગાંઇપણ વસ્તુ ગમે તેટલી મોંઘી કીંમતે ખરીદો પણ તે અસલ જેવી તો હોતીજ નથી તો શુ જડ અને ચેતન બધાયમા વૉર કવૉલીટીનો માલ જોતા ડૉ બસુની શોધને માન્યા વગર છુટકોજ થતો નથી કે જડવસ્તુઓમા પણ જીવ છે, અને તેથીજ લડાઈનુ વાતાવરણ તેમને પણ સ્પર્શી શક્યુ છે!



ઘાંડો વળે કે ન વળે છતા 'દિન' ઉજવવાની પ્રથા ગુજરાતમા દહાડે દહાડે ઠીક ઘર કરતી જાયે છે તા. ૨૯મી જાન્યુઆરીએ પ્રાંત ભરની માધ્યમિક શાળાઓમા શારીરિક તા'લીમ દિન' ઉજવાયો હતો છોકરાઓમા આવી તા'લીમને ઉત્તેજન મળે માટે સરકારે એવી સામુદાયિક કવાયતમા ભાગ લેનાર પ્રત્યેક હજાર બાળક દીઠ ત્રણ રૂપિયાની ગ્રાંટ આપવાનુ ઠરાવ્યુ છે શી ઉદાર ઓફર? બલ્લારે! ત્રણ રૂપિયાના દાળિયા લઇએ તોય એક એક છોકરાને એક પૈસાભાર પણ ન મળે! બાકી આ રેશનીંગના જમાનામા આવા શારીરિક તા'લીમ દિનને પળાવવાની જરૂરત શી પડી? શરીર કેળવાતા બાળકોને વધુ ભૂખ લાગે તો? અને અનાજ તો માપસર મળે છે! ઉલ્ટુ હવે તો 'ભૂખમરા દિન' પાળવો જોઇએ કે જેથી બાળકોને ભૂખ્યા રહેવાની તા'લીમ મળતા એમના આત્માની પણ કંઇ ઉન્નતિ થાય! "ભૂખથી શરીર નમળુ પડે પણ આત્મા વધુ સતેજ થાય છે" એવુ કોઇ ભૂખડીબારસ મહાત્માનુ કથન છે! બાકી આ તકે એક વાત યાદ આવી જાય છે કે આ રેશનીંગવાળાઓએ 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા!'ની કહેવત ખરી પાડવાનો ઠીક પ્રયત્ન કરવા માંડયો છે પહેલવાન અને પ્રોફેસરને પણ સરખો ખોરાક! સડેલ અને બાજરીનું પણ

સરખુ પ્રમાણ ખોગામા જણાય ! આ સમાન ભાવની યોજના અને એકજ નજરે જોવાની નીતિ જોતા પેલો અંધેરી નગરીનો ગર્ધવસેન રાજા પુન આપણા સ્મરણ પટ પર તાજો થાય છે

"સુજેલા શ્રી પ્રભુજીના મનુષ્યો સર્વ સરખા છે !'

●

આજકાલ મોટાઓના નામ સાથે રેસના ઘોડાઓના નામ જોડવાનો મેનીયા ખૂબ ચાલ્યો છે રોગી। અને રૂઝવેલ્ટ નામે ઘોડાઓના નામ તો આપણે સાંભળ્યાજ હતા, હવે વાવેલ નામે પોતાનુ નામ બહાર આવ્યુ છે રેસમા ઘોડા દોડાવનારાઓ રાજદ્વારિ પુરુષોને પણ શુ રેસનુ મેદાન સમજી બેઠા હશે? જરાક ઝીણુ વટથી જોતા એવુ જણાય છે ખરૂ ! જુવોને જગતના મેદાનમા અત્યારે સ્ટેલીન, હીટલર, ચર્ચીલ, રૂઝવેલ્ટ ને ટોજો એ નામના પાચ ઘોડા દોડી રહ્યા છે ત્રીજો મુસો નામે ઘોડો અધવચમા અટવાઇ ગયો છે આખુ જગત પ્રેક્ષકો કે વગર ટીકીટે એ રેસમા રસ લઇ રહ્યુ છે જોઇએ છીએ કોણ વીન આવે છે? અત્યારે તો મૂછાળો ઘોડો સ્ટેલીન વીન થવાના ચિન્હો જણાય છે પછીનો બા ભાવિની વાતુ ભગવાન જાણે !

જુવો એક તરફ આમ સરમુખત્યારો કે વડા પ્રધાનોના નામની સાથે રેસના ઘોડાઓના નામ જોડાય છે તો બીજી બાજુ લીડરોના નામ સાથે હોટલો અને બેકરીઓના નામ જોડાય છે જવાહર બેકરી, ઈકબાલ રેસ્ટોરન્ટ, જિન્નાહ હોટલ એવા નામો રખાય છે તો ત્રીજી બાજુ હજામો રાજભક્તિ દર્શક નામો પોતાની સેલુના પર લટકાવે છે ઇમ્પીરીયલ હેર કટીંગ સેલુન, રોયલ હેર કટીંગ સેલુન, એમ્પાયર હેર કટીંગ સેલુન। આમ પિતાની લાલચ રાખ્યા વિના હજામો રાજભક્તિ બજાવે છે બાકી આગેવાનોના નામો રસ્તાઓ સાથે જોડવાનો રવૈયો તો જુના વખતથીજ ચાલ્યો આવે છેને ?

●

હવે લડાઈના ક્ષેત્ર તરફ દ્રષ્ટિ ફેરવીએ આરાકાનના મોરચા તરફ તો જાણે સતાકુકડીની રમત જેવી લડાઇ ચાલે છે ત્યારે રશિયાના મોરચે સ્ટેલીનના લાલ ઘાડા છેક પોલેન્ડ અને એસ્ટોનીયામા ઘુસી ગયા છે યુક્રેન અને વ્હાઇટ રશિયામાથી પણ જર્મનો ભાગી રહ્યા છે આમ રશિયા આગળ ધપતુ જાય છે તો જર્મનો પાછા હઠતા જાય છે કાલ સુધી હુંકાર કરનાર હીટલરને હવે છડેચોક કહેવુ પડે છે કે કાતો રશિયા જીતે કાતો જર્મની જીતે પણ જો રશિયા જીતશે તો આખુ યુરોપ રગદોળાશે ! અને જો જર્મનો જીતશે તો શુ યુરોપને પુષ્પોથી વધાવી લેશે ? હાલની ઝડપ જોતા તો સ્ટેલીનના ઘોડા બર્લીન સુધી દોડવાની આશા રહે છે રોમના મોરચે પણ પાછી ઝમક આવી છે મિત્ર લશ્કરોએ એનાએક ધડાકો કર્યો હતો પણ જર્મનોના સામા પ્રતિકારથી સહેજ લડાઇ ધીમી પડી દેખાય છે જનાય ધીમે ધીમે પણ મિત્રો આગળ વધે છે ખરા આમ જર્મનો ચારે દિશાએથી સાણસામા સપડાતા જાય છે જોઇએ છીએ કયો કુશળધારી એ ફણીધરને પોતાના કરંડીયામા કેદ પુરે છે?

●

નાચવુ એ પણ એક કળા ગણાય છે ઇસુની વીસમી સદીમા જેટલું ન થાય એટલુ ઓછુ છે। અને તેય સ્ત્રી નૃતિકાઓનુ સ્થાન હવે તો પુરુષ નૃત્યકારો ઝડપતા જાય છે ઉદય શંકરે તો નૃત્યની કોલેજ પણ સ્થાપી દીધી છે

અને ભ્રાન્તીય કળાને નામે તેને અપનાવના ૧૪ હાની નીકળ્યા છે જે પુરુષો જે ભાયડાઓ જે સુધારનો ખાધના એન માટે તત્પર રહેવા જોઇએ, મર્દાનગીના કાર્યો કરવા તૈયાર રહેવા જોઇએ, તેને બદલે પગે ઘુઘરા બાંધીને સ્ટેજ પર નાચવા તૈયાર થાય અને તેને લોકો તાળીઓથી વધાવી લે! રણભૂમિને બદલે રંગભૂમિને મર્દો દીપાવે એ હિંદની કમનસીબી નહિ તે બીજુ શું? અને હવે તો ખાનદાની ઘરોમાં પણ નૃત્ય ઘુસ્યું છે જે કુમારિકાના નામની પાછળ ઓછામાં ઓછી બી એ ની ડીગ્રી હોય અને જે નૃત્યમા પ્રાવણ હોય, તેના લગ્ન ખાનદાની ઘરોમા થતા વાર લાગતી નથી મોટા ઘરની સ્ત્રીઓમાથી નરીછ કળા ભુલાતી જાય છે ને નૃત્યકળા નિકસતી જાય છે પશ્ચિમના સુધારાને પવન આ રીતે પૂર્વની મસ્કૃતિને એકજ ઝપાટે ઉડાડી દઇને આપણી ગૃહીણીઓને મહારવટી-યણો બનાવવાની ફરજ પડી રહ્યો છે ભાર્યાઓ ઘરનો ભાર પોતાના ખભા ઉપરથી ફગાવીને બદાગી જ જાણે વહોરતી જાય છે અને તેમા પણ રોજ બદલાતી સીનેમાની ફેશને તો સુધરેલી સન્નારીઓને અહીંની કે તહીંની પણ રહેવા દીધી નથી!

પરદેશના ગ્રાહકોને

'કાવ્યા'નો ઓક્ટોબર ૧૯૪૩નો અંક નિયમિત રીતે તા ૧૫ ૧૦ ૪૩ ના પોસ્ટ કરવામા આવ્યો હતો ઓકટે ૧૯૪૩ના છેલ્લા અઠવાડિયામા જે અંકો પોસ્ટ થયા હતા તે Export Prohibited ના સિક્કા લાગી ટપાલ ખાતાએ પાછા ફેરવ્યા હતા તે કારણસર તા ૨૦-૧૦-૪૩ પછીના અંકો જાન્યુ ૧૯૪૪ ની આખરી સુધી રવાના થયા નહોતા તે ફેબ્રુ ૧૯૪૪ ના બીજા અઠવાડિયામા પોસ્ટ કરવામા આવ્યા છે જે ગ્રાહકોનુ લવાજમ જ્યા સુધી પહોચતુ હતુ ત્યા સુધી તે અંકની પૂરી નકલો રવાના થઇ ચુકી છે

પરદેશના ગ્રાહકોના ઘણાખરા લવાજમો ડિસે ૧૯૪૩ મા પૂરા થાય છે તેમને જાન્યુ ૧૯૪૪ અંક રવાના કરવામા આવ્યો નથી

જો કે લવાજમ પુરૂ થવાની ખબર બે માસ અગાઉથી આપવામા આવે છે, છતા વખતસર લવાજમો વસૂલ થતા નથી બે ચાર માસ પછી નવુ લવાજમ ગ્રાહકો મોકલે છે અને તે સાથે પાછલા મહીનાઓના અંકો માટે માગણી કરવામા આવે છે કાગળની અતિશય મોઘવારીને લીધે ખપ૫ જોગીજ નકલો પ્રગટ થાય છે જો નકલ મીલકમા હશે તોજ રવાના થઇ શકશે ગ્રાહકોએ આ બાબતની નોધ લઇ લવાજમ અગાઉથી મળે એવી વ્યવસ્થા કરવી

—મેનેજર

'બિચારી ઝિંદગી'

મોહ, માયા પાપથી મુજને ઉગારી ઝિંદગી
કાર્યપથે દોરવે છે આજ મારી ઝિંદગી

પાપ કે'છે હું વમળ છું ક્ષણમાં લઇ ડુબું તને,
પુણ્ય તારા જો તને તારે તો તારી ઝિંદગી

કાળ જો મદદ્વાડ લાવે તો જીવન સાજુ કરે,
મૌતને પાછી ધકેલે માર મારી ઝિંદગી

રાજપુતે રણમાં હસતે મુખ દઇ દીધું જીવન,
વાણીઆએ મૌતને ખાતે ઉધારી ઝિંદગી

આજ મુજને બોમ ભેગો તે કરી દીધો ખરે
કાળ, તું જીવ્યો અને હારી અમારી ઝિંદગી

મર્દ એક અબળાને મારે એ કોઈ મર્દાઇ છે?
કાળ નર જાતી રહી નારી બીચારી ઝિંદગી


આવું, આવું, શું કરે આવી તો જો વિકાળ કાળ,
તારી વર્ષોથી કરે છે ઇંતેજારી ઝિંદગી

મૌત તું આવે તો મારો ભાર કંઇ હળવો કરે
પાપથી શિલા સમી લાગે છે ભારી' ઝિંદગી

મનને મારી તું મરણ પહેલાં મરી જાએ "ગની"
મૌતની ઋણી બને શું કામ તારી ઝિંદગી

સુરત] ["ગની"

પોઠ



એમ તો આખી દુન્યાનો મુખ્ય સવાલ અત્યારે લડાઈ છે પરંતુ એ સવાલ-સમ્રાટના તાબામાંના બીજા ખંડીઆ સવાલો પણ કંઈ ઓછા નથી અને ખંડીઆ રાજા પણ આખરે તો રાજાજ હોય છે તેમ એ સવાલોનો દમામ પણ કંઈ ઓછો નથી દાખલા તરીકે ખોરાકનો સવાલ એક જમાનો એવો હતો કે ખોરાક કિંવા દામને રડનારા નામર્દ લેખાતા હતા આપણી પેલી કહેવત મુજબ કે 'નામર્દ રડે દામને, અને મર્દ રડે નામને" પરંતુ અત્યારે તો નામર્દ અને મર્દ બંને સ્ત્રીઓ અને બાળકો બધાય દામને (ખોરાકને) રડી રહ્યા છે કેમકે દામ જેની પાસે હશે તેનુંજ નામ રહેવાનું છે નહિતર ઘણા નામો ભૂંસાઈ ગયા તેમ ભૂંસાઈ જવાનું છે એમ ખોરાકનો સવાલ મુખ્ય સવાલ બને છે ત્યાં તો બીજો સવાલ ધક્કો મારીને તેનું સ્થાન લઈ લે છે અને તે ખોરાક (કિંવા અનાજ) મેળવવાનો સવાલ એ સવાલ કંઈ પણ બોલ્યા સિવાય પોતાનું મહત્વ બીજા સવાલને આપી દે છે અને એ આવનારા સવાલનું નામ હોય છે "કેવી રીતે મેળવવું" હવે 'કેવી રીતે મેળવવું'ના પગ તૂટવા લાગ્યા કેમકે દૂરથી આવી રહ્યા છે મી૦ શું મેળવવું" સાહેબ! હવે 'શું મેળવવું ?' સાહેબ પ્રમુખ સ્થાને બેઠા છે અને એમની સામે એમનું સ્થાન લેવા માટે બીજા સવાલો ધુરકી રહ્યા છે ઘઉં સાહેબ, જુવાર બાઈ, દાળબાઈ, સાકરબાઈ, ચોખા સાહેબ, બાજરીબીબી, મગભાઈ વગેરે એક વેળા લાકડાભાઈ પણ લડી ગયા અને કોલસા સાહેબે પણ પોતાનું અસલ કાળાપણાનું ખમીર બતાવી દીધું આ બધું જોતા એમ લાગે છે કે જાણે 'શું મેળવવું'ના સવાલમાંથી આખી સવાલોની દુન્યા પેદા થઈ ગઈ અને સાચી વાત તો એ છે કે આપણે સવાલોની દુન્યામાં જીવીજ રહ્યા છીએ કેટલાક મથીમથીને થોડાક જવાબો શોધી કાઢે છે શોધી કાઢી શક્યા છે પરંતુ ઘણા સવાલો એવા છે કે જેના જવાબો મળવા યા મેળવવા આપણી વશની વાત નથી અને બસ ફિલ્મી દુન્યાની વાત જુદી છે કેમકે એમાં 'જવાબ' પહેલાં જન્મ્યો હતો અને 'સવાલ' એના પછી, એટલે કે હમણાં જન્મ્યો છે અને બન્નેને કશી નિસ્બત પણ નથી છતાંય તે સવાલ જવાબ તો છેજ

પરંતુ તમે કહેશો કે સાહિત્ય ચર્ચા કરવા ની છોડીને આ સવાલોનું પીંજણ શું પીંજવા માંડ્યું તો ભલે, હું આપની સાથે સાહિત્યની દુન્યામાં પણ વિચાર કરવા તૈયાર છું પરંતુ ત્યાંએ સવાલ તો સામે ને સામેજ આવી ઉભા છે જુઓ તે બોલી રહ્યા છે તે સાંભળો, આપણી સાહિત્ય પરિષદ બોલે છે કે 'મુખ્ય સવાલ તો એ છે કે 'સાહિત્ય કેવું હોવું જોઈએ" ત્યારે વિનોબા ભાવે કહે છે કે સાહિત્ય કેવું હોવું જોઈએ એ સવાલ મહત્વનો નથી મુખ્ય સવાલ તો એ છે કે સાહિત્ય શેનું હોવું જોઈએ !" પ્રગતિવાદી લેખકો કહે છે કે "સાહિત્યમાં જીવન ધબકવું જોઈએ" ત્યારે જૂનવાણી લેખકો અને શાસ્ત્રીઓનો મહત્વનો સવાલ એ છે કે 'કયા કયા માર્ગેજ સર્જાવી જોઈએ નહિતર એનું સર્જન ખરનચકું બની જાય છે" ભાઈબંધ વિવેચકો કહે છે કે અમારી દૃષ્ટિએ મુખ્ય સવાલ 'કેવું હોવું જોઈએ' અને શેનું હોવું જોઈએ'નો નથી, મહત્વનો સવાલ એજ છે કે તે સાહિત્ય 'કોનું ' હોવું જોઈએ કિંવા શંભુભાઈ, નાથુભાઈ, કનુભાઈ અને રમણભાઈ, પતીલ સમો તેજ સાહિત્ય રચશે,

ખેકાર, કલીમ, નરીમાન અથવા નિમારનુ લખેલુ વાચના યા તે પર વિવેચન કરવાની અમને ફુરસદ પણ નથી અને એની જરૂર પણ નથી તમે પૂછશો કે એનુ કારણ? તો હુ જવાબમા જણાવીશ કે મુખ્ય સવાલ એ છે કે ! અને પછી તો સવાલોની આખી દુન્યા છેજ

° • •

"વીસેક વરસથી પુસ્તકો વાચુ છુ અને દસ વરસથી તો તમારા માસિકનો ચાલુ ગ્રાહક છુ પરતુ હજી સુધી હુ એ સમજી શકયો નથી કે 'સાહિત્ય એટને શુ !"

લાહોરના એક માસિકના તત્રી પર લખ નોંધો એક ગ્રાહકે લખેલો ઉપર મુજબનો પત્ર ખૂબજ રમુજ ઉપજાવનારો છે પરતુ આપણે ત્યા એનાથી પણ ઉત્તમ નમુના જોઈએ તેટલા મળી શકે તેમ છે ગનીમત છે કે એ ભાઇ વાચે તો છે અને એમને સાહિત્ય' એટને શુ તે જાણવાની જિજ્ઞાસા તો થઇ? અમારે ત્યા તો વાચવાની અને જાણવાની પણ ઘણાને ઇચ્છા થતી નથી અને એની જરૂર પણ લેખાતી નથી વરસોથી દૈનિક વચતા એક મિત્રે મને એક વેળા પૂછેલુ કે "તાજેતર" શહેર કેટલુક મોટુ છે? અને તે કયા આવ્યુ? મે પૂછ્યુ કેમ? એની શી જરૂર પડી? જવાબમા ફરમાવ્યુ કે "તાજેતરમા બહુ બનાવો બનવાનુ પેપરો લખે છે કે બહકે રોજને રોજ તાજેતરમા કઇ ન કઇ તો બને છેજ હવે એ ભાઇની સમજશક્તિની શી દાદ દેવી?

• • °

વળી પાછી 'શયદા' સાહેબના એક શેઅરે મારી સમજશક્તિમા ગુચવણ પેદા કર્યુ છે તેમના મુખેથી એ શેઅર સાભળ્યો ત્યારે એનો ઉકેલ પૂછવાનુ મન થઇ આવેલુ પણ બીજી વાતોમા એ વાત ભૂલાઇ ગઇ તે આજે 'શારદા'નો તત્રી અક જોતા યાદ આવી એ શેઅર નીચે મુજબ છે

"એ સમયની વાત છે જ્યારે સમય બદલાય છે શબ્દ એના એજ એનો અર્થ જુદો થાય છે '

સમય બદલાતા શબ્દોના અર્થો બદલાઇ જાય છે એ વાત સાચી એમ? મ્હારૂ મન તો એ વાત માનવાની આનાકાની કરે છે એ હુ માનુ છુ કે કેટલાક શબ્દોએ પોતાના અર્થની સીમામા વધારો કર્યો છે એટલે કે દ્વીઅર્થી યા એથી વધુ અર્થી બન્યા છે પરતુ તેથી એનો મૂળ અર્થ કઇ પરવારી ગયો નથી એ પણ એની સાથેજ રહ્યો છે દાખલા તરીકે ડૉકટર, નર્સ, બસત, કિસ્મત, કવિતા વગેરે શબ્દો લઇએ તો તેના અર્થ નીચે મુજબ થાય છે

ડૉકટ –(૧) મૂળ અથ (૨) ફિલ્મનુ નામ
નર્સ–(૧) –,,– (૨) ,, ,,
બસત–(૧) –,– (૨) ,, ,,
(૩) વ્યક્તિનુ નામ
કિસ્મત–(૧) –,,– (૨) ફિલ્મનુ નામ (૩) કવિનુ નામ (૪) પેપનુ નામ. (૫) અર્થના રૂપમા બીજી ફિલ્મનુ નામ
કવિતા (૧) મૂળ અર્થ સાથે (૨) પેપર, (૩) ફિલ્મ,નુ પણ નામ છે

એ માન્યુ કે અત્યારે એ શબ્દો મુખમાથી નીકળતાજ એનો ઇશારો ફિલ્મના નામ પ્રતિ થાય છે પરતુ તેથી તે શબ્દોએ પોતાનુ અસલી ખમીર ગુમાવ્યુજ છે એમ કેમ કહે વાય? આ રીતે તપાસતા તો 'શયદા' સાહેબની પક્તિમા 'જુદો'ની જગ્યાએ 'મહોળો' થાય છે' મૂકાત તો વધુ ઠીક થાત પરતુ મ્હારે આટ લીજ સૂચના કરીને અટકવાનુ નથી હુ તો એમ માનુ છુ કે એ નિયમજ ભૂલ ભરેલો છે" 'સમય આવ શબ્દોના અર્થ પણ બદલાય

છે" ના, મ્હારી તો માન્યતા એ છે કે "અર્થ એનો એજ રહે છે ફક્ત સમય બદલાતા શબ્દો બદલાઈ જાય છે" આ વાત જરા ઉલટી છે એટલે વાચકોને ગળે સહેલાઈથી ઉતારવી અઘરી છે છતાંય હું દાખલા આપું છું તેનાથી મ્હારી વાત સમજી શકાશે અને એના ખરાપણાની કસોટી પણ થઇ જશે મૂળ અર્થ છે 'બેવકૂફ' એને માટે પહેલા શબ્દ વપરાતો હતો "મૂર્ખ" પરંતુ હવે સમય બદલાતા 'મૂર્ખ'ને બદલે 'ભોળા' વપરાય છે જેમકે "તમો બહુ ભોળા છો." એનો અર્થ અત્યારે 'મૂર્ખ છો' એજ હમણા થાય છે ફુવાણુભાઈ ભારે "મુત્સદી" છે એમ કહેવાનો મૂળ હેતુ તેઓ બધા યા લુચ્ચા છે પહેલા એ અર્થ માટે 'ફાગડો છે' નો પ્રયોગ ચાલુ હતો પરંતુ સમય બદલાયો તેમ અર્થ ન બદલાત. શબ્દ બદલાઇ ગયો. એવીજ રીતે 'રાજા આદમી છે"નો પ્રયોગ થાય છે ત્યારે એનો અર્થ બીન જવાબદાર, યા બેદરકાર થાય છે એને માટે પહેલા 'બેપરવા" શબ્દ વપરાતો હતો એવીજ રીતે ઢેડભંગીના સ્થાને હરિજન, ગોરડાના સ્થાને જ્યોતિષ, બાતમીદારના સ્થાને પત્રમી કતાર, ધણિયાણીના સ્થાને સદ્ધર્મચારિણી, ગાયજાના સ્થાને બાર્બર, ચિતારાના સ્થાને ચિત્રકાર, અને કાળીઆના સ્થાને કાળીદાસના શબ્દો બિરાજવાથી એના અર્થો એના એજ રહ્યા છે માત્ર શબ્દો બદલાયા છે અને તેથી શયદા સાહબની પંક્તિમા આમ સુધારો થાય તો એ ઠીકજ લેખાશે કે

'એ સમયની વાત છે જ્યારે સમય બદલાય છે, અર્થ એના એજ પણ શબ્દો નવા યોજાય છે"

પછી તો કોણ જાણે?

• • •

"તમે કહો છો કે સારી નવલિકા નથી લખાતી તો ત્યો સાંભળો." એવું હિંમતથી કહેનાર એક યુવક મને નદિ કિનારે મળી આવ્યા. અને આમતેમ જોઇને તેમણે પોતાનું બખાણ શરૂ કર્યું (હિડીંગ શું હતુ તે હું જાણતો નથી)

"દાદા અને દાદીના જવા પછી પિતા પણ ગયા અને એમની પાછળ માતા પણ ગઇ એ સૌનો વારસ હું પણ જઇશ અને પછી એક દિવસ તમે પણ જશો કેમકે આપણે જવા માટેજ આવ્યા છીએ મરી જવા માટે"

"બસ, બસ, બસ" મે તેમને આગળ વધતા રોકયા "કેમ?" તેમણે પૂછ્યુ

"જેમા મને સાંભળનારને મરી જવાનું કહેવાતું હોય એવી વાત મારે નથી સાંભળવી"

"ત્યારે તો તમે મરવાથી ડરો છો?" બીકણ કંઇના?"

'મને લાગે છે કે આપ ચાર પાંચેકવાર મરી ચૂકયા હશો?

'મરી ચૂક્યો તો નથી પરંતુ જીવવા પણ નથી ચાહતો"

'તમે જીવવા નથી ચાહતા? કેટલુંક જીવી નાખ્યું તમે?

"વીસ વરસ થયા હશે"

'અરે! આટલી નાની વયમા મરી જવાનો વિચાર?"

'એવુંજ છે કંઇ"

"એ ગમે તે હોય પરંતુ વાચકો પર તો આપે દયા લાવી જોઇતી હતી એક તો તેઓ જીવવા માટે વલખા મારી રહ્યા છે ત્યાં તમે એમના ઉત્સાહને મારી નાખવા બેઠા છો. તમે સમાજનું, લોકોનું વાચકોનું તો ભલું ઇચ્છો?"

આવી વાતચીત ચાલતી હતી ત્યા એ બાજુથી કુતરું અને એની પાછળ દોડતા માણસો નજરે પડ્યા બૂમો પડવા લાગી કે "હડકાયું છે ભાગજો' અને હું ઉભો થઇ સ્વસ્થ થવા જાઉં છું ત્યાં મ્હારા એ જુવાન લેખક મિત્ર કેટલેય દૂર પહોંચી ગયા હતા પાછું વળીને ન જોનાર અને મુઠ્ઠીઓવાળી નાસતા એ મિત્રના શબ્દો ફરીને મારા કાનમા ગુંજ્યા 'જીવવા નથી ચાહતો, હું મરી જવા ચાહું છું"

ફતાવા

મૌલાના અહમદ અશરફ શરદરી

●

સવાલ—એક ખાસે કેટલોક કાપડનો ગાથ છે અને સરકારે નક્કી કરેલા ભાવથી ન વેચતા વધુ ભાવે વેચે છે જો કે સરકાર રૈયતની રાહતને લીધે મજકુર કાયદો અમલમા લાવી છે પણ જો સરકારી ઠરાવેના દામે ખરીદવામા આવે તો કાપડનો માલ પુરી રીતે મળતો નથી

જવાબ—જ્યારે લોકો માલના ભાવ બેહદ પ્રમાણમા વધારે, તો સરકારને ભાન કેળવવો જોઈએ છે આજકાલ જે રીત વેપારીઓએ અખ્તિયાર કરી છે, કે બેહદ મોઘવારી કરી ખુદાની મખ્લૂક ઉપર ઝુલ્મ કરી રહ્યા છે એ ખરેખર નામુનાસીબ વાત છે લોકો જીદગીના દીનસો ગુજારવાથી લાચાર થઈ રહ્યા છે અને એના માન પૈસામા કદી બરકત થઇ શકતી નથી ખુદાની મખ્લૂકને રાહત અને સુખ પહોચાડવાની નૈયત રાખવી જોઇએ આજકાલ બધા વેપારોમા સટ્ટા થાય છે અને એ જુગાર છે અને જુગાર વિષે સખ્ત વઇદ અને અઝાબ કુર્આન શરીફ તેમજ હદીસ શરીફ મા વર્ણવામા આવ્યો છે

સવાલ—એક માણુસ ફજર, ઝોહર, અસર વગેરેબ એ બધી નમાઝો ટાઇમો ઉપર અદા ન કરતા ઇશા બાદ મજકુર નમાઝો અદા કરવા વિચાર રાખે છે એ વિષે શુ હુકમ છે? તેમજ કઝા કરતી વખતે સુન્નતે મોઅક્કેદહ ને પણ સાથે પઢવુ જરૂરી છે?

જવાબ—કોઇ વેળા નમાઝો કઝા થઇ જાય તો તેને ઇશા બાદ પઢશે તો નમાઝો અદા થઇ જશે પરતુ હમેશા એવી રીતે ફર્ઝ નમાઝો કઝા કરવાની ટેવ પાડે નહી કારણ કે કઝા કરવાથી સખત ગુનેહગાર થશે એ વિષે સખ્ત વઇદ આવી છે અને નમાઝો તેના ટાઇમમા પઢવાની ઘણી તાકીદ વારિદ થઈ છે સુન્નતે મોઅક્કેદાની કઝા નથી માત્ર ફજરની બે રકાત સુન્નત રહી ગઇ હોય તો ફજરની નમાઝ બાદ તુરત ન પઢતા સુરજ બરાબર નીકળી જવા પછી પઢી શકે છે

સવાલ—જરૂરી ઇદની નમાઝ આગળ મસ્જિદમા લોકો ભેગા થાય છે ઇદની નમાઝ પહેલા એક માણુસ તકબીર પુકારે છે પછી સર્વે માણુસો પણ તકબીર પઢે છે ફરી સવ સફો બરાબર કરી ઇમામ મુસ ના ઉપર ઉભા રહી જેથી કેટલીક વખતે તકબીર પઢે છે તેમજ પાછળાઓ પણ તકબીર પઢે છે એ વિષે શુ હુકમ છે?

જવાબ—એ વિષે કાઇ સાબિતી નથી વખતસર લોકો નમાઝ માટે ઇમામની પાછળ ઉભા થઇ જાય અને સફ બરાબર સીધી કરવા માટે તાકીદ કરવામા આવે સવાલમા દર્શાવ્યા મુજબ તકબીરો જોરજોરથી પઢવી જોઇએ નહિ એ તો માત્ર એક રિવાજી ચીઝ છે અને એને જરૂરી સમજવુ બિદઅત છે માટે એમ ન કરવુ જોઇએ

સવાલ—ઇદુલ ફિત્ર અને ઇદુદ દોહામા મસ્જિદમા તકબીરો જોરથી પઢવામા આવે તો શુ હુકમ છે?

જવાબ—ઇદુલ ફીત્રમા ઇદગાહ જતા મા ર્ગમા ધીમે ધીમે તકબીર પઢે અને ઇદુદ દોહા માટે જતી વેળા જરા જોરથી સાધારણ અવાજે તકબીર પઢે મસ્જીદમા તકબીર જોરથી પઢવાનો હુકમ નથી પરતુ મસ્જિદમા લોકો ધીમે ધીમે અલ્લાહના ઝિકરમા મશ્ગૂલ રહે દુન્યાની વાતો અથવા ગીબતો કરે નહિ એ બાબતનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ

સવાલ—એક માણુસ ફજર ઝોહર અસ ર ની નમાઝ પઢી નહી અને તે માણુસ

અસરની નમાઝના બાદ જેવુ કે અસરની નમાઝનો વખત પાચ વાગે નમાઝ થઈ ગયા પછી બધી નમાઝોની કઝા પઢવા ચાહે તો પઢી શકે છે

જવાબ-નમાઝો છુટી થઇ ગઇ હોય તો અસર બાદ ફર્ઝ નમાઝો કઝા તરીકે પઢી શકે છે હનફી મઝહબમા અસર બા' નફિલ નમાઝ પઢવી મકરૂહ છે

સવાલ-અસરની નમાઝ બાદ કઝા નમાઝો તેમજ સજદએ તિલાવત કરવો, વિત્રની કઝા પઢવી કેમ છે ?

જવાબ-અસરની નમાઝ બાદ કઝા નમાઝો તેમજ સજદએ તિલાવત અને વિત્તર કઝા તરીકે પઢી શકે છે પરતુ મસ્જિદમા અસર બાદ લોકોની મોજુદગીમા કઝા નમાઝો પઢવી બેહતર નથી બેહતર એ છે કે, કોઇ જગ્યાએ અથવા મકાનમા એકાતમા પઢે કે જેથી લોકોને કઝા નમાઝ પઢવી માલૂમ પડે નહી

—માતૃ–વિરહ!—

જનેતા, રે! ત્હારા તનુજની લે ભાળ,
માતૃ વિયોગે બાળક રડતા, દ્રષ્ટિ પ્રેમ નિહાળ–જનેતા રે
તાત ગયા ને માત જતા અમ છુટયો સઘળો સાથ,
સ્વાર્થ ભરી આ અવનિ વિષે કોઈ ન નાથ અનાથ,
બોલાવી લે બાળુડાને તુજ પાસે તત્કાળ–જનેતા રે
વિણુ ભેગી ગઇ સ્વર્ગમા માતા,
વેરણુ થઇ શુ હાય! વિધાતા,
નયન ભરીને રડે તનુજો, પ્રણય–અશ્રુ નવ ખૂટે,
પ્યારી જનેતા, વસી છે ઉરમા કહિયે નવ ઋણુ છુટે,
શરણુ–જને "અહદ"ને વામો, દેજે દીન–દયાળ–જનેતા રે

ભુજ] —અહદ

સ્વીકાર અને સમાલોચના

રોશની [સુરત] નામ પ્રમાણેજ ગુણ ધરાવતુ એ ત્રિમાસિક પત્રના અગ્રસ્થીજ રીક રોશની પાથરી રહ્યુ છે લેખન અને છપાઇ ઉત્તમ છે એની નવિનતા 'ફોટોગ્રાફિક વિભાગ' છે એના તંત્રી ભાઇ ફિરોઝ મગજાર એક નવનિબકાર અને સાહસિક એમેચ્યોર ફોટોગ્રાફર છે કીંમત તો તેમણેજ છપાવી નથી તો અમે કયાથી લખીએ?

યુવક મુંબઈ મોહંમડન એજયુકેશન સોસાયટી તરફથી પ્રગટ થતુ આ માસિક નામ પ્રમાણે ગુણ ધરાવે છે યુવાન જેવુ ચેતન તેમા દેખાય છે વિષયોની પસંદગી અને છપાઈ ઉંચા પ્રમાણના છે છુટક નકલ ૪ આના

માહે નજાત (મુહર્રમ નંબર) ભાવનગરથી ૫૩ વરસ થયા નીકળતા એ માસિકે ઘડપણ ન અનુભવતા હજુ જુવાની જાળવી રાખી છે મુહર્રમના અબ્યાની લેખો ને કાવ્યોથી એક ભવ્યક કર્યો છે દિન અને દિમાગને પુરી તસ્કીન આપી હોય એમ જણાય છે

ધી અન્જુમને હિદ્દ્સુલ ઇસ્લામ (કરમાડ)નો સાતમા અને આઠમા વર્ષનો હિસાબ અભિપ્રાય અર્થે મળ્યો આ સસ્થા તરફથી લાયબ્રેરી રેડક્રોસ દવાખાનુ, કફન દફનખાતુ અને દીની દુન્યવી તાલીમ લેતા વિદ્યાર્થીઓને કિતાબો-ચોપડીઓ અને સ્કોલરશીપો આપવાના જરૂરી કાર્યો થાય છે ગામમા અંગ્રેજી શાળા સ્થાપવાના પણ દૃઢ પ્રયત્નો થઈ રહ્યા છે સસ્થાની કાર્યવાહી વ્યવસ્થિત અને પ્રશસાપાત્ર છે અને કાર્યો ઉત્તેજનને પાત્ર છે ઉત્સાહી કાર્યકર્તાઓની સેવા ને ધગશ અભિનંદનીય છે

આપણા રસૂલ ભાષાન્તરકાર 'અમીર ધી હોમ મિગ્રરી ઓમાયરી કુતિયાણા (કાઠિયાવાડ) કી, ૦-૧૨-૦ જામિયહ મિલ્લિયહના વિદ્વાન પ્રોફેસર ખ્વાજા અબ્દુલ હૈ ફારૂકીના હમારે રસૂલ નામે પુસ્તકનો સરળ અને સફળ રીતીમાં તરજુમો કરી મર્હુમ ગુજરાતી વિદ્યાર્થી આલમ પર ભાષાન્તરકર્તાએ ઉપકાર કર્યો છે દરેક બાળકે બાપના નબીનુ જીવન જાણવા માટે આ પુસ્તક વાચવુ જોઇએ મોગઓ પયગંબર હઝરત મોહંમદ (સલ.)ના જીવનથી અજાણ હોય તેને માર્ગદર્શન રૂપ થઈ પડે છે આ ઉપયોગી પુસ્તકના ભાષાંતરકર્તા પુસ્તક પ્રકાશનમા સફળ થયા છે અને તે બદલ અમે તમને અભિનંદન અર્પીએ છીએ

યંગ મુસ્લિમ યુનિયન (મુંબઇ)નો કેળવણી ફંડ સમિતિનો આઠમા વર્ષનો રિપોર્ટ તથા હિસાબ અભિપ્રાય અર્થે મળ્યો છે મુંબઇના થોડાક સેવાભાવી મુસ્લિમ યુવાનોનુ આ મંડળ કેળવણીના ઉત્તેજનમા ઉપયોગી ફાળો આપી રહ્યુ છે અમે એ મંડળની કાર્યવાહીથી પરિચિત છીએ કાર્યકરોની સેવાની ધગશ અનુકરણીય છે અત્યાર સુધીમા ૬૭૦ વિદ્યાર્થીઓને પુસ્તકોનો લાભ આ સસ્થાએ આપ્યો છે 'બહુ તતરો બનવત' આવા આવા નાના નાના, તાંતણાઓ વડેજ મુસ્લિમ કેળવણીની રસ્સી મજબૂત થઇ શકે

મેમણ અનાજ રિલીફ કમિટી (કુતિયાણા) ૧૯૪૩-૪૪નો રિપોર્ટ ને હિસાબ નાત જાતનો ભેદ રાખ્યા વગર ગરીબોને ઓછા ભાવે અનાજ પુરુ પાડતી આ કમિટીએ દાનના મસઅલાને પારખી અતી ઉપયોગી અને અનિવાર્ય પવિત્ર સેવા બજાવી ખુદાની મખ્લૂકની સેવા કરી છે કમિટીના કાર્યકરોની સેવાની ધગશ તથા દેહી શેઠની ૬૦ હજારની લોન આપવાની ઉદારતા બીજાઓને અનુકરણીય બનો આવી રિલીફ કમિટીઓ દરેક ગામેગામ અને શહેરે શહેરો ગઇત અનુભવતો થાય એ શુ ઇચ્છવા જેમ નથી? કુતિયાણા આજકાલ દરેક બાબતમા ઠીક ઠીક પ્રગતિ સાધી રહ્યુ છે —તંત્રી

"મહબ્બતની દુન્યા"

આજ, આપણુ દુન્યાથી દૂર વસ્તીની પેલી પાર, એક એવી દુન્યા વસાવીએ કે આ દુન્યા વાળાઓથી બિલ્કુલ નીરાળી અને અનોખી હોય જેનુ બીજ વહેતા અશ્રુ અને શરીરની રાખથી માટી બનાવીએ, જ્યા દર્દ, બેકરારી, બેચેની હોય, જ્યા દુ:ખની ઘટાઓ ઘરની ચારે બાજુ પથરાએલી હોય સુકૂન અને ઇત્મિનાન નામને માટે પણ ન હોય, આહોઝારી હવામા ગુંજતી હોય, અને તરન્નુમ પૈદા કરે, મહબ્બતના દર્દભર્યા ગીત ગાતા હોય

• ° °

આ સંસારમા જ્યા હુસ્નની દેવી દિલના સિંહાસન પર બેસી રાજ કરતી હોય, જ્યા વફાદારીનો ધર્મ અને મઝહબના જેવુ પાલન થતુ હોય, જ્યા હુસ્નના પરસ્તથી રાત ગાર ગણી થતી હોય, અને આંસૂઓથી ગંગા વહતી હોય, જ્યા આશાઓની નાવડી મઝધારમા થપેડા ખાતી હોય

° ° °

તે દુન્યામા જ્યા પ્રકૃતિથી જંગ કરવી પડતી હોય, દિલવાળા આંખોના તીરથી ઘાયલ થઇ બિસ્મિલની માફક તડપતા હોય, આંખથી આંસૂઓ રવાના થતા હોય, આહોઝારીથી કુદરત પણ થરથરાતી હોય, જ્યા ખૂનના આંસૂ બની મહબ્બતની ખેતીને પાણી પાતા હોય, અને માણસ મરણ બાદ જ્યા અમર નામથી યાદ કરતા હોય, તે દુન્યામા જ્યા હુસ્નની પુજા કુદરતની પુજા સમાન થતી હોય જ્યા આંખોથી દુઇનો પરદો હટયા પછી-ઇશ્વરજ ઇશ્વર નજર આવે

° • °

પ્રેમી આવો તે સંસારમા આવીને તેની આબાદી (વસ્તી)ને વધારીએ-અને તે દુન્યામા આવવાવાળાઓને મહબ્બતનો સાચો રસ્તો બતાવીએ

પ્રેમ અમારો આત્મા-પ્રેમ અમારો ધર્મ-અને પ્રેમજ અમારો ઇશ્વર હોય

—'મઝાક'

જનેતાની યાદ !

છે યાદ ભૂલું કેમ ? હૃદય પ્યાર જનેતા
ગુણગાન કરું શું ? દયા આગાર જનેતા
મ્હારો હૃદય વિસામો કૂર કાળે છીનવ્યો,
મ્હારી મહૂલી સૂની ગુન દીવડો ગયો,
છે તૂટી ગયો બીન તણો તાર જનેતા-ગુણ૦
ક્યાંથુ ફુરદ માતા ! હજો વાસ સ્વર્ગમા,
અશ્રાન્ત ! રહજો હા, સદા હો દૂર દર્દમા,
દિલ 'અમ્જદ' ના ઝાર ઝરે પ્યાર જનેતા-ગુણ૦

—'અમ્જદ'

મૂળજી]

ધી બરમા ઇંડીયન એસોસીએશન સુરતનું

માનપત્ર.

તા. ૧૫-૧-૪૪ના રોજ મુબઇ ઇલાકાના નામદાર ગવરનર સાહેબ સર જોન કોલવીલની સુરત-શહેરમા પધરામણી થઇ હતી તે પ્રસગે ઉપરોક્ત એસોસીએશન તરફથી તેના પ્રેસીડન્ટ મી સી એમ એ ઇસ્માઇલે એક માનપત્ર અર્પણ કર્યુ હતુ જેનો સારભાગ નીચે પ્રમાણે છે

આ બર્માના હિંદી આશ્રિતોની એસોસીએશનની સ્થાપના એપ્રીલ ૧૯૪૨ મા થઇ હતી એના સને ૧૯૪૨-૪૩ સુધીમા ૪૮૩ સભ્યો નોધાયા હતા ૭૫૦૦ હજાર આશ્રિતો અને તેની ઉપર આધાર રાખનારા સુરત જીલ્લામા છે અને આ એસોસીએશન તરફથી રૂપિયા સત્તર કરોડના દાવા સરકારમા નોધાયા છે

૯૦૦ અરજીઓ જેઓ સભ્યો નથી તેમના તરફથી તેમના વતી કરેલી જેમા ૮૦૦ ને મદદ મળે છે આ કાર્ય માટે કઇ પણ ખર્ચ લેવામા આવ્યો નથી

આ એસોસીએશને રેડક્રોસ ફડ, અને બગાલ રીલીફ ફડમા મદદ કરેલી

મુબઇ સરકારે આશ્રિતો અને તેમની ઉપર આધાર રાખનારાઓ માટે રૂ ૧૦૦૦)ની નજીવી મદદ કરેલી જેમાથી ૨૪૩ આશ્રિતોને કપડા, વૈદકિય સારવાર, અને કેળવણીની મદદ અપાઇ હતી આ ઘણીજ નજીવી રકમ ગણાય

સેર પુરુષોત્તમદાસ ઠાકોરદાસે પણ રૂ. ૧૦૦૦)ની મદદ કરેલી જેમાથી ૩૩૫ ને કપડા વગેરેની મદદ અપાએલી

અમારા કાર્ય તરફ સુરતના કલેકટર તથા બીજા ઑફીસરોએ સહાનુભૂતિ દર્શાવેલી અને સેન્ટ્રલ રિફ્યુજીસ ઓફીસર, વેસ્ટર્ન ગ્રોન, મુબઇએ પણ કીમતી મદદ કરેલી

હાલ અપાતી મદદ જમ પુરી થાય ત્યા સુધી ચાલુજ રહેવી જોઇએ એવી વિનતિ આ એસોસીએશન કરે છે આશ્રિતોને જિંદગીના નિભાવ માટે ઘણીજ ઓછી રકમ મળે છે જો તે નથ થાય, તો ભૂખમરા તરફ તેમને ધકેલાવુ પડે જેમા મોટી વયના પુરુષો, સ્ત્રીઓ બાળકો વગેરે તો કામ કરવાને અશક્તજ ગણાય માટે જગ સમાપ્ત થતા સુધી મદદ મળવાની આપ સાહેબની મારફતે હિંદી સરકારને અરજ કરીએ છીએ

બીજા કેટલાક એવા માણસો છે કે જે આશ્રિતમા ગણી શકાતા નથી પણ તેમનો સીધો સબધ બર્મા સાથે છે તેમની સ્થાવર અને જગમ મિલકતો બર્માના હતી અને તેની આવક ઉપરજ એમનો આધાર હતો જે ઘણી કીમતી હતી, અને ના સરકારને પણ તે મિલકતોમાથી ઘણી સારી આવક મળતી અને ટેક્ષ વસુલ થતા હતા જે બધુ ત્યાથી ગયુ છે આમા આધેડો, વિધવાઓ બતીમો પર્દાનશીન સ્ત્રીઓ તથા કેટલીક ધાર્મિક સસ્થાઓનો પણ સમાવેશ થાય છે

હિંદી સરકારની રજામથી આ લોકો અને સસ્થાઓને કઇ પણ મદદ મળતી નથી મુબઇ સરકારને અરજ કરતા જણાવવામા આવેલુ પણ તે નગરામા આવતી છે જે આપના સમય અગાઉની બીના છે આવડી મોટી સખ્યાને પહોચી વળે એવુ એક ચેરેટી ખાતુ નથી માટે આપ તે લોકો તરફ લક્ષ આપશોજ એવી વિનતિ છે

ઉપર પ્રમાણેની આવશ્યકતાઓ માનપત્રમા અરજ રૂપે રજુ થઇ હતી એ માનપત્ર શહેર ખાતે શહેર ટાઉન હૉલ ના આગણામા ઉભા કરેલા વિશાળ મડપમા વાચી સભળાવ્યુ હતુ અને જેનો ના ગવરનર સાહેબ તરફથી સહાનુભૂતિપૂર્વક જવાબ અપાયો હતો

—તત્રી કાસદ

"ગાલિબ" બજોદવી

"નઝમે કુર્આન"

("અલિફ—લામ—મીમ"કા છઠ્ઠા રૂકૂઅ)

(સર્વ હક "મઝાક"ને સ્વાધિન છે)

અય ઇસરાઇલકે બેટો કરો તુમ યાદ વોહ નેઅમત,
કે જો ઇનઆમકી થી મૈંને તુમ પર રેહમતકી સૂરત!

બિલાશક સારે આલમ પર બુઝુર્ગી તુમકો દી મૈંને,
બજહાઇ આબરૂ મૈંને બજહાઇ ઝિંદગી મૈંને!

ગરજ અચ્છા નહીં બલકે ડરો ઉસ દિનસે જિસ દિનકો,
શિફાઅત કર નહીં સકતા કોઇ મુમ્કિન ભી મુમ્કિનકો!

ન કામ આવે શફાઅત ઓર ન કુછ બદલા લિયા જાવે,
મદદ ભી કયા દીએ જાએંગે વહી જબ કુછ મદદ આવે!

તુમ્હે ફિરઓનકી ઉસ કૌમસે હમને છુડાયા હૈ,
અઝાબે સખ્તસે જિસને તુમ્હે હરદમ સતાયા હૈ!

તુમ્હારી ચાહતી ઔલાદકો વોહ કત્લ કરતે થે,
તુમ્હારી બેટીયોંકો ઝિંદા રખતે થે બુરાઇસે!

યે સબ કુછ થા મગર ઉસમેં ભી તુમ પર આઝમાઇશ થી,
તુમ્હારે રબકી જાનિબસે-કે જિસકી યે નવાઝિશ થી!

વોહ દિન ભી યાદ રખ્ખો જબ જુદા દરિયા કિયા હમને,
છુડાયા તુમકો આફતસે, બુરા કયા કર દિયા હમને?

ડુબોયા હમને ઉસ હાલતમેં ફિરઓની જમાઅતકો,
કે તુમ ખુદ દેખતે થે અપની ઇઝ્ઝત ઉનકી કિસ્મતકો!

વોહ દિન ભી યાદ રખ્ખો હમને જબ ચાલીસ રાતોંકા,
કિયા વાઅદા જો મૂસાસે, કે હો અન્જામ બાતોંકા!

મગર તુમ થે કે અપને આપ પર યૂં ઝુલ્મ કરતે થે,
ખુદાકો છોડકર બછડેકે આગે સરકો ધરતે થે

મગર ફિરભી હમારી મેહરબાનીકા યે આલમ હૈ,
યકાયક છીન લેના મરતબેકો, હમમેં યે કમ હૈ

મુઆફી તુમકો દી, શાયદકે શુક્ર ઉસકા બજા લાઓ,
બિગડનેકો તો બિગડે હો, અગર સમઝો તો બન જાઓ!

વોહ દિન ભી યાદ રખ્ખો હઝરતે મૂસાકી ઝરીઆસે,
કિતાબો મોઅજીઝા હમને દીએ કાનૂનો એહકામસે!

કે શાયદ રાહ પા જાઓ અગર કુછ ભૂલ હો જાએ,
યે નાઉમ્મીદીઓ પઝમુર્દએ ગુલ ફૂલ હો જાએ!

વોહ દિન ભી યાદ રખ્ખો જબ કહા મૂસાને થી તુમસે,
કે મેરી કૌમ યે ઉમ્મીદ તો હરગિઝ ન થી તુમસે!

સરાસર ઝુલ્મ અપને આપ પર તુમને કિયા આખિર,
કે એક બેજાન બછડેકો ખુદાસા કર દિયા આખિર!

[બાકી આયન્દા]

ફજ્જુ

('સુહેલ અઝીમઆબાદી'ની
એક ઉર્દૂ નવલિકા ઉપરથી)

લેખક –'સીરતી'

ત્રીસ હજાર રૂપીઆનું કોકેન લઇને જ્યારે ફજ્જુ પોતાના શહેરના સ્ટેશને પહોંચ્યો ત્યારે તેનો ગભરાટ કઇક હળવો બની ગયો હતો તેણે બારીમાથી બહાર ડોકુ કાઢી આસપાસ નઝર દોડાવી પરંતુ તેના સાથીઓ મન્નુ કે નાજુમાથી કોઇ જણાયુ નહિ. હમેશાના દસ્તૂર પ્રમાણે બન્નેએ તેની રાહ જોતા સ્ટેશને અચૂક હાજિર રેહવુજ જોઇએ પરંતુ તેમને ન જોતા તેની નિરાશાનો પાર રહ્યો નહિ ફજ્જુનુ કામ બહારથી કોકેન લાવવાનુ હતુ અને તેના સાથી મન્નુ અને નાજુનુ કામ તેને ખપાવવાનુ હતુ તે ગાડીમાથી ઉતરીને ચોમેર જોવા લાગ્યો, પરંતુ મન્નુ કે નાજુ કોઇ તેની નઝરે પડ્યા નહિ

તે ઉતાવળે પોતાનો સામાન કુલીના માથે ચઢાવી સ્ટેશન બહાર નીકળી આવ્યો. તેની પરેશાની અને ભય ધીમે ધીમે વધતા જતા હતા સ્ટેશન બહાર પણ તેને પોતાના દોસ્તોના દર્શન થયા નહિ તે એક ઘોડાગાડી પાસે જઇને થોભ્યો, કેટલીકવાર રાહ જોયા પછી જ્યારે કોઇ જણાયુ નહિ ત્યારે તે ગાડીમા ચઢી બેઠો ગાડી બતાવેલા ઠેકાણે રવાના થઇ તેના સામાનમા ત્રીસ હજાર રૂપીઆનુ કોકેન હતુ કોકેનને તેણે એવી સાવચેતીની સાથે છુપાવેલુ હતુ કે કોઇ બીજાને તેની ગંધ સરખી જાય નહિ તોય તેને પકડાઈ જવાનો ડર હતો ભય અને ચિંતાની ભીંસ વચ્ચે ભીંસાતો તે અંતે ઘેર પહોંચ્યો મકાન બંધ હતુ ઘરમા ન તો મન્નુ હતો કે ન નાજુ નોકર ચાકરમાથી પણ કોઈ ન હતું બન્ને જરૂર પોલીસના હાથે ચઢી ગયા હશે એમ તેને લાગવા માડ્યુ પોતાને ગિરફ્તાર કરવા માટે પણ પોલીસ ચીં માંડીને બેઠીજ હશે એ વિચારે તેને ચિંતાતૂર બનાવી મૂક્યો આ મકાનને બદલી તુર્તજ કોઇ સુરક્ષિત સ્થળે ચાલ્યા જવાનો તેણે સંકલ્પ કર્યો, પરંતુ તે લાંબી સફર ખેડીને આવ્યો હતો અને થાકના કારણે તેના સાંધેસાંધામા કળતર થતી હતી એટલે તેણે હાલ તુરત તો એ વિચારને પડતો મૂક્યો

તેણે પોતાનો સઘળો સામાન એક ગુપ્ત અને સલામત સ્થળે છુપાવી દીવો ત્યા આગળનુ પણ કેટલુક કોકેન છુપાવેલુ હતું આ કામથી પરવારી તે નગર પર આવી ન્હાવા બેઠો તે હજી ન્હાતોજ હતો ત્યા મોહલ્લાના એક માણસે આવી સમાચાર આપ્યા કે નાજુ અઠવાડીઆ પહેલાંજ ગિરફ્તાર થઇ ચૂક્યો છે, મન્નુ ક્યાંક અદ્રશ્ય થઇ ગયો છે અને પોલીસ તેને પણ ખોળી રહી છે ન્હાઇ પરવારી તેણે પાસેના એક હોટલમા જઇ નાસ્તો કર્યો ત્યાંજ તેને સંપૂર્ણ માહિતી સાંપડી કે શી રીતે સલીમની ટોળકીએ નાજુને પકડાવી દીધો હતો અને હવે તેઓ પોલીસ સંગાથે રહી મન્નુને શોધવાની કોશિશ કરી રહ્યા છે તેણ હાલ તુરત તો આરામ કરવાનો વિચાર કર્યો પરંતુ એ વિચારને તેણે તુર્તજ ખંખેરી નાખ્યો. તે મન્નુની તલાશમા નીકળી પડ્યો એક એવુ પણ સ્થળ છે જ્યા તે તેના મિત્રો વિષે સાચી વિગત મેળવી શકે એમ છે અને તે સ્થળ ફૂલકુમારીનું ઘર હતુ ફૂલકુમારી મામૂલી દરજ્જાની ઔરત હતી અને આ ત્રણે મિત્રો તેને ચ્હાતા હતા. અને તે પણ એ ત્રણેની મહોબ્બતનો દમ ભરતી હતી તે સીધો ફૂલકુમારીના મકાન ભણી ચાલી નીકળ્યા

પરંતુ જ્યારે ફજ્જુ ફૂલકુમારીના મકાને પહોંચ્યો ત્યારે તેની હેવાનીનો પાર રહ્યો નહિ, ત્યાં તેની દુશ્મન ટોળકી મૌજૂદ હતી જો તેને આ વાતની અગાઉથી જાણ હોત તો તે કદી પણ ત્યાં જતે નહિ પણ હવે શું થઈ શકે એમ હતું ? તેને નિહાળતાંજ એક જણ બોલી ઊઠ્યો

"કેમ દિકરા! આવી પહોંચ્યો? કેટલું રોકેન લાવ્યો છે આ વખતે ?"

બીજો બોલ્યો

"મ્હારો બેટો હજી પકડાયો હોય એમ લાગતું નથી" ત્રીજો બોલ્યો

"જાનો નૂરૂ! ઇન્સ્પેક્ટર સાહેબને તેડી લાવનો."

કમરમાંથી છરી ખેંચી સૌના ટુકડે ટુકડા કરી નાખવાનું મન ફજ્જુને થઈ આવ્યું

પરંતુ તેઓ છ જણ હતા અને પોતે એકલો ફૂલકુમારી અત્યાર લગી સલીમની સોડમાં ચુપચૂપ બેઠેલી હતી તેના વદન પર ગુસ્સા અને નફરતના ચિન્હો અંકિત હતા ફજ્જુએ આ જોયું અને તેની રગરગમાં રોષ વ્યાપી ગયો ફૂલકુમારી ભલેને રંડી હતી પરંતુ કદી તો તે તેની સોડ સેવી ચુકી હતી, અને આજ વાત એવી છે જેને કોઈ પુરુષ કદી પસંદ કરતો નથી ફૂલકુમારી અને પોતાના જાની દુશ્મનની ગોદમાં ? તેની ગેરત એ શી રીતે ગવારા કરી શકે એમ હતું ? તેને દાઝોદાઝ લાગી આવ્યું પણ તે મજબૂર હતો તેના હોઠ રહેજ કંપીને રહી ગયા ફૂલકુમારી જાણે ચીસ પાડી ઉઠી

'અહિં શું દાટેલું છે તારૂં મુવા! નાજૂ મુવો મા! સઘળા ઘરેણા ઠગીને ઉપાડી ગયો

અને ફ્રાગી પ યો મન્નુ! કોણ જાણે કયા ગુમ થઇ ગયો છે અને તુ? શુ શા માટે અહિ આવ્યો? શુ આ તારૂ નાની દાદીનુ ઘર સમજી બેરો છે? નીકળ અહિથી '

તે નશામા ચૂર અર્ધ નગ્ન હાલતમા ઉભી થઇ ફજ્જુ તરફ ધસી તેના બારીક વસ્ત્રોમા તેનો ગોરવર્ણો દેહ સ્પષ્ટ દ્રષ્ટિગોચર થતો હતો ફૂલકુમારીને અધ્ધર ઉપાડી ઝમીન પર પટકી મારવાની તીવ્ર તમન્ના ફજ્જુના દિલમા જાગી ઊઠી તે રોષભર્યા સાદે બોલ્યો

'રંડી '

અને હવે તે અહિ એક પણ પળ પણ થોભી શકે એમ ન હતુ તે એકદમ પાછો ફર્યો તે જેવો ફર્યો તેવોજ એક તાકતવર હાથનો મુક્કો તેની ગરદન પર પડયો પછી બીજો, ત્રીજો, ચોથો સઘળા તેને વળગી પડયા હતા અને તે મારના કારણે અધમૂઆ જેવો બની ગયો ફૂલકુમારી બોલી

"ખતમ કરી નાખો એ રંડીના બચ્ચાને!

સઘળાએ મળીને એને ખુબ પીટયો અને તે પોતાને બચાવી પણ ન શકયો એક બીજો અવાજ સંભળાયો

'પતાવી દો કોકેન ફરોશને!'

પણ સલીમ વચ્ચે પડયો

'શા માટે નકામુ પોલીસની આખે ચઢવાનુ કરો છો? કાશ લગીમા તો દિકરો કયા રનો જેલ ભેગો થઇ ગયો હશે પછી ખતમ થયનોજ સમજજોને!'

આ વાત સઘળાને પસંદ પડી સઘળાએ તેને છોડી દીધો અને પછી સૌ મન ફાવે ત્યા બેસી શરાબ ઢીચવા લાગ્યા ફજ્જુ અર્ધ બેભાન જેવો પડેલો હતો તેનામા ઉઠીને ભાગી છુટવાની પણ શકિત રહી ન હતી તે સર્વ કોઇ પોતાની સગી આખે નિહાળી રહ્યો જે તે કોઇ પણ રીતે જોવા માગતો ન હતો. સઘળા શરાબ પીતા હતા અને ફૂલકુમારી અર્ધ નગ્ના વસ્ત્રોમા સૌને શરાબ પાતી હતી સૌની જાંઘ પર બેસી પોતાના હાથે ગ્લાસ તેમના હોઠો સાથે વળગાડતી હતી કદી આછુ સ્મિત ફરકાવતી તો કદી અટ્ટહાસ્ય કરતી કદી કોઇના હોષ્ટ આગળ પોતાનુ મુખ ધરી દેતી તો કદી કોઇનુ મુખ ચૂમી લેતી

ટુંકમા ત્યા રંગરાગનુ વાતાવરણ સપૂર્ણ જામ્યુ હતુ અચાનક નૂરૂ ફજ્જુ તરફ જોઇ બોલ્યો

'કેમ દિલ્હા! કેવી મઝા પડે છે!'

બીજો બોલ્યો

'અરે! હજી આ લુચ્ચો તો અહિ આ જ પડયો છે જતો કેમ નથી?' ત્રીજો કહેવા લાગ્યો

કયા બચ્ચામા જવાની શક્તિ છે? બીબી તો થઇ ગયા છે બેગનો? સારૂ છે જોવા તો બેટમને તમાશો!

એક મદાવર માણસ ઉભો થયો અને તેણે ફજ્જુ પાસે જઇ તેનો કાન જોરથી આમળ્યો ફજ્જુના મુખમથી ચીસ નીકળી ગઇ તેનામા પોતાનુ રક્ષણ કરવા પુરતીય તાકત રહી ન હતી તેની બેચેની જોઇને સઘળા હસી પડયા પણ તે કાંઇ કરી શકે એમ ન હતુ મારના કારણે તેના દેહના જાણે ચૂરેચૂરા થઇ ગયા હતા ફૂલકુમારીને એક નવી શરારત સૂઝી આવી તે શરાબનો ગ્લાસ લઇને ફજ્જુ પાસે ગઇ અને ગાવા લાગી

"પીને પીને દો મોરે રાજા

અને સઘળા હસવા લાગ્યા એક જણ બોલ્યો

'તદ્દન બરાબર છે એમ ન પીયે તો નાક વાટે પીવરાવ"

ફુલકુમારીએ જેવું ગ્લાસ ફેન્જુના હોઠ સાથે અડાડયું કે તે એકદમ ગભરાઈ ગયો એક જણ એ નિહાળી બોલી ઊઠયો

'મારો દીકરો તો એકદમ ગભરાઈ ગયો પડાવો એ શૈતાન પાસેથી રૂપીઓ"

મરજાએ મળી તેની પાસેથી રૂપીઓ છીનવવાની કોશિશ કરી અને છીની પણ લીધો અને તે કાંઇ ન કરી શકયો તેઓ પુન શરાબ ઢીંચવા લાગ્યા થોડીજ વારમા ફેન્જુને નશો ચડવા લાગ્યો મારના કારણે તેના બદનમા જે કળતર થતી હતી તે ધીમે ધીમે હળવી બનતી જતી હતી ધીમે ધીમે તેના દેહમા શક્તિનો સંચાર થવા લાગ્યો તેણે ત્યાથી ભાગી છૂટવાનો સંકલ્પ કર્યો, તે ઊઠી ઉભો થયો અને ધીમે રહી દરવાજા તરફ ધસ્યો નૂરૂ એ નિહાળી બોલી ઊઠયો

"મારા ખાઇને કેવો સીધો થઇ ગયો છે? ખરૂ છે, મારથી વાત પણ ન્હાસે છે" બીજો બોલ્યો

"જા દિકરા! રામ ભલું કરે કાન પકડીને તો એક બે વરસનો બંદોબસ્ત થઇ જશે ગભરાવાની કાંઇ જરૂર નથી"

ફેન્જુએ આનો કોઇ ઉત્તર આપ્યો નહિ તે ચુપચાપ દરવાજામા આવી ઉભો સઘળા પુન શરાબ અને રંગરાગ ઉડાવવામા મશગૂલ બની ગયા દરવાજામાથી જ્યારે તેણે કદમ આગળ મૂકયો ત્યા કોઇ ધાની જેમ તેનું બદન દુ:ખી આવ્યું સાથેજ એકવાર પુન તેનો ગુસ્સો જાગી ઊઠયો પોતે શું સ્થિતિમા છે, કયા છે તેનું જાણે તેને સ્મરણજ રહ્યું નહિ, તેણે કમરમા હાથ નાખ્યો છરી મૌજૂદ હતી અને તે સારાસારનો કંઇ પણ વિચાર કર્યા વિના સઘળાઓ પર તૂટી પડયો જેટલા હાથે ચડયા તેમને છરી વતી ઝખ્મી કરી તે ત્યાથી એકદમ નીકળી નાઠો તેણે એ પણ ન જોયું કે કોને ક્યા છરી વાગી છે

જ્યારે તે બહાર નીકળ્યો ત્યારે અંધકાર બરાબર પથરાઇ વળ્યો હતો મ્યુનિસિપાલીટીની મુર્દાલ ગૈસની માર્ગને રોશન કરવાની નિષ્ફળ કોશિશ કરી રહી હતી તેણે દોડવાજ કર્યું ફુલકુમારીના મકાનમાથી કેટલાક માણસોને બહાર નીકળતા તેણે જોયા હતા અચાનક તેને એક સાંકડી અને અંધારી ગલી હાથ ચડી ગઇ તે તેમા ઘુસી ગયો છરી તેના હાથમાજ હતી કયા જવું અને શું કરવું તેની મુઝવણમા હવે તે પડયો પોલીસની ગીધ દ્રષ્ટિ તેને ખોળી રહી હશે એમા તો હવે તેને રહેજ પણ સંદેહ રહ્યો ન હતો તેણે છરી વડે કંઇ કેટલા માણસોને ઝખ્મી કર્યા હતા તેની તો તેને રતીભાર પર્વા ન હતી જીવનમા અનેકવાર આવી ઘટનાઓથી તેને પાનો પડી ચુકયો હતો તે એ પણ જાણતો હતો કે પોલીસને આવા બનાવોની ન તો ખબર પડે છે કે ન તો પોલીસ બે પક્ષોના ઝઘડાઓમા રસ લે છે પરંતુ તોય, રાત કયા પસાર કરવી? શું ખાવું? પોલીસની નજરથી શી રીતે બચવું તેની તેને ચિંતા હતી નાજુ ગિરફતાર થઇ ચુકયો હતો ગન્નુનો પત્તો ન હતો. આવા સંજોગોમા પાપાર વિટંબણાઓ પછી તે જે કોકેન લાવ્યો હતો તેનું શું કરવું?

અચાનક તેને ભાન થયું કે તે જે સ્થળે ઉભો છે તે રસ્તો અત્યંત ગંદુ છે બે મકાનોની દીવાલો વચ્ચે પાખનું સાફ કરવાના રસ્તે તે ઉભો હતો

અને તે અંધારી ગલીમાથી ઉતાવળે બહાર નીકળી ગયો

અચાનક તે ફુલકુમારીના ઘર તરફ પાછો

ફેર્યો ગમે તે થાઓ તેની પર્વા કર્યા વગર તે ફૂલકુમારીના ઘર તરફ ચાલવા લાગ્યો પહેલા કરતા હવે તે પોતાના બદનમા ઠીકઠીક કુવ્વત અનુભવતો હતો. શરીર દુખતું હતુ પરંતુ તેની પર્વા ન હતી તેણે ફૂલકુમારીના ઘરે જે કાંઇ જોયુ તે તેને યાદ હતુ તે ફૂલકુમારીને પોતાની માનતો હતો પરંતુ તેણે પોતાની સગી આંખે ફૂલકુમારીને દુશ્મનોની સોડમા બેઠેલી જોઇ હતી હવે તેને એકજ તમન્ના હતી અને તે ફૂલકુમારીથી બદલો લેવાની લોહીમા ખરડાયલી છરી હજી તેના હાથમાજ હતી તેને શ્રદ્ધા હતી કે એકવાર પુન મુકાબલો થશે સલીમ યા તેના સાથીઓમાંનુ કોઇ ન કોઇ અવશ્ય ત્યા હશે છરીની પકડ વધુ મઝબૂત બની ગઇ અને તે ઝપાટાભેર માર્ગ કાપવા લાગ્યો.

ફૂલકુમારીના મકાન પર જઇ તેણે જોયુ તો સલીમ યા તેના સાથીઓ માહેનુ કોઇ ન હતુ ફૂલકુમારી અને તેનો કાકો જીગો આપ સમા ઝઘડી રહ્યા હતા જીગો રજ્જુ સાથેના વર્તન બદલ ફૂલકુમારીને ઠપકો આપતો હતો અને ફૂલકુમારી ઝમીન પર પાથરેલા મોગ ગાદલા પર સીગારેટ ફુંકતી પડેલી હતી કાકાના ગુસ્સાની જાણે તેને રતિભાર પર્વા ન હતી તે ધીમે ધીમે કંઇક ગણગણી રહી હતી રજ્જુ થોડીકવાર આ તમાશો જોતા ઉભો રહ્યો તેના દિલમા દાવાનળ સળગતો હતો. ફૂલકુમારીની છાતીમા છરી ભોકી દેવાની ઉગ્ર ઉત્કંઠા તેને થઇ આવી પરંતુ તેણે પોતાની એ ઉત્કંઠાને મનમાજ શમાવી દીધી ઔરત પર હાથ ઉચકવો એ નામર્દનુ કામ હતુ અચાનક તેનો રોષિત આવાઝ વાતાવરણમા ગૂંજી ઉઠ્યો

"ફૂલા "

ફૂલકુમારી સફાળી બેઠી થઇ ગઇ જાણે કોઇ સોહામણુ સ્વપ્ન ભયાનક સ્વરૂપમા બદલાઇ ગયુ તેણે પલટીને રજ્જુ તરફ જોયુ અને તે કપી ઉઠી હવે શુ થશે? હજી થોડીવાર પહેલાજ રજ્જુ પર જે વીતી હતી તેનુ તેને સ્મરણ હતુ પરંતુ તે વેશ્યા હતી આવા સંજોગોમા શી રીતે કામ લેવુ તે તેને બરાબર આવડતુ હતુ તે પોતાના મુખને બન્ને હાથોમા છુપાવી રડવા લાગી રજ્જુ ક્રોધિત સ્વરે પુન ત્રાડી ઉઠ્યો

"બદમાશ રંડી!"

અને રજ્જુએ આગળ ધસી તેનો ચોટલો પકડ્યો ફૂલકુમારી કાંઇ ન બોલી તે મુગી મુગી આસુ સારી રહી હતી રજ્જુ પુન બોલ્યો

"ચુડેલ!"

ફૂલકુમારી હળવેથી રજ્જુના બદન પર ઢળી પડી અને બોલી

'તમારે મનમા આવે તે કહો. મારા કદેરા પર તમને થોડોજ વિશ્વાસ આવવાનો છે? અગર હુ એવુ વર્તન ન ચલાવત તો તમે થોડાજ જીવતા બચવાના હતા? સલીમ હમણાજ તમારી શોધમા ગયો છે તમને જાનથી મારી નાખવાના મનસૂબા તેઓએ ઘડ્યા છે અગર હુ તે લોકોનુ કહ્યુ ન કરતે તો શુ કરતે?'

રજ્જુ ગુસ્સામા ભૂત થઇ રહ્યો હતો પરંતુ ફૂલકુમારીએ જેવુ શરીરને ઢીલુ કરી તેના બદન પર નાખી તેના ગળામા પોતાના નગ્ન બાહુઓ વીંટાળી દીધા કે તેનો ક્રોધ એકદમ હળવો થઇ ગયો ફૂલકુમારીના નાઝુક અને નરમ બદનનો સ્પર્શ થતાજ તેને અનેક વાતોનુ સ્મરણ થઇ આવ્યું તેણે કાંઇ પણ વિચાર્યા વિના ફૂલકુમારીને પોતાની છાતી સાથે ચાંપી દીધી. ફૂલકુમારી પણ પાળેલી બિલાડીની જેમ તેની સોડમા સરી જઇ

પ્યારભરી વાતોથી તેનુ મન મનાવવા લાગી થોડીજવારમા ફૂલકુમારીએ ફજ્જુને પરવશ બનાવી નાખ્યો.

અર્ધો કલાક વીતી ગયો તે ફૂલકુમારી કનેથી ઘણી વાતો જાણી શક્યો નાજુ શી રીતે ગિરફતાર થયો અને મન્નુ શી રીતે નાસી છૂટયો તેની ગ્જેરજ હકીકત ફૂલકુમારી પાસેથી તેને મળી ફૂલકુમારીએ નાજુની ગિરફતારીનો સઘળો આક્ષેપ સલીમ અને તેની ટોળકી ઉપર ઢોળી દીધો ઉત્તરમા ફજ્જુ માત્ર આટ લુ જ બોલ્યો

"જીવતો રહ્યો તો સાભળી લેજે, ફૂલા! એ બદમાશોથી સમજી લઇશ બસ એક બે દિવસમાજ સાભળજે કે શુ થયુ?"

ફૂલકુમારીને ભૂતકાળની વાતનુ સ્મરણ થયુ હોય તેમ બોલી ઉઠી

"પણ હવે ચાલ્યા જાઓ પ્યારા! હમણાજ સલીમ અને તેના સાથીઓ આવી લાગશે તેઓ સઘળા તમારી જ શોધમા ગયા છે"

ફજ્જુને પણ વિસરાયલી વાત યાદ આવી હોય તેમ બોલ્યો

'કયા કયા લફગાને છરી લાગી હતી ત્યારે?'

હજી તે વાત પૂરી પણ કરવા ન હતો પામ્યો ત્યા દરવાઝા પર સલીમનો બોલવાનો અવાજ સભળાયો તે કહેતો હતો

"મન્નુ ગયો હોસ્પિટલમા બીમાર છે"

ફજ્જુ ચુપચુપ ઊઠીને બીજી તરફ સરકી ગયો બહાર નીકળીને તેણે જોયુ તો સલીમ અને તેની આખી ટોળી દરવાઝા પર ઊભી હતી તેણે ચાલતી પકડી તેનુ અદર હજી કળતુ હતુ તેને હવે એક જ ચિંતા હતી અને તે મન્નુને જોવાની તે હોસ્પિટલ જઇ મન્નાને જોવા ચાહતો હતો. સલીમની વાત પરથી મન્ના હોસ્પિટલમાજ હોવો જોઇએ એવી તેની દૃઢ માન્યતા થઇ ગઇ હતી પ તુ થાક્ના મ ણે તે એવો ન ખાઈ ગયો હતો કે ત્યા લગી જવાની તેની હિંમત ન આવી તે ચુપચાપ ઘર તરફ રવાના થયો પરતુ માર્ગમાજ એક માણસે તેને જણાવ્યુ કે પોલીસ તેના ઘરને ઘેરો ઘાલીને બેઠી છે તે છાનોમાનો બીજી તરફ વળી ગયો અને નિર્જન માર્ગો પર થઈ સીધો હોસ્પિટલ ભણી રવાના થયો

જ્યારે તે હોસ્પિટલના દરવાજે પહુચ્યો ત્યારે સા ડાનવ વાગી ચૂક્યા હતા મન્નુ સાથે મુલાકાત થાય એવી તેને આશા ન હતી હોસ્પિ ટલ પહોચતા પૂર્વેજ પોતે પોલીસના હાથમા ઝડપાઇ જશે એવી ધારણા સેવતો તે આવ્યો હતો જ્યારે ગિરફતાર ન થયો ત્યારે તેને વિશ્વાસ બેસી ગયો કે મન્નુ મરણ પામ્યો હશે તે ઘણીજ કઢગી સ્થિતિમા હતો બેચાર અદર આવનાર જનારાઓ ભેગો તે પણ અદર ઘુસી ગયા

હવે તેની સામે ફરીને એક નવો સવાલ ઊભો થયો હતો હોસ્પિટલની આવડી મોટી ઇમારતમા મ નુ ક્યા હશે? તેણે ચોમેર નઝર દોડાવી ઉચી ઉચી ઇમારતોની બારીઓમાથી ઝાખો પ્રકાશ બહાર ડોકાતો હતો તેને ત્યા કોઇ પણ માણસ એવુ ન મળ્યુ જેની પાસેથી તે મ નુ વિષે માહિતી મેળવી શકે તે ચોમેર આટા મારવા લાગ્યો હવે તેની શક્તિએ જવાબ આપી દીધો હતો મારના મારથી શરીરમા વેદના પણ થતી હતી વધુ વાર હન્ફર કરવાની તાકાત હવે તેનામા રહી ન હતી કોઇ આરામ અને સતોષની જગ્યા મળી જાય તો થોડીકવાર આરામ લઇ લેવાની તેને ઇચ્છા થઇ તેના ખિસ્સામા હઝાર કરતા વધુ રકમ મૌજૂદ હતી પરતુ આરામ અને સતોષની જગ્યા ઇચભર પણ ન હતી તેની વિમાસણ અને મુઝવણનો

પાર ન હતો તે હોસ્પિટલના વિશાળ વરડા-ઓમા એવુ સ્થળ ખોળવા લાગ્યો જ્યા તે આરામ મેળવી શકે પરંતુ સઘળે બીમારોના સગા સબધીઓ, નર્સ, કમ્પાઉન્ડરો અને ડોકટરો હરફર કરી રહ્યા હતા ત્યા કોઈ એવુ સ્થળ ન હતુ જ્યા તે થોડીવાર પગ લાબા કરી આરામ કરી શકે

રાત કયા પસાર કરવી તેની વિમાસણ અનુભવતો ફૂલજી એક ઝાડ હેઠળ આવી ઉભો તેને એક બીજુ ઘર યાદ આવ્યુ દસેરીનુ તેનુ ઘર નજીક હતુ જ્યાં ફૂલકુમારીનો આખો મુકદ્દમો તેનાથી પરિચિત હતો બીજા કોઈ ઘરમા જઇને રહેવાથી મતલબ એ થાય કે સઘળાને તેની મૌજુદગીની ખબર થાય દસેરીનુ ઘર કિનારે હતું તે તેના વિષે કોઈ પણ જાણતી ન હતી તેણે ત્યાજ જવાનો સકલ્પ કર્યો

જ્યારે તે પોતાના એક મિત્રના મુખે તેની તારીફ સાભળી દસેરીને ત્યા ગયો હતો ત્યારે એક રમતિયાળ, બાળકી જેવી દસેરીને નિહાળી તેને ઘૃણા ઉત્પન્ન થઇ હતી તે દસેરીની કર માયથી સુરત નિહાળી થોડીક ગુસ્સે પણ ભરાયો હતો થોડીવાર લગી તે દસેરીનુ મુખ તાકતો ઉભો રહ્યો ત્યારે દસેરીએ પૂછ્યુ હતુ

"શેઠ! શુ વિચારી રહ્યા છો?"

"આ લે, મીઠાઈ ખાજે"

અને તે દસેરીના હાથમા બે રૂપીઆ સરકાવી પાછો ફરી ગયો હતો જ્યારે તેના મિત્રે પાછા ચાલ્યા આવવાનુ કારણ પૂછ્યુ ત્યારે તેણે કહ્યુ હતુ

'આ છોકરીઓને ન તો બોલતા આવડે છે ન હમના કૃત્રિમ પ્રેમ કરવાનુ એ લોકો શુ સમજે? મુશ્કેલ તો એ છે કદી કદી ખરેખર એ છોકરીઓ પ્રેમમા પડી જાય છે, અને એ ઘણુજ ખરાબ કહેવાય રડીનુ ઘર બે ઘડી મોજ માણવા માટે છે ત્યા જઇ ન કોઇએ પ્રેમ કરવો જોઇએ નતો રડીએ કોઇની સાથે પ્રેમ કરવો જોઈએ ખરી મઝા તો તેમા છે કે બન્નેએ બનાવટી પ્રેમ દાખવવો જોઇએ અને બન્નેએ પોતપોતાના મનમા એમ સમજવુ જોઇએ કે સામાને તે બેવકૂફ બનાવી રહ્યા છે સાચી મઝા એજ છે અને આ છોકરીઓ એ કળામા બિલકુલ પાવરધી હોતી નથી'

પરંતુ તેણે દસેરીને ત્યા જવાનો વિચાર માડી વાળ્યો અને અહિંજ કહીં પડી રહેવુ જોઇએ એમ વિચારી તે હોસ્પિટલના એક નિર્જન સ્થળ તરફ ચાલ્યો હોસ્પિટલમા એવી જગ્યા ઘણી હતી જ્યા એક બે વોર્ડરો કાંઇ વાંધો લેશે તો તેના હાથમા એક બે સિક્કા સરકાવી દેવાનુ પણ તેણે મન સાથે નક્કી કર્યું

અંતે તે એક એવા એકાંત સ્થળે આવી પહોંચ્યો જ્યા એક માણસ કામળો ઓઢી સૂતો હતો તેણે પાસે જઇ હળવેથી કહ્યુ

"અરે ભાઈ પહેરેગીર! સાભળો છો? મારે પણ જરા સૂવુ છે"

તેને કોઇ ઉત્તર મળ્યો નહિ તેણે પુન કહ્યુ

"સવાર પડતા ચાલ્યો જઇશ, યાર! ચા પાણી માટે કંઇક લઇ લેજે"

તોય તે બોલ્યો નહિ એટલે ફૂલજીને યકીન થઈ ગયુ કે તે ગાઢ નિદ્રામા પડેલો છે ફૂલજી પેલા માણસની સોડમાજ આડો પડ્યો સૂતો એટલે ટાઢ વાવા લાગી પેલાને ઉઠાડી

કામળો માગી લેવાનો તેણે વિચાર કર્યો પણ જાગવાથી કયાંક ગુસ્સે ન થાય એ ડરે તેણે પોતાનો ઇરાદો પડતો મૂકયો તેની આંખો ઘેરાવા લાગી અને થોડીજવારમા તે ઘસઘસાટ ઉંઘી ગયો

ખટ ખટ ખટ ખટ

અને ફજ્જુના કાનમા કોઇનો આવાઝ અથડાયો

"આ બદમાશને અહિ કોણ મૂકી ગયુ કામળો પણ નથી "

"અને કોટ ભેગોજ છે વળી"

ફજ્જુ ઉઠીને બેઠો થઇ ગયો તેણે જોયું તો બે માણસો વાસ કાપી રહ્યા હતા ફજ્જુને બેઠો થયલો નિહાળી તેઓ ડરીને આઘા ખસી ગયા તેમાના એકે પૂછ્યુ

'તમે અહિ શી રીતે આવ્યા?"

"સુવાને ભાઇ! ગુસ્સે થઇશ નહિ"

'અને તમને ડર સરખો લાગ્યો નહિ રાત્રે?

"એમા ડરવાનુ શુ છે?"

'અરે એ તો મુડદુ છે કાને સાજનાજ બિચારો મરી ગયો દસ દિવસથી બીમાર હતો"

ફજ્જુના માથે જાણે વિજળી પડી આખી રાત તે મુડદાની સોડમા સુતો રહ્યો તેને વિશ્વાસ ન આવ્યો તેણે મુડદા પરથી કામળો ખેચ્યો

ઉફ! એ તો મન્નુનું શબ હતુ તેનુ મગજ બ્હેર મારી ગયુ તે ચક્કર ખાઇ ઢળી પડવાની અણીએ પહોંચ્યો પરંતુ તુર્ત જ સ્વસ્થ થઇ તે બોલ્યો!

"આ લાશ મ્હારા દોસ્તની છે થોભો એને દફનાવવાની વ્યવસ્થા હુ કરીશ"

તે ત્યાથી રવાના થયો હોસ્પિટલમાથી લાશ શી રીતે હસ્તગત કરવી તેની તેને માહિતી ન હતી તે પાગલ જેવો કફન-દફનની વ્યવસ્થા કરવા હોસ્પીટલમાથી બહાર નીકળ્યો સૂર્યોદય થઇ ચૂકયો હતો અને આખા શહેર પર તેની નૈશની પથારી નગી હતી

અચાનક કોઇએ તેના ખભા પર હાથ મુકયો

"ફજ્જુ!"

ફજ્જુએ પાછળ ફરી જોયુ બે સિપાઇઓ સહિત પોલીસ ઇન્સપેકટર ત્યા ઉભો હતો!

કે'વાઈ જા

એમની આંખો થકી વિંધાઈ જા,
પ્રેમ – નગરીમાં જિગર પંકાઈ જા

ક્ષતિદાનું દઈ વચન એણે કહ્યું
લે તને બાંધી દીધી છાની જા

આશિષો દીધી જિગર વિંધારને,
સત્ય સાચીથી વધુ પંકાઈ જા

ખૂબ થાકી ગયું છે, ને તું હે જીવન!
જા, કઝા મંઝિલે પોરો ખાઈ જા

જો નિકાબ ઉઠાવી દીધી એમણે,
ચંદ્ર! કે વિવેક શીખ સતાઈ જા

તું અમલમાં લાવ બોલેલા વચન,
વાંઝણી વાતોથી નિંદા! તરવાઈ જા

દર્દની દુન્યા બધી તડપી ઉઠે,
આહ! એવો આજ તું વળ ખાઈ જા

પાપ પોતાને કરે જો તું દયા,
અશ્રુ હેવા! આંખમાં મંડાઈ જા

તો સફળ થાશે 'અનામી' તુજ જીવન,
જગ વિષે જો માનવી કે'વાઇ જા

ભાવનગર] – 'અનામી'

રંગાઈ જા

ઝુ'ફની ઝંજીરમાં જકડાઈ જા,
આંખડીના મારથી રક્ષાઈ જા.

પ્રેમ શું છે એ સમજવાને પ્રથમ,
કોઈના નયનો વડે ઝખમાઈ જા

શું શરમ છે એટલી આવી ગઈ?
દૃષ્ટિ મળતા સાથ તું શરમાઈ જા

કોણ સમજાવે તને એ બેખબર!
જો જગત પ'ડી ગયું પટકાઈ જા

એકતા સાચી અહીંને વિશ્વમાં
પ્રેમના બંધનથી તું બંધાઈ જા

કાં મઝારે ઠોકરો મારે હજી?
કે હવે તો હાય તું ગમ ખાઈ જા

પાપ કરતા ક્યાં કદી જોયું હતું?
આખરી પળ છે હવે પસ્તાઈ જા.

ભૂલવા ચાહું છું એની યાદને,
ચાહ દિલથી યાદ! તું જનાઈ જા.

ભાગ્યનો "ચમકાર" થઈ જાગે ખચિત,
વિશ્વના રંગો વડે રંગાઈ જા

ભાવનગર] – 'ચમકાર'

બેકારી

"સલીમ" ભાઈ

તે કારકૂન હતો, ત્રીસ રૂપરડીના ટુંક પગારમાં નાહના મોટા પાંચ જણના કુટુંબનું પોષણ કેવી રીતે થઇ શકે? આ અલ્પ રકમ માંડ માંડ પંદર વીસ દિવસ સુધી કારકૂનની સહાયતાનો દમભરી વિદાય લઇ જતી અને તે પછી બાકીના દિવસો તો મહોલ્લાના વાણિયાની કૃપા અને દયા ઉપરજ પસાર થતા. તે છતાં દેવું વાળવાની ચિન્તા તેને ફોલી ખાતી. કાંઇ નથી તો આટલુંએ બસ છે માત્ર એટલા સંતોષ ઉપર તે એક દિવસ પણ ખાલ્યા સિવાય અવિશ્રામ નોકરી કર્યે જતો.

પરંતુ જ્યારે કાળનો વિકાળ પંજો પડે છે તો તેમાંથી ઉગરવું અશક્ય હોય છે, બિચારો કારકૂન પણ તેનો ભોગ બન્યો અર્થાત સખ્ત માંદગીમાં પટકાઇ પડ્યો. ગરીબ કુટુંબ જેના જીવન નિર્વાહનો આધાર માત્ર આ એકજ વ્યક્તિ ઉપર હોય આવા સમયે શું કરી શકે છે? દવાદારૂ તો બાજુએ રહ્યા, ત્યાં તો અન્નના પણ સાંસા હતા. છતાં તેની પ્રેમાળ પતિએ ઘરની અને પોતાની રહી સહી વસ્તુઓ વેચી ડૉક્ટરોની ફી અદા કરી અને તેણે પોતાના સુખચેનનો ત્યાગ કરી પતિસેવામાં એટલે સુધી પ્રવૃત્ત રહી કે લગભગ સવા મહીના પછી પોતાના પતિને તંદુરસ્ત જોઇ શકી. સારાશ કે આ સવા મહીનો કુટુંબ માટે ભારે દુઃખ અને કંગાલીનો પસાર થયો પણ હવે કારકૂન સાજો થયો હતો એટલે આજનો દિવસ આખા કુટુંબ માટે ખૂબજ આનંદનો દિવસ હતો કારણ આખા કુટુંબના સહાયકરૂપ... પરંતુ કુદરતની કસોટી તો હજી અપૂર્ણ હતી માણસ પર જ્યારે મુસીબતો આવે છે તો બધી બાજુએથી એકસામટી આવે છે કારકૂન આજે સાજો થયા પછી નોકરીએ ચઢનાર હતો તેણે ઝટપટ નાસ્તો કર્યો કપડા બદલી સાનંદ ઓફીસે જવા નીકળ્યો. પોતે શેઠને આજીજી કરી વિનવશે કે તેને માંદગીના દિવસોનો પણ પૂરો પગાર આપવામાં આવે આવા શેખચલ્લીના વિચારોમાં એક પછી એક રસ્તા વટાવી તે ઓફીસના ઝાંપા સુધી આવી પહોંચ્યો અને ત્યાં એકદમ અટકી પડ્યો જાણે કોઇ દૈવી શક્તિએ તેના આગળ ચાલતા પગ થંભાવી દીધા પણ કાંઇક વિચાર આવતાં વાર બોની ઓફીસમાં દાખલ થયો "સાહેબજી શેઠ સાહેબ" શુભમીના નમસ્કાર કર્યા, છતાં તેને કાંઇજ ઉત્તર ન મળવાથી તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ કારણ પ્રથમ આજ શેઠ હતા કે જે એનાથી સદા ખુશ રહેતા થોડી વાર તો આ રહસ્યને કારકૂન કળી શક્યો નહિ અને બાવરો બની તે આમતેમ ઓફીસમાં જોવા લાગ્યો પરંતુ જ્યારે તેણે પોતાની જગાએ બીજા કારકૂનને ત્યાં કામ કરતો જોયો એટલે એને વીજળીના આંચકા જેવો સખત આઘાત થયો તે આ દેખાવ વધુ વખત ન જોઇ

શકવાથી મનરજ પાછો ફર્યો-ઓફીસ બહાર આવ્યા પછી તે વિચારમાં પડ્યો કે હવે શું કરવું? ક્યાં જવું? અને આ દુઃખો કોની આગળ રડી હ્રદયનો ભાર હલકો કરવો? તેણે આવા વિચાર વમળમાં ગોથાં ખાતાં એક બાજુ ચાલવા માંડ્યું તે એક બાગમાં આવી પહોંચ્યો લીલીછમ ઘાસ, પંખો વીંઝી પવન ઉપર બેસનારતી પુષ્પલતાઓ મનોહર તળાવમાં આઝાદી સાથે તરતી બતકો, રંગબેરંગી પુષ્પોની સુમધુર સુગંધ વાતાવરણમાં અત્તરનો છંટકાર કરતી હતી આ મનોહર દ્રશ્ય તેને ખૂબજ ગમ્યું અને તે નૈસર્ગિક સૌંદર્ય નિહાળવામાં થોડીવાર તો પોતાના દુઃખ સુદ્ધાં ભૂલી ગયો સહસા તેનું આ મીઠું સ્વપ્ન તૂટી ગયું અને પોતાની સ્થિતિનું ભાન થતાં પાગલ પેઠે ચાલવા માંડ્યું અને બજારનો રસ્તો સીધો નાની મોટી દુકાનો કારખાનાં બધેજ નોકરીની તપાસમાં ખૂંદી નાખ્યાં પરંતુ એની નોકરી સેવાની કોઈને એ જરૂર ન હતી નિરાશ અને હતાશ થઈ થાક્યો પાક્યો સડકોની ધૂળ ખાતો સાંજે ઘેર આવ્યો આવી રીતે તે નોકરીની શોધમાં નિયમિત જતો અને રખડી—રઝળી સાંજે ઘેર પાછો આવતો ઘરનાં માણસ સમજતાં કે તે નિત્ય નોકરીએ જાય છે અને આવી રીતે ત્રીસ દિવસ પસાર થઈ ગયા પણ આ બિચારા કમભાગી કારકૂનની નોકરીનો કાંઈજ મેળ ન ખાતો

આજે પહેલી તારીખ હતી પગારનો દિવસ હતો ટૂંક પગારના નોકરોને પહેલી તારીખ એટલે મનમાની તારીખ અને આનંદનો દિવસ હોય છે આજે તો કારકૂનની પત્નિ પણ આનંદમાં જણાતી હતી. આજે પોતાને ત્યાં લક્ષ્મીદેવીના આગમન પર્વે તેનો સત્કાર કરવા તે અતિ ઉત્સુક હતી પરંતુ બિચારીને ક્યાં ખબર હતી કે આજે કારકૂન હ્રદય સાથે છરીઓ નિર્દય રીતે રમતી હશે દુઃખ-સંકટ ખાઈ કારકૂને તેજ બાગનો રસ્તો લીધો-મનોહર ઉદ્યાનમાં તો કશુંએ પરિવર્તન ન હતું, તેજ વિવિધ રંગી પુષ્પો અને ચિત્તાકર્ષક દ્રશ્યો જેમનાં તેમ હતાં કારકૂનને તો પોતાનુંજ પરિવર્તન ભાસ્યું જાણે. ઘડિયાળે સાતના ટકોરા વગાડી સંભળાવ્યું કે બગીચામાં હરવાફરવાનો વખત પૂરો થયો. હવે તેના દરવાજા બંધ થશે નિરાશ કારકૂન પણ આ ટકોરા સાંભળી દરવાજા સુધી આવ્યો પણ તુર્તજ પાછો ફર્યો અને તળાવના કિનારે આવીને માથું ખાડી બેસી ગયો અને ત્યાર પછી આજ સુધી કોઈએ પણ કારકૂનને ન જોયો.

(ઉર્દૂ માંથી) "સલીમ" દભોઈ

બંગાળનો ભૂખમરો

દેશ આ કેવો છે કે જ્યાં જાનની કિંમત નથી
ઇન્સાન કેવા છે કે જ્યાં ઇન્સાનની કિંમત નથી

(ક્રમશઃ)

અશ્રુઓ ટપકતાં આંખોથી ભલા હું શું લખું!
શું લખું બંગાળની એ અવદશા હું શું લખું!
મોત વિણ મારે હજારોને મુવા હું શું લખું!
થરથરે છે જાન લેતાં ખુદ કજા હું શું લખું!
અવદશા કેવી છે આ તે અવદશા કહેવાય ના
ભેદ છે કુદરત તણા જે કોઈથી સમજાય ના

(૨)

એક દાણા અન્ન માટે કો લડી રહ્યા છે ક્યાંક!
ચાલતા ને ચાલતા ભિક્ષુક પડી રહ્યા છે ક્યાંક!
લાશ પર મા બાપની બાળક રડી રહ્યા છે ક્યાંક!
બાળકો મા બાપ સામે તરફડી રહ્યા છે ક્યાંક!
બાળ વૃદ્ધો-ઓરતોમાં ચાલવા શક્તિ નથી
ચાલવા શક્તિ હો ક્યાં જ્યાં માગવા શક્તિ નથી

(૩)

ભૂખથી રડતા બાળકના સેંકડો સંભળાય છે
તરફડે છે કોઈ ભૂખે કોઈ ડચકાં ખાય છે,
સેંકડોના ભૂખથી મૃત્યુ [illegible] થાય છે
દૃશ્ય એવાં જોઈને ખુદ કાળ કંપી જાય છે
એમ તો જીવે ઘણાં પણ જાનમાં ક્યાં જાન છે?
હાડપિંજર છે શરીરો નામના ઇન્સાન છે

(૪)

ચાલતા રસ્તા ઉપર લાશો ફરે છે બેશુમાર
ફેરવી દૃષ્ટિને ઘેરો થાય છે સઘળી પસાર
ના દવાનો આશરો છે, ના દર્દ છે દિલમાં સગાર
સભ્યતા ઇન્સાનિયત આજે કરી રહી છે પુકાર
દેશ આ કેવો છે કે જ્યાં જાનની કિંમત નથી!
ઇન્સાન કેવા છે કે જ્યાં ઇન્સાનની કિંમત નથી!

(૫)

મહાજનો પાસે ભર્યાં કંઈ ધાન્યના ભંડાર છે
કિન્તુ કોઈના પરે એ ક્યાં કરવા ઉપકાર છે!
ભૂખથી કોને મરી જાએ અરે સંસાર છે,
એને એની મૂડીને કરી ગણી દશ બાર છે!

સુખ-વિલાસો-વૈભવોમાં જેની વિતે હર ઘડી,
ભૂખ કે દુઃખ રંક-કંગાલોની એને શું પડી!

(૬)

આફતો બંગાળ પર આવી રહી એકધારી છે,
ભૂખમરો છે એક તરફ બીજી તરફ બેગરી છે,
ક્યાંક તો જળ રેલ ને તૂફાન છે મરમારી છે,
હદ વગરની મોંઘવારી સાથમાં બીમારી છે,

અન્નદાતા બંગાળની લખતાં કહું શું થાય છે?
કંપી રહી મારી કલમ મુજ દિલમાં લાગી લ્હાય છે

(૭)

એ સમય બદલાયો આજે એમાં કંઈ શંકા નથી,
કોઈથી કોઈને આજે લેશ પણ આશા નથી
ધર્મ, શર્મ સભ્યતા, સરકાર, મર્યાદા નથી,
માનવી તો છે બધા પણ હાય માનવતા નથી!

ભૂખથી નહિ તો મરે આજે ભલા બંગાળ કાં!
લાખો છે જ્યાં લખપતિઓ ત્યાંના આવા હાલ કાં?

(૮)

માનવી તો થઈ ગયા છે આજ માનવતાથી પર,
ઓ દયાળુ આશ તુજથી કર દયાની તું નજર,
તારી દુન્યામાં મરી રહ્યા છે જેઓ અન્ન વગર,
અર્જ એ "મઝલૂમ" ઇન્સાનોની આવી લે, ખબર,

દર્દ દુઃખ આફત મુસીબતથી બના આઝાદ કર,
થઈ ગયા બર્બાદ એને શાદ કર આબાદ કર

કલકત્તા] ["મઝલૂમ" જેતપુરી

ઇસ્લામ પ્રચાર

લેખક 'તાજ' [રાંદેર]

(ગતાંકથી ચાલુ)

બંગાળ—મલબાર, ગુજરાત દક્ષિણ અને ઉત્તર હિંદ પછી સૌથી પહેલા જે ભાગમા ઇસ્લામ ધર્મ ફેલાયો તે બંગાળ અને આસામ વિભાગ છે આ વિભાગ કુતબુદ્દીન અયબકના સમયમા બખ્તીયાર ખિલજીએ જીત્યો હતો, અને ગૌડમા ઇસ્લામી હુકમતની સ્થાપના કરી કેટલાક સમય પછી રાજા કંસના વખતમા બંગાળમા ફરી હિંદુ રાજ્ય થયુ પરતુ ઇ સ ૧૪૦૪ મા એના મરણ પછી એનો પુત્ર જટમલ મુસલમાન થઇ ગયો ને જલાલુદ્દીન મહમદશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો એના રાજ્યમા ઘણા લોકોએ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો પરતુ કહેવાય છે કે જટમલના સમય પહેલા પણ બંગાળમા ઇસ્લામી પ્રચારકો મૌજૂદ હતા સૌથી પહેલા જે બુઝુર્ગે દેહલી છોડી બંગાળ તરફ પ્રયાણ કર્યું તે શેખ જલાલુદ્દીન તબરેઝી હતા તઓ ઇરાની વતના હતા ને શેખ શહાબુદ્દીન સહરવરદીના મુરીદ હતા પોતાના પીરભાઇ હઝરત બહાઉદ્દીન ઝકરીયા મુલતાનીને મળવા માટે હિંદમા પધાર્યા હતા. પરતુ હઝરત બહાઉદ્દીનને આપની કોઇ વાત પસદ ન આવી જેથી એમણે તેમનો સસર્ગ છોડયો એ પછી આપ દેહલી આવ્યા અને ખ્વાજા બખ્તીયાર કાકી (રેહ)ના મુરીદ થયા ને ખિલાફત પ્રાપ્ત કરી કહેવાય છે કે આપને સમાઅનો અથાગ શોખ હતો જેથી આપના વિરોધીઓએ બાબત પર અનેક પ્રકારના આક્ષેપો ઘડતા જેથી આપ દેહલી છોડી બદાયુન અને પછી બંગાળ જઇ પહોંચ્યા અહિં આપને ઘણુ ઉત્તેજન મળ્યુ જે સ્થળે આપની ખાનકાહ છે ત્યા પહેલા બુતખાનું (મદીર) હતુ અહિં આના બધા પૂજારીઓએ આપના હાથે ઇસ્લામ અંગીકાર કર્યો આમ પાસના લોકો પણ મુસલમાન થયા. જેથી એ મંદિરને સ્થાને મસ્જિદ બનાવી આપની વફાત ઇ સ ૧૨૨૫મા એટલે હિજરી ૬૨૨મા થઇ આપનો મઝાર સીલહટમા છે

શેખ જલાલુદ્દીન (રેહ)ના સિવાય કેટલાક બુઝર્ગો પણ બંગાળમા આવ્યા હતા કહેવાય છે કે સુલ્તાનુલ મશાઇખે આ તરફ ખાસ લક્ષ આપ્યુ હતું આપે શેખ અખી સિરાજુદ્દીન બદાયુની (રેહ ને (જેમની વફાત ઇ સ ૧૩૫૭ મા થઇ) ખિલાફત અર્પણ કરી બંગાળમા મોકલ્યા હતા એમના

મુરીદ અલાઉદ્દીન અન્સારી હક્ક જેમની વફાત ઇ સ. ૧૩૯૮ મા થઈ હતી એમના શ્રેષ્ઠ ખલીફા હઝરત મીરાજ અશરફ જહાંગીરી હતા એ બુઝુર્ગોના સેંકડો મુરીદો હતા એમ નાથી બંગાળામા ઇસ્લામનો પાયો મજબુત થયો પરન્તુ એ બુઝુર્ગોના પ્રયત્નો કરતા પણ ઇસ્લામની સફળતાનુ મૂળ કારણ ઇસ્લામી આત્મશક્તિ અને ભાઇચારો હતો ઇસ્લામ ધર્મ શહેરો કરતા ગામડાઓમા અને ઉચ્ચ વર્ણ કરતા નીચ વર્ણમા વધારે ફેલાયો એના કારણ દર્શાવતા ડૉક્ટર હન્ટર લખે છે કે "એ લોકોને માટે કે જેઓ મુફલીસ માછીમાર, શિમરી, લુગારા અને નીચ વર્ણના ખેડુતો હતા તેમને માટે ઇસ્લામ એક નવીન અવતાર હતો જે એમનેજ માટે આકાશથી અવતર્યો હતો. તે એક રાજકર્તા કૌમનો ધર્મ હતો એના પ્રચારકો અલ્લાહ રાગી હતા. તેમણે તૌહીદ અને ભાઇચારાની ખૂશખબરી એવી કૌમને સંભળાવી કે જેને લોકો નીચ અને હલકી સમજતા હતા એની તાલીમે ખુદા અને ઇસ્લામી ભાઇચારાના ઉચ્ચ વિચારો ઉત્પન્ન કર્યા બંગાળની ઝડપથી વધતી જતી કૌમો કે જે સેંકડો વરસથી હિંદુ સમાજથી અલગ થઈ અપમાનિત જીવન વ્યતિત કરી રહી હતી એને ઇસ્લામે માનપૂર્વક પોતાના ભાઇચારામા દાખલ કર્યા

દક્ષિણ–દખ્ખણમા સૌથી પહેલા જે બુઝુર્ગે ઇસ્લામ પ્રચાર કર્યો તેમનુ નામ પીર મહાવીર કડાયત હતુ કહેવાય છે કે તે મૂળ અરબ હતા અને ઇ સ ૧૩૦૪ મા દખ્ખણમા આવ્યા હતા. વિજાપૂરના ખેડુતોમા આજે કેટલાક કુટુંબો એવા છે કે જેઓ પોતાના બાપ દાદાઓને જૈન બતાવે છે તેમણે પીર મહાવીરના હાથે ઇસ્લામ અંગીકાર કર્યો હતો તે મહાવીર કરતા પણ વધારે મશ્હૂર હઝરત પીર સૈયદ ગેસુ દરાઝ (રેહ૦) થઇ ગયા છે જેઓ હીજરી ૭૨૦ એટલે ઇ સ ૧૩૨૦ મા દેહલીમા પેદા થયા હતા જેમણે હઝરત ચિરાગ દહેલ્વીથી ખિલાફત પ્રાપ્ત કરી હતી ચોરીસ વરસની ઉમરે અનેક મહાત્માઓ સાથે દક્ષિણ પધાર્યા હતા ત્યા આપને ઘણીજ સફળતા મળી આપે ઘણા આ પ્રદેશમા અનેક લોકોને મુસલમાન કર્યા આપ શાઇર પણ હતા આપનુ તખલ્લુસ 'મુહમ્મદ' હતુ આપના એક મુરીદે 'જવામે કલામ' ના નામથી આપના સુખનો સંગ્રહ કર્યા છે એ ઉપરાંત આપે તફસીર, ફીકા, અને તસવ્વુફની અનેક કિતાબો લખી છે આપના મઝાર ગુલબર્ગામા છે જે દક્ષિણ હિંદમા તસવ્વુફ પ્રચારનુ અગત્યનુ મથક છે એ ઉપરાંત પશ્ચિમ ખાનદેશમા શેખ બાબા અજબએ મુલ્ક સુધી ઇસ્લામ પ્રચારનુ કાર્ય કર્યું આપનો મઝાર ચાપા જિલ્લાના દહાપા ગામે છ ધારવાડ જિલ્લામા કેટલાક જુલાહા છે જેઓના બાપદાદાએ સૈયદ હાશિમ ગુજરાતીના ઉપદેશથી ઇસ્લામ કબૂલ કર્યો હતા નાશિક જિલ્લામા શાહ મુહમ્મદ સાદિક સરમસ્ત હુસેની, અને ખ્વાજા ખુનમીર હુસેની પણ સફળ પ્રચારકો હતા એ ગામમા પણ અરબ પ્રચારક સૈયદ મહમદ ઇબ્ને સૈયદઅલી અને સૈયદ ઉમર એદ્રુસનુ નામ ઘણુ મશ્હૂર છ સતારા જિલ્લાની દક્ષિણમા ઇસ્લામપુર એક મુસલમાનોનુ ગામ છે અહિં આના લોકોને એક નવ મુસ્લિમ પીરે મુસલમાન કર્યા હતા જેમનુ હિંદુ નામ શભુ અપા કોળી હતુ જેમની દરગાહ આજ પણ ઘણી પવિત્ર લેખાય છે

એજ રીતે અહમદનગર જિલ્લામા સંગમનેરમા શાહ શમ્બીર (રેહ૦) શહીદ હતા. જેઓ હઝરત ગેસુદરાઝના કાફલા સાથે દખ્ખ

ણમાં આવ્યા હતા જેમણે આ ભાગમાં ઘણાને મુસલમાન કર્યા હતા ઉપરાંત અનેક બુઝુર્ગોના મઝાર ઠેરઠેર જોવામાં આવે છે આર્નોલ્ડે એમની હકીકત ગવર્નમેન્ટ ગેઝેટમાંથી લઇ પોતાના પુસ્તકમાં આલેખી છે જેમાંથી અમે આ વાત ટાંકી છે પરંતુ એ વાત તો ચોક્કસ છે કે એ બુઝુર્ગોની સવિસ્તર હકીકત તો સાંગેજ એકત્ર થઇ નથી છે કે કોઇ એવી અંજુમન સ્થાપવામાં આવે કે જેની શાખાઓ હિંદુસ્તાનના પ્રત્યેક જિલ્લામાં ખોલવામાં આવે અને એ શાખાઓદ્વારા પ્રત્યેક સ્થળના બુઝુર્ગોની હકીકત એકત્ર કરી હિંદના મુસલમાનોનો સંપૂર્ણ આત્મિક ઇતિહાસ પ્રસિદ્ધ થાય

એ બુઝર્ગો ઉપરાંત જેઓ પોતાની મેળે ઇસ્લામ પ્રચાર કરવા માટે દક્ષિણમાં ગયા હતા સુલતાન મહમદ તઘલખે દેહલીને બદલે દોલતાબાદ પાટનગર બનાવ્યું ત્યારે એની સાથે ઉલમા અને ફકીરો લોકો ગયા હતા તેઓ દક્ષિણમાં જઇ વસ્યા આમ દક્ષિણ ઇસ્લામ પ્રચારનું કેન્દ્ર બન્યું એ પછી બાહમણી સુલતાનોએ પોતાની હકૂમત દક્ષિણમાં સ્થાપન કરી જેથી બહારથી મુસલમાનો ત્યાં આવી વસ્યા જેથી ઇસ્લામ પ્રચારનું કાર્ય ઘણું જ સહેલું થયું

ઉપરોક્ત કારણો ઉપરાંત આ વિભાગમાં ઇસ્લામને જે સફળતા મળી એનું મહત્વનું કારણ ઇસ્લામી તાલીમ હતી દક્ષિણમાં ઉંચ નીચ જાતનો ઘણોજ રિવાજ છે કેટલીક અછૂત કોમો એવી પણ હતી કે જેમને સરીયામ માર્ગે ચાલવાની છૂટ ન હતી આર્નોલ્ડ લખે છે કે "એ લોકોએ ઇસ્લામ અંગીકાર કરી અપમિતી ભરેલા જીવનમાંથી મુક્તિ પામ્યા અને સમાજને સંસ્કૃતિની દ્રષ્ટિએ પોતાના વર્ગની ઉન્નતિ સાધી" દક્ષિણ હિંદુસ્તાન માટે ગી વાર્ને મીશનરી પત્ર "મુસ્લિમ વર્લ્ડ" માં એક લેખ લખ્યો હતો જેમાં ઇસ્લામી પ્રભાવનો ઉલ્લેખ કર્યો છે કે "ઇસ્લામે દક્ષિણ હિંદમાં અનેક પ્રભાવો પાડ્યા ને તે પણ શુભ નિવડ્યા. ઇસ્લામે હુન્નર ઉદ્યોગને ઉન્નતિ આપી કારણ કે મુસલમાનો મહેનતી અને કાર્યપ્રિય હોય છે ઇસ્લામે નાતજાતના વાડાઓમાંથી મુક્તિ અપાવી બીન મુસ્લિમો સાથે લગ્ન કરવાથી અને ઇસ્લામ ફેલાવાથી નાતજાતના બંધનો ઢીલા થઇ ગયા નવ મુસ્લિમોનો ઘણો ખરો ભાગ નિચલા થર માંથી ને વધારીને મૂર્તિપૂજક કોમમાંથી લેવામાં આવ્યો હતો. જેથી ઇસ્લામમાં આવ્યા પછી એમની ધાર્મિક, સામાજિક અને આર્થિક ઉન્નતિ થઇ ઇસ્લામે લગ્ન સમયમાં વધારો કર્યો ને બીજા અનેક સુસંસ્કારોની છાપ પાડી."[1]

1 મુસ્લિમ વર્લ્ડ' ઓક્ટોબર ૧૯૩૧

દીદારે રસૂલ (સલ૦)

[સર્વ હક સંપાદકને સ્વાધિન છે]

જેને પણ હુઝુર (સલ૦)ના દીદાર કરવાનો ઇરાદો હોય તેણે નીચે લખ્યા મુજબ અમલ કરવાથી ઇન્શાઅલ્લાહ બહુ જલ્દી દીદાર નસીબ થશે.

હર વખત બદન તથા કપડા પાક સાફ રાખવા, (અને બની શકે તો બાવઝૂ રહેવુ અફઝલ છે) ગુન્જાયશ હોય તો દેશી ખાલસ અત્તર લગાડવુ, બદ્‌જબાન અને દિનની ખાલસ મહબ્બત અને ખરા દિલ ગયથી બાવઝૂ પઢવુ

જે કોઇ પણ દરૂદ યાદ હોય તે આખો દિવસ કસરતથી પઢવુ અને રાત્રે સુતી વખત પણ કસરતથી પઢવુ એવી રીતે કે પઢતા પઢતા ઉંઘ આવી જાય, એમા ગણત્રીની કંઇ જરૂર નથી પણ કસરતથી પઢવુ ચાલુ રહેવુ જોઇએ અને સુવાની જગ્યા, બિસ્તર વગેરે પણ પાક હોવા જોઇએ

દીદાર માટે ખુદ હુઝૂરે (સલ૦) બતાવેલી રીત અને દરૂદ શરીફ તેમજ અકસર બુઝુર્ગાને દીન (રે અ) સાહેબોની રીત, દરૂદ શરીફ માટે કરેલી ભલામણ વગેરે નીચે મુજબ છે ખુદાપાક સૌને આ ફેઝુલ ચીજથી માલામાલ કરે આમીન

(૧) 'ઝશાકુન ગમમા'ના કર્તા લખે છે કે—હુઝૂરે (સલ૦) ફરમાવ્યુ છે કે જે માણસ આ દરૂદ 'અલ્લાહુમ્મા સલ્લે અલા રૂહે મોહમ્મદીન ફિલ અરવાહે વ અલા જસદેહી ફિલ અજસાદે વ અલા કબ્રેહી ફિલ કોબૂર" દસ વખત હમેશા પઢશે તે મને ખ્વાબમા જોશે, અને જે મને દુન્યામા જોશે તે કયામતમા પણ જરૂર જોશે, અને મને જોનારની શફાઅત કયામતમા હુ કરીશ, અને જેની હુ શફાઅત કરીશ તેને ખુદાપાક હોઝે કૌસરનુ પાણી પીવાડશે, અને એ પાણી પીનાર ઉપર દોઝખની આગ હરામ છે (આ હદીસ ઉપરથી હુકમ એ મતલબ સાફ સાફ માલુમ પડે છે કે દીદાર કરનાર જન્નતી છે તેમા કંઇ પણ શક હોતો નથી)

(૨) 'નઝાએફુલમી'મા લખેલુ છે કે—જે માણસ નીચે લખેલુ દરૂદ શરીફ કસરતથી હમેશા પઢતો રહેશે તેને હઝરત રસૂલે ખુદા (સલ૦)ના દીદાર ઇન્શાઅલ્લાહ બહુ જલ્દી નસીબ થશે—

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન કમા અમરતના અન નોસલ્લી અલૈહે અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન કમા હોવા અહલોહુ અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદીન કમા તોહીબ્બો વ તરદાલહૂ અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદીન ફિલ અરવાહે વ અલા જસદેહી ફિલ અજસાદે વ અલા કબ્રેહી ફિલ કોબૂર

(૩) હઝરત શૈખ અબ્દુલ હક મોહદ્દિસ દહેલવી (રે અ) 'જઝબુલ કોલૂબ'મા લખે છે કે—જે માણસ પાક સાફ અને વઝુ સાથે નીચે લખેલુ દરૂદ શરીફ કસરતથી પઢતો રહે તે હુઝૂર (સલ૦)ના દીદાર જરૂર કરશે

અલ્લા હુમ્મા સલ્લે અલા મોહમ્મદીન વ આલેહી વસલ્લમ કમા તોહીબ્બો વ તર્દાલહૂ,

(૪) કેટલાક બુઝુર્ગોને દીને (રે અ) નીચે લખેલા દરૂદ શરીફને હુઝૂર (સ. અ.)ના દીદાર માટે બહુજ મુજર્રબ કહેલું છે —

કમતીમા કમતી ૨૧ દિવસ સુધી ઇશાની નમાઝ પઢયા પછી બાવઝૂ એકસો એક વખત પઢવુ અને કોઈની સાથે કઈ પણ વાતચીત કર્યા વગર સાફ સુઈ જવુ

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન હત્તા લાયબ્કા મિન સલવાતેકા શૈઈન, વ બારેક અલા મોહમ્મદીન હત્તા લાયબ્કા મિન્બરકાતેકા શઈન, વસલ્લેમ અલા મોહમ્મદીન હત્તા લાયબ્કા મિન સલામેકા શૈઈન, વર્હંમ અલા મોહમ્મદીન હત્તા લાયબ્કા મિર્હમતેકા શૈઈન

(૫) 'મુકાશેફ્ન ઇર્કામ'ના કર્તા લખે છે કે —જે માણસ હઝરત નબીએ ખુદા (સ. અ.)ના દીદાર જેવા માગતો હોય તો તેણે જુમ્મા (શુક્રવાર) ને દહાડે એક હજાર વખત નીચે લખેલ દરૂદ શરીફ પઢવુ એ મુજબ પાંચ જુમ્મા સુધી પઢવુ ઈ અ એ મુદ્દતની અંદર તેને દીદારે પાક (સ્વપ્ન) નસીબ થશે, અથવા તો ખુદાપાક તેને એક એવી ચીજ દેખાડશે જે તેની ખુશીનુ કારણ થશે એટલે તે ચીજથી તે માણસ બહુજ ખુશ અને રાજી થશે આ દરૂદ શરીફ અસર અને મગરેબ વચ્ચે પઢવુ બેહતર છે

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદે નિન્નબિય્યીલ ઉમ્મી

(૬) કેટલાક બુઝુર્ગોએ નીચેની રીત પ્રમાણે પણ કહ્યું છે —

જુમ્માની રાત્રે (એટલે જુમેરાતનો દિવસ ખલાસ થઈ જે રાત શરૂ થાય છે તે રાત) બે રકઅત નફિલ નમાઝ પઢવી અને તેની પહેલી રકઅતમા "સૂરએ ફાતેહા" પછી 'આયતુલ કુરસી" અગીઆર વખત પઢવી અને બીજી રકઅતમા 'સૂરએ ફાતેહા' પછી "સૂરએ ઇખ્લાસ" અગીઆર વખત પઢવી અને સલામ ફેરવ્યા પછી નીચે લખેલુ દરૂદ શરીફ એક હજાર વખત પઢવુ ઈ અ એવી રીતે કરતા થોડી જુમ્મા પૂરી થશે નહીં તે અરસામા દીદારે પાક નસીબ થશે ઘણા ખરા આશિકોને રસૂલનુ અજમાવેલુ છે

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદે નિન્નબીય્યીલ ઉમ્મી, વ આલેહી

જે રાત્રે મજકૂર નંબર ૫-૬ નો અમલ કરવામા આવે તેને બીજે દિવસે એટલે જુમ્માને દહાડે "સલાતુત્તસ્બીહ" (અને બની શકે તો 'સલાતુત્તસબીહ') પઢવી કે જેથી અસલ મકસદ જલ્દી હાસિલ થાય

(૭) કેટલાક આશિકોને રસૂલ નીચે લખેલી રીત પણ બતાવી ગયા છે —

જુમ્માની રાત્રે બે રકઅત નમાઝ એવી રીતે પઢવી કે દરેક રકઅતમા "સૂરએ ફાતેહા' પછી પચ્ચીસ પચ્ચીસ વખત "સૂરએ ઇખ્લાસ" પઢવી અને સલામ ફેરવ્યા પછી નીચે લખેલુ દરૂદ શરીફ એક હજાર વખત પઢવુ ઈ અ બહુ જલ્દી દીદારે પાક નસીબ થશે.

સલ્લલ્લાહો અલન નબીય્યીલ ઉમ્મી

પદ્ય સાહિત્યમાં ગઝલનું સ્થાન

લેખક —'સાબિર' વટવા



પદ્ય, નર્યાં લાગણી વેડાઓનું વાણી વિલાસ છે કે, નર્યા ભાષાવાદનું શાબ્દિક પૃથક્કરણ। ઉપરના પ્રશ્ન વિષે ક્યારેય પણ એક મત કેળવી શકાય તેમ નથી' પ્રાચીનથી માંડી અર્વાચિન પદ્યાવિલોકન પછી એજ સાર તારવી શકાય છે કે, ક્યાંક પદ્યે ભાષાની ભવ્યતા દ્વારા લાગણીઓ અને ઉર્મિઓમાં માનવ સમૂહને ડોલાવ્યું છે, તો ક્યાંક ભાષાના સૂત્રો ચમકતી શબ્દ યોજના અને વૈયાકરણિય પ્રકાશમાં માનવ સમૂહની આંખો અંજી દીધી છે પદ્ય વાદ જગતમાં એના ઉત્પન્ન સાથેજ જન્મ્યો, અને એના અંત સુધી જગતના સાથે જડાએલો રહેશે એક આખોય સમૂહ લાગણી અને ઉર્મિઓ દ્વારા ભાષાની શાબ્દિકતાને ઓપ આપી દેનારા પદ્ય સર્જકોનો પ્રશંસક બની રહેશે અને બીજો સમૂહનું નાક અને આંખો એવા પદ્ય સર્જકો તરફ ખેંચાતી રહેશે કવિના કવિતાનું કામ કર્યે જશે, સર્જકો પોતાની વૃત્તિઓ પદ્યના ચોકઠાઓમાં ગોઠવ્યે જશે. પદ્યમાં જે સર્જન શક્તિ છે તે સમાજના વિચારો અને આચારમાં પરિવર્તન લાવ્યે જશે દેશ, કાળ, અને પ્રજા માનસના છતા થતા તત્વો કવિની વાણીમાં દીપશે, અને પ્રકૃતિએ નવાજેલ સર્જન તત્વો સાથે તો કોક કવિજ આપે છે, બાકી તો સમાજના માનસિક અને ખ્યાતી રૂપ કદમોને અવરોધી પોતાની વાણીથી અને ઝડપી બનાવવા પુરતુજ વાણી વિલાસ ખેડી જાય છે અને તેથીજ કહું તો નવ્વાણુ ટકા કવિઓ આકાશી તારા ગણોની પેઠે માર્ગમાં ઝળહળતો પ્રકાશ આપી રહે છે ત્યારે, સેંકડે એકાદ કવિ કોઈ નવા માર્ગનું દર્શન આપી શકે છે અને ફરી પાછા એ નવા માર્ગે દોરનારનું અનુકરણ અને અનુસરણ શરૂ થાય છે આ છે જગત આખાની પદ્ય રચનાનું કાયમી સ્વરૂપ,

પદ્ય રચનાના ઉપર વર્ણવેલા કાયમી સ્વરૂપને પણ બે બાજુઓ છે એક પદ્યમાં નરી ઉર્મીઓના કિરણો ફેંકી જનારા પક્ષની અને એક પોતાના પાંડિત્ય દ્વારા ઘેરા ચિંતન અને મનનના મિનારા ચણી જનારા પક્ષની બાજુ પહેલા પક્ષમાં જ્ઞાનની ઓછપ, ભાષાનું ભાન, શબ્દોની શુદ્ધિ, અને વિચારોનું વિસ્તૃત વિવરણના દોષ દેખાઈ આવે છે છતાં તેમાં ઉર્મિઓનું આલેખન, હૃદય સ્પર્શતું ભાવવિધાન, અને સિધ્ધાંતોનું સ્પષ્ટ નિદાન પોતાની ખૂબીઓ દ્વારા ડોલાવ્યા સિવાય રહી શકતા નથી અને એજ કારણ છે કે જનતાનો મોટો ભાગ દિલને ડોલાવી રમાડી જતી એવી કવિતા કવિના તરફ વધુ આકર્ષાયેલો રહે છે જ્યારે બીજી બાજુએ જ્ઞાનનું અતિરેક ભાષાનું શુદ્ધિકરણ, પૈંગળશાસ્ત્રીય ઢબ છંદ, જાતિઓની ભરમારી, વચનના વગેરે ઇત્યાદી પાંડિત્યની પ્રજાના પદ્ય

વહેણમા કયાક ઉર્મિ નષ્ટતાનુ દેવ વહોરી લ્યે છે છતા એમા શુદ્ધ ભાષા વિધાન વિસ્તૃત શબ્દ પ્રયોગ, અને આયોજન સાષ્ટાગ શાસ્ત્રિય શૈલી, અને અભ્યાસની જોગવાઈઓ તેમજ ભાષા સસ્કૃતિની ઉચ્ચ ગામી મ ઝિલ ગોઠવાઈ રહે છે અને તેથીજ એ દિશાનુ પદ્ય સાહિ ય સમાજના ઉપલા વર્ગને આકર્ષી જકડી લ્યે છે આજને નહિ પદ્ય સાહિત્યને એજ સના તન ધર્મ છે કે, એણે પોતાના ઉપાસકો વચ્ચે ઉપના બે પક્ષો પાડી દીધા છે

મને કહેવા દયો કે, ગદ્ય માત્ર પુસ્તકીયુ હોય અને તે તેમજ રહેશે, પદ્યને માત્ર પુસ્ત કીયું બનાવ્યે પાલવે તેમ નથી પદ્યમાથી પાડિત્યને ઉચ્છેદી નાખવાનુ હુ કહુ છુ એમ રખે કોઈ માની લ્યે, અલબત્ત એને નર્યા પાડિત્યના સોપાને પગથી પુસ્તકોરૂપી ઘોરમા ગ્રી દેવા જેટલી ક્રૂરતા પણ થતી રોકવાની આવશ્યકતા નથી ?

જો ચોકકસપણે આજના કવિ મિત્રોને મ્હારો ઉપનો અવાજ પહોચે તો આજે ખેડાઈ હેલ પદ્યભૂમિના પાક પર જરા ન્યાયભરી દ્રષ્ટિ નાખે અને જુએ કે નિત્ય નવા છદ પ્રયોગો અને માત્ર શબ્દકોષિયા શબ્દ પ્રયોગો પદ્ય સાહિત્યના નામે જનતાના સર્જન અને ઘડતરમા કેટલો ફાળો આપી રહ્યા છે ?

અલબત્ત આજના પુસ્તકીયા પદ્ય સાહિ ત્યથી ભાષાનુ ક્ષેત્ર કદાપિ ન હતુ તેટલુ વિસ્તર્યુ છે પરતુ એમા ગુર્જરી પોતાની અસ્મિતા ગુમાવી રહી છે એટલુ માન્યા વીના રહી શકાતુ નથી જો આજની છદોબ્ધ પદ્ય રચનાઓનેજ ગુજરાતી ભાષાના કંઠિ ગણવામા આવે તો, અને તેમાથી એવા શબ્દો છાટી નાખવામા આવે કે જેને ગુજરાતીઓના કર્ણ પટ સાથે કઈજ સબધ નથી તો પદ્ય સાહિ ત્યમા આપણી પાસે ગુર્જરી ભાષાના મૂલ્ય આકવા જેવુ શુ રહે તેમ છે ? એટલે જાણે આજે એ તુ પદ્ય માત્ર પાડિત્યના પ્રદર્શન માટેજ ખેડાય છે એમ ન છૂટકે માનવુ પડે છે જો ભાષાના પદ્ય સાથે આમ પ્રજા સમુહનો સ બધ ખોરવાઈ જાય, તો ભાષાના પદ્ય સાહિત્યના ગગનગામી શબ્દ પ્રયોગો પ્રજાના શા ખપના રહે તેજ સમજાતુ નથી

હુ પહેલાજ જણાવી ગયો છુ કે, પદ્ય સાહિત્યના કાયમી સ્વરૂપને બે બાજુઓ છે, અને તે સનાતન છે, છતા જ્યારે એક બાજુ એટલી ભારે બની જાય કે તેના ભારે બીજુ પલ્લુ સાવ હળવુ દેખાઈ આવે ત્યારે સાવ ભારે પલ્લાને કઈક હળવુ કરી ભાષાના પલ્લાને સમાન કરવાની અગત્યતા ઉભી થય છે

કઈક હળવા અને જીભે રમે તેવા શિખ રણીની દલા મદ ઢડી ગઈ હરિગીત અને ભુજગી વિલમ્બા ચોપાઈમા ખોવાઈ ગયા મદા ક્રાન્તાએ મદતા લધાઈ ઉપજાતીમા મિશ્રણ થયુ પશ્ચિમના વાયરે ચઢેલાઓના દિલ અને દિમાગ સોનટની આધીમા અદ્ધર ઉડ્યા ગુર્જ રીના પદ્ય ઉપાસકો પૃથ્વીના પડ ઉપર નાચ્યા અને નાચ્ય ઉભે ખેલતી અને કુ તી, દિલમા ઘર કરી રહેતી અને જિવનમા એની છે ટી પળો સુધી જડાઈ જતી પદ્ય કડિકાઓને જાણે કે નુતન પદ્ય સર્જકો ખાઈ ચાવી ગયા નવુ કઈક અશે નયનરોચક નિવડયુ ખરુ, છતા એમા પચાકતત્વના અભાવે તે હતું ત્યાને ત્યાજ રહ્યુ, જનતાના ગળે ઉતરી એના ઘડતર તત્વને પૌષ્ટિક થવામા સાવ નિષ્ફળ થતુ ગયુ એમ જાણે કે પ સર્જકોની રચનાઓ આત્મા

વિનાના સુંદર શરીર જેવી બની રહી ગુર્જરી પર સાહિત્યની આ ઘર મરમાઈ તેનાજ ભ તો અને પરમ ઉપાસકોના સતત અને અણથક પરિશ્રમમાંથીજ સાંપડી આવી ઘરની દિપમાળો એજ ભડકી, ભાભૂકી ઘરને બાળી મૂક્યું

ગુર્જરી ઉપવનમાં આવતી આ હવાને વર્ષો પહેલા કેટલીક વ્યક્તિઓએ ઓળખી હતી એમ કહેવામાં કંઈજ અતિશયોક્તિ નથી સ્વ બાળાશંકર, મણીલાલ, કલાપી કાન્ત, ઈત્યાદીએ એની સામે એક ઢાળ બનાવી ગઝલ વાણીના નામે ગુર્જરી ભાષામાં અહાલેક જગાવ્યો જનતાના દિલ અને દિમાગ હાથ કરવાના યત્નો શરૂ કર્યા પરંતુ એ પ્રાથમિક પ્રયોગ કર્તાઓને સંતોષકારક સાથ અને સહકાર મળી શક્યો નહિ કાળાન્તરે ગુર્જરીમાં વાવેલા એ બીજ રોપ થઈ ફાલવા અને ફૂલવાના દિવસો આવી લાગ્યા

શ્રી ઝવેરી, અને અરદેશર જીએ યથાશક્તિ તે પ્રયોગોમાં ઉમેરો કર્યો અને પછીનું ક્ષેત્ર હરીઆળુ દેખાતા અને એમાં આબાદ ઉપવનની જોગવાઈ જણાતા સ્વ હાજી, સ્વ આજિઝ, સલામત રહે 'શયદા' 'ફકીર', 'કાફિર' ઈત્યાદી એ ઉછરી રહેતા આ નુતન ઉપવનને લોહી પાણી એક કરી સીંચવા માંડ્યું

મને કહેવા દ્યો કે, ઉછરતું અને પાંગરતું દરેક ઉપવન ખેડાણ અને ખેતગતીમાં હોય છે અમુક વિકાસ પછી એની કટાઈ છટાઈ શરૂ થાય છે ખરેખર ગઝલના પ્રાથમિક પ્રયોગો પણ કંઈક અંશે એવા ખરા પરંતુ એ લક્ષણ, આંસામેળનું આકર્ષક લાસ્યપદ પ્રેમની પરિભાષામાં ખુશનુ વદન, આંખોમાં વસી જાય તેવું રૂપ અને દિલ, દિમાગને હરી જાય એવી ભાવવાહી ગત જનતા માટે આકર્ષક બન્યા

યૌવનના આંગણે પા' પા પગલી કરતી કરતી, ગઝલ રાણી તાપીના તટે વસતા ગઝલની આંખે ચઢી 'નિસાર', 'ફના', 'બેકાર' 'તહરી', 'વફા','અમીન' 'ઉલ્ફત'વગેરેએ ગઝલબીજારોપણ કરી પછીથી શ્રી મુન્શી (ઈમામહુસેન તે શહેર ગુ સાહિત્ય મંડળના માજી મંત્રી)ની આંખો એના દર્શને નાચી ઉઠતા જાડા, નિત્ય હસતા અને હસાવતા, આખા મોનુ ભાઈ 'બેકાર'ના દિલમાં એના દર્શને ગદ્ગદ્યા થયા તાપી તટે એક ત્રીજા સોમતી સાથે બેઠેલા એ મિત્ર મંડળે નવયૌવના ગઝલ પ્રત્યે મીટ માંડી એની ઉપાસના આદરી. વ્યક્તિગતના બદલે હવે સમૂહગત ઉપાસનાના મંડાણ થયા મંડળ બન્યું, સંમેલનો શરૂ થયા જ મુશાયરા, અને જનાબ કાફિલ, 'ઝાર' અને સાગરી અભ્યાસી 'નસીમ', અને અંતરની તર્જુમાની કરતા સ્વ. 'ફાની' ઈત્યાદી છું । અને પ્રગટ ગઝલ પ્રેમીઓ એ ગઝલ નિવદનનું કાર્ય આરંભ્યું

કવિ સંમેલનોના નાયક તરીકે જનાબ કાફિલ એક અભ્યાસ તરીકે છનકતુ ભાષણ આપી ગયા 'બેકાર'ના કાળે એ નાયકી આવતા તેમણે પોતાની શૈલી અને ઢબે મુશાયરાના ગ્રંથ ગીત ગયા (એટલે અક્ષરમાં ઉતર્યા) ઓનાવ્યા, અને બોલાવનારાજ દૂરદૂરથી ગઝલના વિકસી રહેલા અંગો ઉપર મીટ માંડી એના સૌંદર્યનું છાનાછાના પાન કરી રહેલા બાણીના નવલ કથાકાર શ્રી રમણલાલ દોડ્યા આવ્યા, એમણે એક ચિર સ્મરણીય ભાષણદ્વારા ગઝલ સહિત્યના ગુર્જરી ઈતિહાસમાં અમર પદ ઝડપી લીધું

ધીમે ધીમે જાત જોઈને, અસર પોતાની નિરાળી ઢબે અને છબે આવી મળ્યા, 'મીનતી'એ

સાથ કર્યો એટલા આવ્યા કે જાનના માનપાન વધી ગયા હવે મહેમાનોના માનપાન કમા અને કેવી રીતે જાળવવા તે સવાલ આવી ઉભો અને એજ થયુ જે એકથી બે, અને બેથી ચાર થતા થતુ આવ્યુ છે સાહમારી ઉડી જાત જાતના ઠેકાણે, કન્યા મૈયરે, અને વરરાજા જેવા 'બેકાર' અને મુન્શી અરમાનો ભર્યા અર્ધા મારગેથી ઠેરના ઠેર વરઘોડા ટાણે વહેચાયના પુષ્પ ગુચ્છો એ લગનસરાની મીઠી યાદી તાઝી કરતા આજે પણ જાનૈયાઓના ઘરોમા મુરઝાના ક્યાક ક્યાક પડ્યા છે (અત્રે રા સા મડળીના ગઝન સમ્રો તરફ ઈશારો છે)

ગુર્જરી ગઝલના સૌદર્યે પાને ચઢેના ભાઈ 'અસર' સાનેરીને કોડ જાગ્યા, ડભોઈમા શ્રી દયારામની જયતિએ એ કોડ પુરવાનો જાણે 'અસર'ને વાયદો કર્યો હોય તેમ રસભર્યા ગવિની રમ્ય ભૂમિ પર ચારે તરફથી ઘટા ચઢી રસનથા રેલી ગઈ રમણુનાલ પછી સુદરમ્‌ને લઈ આવવાનુ માન અસર સાથે ડભોઈ અને ડભોઈ સાથે દયારામના નામથી સુસગત રહેશે સૌદર્યના દ્રશ્યો અને વર્ણનો દ્રષ્ટા અને શ્રોતાને ડોળાવે તેમ સાવ નવતર શ્રી સુદરમ્ પણ ડભોઈમા તે માનવ મેદની વચ્ચે ડોળી ઉઠ્યા એમણે તેજ દિવસે પોતાના જિવનમા પહેલીજવાર ગઝલ લખી અને બેપરવાઈથી મુશાયરા વચ્ચે વાચી સૌદર્યના કેદ્ર ચઢ્યા પછી પરવા અને શોભા જેવી મર્યાદાઓ મૂકાવી એ જાણીના અને માનીતા પ્રશસામણા, અને વખણાયના કવિને પણ ઘડીભર અતિ બાળીશતા સાથે નચાવી લીધા તે મે બરાબર આખે જોયુ છે

ડભોઈથી ઉડાવી ગએલા શ્રી સુદરમ્ એ પાટનગરમા ગઝનના ગીત મિત્રોમા ગાતા માડ્યા તેમનુ એક મડળી 'મજલિસ'ના નામે ગઝલબાળાનુ સાક્ષાત્કાર કરવા આવ્યુ ઘડી ભર એક અમૃતભરી 'વાદળી આકાશપર આવી અને ચાની ગઈ' પાટનગરના પદ્યસર્જકો એમ ગઝન સાથે ઘડીભર રસ કિલ્લોલ કરી રહી ગયા

પરેનાથી પ્રયત્નોએ ચઢેલા સીધા સાધા અને ભાગ્યા ભાગ્યા બે ઘડી મોજનાગા શબ્દ સાહમે પણ બે ઘડી મોજમા મર્યાદિત ઉપાસના કર્યે ગખી કેટનાક સ્થાનિક અને બહારના મુશાયરાઓના પ્રમુખપદે ગઝન ઉપાસકો વચ્ચે તેમની ઝિન્હામા સૂમન માળા શોભી રહી

ગઝન વાયુમા ઉડી, અને સાથેજ તેની કિતી કેટનાક હિતશત્રુઓ અને પ્રતિ સ્પર્ધી દૂષિના વમળથી છુટાઈ, ચગદાઈ અત્રે લગભગ ઘણા વર્ષોની ગઝલ સુખોને ગોદમા લઈ ફરતા પ્રસિદ્ધ એવા આનામ'નુ નામ પણ એની ખ્યાતિ સાથે સમર્પિત છે

મુસ્લિમ ગુનેટીન'ના તત્રી રાજકોટમા જાગ્યા, એમણે પણ થોડા દિવસમાજ જેટલુ કર્યું તેટલુ ઘણુ વધારે છે કાઠીઆવાડમાથી એક આખોય ગઝન સર્જક વર્ગ ઉભો કરી દેવાનુ માન એમનાજ નામ ચઢાવી શકાય।

અને સૌથી વધારે તો ગાન્ધુ ગોપીચદન ધર્મેન્દ્રતા જનાબ 'વહશી'એ કારવા'દાના શરુ કર્યા ત્યારથી આજ દિન સુધીના અણુથક અને અથાગ અટક પરિશ્રમે સુવર્ણાક્ષરી તપ માગી લે છે અને હા, ફરી પાછુ ગઝલ રૂપ ગુર્જરીના એક વધુ પ્રતિભા સપન્ન હસમુખા અને સજ્જનોમા અનોખી ભાત પાડતા કવિ વિવેચક શ્રી ઉમાશકર જોષીને પોતાની ચનુમા સઈ આવ્યુ "તો પછી જાઓ અમ દિનની કથા કહેતા નથી" કહી છુટા પડેલાઓ છુટા પડ્યા

અને ઉપર જણાવી ગયો છું તેમ સામારીએ ચડ્યા

છેલ્લો મુશાયરો શ્રી ઝવેરીના નામે ઉજ-વાયો, અને તેનું શું પરિણામ આવ્યું તે સાહિત્ય રસિકોથી અજાણ્યું નથી. આજ દિન સુધી ગઝલ ઉપાસકોએ મેળવેલી મુશાયરા કિર્તી એમ ગઝલ ઉપાસકો કહેવાતા કરનારના ફેરી વર્ણનમાં હોમાઈ ગઈ કાઠિયાવાડમાં એક કવિ એકાએક ચમકી ઉઠ્યે 'શાયદ' ને 'નસીમ' તો છેજ મુંબઈમાં 'શયદા' પછી 'નસીમ', 'સગીર' ને 'નાશાદ' પણ ભૂલવા જેવા નથ. ઉપલા પ્રસંગો વચ્ચે વળી એક યાદગાર પ્રસંગની નોંધ ન લેવાય તો નોંધ લેનારની કૃપણતા લેખાય. આજના પોતાની મેળે બની બેઠેલા મહાગુરુ જે નોંધક માટે એવી કૃપણતા કદાચ કોઈ ન ચલાવી લ્યે, કઠોરને કેમ ભૂલાય? કઠોરના નામે વળી બે વિભૂતિઓને લઈ આવવાનુ માન લેવાય છે. એક તો કઠોર મુશાયરાના પતિ શ્રી નારાયણ નારા-યણ તે જાણીતા પ્રોફેસર ભાનુશંકર વ્યાસ, અને બીજા કરવા સાહેબ, 'કરવા' સાહેબ તે કેક કાઢીઆ વાણી ગઝલ પ્રેમમાં મગ્ન થઈ લેડી આવનાર પાલનપુરના દરબારશ્રી શમસુદ્દીનખાન રૂપવા એમનું ઉપનામ કઠોર મુશાયરાની સુચિત પંક્તિ, "બધાને પાનખોતા રી પડી છે" જાણે આવનાર થાના દિવસો માટેની ભવિષ્યવાણી કેમ ન હોય? નામે કઠોર અને વળી આવી સ્પષ્ટ પંક્તિ પછી જે બન્યું તે ગુર્જરી આલમને નિવેદન છે કઠોરના મુશાયરાને ચમકાવવા જાણીતા વિવેચક અને કવિ 'નિશાર' (રૂપચંદની) તથા 'સી તીનો મુખ્ય ફાળો હતો

મુશાયરાના પ્રસંગે અલબત્ત મર્યાદિત થઈ છે, છતાં સ્થાનિક અને મર્યાદિત સ્વરૂપે કલગી મુશાયરા રૂપે તેના દર્શન વ્યાપક છે નહતા તેવા વર્તમાનપત્રો પણ એના માટે પાનાઓ કાઢી રહ્યા છે

આ બધા વિવરણ અને પ્રવૃત્તિઓની નોંધનો હેતુ એકજ છે, અને તે એ કે ગુર્જરી પદ્ય સાહિત્યમાં ગઝલનું સ્થાન ક્યાં છે તે દેખાડવા પુરતો શ્રી ઝવેરી અને શ્રી અરદેશર, શ્રી રમણલાલ શ્રી સુંદરમ્ અને શ્રી ઉમાશંકર જોષિ, શ્રી બાદરાયણ, અને શ્રી ચંદ્રવદન મહેતા સુધીનાને પોતાના નામે ખેંચતી ગુર્જરી ગઝલઆલમનું સૌ ધ્યેય નક્કી કરતા ઉપલા નામોના ઉલ્લેખ પછી વધારે પુરાવાઓ રજુ કરવાની આવશ્યકતા છે?

ઉપલા દાખલાઓથી સાબિત થયું છે કે ગઝલ ગુજરાતના પદ્ય સર્જકોના ઊંડ ઉપલા

અનુવાદક – હાશિમ ટીમોલ

સમાનતાનો સાદ

['કારવાં'માં જેમની કેટલીક કૃતિઓનો અનુવાદ આપી ચૂક્યો છું તે ઉર્દૂ સાહિત્યના સર્વશ્રેષ્ઠ અને અજોડ નવલિકાકાર કિશનચંદ્ર એમ. એ. જેમની પ્રાણવાન શૈલીમાં લખાએલી કૃતિઓ જગતના સર્વોત્તમ નવલકથાકારોની કૃતિઓથી સ્હેજ પણ ઉતરે એમ નથી તે કિશનચંદ્રની એક વાસ્તવદર્શી, ધ્યેયલક્ષી, અને હૃદયમાં સોંસરી ઉતરી જાય તેવી એક કૃતિનો આ સરળ અનુવાદ છે –અનુવાદક]

જે હોટલમાં હું ઉતરેલો તેનું નામ હતું ફિરોસ. એના ત્રણ માળ હતા. દૂરથી એનો દેખાવ હોટલના બદલે એક જીર્ણશીર્ણ જહાજ જેવો હતો. મ્હારા કમરામાંથી સૂર્યાસ્તનું અનુપમ અને ભવ્ય દ્રશ્ય જોવા માટે હોટલના અન્ય ઉતારૂઓની ઠઠ જામતી. એ શરણાર્થીઓમાં બેન્કરો, વેપારીઓ, અને ધનાઢ્યો પણ હતા. વિદ્યાર્થીઓ પણ અને દર્શનાભિલાષીઓ પણ હતા. મરાઠા, ઈરાની, એંગ્લો ઈન્ડીયનો, પંજાબી. નોખી ભાષા નિરાળા પહેરવેશ, ચિત્રવિચિત્ર વાતો લાક્ષણિક હાસ્ય.

એમનું જીવન ધ્યેય સંપત્તિ. એ સો કે બે હજાર માઈલ ચાલીને ગુલમર્ગની સલૂણી સંધ્યાના સપ્તરંગી દ્રશ્યો જોવા આવ્યા હતા. મંત્રયુગમાં પ્રત્યેક ઈન્સાન રૂપિયા માટે વલખાં મારે છે. મૂડીવાદે તેનું જીવન કપરૂં, તેના દિલને અધમ, તેના આત્માને અશુદ્ધ બનાવી દીધો છે કિન્તુ સૌંદર્યની તૃષા હજુય નષ્ટ પામી નથી તે માનવ-સૃષ્ટિના કોઈ ખૂણામાં વલોપેથી તરસતી જેમ તડપી રહી છે નહિતર સંધ્યાના આકર્ષક અને દિલજીત દ્રશ્યો નિહાળવા માટે આટલી બધી વ્યાકુળતા શા માટે?

એ કેટલા હર્ષની વાત છે કે માનવહૃદયમાંથી હજી પણ તે વ્યાકુળતાના તણખા ઝરે છે. તેનો અંતરઆત્મા તેની કલ્પનાનું ચાળ, તેના સ્વર્ગની અપ્સરા, જીવંત અને જાગૃત છે અને જ્યાં લગી એ જીવશે અને જાગશે ત્યાં લગી ઈન્સાન પણ જીવશે. મૂડીવાદ અત્યાચારી સમાજ, શાહીવાદ, નાઝીઝમ, ફાસિસ્ટ વ્યવસ્થા કે જગતની ઘાતકી કોઈપણ વ્યવસ્થા કે હકૂમત તેને નાબૂદ કરી શકશે, નહિં. હું ઈન્સાનના સુખી અને ઉજ્વળ ભાવિથી નિરાશ કે હતાશ થતો નથી.

'ફિરોસ' અમીર પ્રવાસીઓની દ્રષ્ટિએ એક સામાન્ય હોટલ હતી. પણ મ્હારા જેવી સ્થિતિના માણસને ભારે પડે તેવી હતી કિન્તુ શું કરૂં? કોઈ હિંદુસ્તાની હોટલમાં જગ્યા ખાલી ન હતી. નિરૂપાયે અહિં ઉતર્યો છું. ફિરોસમાં જેઓ ઉતર્યા હતા તેમાં અર્ધા ઉપરાંત તો ગોરા સાહેબો હતા. બાકીના એશિયાવાસી હતા. વેઈટરો એક વિચિત્ર પ્રકારની ભાષા બોલતા હતા જે નતો અંગ્રેજી હતી કે નતો હિંદુસ્તાની, બલ્કે એ બન્ને ભાષાના અસ્વાભાવિક મિશ્રણથી ઉદ્ભવી હતી. ભોજન ખરી રીતે સારૂં આરોગ્યપ્રદ હતું પરંતુ ઘણીખરી વાનીઓ ફીકી અને સ્વાદ રંગ ઢંગ વિનાના શોરવામાં હિંદુસ્તાની ખાણાની જેમ લાલ મરચાની એટલી ભરમાર હતી કે, બિચારી સેંકડો માઈલ દૂરથી આવેલી આયાઓ અને પરિચારીકાઓની જીભ ચચરાટથી બળતી અને તે હોટલના મુખ્ય બબરચી પર ગાળોના એવા તો વર્ષાદ વર્ષાવતી કે જાણે તેની ક્યાંથી એક ગજ ફુલી જતી. બબરચીના હર્ષનો મર્મ એ છે કે, તેને જેમ વધુ ગાળો પડે તેમ તેમ તે વધુ આનંદિત રહેશે નહિતર બીજે દિવસે ઉદાસ

થઇ હોટલ છોડી ચાલ્યો જશે એજ એના જીવનનો પરિપાક હતો કદી એને પ્રથમ ગાળો અને પછી ભેટ, તો કોકવાર પહેલી બક્ષિશ અને પછી ગાળો મળતી દરેક હાલતમાં એ આનંદિત રહે છે ફિરંગી રાજકારણની સૌથી મોટી ભૂલ એ છે કે તેઓ પોતાના ખબરચીઓ પરથીજ હિંદી પ્રજાઓનો અંદાઝ કાઢે છે તેઓ હિંદીઓ સાથે પોતાના ખબરચીઓ જેવોજ વર્તાવ રાખવે છે અને ઇચ્છે છે કે હિંદીઓ પણ તેમના ખબરચીઓ (cook) પેઠે જે તેમનાથી સંતુષ્ટ અને ખુશ રહે હવે હિંદુસ્તાનીઓની અનભિજ્ઞ અને અકૃતજ્ઞતાનો શો ઉપાય કે તેઓ કોઇ પણ સંજોગમાં સંતુષ્ટ દેખાતા નથી ગાળ કે બક્ષિશ, કશાયથી તેમનેસાન્તન થતુ નથી

હોટલનો મેનેજર હતો એક કાશ્મીરી મુસલમાન, નામ હતુ અહદજી દુબળો પાતળો ભી એ પાસ, હમેશપર નિગાહ તરવરી રહેતી નયનોમાં તે બધા સ્વપ્નાઓની ઝાખના જે અધુન હતા ચાળિસ રૂપીયાનો પગાર હોટલનો માલિક અલીજી હતો જેણે ઘણીજ મુશ્કેલીથી જંગલના લાકડા ચોરીને એ હોટલ બનાવી હતી પોતે ચોર એટલે પોતાના મેનેજરને પણ ચોર સમજતો દરરોજ અચૂકપણે હોટલનો હિસાબ કિતાબ ખૂબ ઝીણવટથી તપાસતો મધ અને માખણ તો પોતાના હાથેજ વેચતો છતાય સંતોષ ન થતો વધુ ચપતી દેખરેખ રાખવા માટે એક શીખ જવાનને પણ નોકરીએ રાખ્યો હતો આમ પાકિસ્તાન અને શીખીસ્તાન એક બીજાની સમીપ રહેવા છતાય પરસ્પર શંકા અને અવિશ્વાસની દ્રષ્ટિએ જોવા લાગ્યા અવિશ્વાસમાથી શંકા ઉદભવી અને એમાથી અપ્રમાણિકતાનો જન્મ થયો સંગ અને સીધી વાતોમાં પણ બનાવટની ગંધ આવવા લાગી આખોની નિર્દોષતા અને સૌંદર્યતાએ વિદાય લીધી પરિણામ એ આવ્યું કે હોટલની તમામ વ્યવસ્થા મુખ્ય ખબરચીના હાથમા ચાલી ગઇ હિંદુસ્તાનના રાજદ્વારી ઇતિહાસનુ પુનરાવર્તન 'ફિર્દોસ'મા પણ થયુ

મુખ્ય ખબરચીના હોઠ પર હમેશા હાસ્ય ફરકી રહેતુ વિશેષત બક્ષિશ સ્વિકારતી વેળા તો એની સ્થિતિ જોવા જેવી થતી એ સમયે મને વજન જોવાનુ તે કળવાનુ યંત્ર સાભરી આવે છે જેમા એક આનો નાખતા બીજ જ ક્ષણે ખટ દઇને એક ટીકીટ બહાર નીકળી આવે, જેમા તમારૂ વજન લખેલું હોય છે બરાબર એજ દશા મુખ્ય ખબરચીની હતી આ તરફ તમે ભેટ એના હાથમા મૂકી કે તત્ક્ષણ એની દંતાવલી નજરે પડવાની, આહ! કેટલી ત્વરાથી એ દંતાવલી ઉઘડતી વિજળી જેટના વેગથી તો તે વજન જોવાનું યંત્ર પણ કામ નહોતું કરતુ જેઓ એમ કહે છે કે યંત્ર મનુષ્ય કરતા વધુ વેગવાન છે તેમણે 'ફિર્દોસ'ના મુખ્ય ખબરચીને એકવાર જોવો જોઇએ

'ફિર્દોસ'ના એક ભિસ્તીનુ નામ અબ્દુલાહ હતુ અબ્દુલ્લાહ એક જડ કાશ્મીરી હતો કદરૂપો ગધેડા વગ ની ચાલ, આખોની આસપાસ કાળા ધબ્બા, ગાલોપર શીળીના ડાઘા આગળના દાંતો પડી ગએલા, વય સાઠ વર્ષથી વધારે હશે અબ્દુલ્લાહનો એક પુત્ર હતો છતા બાપે અનાથ જેવો લાગતો હતો અગિયાર બાર વર્ષની વય, હાથ પગ પાતળા ગંદા, ઘુટણ સુધીની ઉજળ કમીસની બાયો ફાટેલી, કમળની જેમ ચમકતી મોટી મોટી આખો નિર્દોષ મુખ પરથી દપ કતી હતી, વધેલા અસ્તવ્યસ્ત વાળ, એક નિર્દો

આત્મા જે ફગાગિયતના કીચડમા ખુચી ગયો હતો મગર નીકળવાની શક્તિ નહોતી સહાર માટે પોકારી રહ્યો હતો એને સઘળા બાળ ખ્રિસ્તી કહેતા અબ્દુલ્લાહ પોતાના પુત્રને મમતાથી ગરીબ કહીને બોલાવતો. વિચિત્ર નામ છે ગરીબ પણ! એ નામ સાભળીને મ્હારા શરીરના રૂવે રૂવા ખડા થઇ જાય છે ગરીબી દુન્યાનો સૌથી મહાન ગુનોહ છે જગતના કોઇ પણ પિતાને એ અધિકાર નથી હોતો કે પોતાના પુત્રને ગરીબ કહે કિંતુ ઘણુ કરીને અબ્દુલ્લાહ એક કઠોર વાસ્તવિકતા વ્યક્ત કરતો હતો તે પોતાના પુત્રને મ્હારા ગરીબ કહીને બીજાને અને દુન્યાને છળ આપના ઇરાદો ન હતો

હોટલમા બીજો પણ એક ખ્રિસ્તી હતો યૂસુફ બિલ્કુલ 'હ'" દરરોજ માર ખાતા છતા ગાળ વિના કામ કરતો નહિ ગજેરી પણ હતો ઓરતોનો દલાલ યૂસુફ નાના ખ્રિસ્તીનો ગાઢ મિત્ર હતો નાનો વેઇટર એક દીવડો માણસ હતો સેવાચાકરીમા એક્કો જી સિવાય તેના મુખમાથી અન્ય કોઇ શબ્દ નીકળતો ન હતો વાણી અને વર્તનથી તે એટલી બધી ખુશામદ કરતો કે ઇન્સાનને બદલે વનસ્પતીના ઘીનો ડબ્બો લાગતો નથી• સમજાતુ કે આટલી બધી ચાપ લુસી શા માટે? હાથ જોડીને હમેશા ઉભા રહેવુ, લળી લળીને સલામો કરવી, જે પ્રત્યેક શરીફ ઇન્સાનને માટે અસત શરમભર્યુ છે આવો ખુશામદખોર, આટલી દીનતાથી વાત કરનાર મે મારા જીવનમા કદી નથી જોયો એ પણ ઓરતોનો દલાલ હતો કિંતુ માત્ર યુરોપિયન અને એંગ્લો ઇન્ડીયન ઓરતોનોજ કદી કદી કોઇ હિંદુસ્તાની સીનેમા નટીઓનુ પણ કામ કાઢી આપતો તેનુ નામ હતુ શુ નામ હતુ? કઇ સારુ જ નામ હતુ દિમાગમા

આવી રહ્યુ છે જીભ પર નથી આવતુ હા ઝમાનખાન! ઝમાનખાન! આ નામ એટલા માટે લખી રહી છુ કે શક્ય છે કે તમારા દિલમા પણ અતીજ કોઇ તૃષ્ણા જાગે અને તમે ફ્રિંસમા જઇ ચઢો ત્યારે ઝમાનખાનનુ નામ ન ભૂલતા એજ હરામી છે એ 'ફ્રિંસ'મા!

એ કહાણી જેવી દેખાતી હોટલનુ વર્ણન અધૂર્યુ રહી જશે જો હુ અહિના એક કાયમી રહેવાસીનો ઉલ્લેખ ન કરૂ એ એક આઇરીશ ડોસો છે. ઉંદના દશ વર્ષથી ગુલમર્ગમા એજ હોટલમા નિવાસ કરતો હતો ગુરુદેવ ટાગોર આઇન્સ્ટાઇનના જેવુ મસ્તક તેવાજ ગુચળાં વાળો એનુ નામ ઓબ્રાઇન હતુ એ ખૂબ પીતો અને હમેશા કીમતી શરાબજ પીતો. જ્યારે નશામા ચૂર થતો ત્યારે તરુણીની જેમ સરસ વાતો સભળાવતો ટીખળી, સ્વભાવે ગુસ્સો ઉકળતા ફિસૂરીભર્યો વાક્યો કટાક્ષમય નવિમા વર્ણન, જે એના વ્યક્તિગત જીવનનો નીચોડ હતો કદી એ કલાકોના કલાકો સુધી વાતો કરતો તો કોઈવાર કલાકો સુધી નીરવ રહેતો ન તો તેને શિકારનો શોખ હતો કે ન તો સ્ત્રીઓનો. વિચિત્ર વાત તો એ છે કે માંસ પણ ખાતો ન હતો હા પણ તેને ઘણુ પસંદ હતુ કહેતો કે પર્વતના એક ટુકડા પર દસ દિવસ લગી જીવતો રહી શકુ છુ તમે હજી બાળક છો જ્યારે મ્હારી વયે પહોંચશો ત્યારે ખાત્રી થશે સ્ત્રીના યૌવનમા પણ તે તાઝગી નથી જે આ પર્વતના ટુકડામા અને આ અમૂલ્ય શરાબના ટીપામા છે પીઓ પીઓ, બસ પીઓ અને ગુલમર્ગની આ રંગરંગી સંધ્યાને નિહાળો જેના ઉકળતા રૂધીરથી પશ્ચિમના ક્ષિતિજની સૌંદર્યતામા હજારો ઘણો વધારો થઇ જાય છે (અપૂર્ણ)

રાંદેર : મુસ્લિમ-શાદી, અને જન્મ-મરણ.

શાદી

૨૬-૧-૪૪ અબ્દુર્રહેમાન હુસેનશાહ કમાલ શાહ-નુરબીબી કાનુશાહ સુલ્તાનશાહ

૨૭-૧-૪૪ કાસિમ ગુલામહુસેન હાસીયા-રૂકે બાબીબી કાસિમ અહમદ ઓલીયા

૨૭ ૧-૪૪ અબ્દુલ્લાહખાન ઉમરખાન કાસીમ ખાન-હમીદાબેગમ શીરીનખાન ગુલઝારખાન

જન્મ

૧-૧-૪૪ મોહમદ અબ્દુલગફુર-છોકરો ગુલામ હુસેન

૨-૧-૪૪ ઇસ્માઇલ હાશમ જીવા-છોકરી મહેરુન્નીસા

૩-૧-૪૪ ઇસમાઇલ અહમદ પીપરડી-છોકરી રસુલબીબી

૬-૧-૪૪ હબીબખા ગુલાબખા-છોકરો નુરખા

૮-૧-૪૪ ગફુર કાસમ-છોકરો ગુલામહુસેન

૧૧-૧-૪૪ મોહમદખાન હીંમતખાન-છોકરી મરીયમબીબી

૧૬-૧-૪૪ યુસુફ અહમદ અશરફ-છોકરી હવાબીબી

૧૮-૧-૪૪ ઇબ્રાહીમ મોહમદ પેઢીવાલા-છોકરી હાજરાબીબી

૨૦-૧-૪૪ શેખ અહમદ મોહમદ અશરફ-છોકરી તાહેરાબીબી

૨૫-૧-૪૪ ગુલામહુસેન યુસુફ મુરાદ-છોકરો અહમદ

૨૬-૧-૪૪ રહીમખાન હાસમખાન-છોકરો હુસેનખાન

૨૮-૧-૪૪ સૈયદહસન મોહમદહસન-છોકરી અમીનાબીબી

૩૧-૧-૪૪ યુસુફ હુસેન સગ્સાના-છોકરી રહીમાબીબી

૩૧-૧-૪૪ અહમદ ઇસમાઇલ સાદક-છોકરો કાસમ

મરણ

૧-૧-૪૪ મરીયમબીબી કાઝી રસુલની છોકરી ઉ વ ૬૦

૨-૧-૪૪ અહમદ યુસુફ છાનીયા ઉ વ ૬૦

૫-૧-૪૪ આસાબીબી અબ્દુલની છોકરી ઉ વ ૨૬

૭-૧-૪૪ ગુલામ મોહમદ અહમદ નાખુદા ભરૂચા ઉ વ ૫૦

૧૦-૧-૪૪ યાસીનખા ગુલઝારખા ઉ વ ૭૫

૧૨-૧-૪૪ અમીનાબીબી તે મોહમદ મુસાજી ભામની છોકરી ઉ વ ૧૭

૧૩-૧-૪૪ અમીનાબીબી અહમદ ગુ મો ઢુપલી ઉ મા ૧૧

૧૩-૧-૪૪ સૈયદ હસન સૈયદ અબ્દુલ્લા ઉ વ ૪૭

૧૮-૧-૪૪ આસાબીબી તે શેખ રહીમ ગુલામ મામલતદારની છોકરી ઉ વ ૩૦

૨૧-૧-૪૪ હલીમાબીબી તે હાસમ મોહમદ આજમ ઇસમાઇલની પાલક છોકરી ઉ વ ૨૦

૨૨-૧-૪૪ મરીયમબીબી અહમદ હજામ ઉ વ ૮૬

૨૫-૧-૪૪ ઇસમાઇલ દાઉદ બોરડીવાલા ઉ વ ૩૫

૨૭-૧-૪૪ હવાબીબી તે ઇસમાઇલ મોહમદ આજમ ઇસમાઇલની છોકરી ઉ વ ૧૬

૨૮-૧-૪૪ ફાતમાબીબી હુસેનખાં ઉ વ ૪૫

૨૯-૧-૪૪ મોહમદ અલી મનસુર ઉ વ ૩૩

Printed by Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press
Kanpith, Khand Bazar, Surat

Published by Azam Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya
Tower Road, Surat

Registered No B 4327

આજરાત્રે

પોલીસો પણ થાકી ગયા
મુંબઇના
ન્યુ વેસ્ટ એન્ડમા
આ ચિત્ર રજુ થયું
ત્યારે ત્યાં ઉલટી
પડેલી માનવમેદની
ઉપર કાબુ રાખતા
પોલીસો પણ હાકી
.. .. ગયા



વાસ્તી
પ્રતિમા સાથ પ જુવા
માટે પોતાના નોકર
બનીને બા ાજનાથી
નઇ ગયા પણ ત્યાં
ના સાચા બાપા હાજર
થઇ ગયા અને રેજનો
થઇ ગયો એ વખતે
વાસ્તીની શોકલ કેવી
થઇ તે જોવા જરૂર
મહેરબાન પધારજો

હરદારનું વિનોદી સમાજ ચિત્ર

નમસ્તે


સંગીત: નૌશાદ | ગીતો: મધોક | દિગ્દર્શક: સાદિક — શનિ

મુખ્યકામ
વાસ્તી, પ્રતિમા દાસગુપ્તા, જગદીશ, નાયમપલ્લી, મિશ્ર વિ.

કેપીટોલ ટોકીઝ
સુરત

મુંબઇમાં અને અમદાવાદમાં
૨૦૧૨૮-૧૧-૦
ગર્જના ... મેળવી
વરસનું ... સાબિત
... થી









પુ. ૫ મુ : અંક ૭ મો



માર્ચ ૧૯૪૪.



૧૭મી અવ્વલ ૧૩૬૩ હિ



તંત્રી ' વહશી "

ગઝલ

ખુદ જો પતંગ ખાય તે શુ બુઝને પનટારી શકે,
દેહનો ફદમો વરમાદ કઇ લાવી શકે?
તો પુન્થી પ્રેમ કરવાનુ મને ફાવી શકે,
હિન્દ સરજણના ધારામા જો ન આવી શકે?
એના બળ હોય તો લાખો ઉપર ફાવી શકે,
એક ચિણગારી તો આખુ શહેર બળગાવી શકે!
ખોખો હસવા જાય તો શી રીતથી દાબી શકે?
દાન મોઢામા ન હો ત્યા બહાર શુ આવી શકે!
વીર તે વાતાવ ખુને જેઓ સર્જવી શકે,
તે નહિ, વાતાવરણ જેઓને સર્જાવી શકે!
રૂપની લગન છે એને પ્રેમનો મુજમા વિનય
ન તો હુ ફાવી શકુ છુ, ના તો તે ફાવી શકે!
સુવિચારો તાજ સુવાચન જરૂરી છે જનાબ
જેનુ ખાંડ હોય તેના ઓડકાર આવી શકે

—શેખ ચલ્લી



અનુક્રમણિકા

વાર્ષિક લવાજમ : હિન્દ રૂા ૫ બર્મા ૧ ૬ પરદેશ શી ૧૦ (રૂ. ૬॥) છુટક આના

લવાજમ પુરૂ થવાની ખબર બાજુના કે ઠામા આપી છે, બીજો અંક પ્રગટ થાય સુધીમા જો લવાજમ નહી મળે તો વી થી નવો અંક રવાના થશે રેપર ઉપર અ નંબર હમેશા લખાય છે તે નોંધી મનીઓર્ડર અથવા પત્રવ્યવહાર વખતે તે લખો અંક નહિ મળવાની ફર્યાદ તારીખ ૨ સુધીમા હિંદના ગ્રાહકોએ કરવી.

સરનામુ નીચે મુજબ —

VHSAHI SAHITYA KARYALAYA Tower Road, Sur



પુ. ૫ અંક ૭મો

આખરી પૈગામધારી છે

જગતમા પૂજવા લાયક ફક્ત તે ઝાતે બારી છે,
મુહમ્મદ જેવા જેના આખરી પૈગામધારી છે
પ્રાણ અર્પણ કરે જે હઝરતે 'અબૂ બક્ર'ના નામે,
'સદાકતનો તે ચાહક છે, સદાકત તેને પ્યારી છે
નથી સદ્ભાવ જેના દિલમા કંઇ હઝરત 'ઉમર' પ્રત્યે,
નિરખતા ન્યાય દ્રષ્ટિએ તે અન્યાય કારી છે
જનાબે સૈયદે ઉસ્માનનો છે પ્રેમ જે દિલમા
તો તેના માટે નિર્વિવત મઝારે અસારી છે
'અલી'એ મુર્તઝાને જે નહીં મુશ્કિલકુશા માને,
સરળ કામો પણ તેના માટે આ દુન્યામા ભારી છે
'નિયાઝ' આ કરતા ત્હારી ખુશનસીબી બીજી શું હોએ,
રસૂલુલ્લાહની ઉમ્મતમા છે, ને ચાર યારી છે

યુ ટી. નિયાઝ [મર્હૂમ]

કુર્આન

અલ્લાહ તઆલાનુ ફરમાન

તુ એવા માણુમ તરફ લક્ષ ન આપ જે અમારી યાદથી મ્હો ફેરવે અને માત્ર દુન્યાની જીદગીજ ચાહતો હોય બસ એટલા (જગત જીવન) સુધીજ તેમનું જ્ઞાન પહોચ્યુ બેશક તારો પરવરદિગારજ તેને ખૂબ જાણે છે જે તેના માર્ગથી ભમ્યો અને તેજ પણ ખૂબ જાણે છે જે સીધા માર્ગે આવ્યો (કુર્આન)

* * *

અને મૂસાના કિસ્સામા નિશાની છે જ્યારે અમે તેને ફિર-ઔનની પાસે સ્પષ્ટ નિશાની સહિત મોકલ્યો તો તેણે પોતાની સત્તાના કારણે મ્હોં ફેરવ્યુ અને બોલ્યો એ તો જાદૂગર અથવા પાગલ છે ફરી અમે તેને તેના લશ્કરો સહિત પકડી લીધો ફરી તેમને (રાતા) સમુદ્રમા ફેકી દીધા તેણે ઠપકાને પાત્રજ કામ કર્યું હતુ (કુર્આન)

• • • •

અને આદ (કોમની હલાકી)મા નિશાની છે જ્યારે કે અમે તેમના ઉપર તદ્દન ખાલી હવા મોકલી તે હવા જે વસ્તુ પર પહોચી તેને એવી ન છોડી કે તેને ભુકા માફક કરી નાખી ન હોય અને સમૂદ (કોમના નાશ)મા નિશાની છે જ્યારે તેમને કહેવામા આવ્યુ કે અમુક વખત સુધી ફાયદો ઉઠાવી લો ફરી તેમણે પોતાના પરવરદિગારના હુકમ મ્હામે અહંકાર કર્યો તો તેમને ભયંકર અવાજે પકડી લીધા અને તે જોતા રહી ગયા ફરી તેઓ ન ઉઠવાની શક્તિ રાખતા અને ન મુકાબલો કરી શકતા હતા (કુર્આન)

સંપાદક -મો૦ અબ્દુરહીમ—

હદીસ

રસૂલુલ્લાહ (સલ૦)નું ફરમાન

રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે–'એવી ચીજ જેના વડે અલ્લાહ ગુનાહોને મટાડે અને પદ્વીઓ વધારે તે શુ હુ તમને નહિ બતાઉં ?' સહાબાએ અરજ કરી –'યા રસૂલલ્લાહ જરૂર બતાવશો' આપે ફરમાવ્યુ કે કઠણ વખતોમા પુરૂ વુઝુ કરવુ, મસ્જીદ તરફ ઘણી આવજા કરવી અને એક નમાઝ પછી બીજા વખતની નમાઝની વાટ જોવી તો ખરેખર આજ ઉમદા રેબાત (ઇસ્લામી છાવણીની સભાળ) છે (મુસ્લિમ)

× × × ×

રસૂલુલ્લાહ સલ૦એ (એક સહાબીને) ફરમાવ્યુ કે શુ મને ખબર નથી, કે તુ રોઝો રાખ્યા કરે છે અને ઇફતાર કરતો નથી અને આખી રાત નમાઝ પઢયા કરે છે ? તો તુ એવુ નહિ કર કારણ કે તારી બને આખોનો પણ હક છે અને જાનનો પણ હક છે અને તારી પત્નીનો પણ હક છે માટે રોઝા રાખ અને કદી ન રાખ રાત્રે નમાઝ પઢ અને ઉંઘ પણ અને દર દશ દિવસમા એક રોઝો રાખ અને તને તે દિન સિવાય નવ દિનનો વધુ સવાબ મળશે (સહીહૈન)

× × × ×

રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે કુર્આન (મોઢે યાદ રાખવા)નુ ઉદાહરણ બાધેલા ઉંટ સમાન છે જો તેનો માલિક તેને બાધી રાખશે તો તે રોકાયલુ રહેશે પણ જો તે તેને રસ્સીથી છોડશે તો તે જતુ રહેશે (સહીહૈન)

—સાદિક સા૦ રાંદેરી

આવાઝકી દુન્યા

સભળાવનાર 'બેમર'

નવુ બજેટ આવ્યુ છે, પણ તે નવી વહુની જેમ શરમાતુ, લજાતુ, ઘુંઘટ તાણીને ડરતુ ડરતુ આવ્યુ નથી। ખખડમોની ઘરડી સાસુની જેમ ધૂમધડાકા કરતુ આવ્યુ છે જેના આગમનથી સારોય દેશ ખળભળી ઊઠયો છે ને વડી ધારાસભામા પણ અનેક વિરોધી સૂરો વહેતા થયા છે હિંદ દેશ ગરીબ હોય તેની સાથે, એટલે કે હિંદની ગરીબી સાથે હિંદી નાણાપ્રધાનને જરાય લેવાદેવા નથી તેને તો ખોટનો ખાડા પુરો કરવા એકજ અને અજોડ રામબાણ અજમાવ્યેજ છુટકો ને? કરવેરા વધારી બજેટનો ખાડા પુરો કર્યો છે ગરજ વિનાની 'ગધેડી જેવી હિંદી જનતા એ બાર વહન કરશે કે અધ રસ્તેજ બેસી જશે તેના વિચાર કરવાની કોઇને ફુરસદ નથી? હિંદ રક્ષણને માટે નાણા તો જોઇએજને? વડી ધારાસભાના સભ્યોને તો કકળાટ કરવાની આદત છે તે કર્યા કરશે। પેપરોને તો ગમે તે રીતે પોતાના પાના ભરવા છે તે ભર્યા કરશે। બસ લોકો પેટે પ્હાણા બાંધીને પણ નાણા આપવા બધાએલા છે! જનતારૂપિ શ્વાનના ભસવાથી નાણા મંત્રીનો હાથી કંઈ થંભી જવાનો નથી? આપણા ઉદ્યોગવાદીઓ અને મૂડીવાદીઓએ પેલી પંદર વર્ષની અબજોની યોજના બહાર પાડી છે એથી જણાતુ હશે કે હિંદ કંઇ કંગાળ દેશ નથી એ તો કંગાલીયતના ઢોંગ કરે છે અને તેથી આંખો મીંચીને નવો કરનો બાર લાદી દેવામા એમણે ડહાપણજ કર્યું હશેને? નાણા મંત્રી તો વાસ જેવોજ હોય। પવનનો ઝપાટો લાગતાં વાસ નમી જાયને પાછો પવન ચાલી જતા પૂર્વવત ઉભો રહે વિરોધના વંટાળ સામે નમી જઇને પણ એ વાસની જેમ ઉભોને ઉભો રહેશે ને વિધિના લેખની જેમ બજેટ કાયમજ રહેશે પછી ધારાસભાને જોઇએ તો આનંદભેર પાસ કરે નહિતર બાપની મોચી સાહીને કબૂલ કર્યેજ છુટકો છે। ભલે પાન ખાનારા સોપારીના ટુકડાને બદલે આમલીના ચીચુડા કે ખજુરના ઠળીયાથી કામ ચલાવે। બીડી પીનારા જરા ઓછી પીતા થાય ને મોજશોખને તિલાંજલી આપે પણ પેલા મરણવેરાનુ શુ? જેઓ બિચારા ધર્માદા કફનથી દફન થતા હશે તેનો વેરો કોણ ભરશે? હવે આટલા વેરા નાંખ્યા છે તો પછી જન્મ વેરો વિધુર વેરો વાંઝીયાવેરો વાંઢાવેરો શા માટે બાકી રખાયો હશે?

●

રેલ્વેના બજેટે પણ નફા પર જફા જેવુ કર્યું છે। રેલ્વેએ ૪૫ કરોડનો નફો કરવા છતા રેલ્વે સભ્ય ૧૦ કરોડનો વધારો કરવા ૨૫ ટકા ભાડામા વધારો લાવ્યા છે કહે છે કે લોકો મુસાફરી ઓછી કરે એ માટેજ જાણે એ વધારાનો દંડ નખાયો છે। લ્યો જાણે થર્ડ ક્લાસની દસ-દસ માણસની સીટમા ૪૦-૪૦ માણસ સમાય છે તે મોજશોખની ખાતર

મુસાફરી કરવાની એમના હરોને? હા આ, પણ ચાલો એ અગવડનોય અંત આવશે કારણકે પેલા ૧૦ કરોડનો વધારો રેલ્વેની સગવડ વધારવામા વપરાશે એટલે હવે થર્ડ ક્લાસમા પણ ગાદીઓ અને ઇલેકટ્રીકના પંખા આવશે એમજ ધારવું ખરુંને? અને પછી તો મોટા મોટાઓ પણ થર્ડ ક્લાસમા મુસાફરી કરતા સંકોચ નહિ પામે! અને પેસેન્જરોના ભાડા પર થોડોક ભાર પડશે પણ સગવડ તો વધશે? પણ આપણી આર્યોર્ડાક્સ અણુ ઠ, અને મિનકેળવાયેલી પ્રજાને મોટાઓના વચનમા વિશ્વાસ નથીને? અરે ભાઇઓ! વિશ્વાસે વહાણુ ચાલે અને વધુ વિશ્વાસ હોય તો દરિયાને બદલે રેતીમા પણ વહાણુ ચાલે શુ સમજ્યા? ન સમજાતુ હોય તો પગપાળા મુસાફરી કરોને? પગ પણ મજબૂત થશે ને તંદુરસ્તી પણ વધશે રેલ્વેના ડાયરેકટરો પ્રજાની તનદુરસ્તી અને તંદુરસ્તી વધે એમજ ઇચ્છે છેને?

⊛

પૂર્વનો આશ્રયો વધુ ગુચવાયેલો બનતો જાય છે પેલેસ્ટાઇનમા યહુદીઓની ભરતીથી આરબો ભડકતા જાય છે, તેમને ભય છે કે રખેને કઇ અમેરિકાની ધાકધમકીથી પેલેસ્ટાઇનમા યહુદી રાજ્ય સ્થપાય? કારણ વહીવટ બ્રિટીશનો હોવા છતા અમેરિકાની વગ એવ વધતી જાય છે 'દૂધનો દાઝેલો છાસ ફૂંકીને પીએ' તે ન્યાયે આરબોનુ ભડકવુ વાજબી લેખાય છે અને મીસર, ઇરાન, ટ્રાન્સજોર્ડન, અરબસ્તાન વગેરેનો આરબ સંગઠનના પડઘા પણ ભાવિ સંશયના કારણ કે વધુ ઘેરા બનતા જાય છે લડાઈ પછી કઇ તેરા તેન ગયા ને મેરા ખેલ ગયા' જેવુ ન થાય તેની અગમચેતી રૂપે આરબો આળસ મરડી રહ્યા લાગે છે દગાને પણ કાઈ કાન ટકોર કર્યા છે કારણકે એનેય ભય પેઠો છે કે કઈ લડાઇ પડયા પછી ગોરાઓનુ વર્ચસ્વ ધાગાન પર જામી ન પડે? આમ સંશયનુ સામ્રાજ્ય પૂર્વમા વિસ્તરી રહ્યુ છે ત્યારે તુર્કીની તટસ્થતા વધુ ઘેરી બનતી જાય છે તુર્કી કહે છે કે અમને વચન પ્રમાણે યુધ્ધ સરંજામ મળ્યો નથી એને બદલે ફકત છ ટકાજ માલ મળ્યો હોઇ અમે ધાડની આગળ જોતરૂ થવા માગતા નથી, અને તેથી મિત્રો અને તુર્કી વચ્ચે તુમ 'અપના મુહ ઉપર કરો મે અપના મુહ ઉધર કરતુ' જેવુ થયુ છે!

⊛

જાણે ક્રિકેટ મેચના ખેલાડીઓ થાકીને વિરામ લેતા હોય તેમ ઇટાલીને આરકાનના મોરચે યુધ્ધ થીજી ગયેલુ દેખાય છે પણ રશિયાનો મોરચો તો ધીખતોજ છે બાકુ ગના એલો યુરોપનો બીજો મોરચો હજુ ઉઘડયો નથી ને ચર્ચીલે તો પાર્લામેન્ટમા કહી પણ દીધુ છે કે ૧૯૪૪મા લડાઈ ખતમ થવાની વાત મે કહીજ નથી છતા છેલ્લા ફટકાની ખુબ તડામાર તૈયારીઓના ઢોલ નગારા વાગી રહ્યા છે એક વાર દુશ્મનને છાજતી રીતે ચર્ચીલે પાર્લામેન્ટમા જર્મનોની ૩૦૦ બાપી રહેલી ડીવીઝનોની તથા તેના સરદારોના લડાયક ખમીરની તારીફ કરી છે સાથે સાથે જર્મનીની આજુબાજુ ભીડાતા સાણસાની મજબુતાઈ વર્ણવાઈ રહી છે મેક આર્થર પ્રશાન્તના મેસે ડી.રીક જાપાનીઓને ધીમે ધીમે હડાવી રહ્યો છે આ છે રણ મોરચાની કડી હકીકત ફકત સૌથી વધુ પ્રચારનો મોરચો ગરમ થઇ રહ્યો છે અને જાણે રેડીયોથીજ લડાઈ છતાવાની હોય એવુ ઘડીભર લાગે છે દાસની બીજી બાજુમા બર્લીન પરની સોમ્બ ફરિ હજી જગાય ધીમી પડી નથી, તેમ એકલી બોમ્બવર્ષાથીજ જર્મનીનુ લડાયક ખમીર નહિ તૂટે એવા અનુભવીઓની વાણી પણ સંભળાઇ રહી છે ત્રીજી બાજુ ફિન્લેન્ડ અને

બલ્ગેરીયા જુદી સનાદ કરી લેશે એમ પણ જોરશોરથી સંભળાય છે તો સ્પેન અને તૂર્કી તટસ્થતાના નાણા તાણીને બાંધી રહ્યા છે! યુરોપના મોરચાની આમ બાબત છે ત્યારે આપણો હિન્દુસ્તાનનો સડેલી જુવાર અને જવનો મોરચો વિસ્તરતોજ જાય છે!

●

ધાનામનાઓમા અને છાપાઓમા ચારેતરફ હાકોટા પડી રહ્યા છે કે માપબંધી દાખલ થઈ છે પણ હજી થાપબંધી થઈ નથી! કાળા બજારોના જોર હજી ઘટયા નથી તંત્રમા ક્યા ખામી છે? તે હજુ રોશન થયુ નથી સરકારી ભંડારોમા શી રીતે અનાજ સાચવી રાખવુ તે ડીગ્રીવારી અમલદારો કરતા ખેડૂતોજ સારી રીતે જાણી શકે ઘણી જગ્યાએ સરકારે સંગ્રહેલુ અનાજ ખણુડી જવાનુ કારણ એજ છે કે આવનારા સંભાળનારા માનવીઓની ખોટ છે કાગળના પત્રકોમા પાના પૂરનાર કારકૂનોનુ એ કામ નથી! કુભારા પાસેથી હજામોનુ અને હજામો પાસેથી દરજીનુ કામ શી રીતે લઈ શકાય? એક તરફથી જેમ બને તેમ ઓછુ ખાઓનો ઘોષ થાય છે તો બીજી બાજુથી વસ્તીનો ફુગાવો થઈ રહ્યો છે! ચલણના ફુગાવા કરતા કોઈ રીતે વસ્તીનો ફુગાવો ઓછો ઉતરે એમ નથી! મોજમજાહના ડર વધ્યા છતા સીને પ્રક્ષકોનો ફુગાવો વધતાની સાથે સીને અભિનેત્રિઓના ચાહકોનોય ફુગાવો વધતોજ ચાલ્યો છે! અને સીને અભિનેત્રિઓના પ્રેમીઓની સંખ્યામા જેમ જેમ વધુ ફુગાવો થાય તેમ તેમ તે અભિનેત્રિઓના પગારના આંકડામાય ફુગાવો કરવાની પ્રોડ્યુસરોને પ્રત્યક્ષ કે પરોક્ષ ફરજ પડે છે! બીજી બાજુ કાગળની અછત હોવા છતા સીનેમાના ફરફરીયામા ફુગાવો આવ્યો છે! ગ્રાહકાની સંખ્યા આંગળીને વેઢે બને ગણી શકાય એટલી હોય છતા સીનેમાની જાહેરાત પર એ પોતાના ફુગાવાને ટકાવી નાખવાની મહેનત કરે છે! આમ એક તરફ દરેક વસ્તુની અછત વરતાતી જાય છે તો બીજી બાજુ ફુગાવો થતો જાય છે, પછી એ મેળ શી રીતે મળશે?

●

કેળવણીમા તો કદાચ નહિ પણ બીજી બાબતોમા તો દેખાદેખી મુસલમાનો પણ ખૂબ આગળ વધી ગયા છે રેસ જુગારને નાટક-સીનેમાના મુસલમાન યુવકો તો રસીયા હતાજ પણ હવે તો પર્દાનશીન માનુઓ પણ સીનેમા જોવામા ઉલટભેર ભાગ લઈ રહી છે 'ઝનાના શો' એનો સ્પષ્ટ પુરાવો છે એ બુરખાઓનો પર્દો દૂર કરવામા આવે તો એની નીચે નરીજ સીનેમાની નકલ દેખાશે એક એક બાનુ જાણે એક્ટ્રેસની હરીફાઈ કરતી દેખાશે દેખાદેખી દરેક બાબતમા મુસ્લિમ સ્ત્રીઓ સારા-નરસાનો વિચાર કર્યા વગર ધપી રહી છે! હવે રસીકડી બાઈસંધ કોમોના ખાનદાન ઘરોમા ઘુસેલી નૃત્યોની કળા મુસલમાનોના ઘરમા ન ઘુસે તેની તકેદારી રાખવી રહી! બાકી ખાનદાની ઘરની વહુ-દીકરીઓ સીનેમામા કામ કરતી થઈ ગઈ છે આ સુધારો મુસલમાનોને ધાર્મીના કુતરા જેવા ઘરના અને ઘાટનાય નહિ રહેવા દે માટે મુસલમાનો આંખો મીંચીને આગળ ધપવાને બદલે ૧૩૫૦ વરસ પાછળ હઠી જાય અને ઇસ્લામના તે મહાન માર્ગદર્શકે ચીંધેલા માર્ગેજ પ્રયાણ કરે! આવુ અવગુ થવાનાથી દીન અને દુન્યામાથી ગબડી જવાશે આજના ગીલીગીયા સુધારા કરતા તો ભલના કુધારાજ સારા હતા ખુદા મુસલમાનોને પોતાનો ભૂલેલો પથ ગ્રહણ કરવા પાછળ હઠવાની તૌફિક અતા કરે!

●



મૌલાના મોહમ્મદ અશરફ કાદરી

સવાલ-એક ગેર સૈયદ કોઈ સૈયદની છોકરી સાથે નિકાહ કરી શકે છે? અને જો કરી શકે તો ઔલાદ થાય તે સૈયદ કહેવાશે કે નહિ?

જવાબ-સૈયદેહ ઔરત સાથે ગેર સૈયદ મર્દના નિકાહ જાઈઝ છે હઝરત ઉસ્માન ગની (રદી૦) સાથે હઝરત (સ૦)ની બે દીકરીના એક પછી એક નિકાહ થયા હતા અને હઝરત ઉસ્માન સૈયદ ન હતા તેમજ હઝરત ફાતેમહ (રદી૦)ના નિકાહ હઝરત અલી (રદી૦) સાથે થયા હતા અને હઝરત અલી સૈયદ ન હતા પરંતુ હઝરત ફાતેમહની ઔલાદ સૈયદ કહેવાશે બીજાઓની ઔલાદ માને લીધે સૈયદ કહેવાશે નહિ કારણ કે નસબની નિસ્બત બાપના તરફ થાય છે

સવાલ-સોના અને ચાંદીની તાવીજ પહેરવી જાઈઝ છે?

જવાબ—સોના ચાંદીની તાવીઝ મર્દો અને ઔરતો માટે જાઈઝ નથી જેમકે સોના ચાંદીના વાસણ મર્દો અને ઔરતો માટે હરામ છે ઔરતો માટે સોના ચાંદીના ઝેવર પહેરવા દુરસ્ત છે પરંતુ તાવીઝ ઝેવરમા દાખલ નથી બ કે વાસણની માફક છે

સવાલ-જો ઔરત ધણીના ગુજરી જવાથી ઇદ્દતમા બેઠી હોય તો મકાનના ચોકમા ઘરના અંદર નીકળી શકે કે નહિ? મશહૂર આ વાત છે કે આસમાન દેખાવુ ન જોઈએ

જવાબ-ઇદ્દતવાળી ઔરત ઘરની અંદર ચોકમા નીકળી શકે છે આસમાન ન દેખાવુ જોઈએ આ વાત માતબર નથી

સવાલ-એક મેદાનમા જનાઝાની નમાઝ પઢવામા આવે છે અને ત્યા સામે કેટલીક કબરો નજરે પડે છે કોઈ તરેહની આડ નથી

જવાબ-નમાઝે જનાઝહ પઢતી વેળા સામે કબર મૌજૂદ હોય તો કંઈ વાંધો નથી જનાઝહની નમાઝ પઢી જાઈઝ છે કારણ કે મૈયતનો જનાઝો સામેજ રહે છે અને વળી જો મૈયતને વગર જનાઝહની નમાઝે દફન કરવામા આવ્યુ હોય તો ત્રીજા દીવસ સુધી નમાઝ પઢવાનો હુકમ છે અને કબ્ર પર હઝરતે (સ૦) જનાઝહની નમાઝ પઢી છે બેશક બીજી નમાઝો આડ વગર કબ્ર તરફ પઢવી મના છે કારણ કે ગેર અલ્લાહની ઇબાદતની મુશાબેહત થાય છે


સવાલ-હનફી મઝહબમા બદનને ક્યાથી ક્યા સુધી ઢાંકવાથી નમાઝ સહી થાય છે અડધી આસ્તીનનુ ખમીસ પહેરવાથી નમાઝ નથી થતી? અને વગર ટોપીએ માથુ ખુલ્લુ રાખી નમાઝ પઢી શકાય કે?

જવાબ-ડુંટીથી ગુઠણની નીચે સુધી નમાઝમા ઢાંકવુ ઝરૂરી છે નમાઝમા હાથની કોણીયો ખુલ્લી રહેશે તો નમાઝ મકરૂહ તહરીમી થશે ખુલ્લે માથે (ટોપી વિના) નમાઝ મકરૂહ થાય છે નમાઝની હાલતમા અગર ટોપી નીકળી જાય તો એક હાથ ઉંચકી પહેરી શકતો હોય તો પહેરી લે

સવાલ-હનફી મઝહબ મુજબ નિકાહની મેહર આપ્યા બાદજ ઔરતને હાથ લગાડી શકાય કે?

જવાબ મેહર ઉધાર પણ રાખી શકાય છે પરંતુ ઉધાર રાખવા ઔરત મંજુર કરે નહિ અને રોકડ માગે તો મેહરના રોકડ નાણા અદા કરવા ઝરૂરી છે અને એવી સુરતમા ઔરત હાથ લગાડવા ના પાડી શકે છે

પોઠ



ડૉ જૉન્સનને કોઇએ પૂછ્યુ કે "સ્કૉટ લાંડવાળાઓ જ્યારે અકળાય છે ત્યારે કયો માર્ગ લે છે? ડૉક્ટરે જવાબ વાળ્યો કે "તેજ માર્ગ, જે તેમને લંડન પહોંચાડતો હોય'

પણ એ તો લડાઈ પહેલાની વાત છે અત્યારે ત્યા એવુ બનતુ હશે કે કેમ તે એક સવાલ છે અને એ સવાલનો જવાબ રૂટર સિવાય બીજા કોઈથી આપી શકાય તેમ નથી પણ અમને રૂટરના જવાબની જરા પણ જરૂર નથી કેમકે અમારે ત્યા કામનો જવાબ કામ કરી બતાવીને અપાઇ રહ્યો છે કિંવા સ્કૉટલાંડ વાસીઓથી હાલ જે નથી બનતુ તે અમે હિન્દમાં કરવા માડયુ છે ફેર એટલોજ કે તેઓ લંડનનો માર્ગ લેતા હતા અને અમે મુબઇનો રસ્તો પકડીએ છીએ અરે ભૂલ્યો રસ્તો નહિ પણ ટ્રેન પકડીએ છીએ મતલબ એ કે, આજે સૌ કોઇએ મુબઈ જવા માડયુ છે ચોતરફથી લોકોએ મુબઈ પર ધસારો કરવા માડયો છે "કયા ચાલ્યા?' એક, બે, ત્રણ ને ચોથી આસામી તો જરૂર મુબઇ ઉપડનારીજ નીકળવાની અને ટ્રેનમા ખરૂ પૂછો તો રૂઆબ પણ મુબઈ જનારનેજ પડે છે બને તે પછી મુબઈ જનાર હરીઓ ભગી કેમ ન હોય!

લોકો મુબઈ શા માટે જાય છે એ વિષે હુ એટલુજ જાણુ છુ કે કઇજ જાણતો નથી છતાએ તમે મારે મોઢે કઇ કહેવડાવનાજ માગતા હોય તો મારે કહેવુજ રહ્યુ કે 'બસ જાય છે' જુઓ પેલા ભાઈ છે ને તે એટલા માટે જાય છે કે મુબઇથી કોઇ સારૂ માસિક નીકળતુ નથી તેથી તેઓ ત્યા જઇને નવી શ્રેણીનુ, નવુજ માસિક કાઢશે! અને પેલા બીજા ભાઈ નવુ સીનેમા અઠવાડીક કાઢવાની વેતરણમા જાય છે! પેલા ત્રીજા છે તે ફિલ્મમા નવી ઢબના ગીતો આપવા સારૂ જાય છે અને પેલા ચોથા છે તે નવી ફિલ્મ કપની કાઢવા સારૂ ઉપડયા છે પેલા ભાઇ યુનીવર્સીટિમા ભણવા અને પેલા છે તે એ આર પી મા જોડાવા અને તેમના સાથીદાર છે તે રેડીઓ પર ગાવા જાય છે અને આતો એકજ દિશાની વાત થઇ બાકી તો ચારે દિશાથી મુબઈ ઉપર હુમલો ચાલુ છે રાત અને દિવસ આ હુમલાખોરોની પલટણ મુબઈ તરફ વધતીજ જાય છે અને મુબઈમા પહોચી ચૂકેલા એ હુમલાખોરો ઉપરાત હજીય ઘણાય એવા છે કે જે મુબઈ તરફનુ મોઢુ કરીનેજ સુએ છે અને એ બધાય જાણે મુબઇમા તેજ કામ કરવાના સ્વપ્નાવાળા છે જેને નવીન કહેવાય જેમા નવીનતા હોય, અને આ બધુ હોવા છતા કોઈએ નવીનતા મુબઇ અનુભવતુ નથી છતા હુમલો જારી છે બગાળથી દક્ષિણથી ગુજરાતથી, કાઠીઆવાડથી દિલ્હીથી અને પજાબથી હુમલાખોરો મુબઈ પર ધસી રહ્યા છે મુબઇમા આવીને મુબઇની વચ્ચોવચ્ચ સ્થાન જમાવે છે સરકારનુ સરક્ષણ ખાતુ સજાગ છે તે આ બધુ જુએ છે છતા ચલાવી લે છે કોણ જાણે કેમ? હુમલાખોરોને કોઈ રોકતુજ નથી પણ આવુ લખીને તો હુ પોતેજ મુબઈ પર હુમલો કરી રહ્યો છુ ના, મારે મુબઈ જવુ નથી 'મુબઈગરા થવુ નથી

× × ×

પેપરોમા એક નવી જાતની જાહેર ખબર જોવામા આવી એક હિન્દુ અને એક મુસ્લિમ

પરસ્પર હાથ મેળવીને મોઢું પણ મેળવી રહ્યા છે એવું ચિત્ર છે અને તેની નીચે લખેલું છે કે

"મહાદેવ અને મહમદે હાથ મીલાવ્યા અને ચુંબન કર્યાં 'ઘરની રાણી' માટે."

હાથ મીલાવ્યા એ તો જાણે ઠીક થયું પણ "ચુંબન કર્યાં" એ શું? છી છી છી પુરૂષો પણ એક બીજાને ચુંબન કરવા લાગ્યા કે શું? અને તે પણ દાઢીવાળો, ચોટલીવાળાને ચુમે? અને ચોટલીવાળો દાઢીવાળાને? હે સાન ફ્રાંસીસ્કો! હે સુકરાત, ક્યાં છો તમે? આ શું થઈ રહ્યું છે? આબકોકની જુદી ચાહ, અને જુદા પાણી! ક્યાં છો તમે? ખૈર એ વાતો જવા દો એ બધું અસંભવિત છે અને છેજ જણાય જવા દો પરંતુ પ્રશ્ન એ થાય છે કે જેઓ ઘર કિંવા વતન કિંવા દેશ માટે હાથ નથી મીલાવતા તે 'ઘરની રાણી' માટે આટલે દરજ્જે કેમ જાય? અવાસ્તવિકપણાની પણ હદ ઓળંગી ગઈ છે એ કલ્પના! અને તે 'ઘરની રાણી' પણ શું છે? એક પુસ્તક અને પુસ્તક માટે આટલું બધું? હાને તો તે એ રાણીઓ માટે તલ્વારો ખેંચતા હતા, તે શું થયું? અને એ બધુંય હોવા છતાં મહાદેવની પત્નિજ એ 'ઘરની રાણી'ને આવકારે તો આવકાર, કેમકે તે 'રાણી' હિન્દુ છે મહમદની બીબી તો એ શોકયનું સાન ઘરમાં પેસવાજ નહિ દે, કેમકે તેને રાણી થવું નથી અને તે ઘણું કરીને એટલું ભણીજ શા માટે હોય કે ઘરની રાણીને જોવું પડે? ચિત્રકારને આ નવીનતા બદલ ધન્યવાદ આપીએ છીએ

× × ×

"જે ભાવ, જે પ્રેરક ભાવના, જે અંતરનું દર્દ છન્દોબદ્ધ કવિતાઓમાં નથી ઉતર્યું તે આ ગઝલોમાં ઉતર્યું છે અને એજ ગઝલની શક્તિ બતાવે છે"

(જન્મભૂમિ)

ગઝલની શક્તિનો આ સ્વિકાર ગઝલકારોમાં નવું જોમ રેડશે એની ખાતરી સાથે હું આ મોડી મોડી 'દાદ' દેવા બદલ 'દાદ' દેનારનો આભાર માનું છું છન્દોબદ્ધ કવિતાઓથી ગઝલને જુદી પાડવું વાજબી નથી કેમકે ગઝલનો પ્રકાર નિરાળો હોવા છતાં તે પણ છન્દોબદ્ધ કવિતામાંજ ગણાવી જોઈએ, અને છન્દોબદ્ધ કવિતાઓની પેઠેજ સ્થાન પામવી જોઈએ ગુર્જરગિરામાં સંસ્કૃતિક છન્દો અને પ્રાસ તથા છંદથી મુક્ત એવા સૉનેટો, અપદ્યાગદ્ય વગેરે આવકારાય અને ગઝલ શા માટે નહિ? ગઝલના ખુશ્બુમાં અને ખુશબૂદાર ગુલો, ગુર્જરગિરાનો પાલવ તરબતર કરશે કુમાશ અને સુવાસ ભરી દેશે પાલવને પકડો નહિ ગઝલ પ્રત્યે સુગ અને બેપરવાઈ સિતમ છે સાક્ષરો અને વિવેચકો એને આવકારે, કદિએ ઉવેખે તો નહિજ એજ અભ્યર્થના

× × ×

સગવડીઆ જતા પોતાને સૂફી સાહેબ લેખાવતા એક મિત્રને ત્યાં મહેમાન જવાનું થયું એમની બેઠકનો ઓરડો જોવા મને બેસાડવામાં આવ્યો હતો તેનું ચિત્ર કંઈક આવું હતું ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ચારે દિશા યાને ચારે ખુણા ઉપદેશ અને ચેતવણીના સૂત્રોથી ભરેલા હતા "**ઓછું ખાવ, ઓછું ઉંઘો, હસો નહિ, વાતોમાં વખત ન ગુમાવો, નજર બનતાએ નીચી રાખો, 'જગેહ જી લગાનેકી દુન્યા નહિ હય', કયામતથી ડરો, ચોરી ન કરો, મરવાની**

તૈયારી કરો વગેરે વગેરે આ બધુ જોઇને અને વાચીને મારા તો હોશજ ઉડી ગયા નાસી જવુ કે બેસવુ તેની ગડમથલમાજ હતો કે મારા તે મિત્ર પધાર્યા ચૂપચાપ થોડી પળો વીતી પણ મારાથી તો ખામોશ ન રહેવાયુ એટલે મે પૂછ્યુ "મુરબ્બી, આપે જે સૂત્રો ટાગેલા છે હુ એનો (માનવાથી ઇન્કાર કરતો નથી) પરતુ આપનો મહેમાન છુ એટલે રજા લઇનેજ કઇ કરવુ મારૂ તો હા, આપ હવે ફરમાવો કે મારે ક્યા ઉપદેશ પર પહેલ વહેલો અમલ કરવો? મારૂ ખાવાનુ બધ હસવાનુ બધ ઉઘુ જોવાનુ પણ બધ આટઆટલી બધીઓમા એકજ માર્ગ મારા માટે ખુલ્લો છે અને તે "મરવાની તૈયારી કરવાનો તો ફરમાવો કઈ રીતે મરૂ? ફાસો ખાઉ યા બારીમાથી કૂદી પડુ? હુ તે આપનો મહેમાન થઇને આવ્યો હુ કે કેદી તેજ સમજાતુ નથી ખુદા વાસ્તે એ બધા સૂત્રો ઉતારી લો અથવા મને દાદર ઉતરી જવાની રજા આપો એટલે પત્યુ અને હા મારા જવા પછી 'મરવાની તૈયારી કરો વાળા સૂત્રની પાસે એક બીજુ બોર્ડ ટાગીજ દેજો અને તેમા આમ લખજો કે "**મર્યા પછી કફન દફનનો બદોબસ્ત અત્રે મફત કરવામા આવશે**" બસ અને હુ ઝટઝટ દાદર તરફ દોડયો બહાર નીકળીને ખુલ્લી હવામા ગયા પછી જીવમા જીવ આવ્યો

(આઝાદ)

મિજાજ દોન (સુરત)નો મુશાયરો પોતાની પાછળ ઘણી ઘણી યાદગારો મૂકી ગયો છે, ઉત્તમ વ્યવસ્થા, ઉત્તમ કાર્યો અને ઉત્તમ શ્રોતાઓ માટેજ દરેક ભાગ લેનારના દિલમા એમજ થત થઇ રહ્યુ હશે કે એ દિન કેમ ભૂલાય? પણ ખરી મઝા તો પક્તિની ગઝલો ખતમ થતા જામી હતી 'શયદા' અને 'બેકાર' 'અમીન' અને 'નૌખચશ્રી' એ શ્રોતાઓને ઘડીઆળ સામે જોતા ભૂલી લીધા હતા એટલુજ નહિ તેમને મસ્તી અને ભાવનામા મસ્ત કરી દીધા હતા એકજ સૂર મભળાયે જાવ, એક જામ ઔર નફ! પીએ જાવ અને બસ પીએ જાવ ગઝલ સુરાના પાન પણ એ બધુ "ના સમજાવુ હોય તેને કોણ સમજાવી શકે"

લેખકો અને કવિ મિત્રોને!

ઉગતા મિત્રોને "ફાગના"મા સ્થાન મળતુ હોઈ ઘણાએ ઉગતા મિત્રોના લેખો અને ખાસ કરીને કાવ્યો–ગઝલોનો ઢગ આવી પડેલ છે જે પ્રગટ કરવા યોગ્ય હશે તેને યોગ્ય સમયે સ્થાન મળશેજ તાકીદે પ્રકાશન ઇચ્છતા મિત્રો કાઈ ન મોકલે એજ આ કાગળના દુકાળમા ઇચ્છવા યોગ્ય છે

—તત્રી

મેહફિલ

તા. ૨૭-૨-૪૪ના રોજ સુરતના એસટ હોલમાં સુરત વિદ્યાર્થી સાહિત્ય મંડળના આશ્રયે એક શાનદાર મુશાયરો ગઝલ સમ્રાટ જનાબ 'શયદા' સાહેબના પ્રમુખસ્થાને યોજાયો હતો તે પૈકીની કેટલીક ચુંટેલી ગઝલ પંક્તિઓ રજુ કરીએ છીએ

—સંપાદક

—: પંક્તિ :—

" ના સમજવું હોય તેને કોણ સમજાવી શકે? "

-[૧]-

રૂપની દ્રષ્ટિ અમી વરસાદ વરસાવી શકે
જો એ જ્વાળા થાય તો બ્રહ્માંડ સળગાવી શકે
વાત સાચી આંધળાના ધ્યાનમાં આવી શકે
ના સમઝવું હોય તેને કોણ સમઝાવી શકે?
હું ન સમઝાવી શકું કે તું ન સમઝાવી શકે
શ્વાસ ચાલ્યો જાય પાછો નહીં આવી શકે
એક રજકણ જોઉં છું ને લાખ આવે છે વિચાર
ભેદ એમાં શું હશે એ કોણ સમઝાવી શકે?
કોઈ મારા શ્વાસ પર કબ્જો કરે? મકદૂર શી?
મોત પણ મરજી વિના પાસે નહીં આવી શકે?
આવો આવો આંખમાં રસ્તે ઉતારૂ ઊતરવા
છો તમે માલિક તમને કોણ અટકાવી શકે
આજ એણે જોઈ છે મદથી ભરી તીરછી નઝર
હોશ ક્યાં છે હોશમાં કે હોશમાં આવી શકે?
તું મને પુછી રહ્યા છો, શું સમઝાવી શકું?
આંખની છે વાત એને આંખ સમજાવી શકે
શબ્દ ને ઠણકો રહે છે જા કદી આવીશ મા
આંખડી કહે છે ઇશારાથી મને આવીશ કે!
તો પછી હું પારકાની આશ તે ક્યાંથી કરૂં?
આપણા થઈ આપણાને જો ન અપનાવી શકે
માનવી છે, માનવીથી શું નહીં થાએ પછી
પથ્થરો પણ પથ્થરોથી આગ પેટાવી શકે
અશ્રુના બિન્દુ વિષે શક્તિ છુપાઈ છે અજબ
આગ સળગાવી શકે છે આગ ઓલાવી શકે
આટલી આ વાત 'શયદા' રાખજે તું ધ્યાનમાં
બાન બંધાવી શકે છે, બાન છોડાવી શકે

[-'શયદા' મુંબઇ]

-[૨]-

યુવકો નિજ હાકથી આકાશ થભાવી શકે,
કાળના પણ કાળને ઠોકરથી હટાવી શકે!
ચાલતા નિજ ચરણથી ધરતીને કંપાવી શકે
દેશ કેરા ભાગ્યને પળમાં એ પલટાવી શકે!
પ્હાડ હો રસ્તા મહીં તો પ્હાડ ઉથલાવી શકે
કાલના ઇતિહાસનો એ પૃષ્ઠ ઉઠાવી શકે!
તેની સીંચી રક્તનું દીપક એ પ્રકટાવી શકે
એક નૂતન વિશ્વને એ પથ બતલાવી શકે
જેવાઓની સાથમાં તેના થશો તો ફાવશો
બીચીયા સમ લોકોને હરકોઈ ધમકાવી શકે!
જીવતા મુડદા સમું હા! છે ગુલામીનું જીવન
કોણ સમશાને વસીને રંગ જેનાવી શકે?
માર્ગમાં કાળા તણા ગોરા ઉભે એ રીતથી
ઊંટ જ્યમ ઉભું રહી ભેંસોને ભડકાવી શકે!
આપણ પરદેશમાં હા! કેટલું સન્માન છે?
કાયદેસર પોટલાં સૌ કોઈ બંધાવી શકે!
લગ્ન વેરો જન્મ વેરો, ને મરણ વેરો છે ક્યાં?
જો હજી ધારે તો એના ટેક્ષ ઓકાવી શકે!
તંગ-દિલથી, સંગ-દિલ હું થઇ ગયો છું આખરે
માગનાવાળા મને નવ લેશ શરમાવી શકે!
આપબુધી તો થઇ પણ થાપબુધી ના થઈ
પાછલા દ્વારેથી નાણાં કોઈ સરકાવી શકે!
સમજુ હોયે માનવી તો સાનમાં સમજી શકે
ના સમજવું હોય તેને કોણ સમજાવી શકે?
નામ છે 'ઓંકાર' કિંતુ તું ઘણો છે કામનો
તું વિના આવી સભાને કોણ ડોલાવી શકે?

[-'ઓંકાર' રાહેર]

-[૩]-

હાડપીંજર હિંદમાં જો રેશનીંગ લાવી શકે,
એમરી ત્યારેજ અંગ્રેજોને ખખડાવી શકે
જોઇને દુકાળથી કંગાળ એ બંગાળને,
શર્મ છે જો હિંદીઓ ના ક્રાન્તિ લાવી શકે
માનવી જેમાં કે માનવતા નથી હેવાન છે,
કોણ જગના મુડીવાદોને એ સમજાવી શકે
જે ગુનાઓ હોય તેઓનો ખુદા હોતો નથી,
નહિ તો ઝાલિમ શામકો ને આન તે ફાવી શકે ?
એક દીની કલ્પનાને ઉર્મીઓ શા કામની
ક્રાન્તિ લાવી શકે, આઝાદી ના લાવી શકે
હિંદમાં આજે જરૂરત છે તો એક લેનીનની
જે ગુનાઓને હમેશા માટે દફનાવી શકે
ઝિંદગીમાં ઝિંદગી છે કામની એ ઝીંદગી,
જે મરેલા દેશમાં કંઈ ઝિંદગી લાવી શકે
છે સમજનારા તો ઓછા ના સમજનારા વધુ
એ વધારે મુર્ખને ઓછા શુ સમજાવી શકે
એક તો [illegible] માનવી ટુંકોને ટુંકી ઝિંદગી,
ક્યાંથી મુજ બહોળા વિચારો કોઈ અપનાવી શકે
શુ કહુ એ શ્વાસને જ્યાં જીંદગી નિશ્વાસ છે,
શ્વાસ સમજે એટલુ બસ જઈ શકે આવી શકે
તોજ એ સમજનારાઓને [illegible] માનુ 'અમીન'
ના સમજતુ હોય તેને જ્યારે સમજાવી શકે

સુરત] [–'અમીન' આઝાદ

-[૪]-

મદભરી આંખોની મસ્તી મિસ જો પીવડાવી શકે
તો જીવનભર મિસ્ટર ના હોશમાં આવી શકે
શેઠજી એવી ખૂબીથી લીનમાં આવી શકે,
રેસ રૂપી જગમાં જો ટોર્મ દોડાવી શકે
આજનો યુવક ફક્ત એ વાત અપનાવી શકે,
વાત એ પશ્ચિમ તણી ઘર ઘરમાં ફેલાવી શકે
એક પત્નિ પર બીજી પત્નિ ન કો' લાવી શકે,
રાજવીને કાયદો ન લેશ અટકાવી શકે।
એતો સમજે છે છતાં સમજી સમજતુ એ નથી
ના સમજતુ હોય તેને કોણ સમજાવી શકે ?
નાળ ક્રાતિની અરે મહારાજને છે ક્યા ખબર ?
તોપમાં ભક્તિ થિએટરની શુ આવી શકે ?
રહી ગઈ ખુબીમાં ખૂબી એજ તો શુનક મળી,
કંઈ મરે ના તોય પણ પતિ તો તગડાવી શકે।
મર્દની મૂછો ગઈ, સ્ત્રીઓ તણા બસ ચોટલા।
કો પછી ના એક સરખા એ નજર આવી શકે ?
કોડ હો બ્રહ્મચર્યના જીવન વિતાવાના પછી
ના પરણતુ હોય તેને કોણ પરણાવી શકે ?
પડે ને પોતે મરે છે જો નયનના વારથી
એના પ્રેમીઓ તે શુ તલવાર લગાવી શકે ?
ટ્રેન બંધ ને પારસલ બંધ, ને વળી બુકીંગ બંધ
પ્રેરણા આવે તો ક્યાંથી ? કી રીતે આવી શકે ?
સ્વાગના એ વેશમાં પૈદા થઈ છે ડાકણો
કોણ એ વહેનીઓને દાબમાં લાવી શકે।
'તાજ' પડતા મૂક તાના એ બધા ઉપદેશને
ના સમજતુ હોય તેને કોણ સમજાવી શકે ?

રાંદેર] [–'તાજ'

-[૫]-

તુ જો સાચા દિલથી તારો સાદ સંભળાવી શકે,
તો હુ માનુ છુ કે પથ્થરને તુ પિગળાવી શકે
દર્દના દેનારને બસ પ્રશ્ન મ્હારો એજ છે,
કોણ મ્હારા દિલની બેતાબીને દફનાવી શકે ?
ભાનની સરહદ છતાંગી પ્રેમ પાગલ થઈ જજે
રૂપ મર્યાદાનો જેથી અંત તુ લાવી શકે
ઊર–તીમિરતાનુ નિવારણ એજ રીતે શક્ય છે
નૂર–દીપક લઈ ફરીને કોઈ જો આવી શકે।
મુજને તેની આગની છે એક મુદ્દતથી તલાશ
જે બુઝાતા અંતરોને પળમાં ચેતાવી શકે
કામના સાથેજ તારા દિલની મંઝિલ થઈ જશે,
આત્મશ્રદ્ધા તુ જો તારા દિલમાં જન્માવી શકે
જો સહનની હામ છે તો પાર આશા થઈ જશે,
તેજ સુખ પામી શકે જે દુખને અપનાવી શકે

તે અમીદ્રષ્ટિ મ્હને તો ક્યાંય દેખાતી નથી,
કાળની વિકાળતા જે પળમાં થભાવી શકે
આત્મબળ જેવું જગતમાં કોઈ બીજું બળ નથી,
આત્મબળથી તું જો ધારે શું ન સર્જાવી શકે?
ઠોકરો જેણે અનુભવની કદી ખાધી નથી,
તે ભલા શું જિંદગીને ખાક નિભાવી શકે
ચિર હથેળીમાં લઈને જે ફરે છે **'સીરતી'**
તેજ માનું છું નિસંદેહ યુગને પલટાવી શકે
મોર] [-સીરતી

-[૬]-

સોગઠા બાજી જીવનના સાથ સરખાવી શકે,
જીંદગીના મૂલ્ય તેને કોણ સમજાવી શકે?
વાત સાચી છે સમજ જો સમજમાં આવી શકે,
ના સમજવું હોય તેને કોણ સમજાવી શકે
એક એની યાદ છે મુજથી જે ભુલાતી નથી
એક તેઓ છે કે મારી યાદ ભૂલાવી શકે
એ પતંગાને કોઇ પુછે મહબ્બતની મઝા
પ્રેમનો આનંદ બીજો કોણ સમજાવી શકે?
બે-મહબ્બત જીવવું, મરવું, બધું મરણુંજ છે,
કંટકોને પુષ્પની ક્યાંથી મઝા આવી શકે
મહતની જોડી નથી એ એક છે ને છે અટલ,
લાવ એની જોડ જો તું ક્યાંયથી લાવી શકે
તું પુરો છે કે ભલો એની તને ક્યાંથી ખબર?
'મિત્ર' વિણ એ વાત તુજને કોણ સંભળાવી શકે!
મુંબઈ] [-'મિત્ર'

-[૭]-

સાંભળીને એમ તું જો ચાર સંભળાવી શકે?
તોજ તુજને આ જગતમાં જીવવું ફાવી શકે
પ્રગતિ મારી કદી ભાવી તને ભાવી શકે?
તો તું મારા માર્ગમાં આડે નહિ આવી શકે
જીવતા લાખો કફનમાં ને જીવન આદર્શ છે,
જે જીવન 'જીવી' જીવનો મર્મ સમજાવી શકે
હે યુવક નેતાગીરી કઇ એમ ખાવાના નથી?
છે એ લોઢાના ચણા જે નીરલા ચાવી શકે
તુજ નજર સામે ભલે તુજ ઘરને તું જોયા કરે!
દીપ સળગે ને પતંગોને ન સળગાવી શકે?
હિંદીઓ ભેગા મળી એક તન થઈ એક મન થઇ
ફૂંક મારે તો પવન પૃથ્વીનો પલટાવી શકે?
છે પરાધીનતાનું તાળું જ્યાંસુધી તુજ મુખ પરે,
શી રીતે મનનું કથન તું ઓઠ પર લાવી શકે
એ મરણ શુનસુનનું ત્યારે રંગ કંઈ લાવી શકે?
જો કફનમાં ફુલના મૈયાદ દફનાવી શકે
ઉતરી આકાશથી ભગવાન આવે તોયે શું?
ના સમજવું હોય તેને કોણ સમજાવી શકે
રાજ્ય છે તારું જગતમાં રાજવી તારા ગુલામ,
રૂપ તારી સલ્તનતને કોણ ઉથલાવી શકે
તું તો બસ ધોળા ઉપર કાળું કરી જાણે **'ગની'**
કાવ્ય તે કહેવાય જે કંઇ નામ ચમકાવી શકે
સુરત] [-ગની

-[૮]-

કલ્પનામાં કોઇની ના એ કદી આવી શકે,
કોણ સમજે ભેદ તારા, કોણ સમજાવી શકે?
આપના એકજ ઇશારે એમ તો સમજાવી દઉં
ના સમજવું હોય તેને કોણ સમજાવી શકે?
શર્મ આવે છે ગુનાહીને હવે તો હીંદમાં,
હિંદીઓને કોણ એની વાત સમજાવી શકે?
છે વતનનું નામ પણ બદનામ કોમીવાદથી
કોણ એ બીમારીને ભારતથી છોડાવી શકે?
નામની પરવા ન કર તારા વતનનું કામ કર
મોતની દરકાર શું? જ્યારે બને આવી શકે
તારૂં મન જીતી વતનની નાવનું સુકાન લે,
તોજ તારી નાવ સાગર પાર તું લાવી શકે
વીર તું શુરવીર તું, તદબીર તું, તકદીર તું,
તું લખેલા લેખ પણ કિસ્મતના પલટાવી શકે
મોત તારા હાથમાં તોફાન તારા સાથમાં
નિકળે એવા હાલમાં તો કોણ અટકાવી શકે,
હિંદુ મુસ્લિમ એક થઇ જો હિંદમાં રહેશે 'કરીમ'
કોની તાકત છે પછી એ દેશમાં આવી શકે!
સુરત] [-'કરીમ'

-[૯]-

તુ યુવક છે વાત એ જો ધ્યાનમા લાવી શકે,
તોજ આ તારી વિપદનો અત કઈ આવી શકે
હાકથી તારી યુવક તુ ધરતી ધ્રુજાવી શકે,
તુ ગ્રહોની ગતિ પણ ગતિ આકાશે થભાવી શકે
શૌર્ય જે તારામા છે જો એને પ્રગટાવી શકે,
વૃદ્ધની રગમા યુવકનુ જોમ તુ લાવી શકે
તુ જો ધારે તો જગતનુ તત્ર ઉથલાવી શકે,
તુ જો ધારે તો નવી સૃષ્ટિએ સર્જાવી શકે
રોકીને બેઠા છે તારા ઉન્નતિના માર્ગ જે,
અત એવાઓનો તો પળમાજ તુ લાવી શકે
તારી નિર્બળતાથી તુ જેને પરાધીન દેશ છે,
તુ યુવક શાનો જો એનો અત ના લાવી શકે
ઉઠને થા તૈયાર મુક્તિ માર્ગમા દેવા બલી,
તુ નથી કઈ કામનો જો કામ ના આવી શકે
તુજ શો નિર્માલ્ય કા પેદા થયો મુજ દેશમા,
જે જીવન જીવતા ન જાણે તે શુ જીવડાવી શકે!
સર્વ સાખી લેવાની એ તારી વૃત્તિથી પલટ,
તુ જો પલ્ટે તો બધાનુ બાજી પલ્ટાવી શકે
તેજ જીવનમા જીવન છે જે કામ આવે દેશના
તેજ યુવકમા યુવક જે દેશ દીપાવી શકે
બુદ્ધિવાળાને ઇશારો કાફી છે મારો 'હબીબ'
ના સમજનુ હોય તેને કોણ સમજાવી શકે
સુરત] [-'મસ્ત હબીબ'

-[૧૦]-

ચેન મુજને તુજ વિના કેવી તરહ આવી શકે,
તુજ વિના મારા હૃદયને કોણ સમજાવી શકે
આખથી અશ્રુ નિકળવાનુ કહેણ છે દુ:ખ વિના,
કોણ તારા તોડીને આકાશથી લાવી શકે
કેમ આ મારા હૃદયને હુ ન આપુ ધન્યવાદ
એજ છે જે તારી નિર્દયતાને અપનાવી શકે
ખાસડાનો માર સમજાવે તો સમજાવે કદાચ
ના સમજનુ હોય તેને કોણ સમજાવી શકે
ગત દિવસ મારૂ દિન તેની કરે છે શોધખોળ
મુજને તારા રૂપના જે રાગ સભળાવી શકે
જાણી જોઇને બને નાદાન તેનો શો ઉપાય
ના સમજનુ હોય તેને કોણ સમજાવી શકે
એવો માણસ મેઇ 'એકસ' જગમા દેખાતો નથી
દુશ્મનોથી તેના ભોળા દિલને પલટાવી શકે
સુરત] [-'એકસ'

-[૧૧]-

કોણ છે આ જગ મહીં જે જગને ગભરાવી શકે?
કયા ગયુ તે રૂપ જે પુષ્પોને શરમાવી શકે
ઝિન્દગી રઅદા કિનારીમા ગુજારી હોય તો,
કેમ કો વિશ્રામ તારી વાત પર લાવી શકે?
બે-સમજ હોએ તો તેને સહેલ છે સમજાવવુ
ના સમજનુ હોય તેને કોણ સમજાવી શકે?
આજ મુશ્કિલ થઇ પડી છે શાએરોને શાએરી,
ખાઇને ચોખા કડાના શુ વિચાર આવી શકે?
જાવો દિન કુરબાન કરવાનેય હુ તૈયાર છુ,
મુજ હૃદયમા તે અગર મેહમા બની આવી શકે!
બે સમજ તુ ના સમજ મુજ દિલને નાદાન સમજ,
વાત કઈ એવી છે જેને એ ન સમજાવી શકે?
કોઈ પણ હે 'શાદ' તુજને યાદ તો કરતો હશે,
એ સમસ કઈ હિચકીઓ પણ હિજમા આવી શકે!
સુરત] [-'શાદ' હાસોટી

-[૧૨]-

જોઇએ શ્રીમાનને એવી હવે તો શ્રીમતી
ઘરના બદલે નૃત્યથી જે સ્ટેજ શોભાવી શકે!
લાશ આશિકની પડી છે દિલરૂબાના આગણે
મોવવારીમા પરતુ કોણ દફનાવી શકે!
ખાસડા પડયા મુસોલીનીના ઉપર યુધ્ધમા
ભાગમા લખ્યા તે હિટલર કયાથી પલટાવી શકે!
નાસ્તામા રેડીયો પ્રોગ્રામ એના જોઇએ,
વાસી તાજા ગપ્પાજ રૂટરના સભળાવી શકે!
જેઓ પરદેશી રિવાજોના છે હે 'આસી' ગુલામ
તેઓ આઝાદીને કેવી રીતે અપનાવી શકે?
સુરત] [-'આસી'

-[૧૩]-

કામ તારા જો યુવક અજામ એનો જો યુવક,
દર્પણે તારીજ સુરત તુજને શરમાવી શકે!
હાથ પર તુ હાથ નાખી કેમ કાયર થઇ ગયો,
તુ અગર ધારે તો જય જયકાર બોલાવી શકે!
તુ અગર શ્રીમત છે તો સૌથી પહેલા શીખ એ,
રકના તુટેલા હૈયા કેમ હરખાવી શકે।
તુ તજી કાળી પ્રથા થૈ જા મહાયક રકનો
કામ કર કર લહદમા દીપ પ્રગટાવી શકે।
સુજ હૃદય ઉત્સુક હતુ પણ વ્યગમા તેઓ વ'ચ્યા,
ના સમજવુ હોય તેને કોણ સમજાવી શકે!
-યુસુફ] [નાની નરોલી

-[૧૪]-

દશ દે તે રૂપના જે દિલને તડપાવી શકે,
આપ મુજને તે હૃદય જે પ્રેમ અપનાવી શકે
આપ એટલુ કામ જો આપી શકે માફી તો આપ,
જે હૃદયની શાત ઉર્મિયોને ડોલાવી શકે
હુ ગઝલ તેનેજ સમજુ છુ ગઝલ પણ તેજ છે,
જોત જોતા જે સભાને રગમા લાવી શકે
હુ તો શુ દુન્યા આખીનુ વ્યર્થ છે સમજાવવુ,
ના સમજવુ હોય તેને કોણ સમજાવી શકે,
શી પ્રતમા હુ કરૂ એ 'લાલ' તુજથી રૂપની,
રૂપ તે જોયુ છે ના શબ્દમા આવી શકે
સુરત] [-'લાલ'

-[૧૫]-

બે-સુરાને સુરમા હા! કોણ ગવડાવી શકે?
તાર તુટયા દિલના એને કોણ મીલાવી શકે?
તીર છુટયા નૈનના એ કોણ ચૂકાવી શકે?
દદ વિણ દિલને અહા! ક્યાથી મઝા આવી શકે?
રૂપિયા બોદા થયા પૈસા મહી કાણુ પડયુ!
રૂપનો ઉભી બજારે જોર અજમાવી શકે!
મોતને તુ માર પહેલા ને મરી જો તુ પછી,
તુજ શહીદી પથરોમા પ્રાણ રેલાવી શકે
સુરત] -બળદેવ મોલીયા]

-[૧૬]-

અન્યોઅન્ય લીડરો વિચાર અથડાવી શકે,
માન ને મોટાઈ લેવા દેશ સળગાવી શકે,
દેશના બધનને સાધીને સધાવી શકે,
જે ન સમજે તે અવરને કેમ સમજાવી શકે
શોધકો સાહસ કરીને શોધ દર્શાવી શકે,
પણ જીવનના ભેદ તો મર્મજ્ઞ સમજાવી શકે,
પૂણ્ય જ્યા પુરૂ થયુ ત્યા કોઈ ના ફાવી શકે,
ના સમજે તે કો 'રમણ' શી રીત સમજાવી શકે
સુરત] [-રમણ દવે

પાદ-પુર્તિ

આવીયા આ જગ વિષે સત પયગમ્બર ઘણા,
ને જીવનભર બોધ આપી સ્વગપથે સચર્યા,
તોય બદમાશી અને પાપો ભર્યા દુન્યા વિષે,
ના સમજવુ હોય તેને કોણ સમજાવી શકે?
સુરત] [-ઇશ્વર વીમાવાળા

હિન્દુ-મુસ્લિમ કૌમ બે ભારત જનેતા બેઉની,
બેઉમા વિખવાદ થાના દુર્દૈવની વચ્ચે ઝડી,
વિનાશને અપનાવીને નીજ નાશને એ નોતરે,
ના સમજવુ હોય તેને કોણ સમજાવી શકે?
સુરત] [-જયમનગૌરી પાઠક

હાડપિંજર હિંદમા જ્યા ત્યા નજરે નજરે પડે,
ભાગ્ય યોગે મૃત્યુ પવે માનતા છે આયડે,
સત્ય અહિંસા મત સુજન અબૂઝ ઉર સ્પર્શી શકે,
ના સમજવુ હોય તેને કોણ સમજાવી શકે?
સુરત] [-પદ્માવતી દેનાઇ

ચક્ષુ છતાં સૂઝે નહિ અક્ષ છતાં પણ આથડે,
દિવો લઈ આગળ ધરે પણ આઈના નજરે પડે,
બુદ્ધિ બને વિપરીત તો ના કોઈનું સુણવું ગમે,
ના સમજતું હોય તેને કોણ સમજાવી શકે?
સુરત] [-વનલીલા ભટ્ટ

શોધું હું તુજને ખરે સાગર તરંગોની મહીં,
શોધું હું તુજને મધુરા પુષ્પો રંગોની મહીં,
તુજને કલ્પું હું કદિ બાળક રૂપે મૃદુબાળમાં,
માનું હું તુજને સદા શક્તિ રૂપે મૌ પ્રાણમાં
મુજ હૃદયના મંથનો હું કેમ સમજાવું તને
ના સમજતું હોય તેને કોણ સમજાવી શકે?
સુરત] ભદ્રિકા મહેતા]

બાપુ કહે છે હિંદને ના રાખશો અસ્પૃસ્યતા,
ભાઈ બ્હેનો છો સહુ લડશો નહિ અન્યોન્યમાં
હિંદુ-મુસ્લિમ એક છો જો દેશ સહુનો એક છે
ના સમજતું હોય તેને કોણ સમજાવી શકે?
-રજની પાઠકજી] [સુરત

ઇસ્લામ પ્રચાર

લેખક તાજ' [રાઈગ]

(ગતાંકથી ચાલુ)

કાશ્મીર —કાશ્મીરમા ઇસ્લામ ચૌદમા સૈકામા શરૂ થયો મસાનના એક બુઝુર્ગ શાહ મીરઝા ઇ સ ૧૩૧૫મા કાશ્મીરના રાજા જયદેવસીંગની નોકરીમા જોડાયા જ્યારે સગ દેવને એક તીમનીએ હાર આપીને પોતે રાજા બની બેસી તો એણે શાહ મીરઝાના હાથે ઇસ્લા મનો સ્વીકાર કર્યો તેના મરણ પછી દેશમા પાછા બખેડા થવા લાગ્યા છેવટે ઇ સ ૧૩૪૯મા શાહ મીરઝા મૌલેમ પોતે શમસુદ્દીન શાહ નામ ધારણ કરી ગાદીએ બેઠા[1] ફેરીશ્તા હિસ્ટરીના કર્તા લખે છે કે "નવા શાહે પોતાના અખત્યારમા સમજુ બુદ્ધિને અને ઘણીત રીતે વાપર્યા કાશ્મીરના હિંદુ રાજાઓ ઘણા જુલમી હતા તેમની પોલીસી એજ હતી કે રૈયત પાસે દાળરોટી સિવાય કઇ રહેવા ન પામે નવા શાહની હુકમત બીમકન નિયમો મુજબ હતી એમણે જેટલા અનૈચ્છિક અને અન્યાયી ટેક્ષો રદ કર્યા ને તેને વસુલ કરવાની જુલ્મી રીત બધ કરી ને મજુરી આવક પેદાશનો ⅙ ભાગ નક્કી કર્યો[1]

એજ સદીના અંતમા અમીરે કબીર સૈયદ અલી હમદાની ઈરાનથી કાશ્મીર પધાર્યા આપ એક મહાન બુઝુર્ગ અને આલિમ હતા હિંદના મુસલમાનોના આત્મિક ઇતિહાસમા એમનુ સ્થાન ઘણુજ મહત્વનુ હતુ આપ હિજરી ૭૧૪ના રજબ માસની બારમી તારીખે એટલે ૨૧ ઓકટોબર ૧૩૧૪મા હમદાનમા પેદા થયા હતા વરસો સુધી ઇસ્લામી દેશોમા ફર્યા કહે વાય છે કે આપે ચૌદમા ઓલિયાઓની સોહેબી મુલાકાત લીધી હતી હિજરી સન ૭૮૧ એટલે ઈ સ ૧૩૭૯ માટે આપ હમદાન છોડી સાતમા સૈયદોની સાથે કાશ્મીર આવ્યા હતા એ વખતે કાશ્મીરના સુલતાન કુતુબુદ્દીને આપની સાથે ઘણ માન ભર્યું વર્તન રાખ્યુ હતુ પોતે અને પોતાના સાથીઓએ ગણાજ પુરજોશથી ઇસ્લામ પ્રચા રનુ કાર્ય શરૂ કર્યું આપે અનેક પુસ્તકો પણ લખ્યા છે જેવા કે 'મઝમઉલ-ખલફીમ' શબ્દે અમસાએ હમની' 'ઝખીરતુલ મલુક', 'શરહે ફુસુલુલ હુકમ', 'મીરાતુલ તાએબીન' વગેરે વગેરે આપ અને આપના સાથીઓના પ્રય ત્નોથી કાશ્મીરમા ઇસ્લામનો પાયો મજબુત બન્યો આપની વફાત ઈ સ ૧૩૮૪મા થઈ એ સમયે આપની ઉંમર ૭૦ વરસની હતી

હઝરત સૈયદ અલી હમદાની (રહ)ની વફાત પછી થોડાજ વરસે સુલતાન સિકંદર ગાદી પર આવ્યો એનો વઝીર સીંહા ભટ હતો એનો ૩ નખ જતા કેમ્બ્રીજ હીસ્ટ્રીનો ના લખે છે કે તે સમા નવા ધર્મ માટે ઘણો ઉત્સાહ હતો કાશ્મીરી બ્રાહ્મણોમા એ વખતે અણુઇચ્છી પણે પણ સતી થવાનો રીવાજ હતો નવા મુસ્લિમ વઝીરને એ વાત રૂચતી ન હતી જેથી

---

૧ "કેમ્બ્રીજ હિસ્ટરી' ભાગ બીજો પાના નબર-૨૭૭

૨ જુઓ ઉતમાએ હિંદ આનોલ્ડે ઈ સ ૧૯૮૮મા લખ્યુ છે કે હિંદીઓ ૭૦ની લગ ભગ છે

એ પ્રથા નાબૂદ કરવા માટે એણે ઇસ્લામનો પ્રચાર કર્યો' કહેવાય છે કે સુલતાન સિકંદરના સમયમાં કેટલાક મંદિરો તોડી નાખવામાં આવ્યા અને હિંદુઓ સાથે સખ્તાઈ પણ થઈ સુલતાન સિકંદરની વફાત પછી ચાર વર્ષે સુલતાન ઝૈનુલ આબેદીન ગાદીએ આવ્યો જેણે સુલતાન સિકંદર અને સીહા ભટની નિતિને વેગળી મૂકી અને જે લોકો હિજરત કરી ગયા હતા તેમને પાછા તેડયા અને પોતાના ધર્મ પ્રમાણે વર્તવાની પ્રત્યેકને છૂટ આપી એટલે સુધી કે સતીના રિવાજને પણ માન્ય રાખ્યો સુલતાન ઝૈનુલ આબેદીનને કાશ્મીરનો અકબર કહેવામાં આવે છે કે એની હકીકતથી એ વાત સાફ જણાય છે કે એ કામેલીયત અને નિતિમાં મુગલ બાદશાહોથી પણ આગળ હતો કેમ્બ્રીજ હીસ્ટરી લખે છે કે જે લોકોએ સુલતાન સિકંદરની ધાકથી ઈસ્લામ કબુલ કર્યો હતો તેમણે ઝૈનુલ આબેદીનના સમયમાં પોતાનો અસલ ધર્મ અંગીકાર કર્યો એ વાત તો સિદ્ધ છે કે સુલતાન સિકંદરના પહેલા અને સુલતાન ઝૈનુલ આબેદીન પછી કાશ્મીરમાં જેટલા મુસલમાન પાદશાહ થઈ ગયા છે તે સર્વે હિંદુ મુસલમાનોને એકી નજરે નિહાળતા હતા

ઇસ્લામ પ્રચાર—જેવી રીતે હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં ઇસ્લામ પ્રચાર થયો તેનું સંક્ષિપ્ત વર્ણન અમે આગળ કરી ગયા છીએ પરંતુ કેટલાક યુરોપીયન અને અમેરિકન લેખકો કે જેઓ વેરભાવથી આલેખે છે કે 'હિંદુસ્તાનમાં ઈસ્લામ પ્રચાર મુસલમાન પાદશાહોએ તલવારના જોર વડે કર્યો' ડોકટર ટાઈટસે પણ એ વાતનો ઉલ્લેખ કર્યો છે પરંતુ એમના માટે એજ જવાબ બસ છે કે દેહલી આગ્રા લખનૌ, અહમદનગર અને અમદાવાદની આજુબાજુ જ્યાં વરસો સુધી ઇસ્લામી હુકુમત કાયમ રહી હતી આજે પણ ત્યાં મુસલમાનોની વસ્તી સેંકડે ૧૦-૧૫ ટકાથી વધુ નથી જો મુસલમાન પાદશાહોએ તલવારના બળે ઇસ્લામ પ્રચાર કર્યો હોત તો એ વિભાગોમાં સૌથી વધુ વસતી મુસલમાનોની જ હોત હિંદુસ્તાનમાં મુસલમાનોની બહુમતી બે વિભાગોમાં છે એક વાયવ્ય કોણમાં એટલે સરહદ પ્રાંત કાશ્મીર અને પંજાબ તેમજ સિંધમાં અને બીજુ અગ્નિ કોણમાં એટલે બંગાળ અને આસામમાં બે કરોડ જેટલી વસ્તી વાયવ્ય કોણમાં અને પોણા ત્રણ કરોડ જેટલી વસ્તી અગ્નિ કોણમાં છે વાયવ્ય કોણની બહુમતી વિષે ઉલ્લેખ કરતા મી૦ વાગન એસકિન્સ્ટન જસ્ટીસ મસાસ એ રોકરી કન્નમ મસાસ મા બાણુ કરના સૂચવ્યું હતું કે સરહદ પ્રાંત અને પંજાબમાં મુસલમાનોની બહુમતીનું મુખ્ય કારણ ઘણું કરીને છે કે એ પ્રાંતો મુસ્લિમ દેશોની નજીક આવેલા છે અને સૌથી પ્રથમ મુસલમાનો અહિં આવ્યા અને વસ્યા અગ્નિ કોણ વિષે ઉલ્લેખ કરે છે કે—

બંગાળમાં મુસ્લિમ બહુમતીનું શું કારણ? ખરેખર એ ઇસ્લામી હુકુમતનું પરિણામ નથી અગર જો એમજ હોત તો સંયુક્ત પ્રાંત અને દહેલી કે જે ઈસ્લામી હુકુમતનું કેન્દ્ર રહ્યું છે ત્યાં મુસલમાનોની બહુમતી હોવી જોઈતી હતી બંગાળના મુસલમાનોની બહુમતી છે એનો સંબંધ ઈસ્લામી વિજયો કે ઈસ્લામી હુકુમત સાથે કોઈપણ જાતનો નથી એ કેવળ એક કુદરતી બનાવ હતો અને તે પણ બ્રિટિશ રાજ્યમાં અલ્પ સમયમાં ઉત્પન્ન થયો ઈ. સ. ૧૮૭૧માં મુસલમાનો બંગાળની કુલ વસ્તીના ૭૫ ટકા જેટલા હતા ને હિંદુઓ ૪૩ ટકા જેટલા હતા ૧૮૮૧માં જ્યારે પહેલી વસ્તી ગણત્રી થઈ ત્યારે મુસલમાનો ૪-૭ ટકા અને હિંદુઓ ૪૮ ૮ ટકા હતા એ ઉપરથી

સમજી શકાય છે કે ઇ. સ. ૧૮૭૧મા હિંદુઓ કુલ વસ્તીના ૫૦ ટકાથી ઉપરાંત હશે અને અંગ્રેજોની હુકુમતના જમાનામા સાચેજ એમનુ પ્રમાણ બહુમતિમા હશે' બંગાળના વસ્તી ગણત્રી ખાતાના સુપ્રિન્ટેન્ડન્ટ લખે છે કે "બંગાળના હિંદુઓ પોતાની અંતિમ સંખ્યા સુધી પહોંચી રહ્યા છે, ને ઘણીજ ત્વરાએ એમના પ્રમાણ ઓછુ થતુ જશે, ને એથી હિંદુ મુસલમાન વસ્તીનુ પ્રમાણ વધતુ જશે'

જો ધ્યાનપૂર્વક જોવામા આવે તો મુસલમાનોના પ્રચારના અગત્યના કારણો ઇસ્લામ પ્રચાર અને બીજા કારણોથી પણ અધિક કુદરતી મહત્વનો હતો જે બંગાળ અને આસામા જોવા દેખાઇ આવતા ઇમ્પીરીયલ ગેઝેટમા એ બાબત પર ખાસ ઉલ્લેખ કરવામા આવ્યો છે કે ખાસ કરીને ઇસ્લામ લોકના ધર્મ પરિવર્તનથી જેટલો ફેલાયો નથી તેટલો કુદરતી રીતે ફેલાયો છે પૂર્વ બંગાળમા છેલ્લા ૨૦ વરસમા મુસલમાનોની વસ્તી એંસી લાખથી વધીને એક કરોડ માંડાસાગ લાખની થઇ ગઈ મુસલમાનોની બહુમતી થવાનુ એક ખાસ કારણ તો એ છે કે એ બીજી કોમો કરતા ઘણીજ સારી રીતે ખરાબ આબોહવાનો મુકાબલો કરી શકે છે મુસલમાનો માંસાહારી છે ને તેઓ પોતાના પડોસી હિંદુઓ કરતા સરખામણીમા વધુ શક્તિમાન ખોરાક ખાય છે ઇસ્લામ વિધવા વિવાહનો હામી અને બાળ લગ્નનો વિરોધી છે જેનુ પરિણામ એ આવ્યુ કે એની વસ્તી વધતી ગઈ અને એની ઉમર લંબાઇ ગઈ કહે છે કે જોર જુલમથી મુસલમાનો કરવામા આવ્યા છે એનો જવાબ એ પણ છે કે પહેલા મુસલમાન પાદશાહો કે જેમની હાલત એટલી બધી મજબુત ન હતી કે તેઓ પોતાનો ધર્મ પ્રચાર કરી શકે શરૂઆતમા મોગલ પાદશાહો પણ ધાર્મિક બાબતોમાં દખલ કરતા ન હતા તેઓ પોતાની લડાયક અને રાજ્ય પ્રવૃતિમા એટલા બધા લીન હતા કે તેઓ ધર્મ પ્રચાર તરફ સારી રીતે લક્ષ પણ આપી શકયા નથી એમની હુકુમત ઘણેખરે ભાગે રજપુત યોદ્ધાના સબંધને આભારી હતી અને તે રાજપુત કુમારીઓથી કે જેમનાથી એમને લગ્ન સબંધ જોડયો હતો શાહી ખાનદાનમા આવ્યા પછી એમણે હિંદુ સસ્કૃતિ અપનાવી અને હિંદુ ધર્મને માટે અનેક છૂટછાટો વધારે આપી"

એ કુદરતી કારણો સિવાય ઇસ્લામ પ્રચારનુ અગત્યનુ કારણ ઇસ્લામનો ભાઇચારો હતો જે ખાસ કરીને નીચ જાતો માટે આઝાદી અને

તેનો પયગામ હતો અને એ મબધમા અમે બગાળ મબધી આંગ્લડના વિચારો ટાકીએ છીએ કે "નીચ જાતોની તે વ્યક્તિઓની એક યાદી બનાવવામા આવે કે જે ઇસ્લામ અગીકાર કર્યા પછી મૈન્યદ મન્દાર યા સુબાઓના હાકિમ થયા, કે જેમની મૂળ જાત ફારસી કિતાબો અને નામોમા છપાઇ ગઇ છે, તો એ જોનાથી ઇસ્લામ પ્રચારનુ ખાસ કારણ સમજી શકાશે"

હિંદુસ્તાન પર ઇસ્લામની અસર — ખિલજી ખાનદાનના વખતમા ઇસ્લામી હુકુમત આખા હિંદુસ્તાનમા કાયમ થઇ ચૂકી હતી ઉપરાંત પ્રચારકો અને મશાઇખો પણ હિંદના ખૂણે ખૂણે પહોચી ગયા હતા અને તે કાર્ય આરભાઇ ચૂક્યુ હતુ કે જેનાથી આજે હિંદની વસ્તીનો એક મોટો ભાગ મુસલમાન છે હિંદમા મુસલમાનો આવ્યા પછી ધાર્મિક, સામાજિક, અને ગજદ્દારી ફેરફારો થયા એનુ વાચન ઘણુજ મુફીદ અને અગત્યનુ છે પરતુ અત્રે એ વાતનો ઉલ્લેખ કરવાની ગુજાઇશ નથી એની કેટલીક બાજુઓ ઉપર ડૉક્ટર તારાચદે એક પુસ્તક અને પ્રોફેસર ટામસે એક મક્ષિપ્ત પત્રીકા લખી છે સર જદૂનાથ સરકારે પણ ઇસ્લામી અસરનો ઉલ્લેખ એક લેકચરમા કર્યો છે જેમા તેઓએ કહ્યુ હતુ કે—"મુસલમાનોના આગમન ને ઇસ્લામી હુકુમતના સ્થાપનથી હિંદને નીચેના ફાયદાઓ થયા છે—

(૧) બહારની દુન્યાથી સબધ ને નૌકાસૈન્ય દરિયાઈ વેપાર કે જે સોનાર ગજાઓના સમયમા અધોગતિમા આવી ગયો હતો, ઉન્નતિમા આવ્યો

(૨) હિંદના મોટા મોટા ભાગોમા અને ખાસ કરીને વિધ્યાચળના ઉત્તરાર્ધમા શાતી સ્થપાઈ

(૩) એકજ પ્રકારનુ ધારાધોરણ હોવાથી મમવ્યવસ્થા થઇ

(૪) ઉચ્ચ પ્રકારની તમામ નોકરીઓમા, તથા લશ્કરીમા ને પોશાકમા મળતાપણુ આવ્યુ

(૫) હિંદુ ઇસ્લામી આર્ટમા હિંદુસ્તાની અને ચીની કોતરકામના નમુના શામિલ થઇ ગયા મકાનોના બાધકામમા નવી રીતભાત આવી ઉચ્ચ પ્રકારના ઉદ્યોગોમા ઉન્નતિ આવી જેવા કે શાળ વણાટ, મલમલ અને કાલીન વણાટ વગેરે

(૬) એક મુ'કી ભાષા કે જેને ઉર્દૂ કે હિંદુસ્તાની કહે છે વજુદમા આવી, સાદગી લેખન વ્યવહાર કે જેની પ્રથા હાલમાં આલેખનાર હિંદુ મુનશીઓએ કરી

(૭) દેહલીના પાદશાહોના તાબામા શાતી અને આર્થિક ઉન્નતિને કારણે પ્રાતિક સાહિત્યનો આરભ થયો

(૮) તૌહીદનો આરભ અને તમવ્વુફની ઉન્નતિ

(૯) ઇતિહાસીક પુસ્તકો

(૧૦) મુદ્દ્કળા અને લોકોની સસ્કૃતિમા ઉન્નતિ (સપૂર્ણ)

[આવતા અકથી 'ઇસ્લામ પ્રણેતાઓ'નો લેખ શરૂ થશે —તત્રી]

આધાર

શાકિર ઉનીઆ.

જીવનમા કોઇ જાતના આધાર માટે એ વલખા મારતી, અને એ કહ્યા કરતી "આધાર વિના જીવી રહેલો કયો માનવી સુંદર દેખાય છે, માનવીએ ઉભા કરેલી કઇ ઇમારતો આધાર વિના સુંદર રહી છે, માનવાએ રચેલી કઈ ફિલસુફી અગર પ્રકૃતિ આધાર વિના જગતને આકર્ષિત લાગી છે" મને લાગતુ કે સરયુ ભલી છે એટલે એને આધાર વિના ચાલી શકે નહિ એ ખરૂં છે પરંતુ ઉપર જણાવેલી એની ફિલસુફી માનવા હુ તૈયાર નથી મ્હારી પાસે એકજ જવાબ હતો હુ એને પુછતો "જગતમા આધાર વગરના આકાશ કરતા બીજી વધુ સુંદર વસ્તુ કઈ છે?" એના જવાબમા એ ક્હેતી 'માનવીના પુન્યના કામો, જે જગતની નરી આંખે નથી દેખાતા, એ આકાશના સ્તંભો છે જ્યારે માનવી પાસે પાપ સિવાય બીજુ કશુંજ નહિ હશે ત્યારે એ આકાશ તૂટી પડશે"

આમ મ્હારી અને સરયુની વચ્ચે 'આધાર' ઉપર ઘણી વાર ચર્ચા ચાલતી એને આધાર વગર જીવન શુષ્ક લાગતુ—હુ આધાર વગરના જીવનમા માનતો એ માનતી પ્રેમ અને એવીજ બીજી ઘણી ખરી લાગણીઓ માનવીના આધાર સમાન છે હુ માનુ છુ કે એ માનવી માટે આધાર નથી પરંતુ જીવનને આગળ ધપાવવામા માત્ર મદદરૂપ છે, અને બસ, એ ખરૂ છે કે લાગણી શુન્ય માનવી જ્યાનો ત્યાજ રહે છે પણ એ જીવે છે જરૂર વળી જગતમા વસેલા પ્રાણીઓમા કઈ ભાવના કે લાગણી તેમના જીવનનો આધાર છે? માનવી માટે આધાર માત્ર તેના કૃત્યો, નહિ કે તેની ભાવના અને તે વિના પણ જીવન સલામત નથી એવુ માનવાને કોઇ કારણ આપણી પાસે નથી

અમારા વિચારો ગમે તેવા હોય પણ સરયુ મ્હારામા કવિતા જોતી અને મ્હને તેનામા કવિતા જડતી એના બોલવામા મીઠાસ હતી, એના દરેક હલનચલનમાથી કવિતા ઝરતી એ વિણા બહુ સુંદર રીતે વગાડતી એક દિવસે મે એને કહ્યુ "વિણામા જીવન છે એમ તુ માને ખરી?" એણે જવાબ વાળ્યો "આધાર વિનાનુ જીવન" મ્હે એને સવાલ કર્યો "વિણાનો આધાર કોણ?" એણે કહ્યુ "હુ જે કોઈ વગાડે તે"

ઉપલા બનાવ પછી સરયુના લગ્ન થઈ ગયા મ્હારી મિત્રતા પહેલા જેવીજ હતી એ મ્હારે ત્યા આવતી, અને હુ એને ત્યા જતો એક દિવસ એ મ્હારે ત્યા આવી અહીં તહીંની વાત કર્યા પછી મે પૂછ્યુ "સરયુ, આજકાલ ત્હને જીવન ઘણુંજ સુંદર લાગે છે' એણે જવાબ વાળ્યો "આધાર શોધ્યો એટલે બધુ ઠીક થઇ રહેશે" મને લાગ્યુ કે સરયુ હજી પણ એની ફિલસુફી ભૂલતી નથી, એટલે મ્હે પૂછ્યુ "મ્હારે માટે તુ કયો આધાર સૂચવે છે?" જવાબમા એણે કહ્યુ "જીવનની એકાદ કળાને ખીલવો, જીવનની એકાદ સુવાસને હવામા વહેતી મૂકો જીવનને જગતના એકાદ રંગથી રંગી નાખો" આજે કોણ જાણે કેમ મને સરયુના બોલવા ઉપર વિશ્વાસ બેસતો હોય એમ લાગ્યુ, મે કહ્યુ "ત્યારે તુ મને વિણા શિખવ" સરયુ ખુશ થઈ ગઈ અને થોડાજ મહીનામા મને સુંદર વિણા વગાડતા આવડી ગયુ, મ્હને વિણાની ઘેલછા લાગી ગઇ હોય તેમ વિણા વગર ગમતુ નહિ

હુ અને સરયુ એક સાંજે ફરવા નીકળ્યા વાનર મેદની જ્યા જામી હતી બરોબર ત્યાજ એક અંધ ફકીર વિણા વગાડી ભીખ માગતો

હતો મે સંગુને કહ્યુ "જીવનની એકાદ સુવાસને વેહતી મૂકનાર, આ અંધ ફકીરને જો તને નથી લાગતુ કે એના અધાપા સિવાય આજે એનો કોઈ પણ આધાર નથી!' સન્યુએ મ્હારી ભૂલ સુધારવા પ્રયત્ન કર્યો અને બોલી

"એના અધાપાએ એને વિણાનો આધાર અને એણે માનવતા સમક્ષ પોતાને નિરાધાર બતાવવાનો પ્રયત્ન આદર્યો એમ કરી એણે એના અધાપા અને વિણા બન્નેને છેતર્યા " મે કહ્યુ ' સરસ, બરાબર એજ રીતે કોઇ પણ જાતના આધાર ઉપર જીવી રહેનાર માનવી પોતાને તેમજ જેના ઉપર એનો આધાર હોય તેને પણ એ છેતરે છે સસ્કૃતિ અને ફિલસુફી ઉપર રચાએલો માનવ સમાજ મેને મેને નથી છેતરતો ગરીબોના લોહીના આધાર ઉપર જીવી રહેલો સમાજ કોને કોને નથી છેતરતો! ગરીબોના લોહીના આધાર ઉપર જીવી હેના સમાજના એક ભાગને આપણામાથી ઘણાને છેતરવા પડે છે એ તુ નથી જાણતી વારૂ? વિણા શીખી મ્હે તને છેતરી અને આમ કરીને મ્હે મારી જાતને પણ ઠગી છે ત્હારી સગીત કળા, ત્હારી કવિતા અને ત્હારી વાણીના આધારે મે અને તને ઠગ્યા છે એમ માન વામા મને કશો વાધો નથી ' સન્યુ કંઇ બોલી નહિ-બોલી શકી નહિ

'આધાર' એટલે ઠગારા! કોઇપણ જાતના આધાર ઉપર જીવી રહેનાર માનવી એટલે ઠગાઇનુ રૂપ! પ્રાણીઓ આધાર વિના જીવે છે એટલે એ ઠગારા નથી સંપૂર્ણ

નમાવી-પ્રેમ આસન પર!

(સંયુક્ત—કાવ્ય)

જીવન-વેલી પ્રફુલ્લિત છે અરે! તુજ આશ્વાસન પર,
અણવિકસી ઉર્મિયો વિકસી પડે છે તારા વર્ણન પર
તુ આવીને ઘડીભર બેસ મારા ઊર સિંહાસન પર,
તો અરમાનો ભરી આશાઓ વારૂ તારા યૌવન પર
હૃદયની આંખડીના અશ્રુઓ નિરખી શકે તો જો,
શુ મીંટો માંડીને બેઠા છે મિથ્યા મારા લોચન પર
પ્રણય-ગૌરવથી ઉંચા મસ્તકે ફરજે જગતમા તુ,
તો દેશે રૂપ ખુદ મસ્તક નમાવી પ્રેમ આસન પર
તમે રૂઠી ગયા, તૂટી ગયુ દિલ, આંખડી છલકી,
હજારો આફતો ઉતરી પડી એક મારા જીવન પર
વિરહની વેદના, દુઃખ બળતરા દિલમાંજ રહેવા દે,
મિલન આશા નિવારી દે છે એના કેમ દર્શન પર.
પપીહાથી ધગશ પુષ્કળ ધરાવુ છુ હું અંતરમા,
વિયોગીને વ્યથાઓ સાંભરે છે મારા ગાયન પર
છે મારી રૂપ-ભક્તિમા અલૌકિક પ્રેમની શક્તિ,
પછી કાં અન્યની ભક્તિ કરૂ બોધકના સૂચન પર
ઘણી કૃપા કરી તો એક વધૂ ઉપકાર આ પણ કર,
કદી એકાદ ઠોકર દે લગાવી મારા મદફન પર
નયન ત્યાં નીર છલકાવી કરી દે છે મને દોષિત,
સરે છે એક એક બિંદુ બની જ્યાં હોય દામન પર
વીસરનારા કદી પણ હુ તને વિસરી નથી શકતો,
ચિરસ્થાયી છબી તુજ કોતરી રાખી છે મે મન પર
નિરાશા દૂર કો દી થઇ નથી મારા હૃદયથી તુ,
ખિઝાં મમ લૂંટવા આવી પડી છે આશ-ઉપવન પર
સળગતી ઝિંદગીમા પ્રેમની મે દિવ્યતા જોઇ,
જીવન ઉજળુ જગતમા રાખુ છુ હુ એજ સર્જન પર
ગુલોના રંગ પણ કંઇ જ્ઞાન વર્ધક હોય છે "બેખુદ",
રડે છે એટલે "બિસ્મિલ" અરે! તેના વિસર્જન પર

"બેખુદ"—"બિસ્મિલ" ધોરાજવી

રકીબનો પત્ર રકીબના નામે!

લેખક "નાશાદ"

તા ૧૭મી સફર ૧૩૬૨

અઝીઝી-ભાઈ અસ્લમ

ટુંકા અરસામાંથી બંધ થએલા આપણા પત્ર વહેવાર અને સલામ-કલામ પછી આજે તને આ આખરી પત્ર લખવા તૈયાર થયો છું આખરી પત્ર! ખરેખર આ છેલ્લો પત્રજ તને લખવાની હિમ્મત કરી રહ્યો છું તારી સાથના મીઠા અને કદાચ જિન્દગીભર યાદ રહે એવા સબંધો તૂટી ગયા પછી આજે કોણ જાણે કેમ તને પત્ર લખવાનું પણ મન થતું નથી કુદરતી રીતે ઇન્સાનની જિન્દગીમાં કેટલીક પળો અમર થઇ જાય છે તેવીજ રીતે આપણી જિંદગીમાં પણ એ અમર કિન્તુ કમનસીબ ઘડી હતી કે જ્યારે તારી અને મારી જિન્દગીમાં નર્ગિસ આવી ગઇ નર્ગિસ સાથે ત્હારી જૂની મિના ચારી હતી એની મને પાછળથી ખબર પડી નર્ગિસનું નમણું સૌન્દર્ય-એની ઉઘડતા ફૂલ જેવી જવાની-એની લચક-અને એનું મોહક અને માદક ડોલન હૃદયના ઉંડાણમાં સોંસરું ઉતરી જાય એવું હતું તું નર્ગિસની હર અદાને જાણે છે એટલે આ બધી વસ્તુઓ નકામી અને અર્થ વગરની છે નર્ગિસ સાથે તે મારો પ્રથમ પરિચય કરાવ્યો અને પહેલી મુલાકાત હૈયાને ડગમગાવી દેનારી સાબિત થઈ સ્ત્રીઓ તરફ હું કેવી દૃષ્ટિએ જોઉં છું એ તને ખબર છે પણ અહીં મને કબૂલ કરવા દે કે નર્ગિસના સમાગમ પછી મને મારો દૃષ્ટિકોણ બદલવો પડયો છે એ પછી તો નર્ગિસે ઉપરાઉપરી અનેક મુલાકાતો લીધી અને અસ્લમ! હું નથી કહી શકતો કે સામાં એવું શું આકર્ષણ હતું કે એ મારા તરફ અદ્ભુત રીતે આકર્ષાઈ હું એમ નથી કહેતો કે આ દોરમાં મને એના તરફ આકર્ષણ થયું ન હતું હું પણ ખેંચાયો હતો અને મને એમ લાગે છે કે નર્ગિસ મારા તરફ-મારા કરતા પણ વિશેષ વેગ અને ગતિથી ખેંચાઈ આવી હતી આમાં આ ખેંચાણ અને આકર્ષણની વિજળી તારા ઉપર તૂટી પડી હતી અને હું સમજી શકું છું કે તું ઘોર નિરાશામાં ડૂબી ગયો હશે નર્ગિસ સાથેની મારી પ્રથમ મુલાકાતને બાદ છએક માસ વિત્યા હશે આ છ માસના અરસામાં દરમિયાન આપણી બધાઓની જિંદગીમાં કેટલાં પરિવર્તન થઈ ગયા એ વિચારતાંજ હું ચમકી જાઉં છું મારા દિમાગમાં ઘૂમરીઓ પેદા થઇ જાય છે અને હૃદય પર નશ્તરો ફરી વળે છે તને એમ નથી લાગતું કે આ બધું શું થઈ ગયું? નર્ગિસે તને તરછોડી દીધો અને મારી હૃદય વીણાના સૂર સાથે તાર મિલાવી લીધા નર્ગિસ માટે તારા હૃદયના ગમે તેવા વિચારો હોય પણ હું એના સીનામાં ધબકતા હુંફાળા દિલની ધડકો અને ઉર્મિઓની ગરમી આજે પણ અનુભવી શકું છું આજે પણ એના શબ્દો ઉપરથી તને એમ લાગતું હશે કે હું આ બધું શું કહી રહ્યો છું? ખરેખર દોસ્ત! ન કહેવા જેવુંજ બધું આજે તને કહી રહ્યો છું મારા અને નર્ગિસના લગ્નમાં તું હાજર રહીજ ન શકે એ તારી પ્રકૃતિથી હું અજાણ નથી અમારા લગ્નને આજે લગભગ ત્રણ મહીના અને ચાર દિવસ થયા છે અને ભાઈ! આજે સવારે અમારા મકાનમાં નર્ગિસની [illegible] ફૂલેલા [illegible] ગયા છે!

તારી આંખો ફાટી પડતી હશે, અને તારૂ હૃદય ગભરાટ નીકળી પડતુ હશે મગર દોસ્ત! આ મારી હકીકત છે પરમ દિવસે રાત્રેજ મારી ગોદમા એણે મોતજ અચાનક એનુ હૃદય બંધ પડી ગયુ મને યાદ છે કે, એના હૃદયના બંધ પડતા અગાઉ મે એના સીનાને ટટોળી જોયુ હતુ અને મને એના હૃદયના ધબકારા ખુબજ વેગવાન લાગ્યા હતા, અને વેળી ક્ષણે નીંગળાઈ વળે એમ એ મને નીંગળાઈ ગઈ હતી એની ઝિન્દગીના ચિરાગનુ તેલ અચાનક ખતમ થઈ ગયુ નર્ગિસના મૃત્યુનુ આ હૃદય વિદારક અને હૃદયસ્પર્શી ટૂંકુ દૃશ્ય નાયક

ઝિન્દગીભર નહિ ભૂલી શકુ ભરી ભરી વસંતમા ગુલાબની વેલી પરથી એક પૂર્ણ વિકસિત અને નવપલ્લવિત ગુલાબને ખરી પડતુ જોયુ છે? એવીજ રીતે મારા જીવનની વસંતમાથી નર્ગિસ ખરી પડી છે કોઈ પણ જાતની ખબર વિના કે જનાપણુ સંદેશા વગર મૌતના નિષ્ઠુર અને ક્રૂર હાથોએ સદાને માટે ગોદમાથી નર્ગિસને છીનવી લીધી છે ત્રણ મહીનાની મહોબ્બત અને મુગ્ધ છલકી પડતી ઝિંદગીની ટૂંકી–અતિશય ટૂંકી દાસ્તાન હુ તને શુ લખુ? એને હુ મારા હૃદયમાજ સંઘરી રાખુ છુ એ ઝિન્દગીના ન ભૂલી શકાય એવા મીઠા સંસ્મરણોની યાદદાસ્ત હુ મારૂ શેષ જીવન પૂરૂ કરી નાખીશ, એવુ મને લાગે છે

નર્ગિસના એ લગ્ન અને અચાનકના મૃત્યુ વિષે તુ તારા હૃદયમા ગમે તેવા તર્ક વિતર્કો બાંધતો હશે તુ એમ પણ સમજતો હશે કે મહોબ્બતના ક્ષણિક ઉન્માદે નર્ગિસને એના જીવનની નાવ બનાવી દીધી અને એ ઉતાવળી પસંદ કરીને પોતાના જીવનને કરુણતામા ડૂબાવી દીધુ ખેર આ વિવાદાસ્પદ ચર્ચામા હુ અત્યારે ઉતરવા માગતો નથી દરેક સ્ત્રીના પોતાના પ્રતિસ્પર્ધિ–સ્ત્રીઓ માટે જેવા વિચારો હોય, સામાન્યપણે તારા વિચારો પણ એવાજ હોય એમા શકને સ્થાન નથી પરતુ નર્ગિસ આજે દુન્યામા હયાત નથી, એનો જીવન-દીપ અકાળે બુઝાઈ ગયો છે પણ તારા તરફ એને કેવી લાગણી અને મમત્વ હતા એ વિષે હુ કંઈક કહેવા માગુ છુ ખુદાની ખાતિર તુ એમ ન સમજતો કે હુ તારી ખુશામદ કરી રહ્યો છુ અને તારી સાથે પાછા સબંધો બાંધવા ઈચ્છુ છુ હુ તને ઉઘાડા શબ્દોમા જણાવુ છુ કે હુ તારી કે, તારી મિત્રતાની જરાય પરવા કરતો નથી અને વિશેષ તો હુ મિત્રોની દોસ્તીથી ધરાઈ ગયો છુ હુ મારા જીવનનો કોઈ જુદોજ માર્ગ બનાવવા ઈચ્છુ છુ, એની ખાત્રી રાખજે નર્ગિસ મારી નજીક હયાત થઈ હતી અને એ માટે એને ગર્વ પણ હતો એણે મને હૂંફ આપી હતી અને મે એના કદમો પરથી મારી ઝિન્દગી નિભાવી હતી આ અમારી મુહબ્બત અને ઈખ્લાસની જ્વલંત ગાથા છે કદાચ તને એમા ઝાઝી સમજ નહિ પડે અને તુ એને સમજવાની કોશીશ પણ ન કરે તો મારૂ નર્ગિસની તારા તરફની લાગણી અને હમદર્દીનો મારા જીવનનો આ એક યાદગાર પ્રસંગ છે જે આજે હુ તને અર્પણ કરી દઉ છુ આ પ્રસંગ તેને સહજ પણ અતિશયોક્તિ વિના જેવો બન્યો છે, તેવોજ હુબહુ અત્રે રજુ કરી દઉ છુ

મારા જીવનની થોડીક યાદગાર રાત્રિઓમા એ પણ એક યાદગાર રાત્રિ હતી મિત્રોની દાવતો અને પરેશાનીઓમાથી માંડ માંડ છૂટીને એ રાત્રે હુ જરાક મોડો મકાને આવ્યો હતો ઘરના ટેબલ લેમ્પ ધીમે ધીમે ટમટમી રહ્યો હતો હુ બહુજ ધીમેથી મકાનમા દાખલ થયો તને ખબર છે કે, રાત્રિઓના ઉજાગરાથી અસ્મા

જાન હમેશા નારાજ થાય છે એની પિતાજીના ઠપકાથી બચવા માટેજ હુ ધીમેથી મકાનમા દાખલ થયો હતો પણ મને આશ્ચર્ય થયુ કે, નર્ગિસ ટેબલ પર બેઠા બેઠા કઇક લખી રહી હતી દિવસે નહિ ને આ નિરવ રાત્રિમા એ શુ લખી રહી છે, એ માટે મને સહજ કુતુહલ થયુ હુ મારી જિજ્ઞાસા પૂર્ણ કરવા લપાતો છુપાતો એની પાસે પહોચ્યુ એ પહેલાજ એ મારા આગમનને સમજી ગઇ અને હસતા હસતા એણે મને આવકાર્યો

'આપ આવી ગયા? સહેજ મોડા આવતે તો ઠીક થતે,'

'કેમ ભલા આજે આ બધુ છાનુ શુ થઇ રહ્યુ છે?'

એક બહુજ જરૂરી પત્ર લખી રહી છુ હજી પુરો થયો નથી મારો ઇરાદો હતો કે, એ પુરો થઇ ગયા પછીજ આપ આવ્યા હોત તો ઠીક થાત." એણે પોતાના હાસ્યને ચાલુ રાખતાજ જવાબ દીધો મારી જિજ્ઞાસા ઔર પણ વધી ગઇ મે પણ આનદથી પૂછી નાખ્યુ

"રાત્રિની નિરવ શાન્તિમા આ કોને પત્ર લખાઇ રહ્યો છે? મારી હાજરીથી કઇક વિક્ષેપ પડતો હોય તો હુ પાછો ચાલ્યો જાઉ!'

પાછા જનાર જોયા ન હોય તો! જરાક લુગડા બદલી લો એટલે હુ પૂરો કરી લઉ છુ હવે ઝાઝુ નથી, ફક્ત બે ચાર લાઇનોજ બાકી રહી છે"

હુ તરતજ અદર ચાલ્યો ગયો અને થોડીવારમાજ લુગડા બદલીને પાછો આવી ગયો નર્ગિસે પત્ર પુરો કરી દીધો હતો એ ખુરસી ઉપરથી ઉભી થઇ ગઇ એની આખમા આજે કઇક વધુ ખુમાર હતો નવજવાન આખોમા ઉંઘ અને જવાનીનો ખુમાર ભેગો થઇ જાય છે, ત્યારે એ બહુજ સુન્દર અને મોહક લાગે છે નર્ગિસની આખો મને હમેશા કરતા આજે ખૂબજ વધુ પ્યારી લાગતી હતી ખરૂ કહુ તો મને એમજ લાગતુ હતુ કે એની પ્યારી આખોને મારા હૃદયના ખૂણામા નાખી લઉ એ આળસ મરડીને સોફા પર લાંબી થઇ પડી અને મારી મધુર તન્દ્રાને તોડી નાખતા એણે ગણગણવુ શરૂ કર્યુ

"ઘણા દિવસથી મારા હૃદયના અરમાનને એક પત્ર લખવાની ઇચ્છા હતી આજે મે લખીજ નાખ્યો છે તમો જરા એને જોઇ લો અને આવતી કાલેજ એને રવાના કરીદો એટલે મને નિરાત વળશે

મને નર્ગિસના આ ખુલાસાથી આશ્ચર્ય થયુ મે તરતજ લપકીને ટેબલ પરથી એ પત્ર ઉપાડી લીધો અને એક, બે, અને મને યાદ છે કે આ પત્ર હુ બરાબર સાત વખત વાચી ગયો ખૂબજ વિચાર અને ચિન્તન પછી એ પત્ર લખાયો હતો એમ મને લાગવા માડ્યુ

તારા હૈયાની લગામો તૂટતી હશે, તુ વ્યાકુળ થઇ જતો હશે કે નર્ગિસે આ પત્રમા તારા માટે શુ લખ્યુ હશે? હુ તને શાન્તિથી ખૂબજ શાન્તિથી મારો આ આખો પત્ર વાચવાની વિનતિ કરૂ છુ નર્ગિસના એ આખા પત્રના વારવાર ના વાચન પછી એ પત્ર તને મોકલવા માટે હુ નારાજ હતો ખરૂ કહુ તો આજે પણ આ પત્ર તને મોકલવા માટે હુ ખુશી નથી નર્ગિસને એ વખતેજ મે મારો વિરોધ દર્શાવ્યો હતો તારી વિચારસરણી અને તારા અભ્યાસને જ્યાસુધી હુ સમજી શકુ છુ, ત્યાસુધી નર્ગિસના આ પત્રમા તને દમ્ભ અને આડમ્બરજ દેખાશે, અને કદાચ તુ એના મર્મોને સમજવાની દરકાર પણ નહિ કરે નર્ગિસે મને તે વખતે આ પત્ર

તને મોકલવા માટે વધુ ઈંતેજાર કે આગ્રહ ન કર્યો માત્ર એટલુંજ કહ્યું કે —"અસ્લમ માટે મને સતત ભય રહ્યા કરે છે એના વિચાર, વર્તન અને અખ્ખડતાથી ડરીને હું મારા હૃદયની સાચી સ્થિતિ એને લખી મોકલવા માટે ખચકાતી હતી હૃદય પર એક ભાર સરખું રહેતું હતું અને મારા હૃદયના આ ભારને હળવો કરવા માટેજ ઘણા મનોમન્થન પછી આ પત્ર મેં લખી નાખ્યો છે મારા હૃદયનો ભાર કંઈક અંશે ઓછો થયો છે, એટલો મને સંતોષ છે'

એ પછી નર્ગિસના લખેલા પત્રને મેં એના કમરબાજ રાખી દીધો હતો અને એ રાત્રે એની તબીયત જરા ભારી ભારી લાગતી હતી તો પણ એ સભાન હતી અને મારી જરૂરતોનો પુરતો ખ્યાલ રાખતી રહી મોડી રાત્રે અમો બન્ને સુઈ ગયા

આ બનાવને પણ લગભગ બેએક માસ થઈ ગયા હશે અને એ અરસા દરમિયાન એણે કદી પણ આ પત્ર વિષે મને પૂછપરછ કરી ન હતી આજે ફરીથી એ પત્ર મારી સામે ફરફરી રહ્યો છે અને અનેક વ્યથિત કરી મૂકનારી સ્મૃતિઓ જગાવી રહ્યો છે નર્ગિસનો આ પત્ર હું કોઈ પણ રીતે તને મોકલી શકતો નથી, તે માટે મને માફ કરજે મારી સ્ત્રી હયાતની જે થોડીઘણી ચિન્હરૂપી સ્મૃતિઓ અત્યારે મારી પાસે છે, તેમાં આ પત્ર પણ એક છે એની એક પણ વસ્તુ હું કોઈને પણ આપી શકું એમ નથી મને લાગે છે કે, તને એની ખબર પડયા પછી કદાચ તું આ પત્ર લેવા માટે અહીં સુધી પણ ચાલ્યો આવે અથવા મારી સાથે પત્ર વહેવાર શરૂ કરી દીયે તું એવું કશુંજ ન કરે એટલા માટે તને એ પત્રની એક નકલ આ સાથે રવાના કરૂં છું અને ખરેખર, હું તને આ પત્રની નકલ એટલા માટેજ મોકલી રહ્યો છું કે, એ તારા માટે લખ્યો હતો અને તને એ મળે એવી એની એક વખત ઈચ્છા પણ હતી આ નકલ તને મોકલતા મને જે વેદનાઓ થઈ રહી છે, તે કદાચ તું નહિ સમજી શકે નર્ગિસની એક આખરી અભિલાષાને હું ગમે તેવી વેદના અને સંકટો ઉપાડીને પણ પૂરી કરી શકું છું, એ માટે મને સંતોષ છે ઘણાના જીવન ઉજડી ગએલા જોયા હતા, આજે મારૂ પોતાનું જીવન ઉજડી ગએલું જોઉં છું મારી ઉપર આજે મુસીબતોનું આભ ફાટયું છે અને એમાં દિલાસાના થીંગડા દેનારા ઘણા આવે છે એના હમદર્દીથી પણ હું બેઝાર છું આશા રાખું છું કે, આવી હમદર્દીનું નાટક ભજવવાની તું કોશિશ નહિ કરે મને મારા હાલ પર છોડી

દેશમાં આવે એની હું [illegible] અને ખુદા વડે ફરીથી પણ અર્જ કરું છું. એની નોંધ લેજો. નીચે નગિમના પત્રની શબ્દશઃ નકલ ઉતારી દઉં છું. બીજી રીતે મારે કંઈ કહેવું નથી.

અઝીઝમ,

ક્યા નામથી તમને સંબોધું એ સૂઝતું નથી. ભાઈ તરીકે તમને સંબોધીશ તો કદાચ તમારી લાગણી દુભાઈ જશે અને બીજા કોઈ પણ નામથી સંબોધીશ તો મારા હૃદયની દુર્બળતા પ્રગટ થવાનો ભય છે એટલે તમને તમારા નામથીજ સંબોધવાનું મુનાસિબ સમજું છું. તમો મારી ઝિન્દગીમાં આવ્યા કે હું તમારી ઝિન્દગીમાં આવી, એ આપણી ઝિન્દગીનો એક કેવળ અકસ્માત હતો. તમને નથી લાગતું કે, ઝિન્દગી અકસ્માતોની પરમ્પરાથી ખડકાયલી પડી છે? સાદા શબ્દોમાં કહું તો ઝિન્દગીનું નામજ અકસ્માત છે. તમો દૌલતમંદના દિકરા છો અને તમને પોતાને લાગે છે કે તમો સમજુ ભણેલા અને વિદ્વાન છો એટલે કદાચ મારી આ વાતોને તમો નહિ ગણકારો. પરંતુ હવે મને પણ એની ઝાઝી દરકાર નથી. તમોને પત્ર લખવાની પણ જરૂરત ન હતી પણ તમોએ મારી મિત્રાચારીનો જે અર્થ તારવ્યો હતો એ ખોટો અને કદાચ તમારી ઝિન્દગીને ભરખી જાય એવો હતો. એટલેજ આ પત્ર લખવાનું મુનાસિબ ગણ્યું છે. સ્ત્રી પુરુષની મિત્ર બને એ અપરાધ હશે પણ સ્ત્રી પોતાના પુરુષ મિત્રની પત્નિજ બને એવી ફિલસૂફી તમે ક્યાંથી ઉપજાવી કાઢી એ મારી સમજમાં આવતું નથી. મને યાદ છે ત્યાંસુધી તમો આટલી હદે જઈ શકો એવા કારણો મેં કદી પણ આપ્યા નથી. પોતાના જીવન-સાથીની પસંદગી કરવી એ ખૂબજ મુશ્કેલ વિષય છે.

તથાપિ ઝિન્દગીની ગુંચો અને મુશ્કેલીઓનો ઉકેલ કોઈક વખતે અચાનક આપ આગળ આવી જાય છે. બીજી રીતે કોઈક વખત જીવન અને મરણના મોત [illegible] દેનારી આ જીવન-સાથીની પસંદગી કરવાની મુશ્કેલીનો અંત પણ એવીજ રીતે આવી જાય છે. તમો માનો કે ન માનો મારી આ મુશ્કેલીનો ઉકેલ મારા વિચારો-મારી ભાવનાઓ અને મારી અભિલાષાઓને અનુરૂપ અચાનકજ આવી ગયો છે!-મારી ઝિન્દગીમાં એ શખ્સ આવ્યા અને એ ચમત્કાર થઈ ગયો. જીવનની અંધકારથી ભરેલી પગદંડી મને દિવ્ય અને અતિ રોશન દેખાવા માંડી. એ શખ્સ પહેલી નજરેજ મારા હૃદયમાં-મારા વિચારોમાં મારી આશા અને અભિલાષાઓમાં સમાઈ ગયા. ટુંકામાં એ સાહેબે મારી સમજ પ્રમાણે એમના હૃદયનો તાગ લઈ લીધો અને મારા જીવનમાં બધું [illegible] થઈ ગયું. એમના જીવનમાં આજે મારું શું સ્થાન છે એ હું તો ન કહી શકું અને બનાવવા ચાહું તો પણ તમારા જેવા માણસો તો નજ બનાવી શકું. તમને સ્ત્રીઓ સાથે હળવામળવાનો તેમજ મિત્રાચારી વધારવાનો ખૂબ શોખ છે. રઝીયા-રોશન-ફાતમા-ખુર્શીદ વિગેરે તમારી ખાસ મૈત્રીણીઓ છે. એમના સ્વભાવ અને એમની ઝિન્દગીના ધોરણ વિષે હું કંઈ પણ કહેવા નથી માગતી પણ અન્ત્યમાં મને તમારા માટે ખાસ કહેવાનું છે કે કોઈ પણ આદર્શ કે ઉદ્દેશ વિનાની ઝિન્દગી એ ઝિન્દગી નથી. મનુષ્યના હૃદયમાં પોતાના આદર્શો સ્થાપવાની દીપ્તિમાન અને મનગમતી તમન્નાઓ ન હોય તેને આ જગતમાં જીવવાનો કશોજ અધિકાર નથી. તમે તમારા જીવનમાં ડોકિયું કરી જોજો. તમને એમાં કોઈ ઉદ્દેશ કે આદર્શની છાયા-પ્રતિછાયા જેવું પણ દેખાતું

હોય તો ગનીમત ગણી લેજો અને ખરેખર એવું કંઈજ ન હોય તો જિન્દગીની આ કાચળીને ઊતારીને ફેંકી દેજો મારી આ વાત જો ગળે ઉતરતી હોય તો તમારી જિન્દગીને નવેસરથી કંઈક ઉદ્દેશમય અને આદર્શવાન બનાવવાની કોશિશ કરો સ્ત્રીઓ સાથે હળવામળવાનો અને મિત્રાચારી વધારવાનો મોહ મૂકી દેશો તો પણ કંઈક આનન્દદાયક સુધારો થશે, એમ હું માનું છું મિત્રભાવે આટલી સલાહ આપી છે છતા પણ વધુ પડતું લાગતું હોય તો દરગુજર કરજો

ફરીફરીને તમને એક વસ્તુ જણાવી દઉં તમે કદી પણ આપણી મિત્રાચારીના અરસા દરમિયાન એક ઘડી માટે પણ-મારી આંખોમા, મારા વિચારોમા કે મારા હૃદયમા કોઈ ખાસ માન્ય વ્યક્તિ તરીકે સમાયા નથી મને એટલુંજ કહી લેવા દો કે, તમારા જેવા મોટા માણસની ચરણરજ જેટલી પણ હું મને સમજી શકી નથી, તો પછી તમારી સાથે જીવન અને મરણનો સોદો કરી નાખવાની તો વાતજ ક્યાં રહે છે? મારા હૃદયમા તો આવો વિચાર પણ સૂઝ્યો નથી મારા લગ્ન પછી તમારા વિશે મે જે જે વાતો સાંભળી તેથી મને લાગી આવ્યુ કે, મારા જેવી એક મામૂલી છોકરીના હૃદયને સમજવા જેટલી બુદ્ધિ પણ તમારામા નથી

ખૈર, હુ લખાણ કરવા ચાહતી નથી તમારા માટે મને જે કંઈ કહેવાનુ હતુ, તે મે મારી સમજ પ્રમાણે તમને જણાવી દીધુ છે આ બાબતમા તમારા ગાઈ ભુલાવાની પણ જરૂરત નથી તમે મારી ચિન્તા કરશો નહિ, હું બહુજ આનન્દ અને ખુશીમા છુ મારા હૃદયના ઉંડાણમાથી મને એવુ પ્રતિત થાય છે કે, આજે હુ જે ઘરમા છુ, ત્યાંજ મારૂં સ્થાન હોઈ શકે આટલા સંતોષ અને શ્રદ્ધાભર્યું જીવન અત્યારે હુ જીવી રહી છુ અને મને લાગે છે કે મારા માટે આટલુંજ બસ છે

તમારી જે સમજો તે,
"નર્ગિસ"

ઉપરના બન્ને પત્રો વાચ્યા પછી પણ તને મનમા આવે તેવા વિચારો બાંધજે પણ તને હુ ફરી યાદ આપાવુ છુ કે, આ બાબતમા કે બીજી કોઈ પણ બાબતમા મને મળવાની કે પત્ર લખવાની તસ્દી ન લેજે

તારો દોસ્ત,
અશરફ
ના સલામ

અનુવાદક —હરિશભ ટીમોલ

સમાનતાનો સાદ

(ગતાંકથી ચાલુ)

ઓબ્રાઇન ફિરોમનો તત્ત્વજ્ઞાની જે કદી મુનમર્ગ પહોંચ્યો તો જરૂર તેની મુલાકાત લેશે તે જીવનના તે સત્યોને વ્યકત કરે છે જે તેણે તેના જીવનના જખ્મોમાંથી નીચોવ્યા છે, તેના જીવનનો મત અને સાર છે એની ગોળ કોર એ રૂધિર વહેતો જખ્મ છે એક હળાહળ વિષનો પ્રવાહ છે કિંતુ એ ઝેરીલા પ્રવાહની લ્હેરીઓ પર એક એવા હાસ્યની છાયા છે કે જેનાથી તમે અનુભવ્યા કે ઓપાયા વિના નહી શકો નહિ અને જો સાચું પૂછો તો જીવનમાં બીજુ છે પણ શું ?

અબ્દુલ્લાહના પુત્રને લખવા ભણવાનો ઘણોજ શોખ હતો તેણે ઉર્દૂની બાળપોથી પૂરી કરી હતી હવે તો ઉર્દૂની પહેલા કિતાબ પઢતો હતો, જેના પ્રથમ પૃષ્ઠ પર તેનો પિતા હુક્કો પી રહ્યો છે અબ્દુલ્લાહને જ્યારે પણ અવકાશ મળતો ત્યારે પોતાની કોટડીમાં જઈ હુક્કો ગડગડાવતો કોઇ કોઇ વાર બાલ્કનીમાં પણ આવી ચડતો એનો પુત્ર મ્હારી પાસે ભણતો અને અબ્દુલ્લાહ પોતાની જીવન—ગાથા સંભળાવતો એ ગાથા તેણે ટુકડે ટુકડે, જુદી જુદી રીતે, સંભળાવી હતી સ્મિત અને અશ્રુદાન, ન્હાના ટમની પાસે ઉભા રહીને, પ્રશાસા વડે ખાસતા ખાસતા, દમના વ્યાધી સાથે જંગ ખેલતા એ કોઇ સનસનાટીભરી લાંબી કથા નહોતી કોઇ ભયાનક કહાણી નહોતી એ તો એક સરળ હૃદયી ભોળા ખેડુતનું જીવન હતુ આનંદ નામ માત્રનો પ્રેમ પણ કર્યો હતો લગ્નના થોડાક વર્ષ ઘણાજ સુખમય ગયા, જીવનના સ્વપ્નો રચ્યા હતા મુસીબતો આવી કિંતુ જુવાનીના ઉછળતા રૂધીરે પીછેહઠ નાખી માબાપના મરણ પછી તેણે ગામના મહાજનનું દેણુ ચૂકવ્યું ખેતીની ઉત્પન્ન વધારવા માટે જુદા જુદા ઉપાયો વિચારવા લાગ્યો. ખેતરના એક ભાગને ફળ ફળાદીના વૃક્ષો રોપવા માટે જુદો પાડ્યો અંતરમાં ઉમંગો હતી ઇચ્છા હતી કે સામાન્ય ખેડુત ન રહું ગામનો ધનવાન જમીનદાર બને ધન સંપાદન અર્થે તેણે મહાજન પાસે નાણા વ્યાજે લીધા કિંતુ બે વર્ષની સતત બરફ વર્ષાને કારણે તેમ દુકાળના ક્રૂર પ્રહારે એના સ્વપ્નાઓ ધૂળમાં મેળવી દીધા જમીન વેચાઇ ગઇ મોટો પુત્ર મરી ગયો સ્ત્રી પણ એના ખપ્પરમાં હોમાઇ ગઇ તે તેના નાના અને એક માત્ર પુત્રને છાતી સરસો ચાંપીને દેશ પરદેશ રખડ્યો ગાતની લાલીમાનું સ્થાન કાળાશે લીધુ આંખોનું તેજ ઉડી ગયું કોયનાની ગુણો ઉચકી ઉચકીને દમનો ભોગ થઇ પડ્યો. હવે ખાંસી પણ શરૂ થઇ ગળામાં કફ બાઝવા લાગ્યો. કફ રૂંધાવા લાગ્યો દીદા ઉપસી આવ્યા પાચ છ વર્ષ અહિં તહિં વલખા માર્યા પછી અંતે પોતાના વતન પાછો ફર્યો કેમકે વતનની માટી પ્રત્યેક ભટકતા આત્માને નિરંતર પાછો આવવાનો પૂકાર કરતી હોય છે છ વર્ષથી તે આજ હોટલમાં કામ કરે છે "ગનીમત છે આ જીવન ઇશ્વરનો પાડ છે સાહબ! બે ટંક રોટી મળી જાય છે સાહેબ ઇનામ પણ આપે છે મ્હારો અનાથ પુત્ર છે ગરીબ! ખુદા

તેને સલામત રાખે અહીં એવીજ રીતે પડ્યો રહેશે તો ભિસ્તી સિવાય બીજુ શુ કરવાનો છે? થોડુ ઘણુ ભણી જશે તો કાયાપલટ થઇ જશે ખુદા આપને એનો બદલો આપશે મ્હારા ગરીબને ભણાવો ઠીક હવે હું જાઉ છુ વિશ્રામ સાહબને માટે નહાવાનુ પાણી તૈયાર કરૂ "

આહ! કેટલો ઘોર અન્યાય! આવુ તુચ્છ જીવન! મનુષ્ય કઇ આશા ઉપર જીવે? હજારો લાખો, કરોડો આત્મીનુ જીવન આજ શ્રેણીનુ છે પ્રત્યેક દેશમા, દરેક જાતિમા પૃથ્વીના ખૂણે ખૂણે થોડી ઘણી વ્યક્તિઓ અને સસ્થાઓના અપવાદ સિવાય આપણને બધાને આપણી સસ્કૃતિપર, આપણા ધર્મપર, આપણા સરકારપર, આપણા વૈભવપર ગર્વ છે! આ હેકડાઇ! આ રોફ! આ ધમડ!

ઇન્સાનના જુગાર અને આત્મજ્ઞાનની કોઇ હદજ નથી! અને અબ્દુલ્લાહને જુઓ! અસતુષ્ટ અને દુખી છે, ખાસે છે કાયા નીચોવી રહ્યો છે કેવળ એ આશાએ કે જેને દુન્યાએ મને વધવા ન દીધો સમાજના અત્યાચારોએ એના જીવનની તમામ શક્તિ અને આનદોનુ એની નજર સ્હામેજ ખૂન કર્યું એના મનોરથોને નિર્દયતાપૂર્વક નિષ્ફળ બનાવી દીધા ત્યારે હવે એજ સમાજ એ દુન્યા એજ જીવન-વ્યવસ્થા એના પુત્રને જયપાની તક આપશે? કિંતુ અબ્દુલ્લાહ અંતે ઇન્સાન છે જીવનની હોંસાહોંસી એના જીવનમા વણાઇ ગએલી છે પડતો આખડતો પણ ઝઝૂમે છે ધપ છે બેઠા લડતો રહે સહન કરતો રહે એક દિવસ મ્હારો મોટો થશે તેના યનગનતા યૌવનમા તેની અદમ્ય અભિલાષાઓની સિદ્ધીમા તુ પુન નવજીવન પ્રાપ્ત કરશે, એની યુવાનીની તાઝગીમા એના પ્રેમ અને સૌંદર્યની રગીન દાસ્તાનોમા હર્ષોલ્લાસની ઉન્નત ભાવનાઓમા મ્હારો આત્મા નીજને અવશ્ય ખોળી લેશે

બાહ્ય ફીમા ભાવનાઓમા એક નવપરિણિત યુગલ પણ હતુ જે મધુ રજની ગાળવા માટે આવ્યુ હતુ સરગી અને ખૂબસૂરત ઉભય આખો દિવસ ફરતા રહેતા હતા ક્ષિતિજ પર, પુષ્પો પર, ગોલ્ફ કોર્સ પર ચાંદની પર દેવદારના વૃક્ષોથી લઇને જગલી ટટ્ટુઓ પર મરી રહ્યા છે ઓગ્રાઇનની ભાવના હતી કે કે બન્ને એક સ્વપ્ન જોઇ રહ્યા છે અને તેઓ નથી જાણતા કે વૈભવ વિલાસની ઇન્દ્રજાળ પાછળ વાસ્તવિકતાનુ ભૂત પણ રહે છે

મે કહ્યુ "ડોસા ત્હારી બુદ્ધિ ઠેકાણે નથી! શુ લગ્ન કરવુ પાપ છે? શાદી થાય છે, બાળકો જન્મે છે, એ સ્વપ્નાથી ઇન્સાનોની સુદર વસ્તીમા એક નવીન ઘરનો વધારો થાય છે" ઓગ્રાઇન કહેતો "ના લગ્ન કરવુ એ ગુનો નથી સ્વપ્નાનુ તૂટવુ કારણ છે, અને એ સ્વપ્ના મજાજ વહેલી નષ્ટ પામે છે કુદરત પોતાની જાળ પાથરે છે ગોટેનેજ તો તેણે પુષ્પમા પરિમલ, હરણમા કસ્તૂરી સ્ત્રીઓમા સૌંદર્ય નાખ્યુ અને જ્યારે કુદરતનો આશય પૂર્ણ થાય છે ત્યારે પુષ્પ કરમાઇ જાય છે હરણ શિકાર થઇ જાય છે સ્ત્રીઓ વૃદ્ધ થઇ જાય છે અને તમારા સ્વપ્ના તૂટી જાય છે જેવી રીતે નાજુક હાથમાંથી કાચનો ગ્લાસ તૂટી ગયો હતો તેમ' પેલી છોકરીએ હસીને કહ્યુ

ઓગ્રાઇન કહેવા લાગ્યો "સૌંદર્ય ચિરજીવી નથી મને જગત અને એના સર્જકપર રહી રહીને એજ ગુસ્સો આવે છે કે આખર આમ શા માટે?"

મે કહ્યુ "કોણ કહે છે કે અનત નથી?

તમે સૌંદર્યને એકાકી સ્વરૂપે નિહાળો છો? વ્હેર મત્માધ્યાતિ છો રૂપને સામુદાયિક સ્વરૂપમા ભાગો પુષ્પ હમેશા હસે છે હરણુમા કસ્તૂરી સદા સર્વદા મહેકતી રહેશે સ્ત્રીઓનું લાવણ્ય" ઓબ્રાઇનની આખો તાલચોળ થઇ ગઇ વળી વિચાર કરો કે સૌંદર્ય કાળનો એક માપ છે એની દાર્શનિક અસર છે જ્યા સુધી કાળ ન આવે રૂપ કેવી રીતે મરી શકશે? સ્ત્રી પોતાની પુત્રીમા, પુષ્પ તેની કળીમા, હરણુ પોતાની દુગીમા તે સૌંદર્યપ ઝનક જુએ છે

પહાડો પર ઘનઘેરી ઘટાઓ છવાવા લાગી વાદળો કોમળ કરો વધતા વધતા અમારી સમીપ આવી પહોંચ્યા અને અમારા ગાત્રોને સ્પર્શવા લાગ્યા કોમળ કોમળ હાથ બસ ગુલમર્ગમા મને આજ વસ્તુ પ્રિય લાગે છે ઓબ્રાઇન આ દશ્યોમા તલ્લીન થઇ ગયો

"અને અબ્દુલ્લાહ પોતાના પુત્રમા" ઓબ્રાઇને કટાક્ષમા કહ્યુ

પછી સહસા બોલી ઉઠયો "શરાબ કદી વૃધ્ધ થતી નથી જગતમા એકજ વસ્તુ અમર છે અને તે શરાબ મે એક સ્ત્રી સાથે પ્રેમ કર્યો તણે મને તરછોડી દીધો મ મ્હારા પ્રેમના નશાને દીર્ઘકાળ સુધી તાઝો રાખ્યો કિંતુ એક દિવસ એય વૃધ્ધ થઇ ગયો મે તેને જવાન રાખવા ઘણો પ્રયાસ કર્યો કિંતુ પ્રતિક્ષણે તેના મુખ પર કરચલીઓ પડતી ગઇ અને એક દિવસ તે મરી ગઇ"

"અને તે સ્ત્રી"

"ક્યા હશે તેની મ્હને ખબર નથી હું તેનુ મોઢુ જોતા નથી ચાહતો મ્હારે વતન પાછા નથી જવુ વીસ વર્ષ પૂર્વે મે તેને જોઇ હતી તે પિયાનો પર બેસી એક મનહર ગીત ગાતી હતી" ઓબ્રાઇનની પાપણો ભીંજાઇ

સહુમા એક દિવસ ન જાણે ક્યાંથી અમે રીકન અને બ્રિટિશ સૈનિકો આવી ચઢયા અવિવેક કઠોર અને ઉદ્ધત વર્તન છતા તેઓ પ્રત્યે મને ઘૃણા ન્હોતી, એમની આતુર આખો કોઇ વસ્તુની શોધમા હતી ભૂખ્યા હતા તરસ્યા હતા તેઓ પ્રેમ ચાહતા હતા એગને 'ફ્રેંસિસ'નો ઝમાનખાન જે પ્રેમનો વેપાર કરતો હતો તેમને પૂરા પાડતો

રીત આ હતી

"વેલ, બેગ?"

"યસ સર"

'ક્યા બાત હૈ?"

'બધુ બરાબર છે ટગમુર્ગથી નવી મીસ સાહેબા આવી છે કિંતુ મોગ મેજર સાહેબે તેને ટગમુર્ગના બગને ચાર વાગે અચૂક હાજર કરવાનુ કહ્યુ છે"

'વોહ સબ ઠીક હે અમ ખુ સુના તુમને અમ ખુદ પહોંચ્યા ઉેગા"

"યુ સ્ટુપીડ"

"ડોન્ટ બી સીલી'

"કમ ઑન"

"you are very cheeky"

"shut up"

ઓબ્રાઇન કહેવા લાગ્યો હુ સૈનિકોને હમેશા ક્ષમા આપી દઉ છુ તે એક સ્ત્રીના શિયળ પર હાથ નાખે છે તો હજારો સ્ત્રીઓના શિયળનુ રક્ષણ પણ કરે છે

ઓબ્રાઇનના આ શબ્દો હજી મારા મનમા ગુંજે છે ખાસ કરીને તે વેળા બારમાથી આવેલા એક ઠેકેદારે કહ્યુ હતુ 'સાહબ રહેવા દો હવે શિયળ ને બીયળ? એ તત્ત્વજ્ઞાન તો ખાવુ આરોગ્યા પછીજ સૂઝે છે અરે સાહબ! અમ બારમાથી તો ભાગ્યા તો મ્હાત સાથે

આખુ કુટુંબ ન હતુ. બે હતી જવાન છોકરીઓ હતી નાના બાળકો હતા, બધા રસ્તામાં મરી પરવાર્યા મે મ્હારી સગી આંખે મ્હારા બાળકો અને બીબીને રોટીના એક ટુકડા માટે તરસતા દીઠા મ્હારી છોકરીઓને પેટની આગ હોલવવા માટે પોતાના શિયળને તે ખુલ્લી સડક પર વેચતી જોઈ છે શિયળ મૂર્ખ છે, ગમાર છે તે જે શિયળની પવિત્રતા પર શ્રદ્ધા રાખે છે એ બધુ તત્વજ્ઞાન કે ડહાપણ તો પેટમા અનાજ પડયા પછી સૂઝે છે મહેરબાન સમજ્યા?'

થોડીક ક્ષણો એમને એમ બકતો રહ્યો, એબ્રાહમના વદન પર ગાંભીર્ય છવાઇ ગયુ કહેવા લાગ્યો શરાબ લાવો શરાબ શરાબ કોઈ કાળે વૃદ્ધ થતી નથી તે સદા જવાન રહે છે, કદી નિર્દય થતી નથી ક્યારે પણ ધોખો આપતી નથી તે ઇન્સાનની જેમ જાલિમ નથી અને નથીજ."

રજતરૂપ આકાશમા તારલાઓ ચમકવા લાગ્યા ને ઠીક હોટલ રજની રાણીને પડમાં આવતી હોય તેમ તેના વિજળીના દીવાઓની હાર આગાથી ઝગમગી ઉઠી એવુ લાગતુ હતુ જાણે કોઈએ બનફશાના પુષ્પોની સેજ વાતાવરણમા ઉછાળી ન હોય' પછી હળવે હળવે આથમણી દિશામાંથી સંધ્યાની અંતિમ રેખાપર લજ્જિત થતા ચન્દ્રમાએ દેખાવ દીધો તે જાણે શરમ મારતા લજ્જિત મુખડાવાળા બાળાની જેમ જેણે પ્રથમ જરાક પોતાના કરમા ઘુંઘટ ઉઠાવી લેય! એબ્રાહમ મદિરા પાન કરવા લાગ્યો તેના નયનો નિલવર્ણો થયા આકાશ જેવા નિર્મળ

સાત નમ્બરના રૂમમા એક ૮ટેલીયન વૃદ્ધ અને તેની પુત્રી મેગિયા રહેતી હતી મેરિયા આખો દિવસ પોતાના રૂમમા પ્યાનો વગાડતી, સંધ્યા સમયે પોતાના પિતા સાથે બહાર ફરવા જતી, વૃદ્ધ ઇટેલીયન આશરે પચ્ચીસ ત્રીસ વરસથી રહેતો હતો, એની પુસ્તકોની નાની લાયબ્રેરી પણ હતી જેમા મોટે ભાગે જાસુસી નોવેલો, મીસ્ટ્રીસ વાર્તાઓ, પ્રેતોની કથાઓ અને એવુ બીજુ સાહિત્ય હતુ, જે સૈનિકો અને બહેનોઓને આપે છે તેઓ પુસ્તકો ભયમાંથી ભાડે પુરતો વાચવા પણ લઇ જતા જુદા ઇટેલીયનને વાકીંગ સ્ટીક બનાવવાનો પણ શોખ હતો જંગલના લાકડાઓમાંથી એટલી તો સુંદર લાકડીઓ બનાવતો કે ગુલમર્ગની વાંગીગીમા તેની ગણના થતી પ્રવાસીઓ મોંઘી કીમતે ખરીદીને પોતાના દેશ લઇ જતા મેરિયા પ્યાનો વગાડવામા પારંગત હતી વિગ્રહ પહેલા ગુલમર્ગના પ્રતિષ્ઠિત અંગ્રેજોના ઘરે પ્યાનો શિખવવા જતી વિગ્રહ શરૂ થતાજ પિતાપુત્રીને નજરકેદ કરવામા આવ્યા હતા પાછળથી પોતે હિંદના વતનીઓ છે એમ પૂરવાર કરવાથી છોડી મુકવામા આવ્યા હતા, છતાંય તેમના પર કડક દેખરેખ રહેતી

[અપૂર્ણ

"ગાલિબ" બજોદવી

"નઝમે કુર્આન"

(અલિફ—લામ—મીમના છઠ્ઠા રૂકુઅ)

કરો તૌબા ખુદાએ પાકકી દરગાહે વાલામેં
બહોત રહમો કરમ હૈ ઝાતે શાહેનશાહે વાલામેં!

યૂંહી તુમ નઝ્મે અમ્મારાકી, સરકુશી કીએ જાઓ
જહાં તક તુમ જીએ જાઓ, જહાં તક તુમ જીએ જાઓ!

યેહી બેહતર અમલ નિકલા ખુદાકે રૂબરૂ આખિર,
કિસીમેં હર બશર હર શયને નિમ્આ સુખરૂ આખિર!

તુમ્હીં વોહ થે કે જબ તાયબ હુએ અપ્રે કરમ આયા,
કે વોહ તવ્વાબ હૈ રહમત લિએ અપની બહમ આયા!

કહા તુમને જબ અએ મૂસા કે હમ હરગિઝ ન માનેંગે
યહાં તક કે ખુદાકો દેખને ઝાહિર, ન જાનેંગે!

યે કેહનેકી ચમકદ દેખતેકી દેખતે તુમકો,
ગીરી બર્કે ગઝબ ઓર લે ગઈ ગિરતે હુએ તુમકો!

મગર ફિરભી કરમ થાને કરમ કરનેકી ચાહે હૈ
મુસીબતમેં ખિચીકી દર્દમેં બનેકી આએ હૈ!

કે તુમ થે મૌતકે મુંહમેં તુમ્હેં ઝિંદા કિયા હમને,
કરો તુમ શુક્ર નેઅમતકા યે મૌકા ભી દિયા હમને!

કરમકા અબ્ર ઉઠ્ઠા તાકે સાયા તુમપે હો જાએ
મનો સલવાકી નેઅમતમેં તુમ્હારા દર્દ ખો જાએ!

તુમ્હેં પાકિઝા ચીઝેં દી હૈં ઉનકો ખાઓ રગબતસે,
રહો આપસમેં ઉલ્ફતમેં, રહો મિલકર મહબ્બતમેં!

મગર તુમ વોહ કે આખિર ઝુલ્મ કરનેમેં ન બાઝ આએ,
વોહ ઝુલ્મ વૈસા તુમ્હારી અપની જાનોંકો સતા જાએ!

વોહ દિનભી યાદ રખ્ખો જબ કહા થા યે, બ-ચાહત તુમ
કે ઉસ ગાઉંમેં જાઓ ખાઓ ઉસસે બા-ફરાગત તુમ!

જો દરવાઝેમેં દાખિલ હો તો યૂં સજદા કિએ જાઓ,
કહો હમ માગતે હૈં બખ્શિશેં, બખ્શિશ લિએ જાઓ!

ખતાએં, લગ્ઝીશેં, બખ્શેંગે, ખુશી હો ઉસકે પહેલેસે
ઝિયાદા દેતે હૈં હમ ગો તો નેકી કરને વાલોંકો!

મગર અફસોસ કે ઝાલિમને આખિર ઝુલ્મ હી જાના,
કહા જો ઉસસે કેહનેકો, ન વોહ કેહના કભી માના!

બદતર બાત વોહ ઝાલિમ ઝરા નાપાક કરતે થે
જો નેઅમત ઉનકો મિલતીથી ઉસીકો ખાક કરતે થે!

ઉતારા હમ લિએ હમને અઝાબે આસમાની ફિર,
કિયા હી ઝાલિમપે જો ફાસિક બનેથે નાગહાની ફિર!

  [॥ ૧૨ ૬ ખતમ]

દીદારે રસૂલ (સ. અ.)

[મરં હ સપાદકને આધિન છે]

(૮) હઝરત શેખ કાશાની (રે. અ.) રિવાયત કરી છે કે – જે કોઈ દરરોજ ગો ગુની વખત નીચે લખેલું દરૂદ શરીફ બારસ નિત્તેર વખત પઢશે તો ઈન્શા અલ્લાહ નજીકી તેને દીદાર થશે મિમ્બર, નુરાની નમ્યા, બાગ અને રૂપરા પાક દીવાલ જોઈએ અને જેવી રીતે હાકિમ, અમીર, ઉમરાવને મળવા શોક અને ઉમંગ પેદા થાય છે તેવાજ શોક અને ઉમંગથી પઢવું જોઈએ

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદીન કુલ્લમા ઝકરહુઝ ઝાકેરના વકુલ્લમા ગ-ફલા અન ઝિકરેહિલ ગાફેલૂન

(૯) નીચે લખેલા દરૂદ શરીફમાંથી કોઈ પણ દરૂદ શરીફ હમેશા ખંતથી (અતિ વધુ નખ્યામા) પઢવું અને અને નવે નુની વખતે પણ પઢવાનું ચાલુ રાખી પઢતા પઢતા સુઈ જવું ઈન્શા અલ્લાહ દીદારે પાક નસીબ થશે

(૧) અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન કમા અમરતના અન્નોસલ્લી અલેહે

(૨) અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન કમા હોવા અ-હ-લોહુ

(૩) અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન કમા તોહિબ્બો વ તરઝા લહુ

(૪) અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદેના મોહમ્મદીન વ અલા આલે સૈયદેના મોહમ્મદીન બેઅ-દ-દે કુલ્લે માલુમિલ્લકા યા અહમદે મુજતબા અના મુશ્તાકુ બેવિસાલે જમાલેકા વ કમાલે કરમેકા યા રસૂલુલ્લાહ

(૧૦) હઝરત હમદ બમરી (ર. અ.) ફરમાવી ગયા છે કે – જે માણસ દીદારે સૈયદનો ઈચ્છુક બનેલો હોય તેણે નીચે લખેલા દરૂદ શરીફને હમેશા કસરતથી પઢવું –

અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન વ અલા આલેહી વ અસ્હાબેહી વ ઔલાદેહી વ અઝવાજેહી વ ઝુરીય્યતેહી વ અહલે બૈતેહી વ અસ્હાબેહી વ અન્સારેહી વ અશ્યાએહી વ મહબ્બતેહી વ ઉમ્મતેહી વ અલૈના માઅહુમ અજમઈના યા અરહમુર્રાહેમીન.

(૧૧) હઝરતે (ગૌસ) ફરમાવ્યું છે કે – જે માણસને મારા દીદાર કરવા ઈરાદો હોય તેણે બારસ. ખુશ્બૂ લગાડી, કિબ્લારૂખ પોતાના જમણા (જમણા) હાથ ઉપર માથું રાખી નીચે મુજબ દુઆ પઢી સુઈ જવું –

અલ્લાહુમ્મા ઈન્ની અસઅલોકા બેજલાલે વજહેકલ કરીમે અતરાની વ બેવજહે નબીય્યેકા મોહમ્મદીન સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ રીમનામી હાઝા

રૂઅયતન તોકરેંબેહા એની વ તોકરેંહો બેહા કુર્બતી વ તશરટો બેહા મદ્દગી વ તવુફ્ફો બેહા રામ્લી વ તન્ઝઓ બેહા બૅની વ બૅના નબીય્યેકા મહ્લ લાહો અનૈહે વ સ'લમ ચીમલ કિયામતે કિદ દરજાતિલ ઊલા વ તોફ્રેંકો બૅની વ બૅનહૂ ફિદ દુન્યા વલ આખેરતે બૅરહમતેકા યા અહંમર્રાહેમીન

ઘણા બુઝુર્ગોને દીન (રે અ) કહી ગયા ગયા છે કે મજકુર દુઆ પઢવા પહેના જો જો બે રકઅત નફ્લિ નમાઝ પઢે અને તેમા પહેલી તેમજ બીજી બને રકઅતમા સૂ એ ફાતેહા પઢી સૂરએ મુઝઝમ્મીન પઢી સલામ ફેરવી એ નમાઝનો સવાબ હુઝૂર (સન)ને બખ્શી મજકૂર દુઆ પઢવામા આવે તો ઈ અ બ જ જ દી દીદાર નમીબ થશે

" જુદા જુદા દરૂદ શરીફનુ વર્ણન "

રિવાયત ૧ લી—દુર્ર મન્સૂરના કર્તા હઝરત કઅબ (રદી)થી રિવાયત કરે છે કે— જ્યારે ઈન્નિ લાહ વ મલાએક (છેવટ સુધી) ની આયત નાઝિલ થઈ ત્યારે અમોએ અર્ઝ કરી કે યા રસૂલિ લાહ (સન) સલામ પહો ચાડવાની રીત અમો જાણીએ છીએ પણ સલ્વાત (હુઝૂર સલ ઉપર દરૂદ મોકનવુ તે) મોકનવાની પણ કોઈ રીત હોવી જોઈએ ! આપે (સન) ફરમાવ્યુ જ્યારે તમો મારી ઉપર દરૂદ મોકલો ત્યારે આ મુજબ કરો (પઢો) —

"અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન વ અલા આલે મોહમ્મદીન કમા સ લયતા અલા ઈબ્રાહીમા વ અલા આલે ઈબ્રાહીમા ઈન્નકા હમીદુમ મજીદ વ બારેક અલા મોહમ્મદીન કમા બારકતા અલા ઈબ્રાહીમા વ અલા આલે ઈબ્રાહીમા ઈન્નકા હમીદુમ મજીદ "

મજકૂર કર્તાએ ઉપની રિવાયતો જુદી જુદી રીત અને જુદા જુદા શબ્દોમા લખેલી છે પણ તેમાથી તેજ રિવાયતો લખવામા આવે છે કે જેમા દરૂદ શરીફના શબ્દો પણ જુદા જુદા છે

રિવાયત ૨ જી બીજી રિવાયત હઝરત ઇબ્ને અબ્બાસ (રદી૦)થી છે કે—અમોએ મજકૂર આયત સાભળીને કહ્યુ—યા રસૂલિ લાહ (સન) અમ્મનાઓ અને અમોને આવડે છે આપ (સલ) સલ્વાતની રીત બતાવો આપે (સન) ફરમાવ્યુ કે આ મુજબ કહો

અલ્લાહુમ્મા જ અલ સલ્વાતકા અલા મોહમ્મદીન વ અલા આલે મોહમ્મદીન કમા સલ્લૈતા અલા ઈબ્રાહીમા વ અલા આલે ઈબ્રાહીમા ઈન્નકા હમીદુમ મજીદ વ બારિક અલા મોહમ્મદીન કમા બારકતા અલા ઈબ્રાહીમા વ અલા આલે ઈબ્રાહીમા ઈન્નકા હમીદુમ મજીદ વહૅમ અલા મોહમ્મદીન કમા રહેમતા અલા ઈબ્રાહીમા ઈન્નકા હમીદુમ મજીદ

વિશ્વતારક મુહમ્મદ (સ. અ. વ.)

નામ જગમા ખુદાનુ ન લેતુ કોઇ,
ઝાડ પથ્થર ને મઅબૂદ કહેતુ કોઈ,
મગ્ન સૂરજની પૂજામા રહેતુ કોઈ,
પૂજતુ માનતુ પાણી વહેતુ કોઇ,

કામ કેવળ થતુ મનના આદેશ પર,
આવી એવી ચડી'તી અરબ દેશ પર,

ચાલતી ભાઈ ભાઇમા શમશીર પણ,
વીર એવા હતા એ હતુ તીર પણ,
કોઈની કાંઈ થાતી ન તૌકીર પણ,
ક્યા હતી મમતા, મમતા અને ધીર પણ,

જગમા ચોકોર અધકાર વ્યાપ્યો હતો,
ને જહાલત તણો દોર ફાપ્યો હતો

મારામારી અરે ! નિત પરસ્પર થતી,
ચોરી લૂટો અને ખનામરકી હતી,
કોઇના ઘરમા બાળા કદી જન્મતી,
મૃત્યુવશ બાપના હાથથી થઇ જતી,

એવો યુગ, પણ હતો આજ મમારમા,
રચ્યાપચ્યા હતા સર્વ તકરારમા

નિજ અતિથીને પણ જાનથી મારતા,
બાઇ મા બાપને કંઈ ન ગણકારતા,
નવ દયા યાચના દિલમા સત્કારતા,
જાન લેતા અને વ્યર્થમા વારતા,

જનનુ પ્રત્યેક જન જાની દુશ્મન હતુ,
કોઈનુ પણ ન કોઇથી ખુશ મન હતુ

હેતુ રાખી ન પાછી અમાનત કોઇ,
રાખતુ કંઈ ખુદાથી ન નિસ્બત કોઇ,
પ્રાણ કેરી ન લેખાતી કીમત કોઇ,
નિત્ય નૂતન થતી પૈદા આફત કોઈ

છળ કપટમાજ રમતા હતા રાત દિન,
વેર વૃત્તિથી લડતા હતા રાત દિન

ઘડતા હાથે ખુદાને તે પથ્થર થકી,
પૂજા કરતા પછી તેની અતર થકી,
માગતા મન તણી એજ રહબર થકી,
પણ ન કહેતુ કોઇ સાચા પયગંબર થકી,

સેકડો બુત હતા એક કાબા મહીં,
સૌ હતા એમની મગ્ન પૂજા મહીં

એવા સજોગ કપરા જગતના કરી,
ખુદ ખુદાની ખુદાઇ ગઈ ખળભળી
જ્યોત કોઈ અચાનક જગે ઝળહળી,
સર્વ સખ્યેઅલાની સદા સાંભળી,

વિશ્વ તારક મુહમ્મદ પધાર્યા જગે
દુખ ઉગારક મુહમ્મદ પધાર્યા જગે

આવ્યા સસારના માર્ગદર્શક બની,
સભ્યતા સસ્કૃતિ કેરા સર્જક બની,
લોક કલ્યાણના સાચા ચાહક બની,
જેમની વાણી જગ-બોધદાયક બની,

મૂળ ઉખડી પડયા દ્વેષ તકરારના,
બી જગતભરમા રોપાયા સસ્કારના

રહમતુલ આલમીં થઇને આવ્યા અહીં,
માર્ગ સીધા જગતને બતાવ્યા અહીં,
હકના આદેશ સૌને સુણાવ્યા અહીં,
નેક સસ્કાર કંઈ એવા લાવ્યા અહીં,

દીન સ્વીકારતા નિરખી બેદીન સૌ,
થઈ ગયા હન્ને આનીને આધીન સૌ

પાપ કર્મોનુ સત્વર નિકદન થયુ
ને પિશાચોનુ ધરતીથી ખડન થયુ,
સુ નુ સર્જન થયુ કુવિસર્જન થયુ,
બે દિલોનુ પ્રણયથી સયોજન થયુ,

સૌના 'બિસ્મિલ' થયા પ્રાણ ત્યાગ નથી,
જગત બનાઇના કારણે અભાગ નથી

'બિસ્મિલ' ધોરાજવી

"મુખથી સદા સલ્લેઅલા થાએ"

મોહમ્મદ મુસ્તુફા પર જો કદી તનમન ફિદા થાએ,
જીવનનો હક અદા થાએ, મરણનો હક અદા થાએ!

વિપદ મ્હારી ટળે સર્વે અને દૂર આપદા થાએ,
દયા દ્રષ્ટી તમારી જો મોહમ્મદ મુસ્તુફા થાએ!

અરે! જો નાવના નાવિક મોહમ્મદ મુસ્તુફા થાએ,
તો બેડો પાર ના થાએ! કહે છે કોણ ના થાએ?

મને જીવતાને જીવ્યાનો અરે બદલો મળી રે' કઈ,
જીવનને અંતકાળે આપની જો કંઈ દયા થાએ

કરૂં હું શોખથી સજદા હજારો આપને ચરણે,
જો કંઈ ઇન્સાનને ઇન્સાનના સજદા રવા થાએ!

જીવન લાખો કરૂં કુરબાન એવા એક મરવા પર
મરણ જો આપને ચરણે મોહમ્મદ મુસ્તુફા થાએ!

સહારો છે મને કંઈ તો તમારો એક સહારો છે,
તમારો આસરો બસ આસરો મારો સદા થાએ

એ મુજ હોવું ન હોવું પણ ન હોવાની બરાબર છે,
થયો તો હું થયો ત્યારે તમારી જો દયા થાએ

તમારા નામમાં રાખી ખુદાએ છે મસીહાઈ,
દરદ જે લા-દવા હોએ તો એની એ દવા થાએ!

રહે તો ગમ મને ક્યાંથી બના મેહશરના સુરજથી,
તમારી છાંય જો મુજ પર મોહમ્મદ મુસ્તુફા થાએ

જીવું તો એજ આશામાં, મરૂં તો એજ આશા પર
તમારા દર્શ કંઈ મુજને મોહમ્મદ મુસ્તુફા થાએ

મનન હો તો મનન મુજને તમારી રમ્ય સૂરતથી,
રટન હો તો રટન મુખથી સદા સલ્લેઅલા થાએ

બીજું શું જોઈએ મ્હારે હું ઉમ્મતમાં તમારો છું,
એ એવી સંપતિ છે, મૂલ્ય ના જેના અદા થાએ

"હબીબ" આવે તમારા પાક રોઝા પર મરી જાએ,
ખુદા ચાહે તો કંઈ મકબૂલ એ દિલની દુઆ થાએ

સુરત] મસ્ત-'હબીબ' સારોદી

અનુવાદક

...કઇ તરફ?

રઝાકાઝી

કાળી સાડીવાળી કોઇ સુંદરી પાનની સગે રીતે સરી જતી હોય તેમ અંધકારને લઇને નિશા ભાગી રહી હતી. એની પાછળ પાછળ શ્વેત સાડીવાળી કોઈ દેવી કુમકુમ પગલે પધારી રહી હતી. એ હતી ઉષા. ઉષા આવી અને નિશા ગઇ. પ્હો ફાટ્યો, સમીરની સુંદર લહરિઓ માતાની પેઠે બુચકારીને ગુલાબી ઉંઘમાં કેફ, નશો વધારી રહી હતી. છતાંય હું સફાળો બેઠો થઇ ગયો. કેમકે મ્હારે આજે કલેક્ટર સાહેબને મળવા જવાનું હતું. બાળકો નિશાળે દોડી જાય છે તેમ, એક થેલી લઇ હું સ્ટેશન પ્રતિ દોડ્યો. ટિકીટ ક્હાડી અને ક્લાસમાં દાખલ થઇ ગયો. ક્લાસ એટલે સ્કૂલનો ક્લાસ નહિ, ટ્રેનનો ક્લાસ. સ્કૂલમાં તો સાત ક્લાસ છે પરંતુ ટ્રેનમાં ત્રણજ. પરંતુ સ્કૂલના ક્લાસ કરતાં ટ્રેનના ક્લાસની શ્રેણી ઉંચી છે ત્યાં એકથી ત્રણ ઉંચો ગણાય અને ટ્રેનમાં છેલ્લામાં છેલ્લો ક્લાસ તે થર્ડ ક્લાસ.

અજવાળું વધી રહ્યું હતું. પહેલું સ્ટેશન આવ્યું અને મ્હારી બાજુમાંના એક શ્રીમાને આજનું 'મુંબઇ સમાચાર' ખરીદ્યું. લીંડના ટોળાની પેઠે ચાર જણા એ એક પેપર પર તૂટી પડયા. વચાયું, ચવાયું, વગોવાયું અને એક થેલીમાં નાનામાં નાની ગડી વાળી મૂકી દેવાયું. હવે થઇ મૌખિક ચર્ચા. જાપાન અને જર્મનથી શરૂ થએલું એ પ્રકરણ છેવટે અનાજની તંગી અને બંગાળના ભૂખમરા પર પહોંચ્યું.

હું 'અપ્ટન સીંકલેર' કૃત 'Worlds End' વચવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યો હતો ત્યાં મ્હારી નજર એકાએક ટ્રેન બહારના દ્રશ્ય પર પડી. સુવર્ણમય થાળી જેવો સૂર્ય કંપિત દેહે ઉપર આવવા મથતો હતો તે જોયું ત્યાં એક દ્રશ્ય બીજું પણ જોયું. એક તારના થાંભલા પર બે પડેલા એક મુડદાને ગીધો ચૂંથી રહ્યા હતા. મુડદું મનુષ્યનું હતું કે પશુનું તે તો ઉતાવળમાં દેખાયું નહિ પરંતુ એની કલ્પના આવતાંજ બધા સુંદર વિચારોની જાળ તૂટી ગઇ. દિમાગમાં એકજ વિચાર ઘર કરી બેઠો 'ગીધ અને મુડદું', "મુડદું અને ગીધ" ગીધ? કેવું ભયાનક અને અપશુકનીયાળ પક્ષી! મુડદાંને ચૂંથવામાંજ જેને મઝા પડતી તેવું ઘૃણાત્મક-ગ્લાનીય પ્રકૃતિનું પક્ષી.

એ ગીધના દ્રશ્યમાંથી મ્હારા વિચારો જગતપટ પર દોડ્યા. જાણે અનેક ગીધરાજ ઉભરાતા મ્હને દેખાયા. ઝહારૂક ફ્રાન્કો, હિટલર, ટેન્જો માનવ ગીધો.

ચીન જાપાન, હિંદુસ્તાન! અરે! આખાય જગતમાં માનવ ગીધો દરેક દેશની આબોહવા એમને માફક આવે છે. દરેક દરજ્જાનું મુડદું તે ચૂંથે છે.

ટ્રેન બીજા સ્ટેશનમાં દાખલ થઇ ત્યારે મ્હારી તંદ્રા તૂટી. મ્હેં જોયું કે ઘણી શેરવાનીઓ એક ડબ્બાની સાથે સાથે દોડવા લાગી. ટ્રેન થોભતાંજ "નઅરએ તકબીર–અલ્લાહો અકબર"ની ઘોષણા શરૂ થઇ. હું ડબ્બામાં થીજ જેનું સ્વાગત થઇ રહ્યું હતું તેને જોવા લાગ્યો. એક સાડાત્રણ મણની મીરાની ગુણ જેવો માણસ દેખાયો. લાંબો ઝભ્ભો, મ્હેંદી રંગ્યું લાલ સાફ્ટિ બેર્ડ. એક હાથમાં તસ્બીહ અને બીજા હાથમાં ચાંદીની મુઠવાળી લાકડી. એ હતા એની મહાનતાના એંધાણ. કાળા ચળકતા કપાળ પર સજદાની નિશાની ખુબ ઝળકી રહી હતી. એ હતા એક ધર્મગુરૂ મૌલાના

તેઓ ઉતર્યા કે તરત મુરીદો આગળ વધી તેમના હાથોને ચાટવા માંડયા

"એ હઝરત કોણ છે?" મ્હે એક માણસને પૂછયું

તેઓ અલ્હાજ મૌલાના મૌલ્વી જનાબ શાહ સાહેબ હિંદુસ્તાનની મહાન વ્યક્તિ છે અરે! હિંદુસ્તાન બહાર પણ એમના ઘણા મુરીદો છે અને જ્યારે તેમની પાછળ ઉતરેલી બે બુરખાધારી સ્ત્રીઓ વિષે મ્હે પૂછ્યું તો જણાયું કે તે મુંબઇની પ્રખ્યાત વેશ્યાઓ છે અને ગુનાહિત જીવનથી તૌબા કરીને મૌલાનાની મુરીદ થઇ ગઇ છે હવે તે શાહ સાહેબની સેવા ચાકરીમાંજ પોતાનું જીવન વિતાવી રહી છે કેવી બડભાગી સત્યવાન વેશ્યાઓ!

ભીડ ઓછી થતાં હું ઉતર્યો અને સ્ટેશન બહાર નીકળ્યો ત્યાં શું જોઉં છું કે બે કોલેજીયનોને રિક્ષાવાળા અને ટાંગાવાળાએ ઘેરી રાખ્યા હતા એક કહેતો હતો કે સાહેબ! મ્હારા રિક્ષામાં ચાલો? અને બીજો સાહેબ! ટાંગામાં ચાલો

એક વિદ્યાર્થીએ મનુષ્ય પ્રત્યેની લાગણી દાખવતાં પોતાના મિત્રને કહ્યું 'મનુષ્ય ખેંચે એવા રિક્ષામાં બેસવું હું પસંદ કરતો નથી"

ભોળા વિદ્યાર્થીની નજરમાં "પશુની જગ્યાએ ગાડીમાં મનુષ્ય જોડવામાં આવે એ માનવતાનું હડહડતું અપમાન હતું" એટલે તેઓ ટાંગામાં બેસી ગયા આ જોઇ બિચારો રિક્ષાવાળો ઉદાસ થઈ ગયો

મ્હને લાગ્યું બિચારો ગરીબ રિક્ષાવાળો! અરે! એને તો ગાય બળદ યા ઘોડો અથવા ડોગ મેમ સાહેબનો કુતરો થવું જોઈતું હતું! એ માણસ થઇ શા માટે જન્મયો? અને મનુષ્ય તરીકે જન્મવું હતું તો હિંદુસ્તાનમાં કેમ જન્મયો? તે હિંદમાં જ્યાં પશુઓ પૂજાય છે, જ્યાં ગાયને રોટલા અને આખલાઓને મિઠાઇ ખવડાવવામાં આવે છે, જ્યાં ઝેરીના સર્પોને દૂધ પાવામાં આવે છ, જ્યાં કાગડાઓને ચોખા ખવડાવવું પુણ્ય સમજાવામાં આવે છે અને જ્યાં સડક પર મનુષ્યના શબો રઝળતા મળે છે પણ કોઈ પૂછતું નથી

હું કોઈ તરફ વધી ગ્યો હતો માર્ગમાં એક ખાદીધારીઓનું ટોળું જોયું પૂછતાં જણાયું કે આજે હિંદુસ્તાનના તે મશહુર નેતાનું ભાષણ હતું (કે જેમનું નામ જાહેર કરવું યોગ્ય લેખતો નથી) ત્યાંથી એ લોકો ફરી રહ્યા હતા

મહમાં મ્હને સાંભર્યું કે આ તેજ મહાન નેતા છે કે જેમણે કોંગ્રેસી શાસનકાળમાં જ્યારે મુંબઈ અને મુંબઈ બહારના મજૂરો અને ખેડુતો પર ગોળીબાર કરવામાં આવ્યો ત્યારે એમણે મનુષ્ય હિંસાને અહિંસા લેખી હતી

હું કોર્ટમાં ગયો દિવાની અને ફોજદારી કોર્ટ બન્ને પાસેજ આવેલી છે આ ઇમારતો માનવ જીવનની સામુદાયિક વ્યવસ્થાના સૌથી અગત્યના અંગો છે

મ્હારે દોઢ વાગ્યા સુધી બહારજ બેસવું પડયું ત્યાર પછી પુનઃ ગયો એ ઓરીસમાં કામ કરતા મ્હારા એક મિત્રને હું મળવા ચાહતો હતો પરંતુ તે બિચારા રજિસ્ટરો લખવામાં પડયો હતો એટલે હું કચેરીમાં ફરવા લાગ્યો,

જો તમારી ઇચ્છા "સુવર્ણ-દેશ"ના રહેવાસીઓના જીવનનું નગ્ન ચિત્ર જોવાની હોય તો જરૂર કોઈ દિવસ કોર્ટમાં જાઓ ત્યાં નવજાતના કેસો સાંભળવાને મળશે

એક વેપારીએ પોતાના એકના એક પુત્રને એટલા માટે મારી નાખ્યો કે તે પુત્ર-વધુને પ્રેમદા બનાવવા માગતો હતો અને તેને બે

વર્ષની મઝા થઇ એક શ્રીમતે પોતાની પત્નિનુ ખૂન કરી નાખ્યુ પરંતુ સાક્ષી ન મળવાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવ્યો એક નવાબ સાહેબે ઘણા ખેડુતોની જમીન જપ્ત કરી લીધી કારણ કે તેઓ પાક સારો પાક્યો ન હોવાથી મેહસૂલ ભરી શકતા ન હતા એક વાણિયો એટલા માટે ખુશ હતો કે તેણે પોતાના દેણદારનુ ઘર હરરાજ કરાવવાની પરવાનગી મેળવી લીધી હતી કોઈ ઠેકાણે ચોરીનો કેસ ચાલી રહ્યા હતો તો ક્યાંક કરજનો કોઈ ઠેકાણે ખૂનની ધમાલ હતી તો ક્યાંક ૩૦૨મી કલમનો ઉપયોગ થતો હતો

આ છે તે ડ્રામાઓ જે દોઢતરી અને દિવાની કોર્ટના મચ પર ભજવાઈ રહ્યા હતા

મ્હારા મિત્ર સહિત હોટલમા બેઠો બેઠો ચા પી રહ્યો હતો અહિંયાના વાતાવરણમા પણ તેજ કરજ ચોરી અપરાધ સાક્ષી અને પુરાવા ભજેના હતા કોઈ ઠેકાણે પોલિસો તો ક્યાંક વકીલો ઉભા હતા અને કેટલાક શ્રીમતો તેઓનો આદર-સત્કાર કરતા

મ્હારા મિત્રે પણ કેટલાક કેસોની વાત સભળાવી પરંતુ હુ વિચારી રહ્યો હતો કે કોર્ટનો ખરો અર્થ શુ હશે ? ન્યાય કયા પક્ષીનુ નામ છે ? તો સમજાયુ કે કોર્ટ એક ખેતર ખાતુ છે અને કાનૂન તે છરો છે કે જેનાથી અસખ્ય પશુરૂપી માનવો કાપવામા આવે છે અને ન્યાય ન્યાય મ્હને મ્હારા એક મિત્રનુ મતવ્ય યાદ આવ્યુ કે ન્યાય તે વેશ્યા છે કે જેને દરેક શ્રીમત કેટલાક સમય સુધી ખરીદી શકે છે

જ્યારે હુ પાછો ફરી રહ્યો હતો તો જોયુ કે કોર્ટના કપાઉડમા એક વૃક્ષ હેઠળ કેટલાક સીપાઈઓ એક ટ્બળાને પકડેલ હતો તેઓ ગરીબ દુબળાને મારવાની ધાક આપી આપીને પૈસાનુ વ્યાજ માગી રહ્યા હતા

સહસા તે વૃક્ષ પર દ્રષ્ટિ પડી તેની ઉચી ડાળ પર બે ગીધો બેઠેલા હતા ગીધો ગીધો કોર્ટ કેમ્પ મુસફ પોલિસ વકીલ વેપારી નવાબ શ્રીમતો વગેરે બધા મ્હારી આખો આગળ ફરી રહ્યા હતા એક મરવા પડેલ પશુને ઘેરી બેઠેલા ગીધો તારપર ઝૂલતા ગીધો ટ્રેનના ખળભળાટથી ભયભીત બની ઉડતા ગીધો અરે ! ચારે દિશામા ગીધો ઉડી રહ્યા હતા વાણિયો નવાબ મૌલાના ખાદીધારી નેતા મીનમાઝે અને સભાના પ્રમુખ હિટલર ઝુદાઉર્ફ કાકા ટોજો ચીન જાપાનનુ યુદ્ધ ભુખ્યા ગરીબો દેવાદાર સિપાઈઓ મઝૂર બે ત

શબ પડયુ હતુ અને ગીધો ચારે બાજુ ઉડી રહ્યા હતા

ટ્રેન વિજળી વેગે જઈ રહી હતી હુ તે જગ્યા શોધી રહ્યો હતો કે જ્યા સવારે મ્હે ગીધો જોયા હતા હવે તો ના થાભલાની પાસે માત્ર હાડકાં પડેલા હતા અને ગીધો ન હતા

સૂર્ય મદગતિએ અસ્તાચલ તરફ જઈ રહ્યો હતો લાભ અને લાભમાએ અમર ઝરાના અમર જળને સુકવી નાખ્યુ હતુ ધોરી માર્ગે જવાને બદલે એક નિર્જન પગદડીએ જઇ રહ્યુ હતુ

સવારે સૂર્યે જ્યા ગીધ અને શબ નીહાળ્યુ હતુ ત્યા સધ્યાકાળે કશુ નથી

કાલે જ્યારે સૂર્ય ઉગશે તો અધકાર દૂર થશે અને અહિંયા કશુજ નહિ હોય

જગદાતા

મૂળ લેખિકા
શ્રીમતિ કમળાદેવી

અનુવાદક
"મઝાક"

—અરમના શ્યામ મનોહર, હુ મારા પ્રેમનુ ગગાજળ આપના ચરણોમા અપણ કરૂ છુ માટે તેને કબૂલ કરો

—મનમોહન! જ્યારે સસાર મીઠી ઉઘમા ઉઘે છે ત્યારે એકાન્તની ઘડીઓ મારા શ્યામના તારોથી મારૂ ગણુ દમાવે છે, ત્યારે પ્રેમથી સતાવેલુ હૃદય મને બેચેન કરી દે છે અને હુ તમારા દર્શનના વિચારોમા જીવનને ભરોસો આપ્યા કરૂ છુ

—સુદર રૂપ આપની પ્રેમકથા મારા મામુ છે આપના દર્શનના વિચારો મારા દિલમા ચુટકીઓ લઈ રહ્યા છે

—મને આશા છે કે મારી આશાઓના દિવાઓ બુઝાવા નહીં દયો

—શ્યામ મનોહર, દુન્યા આપના ઉપકારોને ભૂલી શકતી નથી તમો "પ્રેમ-રવી' છો, કારણકે આપે વિયોગીઓને ઇશ્વરથી મેળવી આપ્યા છે અને મુર્તિપુજાનુ ખડન કર્યુ છે

—અને હુ આપના આ સત્ય વરતાવને પણ યાદ રાખુ છુ કે આપે સ્ત્રીઓની લાજ રાખી છે, અને તેમને બરાબરની ગણી ઇજ્જત અર્પી

—મહાસુદર, મારા મનની ચિતા દૂર કરો વિરહાગ્નિની તેજ હવા ચાલી રહી છે અને મારી આશાના દિવાઓ મદમદ થઈ રહ્યા છે જેથી હુ ઉદાસ છુ મારો આત્મા આ નિર્બળ શરીરનો ત્યાગ કરવા ઇચ્છા રાખે છે, પણ હુ આપનો પ્રેમ અને આપની કૃપાની આશાઓમા મારી જિદગીના દિવસો પસાર કરૂ છુ

"ઘણીજ બેચેન છુ મનમોહન! અરમના શ્યામસુદર! મને દર્શન આપો"

—મદીનાનો અભિલાષી!—

('તુમકો મુબારક હો ઉચે મહલ યે'—એ તર્જ)

મુજને મુહમ્મદ છો પ્યારા હૃદયથી,
થઈ જાયે મ્હારૂ નિવાસ મદીના
હા નિવાસ મદીના

તડપુ છુ વિરહે કઇ ચેન ન આવે,
ભૂલ્યો હુ ભટકુ કો' રાહ ન બતાવે
મરણાતે મ્હારી દટાએ લાશ મદીના—થઈ જાયે

ચમરગના વાસી હુ સાનિધ્ય ચાહુ,
નિત્યે તમારા હુ ગુણગાન ગાઉ,
હો જગના સ્વામી! છો પીડિતના આકા,
પૂરી કરો "અબ્દ' ની આશ મદીના—થઈ જાયે

ભૂજ —અબ્દ

"ભાઇ, તમને શુ થાય છે? હુ તમને કોઇ રીતે મદદગાર થઇ શકુ?" શેખે દુખી માણસને પૃચ્છા કરી

"હુ વ્યાધિગ્રસ્ત છુ માનથી ચાલી શકાતુ નથી જો તમે મને પેલા ગામડા સુધી લઇ જશો તો તમારો અનહદ ઉપકાર થશે" યુવાને ગામડા તરફ આંગળી ચીંધતા ઉત્તર વાળ્યો

શેખ અશ્વ ઉપરથી નીચે ઉતર્યો અને માણસને ઉપર ચઢાવ્યો શેખે ઘોડાની લગામ ઝાલી આગળ ચાલવા માડ્યુ

"જરા અહિ થોભો" દમબાર પગલા દૂર ગયા પછી સવારે યાદ કરવાનો ઢોંગ કરતા કહ્યુ, "તમે મારૂ પાથરવાનુ ચર્મ ભૂલી ગયા છો મહેરબાની કરી જરા લાવી આપોને?"

અને શેખ જેવા ચર્મને લેવા ગયા કે તરતજ સવારે ઘોડાને એડ મારી દોડાવી મૂક્યો શેખે પાછળ જોયુ અને બનેલો પ્રપચ સમજી ગયા સવાર એ પેલોજ સાહસી વીર હતો થોડે દૂર ગયા પછી તેણે બૂમ પાડી 'કેમ શેખ! આનદ છે ને? બસ, હવે પલ્લુ પૈસાના મૂલ્યે જે ઘોડો તમે ન્હોતા આપતા તેને મે કેવા પ્રપચથી મેળવ્યો?"

"થોડીક ક્ષણ માટે થોભ એકાદ શબ્દ તને કહી લઉ" શેખે કહ્યુ

"બહુ સારૂ, ત્યાજ ઉભા ઉભા કહો!" યુવાને બૂમ પાડી

"એટલોજ શબ્દ" શેખ ફરીથી બોલ્યા "જો તુ એક વચન આપે તો હુ કદીપણ મારા ઘોડા માટે ચિન્તા નહિ કરૂ અને તારે માથે દોષારોપણ નહિ કરૂ જો તને કોઇ કદાચ પૂછે કે તે આ ઘોડો કેમ મેળવ્યો તો ખુદાના માટે તું તારો પ્રપચ ખોલીશ નહિ અને તેં મને કેવી રીતે છેતર્યો એ કોઇને કહીશ નહિ નહિ તો ઇસ્લામના ઉજ્વળ નામ ઉપર એક કલક ચઢશે એક મુસ્લિમ કદી અયોગ્ય કૃત્ય કરતો નથી તારે આ કીર્તિ ઉપર પાણી ન ફેરવવુ જોઇએ"

જો કે યુવાન પેલી ખૂબસૂરત સ્ત્રીના મોહપાશમા ચકચૂર હતો છતા શેખના ઉપરોક્ત શબ્દોએ તેના ઉપર અદ્ભુત અસર કરી તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો

"તમે સત્યજ કહ્યુ છે" ઘોડો શેખને સુપ્રત કરતા તે બોલ્યો, "ઇસ્લામના પુત્ર તરીકે ઇસ્લામને કલક લાગે એવુ હુ કશુજ નહિ કરૂ"

કેટલુ બધુ અદ્ભુત પરિવર્તન

* 'The Golden Deeds of Islam' નામક પુસ્તકના 'The Desert Thief'નો સુધારા સહિત ભાવાનુવાદ

જન્મ

૧-૨-૪૪ મોહમદ કાસમ પીપરડી છોકરો-ફારૂક ૨-૨-૪૪ અહમદ ઇબ્રાહીમ મેહતર છોકરી-આયશાબીબી ૩-૨-૪૪ સૈયદમીયા ગોરમીયા છોકરી-શરીફાબેગમ ૪-૨-૪૪ અબ્દુલ કાદર હાશિમ પીપરડી છોકરી-ફાતમાબીબી ૧૦-૨-૪૪ ઇસમાઇલ મોહમદ ગોરા છોકરો-મોહમદ સૈયદ ૧૦-૨-૪૪ યુનુસ યુસુફ બાગીયા છોકરો-યુસુફ ૧૮-૨-૪૪ ઇબ્રાહીમ બતુભાઇ છોકરો-અબ્દુર્રશીદ ૨૧-૨-૪૪ હુસેનખાન હાજીખાન છોકરી-હાજરાખાતુ ૨૨-૨-૪૪ યુસુફ મોહમદ મદની છોકરો-મોહમદ ૨૩-૨-૪૪ ઇબ્રાહીમ દાઉદ છોકરી-શરીફાબીબી ૨૩-૨-૪૪ હાશિમમીયા પીરભાઇ છોકરી-મીનાબીબી ૨૮-૨-૪૪ વલી ઇબ્રાહીમ ખાડીવાલા છોકરી-રસુલબીબી ૨૯-૨-૪૪ યુસુફ અહમદ અંતુ છોકરો-ઐયુબ

મરણ

૧-૨-૪૪ આયશાબીબી અબ્દુર્રહીમ હાકેમજીની છોકરી ઉ વ ૪૦ ૪-૨-૪૪ આશાબીબી શેખુમીયાની વિધવા ઉ વ ૮૫ ૫-૨-૪૪ ખતીજાબીબી શમશેરખાન મોહમદખાન ઉ મા ૨ ૯-૨-૪૪ મોહમદ ઉમર ઇબ્રાહીમ મનસુર બજારવાલા ઉ મા ૧ દિવસ ૨૦ ૧૩-૨-૪૪ સૈયદમીર ઝીયાઉદ્દીન સૈયદ નજમુદ્દીન ખાનસાહેબ બક્ષી ઉ વ ૬૨ ૧૫-૨-૪૪ ફાતમાબેગમ મોતની સૈયદ અબ્દુલકાદર ઉ વ ૧૩ ૧૬-૨-૪૪ ઝુબેદાબીબી તે મોહમદ મોહમદ મનસુરની છોકરી ઉ વ ૧ ૧૯-૨-૪૪ મારામીબી તે ઇસમાઇલ મોહમદ મુન્શીની છોકરી ઉ વ ૫ ૨૧-૨-૪૪ મોહમદ મોહમુદ મુરાદ ઉ વ ૮ ૨૨-૨-૪૪ રસુલ ગુલામ ઓલપાડી ઉ વ ૬૫ ૨૫-૨-૪૪ ખેરનબીબી તે શેખ મોહમદ હુસેનની ધણીયાણી ઉ વ ૨૪ ૨૮-૨-૪૪ મરીયમબીબી તે ઇસમાઇલ ઇબ્રાહીમ બરચાની છોકરી ઉ વ ૫૦

Printed by *Maganlal Mangaldas Patel*, at The Gangotri' Printing Press
Kanpith, Khand Bazar, Surat

Published by *Azum Ahmed Esmail 'Vahshi'* for Vahshi Sahityakaryalaya
Tower Road, Surat

પુ. ૫ મુ; અંક ૮મો

એપ્રીલ

૧૯૪૪







કોડિયાં

છે !

મુળી કેદ્ર દિલે ના બાકી છે !
જિન્નામાં ચોરી દેખ એક પાકી છે !
બેવકૂફોથી દૂર અમારાને દોસ્ત,
દાની ખાતાને ગયો તેમાય છે !
નિત ઊઠે પ્રભાતમાં લઇ [illegible],
આનો મુફત ખરેખર નાથ છે !
આનો કવિકુળ છે કે પછી ?
શી અનોખી 'જેહની અગાડી છે ?
આવી ગત ફરીથ તો પારે છે દોસ્ત,
તેવી ગમ [illegible] લીગની શરણાઈ છે !
લીડરોની ખેંચતાણે બાન્ની—
ગામ [illegible] ના સનસાઇ છે !
ખ્વાહાની લીડરો 'દુશ્મન' જુઓ,
[illegible] તથોની તો કોઈ નાઈ છે !

— 'દુશ્મન ઓઝા'





નવી પદ્ધતી ?

કિંમત આના [illegible]



અનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ . હિન્દ રૂ. ૫ બર્મા રૂ. ૬ પરદેશ શી ૧૦ (રૂ. ૬॥) છુટક આઠ આના

લવાજમ પુરૂ થયાની ખબર બાજુના ચોકઠામાં આપી છે, બીજો અંક પ્રગટ થાય ત્યાં સુધીમાં જો લવાજમ નહીં મળે તો વી. પી. થી નવો અંક રવાના થશે. રેપર ઉપર ગ્રાહક નંબર હંમેશા લખાય છે તે નોંધી રાખો. મનીઓર્ડર અથવા પત્રવ્યવહાર વખતે તે જરૂર લખો. અંક નહિ મળવાની ફરીયાદ તારીખ ૨૫મી સુધીમાં હિન્દના ગ્રાહકોએ કરવી. સરનામુ નીચે મુજબ —

VHSAHI SAHITYA KARYALAYA Tower Road Surat

Printed by Maganlal Mangaldas Patel, at The Gangotri Printing Press
Kanpith, Khand Bazar, Surat

Published by Asum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya
Tower Road, Surat



પુ. ૫ : અંક ૮મો

માર્ગ-દર્શન

[એક પત્ર]

ભાઈ શ્રી ,

પત્ર મળ્યો, ઉત્તરમાં લખવાનું કે, જ્યાં લગી પ્રેરણાદેવી લખવાના ઉમંગનું જોમ ન જગાડે ત્યાં સુધી કાગળ બગાડવાનું કિંવા લેખનનું કાર્ય કરતો નહિ, વધુ લખીશ નહિ થોડું પણ અર્થપૂર્ણ લખજે.

કોઈને ક્યારે પણ મળ્યાં ન હોય તેવાં દુ:ખોની કલ્પના માત્ર કરીને દુ:ખી થતો નહિ.

એ ખાસ યાદ રહે કે તારી પ્રતિભાની તને આજ કરતાં આવતી કાલે વધુ જરૂર પડવાની છે માટે અનુભવેલ ઘટનાઓ અને પ્રસંગોનો સંચય કર્યા કરજે, આગળ ચાલતાં એ જ સંચયમાંથી પ્રતિભાપૂર્ણ રચનામાં તેનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે.

આજે તું કેટલાક સમાલોચકની દૃષ્ટિમાં ઉત્તમ લેખક ગણાય પરંતુ ભવિષ્યમાં તારે વાચક જગતનું લક્ષ ખેંચવાનું છે અને યોગ્ય માર્ગદર્શન પણ.

તારો
એન્ટીન ચેખોવ

[રૂપાંતરકાર – રમાકાંજી]

આવાઝકી દુન્યા

સંભળાવનાર 'બેકાર'

આજકાલ હિંદમાં ઘણું ઘણું વધી રહ્યું છે ચલણનો ફુગાવો, જુદી જુદી યોજનાઓ, અને પરદેશી એક્સ્પર્ટોની આયાત, હિંદના હમદર્દોની પરદેશી જમાત, નવા નવા છાપા, નવા નવા ઓર્ડીનન્સો ને નવા નવા કાયદા એતો નિયમિત વધતુંજ હતું હવે બીજું પણ ઘણું ઘણું વધતું જાય છે ધાડ લૂંટ, જાસાચિઠ્ઠી, ભૂખમરો, રોગચાળો, અવ્યવસ્થા, વાચનભૂખ, જાતીય ભૂખ, પ્રેમની ધીંગામસ્તી છેડછાડ, અપહરણ, વૈભવ, વિનાસ, સત્તા, ભેટ-નજરાણું, ફેશન, પાઉડર, લીપસ્ટીક પ્રેમના ગાયનો, એક્ટ્રેસોના ફોટા, બેંકો, વીમા કંપનીઓ ફિલ્મ કંપનીઓ, માનપત્રોના જલસા, પરિષદો, સમારંભો, વનપ્રવેશો, ગડબો, ભાષણો, સોસાયટીની દુકાનો, રેશનીંગના પત્રકો, ગાનારીઓ, નાચનારીઓ, પરદેશી રિપોર્ટરો, પરદેશથી આયાત તથા આબનાઓ ખીસકાતરુ, રાયતેટના સાધનો, લડાઈના પોસ્ટરો છાપાના લવાજમો, નામરજીની જાહેર ખબરો, મુશાયરાઓ, છુટાછેડાઓ, કરવેરાઓ પ્રતિબંધો અને છોકરાઓ વધી રહ્યા છે ત્યારે આવકના સાધનો, રહેવાના મકાનો, ખાવાનું અનાજ, પહેરવાના કપડા, દવા જેવી થઈ ફુલામની ઓરડી, છાપાનું કદ, માણસાઈ, વય, જિગરની શાંતિ, ને મનની ધીરજ ઘટતી જાય છે! આ વધઘટનું પરિણામ શું આવશે ? તો એમરી જાણે કે ભગવાન જાણે ? બાકી આપણે તો હિંમતનું લખેલું અને કાયદાનું છાપેલું વાંચી તેનો અમલ કરવા બંધાએલા છીએ!

●

બોલીને બોર વેચી શકાય છે ' એની ખાતરી આપણી વડી ધારાસભાના લીગ-કોંગ્રેસના સભ્યોએ ભેગા મળી કરી આપી છે એ ઉહાપોહને પ્રતાપેજ રેલ્વેનું ભાડું વધતું વધતું અટકી ગયું છે જેવી કોમચનાઈ એકતાથી લીગ-કોંગ્રેસે બજેટને ઉડાવ્યું એવી કોમવાદ નહિ પણ કાયમી એકતા ધારાસભાની બહાર ન સાધી શકાય ? પ્રભુ ફક્ત લીડરોને સદ્બુદ્ધિ આપે તો બધુંય થઈ શકે એમ છે! કંઈય અશક્ય નથી ? બીજા લીડરોને સદ્બુદ્ધિ પ્રાપ્ત થઈ હોય કે ન હોય પણ ડૉ. એમ એન રોયને તો ક્યારની સદ્બુદ્ધિ સાંપડી ગઈ છે! મજુરોમાં પ્રચાર કરવા અને કામદારોનો જુસ્સો જાળવી રાખવા એમને દર માસે ૧૩ હજાર રૂપિયા મળે છે! પછી એ નવી નવી યોજનાઓ કેમ બહાર ન પાડે ? તેથી ઉદ્યોગપતિઓની ૧૦ હજાર કરોડની ૧૫ વર્ષીય યોજના સામે એમણે પોતાની ૧૫ હજાર કરોડની ૧૦ વર્ષીય યોજના મોનીપેટ ઘોરણે વહેંચી મૂકી છે પેલાઓ ઉદ્યોગ દ્વારા હિંદનો ઉદ્ધાર કરવા માંગે છે, તો આ ખેતીની ખીલવણી દ્વારા હિંદનો ઉદ્ધાર કરવાની યોજના છે! હિંદની એક કહેવત છે કે પત્થરનો જવાબ પત્થરથી! જમાનો

એએ આસામના મોરચે એક બીજી કહેવત રચી છે કે 'ખચ્ચરનો જવાબ ખચ્ચરથી!' તેમ ડૉ. રોયે યોજનાનો જવાબ યોજનાથી વાળ્યો છે! જો મનેય કોઇના તરફથી ઓછામા ઓછો એકાદ ડૉલરનો ઇરબાયો મળી જાય તો એવી મજેસ યોજના વહેતી મૂકુ કે વાચનાર ભાન ભૂલી આશ્ચર્યથી આગળો કરડી ખાય! અને એવુ ન થાય ત્યાંસુધી એ ગરના એકુ અમેરિકાનુ ઋણ ચૂકવી દેવા એણે છ આઠ હિંદની આયાઓની ઓલાદ સુધારવા મોકલ્યા છે તેના જવાબ રૂપે અમેરિકાની ભેંસોની ઓલાદ સુધારવા અહીંથી એટલાજ પાડા મોકલવાની યોજના વિચારી શકાય! દાનડાનુ ઘી પ્રચલિત થયા પછી હિંદમા યોજનાઓનો તોટો પડે એમ નથી?

●

જેમ કાદવો કચરો પૂજો ઉકરડામા નખાય છે, ઘરનો કચરો પૂજો મ્યુનિસિપાલીટીની કચરા પેટીઓમા નખાય છે તેમ આખા યુરોપનો હીટલરે વાળેલો યહુદીરૂપ કચરો પૂજો પેલેસ્ટાઇનના ઉકરડામા નાખવાની રૂઝવેલ્ટ હિમાયત કરી રહ્યા છે! આરબો એ ઉકરડાની દુર્ગંધથી ભડકી રહ્યા છે, કે એ તેમની ભૂલ છે! એ કચરા પૂજામાથીય સડીને અંતે ખાતર થશે તો પેલેસ્ટાઇનની ખેતી સારી થશે ને? બિચારાઓ એની વિષયથી અજ્ઞાન આરબો ખાતરની કદર ન જાણે? એ લોકો ધારે તો હિંદના કિસાન ચળવળવાળાઓ પાસેથી ખાતરનો ઉપયોગ શીખી શકે છે! "નારંગી મોર છાપ' તો કે "હાંકે હાં આર્ય હારે હાં"ની જેમ હિંદના મુસલમાનો પણ પેલેસ્ટાઇનના આરબોના સૂરમા સૂર પુરાવી રહ્યા છે તે તે શું? અરે! બાટલા તમે 'પેલેસ્ટાઇનદીન' ઉજવો કે 'પેલેસ્ટાઇનસ્તાન' ઉજવો પણ નૈતિક કાનૂનનો સવાલ છે તેનુ શુ?

એક અમેરિકાનુ છાપુ ખરડી રોગાની જેમ રૂઝવેલ્ટને શીખામણ આપી રહ્યુ છે કે જો "પેલેસ્ટાઇનમા વધુ યહુદીઓને વસવા દેવાથી રોકીશુ તો હીટલરનો નૈતિક વિજય અમેરિકાને કેમ પાલવે? ભલેને આરબોનો ભૌતિક પરાજય થાય એમા એમને શુ? 'હલ્વાઇની દુકાન પર નાનીના ફાતેહા' દેવામા રૂઝવેલ્ટને શુ વાંધો હોય? ભલે આરબોએ થોડીક વધુ માનવતા બતાવી એ યહુદીઓને પોતના ઘરોમા વસાવી પોતે બ્હાર ઓટલા પર પડી રહી કે જગતના ઝાડો નીચે જીવન વિતાવી જગતને કુરબાનીની ભાવના બતાવી દેવી જોઇએ! "નેકી કર ઔર દરિયામે ડાલ!" એવુ ન કરવુ જોઇએ'

●

મણીપુરના રાજાના પંડિતો મહા વિચક્ષણ અને અજબ કૂળદૃપ ભેજાના છે મહશાન્તિ માટે તેમણે ત્રીજી રાણી કરવાની રાજાને સલાહ આપી છે મહશાન્તિના નિવારણ માટે લગ્ન કરવુ એ નવો નુસ્ખો છે! હવે આ ત્રીજી રાણી કરવાથી મણીપુરમાથી જાપાનીઓ ભાગી જશે! આ તો ઠીક નુસ્ખો હાથ લાગ્યો મારમાર કરતા આવતા દુશ્મનને પાછા પાડવા હોય તો ઝટઝુને લગ્ન કરી નાખવુ? બિચારા હીટલર વાંઢો છે તેથીજ મહદશામા બેઠો હારી રહ્યો છે? ચેમ્બરલીનના ઘડાને એણે જર્મનીની સરહદથી દૂર રાખવા હોય તો ઝટપટ લગ્ન કરી નાખીને મહશાન્તિનુ નિવારણ કર્યુ રૂઝવેલ્ટ-કે અને ગાયકવાડ વગેરે પણ મહશાન્તિના નિવારણ માટેજ એમ કર્યુ હશે!' તો પછી મકીનીવાળો રાજા વિકટર ઓંન્જ લગ્ન કેમ ન કરે? રૂમાનીયાના રાજા કેરોલ પણ મેક્સીકોમા પડયા પડયા મહશાન્તિના નિવારણ માટે ઝટપટ લગ્ન કરી નાખવુ જોઇએ તોપો, ટેંકોને હા ગોળાનો ખપ કે શુ

લગ્ન કરીને આફત દૂર કરી દેવી એ કેટલી આસાન તરકીબ છે? પૂર્વ તે પૂર્વ ને પશ્ચિમ તે પશ્ચિમ છે! ખરેખર યુદ્ધના ઇતિહાસમા મણીપુરના રાજવી અમર થશે!

●

'૨૧મી માર્ચના નિવેદનમા પહેલીજવાર ચર્ચીલના ભાષણમા શબ્દો ખૂટી ગયા હતા!' જો એમણે મનમા રા જમનાદાસની યાદ કરી લીધી હોત તો શબ્દો ન ખૂટત! કહેવાય છે કે ચર્ચીલના ચિરૂટનો ધૂમ્રપ્રવાહ અને એમનો વાણીપ્રવાહ કોઈ દિવસ અટક્યો નથી તે અટકે એમ પણ નથી! તો પછી આમ કેમ થયુ? શુ લડનમા પણ હવે શુદ્ધ માખણને બદલે દાલડા ગયુ છે? કે કઈ બીજા વિચારોમા મગજ રોકાયુ હશે? હોય, સ્ટેલીન ઝાઝો ગાંઠતો હોય એમ જણાતુ નથી! તે જેમ જેમ જર્મનીની નજીક આવતો જાય છે તેમ તેમ ભારાભારે થતો જાય છે! જુવોને મિત્રરાજ્યોને પૂછયા વિનાજ બોડોગ્લીઓની પીઠ થાબડી નાખી, રૂઝવેલ્ટની શિખામણને ગજવામા ઘાલી જાપાન સાથે નવા વહેપારી કરાર કરી લીધા! ને પોલાડની પ્રસુતીની પીડા તો હતીજ? મિત્રોની કુખામા કયે સ્થાને હાડકુ આવીને અટકયુ છે તેજ સમજાતુ નથી? બાકી ડી વેલેરા જેવો ઘરનો ગોધો આખ કાઢવા તૈયાર થાય ને અમ્બતઅતુન બ્હેરામાણસની આગળ મિનતાનો શખ ફુકે તેને હાડકા ચાવવા જેવુ સમજો, કે કાકો જેવુ 'નહિ ત્રણમા ને તેરમા કે છપ્પનના મેળમા' જેવુ માનવ સરેખડુ પણ ધાકધમકીથી ન દબાય? એ શુ? જો તે વિજય તો નજીક આવતો જાય છે પણ આવા રોડા રસ્તામા આવે છે તેનુ શુ? ઇલાજ એકજ છે બાપ જૂ ને નિવેદનો પડતા મૂકી યુરોપમા બીજો મોરચો જમાવી દેવો નહિતર જર્મન-જાપાની મહારીઓ તો આસામ જેવા કઈ મિત્રોને કોથળામાથીજ કાઢશે કે?

●

લ્યો દેશી રાજ્યની પ્રજાએ ખુશીથી નાચવા જેવો હુકમ બહાર પડી ગયો છે 'પોલિટિકલ ડિપાર્ટમેન્ટ મારફતે વાઈસરોય તરફથી હિંદના બધા રાજ્યોને હુકમ મળ્યો છે કે તેઓ બધાય પ્રજાના ચુટેલા પ્રતિનિધિઓની ધારાસભાઓ ૧૯૪૪ની આખર સુધીમા પોતપોતાના રાજ્યમા કાયમ કરે અને એ પ્રજા ચુટાયના સભ્યોમા થીજ' દીવાનની પણ ચુટણી થાય તથા રાજવી રાજ્યની આવકમાથી ફક્ત પાચમો ભાગજ પોતાના ખર્ચ માટે લઈ શકે!' વાત તો મોઢામા પાણી છુટે એવી છે, પણ એ કાયદાના ઊંટ સામે દેશી રાજાઓ કાઢડા કરશે તો? કાયદો જુદી વસ્તુ છે અને કાયદાનો ફાયદો ઉઠાવવો એ જુદી વસ્તુ છે! ભૂતકાળમા દેશી રાજ્યોના દેશીસચા કઇ ખટપટમા ઓછા ઉતર્યા નથી? દેશી રાજ્યોમા તો એક નહિ પણ હજારા વીરવાળાઓ ભર્યા પડયા છે, તેમની આગીધુગીવાળી પાઘડીઓથી પ્રભુ પનાહ માગે છે તોય સરકારનો શુ હિસાબ?

●

ગુજરાતના ગૌરવ પ્રવૃત્તિના બીજ રોપનાર રાદેરનુ મુ શુ માહિત્ય મડળ વિલીન થયા પછી ગુજરાત અને બૃહદ ગુજરાતના અનેક સાહિત્ય રસિક મિત્રો તરફથી પુન તેને ઉભુ કરવાના પત્રો, સદેશા તથા રૂબરૂના સુચનો થયા હતા પણ ભૂતકાળના અનુભવથી અમે છેક ધરાઈ ગયા હોઇ એક દાયકા વિતી જતા સુધી ચુપ રહ્યા રાદેરના મુ શુ સાહિત્ય મડળના બારે ભોગોનુ ભાન થોડાક જ યુવકોને હતુજ અને છે એ ભોગોને પ્રતાપે ગુજરાતમા

માજે ગઝલ ફુલીફાલી રહી છે તેને વધુ વિક-
સાવવા અને ગઝલને જેમ બને તેમ વધુ
શૃંગાર કરવા સુરતના યુવાન સાહિત્યકારો કે જે
ગઝલ તરફ ખૂબ આકર્ષાયા હોઇ તેમના અપૂર્વ
ઉત્સાહ અને ગઝલ પ્રેમના પ્રતાપે આજે 'મહા
ગુજરાત ગઝલ મંડળ' સ્થપાઇ ગયુ છે ભુત
કાળના બોધપાઠોને વિસ્મૃત કર્યા વગર વર્તમાન
મંડળની સ્થાપના કરી હોઈ, તેના ઉજ્જ્વળ
ભાવિની અત્યારે તો મારી આશા રખાય છે
આથી વિશેષ કંઈ લખુ તો 'વરને કોણ
વખાણે? તો કે વરની મા' જેવો આક્ષેપ વહો-
રવાનો વારો આવે માટે આટલેથીજ થભી
ખુદા પાસે પ્રાર્થના કરીશુ કે ખુદા એને 'વધુ
ફળવતુ અને જોમવતુ કરે!' આશા છે કે
સાહિત્ય પ્રેમીઓ અને વાચકો એમા 'આમીન!'નો
સાદ પુરી અમલી સહકાર કરશેજ

●

ઇસ્લામી શિક્ષણ

જનાબ મૌલાના મૌલ્વી અબ્દુર્રહીમ સાહિબ
રાંદેરી સાહેબની તબીઅત નાસાઝ હોવાથી
આ અંકમા ઇસ્લામી શિક્ષણના મકબૂલ
પૃષ્ઠો આપી શક્યા નથી

સ્વીકાર અને સમાલોચના

હાસ્ય મંઝિલ પ્રકાશક હરિહર પુસ્તકાલય ટાવરરોડ સુરત મ૦ રૂ ૩) લેખક—'બેકાર' 'કારવાના વાચકો 'બેકાર' સાહબની કલમથી અપરિચિત તો નથીજ કેના એ હાથમાંથી એમની કલમ ખૂબ વેગથી દોડી રહી છે દર સાલ ટકોરાબંધ એમના પુસ્તકો બહાર પડતા જાય છે **હાસ્ય મંઝિલ** નામ પ્રમાણે ગુણ ધરાવતુ ૩૫૮ પુષ્ટ હાસ્ય પુસ્તક કે એમા હાસ્યરસના જુદા જુદા અઢાર લેખો છે હેતુ પુરસરનું માર્મિક હાસ્ય અને કટાક્ષ એમા ડગલેને પગલે માલમ પડે છે કોને વખાણીએ અને કોને છોડી દઇએ એજ સમજ પડતી નથી? પ્રસ્તાવનાથી સમાપ્ત સુધી વાચકને જકડી રાખતુ એ ૨૫૦ પાનાનું પુસ્તક હાસ્ય પુસ્તકોમા અનેરી ભાત પાડે એમ છે શિષ્ટ, પુષ્ટ ને મિષ્ટ હાસ્યના મચોટ રંગીન લખાણ સહિત, રમુજી શૈલી સુંદર મુદ્રણ ને સર્વથી શ્રેષ્ઠ જેકેટ જોયા ને વાચ્યા પછી પૈસા વસુલ થયા છે'ની ખાતરી કરાવીજ છોડે છે

પ્રેમ કન્યા લેખક અને પ્રકાશક ઉપર મુજબ કીં રૂ ૨) કોઈપણ લેખકના એકી સાથે બે પુસ્તક પ્રકાશન પામે એ તેની કલમની સફળતાની નિશાની છે ભલે બીજા લેખકો ગુજરાતકેબેકદર કહેતા હોય પણ 'બેકાર'ની કલમતી તો ગુજરાતે સારી કદર કરી છે, એમના બાર બાર પુસ્તકો ગુજરાતે અપનાવી લીધા છે અને તેમાંય ચાર પુસ્તકોની તો બબ્બે આવૃત્તિ થઈ ચૂકી છે મજકુર પુસ્તક હાસ્યપૂર્ણ ત્રિઅંકી ડ્રામા છે એ ત્રિઅંકી હાસ્યપુસ્તક બીજા કોઈપણ પ્રકારનો ઉપદેશ આપ્યા વગર કેવળ હાસ્યનુંજ નિરૂપણ કરે છે ૧૮૦ પાનાના એ પુસ્તકમાથી વિદ્યાર્થીઓ ઘણા સુંદર પ્રવેશો ભજવી શકે એમ છે ગુજરાતને હાસ્ય સમૃદ્ધ કરવામા લેખક અને પ્રકાશક બને અભિનંદનના હકદાર કરે કે 'બેકાર' સાહબના પુસ્તકો મા 'કારવા'ના ગ્રાહક વાચકોને ભલામણ કરવાની ન હોય?

મોમીનબ્ધુ: મુસ્લીમ કાઠિઆવાડ પંજેબાઈ કલમ ત ળથી નીકળતુ એ માસિક ઇસ્માઈલી કવિઓ અને લેખકોના સહકારથી દિવસે દિવસે સારી પ્રગતિ સાધી રહ્યુ છે તથી ઇસ્માઇલી ગજન કોઈપણ જાતની ધાંધલ ધમાલ વગર જ્ઞાતિ સુધારા અને સાહિત્ય સેવાના પંથમા ઠીક ઠીક ધપી રહ્યા છે આ માસિકના સંપાદક 'આરઝુ' છે ગુજરાતની સંપાદનકળા સમૃદ્ધ થતી જાય છે તેનો પુરાવો આ અંક આપી રહ્યો છે જી અમદ પ્રવાસી રમેસાગર, સહર, ગુનહગાર આરઝુ ધુની, અમીર શ્રીમતિ ઝોહરા બશીર નામાવલી વગેરેના લેખો તથા ગઝલો ઠીક ધ્યાન ખેચે છે પ્રાસંગિક ચિત્રો પણ યોગ્ય સ્થળે રજુ થયા કે

ઈસ્માઇલી આગેવાનો અંક એરલે રંગીન ફોરા ચિત્રો અને સંગીન લેખોનું એક સુંદર આલ્બમ ગુજરાતની આગળ વધેલી ઇસ્માઈલી જમાતનું આ પેપર પોતાની જ્ઞાતિના એક નિર્મળ ને સ્વચ્છ દર્પણ રૂપ છે ચિત્રો, ફોગેને લેખોની પાછળ છુટે હાથે ખર્ચ કરનાર આ એક અઠવાડિક છે કારણ કે એનું પીઠબળ મજબૂત છે અમદ 'શયદા, ખંડુભાઈ દેસાઇ તુરાબ ધાના, નસીમ આરઝુ, મસ્તરરીક, લાખાણી વગેરેના લેખો કાવ્યો ઉપરાત જીગર, જોશ, નાગરનિઝામી સાહેરલ કાદરીના ઉર્દુ કાવ્યોનુ ગુજરાતી ભાવનિરૂપણ ખાસ ધ્યાન ખેચે છે સંપાદન પાછળ લેવાએલી મહેનત ખાસ દેખાઈ આવે છે

તેજ ચિત્ર. (મુંબઈ) સાહિત્ય પરિક અંક કી ૪ આના યુવાન કોન્ટ્રિબ્યુટરોના આ

માસિકે થોડીક મુદતમાં સારી પ્રગતિ સાધી છે સાહિત્ય પરિષદના ટૂંક ઇતિહાસ જેવો આ અંક સાહિત્યની વાનગીથી સમૃદ્ધ થયો છે નિબંધો જેવી સુંદરતા એમાં નથી અને સાહિત્ય ચર્ચા હોવા છતાં કંટાળ્યા વગર વાંચી શકાય છે એ એનું આકર્ષણ ગણાય તંત્રીઓની મહેનત બર આવી છે

ધી યંગ મુસ્લિમ પટેલ એસોસીએશન [મુંબઇ]નો ૧૯૪૨-૪૩નો રિપોર્ટ રિવ્યુ અર્થે મળ્યો. ભરૂચ જીલ્લાના કેળવાયેલા યુવાનોની આ નાનકડી છતાં ઉપયોગી સંસ્થા કોમના હાજતમંદ વિદ્યાર્થીઓને પુસ્તકો પુરા પાડવાનું શુભ કાર્ય કરે છે સંસ્થાના પ્રમુખ ઉપપ્રમુખ, મેનેજીંગ સભ્યો અને સેક્રેટરીઓથી અમે પરિચિત હોઈ તેમની કાર્ય ધગશ અને કોમની કેળવણીની હમદર્દીની ધગશ જોતા ધારે તો હજુ આ સંસ્થાને વધુ વિશાળ પાયા પર મૂકી શકે એમ છે બુકફંડ ઉપરાંત સ્કોલરશીપ સ્કીમ પણ ઉપાડી લેવી જોઇએ જેના વધુ મહેનત પડે ખરી સંસ્થાની કાર્યવાહી અભિનંદનને પાત્ર છે

ધી મેમણ એજ્યુકેશનલ એન્ડ વેલ્ફેર સોસાયટી [કલકત્તા]નો ૧૯૪૨-૪૩ નો રિપોર્ટ રિવ્યુ અર્થે મળ્યો ૧૦ વર્ષથી આ સંસ્થા મક્કમ પગને કેળવણીના ક્ષેત્રમાં પોતાનો કીમતી ફાળો આપતી રહી છે ચાલુ વરસની કાર્યવાહી પણ ખુબ ઉપયોગી અને સબળ નીવડી છે એક વહેપારી કોમ ધારે તે કરી શકે છે એનું અજોડ ઉદાહરણ રૂપ આ સંસ્થા છે કેળવણીના સર્વદેશીય વિકાસ માટે આ સંસ્થા સારા પ્રયત્નો કરી રહી છે

●

'નવયુગના મંડાણ' 'યુવક' સોસાયટી' વગેરેનો સહર્ષ સ્વિકાર કરીએ છીએ સમાલોચના આવતે અંકે

—તંત્રી 'કારવાં'

●

મહાગુજરાત ગઝલ મંડળ, સૂરત

સૂરતના ગઝલ પ્રેમીઓની એક સભા તા ૯-૪-૪૪ની સાંજના ક ૬-૦ વાગે મંડળની સ્થાપના કરવા માટે મળી હતી તેમાં હિન્દુ-મુસ્લિમ શોખીનો ભેગા થયા હતા અને મંડળની સ્થાપના માટેનો ઠરાવ કરવામાં આવ્યો હતો

ચુંટાએલા ઓધ્ધેદારો—

પ્રમુખ –જનાબ 'સેહર' ઉપપ્રમુખ –શ્રીયુત ખંડેરાવ માનાજી પવાર અને ઇશ્વરલાલ વીમાવાલા ખઝાનચી –જનાબ 'વહશી' અને મંત્રીઓ જનાબ 'તાજ', પૂનેમ શાહ અને મસ્ત-હબીબ.

વાર્ષિક ફી:—

સહાયક રૂા ૨૦, ઉત્તેજક ૧૦,
સામાન્ય સભાસદ રૂા ૩

ગુજરાત અને બૃહદ ગુજરાતના ગઝલ પ્રેમી કવિઓ અને રસિકો કોઇપણ જાતના કૌમી ભેદભાવ વિના અગાઉથી ફી ભરી સભ્ય બની શકે છે

પત્રવ્યવહાર વી૦ માટેનુ સરનામુ —
મંત્રી, મહાગુજરાત ગઝલ મંડળ
C/o. 'કારવાં' કાર્યાલય,
ગારુ રોડ સૂરત.

●



મૌલાના અહમદ અશરફ કાદરી

●

સવાલ જે બાઇને તલાક અપાઈ તે બાઈ કુન ગુનાહ કરી ચુકેલી શરઇ ગુનાહ ફોજદારી કેમ લાગુ પડે એવા ગુનાહ વ્યવહારિક ગુનાહ એવી રીતે કબીરા ગુનાહોના કામો કરી ચુકેલી હોય અને તે ગુનાહોના સબબથી તેને તલાક મળી હોય તો તેવી નાલાયક ઔરત પોતાની છોકરી (તલાક મળવા વખતે) તેની (ઉમર વગેર ૮થી ૯ાના આસરે) હોય તો તે છોકરીને તે ઔરત (તેની મા) રાખવા લાયક છે કે નહીં? તેની મા પોતાની પાસે રાખી શકે છે? તે શરીઅતના હુકમ મુજબ કીતાબોના હવાલા સાથે લખી જણાવશો.

જવાબ–પુછેલી સુરતમા જણાવવાનુ છોકરાને સાત વર્ષ સુધી અને છોકરીને નવ વર્ષ સુધીમા એ રાખવાનો હક ધરાવે છે અને તેનો રીતસરનો ખરચ (જે વ્યાજબી હોય તે) બાપે માસીક અથવા વાર્ષિક આપવો જોઇએ પરતુ સવાલમા લખેલી હકીકત મુજબ જો બાઈ ખરાબ–બદચલણ–ખરી રીતે હોય તો બચ્ચાને મા પાસે રાખવા બાપ ના પાડી શકે છે એટલે કે બાપ પોતાની પરવરીશમા રાખે

સવાલ–એક ઓરતને તલાક અપાઈ તો અપાએલ તલાકવાળી બાઇના ભાઇએ જમાતમા ફરીયાદ કરી કે અપાએલ તલાક ગેરવાજબી છે એ ફરીયાદ અરજી ઉપરથી જમાતે બન્ને પક્ષને બોલાવ્યા અને એક પચ ઉભુ કર્યું અને બન્ને પક્ષને પચે પુછયુ કે બોનો અમો જે કાંઈ કરીએ તે તમાર મજુર છે બને પક્ષોએ પચ ઉપર ભરોસો રાખીને કહ્યુ કે જો અમારો કેસનો તમારે બને પક્ષોને મનજુર હોય તો આ પચાતનામામા સહીઓ કરો અને સહીઓ નહી કરો તો જમાતના ગુનેહગાર ઠરશો તો એવી રીતે બને પક્ષોની અગાઉથી તે કેસના બાબત સહીઓ લેવી બાએજ કે અને તેમા આપણી શરીઅતના શુ હુકમ છ તે કીતાબોના હવાના સાથે લખી જણાવશો

જવાબ શરીઅત મુજબ જમાતે કેસનો કરવો જોઇએ શરીઅતના વિરૂદ્ધ કેસનો કરવો દુરસ્ત નથી બધા ગુનેહગાર થશે કુર્આન શરીફમા અલ્લાપાક ફરમાવે છે કે જ્યારે લોકો વચ્ચે તમો હાકેમ તરીકે નીમવામા આવો તો તે વેળા જે હક અને સત્ય વાત હોય તે ઇન્સાફથી ફેસલા કરવા બીજી જગ્યાએ અલ્લા પાક ફરમાવે છે કે કોઈ ચીઝમા તમારી વચ્ચે ઝગડો પડે તો કુર્આન શરીફ અને હદીસ શરીફ મુજબ ફેસલા કરો એટલે શરીઅતના હુકમ તમામ અમલ કરવુ જોઇએ શરીઅત વિરૂદ્ધ કરવુ કાઇને હક નથી

સવાલ–જે બાઇને તલાક દેવાઈ તે બાઇના વાલીઓએ જમાતમા ફરીયાદ કરી કે અમારી દીકરીમાં એવા શુ એબો હતા જે તેના ખાવીન્દે તેને તલાક આપી જે તલાક આપનારના વાલીઓને જમાત પુછે જે ઉપરથી જમાતે તલાક દેનારના વાલીને જમાતે પુછ્યુ કે તમારા દીકરાએ પોતાની ઓરતને શા કારણોસર તલાક આપી તે કારણો જણાવો તો તલાક દેનારના વાલીએ જમાતમા કહ્યુ કે બાઇને તલાક તો અપાઇ ગઈ જેથી અપાએલ તલાકવાળી બાઈના એબો જમાતમા કેહવા એ હુ ઉચીત ધારતો નથી અને નાતની

દીકરીના એમો નાતના બન્ને જમાનમાં રૂ
જોર કરી શકતો નથી તે વાત સાભળીને
જમાતના આગેવાનોએ ક્હ્યુ કે જો તમો તે
છોકરા જાહેર નહીં કરો તો જમાતના ગુનેહગાર
છો એવી રીતે જમાતના આગેવાનો અપાએન
તનાકવાળી માર્ગના એમો જાહેર કરવા ફરજ
પાડે તો તેમાં (શરીઅતનો શો હુકમ છે) અને
ગુનેહગાર હોઇ શકે છે અને એવા આગેવાનો
આગેવાન થવા લાયક છે કે નહીં તે શરીઅ
તના હુકમ મુજબ કીતાબોના હવાલા સાથે
જવાબ લખવા કૃપા કરશો

જવાબ—પુરૂષની સુન્નતમાં તનાક આપવાના
હક મરદને છે તોપણ સુન્નતમાં મરદ પોતાની
ઔરતને તનાક આપશે તો તનાક પડી જશે
પરંતુ લાચારીની હાલત સિવાય ઔરતને
તનાક આપવી ન જોઇએ કારણ કે હદીસ
શરીફમાં આવ્યુ છે કે અલ્લાહપાકની નજદીક
જાએઝ ચીજોમાં સૌથી બદતર ચીજ તનાક છે
તેમ તનાક આપવી છે જ્યારે માણસ ધણો જ
લાચાર થાય તો તનાક આપવી જોઇએ હુકમ
નથી તો તનાક આપી ને એ બાબતમાં
મુદ્દાને તેનો ગુનેહગાર ઠરશે નહીં જમાતને
બધાઓની રૂબરૂમાં તનાક આપવાની બાબ
તિરે વાહીવાત કરવી ન જોઇએ અને જો
બાબત બરોબર પુરી ચાલ ચલગતની હોય તો
ખાનગી રીતે તેની તપાસ અને તેહકીક
કરવામાં આવે અને ખરી રીતે સત્ય જણાય
તો તેની ઇસ્લાહ એટલે સુધારણા કરવી
જમાત ઉપર જરૂરી છે પરંતુ નાહક
શરીઅત વિરૂદ્ધ મને પક્ષોમાંથી એક ઉપર
ઝુલમ તથા જુઠી તોહમત મુકવામાં આવે નહીં
એ બાબતમાં ખુદાથી ખુબ ડરવું જોઇએ
બાબતના હિસ્સે ને ભોગ અને મન દારૂમીનની
સામે દરેક વસ્તુના કેમના થનાર છે

સવાલ—જમાત આગળ તનાક આપેલી
ઔરતની એબો ન બોલવાના કારણથી જમાત
આગળ ખુલાસો કરવા ના પાડે અને તે
ઉપરથી જમાત એવો ઠરાવ કરે કે આપેલ
તનાક ગેરવાજબી છે જેથી તનાક આપનાર
રૂ ૧૫૦) દોઢસો દંડ તરીકે જમાતફંડમાં
ભરે અને તનાક દેનાર માણસ સવા
વરસ સુધી પોતાનું ક્યાંય પણ સગપણ ન
કરે અને જો તનાક દેનાર એ મુદત દરમ્યાન
સગપણ કરશે તો જમાતનો ગુનેહગાર ઠરશે
એવો ઠરાવ જમાત કરીને તે પ્રમાણે તનાક
દેનારને વર્તવાની ફરજ પાડે તો એવો ઠરાવ
કરવો આપણી શરીઅતમાં જાએઝ છે અને
એ પ્રમાણે થઇ શકે છે શરીઅતનો તેમાં શુ
હુકમ છે તે કીતાબોના હવાલા સાથે જવાબ
લખી જણાવશો

જવાબ—તનાક આપનાને જમાતે રૂ
૧૫૦) દંડ ક્યા અને સવા વરસ સુધી બીજી
શાદી નહીં કરી શકે એ બન્ને વાતો શરીઅતની
વિરૂદ્ધ છે મરદ જ્યારે ચાહે ત્યારે બીજી
નિકાહ કરી શકે જ્યારે શરીઅત તેને
શાદી કરવાથી રોકતી નથી તો જમાતને શુ
હક કે તેને શાદીથી રોકી શકે?

સવાલ—મસ્જિદનો મુતવલ્લી ખિયાનત કરે
છે તો તેને બાતલ કરવો જોઇએ કે નહીં
અને મુસલમાનો તેને બદલે નહીં તો ગુનેગાર
થશે કે નહીં?

જવાબ—મસ્જિદ [illegible] કાયિમ વકફનો
મુતવલ્લી (ટ્રસ્ટી) ખિયાનતદારી કરે તો તેને
મોઅત્તલ કરવો અથવા આમ મુસલમાનો મળીને
ઓહદાથી હટાવી દે કેમકે એવી રીતે મરદ
ઓહદાને લાયક રહેતો નથી અને તેણે જેટલી
ખિયાનત કરી હોય અને નુકસાન કર્યું હોય
તે વસુલ કરવામાં આવે અગર જો એમ

કરવામા ગફલત કરવામા આવશે તો બધા સખ્ત ગુન્હેગાર થશે (ફતાવા તનકી હુલ હામેદીયહ)

સવાલ-સાઉથ આફ્રીકામા એવો કાનૂન થયો છે કે ઇસ્લામી તરીકા મુજબ જે નિકાહ થયા હોય તે નિકાહ પાછા કોર્ટમા મેજીસ્ટ્રેટની સામે કાયદેસર થવા જોઇએ અને ન થયા હોય તો પહેલી વારના નિકાહ કોર્ટમા જ થવા જોઇએ

જવાબ-નિકાહમા ઇજાબ અને કબૂલ બે ગવાહો સહીત જરૂરી છે અને જ્યારે ઇસ્લામી તરીકા પ્રમાણે નિકાહ થઈ ગયા હોય અથવા થવાના હોય તો તે નિકાહ કોર્ટમા મેજીસ્ટ્રેટની સામેજ થવા જોઇએ એ બીન જરૂરી વાત છે અને મુસલમાનો માટે ઘણુજ મુશ્કિલ કામ છે કે મજહબે ઇસ્લામે એ બારામા એક પ્રકારની છુટછાટ આપેલી છે તેને બધ કરવામા આવે છે અને ઇસ્લામી કાનૂનમા એથી દખલ અદાઝી થાય છે જો ભવિષ્યમા એ નિકાહ વિષે વારસા વહેચણી કે નામા અથવા બીજી કોઈ પ્રકારનો અદેશો હોય તો અસલી નિકાહની ત્રણ કોપીઓ તૈયાર કરવામા આવે જે ઉપર વકીલ-ગવાહ-બીજા હાજર મજલિસના અમુક સભ્યોની સહીઓ હોય અને એક નકલ મરદને એક નકલ ઔરતને અને એક નકલ કોર્ટને આપવામા આવે એથી ભવિષ્યની પૈદા થનારી મુશ્કેલો ઘણી સહેલાઇથી દૂર થઈ શકે અને એથી શરીઅતની આપેલી આઝાદી પણ સચવાયેલી રહે છે માટે મુસલમાનોએ ઉપલા કાનૂનને સુધારવાની પુરતી કોશિશ કરવી જોઇએ નહીતર એક પછી એક ઇસ્લામી કાનૂનો મીટાવી દેવામા આવશે જેથી મુસલમાનો સઝા તથા અઝાબે ખુદાવદીના મુસ્તહક બનશે

સવાલ-ખુતબાના સમય ઉપર કોઈ પણ ઇબાદત થઈ શકે કે નહિ

જવાબ-જુમ્અહના દીવસે ખુત્બો થતો હોય ત્યારે કોઈ પણ પ્રકારની વાત કરે નહિ તેમજ નમાઝ પઢે નહિ બલ્કે ચુપચાપ અદબથી ખુત્બો સાભળે

સવાલ-એક માણુસની પકતન ખાની ઝમીન પર બીજા માણુસે ઝાડ રોપી શકે છે? તેના ફળ ખરીદી ખાવા દુરૂસ્ત છે?

જવાબ-ઝમીનનો માલિક ગાફેલ હોય તો ઝાડ રોપી શકે છે નહિતર માલિક ઉખેડાવી શકે છે તેના ફળ રજા મેળવી અથવા ખરીદી ખાઇ શકે છે


સવાલ-પોતાની માનુ દૂધ આવતુ ન હોવાથી એક નાનો છોકરો પોતાની દાદી અથવા કોઇનુ દૂધ પી શકે છે

જવાબ-છોકરો પોતાની દાદી અથવા કોઇનુ દૂધ પી શકે છે પરતુ ફરી એ છોકરા કોઈ વેળા પણ ફોઈની છોકરી સાથે કે કાકાની છોકરી સાથે નિકાહ કરી શકશે નહિ કારણ કે ફોઈની ઔલાદ તથા દાદીની ઔલાદ એના દૂધ શરીક ભાઈ બ્હેનો ઠરશે

સવાલ એક મસ્જિદમા ઇમામ તથા મોઅઝ્ઝીન મોજૂદ છે તે મસ્જિદમા એક નમાઝી કે જે કદી કદી વર્ષમા એક બે વાર આવતા હશે મજકુર મસ્જીદના માગીની રજા વગર તક્બીર એટલે એકામત કહે છે તેને ના પાડવામા આવે છે છતા તેઓ માનતા નથી એવા માણુસો માટે શુ હુકમ છે

જવાબ જેણે અઝાન કહી હોય તેણેજ તક્બીર (ઇકામત) કહેવી જોઇએ જો તે મોઅઝ્ઝીન (બાગી) તકબીર વેળા કોઈ ઉઝ્રના કારણે હાઝર ન હોય તો બીજો કોઈ પણ માણુસ તકબીર કહી દે પરતુ તેની હાઝરીમા તેની રજા વિના અઝાન કે ઇકામત બીજો માણુસ કહે નહીં

પોઠ



ઊઠ્યા તેવાજ સીગારેટ સળગાવી જાજરૂમા ઘુસ્યા જાજરૂમાથી નીકળ્યા તો દોડ્યા નળ પર પાણીની એક બે છાલક મો ઉપર મારી ન મારી ત્યા કપડા પહેરી દોડ્યા બજારમા સૌથી પહેલા એક હૉટલમા ઘુસ્યા 'છોકરા જલદીથી ચાહ લાવ" કહી હૉટલવાળાના આવેલા પેપરો પર તરાપ મારી આરંભથી અંત સુધી અક્ષરસ વાચી લઈ "કંઈજ નથી" કહેતાની સાથે છાપા મૂકી ચાહ પીવા માડી ચાહ પીતા પીતા હૉટલવાળાને બીજુ દૈનિક મગાવવાની ભલામણ કરી દીધી ચાર આનાનુ મફત વાચીને એક આની ચાહની ચૂકવતા બહાર નીકળ્યા બારણે પોતાની ટાઈપના પાચ મિત્રો મળ્યા તેમની સામે વાચેલુ બધુ ઓકી નાખ્યુ વચ્ચમા યુરોપ, રશિઆ જાપાનને છેક વટે સુધી નાખી હિન્દની ખબર લેવા માડી પહેલા કોન્ગ્રેસીઓને ભાડ્યા પછી મુસ્લિમ લીગ પર ટકોર કરી પાકિસ્તાનની તરફેણમા ન્હાનકડુ લેક્ચર આપી કાઈદે આઝમનો મુકામ હાલ ક્યા છે? અને તેઓ શુ કરી રહ્યા છે? નો સવાલ પૂછ્યો અને એનો જવાબ કોઈ ન આપતા પોતે આપી દીધો નજીકની લાયબ્રેરી ખૂલતા તેમા ઘુસ્યા અને બેએક વધુ છાપા જોઈ કાઢ્યા લીગનુ ગુજરાતી દૈનિક ન હોવાનો અફસોસ જાહેર કરતા 'વંદેમાતરમ' પકડ્યુ અને છોડ્યુ તે 'જન્મભૂમિ' લીધુ બે ત્રણ અઠવાડિકોના પાના ઉથલાવી જોયા અને ત્રણ ચાર માસિકોનો રસ ચૂસી લીધો અને 'કશુંજ નથી' કહેતાની સાથે 'કારવાં' પકડ્યુ 'ફુલાના' બારીકાઈથી જોયા અને નવીજ ફિલ્મનો ફોટો પૂછવાની પેરવી દિમાગમા ગોઠવવા માડી એટલામા દૂરથી કોલાહલ જણાતા એને પણ પરખી બનતી ત્વરાએ ત્યા દોડ્યા અને લોકોના ટોળામા મુંડી મારી ઘુસી ગયા જલ્દીથી મોટર નીચે કુતરૂ આવ્યાની વાત જાણી લીધી એટલે છવાગો ભાગના બીજાઓને સમાચાર આપના દોડ્યા રૉઈટર સમાચાર એજન્સીના ખબરપત્રી તરીકે બીજી બેએક ગામમા ઘોળાઈ રહેલી વાતો પણ કાઢી અને રિવ્યુ કર્યુ બે ચાર આટા પૂર્વ તરફ અને એકાદ ઉત્તર તરફનો મારી હા હા હી હી કરતા ઘર તરફ વળ્યા

ઘેર જઈ ખાધુ અને ઉંઘવા સારૂ આડા પડ્યા પણ ઉંઘ ન આવતા એકાએક બેઠા બ'કે ઊભા થઈ ગયા સામે છત્રી પડી હતી તે ખોલી બરાબર જોઈને બધ કરી મૂકી દીધી બારી માથી મહો'લ્લાનુ નિરીક્ષણ કર્યુ અને એ તાકવાથી થાકતા ખુરસીમા પડ્યા 'ઈકબાલ' અને 'એહસાન'ના દીવાનો વાચવા માટે મેજ પરથી લીધા, ત્યા મેજની જગ્યા બદલવાનુ યાદ આવતા તે કામ આરભ્યુ ચપનમા ખીલી ઠોકી અને જિન્નાહનો ફોટો વાકો વળી ગયો હતો તે સીધો કર્યો ફિ'લ્મનુ એકાદ ગીત યાદ આવતા પહેલા ગળથી ગાયુ અને પછી સીટી વગાડીને ગાયુ આરસીમા મોઢુ જોવા લાગ્યા અને મૂછના સફેદ વાળ તોડવા લાગ્યા, મિત્રને ત્યા જવાનુ યાદ આવતા ત્યા ગયા અને ત્યાથી સારોસાર સીનેમામા ગયા ત્યાથી પાછા ફર્યા સાજનુ ખાધુપીધુ અને સૂઈ ગયા અને પાછા

આવતી કાલે સવારે તે એમજ ટાઈપનું જીવન ચક્ર ચાલુ હતું

× × ×

પત્રનો જવાબ પણ લખવાની એમને ફુરસત નથી મળતી એવા એક યુવાન મિત્રની દિનચર્યા ઉપર મુજબ છે બનવા જોગ છે તેમા એક બે વાત વધી ગઈ હોય યા એક-બે લખવાની રહી ગઈ હોય પરંતુ એટલુ તો ખરૂજ છે કે એમને ફુરસદ નથી જો કે કમાવાની ભાંજગડ ન હોવાથી લોકો એમને ફુરસતીઆજ કહે છે પણ આપ જુઓ તો ખરા કે એમને ફુરસત છેજ ક્યા? એમની ગરદન પરના વાળ ઘોડાની કેશવાળી જેવા દેખાય છે છતા તે મુડાવાની પણ એમને ફુરસત નથી, શુ કરે? ન મળે ફુરસત તો તેઓ બિચારા પણ શુ કરે? યુરોપ, અમેરિકાના જવાનોની મિસાલ આપીને તમે એમ કહેવા માગો છો કે અમારા મિત્ર એ વાતોથી અજાણ છે? ના, ના, તેઓ બધુ જાણે છે, કોમ સેવા, દેશ પ્રેમ વગેરેની ચર્ચાઓમા તમે એમને કદિ પણ પહોંચી નહિ શકો ઘણીએ સ્કીમો તેમના દિમાગમા ભરી છે જે પર અમલ કરવાથી કોમ અને દેશનો બેડો પાર થાય તેમ છે પરંતુ તેઓ બિચારાને ફુરસત ક્યા કે તે અમલમા લાવી શકે? વાચકો પાસે થોડી થોડી ફુરસત હોય તો એકઠી કરીને અમારા મિત્રને મોકલી આપવા ભલામણ છે જનતીથી કેમકે એનુ પણ રેશનીંગ થયુ તો તે આવીજ રહી

× × ×

'ગુજરાતની ગઝલો' નામનુ પુસ્તક ઉતાવળે જોઈ જવાનુ મળ્યુ છે એ ઉતાવળે જોતા મારા મન પર જે છાપ પડી છે તે કંઈક આવી છે હલકા માન પર જેમ ઉંચી કવિતાની કિંમત માનનુ લેબલ મારી દેવામા આવે તેમ સંપાદક તરીકે સાક્ષર શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરીનુ નામ હોવા છતા એમાની વસ્તુ પુસ્તકના નામને સાર્થક કરતી નથી પ્રસ્તાવનામા સંપાદકે પોતે ગઝલની જે વ્યાખ્યા બાંધી છે એ પ્રમાણેજ તોલીએ તો પણ કમાલને બરાબર ન ઉતરનારી વાનગી એમા વધુ છે અગાઉની પેઢીના કવિઓની શાનમા સાનખાતર વધુ ન બોલીએ પણ એનુ શુ થાય કે જો વસ્તુ ઘડતરે અને વિચારે ગઝલજ ન હોય તેને ગઝલ-સંગ્રહમા શા માટે મૂકવામા આવી હશે? અને તે પણ એક બે નહિ પાનાના પાના ભરીને લાલિત્યની લાગણી, ભાવની અને પ્રાસ રદીફ કાફિયાની ખામી વાળી એ કૃતિઓમા કેટલીક તો કોઈની સીધી ચોરી જેવી પણ છે એનુ શુ?

વળી હાલના ગુર્જર ગઝલકારોમાથી ઘણા ઓછાઓનેજ એમા સ્થાન આપવામા આવ્યુ છે અને એક રીતે જોતા મુબલિગ વસતા ગઝલકારોનેજ નોતર્યા છે, એનુ કારણ શુ? જે પુસ્તકનુ નામ 'ગુજરાતની ગઝલો' હોય એમા ગુજરાતના દરેક સારા ગઝલકારની કૃતિ હોવી જોઈએજ નહિતર એ સંપાદન અધુરૂ, પાંગળુ અને પક્ષપાતી લેખાવુ જોઈએ વળી હાલના જે ગઝલકારોની ગઝલો એમા લેવાઈ છે તેમાના બેએક તો વિખ્યાત તસ્કરો છે આખુ ગુજરાત એમને ઓળખે છે કે તેઓ પરાયા માલ પર તાગડધીન્ના કરનાર શાયરો છે છતા સંપાદકે એમને શા હિસાબે સ્થાન આપ્યુ હશે? તે સમજાતુ નથી બૃહદ ગુજરાતના ગઝલકારોએ આ પુસ્તક ઉપર પોતપોતાના અભિપ્રાયો જાહેર કરી સંપાદકનુ લક્ષ ખેંચવાની ખાસ જરૂર છે જો તેમ નહિ થાય તો આવા પાંગળા પ્રકાશનો ગઝલ પ્રવૃત્તિના અને ગઝલકારોના આડખીલીરૂપ, નર્મરૂપ નીવડશે

× × ×

ઉધાર આણેલી વિદેશી ટાઈ પહેરીને 'વતન પ્રેમ'ના ગીત ગાતો શાઇર પોતે બને છે કે પ્રજાને બનાવે છે એજ સમજાતુ નથી એટલીજ વાત હોત તો એ બિચારાને જતો પણ કરાય પરતુ એક તરફ તો એ મ્હારા મિત્ર 'બેકાર'ને મુસલમાની'નો પાઠ શીખવવા નીકળ્યો છે અને પોતે તો વતનથી ખાકને સો સો વખત નમન કરે કે મુસલમાનો તો ખુદા સિવાય કોઇને નમન કરતા નથી તો એ વતનની ખાકને એકવાર નહિ પણ સો સો વાર નમન કરનાર વિષે શુ સમજવુ? અમને કશી પડી નથી કે તે કોને કોને નમન કરે છે અમે જાણીએ છીએ કે એવા તો એ ઘણાએ નમસ્કાર કરી ચુક્યો છે પરતુ અમારે મ્હેનાતુ એટલુજ કે કે તુ પોતે જરા કઈ બને પછી બીજાઓને બનાવવા નીકળે

અને શુ કહેવુ તે બાહુતી કાવ્ય કાર્યસનુ જેમા ગુજરાતી કવિઓ ન મળતા હિન્દી કવિઓને ખેચી આણવા પડયા હતા સીનેમાના એકટરો પાસે કવિતાઓ બોલાવવી પડી હતી અને શ્રોતાઓને પણ ઠીકજ છે વધુ પ્રમાણમા બોલાવી લાવવા પડયા હતા આમ છતાય કઈ રગત જામી તો તે જ્યોતિન્દ્ર દવેનાજ પ્રતાપે તેઓ ન હોત તો? ત્યારે કયા ગયા પેલા જે ગઇ કાલે ગુજરાત ભરના શાઇરોને પોતાની મડળીમા લેખાવી ફૂલ્યા નહોતા સમાતા? કેમ ન આવ્યા એમના ગઝલ સમ્રાટો અને સિદ્ધહસ્ત કવિઓ એમને ત્યા? 'શયદા' નહિ તો નહિ 'સગીર' પણ નહિ, 'નસીમ' પણ નહિ, 'સાકી' પણ નહિ અને જેમનુ નામ આગળ ધરી બધુગા ફુકતા હતા તે 'કોકિલ' પણ નહિ? અને છ્મ્માછ્મી કવિમડળ આખુય નહિ? એવી કઈ વાત હતી જે એમનાઓનેજ એમને ત્યા આવતા રોકતી હતી? કારણ એજ હશેને કે એ કોઇના થાય તેમ નથી હા, વતનના પણ નહિ જુઓને એમની પક્તિજ સૂચવી રહી છે કે—

"હુ તો વતનનો થાઉ તો"

પણ ભદલાઓ તમે થાવજ શાના? થાવાનુ શુ કામ? વતનના પણ નહિ અને કોઇના પણ નહિ

× × ×

મારા ઉપર ઘણા ભાઇઓના પત્રો આવે છે કે "અડવાળ" છે કોણ? આ બીના મે 'અડવાળ'ને કાને નાખી છે અને તેમણે ભાઈ 'બેકાર'ની સલાહથી પોતેજ પોતાની કલમ વડે જાહેરમા આવવાનુ સ્વીકાર્યુ છે કદાચ આવતા અકમા તેઓ પોતાના જીવનનુ એકાદ પ્રકરણ ચીતરી કાઢે તો નવાઈ નહિ વાચકો અને પૂછનાર મિત્રો એમની કલમે એમને વાચીને ઓળખીજ જશે એ સિવાય વધુ એ બાબતમા કઇ લખવુ ઉચિત નથી

× × ×

આવતા માસમા ગુજરાતમા બેત્રણ મુશાઇરા થાય એવી આગાહી એક જ્યોતિષ ભાઇ કહી ગયા છે એમા એક બોરસદ, બીજો સુરત યા આજુબાજુ અને ત્રીજો મુંબઇમા થાય તો નવાઈ નહિ સાથે સાથે એક મડળ કાયમ થાય એવી પણ આગાહી મળી છે પણ તે વિષે લખવુ અત્યારે ઉચિત લાગતુ નથી

× × ×

ઉલટી સુલટી વાતો

' 'નવચેતન'ના હાસ્યાક' ને મૂળગજ અજાગીઆ અક પણ કહી શકાય અને હાસ્યાક પણ કહી શકાય

* બાઈ 'શયન'ને ત્યા શાદીમા છ, છ, સમ્રાટ એકઠા થયા હતા તેમાના એક તેઓ પોતેજ હતા ગઝલ સમ્રાટ

* 'સગ વ ખિસ્તનો અર્થ તો 'પત્થર અને ઈંટ' થાય છે પરતુ ઉર્દૂમા એ નામના બે પુસ્તકો બહાર પડયા છે અને બન્નેમા ન તો પત્થર છે ન ઈંટ પણ અક્ષરો છે

* સુરતના રંગીલા કવિ 'અમીન આઝાદ' પોતાનુ દીવાન બહાર પાડનારા છે અને એની પ્રસ્તાવના 'વહશી' સાહબે લખવી શરૂ કરી છે

*ગુજરાતના હાજી લકલક એટલે કે કાર્ટૂન કવિ 'આસી'એ ગઝલ લખી હતી તે ભૂલથી પાન સાથે ચાવી ગયા છે

*હઝલ સમ્રાટ 'બેકાર'ના રણુકાનો રણકાર રૂપીઆની પેઠે રણકવાનો છે એ જાણી કોઈના ગણકાર હવે બોદા થઈ ગયા છે

*અમારા એક કવિ મિત્ર હમેશા પોતાના શેઅરોને પૉલીશ કર્યા કરે છે અને ખૂબ ચળકતા થાય ત્યારેજ સભામા ચમકાવે છે આમ છતા તે જોનપુરી આશાવરી થઈ જાય છે

ગુજરાતનો એક નવજવાન ગઝલકાર ગુમ થયો છે એનુ નામ છે 'વલી', ભરૂચ જિલ્લાનો રહીશ છે અને એ તરફજ ક્યાક હશે જેને ભાળ મળે તેણે વણઝારને ખબર કરવી

× × ×

ને ?

[સોનેટ]

હારવા દિલ આવતો હુ હર મઝમક ઉપવન,
આવતા ઝાડી ભણીથી સૂર સામે દોડતો,
ઠોકરો ખાતો અને કઈ ઝાડ સાથે ભેટતો
હાય કિસ્મત! હુ કદી પહોચી શક્યો ના તુજ કને
યાદ છે કેમે કરી તુ દ્રષ્ટિએ પડતી નહી
સૂર સામે દોડતો, તો આવી પાછળ બોલતી,
બાવરો જ્યા હુ થતો ત્યા ગર્વમા તુ ડોલતી,
શી મઝા એમા હતી! તુ છો મને જડતી નહી
શી ખબર મુજને હશે તુ સ્વર્ગની કો અપ્સરા!
રૂપ લઇ કો નાગ કન્યા પૃથ્વી પર આવી હશે!
પૃથ્વીની લેવા ખબર ફરતી કોઇ દેવી હશે!
હોય! મુજને પા અમી-રસ મમ જીવનના આસરા!
ગીત તારૂ ઝિન્દગી ભર પ્રેમ રસ પાતુ રહે
ભાન પણુ એ કોકિલા કહે! સદા જાતુ રહે

'હુઝી' શાદેરી

આકેબત!

અહમદ મુહમ્મદભાઈ પટેલ
અ કલેશ્વરી

કાઝી સાહેબે જોરથી બૂમ પાડી, "જુમ્મન અય જુમ્મન! ચાલ ઉઠ, જલ્દી કર, નમાઝનો વખત થાય તે અગાઉજ મ્હારે માટે પાણી ગરમ કરી નાખ, નાહીને મ્હારે મસ્જિદે, ફજરની નમાઝ પઢાવવાની છે"

રાત્રિના ચાર વાગ્યા હશે, ડિસેમ્બરનો મહિનો, એટલે ઠંડીનુ તો પૂછવુજ શુ?

જુમ્મન બિચારો તૂટીફૂટી ખાટડી પર ઓઢવા પાથરવાના કશા પણ સાધન વિના, ઠંડીથી ઠુઠવાતો પડયો હતો

મોડી રાત્રે કાઝી સાહેબની પગચપીની સેવા સુશ્રૂષા કરીને સૂતો, જરા આખ મિચાઇ ન મિચાઈ, ત્યા તો ઠંડીનુ લખલખુ અનુભવ્યુ ને તેની ઉંઘ ઉડી ગઈ તેણે કાઝી સાહેબનો કઠોર સાદ સાભળી જવાબ આપ્યો, " જી, હા!" ને પાછો પડખુ ફેરવી સૂઈ ગયો

એમા કાઝી સાહેબે પોતાના અપમાન અને અવગણના, અવહેલના ને ઉપાલભ અનુભવ્યા પછી, તો તેમના ક્રોધરૂપી જ્વાળામુખીનુ પૂછવુજ શુ? ને તેમના ગુસ્સાના ધોધના વેગને રોકવાની હામ કોણ ભીડી શકે?

આટલુ જાણે, કે ઓછુ હોય, તેમ સૂતેના જુમ્મનને ધડશુ લાત લગાવી દીધી

જુમ્મનની આખોએ સૃષ્ટિને ફેરફુદડી ફરતા અનુભવી આખોએ અધારા અનુભવ્યા ને તેનાથી કારમી ચીસ, અને પડાઇજ ગઈ વેદના અસહ્ય હતી, તેમાથી પરિણમેલો આર્તનાદ પણ તેટલોજ અસહ્ય હતો

તોય, બિચારા જુમ્મને, કાઝી સાહેબ માટે પાણી ગરમ કરી, પનિયારા કિંવા ચોકડીમા મૂકી દીધુ કાઝી સાહેબ નહાઈ ધોઇ મસ્જિદે ચાલ્યા ગયા અહિં જુમ્મન લત્તા પ્રહારની વેદનાને ઉપરથી કડકતી ઠંડીથી હેરાન થઈ રહ્યો હતો તેની આખમા આસૂએ ઉછાળો માર્યો, રડાયુ એટલુ રડયો રડયા વિના એ ગરીબ બિચારો કરી પણ શુ શકતો હતો? તેને આશ્વાસન આપનાર કોઇ ન હતુ

એની છાતીમા શૂળ ભોંકાતા હતા, એના શરીરના રોમે રોમમા કળતર થતુ હતુ, નિશ્ચેતન સમો જમીન પર ફસડાઈ પડયો, એનામા શક્તિ ન હતી, નિર્બળ તો હતોજ, ને તેમા હવે તો તેની પરાકાષ્ઠા આવી ગઇ

ઠંડી-કાતિલ ઠંડીએ એની કમજોર છાતી પર પ્રબળ હલ્લો કર્યો, એને શ્વાસોશ્વાસમા પણ પુષ્કળ તકલીફ પડવા માંડી

એની આખો આગળ તસવ્વુર-દિવાસ્વપ્ન પેઠે, એનો ભૂતકાળ-એનુ બાળપણ-પર્દા પરના ચલચ્ચિત્રની જેમ દ્રશ્યમાન થયો

કહે છે ને કે મૃત્યુ વેળા માણસની દ્રષ્ટિ સ્હામે તેના સમગ્ર જિવનનો ચિતાર તરવરે છે

જુમ્મનને પણ માબાપ હતા, ઘરબાર હતા, માબાપનો પ્યાર યાદ આવ્યો પોતાની બાલ્યાવસ્થામાજ પોતાને નિરાધાર મૂકી, આ નાશવંત જગત પાર્થિવ જગતથી દૂર સુદૂર અપાર્થિવ જગત કિંવા મુલ્કે અદમમા કૂચ કરી ગયા

એના માબાપ ગરીબ ન હતા, જો કે બહુ માલદાર પણ ન હતા, પણ આજૂબાજૂમા નજદીકનુ કોઈ સગુ ન હતુ માત્ર પડોશમા કાઝી સાહેબજ રહેતા હતા

મુહલ્લા તેમજ ગામવાસીઓએ, જુમ્મનને અને જુમ્મનની મિલ્કત કાઝી સાહેબને સોંપી દીધા

કેમકે ઇમાનદાર, દીનદાર, પરહેજગાર અને

શરીફ તરીકે કાઝી સાહેબની સારી આબરૂ જામી હતી પોતે લોકોને નસીહત દેતા કે "યતીમોના હક્ક સમજજો, યતીમોનો માલ દબાવો નહીં" ને પોતાની યતીમ પરવરીના સમર્થનમા જુમ્મનનો દાખલો રજુ કરતા, ત્યારે તેમને કેવા ફરિશ્તા ખસલત ઇન્સાન સમજતા હતા?

પણ અનુભવે બતાવ્યુ કે એ મધળુ દંભજ દંભ હતુ, અન્યથા કશુજ નહિ કાઝી સાહેબે તેનુ ઘર વેચી ખાધુ તેનુ શાયરચીલુ હજમ ને હડપ કર્યુ ને તેને એક ગુલામ, કુતરા કરતાય નીચ ગણતા તેની કને ખૂબજ વેઠ કરાવતા, વૈતરૂ કરાવતા

આટ આટલુ છતા, પ્હેરવા માટે કપડા ખાવા માટે પેટ ભરીને અન્ન આપવા માટેય કાઝી સાહેબ તૈયાર ન હતા ને ઉપરથી પોતે જાણે કેટલો મોટો એહસાન કર્યો હોય એમ વારવાર તાના કરતા ને લત્તા પ્રહારને ગાલિ પ્રદાન કરવાનુ પણ ચૂકતા નહીં

આ દિવાસ્વપ્ને તમન્નુરે—તેના દુખને શતધા વધારી મૂક્યુ, ને તે ઉંહકારા ભરવા લાગ્યો એટલામા તો કાઝી સાહેબ નમાઝથી ફારિગ થઇને આવ્યા તેમણે જોયુ, તો જુમ્મન હજી પડેલોજ છે, ને તેમણે પોતાનુ તાડવ નૃત્ય આરમ્ભ્યુ ને મકતબમા ચાલ્યા ગયા કાઝી સાહેબ કઝાત, ઇમામત ઉપરાત મુલ્લાગીરીનુ કામ પણ કરતા હતા

જુમ્મનની પ્રકૃતિ અહીં ગમ્ભિર રીતે બગડી રહી હતી, કાઝી સાહેબ બપોરે ઘરે આવ્યા નહિ, કેમકે તેમને તો હમ્મેશા કઇને કઇ દાવત મળીજ જતી તેમને જુમ્મનની ફિકર શાને હોય?

જ્યા તેઓ જુમ્મનને ઇન્સાનજ ન હતા ગણતા એટલે જુમ્મનને હવાથી પેટ ભર્યેજ છૂટકો! રાત્રે કાઝી સાહેબ આવ્યા, આ વેળા કાઝી સાહેબે જુમ્મનને પડેલોજ જોયો, એટલે તેમણે હાથ લગાડી જોયુ, તો તેનુ શરીર ધખધખી રહ્યુ હતુ સવારે પણ એજ હાલત હતી બીજે દિને પણ એજ હાલત રહી કાઝી સાહેબ કઇજ ધ્યાન ન આપતા, ઉપરથી બબડતા કે "ઢોંગ કરે છે, પાખંડ કરે છે" ચોથે દિવસે જુમ્મનની સ્થિતિ વધુ ગમ્ભિર બની ગઇ, ત્યારે કાઝી સાહેબ બબડયા, કે 'કમબખ્ત મરતોય નથી કે મ્હારા પીછો છૂટે' તે દિવસે કાઝી સાહેબે જોયુ, કે હવે એનો અતકાળ નજીક છે, ત્યારે ધર્માદા હોસ્પીટલમાની દવા મગાવી દીધી!

જુમ્મન પર ન્યૂમોનિયાનો સખ્ત હુમલો થયો હતો, સારવાર યા દવાદારૂનો અભાવ, એટલે મનેકુન મૌતને કારમો પજો પડવાની ઘડી બહુ દૂર ન હતીજ ની

પાચમા દિને પાત કાળે જુમ્મનના જીવન-મરણનુ તુમુલ યુદ્ધ થયુ, પણ, હયાતનો સપૂર્ણ પરાજય થયો, ત્યારે મનેકુન મૌતનો વિજય થયો, ખુદાના દરબારમા ફરિયાદ કરવાને કાઝી સાહેબના દંભના પર્દા ખોલવા કૂચ કરી ગયો આ બાજુ કાઝી સાહેબે ફરી નમાઝ પહેલા અગાઉ જુમ્મનને મૃત્યુ પામેલો જોયો

તેમણે એટલુજ કહ્યુ, કે "ગરીબ બિચારો મરી ગયો!" એવામા ફરી નમાઝ માટે અઝાન થઈ કાઝી સાહેબે તે સાભળી બબડયા, કે "મરનાર તો મરી ગયો જેવી અલ્લાહની મરજી, એમા આપણો શો ચારો? મારે નમાઝ માટે જવુ જોઇએ, મ્હારે શા માટે મારી આકેબત બગાડવી' ને તેઓ આકેબત સુધારવા ચાલ્યા ગયા!'

(હિન્દી ઉપરથી)

કસરત

ગબનૂર બી.

આજકાલ અમારા દેશના ઘણા પેપરો અંગ્રેજી પેપરોની નકલ કરતા અમારી હિન્દુસ્તાની મહિલાઓને પણ જુદી જુદી રીતની કસરતની તા'લીમ આપી રહ્યા છે એ ખબર નથી કે એ પેપરોના એડિટર સાહેબોએ પોતે પોતાના ઘરમા એ પ્રથાને શરૂ કરી, એના ફાયદા કે નુકસાન વિષે કંઈ વિચાર્યું હશે કે નહિ? ખુદા એ અંગ્રેજી પેપરોથી બચાવે

હુ જોઉ છુ કે પંજાબ જેવા બુદ્ધિપ્રધાન દેશમા એનુ અનુકરણ થઈ રહ્યુ છે ત્યા આવી નુકસાનકારક વાતોની નકલ સૌથી મોખરે છે ખેર હવે મૂળ વાત પર આવીએ! એ વાત સૌમાન્ય છે કે કસરત ઘણી અગત્યની અને ફાયદાકારક વસ્તુ છે એ દુનિયા જાણે છે લખવાવાળા લખી ગયા! ને કહેનારા કહે છે મારૂ એ પર કંઇ લખવુ જુની વાતને વારંવાર રજુ કરવા જેવુ છે કેમકે મે એ કસરતની તે રીતોમાથી કોઈપણ રીત અખત્યાર કરી નથી, જેને દુન્યાવાળા કસરતના નામે સંબોધે છે, અને ન તો મારા બુઝુર્ગોએ મને એ કસરતની તા'લીમ આપી જેને આજકાલ હિન્દુસ્તાનના પેપરોની મારફત નવી રોશનીની ચાહક બ્હેનોને એડિટરો અને ફેશનેબલ માતા પિતા શિખવી રહ્યા છે જેનુ પરિણામ બદનામી, ઝિલ્લત, અને ખાનદાનોમા નફરતનુ કારણ હોય છે મે કસરત કરી છે અને કરી રહી છુ અલહમદો લિ લાહ! હુ તંદુરસ્ત છુ મારી બ્હેન કસરત કરે છે ને તંદુરસ્ત છે, ને સાથે સાથે પોતાના મોસાળમા મહોબતમંદ ને ખુશ નસીબ મનાઈ રહી છે સાસુ, નણંદ અને ખાવિંદના સિવાય તમામ મહોલ્લાવાળા મારી બ્હેનનુ નામ અદબથી લે છે અને દુઆઓથી યાદ કરે છે એ શુ છે? તેજ કસરતની બરકત છે જે મર્હુમ વાલિદાએ શીખવી છે, જે પર હુ મારી બ્હેન અને નાના ભાઈ બ્હેનો સૌને એ કાર્યમા ઉત્સાહ પૂર્વક મંડેલા જોઉ છુ તે શુ છે? ટેનીસ કે બેડમિંટન છે? તલ્વારબાજી કે બૉક્સીંગ છે? ઘોડેસ્વારી કે તરવાની? અને ન તો પુરાની રીતોની ડંડબેઠક એ કસરત મારી નથી ત્યારે તમો કહેશો કે ડંડબેઠક નથી, એ નથી તે નથી, તો પછી તમારી કસરત કઇ?

ઉર્દુવાળાઓએ તો કસરતને ડંડ બેઠકનુ નામ આપ્યુ છે અને જુદી જુદી રીતની પશ્ચિમી રમતોને પણ કસરતનુ નામ આપવામા આવ્યુ છે, જે પૂર્વની બ્હેનો અને ભાઇઓ માટે ફાયદાકારક ગણવામા આવે છે જ્યારે એ સૌ રમતોમાથી કઇજ નથી તો પછી તમારી કસરત કેવી? હુ મારી પ્યારી બ્હેનોને બનાવીશ ને બતાવીને આશા રાખીશ કે તેઓ પણ એ કસરતને કરતી રહેશે, જે ઝિંદગી સુધી એમનો સાથ દેશે ને મરણ પછી પણ તેમના કામમા આવશે એ નવી ખરાબ હરકતોને જે લજ્જા વિનાશક, પ્રતિષ્ઠા કારક છે ત્યાગી દે તેની તરફ જોવુ પણ ઉચ્ચીત ન લેખે હુ મારી વાચનાર બ્હેનોથી પૂછુ છુ કે તમારા હમરાઝ તમારા હમદર્દ સાથી જેને તમારી તંદુરસ્તીની સાથે તમારી ઇજ્જત અને શરાફતનો વિચાર હોય અને ઝિંદગી સુધી તમારી સાથે નભાવી દેવાના સિવાય તમારા મરણ પછી તમારે આડે આવે તે સારૂ છે કે જે ફક્ત જવાનીની ઉન્નતિ સુધી સાથ દે? અને પોતાની સખીઓમા બદનામીનુ કારણ હોય અને વૃદ્ધ અવસ્થામા તકલીફવાળો સાબિત થાય તે સારૂ છે?

આપ મ્હેનો કહેશો કે સાચો હમદર્દ અને સાથી તેજ ઠીક છે કે જે ઇજ્જતની સાથે ઝિંદગી સુધી નભાવી લે તો પછી બતાવો કે એ જુદી જુદી જાતની રમતો કે જેનું ખોટું નામ કસરત રખાયું છે એ અમારા શું કામ આવશે? તેની ભલાઈ સમજાવી અમને ફક્ત ધોકો આપવામાં આવે છે હવે જરા એ ફેશનેબલ માબાપોને પૂછી જુઓ કે જેમની આંખો નવી રોશનીની ચમકથી અંધ થઈ ગઈ છે અને આ નાશવંત દુનિયાના હરસ્તોને સોસાયટીની ઈજ્જત સમજીને સમજ્યા વગર અમ ગરીબ બે ઝબાનોને ફેશનની કુર્બાનગાહ પર ભેટ ચડાવાને તૈયાર કરી રહ્યા છે શું મહેરબાની ફરમાવી તેઓ એટલું બતાવી શકે છે કે એ રમતગમત અમે ક્યાંસુધી રમી શકીએ છીએ? અને કેટલી ઉમર સુધી એ અમારે માટે જાઇઝ છે? ને અમારી સોસાયટી અમને આ કાર્ય કરતી કેટલી ઉમર સુધી જોઈ શકે છે? અથવા ઘર ખાનાદારી તેમાં અમને કેટલી ઉમર સુધી એવી બેહુદી વાતની ઇજાઝત આપી શકે છે? દા. ત. આજે હું સ્કૂલમાં તાલીમ લઇ રહી છું અને કસરતના બહાને કમ્પાઉન્ડના તળાવમાં અર્ધનગ્ન કપડાં પહેરી ડૂબકીઓ લગાવી રહી છું કેટલી સરખી ઉમરની છોકરીઓ સાથે બેસી સુરીલી અવાજથી કોઈ પ્રેમી ગઝલ જેવી કે—

'તુમ્હીને મુજકો પ્રેમ સિખાયા 'સાવનકે નઝારે હૈ' 'મર ગઈ રે' 'પપીહા રે' 'મેરે પિયાસે કહીયો જા' 'તુજ બિન મુજને ચૈન ન પડે

વિગેરે ચનકારી રહી હોય અથવા કોઈ કોઈ વખતે ઇન્ટરના જલ્સાઓના ડ્રામાઓમાં પાર્ટ પણ અદા કરતી હોય અથવા કે કોઇ ઓફિસર લખપતિ કે સદ્ગૃહસ્થ સ્કૂલમાં પધારે તો તેમની તારીફમાં સ્કૂલના કન્યાઓ તરફથી એબાદ લેક્ચર કે ગાન્ય સંભળાવી દઉં ને સહેલીઓમાં મારી અવાજ ને અદાની તારીફ થાય અથવા કેન્મી મઝાનમાં સ્ટેજ પર ઉભી રહી સોદા વેચતી હોઉં તો બતાવો કે આ હુમનર્ગી ક્યાં સુધી અમને ફાયદો પહોંચાડી શકે છે? ડ્રામામાં ગીતો ગાવું ક્યાં સુધી સાથ આપશે? ફક્ત સ્કૂલની ઝિંદગી સુધી કે જ્યારે સમાજિક ઝિંદગી વિતાવા લાગીશ ત્યાં સુધી પણ? મારો ખ્યાલ છે કોઈ બ્હેન એ કહેવા પર તૈયાર ન થશે કે સમાજિક ઝિંદગીમાં પણ આ રમતગમત સાથી થઇને રહેશે તો પછી એવી વ્યર્થ વાતોથી

બચવાની કોશિશ કેમ ન કરી શકાય કે જે આગળ કદી કામ ન આવી શકે! જે લાભ દાયક અને ઝિંદગી સુધી સાથ દેવાવાળી અને મરણ પછી પણ કામ આપવાવાળી વાતોથી અટકાવતી હોય

ન્યાયપસંદ બ્હેનો જરૂર મારો સાથ આપશે અને મારી કસરતને જોને હુ દીન ને દુન્યા બને માટે યોગ્ય સમજી કરૂ છુ, પસંદગીની આંખોએ જોશે ને કહતી રહેશે કે મારી કસરત કઈ છે? હુ તરૂ છુ ક્યા? સ્કૂલના કમ્પાઉન્ડના તળાવમા? નહિ કેમકે ત્યા ફક્ત બેચાર વર્ષજ તરવાનુ મળશે જો કે હુ તરૂ છુ ક્યા? પોતાના ઘરના ગુસલખાનામા? મારા તરવાનુ નામ સ્નાન (ગુસલ) છે સરકારી રીતે અને તે પણ શરીઅતના હુકમો પ્રમાણે પડદાની સાથે ન કે પડદા વિના ઋતુઓના આધારે હુ રોજ ગુસલ કરૂ છુ, રોજ તરૂ છુ, ક્યા? લાઈફ બોયની સાથે બંગાળના અખાતમા? તાપી નદીમા? અરબી સમુદ્રમા? નહિં પરતુ ખુદાની પ્રિતમ સરીતામા તે લાઇફબોયની સાથે કે જેનુ નામ વઝુનો લોટો છે મારી લગરની જઝીરનુ નામ તસ્બીહ કે સવારથી સાંજ સુધી પાચ વખત મારી મશ્ક શરૂ છે ને ઝિંદગી સુધી ચાલુ રહેશે હુ ઓકર કરૂ છુ ચુસ્ત બરજીસ પહેરીને, નહિ કે અર્ધનગ્ન થઇને પોતાના સ્કૂલના કમ્પાઉન્ડમા પોતાની સહેલીઓની સાથે! પરતુ પોતાના ઘરમા ઘરના નાના મોટાની સામે, ડર્યા વિના, દયામ-દાના ગીતથી મારા અખાડાનુ નામ જાયનમાઝ છે, અને મારી કસરતનુ નામ નમાઝ છે હુ એજ દોરને કસરતમા ઉત્રેસ કરૂ છુ પોતાની બરાબરની સખીઓ સાથે નહિ, પરતુ પોતાના નફસે અમ્મારાથી મારી આ કસરતને જોના વાળો ખુદા છે જે નફસની દરેક નાવની ફતેહ પર દુન્યાના રાજામહારાજાથી પીઠો છોડાવીને ઇનામ આપવાવાળો છે

મારી એ કસરતથી સ્કૂલની વિદ્યાર્થિઓની અથવા માસ્તર-પ્રોફેસર ખુશ નથી પરતુ ખાન-દાનના ખાનદાન, મારા સાથી અહિંઆ સુધી કે દરેક જોનાવાળો ને સાભળવાવાળો ખુશ ને આનંદી છે ને મને મહુબ્બતની નજરોથી જુએ છે

હુ મારી એ વાતને અથવા મશ્કને અલ હમદો લિલ્લાહ છેલ્લા શ્વાસ સુધી કરતી રહીશ ઝિંદગીનો તે ભાગ સુધી કે જે વૃદ્ધાવસ્થા કહેવાય છે કોઈની હિંમત નથી કે મને એ કસરતથી અટકાવી શકે

હુ એક વાતના કારણથી સ્વચ્છતાની પાબંદ છુ મારી સ્વચ્છતાથી મારા માનિક હકીકી અને મિજાઝી બને ખુશ છે હુ એ વાતના કારણથી સમયની પાબંદ છુ મારા ગૃહકાર્યમા સમયની પાબંદીના કારણે કોઈ ખામી આવી શકતી નથી હુ એ મારી પ્યારી કસરતના કારણથી સવારે જલ્દી ઉઠુ છુ સવારની બહાર કેટલી સ્વસ્થતા અર્પે છે એ સમજાવવાની કોઈ આવશ્યકતા નથી

યુવાન બ્હેનો જાણે છે કે હુ ખાવાનુ ખુદ બનાવુ છુ રોટીઓ વેલુ છુ જેના વેલવાથી મારી બાજુઓને સીનાને તેજ ફાયદો મળે છે જે આજકાલની ફેશનેબલ બ્હેનો રમતગમતથી મેળવવા ઇચ્છે છે, ને જેમા વ્યર્થ ખર્ચ સાથે વ્યર્થ સમય પણ બગાડે છે જેમકે ટેનીસના સાધનો ખરીદવા, કલબની ફી, અથવા કિશ્તીનો સામાન ખરીદવામા અથવા કલબમા કિશ્તીનુ ભાડુ આપી બાજુઓ અને સીનાની કસરત કરવામા આવે છે ખુદા એ વાતથી બચાવે આ સૌ કાર્યમા જે વ્યર્થ ખર્ચ થાય છે તે ખર્ચથી ખાનદાનવાળાઓના પેટ ભરાય શુ

મારી બ્હેનો એ માનવાને તૈયાર છે કે અમાન મઝહબી ને ગૃહમમારી કામથી આ ચાતુ રમત ગમત કઈ ચદીયાના અને ઈઝ્ઝતને તદુરસ્તીના નિશાન અને મુશ્કિલ છે

હવે હુ બ્હેનો સમક્ષ એ બને કસરતો રજુ કરુ છુ ને તેઓ ખુદ ઈન્સાફ કરી લે કે કઈ રીત સારી છે?

તેરસો વરસ પહેલા આ રીતની તા'લીમ આપવામા આવી જે આજ સુધી મુરીદ છે ને કયામત સુધી એમા ફેરફાર થઈ શકશે નહિ ઇન્સાની જિંદગીના કોઈ ભાગમા પણ નુકસાન કારક સાબિત થઈ શકશે નહિ તેના કરવાથી પોતાની સોઆયટી સિવાય દુન્યા ખુશ થાય છે એ હરકત પોતાના કરવાવાળાને કયામતના દિવસે પણ સાથ આપી શકે છે એ કસરતથી જે ભાગો પર અસર થાય છે તે નવી કસરતોના કરવાથી પણ એજ ભાગો પર અસર થાય છે

નવી મહીની નવી રોશનીની આઝાદ તાલીમ જે જુવાનીની દિશા સુધી કામ આવે છે અને વૃદ્ધ અવસ્થામા પોતાના કરનારને લોહીના આસુ રડાવે છે એ રીતમા દરરોજ સુધારો થતો જાય છે ને થતો રહેશે નવી કસરતોથી જે ભાગો પર અસર થાય છે તે મારી કસરત કરવાથી પણ એજ ભાગો પર અસર થાય છે

હુ મારી બ્હેનોને ફરી વિનવુ છુ કે તેઓ જો મારી કસરત પ્રમાણે ચાલશે તો તેમનુ બંને જહાનમા ફાયદો થશે ખુદા મારી મુસ્લિમ બ્હેનોને એ નવી ફેશનની કસરતોથી બચાવે ને સુપથે ચાલવાની બુદ્ધિ આપે આમીન! આમીન!

ઇસ્લામ-પ્રણેતાઓ

અનુવાદક
'તાજ' [ગદેર]

ઈ સ ૧૬૦૫
થી
ઈ સ ૧૭૦૭

હઝરત
મુજદ્દિદ અલ્ફે સાની
(રેહ૦)

નાનપણ—હઝરત મુજદ્દિદ અલ્ફે સાની (રેહ) ૨૬ જુન ઇ સ ૧૫૬૪મા સરહિંદ મુકામે પૈદા થયા હતા આપનુ નામ શેખ અહમદ હતુ 'બદરૂદ્દીન'ના નામે આપ પ્રખ્યાત હતા કેટલાકો 'અબુલબરકાત'ના નામથી સબોધતા, તેમજ 'ઇમામ રબ્બાની'ના ઉર્ફથી ઓળખતા આપના વાલિદ સાહેબ મખ્દુમ શેખ અબ્દુલ અહદ હઝરત શેખ અબ્દુલ કુદ્દુસ ગંગોહીના મુરીદ હતા ઉપરાત વિદ્વાન પણ હતા શેખ અહમદ સરહિંદીએ પ્રથમ પોતાના વાલિદ સાહેબ પાસે વિદ્યા પ્રાપ્ત કરી પછી સીયાલકોટ ગયા ત્યા મૌલાના કમાલ કાશ્મીરીથી તર્કશાસ્ત્રની તા'લીમ લીધી, મૌલાના યાકુબ કાશ્મીરી પાસેથી આપે હદીસની તા'લીમ લીધી કેટલીક તા'લીમ આપે કાઝી બેહલોલ બદખશાનીથી લીધી એમનાથી 'તફસીરે વાહેદી, 'મોનહાજે સાદેકી', 'તફસીરે બેઝાવી', 'સહીહ બુખારી' વિગેરેની તા'લીમ લીધી

સત્તર વરસની વયમા વિદ્યા પ્રાપ્તી પછી પોતાના વાલિદ પાસે આવ્યા ને ત્યા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા લાગ્યા કેટલાક વરસ પછી અકબરાબાદ ગયા ત્યા પણ વિદ્યા અને શિક્ષણનુ કાર્ય શરૂ કર્યુ એમનુ જીવન વૃતાત આલેખનાર લખે છે કે "આગ્રામા અબુલફઝલ અને ફૈઝી સાથે કેટલીક ધાર્મિક બાબતોમા આપે વાદવિવાદ કર્યો જેમા આપે કુરઆનની રચના સિધ્ધ કરી હતી અને અબુલફઝલના કેટલાક આક્ષેપોના સચોટ જવાબ વાળ્યા હતા "

અકબરાબાદમા કેટલીક મુદત થઈ એટલે એમના વાલિદ કે જેઓનો એમના પર અથાગ પ્રેમ હતો આગ્રામા આવ્યા અને પોતાની સાથે લઈ ગયા પાછા ફરતા માર્ગમા થાણેશ્વરના એક ગૃહસ્થ શેખ સુલ્તાનની પુત્રીથી આપની શાદી થઈ આ શાદી સબધથી આપને ઘણીજ સપત્તિ સાપડી વતન આવ્યા પછી એ પુજીમાથી આપે એક મકાન બનાવી અને એની પાસેજ એક મસ્જિદ પણ બનાવી આ વખતે આપ શરીઅતના સિધ્ધાતોમા ઘણાજ કુશળ થઈ ગયા હતા સાથે સાથેજ તરીકતના સિધ્ધાતો પણ પોતાના વાલિદ પાસે શીખ્યા એમા આપના મુર્શિદ ખ્વાજા બાકીબિલ્લાહ સાહેબ હતા જેમણે આપને નકશબદી પથની તાલીમ આપી ખ્વાજા સાહેબની સહાયતાથી આપે તરીકતની અનેક મઝિલો વટાવી જેમકે મુકામે હૈરત, મુકામે ફનાયે કામીલ અને તેરે મદર તેમજ મુકામે કામીલ પોતાના સમયમા વગેરે આપની વિદ્વતા તેમજ દિયાનત અને આબિદ શ્રધ્ધાથી ખ્વાજા સાહેબે પણ અનેક પત્રોમા ઉલ્લેખ ઘણાજ વિનયથી કર્યો છે એક પત્રમા લખ્યુ છે કે "શેખ અહમદ સરહિંદી જે એક દયાવાન અને સર્વોકૃષ્ટ આલીમ ગણાતા એમના સમાગમમા રહેવાથી પણ હુ ભાગ્યશાળી થયો છુ અજબ અજબ વાતો મે એમનામા જોઈ, એમનુ ધ્યાન એક

દિપકના જેવુ છે કે જેનાથી અનેક આગિઓ પ્રકાશ પામી ચૂકયા છે ”

તજદીદ:—હઝરત બાકીબિલ્લાહે હિજરી સન ૧૦૦૮મા શેખ અહમદને ખિલાફત અર્પણ કરી એ પછી આપે કેટલોક વખત એકાતવાસ ગાળ્યો જ્યારે ખ્વાજા સાહેબે એ વાતનો ઉલ્લેખ કર્યો ત્યારે જવાબ વાળ્યો કે મુજદ્દિદ અલ્ફે સાનીના પ્રસગો સામે હતા જેથી એકાતવાસ શરૂ કર્યો છે ”

મુજદ્દીયતના સબધમા આપને ૧૦ રબીઉલ અવ્વલ હિજરી સન ૧૦૧૦ એટલે ૭મી સપ્ટેમ્બર ઇ સ ૧૬૦૧મા ઇશારો થયો વર્ણનકાર લખે છે કે "કૈયૂમિયતનો હોદ્દો પણ આપને એજ વર્ષે પ્રાપ્ત થયો તજદીદના પહેલા વરસમા આપ બે વખત દિલ્હી ગયા, કે જેથી ખ્વાજા બાકીબિલ્લાહ સાહેબની મુલાકાત થાય ખ્વાજા સાહબ આપનો સત્કાર કરવા શહેર બહાર આવ્યા ને ઘણા માનપાન સાથે આપને ખાનકાહમા લઈ ગયા અનેક વખત ખ્વાજા સાહબ આપને દાયરાના અગ્રપદે બેસાડતા અને પોતે પણ એ દાયરામા પોતાના ખલીફા અને મુરીદો સાથે આવી બેસતા તેમજ કેટલાક મુરીદો અને ખલીફાઓને આપ હઝરત મુજદ્દિદ અલ્ફેસાની (રહ૦) પાસે પોતાના માર્ગ ઉન્નતિ માટે મોકલ્યા કેટલોક સમય દિલ્હીમા જ્ઞાનોપદેશ આપ્યા પછી પોતે સરહિંદ પાછા ફર્યા ખ્વાજા સાહેબના આનબર્યા સત્કારથી ... આપનુ સ્થાન ઘણુ ઉચ્ચ થઈ ગયુ હતુ કેટલાકો કહે છે કે તજદીદના બીજાજ વર્ષે મૈય૦ સદરેજહા અને ખાનઆઝમ આપના મુરીદ થયા એ પછી આપ જ્ઞાનોપદેશ અર્થે ફરી દિલ્હી અને લાહોરમા પધાર્યા ૨૫ જમાદીઉલ આખર હિજરી સન ૧૦૧૨મા હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ સાહબ વફાત પામ્યા. જેથી આપ દિલ્હી પધાર્યા

કેટલાકો લખે છે કે "તજદીદના પાચમા વર્ષે એટલે ઈ સ ૧૬૦૫મા ખાને ખાના, ખાનેઆઝમ, સૈયદ સદરેજહા અને મુર્તુઝાખા કે જેઓ અકબરના દરબારીઓ હતા, આપના મુરીદ થયા આપે એમની મારફત પાદશાહને પણ કહેવડાવ્યુ કે 'તે ખુદાથી ડરે' તેઓએ એમનુ ફરમાન પાદશાહને સભળાવ્યુ પરતુ તેની કઈ અસર થઈ નહિ

ઇતિહાસિક પુસ્તકોથી ઉપરોક્ત હકીકત સિદ્ધ કરવી મુશ્કેલ છે, પરતુ એ વાત તો નિ:સદેહ છે કે અકબરી દરબારના ચાર અમીરોનો ઉલ્લેખ કરવામા આવ્યો છે એમનો હઝરત મુજદ્દિદ સાહેબથી ઘણોજ ગાઢો સબધ

હતો એમના નામે આપે જે પત્રો લખ્યા હતા તે આજે પણ મૌજૂદ છે જેમાં ઈસ્લામ પર કાયમ રહેવાની અને એવી બીજી કેટલીક સૂચનાઓ કરેલી છે

અકબરના નાસ્તિકપણાનો નાશ કરવામાં વધુ પડતો ભાગ તે અમીરોએ ભજવ્યો કે જેમણે જહાંગીર પાસે ગાદીએ બેસતી સમયે વચન લીધું હતું કે 'તે ઈસ્લામ પ્રચારકોને અગ્રસ્થાન આપશે" એ ઉમરાવોમાં શેખ ફરીદ દીવાનસાહેબ મુર્તુઝાખાનના માટે ખાસ ઉલ્લેખ હતો કારણ કે જહાંગીરના રાજ્યાભિષેકનો તમામ કાર્યક્રમ એમનીજ સહાયતાથી થયો હતો શેખ ફરીદ પર હઝરત મુજદ્દિદ સાહેબે અનેક પત્રો લખ્યા છે જેમાં ઈસ્લામની સહાયતા કરવાની ખાસ વારંવાર સૂચના કરી છે એ પત્રોના સમયથી એવું અનુમાન કરી શકતા નથી કે એ જહાંગીરના ગાદીએ આવ્યા પહેલાં લખાયા હતા કે પછી? પરંતુ એ પત્રોથી એ યુગનો ધાર્મિક ઇતિહાસ સમજવામાં ઘણીજ સુગમતા થઈ પડે છે એમાંનો એક પત્ર જહાંગીર ગાદીએ બેઠા તે દિવસે અથવા તે પછી તરતજ આવે ખાયો હતો એમાં હઝરત મુજદ્દિદ સાહેબ લખે છે કે —"આજે ઈસ્લામી સંસ્કૃતિની ઉન્નતિ અને ઈસ્લામી શહેનશાહની તખ્તનશીનીની ખુશખબરી જનતાના કાનો સુધી પહોંચી છે અને મુસલમાનોને એવા બાદશાહની મદદ અને સહાયતાની ખાસ આવશ્યક્તા છે શરીઅતની ઉન્નતી અને ધાર્મિકતાની રક્ષા માટે એવા બાદશાહોની કેદ મુબારક જરૂરી સમજી છે એમની સહાયતા બનેને તે નીમિત્ત કે હાથથી હોય ઘણીજ અગત્યની છે ખાસ્માન પણ એજ ઈચ્છે છે કે આપને ઈસ્લામી સહાયકોના ટોળામાં જોવા ચાહે અને એ પ્રસંગમાં પ્રયત્નો કરવા પ્રેરે છે આપની મહેરથી આશા રાખું છું કે આપ ખુદાની તઆલાના ફઝલથી હું આપની નજદીક છું આપને પ્રાર્થું છું કે આપથી જેટલી બને તેટલી શરીઅતની ઉન્નતી અર્થે કોશિશ કરશો"

એવીજ રીતે ખાને આઝમ પર પણ એક પત્ર પાઠવી તેમાં મુસલમાનોની કફોડી સ્થિતિ અને ઈસ્લામની માઠી દિશાનું શબ્દ ચિત્ર દોર્યું છે અને એમાં ઈસ્લામની સંગીનતા અને શરીઅતના હુકમો પાળવાની ખાસ તાકીદ કરી છે લખ્યું છે કે—"આપ પ્રયત્નો કરો કે કેટલાક કાફિરોના હુકમો મુસલમાનોમાં પ્રચલિત થયા છે તે નાશ પામે ને મુસ્લિમો એ કુફ્ર અને બિદઅતથી બચતા રહે આગલા પાદશાહોના વખતમાં ઈસ્લામ ધર્મની સાથે જાહેરમાં શત્રુતા દાખવવામાં આવતી હતી પરંતુ અત્યારે કંઈ નથી અગર કંઈક છે તો માત્ર અજાણતા છે મને ભય રહે છે કે અદિ પણ ઈસ્લામની સાથે દુશ્મનાવટ થઈ ન જાય અને ઈસ્લામી શાસનોમાં પાછા જુલ્મો શરૂ કરવામાં ન આવે"

નોબીદ બર સરે ઈમાને બેગ મી હરઝમ

એવીજ રીતના પત્રો ખાનજહાન, સદરે જહાન અને બીજા અમીરોને પણ લખ્યા છે તેમાં સુચવ્યું છે કે 'તે પોતાની તમામ શક્તિ ઈસ્લામની ઉન્નતી અર્થે ખર્ચે" હઝરત મુજદ્દિદ અલ્ફે સાની (રહ૦) પોતાના સિદ્ધાંતને ઘણીજ ખૂબીની સાથે આલેખતા ખાને આઝમને લખે છે કે—'હઝરત ખ્વાજા (અમીરુલ્લા) સાહેબ કહે છે કે જો હું પીરી કરૂં તો કોઈ પીર દુનિયામાં મુરીદ ન પામશે પરંતુ મને બીજુજ કામ સોંપવામાં આવ્યું છે જેથી મને પાદશાહોના મનમાં વસવાનું અને પોતાના આમિર સમસરોથી પોતાના બનાવવાનું અને તેમની સહાયતાથી શરીઅતનું પ્રચાર કરવાનું કાર્ય સોંપાયું છે (અપૂર્ણ)

સખી

ઇસ્માઈલ એમ. દેમાક
[સુરત.]

વર્તમાન યુગમા સ્નેહ બનાવોનો તોટો નથી ગલીએ ગલીએ, ચૌટે ચૌટે અને શેરીએ શેરીએ એ વ્યાધી વ્યાપેલો છે સ્ત્રી પુરૂષને, પુરૂષ સ્ત્રીને, એકબીજાને અધોગતીની ખીણમા ધકેલે છે પ્રેમીઓથી નિરાધારીની કફોડી સ્થિતિમા મૂકા એલી યુવતીઓના બનાવો કઇ ઓછા નથી સાથે સાથે પુરૂષની અણમોલ, પ્રેમથી સિંચા એલી હૃદય-ક્યારીને, કાતિલ દાતરડા વતી ફક્ત એકજ બેવફાઇના ઝાટકે ખતમ કરનાર સ્ત્રીઓની બેવફાઇના કિસ્સાઓ પણ છૂપા નથી અવશ્ય એની ભીતરમા કંઈ કઇ ગૂઢ રહસ્ય છૂપાએલુ હોવુજ છે!

સ્ત્રીના જીવનને અચ્છી રીતે ઓળખનાર, એના સમાગમમા નિરંતર વસનાર, કે પછી એનો હમેશા સહવાસ કરનાર કોઇપણ વ્યક્તિ સ્ત્રીના જીવનને ઓળખી શકતી નથી કુદરતે એવી કંઈ ગહન શક્તિ એના હૃદય બંધારણમા સીંચેલી છે કે જે બહારથી કંઈ ને અંદરથી કંઇ ઔરજ દેખાવ કર્યા કરતી હોય છે?

વીણા કઇ અજબ પ્રકૃતીની સ્ત્રી હતી નીડર-સાહસિક અને ઉમંગી એણે એ નીડર તાની ભરતીમા, એ સાહસના જુવાળમા અને એ ઉમંગના ઓઘમા ફક્ત એકજ સપાટે એક પ્રેમીને શોધી કાઢ્યો અને એની સુંદર-આરસ સમી મૂર્તિને પોતાના હૃદયકુંજમા ઘર કરી આપ્યુ

પ્રેમની વ્યાખ્યા શી હોઇ શકે? આપણે પ્રેમને શુ કહી શકીએ? પ્રભુને પ્રેમ કહીએ તો અતિશ્યોક્તી નજ કહેવાય! પ્રેમ કેટલો ટુંકો શબ્દ! પરંતુ એની પાછળ વપરાએલી વિશાળતા, ભયંકર આદર્શો અને ગંભીર પરિણામો એ શબ્દને કેટલો ઉચે મૂકી શકે છે? વીણાએ પણ પ્રેમ કર્યો એક યુવક સાથે કે જે થોડા સમયમાંજ દરિયાપાર મુસાફરીએ ચડ્યો વર્તમાન યુવતિઓને દરિયાપારના પ્રેમીઓ વિશેષ ગમે છે દરિયાપાર જવુ એ માલુમ છે માટે? કે પરદેશના સંસ્કારમા રંગાએલો પ્રેમી વધુ રસિક નિવડતો હોય છે માટે?

ફરફરતા રૂમાલે અને આસુભીની આખે વીણાએ એને વિદાય દીધી એ રૂમાને ફરસ્વાજ કીધુ-એ 'આસુઓ સર્વાજ કર્યા, જ્યા સુધી નજરપટ પરથી સ્ટીમર ન સરી ત્યા લગી સ્ટીમર દોરાતી ચાલી ને આખરે એક કાળા ધામા જેવુ કાઇક દેખાયા બાદ અદ્રશ્ય થવા લાગી ફક્ત અદ્રશ્ય ન થયો હૃદયનો વલોપાત ને વિરહની વેદના! અને સ્ટીમરનો પેલો પ્રેમી ખરેખર પ્રેમી હતો કે કોઈ વિચિત્ર પ્રકૃતિનો માનવ હતો? ન મારથી પર હતો કે કોઇ મહાન સંયમ સેવવાનો પ્રયોગ આદરી બેઠેલો ધૂની યુવક હતો! કારણ ફક્ત ગંભીર ઝળઝળીયાજ દેખાયા એની આખમા! મક્કમપણે-ગંભીરતાથી ડગ ભરતા ભરતા એણે પોતાની બધીજ લાગણીઓને ખૂબ નીચે દબાવી દેતો એ દેખાયેલ . .એ પરદેશ પહોચ્યો

પ્રેમને ગાઢ અને મજબુત બનાવનારૂં બીજુ શસ્ત્ર તે પ્રેમ-પત્ર! બને તરફથી ખૂબ ખૂબ લખાયુ હૃદયના-જિગરના અને બુદ્ધિના ઉભરા એમા ઠલવાતા ક્વચિત કાગળમા બને બેગી પણ પડતા, અને જ્યારે દરિયાની ખુશનુમા-ભીની ભીની, તાઝગી ભરેલી સુગંધી લહેરીઓના વાતાવરણમાથી નાહી ચૂકેલા બને પ્રેમીઓના પ્રેમપત્રો આવતા ત્યારે કિલકિલાટ, આનંદ અને રમ્યતાની એક મધુર લહેરી, બનેના જીવનને કોઇ ઔલૌકિક રંગે રંગી દેતી

વીણા ખરેખર વીણાજ હતી એનુ હૃદય હમેશા પ્રેમથી નીતરતુજ રહેતું દયા-માયા-

સ્નેહ અને ઉદારતા એના જીવનમા ગૃથાઇ ચૂક્યા હતા એણે જીવનમા પ્રથમ પ્રેમ કર્યો- પ્રિતમ પરદેશ ચઢ્યો પરદેશી પ્રિતમ બન્યો

વીણાના સામાજિક વ્હેવારૂ જીવનમા એની ફક્ત એકજ બાળસખી હતી તે ઉષા જાણે ચકમા ગુદર ! એકમેકમા ઓતપ્રોત હરે ખાવે ! ફરે સાથે ! જ્યા જુઓ ત્યા આજ બેનડી !

"પતિપત્નિ ચાલ્યા' વીણા-ઉષા જતા હોય ત્યારે કદાચિત કોઈ રમીયો પુરુષ ટીકા કરતો

'એમણે તો અંદર અંદર લગ્ન કર્યાં છે ભઇ !' બીજા પુરુષનુ જ્ઞાન પહેલાથી લગારે ઉતરે એવુ ન્હોતુ

'સાઢુ જેવી તો થઇ છે લગ્ન કરવાથી પણ ઇન્કાર !' કોઇ વાંઢા ઉમેદવાર ધીમેથી બીજા વાંઢા ઉમેદવારને કહેતો

પરતુ ફક્ત શેરીના વૃદ્ધ દામોદરજી કહેતા "એતો રામ-લક્ષ્મણની જોડ છે કોઈ એને વિખૂટા ન પાડી શકે" ને આમ વીણા-ઉષાની મિત્રતાની પ્રગતિમા કોઇ વિક્ષેપ નાખી શકતુ નહીં

પરદેશથી વીણાના ઘણા પત્રો આવતા વીણા પણ ભરીભરીને લખતી થોડુથોડ લખતી એની કલમ લગારે નમતુ તોળે એવી નહતી

અંતરોની આહની સીતાર લઇને હાથમાં,
ટંકાર એવો કર 'રમણ' પેચીદી નતારને

* *

શુ કહેવુ જનતા મરનારને?
હરઘડી ગભીર થઈ ફરનારને!
તુજને 'હડમત' કોઈ કા રોકે બલા?
તારૂ ચાકુ ફાવે ત્યા હંકારને?

* *

એકદૃષ્ટિથી મૂઈ કરી બમ પ્યારને,
ખોઈ બેઠા બાપડા ઘરબારને
'તાજ' સ્વપ્નના ભાતના મરણી ગયા,
રોજ ખાઉ છુ સડેલી જારને

મહાગુજરાત ગઝલ મંડળ, સુરત

કોઇ એવા મરસ સમયે આ મંડળનુ મંડાણ થયુ છે કે એક મામના તો એને ખૂબ પ્રગતિ સાધી છે આશા તો ડઝનબધી મેમ્બરોની હતી પણ સેંકડાબંધી મેમ્બરો નોંધાઇ રહ્યા છે ગુજરાતીમા 'ગઝલ નામે છપાતા ચોકઠા દૂર થઇ સાચી ગઝલોના દર્શન થાય અને હિંદુ–મુસ્લિમ કાવ્યકારો ખરા દિલથી એક થઇ એક બીજાની ઉણપોને પરખી દૂર કરે તથા ગઝલની સાચા હૃદયથી સાધના કરે એજ ઉદ્દેશથી આ મંડળની સ્થાપના થઇ છે

ગુજરાતમા મુશાયરાનો શોખ ખૂબ ખૂબ વધી રહ્યો છે લોખંડ તપી રહ્યુ છે તે વેળા તેનો યોગ્ય ઘાટ ઘડી લેવાનો મંડળનો આશય છે આજના ઉત્સાહને સવળે માર્ગે દોરી ગઝલ પ્રવૃત્તિનો પાયો મજબુત કરી મુશાયરા દ્વારા ગઝલ પ્રવૃત્તિને ચિરંજીવ કરવાની શુભ ભાવના છે અને તે ફળતી જવાના સુચિન્હો પ્રગટી રહ્યા છે અત્યાર તો મુશાયરામા મનોરંજની તત્વોજ વધુ ફાલી જાય છે પણ એ દ્વારા સામાન્ય જનતાને ગઝલની વસ્તુને વધુ નિકટ લાવી ઉર્મિમયતા અને ભાવના પ્રધાનતામા રાચતી કરવી એ ઉન્નત ધ્યેય છે સાહિત્યમિત્રોના આજના ઉત્સાહને ટકાવી રાખવો એ ગઝલકારોના હાથમા છે આજની પ્રશસ્તિથી ફુલી જઇ એઓ ભાવિને અંધકારમય ન બનાવે તો કાલે ગુજરાતને અજવાળમા એમનો ફાળો નાનોસુનો નહિ હોય? એકલાપણુ ન આવી જાય એની દરેકે દરેકે સંભાળ રાખવી રહી કારણ કે આજનુ નજીવુ છિદ્ર કાલે મહાન ગાબડાનુ રૂપ ધારણ કરતા આખુ વહાણુજ કાળના અનંતસાગરમા વિલીન થાય! એ ચેતવણી પછી સાથેસાથ ખભેખભા મેળવીને જે ખેલદિલીથી આજે હિંદુ–મુસ્લિમ કવિઓ ગઝલની સાધના કરી રહ્યા છે તેજ ખેલદિલીથી પોતાની જવાબદારી અદા કરતા જાય અને મુશાયરાનો એક અનોખો ઇતિહાસ ભાવિ ગુજરાત માટે સરજી જાય એજ અભ્યર્થના

અને હા! ત્યારેજ મંડળના પ્રમુખનુ પ્રારંભિક મંગલ-વચન સફળ થાય કે


— કલ્પના —

'નિરાળી વાટિકા નિરાળા સુમન
અનોખા પુષ્પ અનોખુ ઉપવન
ભાગ્ય સમ ગુર્જરિના ઉઘડયા છે
થાય ગંગા અને જમનાનુ મિલન "

મંડળ સંબંધી બીજી પણ થોડી નોંધનીય થવી ઘટે સ્થાનિક મુશાયરામા સ્થાનિક કવિઓ તો ભાગ લે પણ બહારગામના કવિઓને એથી શો લાભ? હવેથી સ્થાનિક કે અસ્થાનિક બધાય મુશાયરાની પંક્તિઓ પેપરોમા જાહેર થતી રહેશે જેના જેના કાવ્યો આવશે તેમાથી પસંદ થએલા કાવ્યો પુસ્તકાકારે પ્રગટ થશે દર ત્રણ મુશાયરે એક પુસ્તક બહાર પડશે અને તે ફક્ત મંડળના સભ્યોનેજ ફ્રી અપાશે ઇતર વાચકોને કીંમત આપી ખરીદવાના રહેશે મહાગુજરાત ગઝલ મંડળના મૂખપત્ર તરિકે 'કારવા' માસિક રહેશે

સંપાદક

પોઠ



કાળા વાદળાંમા એકેક બગલાની કતાર ઊડતી જતી હોય તેમ મારા અંધકારભીના દિમાગમા વિચારોની કતાર આવીને સરી જતી લાગે છે એ કતારના બધા વિચાર રૂપી બગલાના પ્રતિબિંબો પકડી પાડવા અશક્ય છે છતાય કઇક કઇક સ્મરણમા વસી ગએલા સ્વરૂપો આવા છે

ઉપરથી ચળકાટ મારતી પરતુ અદરમા શાહીજ નહિ એવી ખાલી ફાઉન્ટેન પેન જેવો તે હતો આમ છતા તેનો ભરમ ભારે હતો, મિત્રોએ તેને બનાવ્યો અને તે એક માસિકનો તત્રી બની બેસે એક લેખક, એક શાયરની ઉન્નતિની પરાકાષ્ટા! એક ફુરકુડીઆનુ તત્રીપદ! ભીખારણ રાણી બની બેસે છતા તેના ભીખારીવેડા ઢાકયા કેમ રહે? તેણે પણ પોતાનુ અસલી પોત બતાવ્યુ મૂળમા શાહીજ નહિ એટલે એ પેનથી વધુ લખાયુ નહિ રગબેરગી બીજી શાહીઓ અને પેનોથી તેણે ઝઝુમવાના ફાફા માર્યા પણ તેલ વિનાના એ તનોથી ચિરાગ વધુ રોશની આપી શકયો નહિ એ મજલિસ, એ સ્વપ્નુ, એ સાર, ગયા અને એ ખાલી ફાઉન્ટેન પેન જાહેર ખબરો લખતી થઈ ગઈ સાહિત્ય, સાહિત્યની ડીગો મારતો એ મિત્ર અને એના વિચારો કાળા વાદળામા લપાઈ જતા બગલાની પેઠે વિલીન થઈ ગયા બાકી રહી ગયુ નામ અને નાહનુ

× × ×

પાડના રસ્તો રૂંધવા માટે મૂકેલી ફરશીની પેઠે એ ઘણાના માર્ગમા આડે આવ્યો છતા કોઈને પણ અટકાવી શકયો નહિ એના પાખામા દરેક વટેમાર્ગુ ભરાયો પણ દરેક જણ તેને ઠુકરી ફેરવીને આગળ વધી ગયો અને એ ફરશી, જનારનુ દરેકનુ મો તાકતી રહી ગઈ તેને આડે આવવુજ હતુ તો સ્થિરતાનુ બળ મળવી શકયો હોત પણ તે બળ તેનામા હતુજ નહિ એટલે 'કારવા' ની રાહમા એ ફરશી બનીને આવ્યો અને 'કારવા'ના દરેક પથિકે તેને ઠુકરી ફેરવી પાછળ મૂકી દીધો હવે એ ફરશી બીચારી વિચારી રહી છે કે હાય, હુ કોઇના રાહમા આડે ન આવી હોત

× × ×

ભુત, ભવિષ્ય, અને વર્તમાન એકી સાથે ચાલી રહ્યા હતા, આગળ ભૂત એની પાછળ વર્તમાન અને વર્તમાનના ખભાપર ભવિષ્ય બેઠુ હતુ ચિતારાની પીછી મારી પાસે હોત તો હુ એક સુદર ચિત્ર દોરી તેનું નામ આપત 'ત્રિકાળ મિલન' પણ એ ત્રણેને ખબર ન હતી કે તેઓ મારી કલમે ઝડપાઈ જશે તેઓ તો સીધા સાદા ગામડીઆ હતા આગળ દાદો ચાલતો હતો અને એની પાછળ એ દાદાનો છોકરો પોતાના છોકરાને લઈને પિતા બાપ પોતાના નાના બાળકને ખભે બેસાડી જતો હતો દાદો=ભૂતકાળ, બાપ=વર્તમાનકાળ બાળક=ભવિષ્યકાળ

× × ×

ગઈ વેળા મે એક ફુરસદીયા યુવાનનુ રેખાચિત્ર દોર્યુ હતુ તે વાચકોને ઘણુજ ગમ્યુ છે એમ તત્રી સાહેબના કહેવાથી જણાયુ છે એ ઉપરથી પ્રેરાઇને આજે બીજુ રેખાચિત્ર દોરૂ છુ જે એક મોટા કવિનુ છે —

'ખબરદાર'ની વાત કરો છોને? હુ એમને મળ્યો હતો ઘણાજ હેતથી ભેટયા હતા મગન

વિષે પણ મારો મન ધગવે છે પણ આપણાથી એમને કેમ કહેવાય કે ગઝલ વિષે એકાદ વિવેચન લખો અને વિવેચનની વાત નીકળીજ છે તો ભેગાભેગી કહી દઉં છું કે મારાથી સુંદર એ વિષે કોઈજ નહિ લખી શકે? શું કહ્યું હું કેમ લખતો નથી? .. લખું તો ખરો પણ એ તો આત્મપ્રશસ્તિ થઈ જશે કેમકે મારો ગઝલકાર પણ હું જ છું ને? હા જી સાહિત્ય પરિષદમા અમે ગયા હતા અને ત્યાં મુસ્લિમ લેખકોને થતા અન્યાય વિષે વાત પણ છેડેલી પરંતુ લીલાવતી મુન્શીના કહેવાથી તે જતી કરી આપણામાં પાણી છે તો પછી રોદણા રડવાની ફરિયાદ કરવાની શી જરૂર? હવે લખ્યું લખ્યું બેકાર અને રોષચક્રીએ પબ્લીકનું શું? એ તો બારઆના ચિત્રોને વખોડે અને બીજા સાધારણ ચિત્રોને વખાણે પણ તેથી બારઆની મહાનતા કંઈ ઓછી થઇ ગણાશે? ટાગોર અને 'ગુલબકાવલી'ને લોકો ન સમજે તેથી શું? આનંદી ગત અમારીજ છે અમારાજ માન્યો ચિંતન અને મનન માટે વચાળે 'ફિલસુફીના કૂચા'!! એ શું બકો છો? કૂચા તો શેરડીના હોય નસના વળી કૂચા હોય? તસવ્વુરી રંગ જતબા જો કે એમજ?

હા ભઇ હા નાનાભાઇને પુગ મળ્યો છું અને મેવાણીને પણ ચાપરી તે ઘરના માણસ છે સુન્દરમનું શું? એ તો કબોઈ મુશાયરાના પ્રમુખ પણ બની ચૂક્યા હતા અને ઉમાશંકરને મુંબઇમાં નહોતા જોયા? ગઝલનું ભાન છે કંઈ? અરે .. જ્યાં પગ મૂકું ત્યાં હંમેશા કપાળ પણ ટેકી શકતા નથી પણ ઠીક છે આપણને આમરૂતીની શી પડી છે? નારાયણ અને જ્યોતીન્દ્ર દવેની વાત પૂછો છો? એ વાતમાં શું માન છે? ઘણીએ વાર મળ્યા છીએ અને સાથેજ ચાહ પીધી છે ગુજરાતની ગઝલો વિષે નુકતે ઉચકું તો બીજી આવૃત્તિની શિકલજ બદલી નાખું, પરંતુ કૃષ્ણલાલ ભાગને માઠું લાગે એવું કેમ થાય? ચપટીમાં મસળી નાખું તમારા પેના પણ એમના જેવું કોણ થાય!

આવી અને એવી બીજી ઘણી ઘણી વાતો કરતા એક શાહિર મિત્ર ન તો હજી વિવેચન લખી શક્યા છે ન ટીકા ગઝલ વિષે એકાદ સુંદર નિબંધ પણ લખી શક્યા નથી સખ્યાબંધ હિન્દુ કવિ મિત્રો ધરાવતા હોવા છતા એમની દ્રષ્ટિમાં ગઝલનું સુંદર રૂપ પણ બનાવી શક્યા નથી, મુશાયરામાં ગઝલ વાંચે છે દાદ મેળવે છે, અને દે છે અને બસ તેઓ ધારત તો ઘણુંએ નક્કર કામ કરી શકત એવી એમની સ્થિતિ છે છતા તેઓ, વાતોમાથી નવરાજ નથી પડતા હજીએ વળી મળશું ત્યારે તેઓ જુની વાતો નવેસરથી દોહરાવશે અને બસ

" ?

ઉંટના લગ્નમાં ગધેડા ગીતો ગાવા ગયા હતા અને ઉંટે ગધેડાના સૂરની અને ગધેડાએ ઉંટના સુંદર રૂપની જે તારીફ કરી હતી એવીજ તારીફ લેખક મિલનમા જઈ આવેલા પેલા વાડીમા ચરી ખાતા મેત્રણે કરી છે સાથે હર્યા સાથે ફર્યા સાથે ખાધુ સાથે સૂતા સાથે ગાયું વગેરે

સાથે હરવું ફરવું અને ખાવું ગાવું થાય એ તો કંઈક ઉજાણી જેવું થયું લેખક મિલન પણ એવી ઉજાણીઓ ઉજવવા માટે સ્થપાયું છે શું? અને સાથે સૂતા નો શો અર્થ એ વધુ પડતી વાસ્તવિકતા જુગુપ્સા પેદા કરે છે

'બહાએ ફુરકતો મખસુમીયતકા કમ કરદે
કે ખુ હમારે નજરમે હિજાબ આતા હય

× × ×

"મહાગુજરાત ગઝલ મંડળ"ની સ્થાપના સુરતમાં થઈ ચૂકી છે અને એનો પહેલો મુશાયરો પણ સુરત ખાતે થઈ ગયો છે. ગયા અંકમાં બે ત્રણ મુશાયરા થવાની જે વાત લખી હતી તેમાં આ મુશાયરાથી હું અજ્ઞાત હતો. મેં જે મુશાયરાઓનો ઉલ્લેખ કર્યો હતો તે તો હજી થવાનાજ છે જેમાં (૧) ખોલવડ અને (૨) સુરત ખાતે (૩) રાજપીપળા ખાતે નક્કીજ છે. ખોલવડના મુશાયરાની તારીખ તથા પ્રમુખ નક્કી થઈ ગયા છે, જનાબ 'અસર' સાલેરી એમ. એ. બી. ટી. એ મુશાયરાના પ્રમુખ છે અને એવા પ્રમુખની પસંદગી કરવા બાબત અમે કાર્યવાહકોને ધન્યવાદ આપીએ છીએ. 'અસર' સાહબ ગઝલના સારા અભ્યાસી હોઈ ઉર્દૂ ગઝલકાર તરીકે પણ ખ્યાતિ પામેલા છે. તેઓ પ્રમુખપદેથી 'ગઝલ-વિકાસ' પર એક ઉત્તમ ભાષણ પણ આપવાના છે, અને તે માટેની તેઓ ખંતથી તૈયારી કરી રહ્યા છે, મારી જાણમાં આવ્યું છે ત્યાં લગી હું કહી શકું છું કે મહાગુજરાતના લગભગ સઘળા ગઝલકારો ખોલવડમાં એકઠા થાય એવો પ્રબંધ થઈ રહ્યો છે. અલબત્ત પેલી હુ, બાવા, મગળ દાસની ટોળીને એમાં સ્થાન નથી, જેણે ગઝલની અને શાઇરીની નાક કપાવી છે અને કપાવ્યે જાય છે.

× × ×

'આઝાદ' પોતાની આત્મકથા લખશે એવો ખુલાસો મેં ગયા અંકમાં કર્યો હતો પરંતુ આઝાદજીએ તે વાત હજી લગી ગણકારી નથી. તેઓ કશાકની રાહ જોઇ રહ્યા છે. એમની માન્યતા મુજબ એવું કંઈ બને, એવું કંઇ બને, જેથી તેઓની પ્રેરણા એકાએક ઉભરાઈ જાય અને તેઓ લખતાજ ચાલ્યા જાય. જોઇએ ત્યારે એવું ક્યારે બને છે અને આઝાદજી ક્યારે કલમ ચલાવે છે. હાલ તો તેઓ સાહિત્ય છોડીને ખેતીમાં પડ્યા છે. એક મહાન કલમ બાજ બિચારો કપાસની કળીઓ ખોદે છે રે! ગુજરાત!

× × ×

ફેતાવા

જનાબ મૌ. અહમદ અશરફ મા૦ કાઠિયાવાડના પ્રવાસે ગયેલા હોવાથી આ અંક આપી શકાયા નથી.

—: મુશાયરો :—

ખોલવડના જીમખાનાના આમંત્રણને માન આપી મહાગુજરાત ગઝલ મંડળના આશ્રય હેઠળ એક કવિ સંમેલન (મુશાયરો) તા. ૨૮-૫-૪૪ના રોજ રા. ક. ૧૦ વાગે યોજાયેલો આવ્યો છે. જેમાં ગુજરાતના હિંદુ-મુસ્લિમ કવિઓને ભાગ લેવા આમંત્રણ છે.

પ્રમુખ

જ. 'અસર' સાલેરી એમ. એ. બી. ટી.

— પંક્તિ —

દિલમાં હતા ઉમંગો સાગર તરી જવાના

કાફિયા —તરી, મરી, ભરી વગેરે

રદીફ —જવાના

મને આજ પછી કઝા યાદ આવી

કાફિયા —કઝા, મઝા વગેરે

રદીફ —યાદ આવી

સ્વીકાર–સમાલોચના

●

નવયુગના મશાલ લેખક–અબ્દુલહુસેન નુરભાઈ 'બાત પૂત' પ્રકાશક વહોરા મસ્તુ સાહિત્ય કાર્યાલય–કાનગરોડ સુરત કીં રૂા ૧

વહોરા કોમમાં સુધારક ગણાતા પક્ષ તરફથી 'સુનસારે હાળીમાં', 'વહોરા અખબાર', 'આગે કદમ' વગેરે સાપ્તાહિકો અને માસિક દ્વારા સુધારક વિચારના વહોરા યુવકોના આંદોલનો વાંચવામાં આવતા હતા પણ આ પુસ્તક દ્વારા એમની ચળવળનો વ્યવસ્થિત ઇતિહાસ રજુ થાય છે મુખપૃષ્ઠમાં મરેલી સુધારકપક્ષની પહેલી પત્રિકાનો એમાં સંપૂર્ણ અહેવાલ છે સમાજ સુધારો અને કેળવણીની પ્રગતિનું એમનું ધ્યેય વખાણ પાત્ર છે બાકી એમાં ખેંચતાણમાં તો સત્ય માનવીઓને શાનો રસ હોય? પ્રગતિ વાંચ્છુઓએ એકવાર જરૂર વાંચવા જેવું છે ધગશને ઉત્સાહ પ્રશંસાપાત્ર છે

સોસાયટી [માસિક] મુંબાઈથી નીકળતા આ માસિકે ચાર અંકો દ્વારા પોતાનું સ્થાન જમાવી દીધું છે એના સંચાલકો તંત્રી–એમ એચ ફાતીનાવાલાની વ્યવહારબુદ્ધિ અને સાહિત્ય ધગશ એમાં દ્રષ્ટિગોચર થયા વગર રહેતી નથી ગુજરાતના પ્રતિષ્ઠિત લેખકોનો સહકાર એને સાંપડ્યો છે એ રીતે પ્રમાણે ગુણ ધરાવતું હળવા સાહિત્ય અને સમાજ સેવાનું માસિક' બૌદ્ધિક અને નૈતિક દ્રષ્ટિએ ઠીક ઠીક પ્રગતિ સાધતું જાય છે ઉપયોગી આકર્ષક છે

યુવક' ધી બોરા એજ્યુકેશનલ સોસાયટીના આશ્રયે દેહગામથી નીકળતું આ નાનકડું મુખપત્ર માસિક પણ ઠીક ઝળકી રહ્યું છે આ યુવકોનું માસિક છે અને યુવકોનુંજ રહે એ ઇચ્છવાજોગ છે અત્યારે તો એ તો જુવાની પુર બહારમાં છે લેખન ધોરણ પણ ઉચ્ચ પ્રકારનું છે પણ ગાજે ફરી એને ઘડપણ ન આવે એ એના ચોકીદારે જોતા રહેવું યુવકનું આગમન વહોરા કોમ માટે ઉપયોગી અને આવશ્યક નીવડ્યું છે વિચારોની મૌલિકતા અભિનંદનીય છે

ગમે શહાદત (ભાગ ૧ લો) લખનાર અને પ્રકાશક પ્રસિદ્ધ કરનાર મૌલવી શેખ અબ્દુલગની મહેદી નાદેર (મરહુમ) કીં રૂા ૧ા. આ ૧૮૪ પાનાના દળદાર પુસ્તકમાં શહીદોના શહેનશાહ હજરત ઇમામ હુસેન (રદી)ની શહાદતનો ગદ્ય ઉર્દૂ ભાષા અને ગુજરાતી લિપીમાં છપાવી મૌલાનાએ "ઇસ્લામ જિંદા હોતા હૈ હર કરબલાકે બાદ" ના ઇતિહાસને છતો કર્યો છે એમની દિલચસ્પ વાતોની જેમ એમની કલમે પણ દિલચસ્પી પ્રાપ્ત કરી છે પ્રયત્ન પહેલો છતાં સફળતા પ્રાપ્ત કરી છે કોમોના ઇતિહાસ હમેશા લોહીના અક્ષરેજ લખાએલા હોય છે તેનો જીવતી જાગતી દલીલ આ પુસ્તક છે

પુકાર', અને તકદીર, પોરબંદરના રિપોર્ટનો રિવ્યુ હવે પછીના અંકમાં આવશે તંત્રી

અનુવાદક

હવે રાજ કરવા દો

બેવકૂફોને

હાશિમ ટીમોલ

એક વેળા હું અને મ્હારો મિત્ર ઇમામદીન જગનમા માર્ગ માપી રહ્યા હતા, મધ્યાન્હનો સમય હતો સર્વત્ર ગાઢ નીરવતા પ્રસરી રહી હતી દૃશ્ય એવુ હતુ જાણે સ્વપ્ન સૃષ્ટિ! માર્ગરૂપી ગાલીચા ઉપર પાંદડાના ગુચ્છા અહિ તહીં વેરાયલા પડ્યા હતા, પક્ષીઓ ડાળીઓ પર નિંદ્રાધીન હતા કેટલાક બકરાઓ ચરી રહ્યા હતા તો કેટલાક વૃક્ષોના છાયડામા આરામ કરી રહ્યા હતા આવા સુનસાન વાતાવરણમા તળાવનુ જળ પણ નિંદ્રાના ખોળામા સુઇ ન રહ્યુ હોય એમ સ્થિર હતુ એની નિકટમાજ એક ગોવાલણ હાથ પર માથુ ટેકવી સુઇ રહી હતી

અમારા નિમંત્રક ડગર અમને એ સુંદર સુંદરી સમીપ લઈ ગયા આ વન એક નિરવ-ગઢ હતુ એક કલ્પિત ગઢ અને આ નાયિકામયી કુમારી જગનની ગાઢ તેની હતી એ ઘણુ કરીને મો વર્ષની આહ નિંદ્રાધીન હતી તેના અસ્પષ્ટ ન સમજાય એવી રીતે આવતા શ્વાસો, વૃક્ષસ્થાને એક અવિરત ધ્વનિ એક કડબર્યો કંપ ઉત્પન્ન કરતી હતી અવિરત અણિયાળા વણઅટકી વધુવેણી જાણે અગ્નિના વહેતી વહેતી થભી ન ગઈ હોય અને એમજ નિંદ્રામા ગુમ થઇ રહી રહી હાય

નિરવના નિમંત્રણના અને જગનમા એકની તરુણી! અમે બન્ને અર્થપૂર્ણ દૃષ્ટિએ એકમીજા પ્રતિ જોયુ કદાચ એમજ વિચાર એકજ ક્ષણે એકજ વખતે અમારા અંતરમા કિલબિલાટ અને ઉભય આગળ વધ્યા

પાસેજ એક બકરૂ જોરથી બડબડી ઉઠ્યુ બે બે

તરુણીએ ચક્ષુઓ ઉઘાડી દીધા બે અપરિચિતોને નીજની સમીપ ઉભેલા જોઇ સફાળી બેઠી થઇ પોતાની વીખરાયલી કેશ-લટો ઠીક કરવા લાગી

પછી સસ્મિત બોલી 'વહેળામાથી પાણી પીવુ છે?

'હા! વિચાર તો' ઇમામદીને કહ્યુ

તરુણી સહસા બોલી, "વારુ ત્યારે પી લ્યો, અમસ્થી મ્હારી આંખો બીડાયલી હતી, તળાવની પાળ પર શીતળતા પણ ઘણી હોય છે ને?'

તૃષા નહોતી છતાં પાણી પીવુ પડ્યુ

જ્યારે અમે પાણી પી ચૂક્યા તો તરુણીએ પૂછ્યુ ક્યાથી આવો છો તમે?

"અમે વિદેશી છીએ' ઇમામદીને મર્મ ભરી દૃષ્ટિએ યુવતી પ્રતિ જોઇને કહ્યુ "અને દેશીઓએ પ્રદેશીઓની આગતાસ્વાગતા કરવી જોઇએ'

'અહિં બધાજ વિદેશી છે' યુવતીએ સરળતાપૂર્વક કહ્યુ ઓહ! ઇમામદીન કહેવા લાગ્યો, "આ તો કંઈ વિચિત્રજ વાતો કરે છે ભાગો અહિંથી એ આપણા હાથમા આવે એમ લાગતુ નથી

યુવતીએ એ વાક્ય કોઈ પુસ્તકમા નહોતુ વાચ્યુ એમજ સમજ્યા વિચાર્યા વિનાજ હદ પારની નિર્દોષતા બેવકૂફીની હાલતમા ઉચ્ચારી દીધુ હતુ તે ચાલાક હોત શિક્ષિત હોત સમજદાર હોત તો આમ જગનમા એકલી બકરાઓ ચરાવત! કિંતુ તે તો એક બેવકૂફ નાદાન અભણ ગામડિયણ છોકરી હતી અને એની કને પોતાના રક્ષણ માટે પોતાની બેવકૂફી સિવાય બીજુ કશુજ ન હતુ અને અંતે એ મૂર્ખતાએજ એનુ રક્ષણ કર્યુ એજ મૂર્ખતા

એનુ રક્ષણ કરતી હતી, એજ મૂર્ખતાને લઇ કદી પણ એને એવી કલ્પના પણ ન થઇ કે કોઈ પથિક આ જગતમા એના પ્રત્યે કુદ્રષ્ટિએ જોઈ શકે છે હતી તો મૂર્ખને બીચારી! જો તે સમજદાર હોત તો છોડો તમે સમાચાર પત્રોમા એનુ વર્ણન વાચી લીધુ હોત

મૂર્ખતાનુ એક સામાન્ય દ્રષ્ટાત છે કિંતુ એનાથી પણ બેવકૂફીના ગુણો વિશિષ્ટતાઓ પ્રત્યક્ષ થઈ જાય છે એ લોકો ગુણ ને જાત જાતના વિશેષણોથી પુકારે છે નિર્દોષતા, અભણતા મૂર્ખતા કિંતુ હુ તો એને બેવકૂફીજ કહીશ

બેવકૂફીને લોકો ઘણીજ ખરાબ કહે છે ખરાબ સમજે છે, ધિક્કારે છે, તેના પર હસે છે, એથી ઉ ટુ આજકાલ બુદ્ધિની પૂજા થાય છે બુદ્ધિ મહાન વસ્તુ છે, બુદ્ધિનુ જગતમા સામ્રાજ્ય ચાલે છે, આ જગત પર પણ અને તે જગત પર ફલાણો માણસ બેવકૂફ છ પેલો ગધેડો છે, તે મૂર્ખ છે, જગતમા તેને કશુય સ્થાન ન મળવુ જોઇએ ફલાણો માણસ મહાબુદ્ધિશાળી છે જ્ઞાની છે, વિદ્વાન છે, તેના હાથમા દુન્યાનો રાજકારોભાર સોંપી દો આ પ્રકારના ભેદભાવ આવુ વર્ગીકરણ બેવકૂફી અને બુદ્ધિશાળીની વચ્ચે નક્કી કરવામા આવ્યુ છે કે પ્રત્યેક ઈન્સાન જ્ઞાનીનો આસરો લેવાનુ ઉચિત સમજે

રાજનીતિજ્ઞ બુદ્ધિશાળી હોય છે, કવિ મૂખ હોય છે સમાજ ।। રૂઢિ પર ચાલનાર સમજ દાર હોય છે, પ્રેમી ગધેડો હોય છે, પોતાની સમજ શક્તિ પર મીલ ચલાવનાર પૂજીપતિ બુદ્ધિમાન હોય છે, કાળી મજુરી કરનાર મજુર બેવકૂફ નૃત્યગૃહમા રેશમી વસ્ત્રો સજી નૃત્ય કરનાર નર્તકી સમજદાર, નિર્જન વનમા બકરા ઘેટા ચારનારી ભરવાડણ અણસમજુ

જ્ઞાની અને અભણ!

બુદ્ધિશાળી હમેશા બેવકૂફની ઠેકડીજ કરતો રહે છે

મુત્સદ્દી કવિ પર, રૂઢિચુસ્ત પ્રેમી પર, ધન વાન મજુર પર અરે શિક્ષિત ભરવાડણ પર

જ્ઞાની અને બેવકૂફ!

કિંતુ હજી સુધી હુ એ સમજી શક્યો નથી કે આમ શા માટે? બેવકૂફી પ્રત્યે ઘૃણા કેમ? બેવકૂફીમાથી જ તો જગતના સુદર હાસ્યનુ ઝરણુ પ્રકટે છે, જો જગતમા બેવકૂફીનુ અસ્તિ ત્વજ ન હોય તો રૂપાળા લોકો હસશે કોની પર? દેખીતુજ છે કે એઓ એટલા મૂર્ખ તો નથી જ કે પોતાની જાત પર હસે કારણ કે પોતાની જાત પર હસવા માટે પણ બેવ કૂફીના તત્વો હોવાજ જોઇએ જેનો બુદ્ધિમાનોમા સર્વથા અભ ા છે ચાર્લિ ચેપ્લીનની કીર્તિનો મર્મ પણ તેની હાસ્યાસ્પદ મૂખતા અને બેવ કૂફી ભરેલી હરકતોમાજ છે તે સ્વય હસતો નથી કિંતુ બીજાની મૂર્ખતાથી આખી દુન્યાને હસાવવા નિમ ત્ત છે અને જો દુન્યામા ખિલ ખિલાટ હાસ્ય ન રહે બીજા અર્થામા જો દુન્યામા બેવકૂફો ન રહે તો આ જગત એક હર્ષ ગીતને બદલે શોક-ગીતમા પલટાઈ જશે, વિના-પાત્રમા ફેરવાઈ જશે બાલ્યસ્ય ઉલ્લાસી નતા, જગતના હર્ષ માટે ખુશી માટે, સ્મિત માટે બેવકૂફીનુ અસ્તિત્વ અનિવાર્ય છે

હાસ્ય અને હર્ષના સિવાય સૌંદર્યનુ ઉદગમ સ્થન બેવકૂફીજ છે સ્ત્રી જેટલી વધુ ખૂબસૂરત હશે તેટલીજ બેવકૂફ પણ બુદ્ધિ અને સૌંદર્ય હમેશા એકબીજાના વેરી રહ્યા છે સુદર વસ્તુ કી જ્ઞાની નથી હોતી રૂપાળી સ્ત્રી વસ્નતી આદની ગુનાસની સ્મિત વેરતી પા ડી રહી માહએ એમા બુદ્ધિ।। અશ પણ જોયો છે? ત ા ન જ ોઉ શ્ર માટે શા- સુાદ પ- વાળી

જાય છે સૌંદર્ય, ઉલ્લાસ, સ્મિત, સરળતા, જગતની કોઈ પણ આકર્ષક વસ્તુઓ અકળ હોતીજ આમ છતાય લોકો તો બુદ્ધિનો પીછો છોડતા નથી મૂર્ખ કહીંના! કહેવા માગુ છુ કે બુદ્ધિશાળી કહીંના!

એ પ્રશ્નો તો તમે વારવાર સાભળ્યા હશે "બુદ્ધિ મહાન કે ભેસ" હુ તો કહીશ કે ભેમજ પ્રત્યેક હાલતમા ભેસ બુદ્ધિથી મોટી હોય છે ભેસ દૂધ આપે છે, માખણ, છાશ, પનીર, તેના હાડકાઓમાથી ખાતર, શીંગડામાથી બટન અને ચાકુના હાથા તૈયાર થાય છે જોડા પણ એનાજ ચામડાના તો બને છે, એનુ રુવે રુવુ મનુષ્યને ફાયદો પહોચાડે છે ત્યારે બુદ્ધિ? એણે શુ કર્યું છે આજ પર્યંત મનુષ્ય માટે? બોલ બોલ એ નૃત્યગૃહમા નાચતી નર્તિકા! જરા તે જગતમા જઈને તારા સૌંદર્યને પેલી ગોવાલણની માનસિક સ્થિરતા, નિડરતા અને બેવકૂફી સાથે સરખાવી તો જો! તેજ ક્ષણે સમજાઈ જશે કે બુદ્ધિ મોટી છે કે ભેસ

ધનવાન હમેશા ગરીબ પર હસે છે બેવકૂફ, અભણ! મ્હને જુઓ હુ મ્હારી બુદ્ધિથી આ લાખો મજુરો પર શાસન ચલાવુ છુ, આ કારખાનુ ચલાવુ છુ, મ્હારી આવકનો આકડો લાખોથી પણ વધી જાય છે અને આ મજુરને થોડાક મિલ્યા! કેમકે એ બેવકૂફ છે જો એ પણ મ્હારી જેમ સમજદાર હોત તો એની આ દુર્દશા નજ થાત બુદ્ધિ દરેક હાલતમા શ્રેષ્ઠ છે

બુદ્ધિમાન સદાય પ્રેમીને ધિક્કારતો હોય છે મારે સ્ત્રી છે, બાળકો છે, સગા છે, જગતમા અમારી કીર્તિ છે, મરણ પછી સ્વર્ગમા સ્થાન છે અને તુ? દોડી, ભટકતો, આશ્રમ વિનાનો, બગનો અને ગ્લોની ધૂળ ખુદે છે, ફરહાદ ત્રીકમ લઈ પહાડ ખોદે છે, કાચા પાયા પર મહેલ ચણવા માગે છે, બેવકૂફ રખડુ પ્રેમી! ન નિંદ્રા તારી છે, ન રાત્રી તારી, ન તને આ જગતમા આરામ મળે છે, ન પરલોકની ચિંતા. આ પણ કોઈ જીવન છે?

રાજનીતિજ્ઞ હમેશા કવિ પર હસે છે હુ કાય કરુ છુ, એ કવિતાજ લલકારતો હોય છે હુ જગતનો કારોબાર ચલાવતો હોઉં છુ, એ સ્વપ્નામા રચે છે હુ ગગનચૂબી મહેલો ઉભા કરુ છુ, એ વૃક્ષોના છાયડા તળે પડયો રહે છે હુ કોમનુ ભાગ્ય પલટુ છુ, એ પુસ્તકોના પૃષ્ઠો ઉલટાવે છે જાહિલ, નકામો, કહીંનો! બુદ્ધિશાળીઓની દલીલોનો જવાબ એ બીચારા કને શુ હશે? એ તો હરહાલતમા બેવકૂફ છે, તે કેવળ એટલુજ જાણે છે કે ઇન્સાને સેકડો વર્ષથી પોતાનુ ભાગ્ય બુદ્ધિશાળીઓના હાથમા સુપરત કરી દીધુ છે કિંતુ એ મહાનુભવોએ આજ સુધી માનવસુખ, ઉલ્લાસ અને સૌંદર્યમા સ્હેજે વધારો કર્યો નથી વિદ્વતા વધે છે, સમાજનુ વર્તુળ સકોચાતુ જાય છે અને નૃત્યગૃહોના વર્તુળ વિશાળ થતા જાય છે વેશ્યાવાડા વધે છે, પ્રેમ નષ્ટ થયો છે, દેશોમા યુદ્ધો જામે છે, કારખાનાઓમા હડતાળો પડે છે કેમકે પ્રત્યેક બુદ્ધિશાળી ધનવાન ઇચ્છે છે કે તેનુ કારખાનુ પ્રતિવર્ષે વધુ ને વધુ નફો મેળવે, મજુરોના લોહી અને પરસેવાથી શ્રમજીવીઓની સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે જો કે એ જ્ઞાન એ મજુરોને ક્રાંતિનુ શિક્ષણ આપવા લાગે છે, એવીજ રીતે પ્રત્યેક બુદ્ધિમાન રાજનીતિજ્ઞ એ ઇચ્છે છે કે તેની કોમ પ્રગતિ કરે અને દુન્યાની દરેક કોમોને પાછળ પાડી દે કિંતુ ધરતી એક છે અને એ પૃથ્વીપટની પણ ભૌગોલિક સીમાઓ છે એટલે એ બુદ્ધિ

ચણ્ટોમા જગ અને અથડામણુ ઉભી કરે છે અને પ્રત્યેક વર્ષે પચ્ચીસમે નવી પેઢી, માનવ વશ, લોહી અને આગની શય્યા પર આળોટતી દ્રષ્ટિગોચર થાય છે કેમકે દુન્યામા બુદ્ધિશાળી રાજનીતિજ્ઞોનુ રાજ્ય ચાલે છે, કવિઓનુ નહિ ફિલ્સુફોનુ વર્ચસ્વ છે, પ્રેમીઓનુ નહિ નૃત્ય ગૃહોમા નાચની નર્તિકાઓનો પ્રભાવ છે, ગોવા ળણોનો નહિ સેકડો વર્ષ લગી માનવતાએ આ મહાનુભવો, જાગીરદારો, મુડીપૂજકો સમા જના ઠેકેદારો, વેશ્યાવાડામા ઉછરેલી લલનાઓની કાર્યદક્ષતાનો અનુભવ કર્યો છે જો હવે થોડાક દિવસો માટે મૂર્ખ કવિઓ, ભટકતા પ્રેમીઓ, ચીંથરેહાલ મજુરો અને અણુઘડ ગોવાળણોની બેવકૂફીને સત્તાના સૂત્રો સોપી એનોય અનુભવ કરી લે તો વાંધો શુ છે ? એને શા માટે તક ન અપાય સેકડો વર્ષથી આપણે અકલમંદોની પગદંડી પર પ્રયાણ કરતા રહ્યા છીએ, એમનો અનુસર્યા છીએ હવે થોડીક ક્ષણો માટે એક મૂર્ખની છાયામા વિશ્રાન્તિ લઇએ તો ખોટુ શુ ?

ગધેડો કહીનો મૂર્ખ !

માચેન્જ મ્હારૂ સચન મદનર મૂર્ખતાભર્યુ છે કિંતુ કદી કદી તો માચેન્જ આત્મા પોકારે છે કે અકલમંદીનુ અસ્તિત્વ ભૂંસી નાખવામા આવે કિંતુ પાછો ભયથી ચોંકી ઉઠુ છુ કેમકે દુન્યામા મહાન મહાન બુદ્ધિશાળીઓનુ ગજ છે અને !

કાશ ! દુન્યાનો પ્રત્યેક મનુષ્ય બેવકૂફ હોત

આશા

સુખ વિશ્રામો અને દૌલતની રહે છે આશા,
વિશ્વમા કોઇને ઇજ્જતની રહે છે આશા,
જાને જાએ છે મગર આશ નથી જાતી કઇ,
બાદ મૃત્યુ અરે જન્નતની રહે છે આશા

ગઝલ

સતોષ સુખ મઝા ક્યા? દિલમા કરાર ક્યા છે,
જીવુ તો શુ હુ જીવુ જીવનમા સાર ક્યા છે?

દુ:ખ મુક્ત થઈ જવાની આશાથી દિલ લગાવ્યુ,
પણ ચૈન પ્રેમમાએ પરવરદિગાર ક્યા છે?

એ પ્રેમ કેરી . મસ્તી ઝાહિદ નથી રે મસ્તી,
કઈ ભાન એનુ તુજને ગાડા ગમાર ક્યા છે?

જગ જનની રીત એ છે સદ્ગુણને વિસરી જાય,
જોશે પ્રથમ કે તુજમા દુર્ગુણ લગાર ક્યા છે?

ગાએ તુ પ્યાર—ગીતો પણ પ્યારના પ્રચારક,
આજે બતાવ મુજને સાચો એ પ્યાર ક્યા છે?

એક હો તો હુ બતાવુ ક્યા ક્યા તને ગણાવુ?
તુજ પ્રેમ દાગોનો મુજ દિલમા શુમાર ક્યા છે?

મયનો નશો નથી કે ક્ષણમા જતો રહે જે,
આ પ્રેમનો નશો છે એનો ઉતાર ક્યા છે?

જેવા વિચાર તેવા ઇન્સાનના અમલ છે,
સારા અમલ હો ક્યાથી સારા વિચાર ક્યા છે?

એ જોશ, એ તબીઅત, એ આશ, એ ઉમગો,
દિલ ક્યા? એ પ્રેમ ક્યા? એ જીવન બહાર ક્યા છે?

વાણીમા છે સહુની વર્તનમા ના દિસે છે,
એ પ્યાર તે છે "મઝલૂમ" તુજમાજ પ્યાર ક્યા છે?

કલકત્તા] ["મઝલૂમ" જેતપુરી

ટૉલ્સ્ટૉય

અનુવાદક
"ખામોશ" કુતિયાણા

આ એક એવા માણસની વાત છે કે, જેણે પોતાના જીવનનો વિશેષ ભાગ શિક્ષણ-પ્રચારમાં ખર્ચી નાખ્યો. તેની ધારણા હતી કે, દુન્યામાં કોઈ માણસ ઉન્નતિ સાધી શકે છે અને સાચો મનુષ્ય બની શકે છે, તો કેવળ શિક્ષણ દ્વારાજ.

ટૉલસ્ટૉયે રૂસના એક નાના ગામમાં જન્મ લીધો. તે હજી નાનોજ હતો, ને તેના પિતા આ જગતથી વિદાય પામ્યા અને તે બિચારાનું કોઈ સંભાળનારૂં રહ્યું નહિ. પરંતુ જેનાથી ખુદા પોતે કાંઈ કામ લેવા ઇચ્છે છે, તેના માટે દરેક પ્રકારનો માર્ગ મોકળો કરી દે છે. એટલે ટૉલસ્ટૉયને તેના મિત્રોએ મોસ્કો મોકલી દીધો જ્યાં તેણે જર્મની અને રૂસી શિક્ષકો પાસે ભણવું શરૂ કર્યું. પરંતુ ત્યાં તેને કેળવણી બરાબર ન મળી, તેથી તેને લેનીનગ્રાડ મોકલી દેવામાં આવ્યો. અહીં તેણે ઘણી મહેનતથી ભણવું શરૂ કર્યું. અને વીસ વરસની ઉમરમાં શિક્ષણ પુરૂં કરીને પોતાના ભાઈ જે કોકેસસમાં લશ્કરી અફસર હતો, તેની પાસે ચાલ્યો ગયો જ્યાં તે પણ લશ્કરમાં જોડાઈ ગયો. તે આખો દિવસ મહેનત કરતો અને સાંજે સારા લેખકોના પુસ્તકો વાંચતો. જેનું પરિણામ એ નિપજ્યું કે, તેણે પણ એક પુસ્તક લખ્યું. જેમાં સુંદર વસ્તુઓ જોઈ નિરસકાર પ્રદર્શિત કર્યો.

૨૫ વરસ સુધી ટૉલસ્ટૉય કોકેસસમાં રહ્યો અને ત્યાં પોતાનો અભ્યાસ વધારતો રહ્યો. ક્રિમિયાના યુદ્ધમાં તેને ચુંટીને મોકલવામાં આવ્યો. તેજ સ્થળે તેને લેખો લખવાનો શોખ ઉત્પન્ન થયો, અને તેણે ઘણા સારા સારા પુસ્તકો લખ્યા. જે વડે તેને ઘણી પ્રસિદ્ધિ મળી, અને તેની ગણના સારા નામીઓમાં થવા લાગી. ૧૮૫૭માં ટૉલસ્ટૉય જર્મની ગયો અને ૧૮૬૧માં તેણે ખેડૂતોને આઝાદ કર્યા અને એવી રીતે તે ગરીબોને જમીનદારો તથા અમીરોના બળાત્કારથી બચાવ્યા. ૩૪ વરસની વયમાં તેણે એક હકીમની પુત્રી જોડે લગ્ન કર્યા. અને તેજ યુગમાં એક પુસ્તક "વિગ્રહ અને શાંતિ" નામનું લખ્યું. આ પુસ્તક ઘણી પ્રસિદ્ધિ પામ્યું. મોટા મોટા નામીઓ તેનો આભાર માનવા લાગ્યા અને રૂસી લોકો તેના પર ગર્વ કરવા લાગ્યા. રૂસની હકૂમત તે સમયમાં ઘણી ઝાલિમ હતી. જે માણસો તેને ખનાસ કહેતા હતા, તેને દેશનિકાલ કરવામાં આવતા હતા, અથવા તેને મારી નાખવામાં આવતા હતા. ટૉલસ્ટૉય બિચારા ગરીબો અને મજદૂરોનો હમદર્દ હતો. એથી તેને કેટલી વેળા આપત્તિઓની સામે થવું પડયું હતું. પરંતુ તે હિમ્મત હાર્યો નહિ. તેણે તેજ સમયમાં એક ગ્રંથ લખ્યો જેમાં દેશની દુર્દશા વર્ણવેલી. સ્હેવું છેલ્લું પુસ્તક "શયતાની કુવ્વત" નામી ડ્રામા હતું. તેના આ પુસ્તકોનું એ પરિણામ આવ્યું કે, આજે રૂસ પર આઝાદીનો ધ્વજ ફરકી રહ્યો છે. ૧૯૧૦માં રૂસનો આ તેજસ્વી દિપક ઓલવાઈ ગયો. ટૉલસ્ટૉયને પોતાના દેશ પ્રત્યે ઘણો પ્રેમ હતો અને તે એના માટે એટલું બધું ઇચ્છતો કે, જાણે માતા પોતાના બાળકના માટે ઇચ્છે છે. ટૉલસ્ટૉય કર્તવ્યપાલક, શૂરવીર અને ખંતીલો પુરૂષ હતો.

કલ્યાણ

ચિંગારી

પ્રેમ દિપીકા યદિ તારી જલે,
દિવ્યતાના તેજ ભરનારી જલે
લાખ દિપક એક દિપકથી થશે,
છે જરૂરત એક ચિંગારી જલે

●

પગદડીઓ

એમ તો એવા હજારો થઇ ગયા,
એક ઝોકા સમ હવાના વહી ગયા
જેમની પગદડીઓ દેખાય છે.
એજ મઝિલની દીશાઓ કહી ગયા

●

પુષ્પ × કટક

કટકો જોઈ રહ્યો છે કા ડરી?
ફુલ થા! સુરભિ હૃદયમા લે ભરી
પુષ્પ તો કટક મહીં શોભી રહ્યા,
ઉપવને ઉપવન મહીં જોયુ ફરી

●

પ્રેમ

પુસ્તકો કરમા ધરી થાકયો હવે,
વન અને ઉપવન ફરી થાકયો હવે
પ્રેમમા છે સાર સઘળા ધર્મનો,
કલ્પના સાગર તરી થાકયો હવે

●

સુરભિ

જે જગે જનમ્યા જશે સઘળા મરી,
ફુલ માથે કટકો જાશે ખરી
દાગ કટકના ન ભુંસાશે મગર,
ફૂલતી સુરભિ જશે કીર્તિ વરી

●

માનવતા

મુખ નહીં પણ દિલ તરફ ખેચાઉ છુ,
એમના ચરણો મહીં હુ જાઉં છુ.
કોણ છે? કઈ જાતના? જોતો નથી,
એની માનવતા થકી અંજાઉં છુ

●

અનુભવ

જે ન કહેવુ જોઇએ—કહેવાય છે
જે ન પૂછવુ જોઇએ—પુછાય છે
છે મનાશે કેટલા એવા 'સહર'
જે અનુભવથી ફક્ત સમજાય છે

'સહર.'

ઇસ્લામ-પ્રણેતાઓ

ઈ સ ૧૬૦૫ થી ઈ સ ૧૭૦૭

અનુવાદક 'તાજ' [illegible]

હઝરત મુજદ્દિદ અલ્ફે સાની (રેહ૦)

હઝરત મુજદ્દિદ અલ્ફે સાની પણ ઉપરોક્ત નિયમ પાળનાર હતા એમણે પોતાના યુગના અમીર ઉમરાવોને પોતાની માન્યતા મુજબ પોતાના બનાવી દીધા હતા ને એમની મારફત પ્રયત્નો કર્યા હતા કે એ સમયના પાદશાહ પણ ઇસ્લામની ઉન્નતિના પ્રયત્ન આદરે.

અકબરના નાસ્તિકપણાથી એ વાત સાફ તરી આવે છે કે હમેશા મુસલમાનો એના પ્રત્યે ધૃણા કરતા ને દરેકે પોતાની હિમત અને શક્તિ પ્રમાણે એની વિરૂદ્ધતા કરી હતી કાઝી મુહમ્મદ યઝદી (રેહ) મુઆનીન મુલ્ક (રેહ) અને ખ્વાજા શાહ મન્સૂરે પણ પોતાના એ પ્રયત્નોમા પોતાની જાન પણ અર્પી દીધી ખાનઆઝમે અકબરના કુવિચારોની ઘણીજ વિરૂધ્ધતા કરી એ ઉપરાંત એ વાત પણ સ્પષ્ટ છે કે અકબરી યુગની અનિયમિતતાનો અંત આણવાનો ખરી રીતે એ ઉમરાવોએ ભાગ ભજવ્યો હતો કે જેમણે જહાંગીરના ગાદીએ આવવાના સમયે તેનાથી એ વચન લીધુ હતું કે **"એ ઇસ્લામી પ્રચારકોને હમેશા માનભરી દ્રષ્ટિથી નિહાળશે."** ન્યાયથી કહીએ તો એ યુગના ધાર્મિક ઇતિહાસ પર દ્રષ્ટિ કરતા તે બુઝુર્ગો અને તે માનનીય ઉમરાવોને કદી પણ ન ભૂલીશું પરંતુ એનાથી હઝરત મુજદ્દિદ સાહેબના કાર્યની અગત્યતા કે મહત્વતા કંઈ ઓછી થતી નથી હઝરત મુજદ્દિદ મુસલમાન ઉમરાવોને ઇસ્લામની ઉન્નતિ અને મિલ્લતના અર્થે જે દોરવણી આપી રહ્યા હતા એનુ અનુમાન ઉપરોક્ત દાખલાઓથી થશે વળી પાદશાહને સજદો કરવાની જે પ્રથા જહાંગીરે શરૂ કરી હતી આપે એની વિરૂદ્ધતા કરી હતી એટલુંજ નહિ પરંતુ એ માટે આપે જેલ પણ ભોગવી તેમજ અનેક આપત્તિઓ ઉઠાવી અને બીજાઓને માટે શુભ દાખલો બેસાડયો પોતાના અસંખ્ય ખલીફાઓની મદદથી હિંદભરમા પોતાના વિચારોને ફેલાવવા તેમજ હિંદમા ઇસ્લામને એક નાજુક સમયમાથી બચાવી લેવાનો આપે અથાગ પ્રયાસ કર્યો એટલુંજ નહિ પરંતુ ઇસ્લામના પાયાને સંગીનતા અર્પી

અકબરના નાસ્તિકપણાની વિરૂદ્ધતા ઉપરાંત શેખ મુજદ્દિદ (રેહ)એ શીઅહ પંથના સિદ્ધાંતોની પણ વિરૂદ્ધતા કરી એ સમયે ઇરાનમા શીઅહ ધર્મ પ્રચલીત હતો ઇરાનથી કેટલાક કળાધરતા લોક આ સમયે હિંદ આવી ગયા હતા શીઅહ પંથના સિદ્ધાંતો માટે સુન્ની મુસલમાનો જે ટીકાઓ કરે છે એ ઉપરાંત આ સમયના ઓલિયાઓની પણ એજ માન્યતા હતી કે એક નવા પંથના આરંભથી કોમમાં ભિન્નતા અને વિરૂદ્ધતાના દ્વાર ખુલ્લા થઈ જશે, જે ભવિષ્યમા નુકશાનકારક નીવડશે, જેથી તેમણે પણ શીઅહ પંથના સિદ્ધાંતોની વિરૂદ્ધતા કરી શેખ મુજદ્દિદ (રેહ)એ એ બાબતમાં 'રદ્દે રવાફિઝ' નામનો એક રિસાલો માહેરૂલ ઉલ્માઓના કહેવાથી આલેખ્યો જેમા આપે ખુલફાએ રાશેદીનના ફઝાઇલ, હદીસ અને કુર્આનિ

હામગી નિદ ક્યા હતા ક્કનાક નમનુગાતના પા આપ એ માસન પ૦ ધાર્મિક હિંદનાથી વિભાગ દર્ગાહીન નીઅદ પથની માન્યતા આ ાા પ્રધાન બધ ક ન્યો ક જે જહાગીના વઝીર આમિફખાન અને તેના સાથીઓના દોરે વાવા વાવ્યો હતો

ઈ સ ૧૬૧૯મા જ્યારે આપની મજદિ નાના ભક્તિઓને અનેક વ મો થઈ ગયા તે આપના મુરીદ હિંદભરમા તો નુ પણ હિંદની બહાર પણ પહોંચી ગયા ત્યાર આપ એક પોતાના વિશ્વાસુ ખલીફા મનીરૂદીનને જહાગીરના સૈન્યમા જ્ઞાનોપદેશ માટે મોકલ્યા સૈન્યના અનેક માણસોને પોતાની મજલ્મ વર્તતા કર્યા એની ખબર જહાગીરના વઝીર આમિફ ખાનને પડી તેને એ વાત રૂચતી આવી નહિ

જેથી તેણ જહાગીર પાસ શિકાયત કરી કે 'મ હિંદ ાા એ મુશા ખઝાદાએ મજદદીયતનો દાવો કર્યો છે, અને હજારો આદમી એના એ ગળામા દાખલ થયા છે, અને અનેક ઉમરાવો પણ તેમા સામેલ થયા છે બની શકે કે કે એમના એ પ્રભાવ અને સામર્થ્યથી ભવિષ્યમા બળવાન એવી બાની નડ કે' જેથી જહાગીરે મ હિંદના ગુમાના મારફત હઝરત મુજદિદ (રેહ)ને બોલાવ્યા

કેટલાક પ્રસંગોપાત આલેખે છે કે હઝરત મજદિદને બોલાવવાનુ કારણ એ હતુ કે કેટલાક આલિમોએ વાતેનવાદ જહાગીરથી શિકાયત કરી હતી - "મ હિંદના એક શેખ અહમદ પોતાને હઝરત સિદ્દીક (ર અ)થી પણ ઉચ્ચતર સમજે છે" જેથી આપને રૂબરૂ બોલાવ્યા હતા

'મુશાહીરે ઇસ્લામ' પાનુ ૫૧ અને 'તઝકિરે ઉલમાએ હિંદ' પાનું ૬૧ જુઓ

હઝરત મુજદિદની મેહબૂસીના કારણો માટે જહાગીરનુ રહસ્યમય વર્ણન વાચો, કે "તુઝકે જહાગીર'મા એણે એ પ્રસંગો સવિસ્તાર આલેખ્યા છે પરંતુ હઝરત મજદિદ સાહેબના સંબંધમા એને કેવી હદ બનાવામા આવ્યો હતો તે એ જુદી ખબરાથી પ્રેરાઈ હઝરત મુજદિદના સબધમા એમ ની વધુ આખ યા કરી એમની એબદલી ક ામા નકોય ગણ્યો નહિ જેથી એ વાત અને ટાકવા દર નથી જે વાચકો એના મતનુ સવિસ્તાર વાચન કરવાની ઇચ્છા રાખતા હોય તેમણે 'તુઝકે જહાગીરી'મા ના ચોથા વર્ષના પ્રસંગ વાચવુ

હઝરત મજદિદ સાહેબની મેહબૂસી એ જહાગીરનુ એવુ કાર્ય કે જેની તરફ ઇતિહાસ પણ નજરંદાજ થઈ શ મેરી નથી

પરંતુ ન્યાય તો એ કહે છે કે એ પ્રસંગનો ઉલ્લેખ કરવામા આવે કે હઝરત મુજદિદ સાહેબને જહાગીરે એટલા માટે તેડાવ્યા ન હતા કે તેને ઇસ્લામના ધાર્મિક મહાપુરૂષોની ઇજ્જત ન હતી બલ્કે એ આમંત્રણ એક ગજબની દરિયા હતુ અથવા જહાગીરે પોતાના ધાર્મિકપણાનો મહત્વ આપવા માટે આપ્યુ હશે એણે પત્રોમા જે ઉલ્લેખ કરી તે ઉપર જે ટીકા કરી કે એ પર કરનાર અગણિત મતના મુસલમાનોએ પણ વિરોધ કર્યો છે એટલુજ નહિ પણ હઝરત મુજદિદ સાહેબે પણ અનેક પત્રોમા એ સાબતનુ વિવરણ કર્યું કે (જેના ડ પત્ર નંબર ૧૯૨ ત્રીજી પ્રત)

એમ પણ જણાય છે કે અને જહાગીર પણ હઝરત મુજદિદ (રેહ)નો અનુયાયી થઈ ગયો હતો અને તુઝકે જહાગીરીમા એ સ્થાને એમની નસીહત લખી જેવી રીતે આપ સાથે ઉલ્લેખ યો ક મેહબૂસીના પ્રસંગ પછી

જ્યારે આપ આવ્યા તો પાદશાહે પુછ્યુ કે તમો પોતાની જાતને હઝરત મિદ્દીક (ર અ)થી પણ ઉચ્ચતર સમજો છો?

આપે ઉત્તર આપ્યો કે જ્યાર અમે (જ) નવસી (ર અ)ને જેઓ ચોથા ખલીફા છે હઝરત સિદ્દીક (ર અ)થી ઉચ્ચતર સમજતા નથી તો પછી અમારી શી વિસાત કે અમો પોતાને એમની જાતથી ઉચ્ચતર લેખીએ?

પાદશાહે કહ્યુ કે તમારો મક્તુબ શુ કહે છે? આપે કહ્યુ કે 'મક્તુબ એજ કહે છે કે જે ઉસ્તાદ અને પીરો મુર્શિદે બતાવ્યુ છે એમા સુલૂક અને અરૂજે મુકામતમા જે વર્ણન છે એ અરૂજ પળવારનોજ છે

પાદશાહે પૂછ્યુ "એ કેવી રીતે?

આપે કહ્યુ–' એવી રીતે કે જેવી રીતે તમે કોઈ માણુસને પોતાની પાસે તેડી મસલત કરો તો એથી એ વાત તો સિદ્ધ થાય છે કે એ માણુસ સાત હઝારી અને પાચ હઝારીના ટોળા વટાવી ચૂકયો છે અને પળવારની મસલત પછી એ પોતાને અસલ સ્થાને આવી જશે એવીજ રીતે સ્થાન પાર થવાથી આપણે એ ન કહી શકીએ કે તે માણુસ હવે સાત હઝારીના હોદ્દાથી આગળ વધી ગયો છે અમારી ઉન્નતિ પણ એવા પ્રકારની છે પળવાર પછી અમો પણ પોતાના અસલ સ્થાને પાછી આવી જઈએ

[ચાલુ]

લગભગ એક વરસ બાદ જહાંગીરે તો કે એ દિવસોમા શેખ અહમદ સરહિંદી (રેહ)ને જે પોતાની દુમાન સમજવામા [એટલે પોતાની ઇઝ્ઝત વધારવામા અને ખ્યાતિ હાસિલ કરવામા] અને લોકોને પોતાને માનવાને તેમજ નકામી વાતો કરવાના કારણે થોડા દિવસ સુધી સાદગ શિખવવાની જગ્યામા રાખવામા આવ્યા હતા પોતાની હજુરમા બોલાવી છોડી મુકવામા આવ્યા ને પોશાક તથા ઇસ્ત રૂપિયા ખર્ચ માટે આપ્યા તેમને અખત્યાર કે એ જવાની અને મરજી અમલમા આવે માટે હિદાયત અને ઇશારારૂપ હતી

એના ત્રણ વરસ પછી જહાંગીર પોતાની વરસગાંઠના વર્ણનમા લખે છે — હમેશના રિવાજ પ્રમાણે દર વર્ષે પોતાને સોના અને બીજી કિંમતી ચીજોમા તોળીને ગરીબોને પેન્શન આપવા ફરમાવ્યુ એમાથી શેખ અહમદ સરહિંદી (રેહ)ને બે હજાર રૂપિયા આપવામા આવ્યા

"નઝમે કુર્આન"

(અલિફ—લામ—મીમના સાતમા રૂકૂઅ)

તુમ્હારે વાસ્તે મૂસા બઅહે પાનીકી ચાહતકો
    ખ્હા હમને કે મારા અપના અસા પત્થરકી સૂરતકો
તો ફટકર ઉસમેં બેહ નિકલે દ ખાગ ત હક અમે
    ઝમાર્દીત બારહે તાઆહદમે કમાર્નિ બ એ ચે ચશ્મે
હરેકને અપને અપને ઘાટકો પેહચાન કર દેખા,
    તો યે સમઝા કે હમને ફિર હલીમન જાનકર દેખા
કહા હમને કે તુમ ખાઓ પીઓ અલ્લાહકી રોઝી,
    ન અબ તુમકો જિગર કાવી ન અબ તુમકો જિગર સોઝી.
ન ફિરના તુમ ઝમીં પર અબ ફિસાદી શાનકો લેકર
    અકળકર ફૂલસે અપની પગડી આનકો લેકર
વોહ દિનભી યાદ રખ્ખો સબને જબ દરગુઝરતેથે,
    જો દો આસાથી ઉસકો છોળકર અદના પે મરતેથે
બહોત બે સબ્ર હેકર હઝરતે મુસાસે યે કેહના,
    મનો સલવાસે એકહી તરહકે ખાને પે કયા રેહના
હમારે વાસ્તે માગો ખુદાસે તા નિકાલે વોહ
    ઝમીંમે ઉગનેવાલી સાગ ભાજીકા પતા દે વોહ
જહા હો—કકડી—ગેહું—ઔર મસૂર—ઔર પ્યાઝકી ચીઝે
    બ તરઅએ નફ્સે અમ્મારા યે હિરસો આઝકી ચીઝે
કહા તુમ કયા બદલ દેતે હો નાકિસ ચીઝકો ઇસમે,
    એ'રાઝ ઇસ ચીઝકે કામિલ હૈ વોહ બેહતર હૈ વોહ જિસસે
બસ ઉતરો તુમ કિસી બેગી જગે ઉસ શેહરમે જાકર,
    તનસ કર વોહ તુમ્હારી ચીઝ લો અપને બનો ચાકર
પુઢી માગી ગઈ ઉન પર ફકીરી ઔર ઝિલ્લત ભી,
    ગઝબ અલ્લાહકા આયા ગઈ વોહ ખાસ ઇઝ્ઝત ભી
યે સબ કુછ ઇસ લિએ થા કુફ્ર હર આયતપે ધરતે થે,
    ખુદાકે ખાસ નબીયોકો વોહ નાહક કત્લ કરતે થે
યે સબ કુછ ઇસ લિએ થા હુકમસે હદ દૂર રેહતે થે,
    હુદૂદે અલ્લાહસે બાહિર નિકલકર સાસ લેતે થે

[સબ હક 'મઝાક'ને સ્વાધિન] (બાકી)

વફાદારીનાં મૂલ્ય !

લેખ—

"સાગર" [જેતપુર]

વિદ્યાર્થી જીવનનો મોટી મોટો આનંદ પરીક્ષામાં પાસ થવું તે છે એ વિષે જીવનનો સાચો લ્હાવ એ મુક્તપણે લૂટે છે વર્ષ દરમિયાન મેળવેલું જ્ઞાન ત્રણ કલાકમાં ઓકી નાખવા માટે ઉઠાવેલા પરિશ્રમો પછી જ્યારે પરીક્ષા પૂરી થાય છે એ દિવસ વિદ્યાર્થીઓ 'Day of Freedom—સ્વાતંત્ર્ય દિન'ને નામે ઓળખે છે, કારણ કે સામાન્ય રીતે બધા વિદ્યાર્થીઓ પરીક્ષાની જંજાળમાંથી છૂટ્યા હોવાથી મુક્ત મને મોજ કરે છે જ્યારે પરિણામના દિવસને સફળ થનાર વિદ્યાર્થીઓ 'Day of Enjoyment'ને નામે સંબોધે છે એ દિવસનો આનંદ માત્ર પાસ થનાર વિદ્યાર્થીઓ માટે મર્યાદિત હોય છે આ આનંદની ભરતી વર્ગ ચડે છે અને અભ્યાસક્રમ નિયમિત બને છે ત્યાસુધી રહે છે •

આ શહેરની હાઇસ્કૂલમાં નવા દાખલ થનાર અતિ ઉત્સાહથી નવો વર્ગ, નવા ચહેરા નિહાળતા હતા જ્યારે જુના વિદ્યાર્થીઓ ફક્ત તેમની બાજુએ બેઠા હતા ઘંટ વાગ્યો સૌ ગનગનતા હૈયા અને ધડકતા દિલ લઈ વર્ગમાં બેઠા, શિક્ષક આવ્યા એટલે બધા સાથે ઉભા થયા શિક્ષકે હાથનો ઇશારો કર્યો એટલે બધા બેઠા વર્ષની શરૂઆતમાં શિક્ષક નવા આગંતુકો ઉપર છાપ પાડવા બહુ ગાંભીર્ય જાળવે છે અને બહુ ઓછું બોલે છે

નિયમ મુજબ શિક્ષકે નાપાસ થનારાઓને આશ્વાસન અને પાસ થઈ આવેલાઓને અભિનંદનના બે શબ્દો—પોતાનું ગાંભીર્ય જાળવી રાખીને ત્યાર બાદ વર્ગમાં સફર શિસ્તપાલન અને આજ્ઞાધીનતા જાળવવાની શીખામણ આપી પછી સાહેબ ઉઠ્યા, સહેજ ટોપી સીધી કરી, ચોપડા હાથમાં ભરી ઓફિસ પાસે ગયા અને પુસ્તકના નામ લખાવ્યા

"આજે શનિવાર છે સોમવારે બધાની પાસે પુસ્તકો હોવા જોઈએ સોમવારથી વર્ગ નિયમિત ચાલુ થશે" એમ પ્રથમ દિવસનું કામ સમાપ્ત કરી સાહેબ બહાર ગયા ગંભીર રૂંધી નાખતા વાતાવરણથી કંઈક હતોત્સાહ થયેલા વિદ્યાર્થીઓ ઉપર મુક્તિનું મોજું ફરી વળ્યું

૧૨ વાગ્યો સૌ ઉત્સાહથી ડગ ભરતા સ્વગૃહે ગયા

× × ×

ચૌદ વર્ષનો કામમ એટલોજ ઉમંગથી, લગભગ દોડતો ઘરમાં દાખલ થયો એના અંગ-ઉપાંગ હર્ષઘેલા બન્યા હતા એની આંખો હર્ષમાં નાચતી હતી એક બાજુ કોટ, બીજી બાજુ ટોપી તો જોડા વાંકાચૂકા એ ઓસરીમાં આવી બેઠો

કામમ આવ્યો ત્યારે એની મા નરોતી મનન કરતી સુમનાથી માની વાટ જોતો બેઠો એણે પટાવાળાની માફક સફાઈ, નવી ફેશની પાઘડીઓ, ટેબલ ખુરશી ઉંચા પાટીયા, સુંદર ચિત્રો, ધોતી કે પાયજામા સજ્જ મીઠા રણકાર શિક્ષકને બદલે, કોટ પાટલુન ધારી શિક્ષકો વગેરેનું રસિક વર્ણન મનમાં ગોઠવી રાખ્યું

'હમણાં મા આવે ને હમણાં કહું મા એવી ગજ પડે એવી રાજી થશે!' કામમ પ્રફુલ્લિત ભાવે વિચાર કરી રહ્યો હતો ત્યાં મા આવી

માતાની માન ધન . . ચાલતો ત્યા માથેથી . . મીની . . નારી . . થી . . મેલો . . ના મા બેની

. . . ગર . . . ?

. . . . માગી . . . .

મમત . . . વિચાર . . . . એ . . વિચારો કે મારું . . . . . જુદી જ દિશાએ . . . મા મારે મારે . . . દુઃખ ઉપાડે છે એ એ પોતાની જાતને . . . . . પારમાં . . . . વિમ મજુરી કરી અર્ધી ગાત મુઠી દાળિયા દાળી જે નિસાદ ચલાવે છે . . . વિમ એણે કર્યું નથી . . . ચાલે ગઈ છું . . . ગઈ છું

"જ્યારે પૂછું છું મા આપ . કેમ પુર થાય છે? તો બસ એ જ જવાબ આપે છે તારે શી ચિંતા મમત? પઢી તુ ખડકાડજે હું આરામ કરીશ તને પરણાવું તારો સુખી સંસાર જોઉં એ જ મારી એક આશા છે મમત!

નિશ્વાસ નાખી મમત ઉઠ્યો . . . લાગી બેઠો વિચાર . . . . . . ચાલ . . . . . . મલિન . . . . કહી . . . . એક . . . નથી . . . . આશા . . . .

. . . .

. . . . . . પછી . . . . એમ . . . .

. . . .

. . . .

. . . . એ તારો . . . . છે

. . જોઈ . . . . નથી . . . નોકરી ગોતી . . . .

. . . . તારી કેમ . . .?

. . વરનો થયો મા મજુરી કરે . . . . એ મા થી નહિ બને

નહિ બેટા એટલો આગળ અભ્યાસ કરીશ એટલો . . . મારી નોકરી પણ મળે . . . . . દુઃખ . . . સુખ આવે જ ને મમત?

. . . . . સારી નોકરી મળે . . . . . . ધન કમાઈ શકે એમ . . . . મેટ્રીક ભણેલા અને એજ્યુએટ બેકાર ફરે છે જેની આર્થિક સ્થિતિ સારી હોય તે ભણી શકે હાઈસ્કૂલની . . . અને . . . ખર્ચ આપણે . . . .

એની તુ શા માટે ચિંતા કરે છે? એ તો . . . . એ ખમ . .

. . . . વિચારી . . . . નાની નોકરી . . . . નહિ . . . . બેઠા . . . . જો . . . .

માએ મન્મતાથી ના પાડી નામન પણ અગ્રહ હતો અને હંગ નાનુ દખ ખગ્ગતુ હતુ એને થતુ, 'હુ એગનોયે ભોગ ન આપી શકુ? મે કરતો હતો ત્યારે પિતા મરણ પામ્યા, ત્યારથી આજ સુધી મારૂ પોષણ કરતી આવે છે મારો સુખી જોવા બધુ હસતે મોઢે વેઠે છે શુ હજુયે હુ એ નિહાળતો રહુ? ઘરનો નિર્વાહ ભાર વહન કરવાની મારી ફરજ નથી ના? શિક્ષણ સ્વ પ્રયત્ને મ્યા નથી વધારી શકતે'

જમતા અને જમ્યા પછી, બેસતા અને સુતા કાસમે માને સમજાવવાનુ ચાલુ રાખ્યુ સાંજે કાસમ માના ખોળામા માથુ મુકી અર્ધ મીંચી આંખે પડયો હતો જનેતાના ખોળામા પરમ શાંતિ અને સમ્ભળ મસાગ્નુ સુખ કોણ નથી અનુભવતુ?

• 'મા'

'શુ બેટા?'

'હવે તો સમ્મતિ આપ'

'આ તારી હઠ છે કાસમ'

'હઠ તો હઠ તુ રાજી થઈને રજા આપ'

'તારી ઈચ્છા'

કાસમ માને મનાવી શકવાથી આનંદ પામ્યો માના ખોળામા એ વધુ આડો થઈને પડયો

મા નીચ્રા એમને એમ બેઠા રહ્યા દીવા જેને બ્હેરી મૂર્ત્તી પ્રતિમા જેવી ના વિચારોની તદ્રામા પડી હતી કાસમ એમને એમ ઉઘી ગયો સૂર્ય ક્ષિતિજમા ડૂબ્યો સધ્યાના રંગો વિલીન થયા, અવનિ પર રજની નાણીનુ સામ્રાજ્ય વ્યાપ્યુ ત્યારે માએ ઉઠી દીવો પ્રકટાવ્યો

કાસમને જગાડી મા પુત્ર બન્નેએ વાળુ કર્યુ અને ચુપચાપ સૂઈ ગયા નિદ્રા નાગી

× × ×

આ શહેરની પ્રજાના મોટા ભાગને બર્માની સાથે વ્યાપારી સબધ હતો બર્મા તજતા ઘણા માણસો અહી આવી વસ્યા ઘણાના રોજગાર બધ થયો બીજે ક્યાંયે વેપાર સ્થિર થતા વાર જાય વળી સર્વત્ર પરિસ્થિતિ એટલીજ વિષમ હતી એટલે અહીં બર્માથી પાછા ફરેલ વેપારી વર્ગે સ્વાભાવિક રીતે પોતાની મૂડી સટ્ટા પાછળ રોકી ચાદી, સોનુ, ખાડ, તેલ વગેરેનો ધૂમ સટ્ટો ચાલવા લાગ્યો જુદા જુદા બજારો અસ્તિત્વમા આવ્યા, પ્રજાનો મોટો ભાગ વાયદાના વેપાર સાથે એક યા બીજી રીતે, સીધો કે પરોક્ષ રીતે સબધ ધરાવતો થયો સામાન્ય રીતે બીજો વેપાર નિસત્વ બન્યો અને સામાન્ય વસ્તુઓનો મરો થવા લાગ્યો

લડાઇ શ્રીમતોને માટે અનેક રીતે ધન સચય કરવાની શ્રેષ્ઠ તક છે સોઘે ભાવે ખરીદેલો માલ દિન પ્રતિદિન વધતા ભાવે ત્રણ કે ચાર ગણા નાણા ઉત્પન્ન કરી આપે જ્યારે ગરીબ અને સામાન્ય વર્ગને આથી ખૂબ શોષવુ પડે

મોંઘવારી, વાયદાનો વેપાર, નિગાસબધી એમ વિવિધ હાડમારીને લીધે સામાન્ય વેપાર તૂટ્યો હતો એટલે કાસમને સતત પ્રયત્ન છતા નોકરી મળી ન હતી કાસમ લગભગ નિરાશ થઇ બેઠો હતો, ત્યા એક જણે ચાદી બજારમા દલાલી કરવાનુ સૂચવ્યુ નિરાશાના ઘોર અંધકારમા, ઘનઘોર આકાશમા વીજળી એકાએક પ્રકાશ વેરે એમ આશાનુ કિરણ ફૂટયુ કાસમે બીજે દિવસે ત્યા જઈ પ્રયત્ન કરવાનુ નક્કી કર્યુ માએ તે રાત્રે વિશેષ દુઆ માગી।

વળતે દિવસે કાસમ ચાદી બજારમા ગયો જેમ તેમ કરી એસોસીએશનના મંત્રી સુધી પહોંચ્યો એણે જવાબ વાળ્યો

'નાની મારે તારે અન્જી કરવી' પડશે

જ્યારે સભા મળશે ત્યારે રજુ કરીશ મને નથી લાગતુ તાર જેવડાને સંસ્થા મજુરી આપે, અને પ્રવેશ ફી તુ ભરી શકીશ ?'

નિષ્ફળતાનો એક ઘા વધુ પામી કાસમ પાછો ફરતો હતો ત્યા મંત્રીએ પાછા બોલાવ્યો બોલ્યો,

એક કામ મળે એમ છે '

કાસમના હૃદયમા આશાના અંકુર ફૂટયા પૂછ્યુ, 'શુ સાહેબ ?'

'એક સાઇકલ ચલાવનારની જરૂર છે ગટે શનેથી તાર લઈ આવવાનુ પંદરેક રૂપિયા મળશે વિચાર છે ? સાઇકલ ફૂર્તિથી અને ઝડપથી ચલાવતા આવડવી જોઇએ '

આ શહેરમા ટેલીફોન કે ટ્રંકકોલની સગવડ નહોતી એટલે સ્ટેશન મારફત રાજકોટ, મુબઈ, જામનગર વગેરેથી 'ટેલીગ્રામ સર્વિસ'નો પ્રબંધ સટ્ટા બજારની કેટલીક મોટી પેઢીઓએ કર્યો હતો એથી વહેપારીઓને મોટો લાભ હતો પેઢી પણ સદ્ધર બનતી કારણ કે એથી પાંચ મિનિટમા બહાર ગામના બજારની રૂખ (Favour) જાણી શકાતી ".

'સાઇકલ હાંકતા તો બરાબર આવડે છે પણ સાંજે જવાબ આપીશ ' કાસમે ઘડીક વિચાર કરી જવાબ આપ્યો.

'ઠીક સાંજે જવાબ આપી જજે '

'બહુ સારૂ '

ઘેર આવી કાસમે માને વાત કરી મા એ ચોકખી વાત સુણાવતા કહ્યુ 'ના રે દીકરા! આપણે એવી નોકરી નથી જોઈતી. સ્ટેશનનો રસ્તો કેવો ખરાબ છે હાડકા ભાંગી નાખે સ્ટેશન છે પણ કેટલે!'

' એ તો મા ટેવાઈ જવાય બીજે ક્યા નોકરી મળે છે ? આજ એક મહીનો થવા આવ્યો' કાસમે કહ્યુ

' એવી નોકરી આપણે નથી કરવી અલ્લા હને મંજુર હશે તે થશે આ નોકરી ન માગી બજારમા એ સાઇકલવાળા રોજ બે ત્રણ ને પાડે છે પોતાને ય વાગે છે એવી આગમાર સાઇકલ ચલાવતા કોક દિ ' બુરૂ પરિણામ આવે '

માની વાત સાચી હતી સાઇકલ હાંકનારા ઓને શેઠ તરફથી સૂચના હતી કે ' ગમે એમ થાય પણ તાર વહેલો પહોંચાડવો અકસ્માત થાય તો પણ નંબર લખાવી ચાલ્યા આવવુ પછી અમે પતાવી લેશુ ' અને થતુ પણ એમજ સાઇકલ હાંકનારા વફાદારીથી એ આજ્ઞા જાન તોડીને પાળતા એટલુ જ નહિ પણ પોતાના પચીસ ત્રીસ સાથીઓમા આગળ પહોંચવા સ્પર્ધા કરતા દરરોજ અકસ્માત થતા પ્રજા પામર પડતી પણ દેશી રાજ્યમા તો બધુ ચાલે ખૂબ પૈસા દઈ પિડિતોને મૂગા કરી દેતા પોલીસ પણ આંખમીંચામણા કરતી

કાસમ આ હકીકત જાણતો હતો છતા પોતાના નિશ્ચય મક્કમથી ગમે એમ માને સમજાવી શક્યો સાંજે જઈને નોકરી માટે સમ્મતિ આપી આવ્યો બીજા દિવસથી નોકરી શરૂ થઈ

* * *

એક માસ વીતી ગયો અસીમ આકાશના ગોળ ઘુમ્મટમા લટકતો શુક્લ પક્ષની સપ્તમીનો ચંદ્રમા વસુંધરા પટ પર અમી ઝિલ્મો પાથરી રહ્યો હતો ચૈત્ર માસ ચાલી રહ્યો હતો દિવસ ભરની અગ્નિ વૃષ્ટિને વિસરાવતો ઠંડો વાયુ વાઇ રહ્યો હતો સહેલાણીઓના ટોળે ટોળા ગામ બહારના મેદાન કે બગીચામાંથી હવા ખાઈ ઘરભણી પાછા ફરી રહ્યા હતા લગભગ અગ્યારનો સમય હતો કાસમ બજારમાંથી છૂટો થઇ ઘર તરફ આવી રહ્યો હતો આજે

એનુ હૃદય થનગન થનગન નાચતુ હતુ એની નોકરીને આજ મહીનો પૂરો થયો હતો એના ખિસ્સામા પદર રૂપિયા હતા આ એની પ્રથમ કમાણી હતી પ્રથમ કમાણી કોના હૈયા ઉત્સાહ ઉમગથી નથી ભરી દેતી ?

મા દરરોજ એની વાટ જોતી બેસતી. આજ પણ એ ફળીમા ખાટના પર પડી પડી સ્વચ્છ-નિરભ્ર આકાશમા વિહરતા નિશાનાથને નિહાળી રહી હતી કાસમે જ્યારે એના હાથમા પદર રૂપિયા મકયા ત્યારે એ પણ હર્ષઘેલી બની ગઈ કિન્તુ પોતાની લાગણી શબ્દો દ્વારા વ્યક્ત કરી શકી નહિ ઘણી વખતે લાગણીના આવેશમા આપણે, જ ઘણી શબ્દો દ્વારા વ્યક્ત કર્યા કરતા મુખભાવથી વિશેષ પ્રગટ કરીએ છીએ,

'કાસમ!' ઘડીક વાર પછી મા બોલી

શુ છે મા?'

'કાલે અર્ધો મણ ઘઉં લઈ આવજે '

કાસમને આશ્ચર્ય લાગ્યુ પણ એણે આશ્ચર્ય ભાવ દબાવી કહ્યુ સારૂ મા, લઈશ આવીશ '

કેટલાયે વર્ષ થયા જેણે ઘઉંનો દાણો મોઢામા નહોતો મૂક્યો, એ માને પુત્રની પ્રથમ આવક ઘઉં ખરીદવાની ઇચ્છા થઇ આવી ગરીબોને મન ઘઉં એ મોજશોખની વસ્તુ ગણાય છે

બીજે દિવસે માએ લાપસી બનાવી શાક પણ સારૂ હતુ

*　*　*

એ વાતને ત્રણ ચાર માસ વીતી ગયા કાસમનો શેઠ કાસમથી રાજી રહેતો કારણ કે કાસમથી ભાગ્યે જ અકસ્માત થતા અને એ રીતે અકસ્માતમા જતા શેઠના પૈસા બચતા હતા બે માસથી એનો પગાર વધીને વીસ થયો હતો ઘરનો નિર્વાહ સુખેથી ચાલતો કાસમે નાનુ કામ લગભગ બધ કરાવી નાખ્યુ હતુ મા દીકરો બને કરકસરથી રહેતા અને મહીને દહાડે પગારમાથી કઇક બચાવતા પણ ખરા

કાસમ રાતે જમીને દુકાને જતો હતો ત્યા માએ કહ્યુ

કાસમ '

હા મા '

'આ ઘર આપણે ખાલી કરવુ પડશે શેઠને આ મકાન પાડી પાકુ બધાવવુ છે '

'તો હવે ? ક્યાક ગોતવુ પડશે ને ?'

'એક જગ્યાએ જોઈ આવી છુ તને ચે

સગવડ ભર્યું થઇ પડશે '

'ક્યાં'

'ચાંદી બજારની પાછળ ઉજ્જડ પરામાં'

'ભાડું કેટલું છે?'

'ત્રણ રૂપીયા છે, પણ મકાન આનાથી સારૂં છે'

'ઠીક થયું સવારે મજુર લઈ આવી સામાન ફેરવી નાખશું વારૂ, હું દુકાને જાઉં છું'

'વ્હેલો આવજે હો બેટા!' માએ નિત્ય નિયમ મુજબ વિદાય વાકય ઉચ્ચાર્યું

દુકાને જઈ, સાઈકલ લઇ કાસમ સીધો સ્ટેશને ગયો ત્યાં એની દુકાનના જ ત્રણ ચાર ખેપ હતા આ બધા સ્ટેશને બેસતા, અને વારા ફરતી તાર દેવા એક એક જતો કાસમ ચોકીદાર બેઠો ત્યાં માસ્તરે બૂમ પાડી, 'હસન હાસમની પેઢી'

કાસમ દોડી પરબીડિયું લઈ આવ્યો

કોનો વારો છે?' એણે પૂછ્યું

'મારો' એક છોકરો બોલ્યો અને તાર લઈ ઉઠયો

'આજ તો થાક પગ ભાગી પડે છે જાણે' જતા જતા છોકરાએ ઉમેર્યું

'એઇ, લાવ હું લઈ જાઉં' કાસમે કહ્યું કાસમ ઘણીવાર આમ મદદ કરતો બધા એને અત્યંત ચાહતા

થોડીક આનાકાની પછી છોકરાએ તાર આપ્યો કાસમ તરત સાઇકલ લઈ પંથે પડયો પથરાળા રસ્તા ઉપર થઇ સાઈકલ ઝડપે ચાલી રહી હતી મેલની રાતના અંધકાર ને સાઈકલના દીવાનો-એની ગતિથી ઉંચો થતો પ્રકાશ ભેદતો જતો હતો ત્રણ માઈલનો પંથ પાંચ મિનિટમાં કાપી કાસમ ગામમાં પ્રવેશ્યો બજારની ભીડમાં સાઈકલની ગતિ કંઈક ધીમી પડી કાસમ સાઈકલ ચલાવવામાં પ્રવીણ થઇ ગયો હતો લોક સમુહમાંથી સર્પની જેમ સાઇકલ સરકાવતો એ ચાર રસ્તા આગળ આવી પહોંચ્યો

ઘણી વખતે એવું અણધાર્યું કંઈક બની જાય છે કે જેનો ખ્યાલ ન હોય

કાસમ એકાએક 'ઓ, મા!' ચીસ સહીત ક્યાંનો ક્યાં ઉડી પડયો સાઈકલના ફૂરચા ઉડી ગયા સાઈકલના અકસ્માતથી એક માણસને બચાવવા જતાં, કાસમ પોતે બાજુની દિશામાંથી ઝડપે ચાલી આવતી મોટરનો ભોગ થઇ પડયો

માણસોનું ટોળું ભેગું થયું બે ત્રણ સજ્જને મળી એને ઉપાડયો એક ટાંગામાં નાખી એને હોસ્પીટલે લઇ ગયા એના પગ ઉપર થઈને મોટર પસાર થઈ હતી પછડાટને લીધે માથામાં ગભીર ઈજા થઈ હતી

ડોકટર ઘા ધોઈ રહ્યો હતો કાસમ ધીમે ધીમે શુદ્ધિમાં આવ્યો આંખ ખોલી પ્રથમ પ્રશ્ન એ જ કર્યો, 'તાર? તાર ક્યાં? હે ભાઇ તમે કોણ છો? તાર ક્યાં?'

પછી એને કંઈક યાદ આવ્યું એણે ખિસ્સા તરફ હાથ વાળવા યત્ન કર્યો પણ અશક્ત હતો પાસે ઉભેલા એક જણને એણે વિનંતિ કરી, 'ભાઇ, મારા ખિસ્સામાંથી તાર કાઢીને પહોંચાડી આવો ને!'

ડોક્ટરે એને આશ્વાસન આપી શાંત કર્યો તાર કાઢી એક માણસને દેવા મોકલ્યો કાસમના ઘરનું સરનામું પૂછી ચૂપચાપ સુઇ રહેવા આજ્ઞા કરી કાસમ શાંત પડયો રહ્યો એ ધીમે ધીમે ભાન ખોઇ રહ્યો હતો

ડોક્ટર, કમ્પાઉન્ડર, નર્સ સૌ ઉપચારમાં પ્રવૃત્ત થયા

* * *

"રાજકીય દ્રષ્ટિકોણ"

વિશ્વમા નગી પાછો પુકાર–વટોળ ઉઠશે કે છે કોઈ એવો કાનૂન, જે સમગ્ર જગતને માઈ યુદ્ધ તરફ જતા અટકાવી શકે? એના પ્રત્યુત્તરમા વર્તમાન વિશ્વના રાજકીય દ્રષ્ટિકોણો રજુ કરી શકાય છે, પરંતુ સગ્રામના ઇતિહાસની ધુજારીએ જ્યા કૌમો અને રાજ્યોના પાયા હચમચાવી મુક્યા છે, ત્યા રાજકીય મતભેદો અને માન્યતાઓની શેતરંજ–ચાલ પણ પલટાઇ ચુકી છે. દાખલા તરીકે '**રશીયા**'ને લો. એની ભુમી પર **કાર્લ માર્કસ**ની ફિલસુફી અને '**લેનીન**'ના ક્રિયાત્મક ઉત્સાહનો દીપક પ્રકાશિત હતો! અને એનાજ પ્રકાશમા '**અર્થ વ્યવસ્થા**'ને સામ્યવાદી સચામા ઢાળવાનો પ્રયાસ થઈ રહ્યો હતો, પરંતુ ૧૯૪૦મા જ્યારે 'ફિરંગ–જગનો મહા ઉત્પાત બાલ્ટીકના પુર્વ કિનારા સાથે ટકરવા લાગ્યો ત્યારે '**કોમરેડ સ્ટાલીન**' '**હિટલર**' સાથે મિત્ર ગાંઠ બાંધી લીધી! એમ છતા કે અગ્નિ અને પાણીમા સધિ થાય તો આશ્ચર્યની વાત નથી, પણ **સામ્યવાદ અને નાઝીવાદ**મા એટલોજ ફેર છે જેટલો બ્રાહ્મણ અને કસાઈમા હોઈ શકે છે! પરંતુ 'સ્ટાલિન' પર સામ્રાજિક નીતિ અને ભાવી કાળના ભયકર પરિણામોનું ભૂત સવાર હતુ, એટલે તે નાઝીવાદ તરફ પણ સહકારનો હાથ લબાવવા તત્પર થયો! નાઝીવાદે તેના હાથ પર સુરેખનું ચુબન કર્યું, યા તેને લડાઇના નસ્તરથી જખ્મી કર્યું, એ પ્રશ્ન અલગ છે, પરંતુ ઉપર્યુક્ત મિત્ર–ગાંઠ ઉપરથી સમજી શકાય છે કે **સામ્યવાદ કાળ–ઘટનાઓનો સામનો કરી શકતો નથી**, એ ઉપરાંત રશીયા પોલેન્ડની લૂંટમા પણ સહકારી થયુ અને ફિન્લેન્ડના ગળા ઉપર પણ ખન્જર ચુલાવ્યુ! એ કૃત્ય પણ 'સામ્યવાદના સિદ્ધાન્તવિરુદ્ધ હતુ, સામ્યવાદીઓની માન્યતા આ છે કે કોઈ દેશ પર કબ્જો કરવાને બદલે ત્યાની પ્રજાને સામ્યવાદી પરિવર્તનને પાત્ર બનાવી દેવામા આવે, કારણ કે જે પરિવર્તન બહારની બીજી શક્તિઓથી પ્રગટ થશે, તે કાયમી બનશે નહિ, તે બાહ્ય શક્તિ વિનાશ થવાની સાથેજ ઇતિહાસની વાત બની જશે! એ માન્યતા છતા 'પોલેન્ડ' અને ફિન્લેન્ડને સામ્યવાદી શક્તિઓના નિશાન બનાવવામા આવ્યા એવી અપૂર્ણ અને નિર્મળ માન્યતાઓથી સમજી શકાય છે કે સામ્યવાદી સિદ્ધાંતો સમયની પલટાતી ગતિનો સામનો કરી શકતા નથી. એટલે યુદ્ધ પછી પ્રથમ કોમ્યુનિઝમ એટલુ બધુ બાકી ગયુ હશે કે તે કોઈ જવાબદારી સ્વિકારવાને પાત્ર રહેશેજ નહિ, અને જો એ કામ માટે તત્પર થશે તો પણ સદર્હુ અનુભવોથી જાહેર છે કે તે માન્યતાઓની દ્રષ્ટિએ એટલી પ્રબળ થશેજ નહિ કે યુદ્ધ પછીની શાન્તિને જાળવી શકે.

નાઝીવાદનો અંત

ત્યાર પછી '**નાઝીવાદ**' અને '**ફાસિસ્ટવાદ**'ને લો. એ બન્ને ચળવળો નુતન યુરોપની 'ચચળ પુત્રીઓ' છે! જે આજે સમગ્ર જગતને પોતાની 'રક્ત–શોષક' લાલસાનુ તમાશાગૃહ બનાવી ચુકી છે! પરંતુ શુ નાઝીવાદ યા ફેસિસ્ટવાદ માન્યતાની દ્રષ્ટિએ જીવંત છે? યા 'સામ્યવાદની જેમ સૈદ્ધાંતિક જીવનથી દૂર થઈ ચુકેલ છે? એ પ્રશ્ન પર વિચાર કરવાની જરૂરત છે. નાઝીવાદી ચળવળ કેવળ જર્મન કૌમની ઉન્નતી ખાતર અસ્તિત્વમા આવી છે, એટલે એની બુનિયાદ નસ્લી વિશિષ્ટતા પર અવલબિત છે પરંતુ એ નસ્લી વિશિષ્ટતાજ આરંભથી આજ સુધી લડાઇઓની કારણભૂત થતી આવી છે! એટલે નાઝીવાદ પણ જગત–શાન્તિનો સાચો રક્ષક થઈ શકતો નથી કારણ કે જે કૌમ તેના નસ્લીગર્વના બુતને પુજશે નહિ તેને જીવતી રહેવાની

આજ્ઞા મળશેજ નહિ.! માટે મ્હાય નાઝીવાદ રણક્ષેત્રમાથી જીવતા મરી નીકળશે તો પણ એજ કહેવુ પડશે કે એ ચળવળ મૈધાંતિક ભુતોની ભોગ બની ચુકી છે જેમકે નાઝીવાદનો મુળભૂત સિધ્ધાન આ છે કે "જર્મનીની જે જે જમીન ગત મહાયુદ્ધ વખતે અન્યોના હાથમા આવી ચુકી છે તેને ફરીવાર જર્મનોના કબ્જામા લવવામા આવે' અને એજ હેતુસર જર્મનોએ યુધ્ધનો આરંભ કર્યો હતો, પરંતુ જ્યારે નાઝીઓને સફળતા મળતી ગઈ ત્યારે તેઓ એ સિંધાંતને પણ ભુલી ગયા! અને દેશો જીતવાને પોતાનો ધ્યેય ઠરાવી લીધો જેમકે આજે યુરોપના તે દેશો પણ જર્મનોના કબ્જામા છે, જ્યાં જર્મન કૌમ યા જર્મન સરકારની કલ્પના સુધ્ધા પહોચી ન્હોતી! ડોવરની સામુદ્રધુનીથી લઈ કાળા સમુદ્રની અંતિમ હદ સુધી નાઝીઓની સત્તા વ્યાપક છે! એ કાર્યનીતિથી જાહેર છે કે નાઝીવાદ માન્યતાની દ્રષ્ટિએ મૃત્યુ પામ્યો છે, માટે તે પણ ભવિષ્યના શાન્ત-યુગની દોરવણીનો ભાર ઉઠાવવા-પાત્ર રહ્યો નથી !

"લોકશાસનવાદનુ વાંણીવર્તન"

રહ્યો ફાસિસ્ટવાદ તો એના વર્ણનની જરુરત નથી વર્તમાન યુદ્ધથી સાબિત થઈ ચુક્યુ છે કે એ ચળવળ પોતાની બ્હેન નાઝીવદી ચળવળની સ્હાય વિના ઉભી રહી શકતીજ નથી! અને જે ચળવળ એટલી નિર્બળ હોય તે જગત શાન્તિનુ રક્ષણ કઈ રીતે કરી શકશે?

હવે લોકશાસનવાદ તરફ આવો, એ ચળવળ બેશક લોકમતને સંતોષ આપી શકે છે પરંતુ 'પાશ્ચાત્ય લોકશાસનવાદ"ના વાણી વર્તનમા આકાશ પાતાળનો પ્રભેદ છે એટલે એ 'વાદ' પણ માન્યતાની દ્રષ્ટિએ એક સમસ્યા બનીને રહી ગયો છે! દાખલા તરીકે પાશ્ચાત્ય લોકશાસનવાદ પ્રોપેગેન્ડાનુ ટોલ પીટીપીટીને પુકારી રહ્યો છે કે વિશ્વભરની કૌમોને સ્વતંત્ર લોકશાસિત રાજ્ય અર્પવામા આવશે, કોઈપણ કૌમને કેવળ નિર્બળ અને કમઝોર હોવાના અપરાધને લઈ ગુલામ કે પરાધિન રાખવામા આવશે નહિ! એ દાવો વાસ્તવમા લાખો પ્રશ્નાઓને પાત્ર છે પરંતુ ભાવી પરિસ્થિતિનુ માપ વર્તમાન યુગની ગતિ ઉપરથી કાઢી શકાય છે, જે કૌમો આજે લોકશાસિત રાજ્યોના કબ્જામા છે તેમને સ્વતંત્ર કરવામા કેમ નથી આવતી? એ ઉપરથી સાબિત થાય છે કે "જમહુરીયત" પણ એ પાત્ર નથી કે યુદ્ધ પછીના ભાવી શાન્ત-યુગને યુધ્ધ અને અશાન્તિથી બચાવી શકે!

"આવો હવે ધર્મ તરફ આવીએ"

સદરહુ હકીકતોથી સાબિત થાય છે કે લડાઈએ માત્ર રાષ્ટ્રો અને રાજ્યોનેજ ઇતિહાસના બીબામા ઢાળ્યા નથી, બલ્કે રાજકીય માન્યતાઓ અને દ્રષ્ટિકોણોને પણ મૌતને આરે ઉતારી દીધા છે! હવે યુદ્ધથી થાકેલી અને કંટાળેલી કૌમોને ફરીવાર વિચારવુ પડશે કે યુદ્ધના પુનરાવર્તનને કઈ રીતે રોકવામા આવે? વિશ્વ-શાન્તિ કઈ રીતે જળવાઈ રહે છે? અને એ કામ કઈ શક્તિની આવશ્યકતા છે? રાજકીય દ્રષ્ટિકોણો અને મતવ્યો તો મરણ વશ થઈજ ચુકયા છે, હવે ધર્મ પ્રતિ દ્રષ્ટિપાત કરીએ, અત્યારે જગતમા રાજ્ય કરતી કૌમો ત્રણ ધર્મો સાથે સબંધ ધરાવે છે (૧) ઈસાઈય્યત, (૨) બુદ્ધમત (૩) ઇસ્લામ

હવે વિચાર કરવો જોઇએ કે એ ધર્મોમાથી કયો ધર્મ એવો છે જે માનવતાના અંતરપટને અશાન્તિના બાણોથી બચાવી શકે છે? સઉથી પ્રથમ 'ઈસાઇય્યત' પર નઝર કરો હઝરત ઇસા અલહિસ્સલાનો વરસનામ શાન્તિ અને સલામતીનો સંદેશ લઇને આવ્યા હતા આપે ઈન્જીલની

(માર્ક્સવાદની) જુબાનથી સંદેશ પહોંચાડયો કે "જો કોઈ માણસ આપણા એક કપોલ પ્રદેશ પર તમાચો મારે તો તેના બીજા ગાલ આગળ બીજો ગાલ પણ ધરી દેજો જોઈએ" પરંતુ એ શાન્તિ-સ્વરૂપ સંદેશને કે જે 'ઇસાઈધર્મ'નો મૂળભૂત સિદ્ધાન્ત છે ક્યાં સુધી માનવામાં આવ્યો? એનો પ્રત્યુત્તર માનવ સમાજની ગુલામીના કાળાંને પૂછો નહિ પણ કે વર્તમાન-યુદ્ધ ઉપરથી નજર નાખો. યુરોપના મોટા ભાગે પોતાના 'ઇસા ઉપાસક' કહેવાય છે પરંતુ આજે તેઓ હજરત મસીહ (ઇસુ)ના અહિંસાના સિદ્ધાન્તને ક્યાં સુધી સમજે છે? એનો જવાબ આપવાની જરૂર નથી. હવે કોઈ કહી શકે છે ઇસાઈધર્મની માન્યતાઓનું શિક્ષણ 'પ્રચાર બહાર નિકળી ગયું નથી' માટે યુદ્ધ પછીના યુગમાં ઇસાઈધર્મને પણ જગત-શાન્તિની રક્ષક બનાવી શકાતી નથી કારણ કે તે સૈદ્ધાન્તિક રીતેજ ખતમ થઇ ચુકી છે।

હવે 'બુદ્ધમત' પર નજર કરો. જાપાન 'બુદ્ધિઝમનું પ્રતિનિધિ' છે પરંતુ બુદ્ધ સાહેબનો ઉદ્દેશ છે કે તમે મરેલી કીડીના ઉપર પણ પગ મૂકવાને પાત્ર થઇ શકતા નથી. પરંતુ નિશાન બુદ્ધમતના મહાન પ્રતિનિધિ સ્વરૂપ ન આજે હજારોની વસ્તીને પણ ઠોકરો મારી રહ્યો છે। માટે બુદ્ધમત પણ વ્યાવહારિક દૃષ્ટિએ ખતમ થઈ ચુકયો છે અને એક પ્રતિભાવ માન્યતા રૂપમાં જ રહ્યો છે તો તેને શાન્તિની રક્ષક કઈ રીતે બનાવી શકાય છે?

"આન્તર રાષ્ટ્રિયતાનું દૃષ્ટિબિન્દુ"

સમાજની કસોટી પર પરખવાથી જાણવામાં આવ્યું કે ઇસાઈધર્મ અને બુદ્ધમત બન્નેનું પણ હવે હથિયાર ઉપયોગમાં નથી. એ બન્ને સિવાય એક ત્રીજો ધર્મ પણ છે તે એ કે 'વહદતીયત' (આત્મવાદ)માં માનતો નથી પરંતુ 'જમીનવાદ'થી આગળ વધીને

પણ ત્યારે વિશ્વાસપાત્ર સમજે છે। એ ધર્મ યુરોપની પરિભાષામાં 'ઇન્ટરનેશનલીઝમ' કહે છે। એ ધર્મના હિમાયતીઓની મનસા આ છે કે એક "આન્તર રાષ્ટ્રિય સૈન્ય" બનાવવામાં આવે જે પ્રત્યેક શરારતખોર અને શાન્તિના ભંગ કરનાર કોમનું માથું કચડતી રહે। અને એ સૈન્ય ભૌગોલિક તથા રાષ્ટ્રિય મર્યાદાઓથી આઝાદ હશે. એને તેની સંખ્યા મહાજાળ હોવાને માટે 'હોમી ફોર'ના સ્વરૂપ બની શકશે નહિ।

એ સ્કીમ રાજકીય દૃષ્ટિએ એક હદ સુધી વાજબી છે 'લીગ ઓફ નેશન્સ'ની નિષ્ફળતા અને નિષ્ક્રિયતાનું સૌથી મહાન કારણ આ છે કે તે મહાન (જબરદસ્ત) શક્તિઓથી રક્ષિત હતી। તેની સામે જાપાનીઓએ પિકીન એની ભૂમિને ધૂળ ભેગી કરી નાખ્યા, તેની ધરતી ભાગમાં વેર-ઝેરનું એક બિન્દુ ટપકી પણ શક્યું નહિ। જાપાને ચીનની સ્વતંત્રતાના પડદાનો તાંતણે તાંતણો કરી નાખ્યો પરંતુ 'લીગ ઓફ નેશન' પરિણામ સુની લાગણી વિના કંઈજ કરી શકી નહિ। મુસોલીનીએ મજબૂર અને લાચાર 'અબિસીનિયા'ને ગુલામ બનાવી દીધું પરંતુ લીગ પ્રમાણની કરે કંઈ નીરસ બની ગયું. ત્યાં પછી હીટલરે બેમોના હજારોને ફૂંકી નાખ્યા, અને જેટલું હતું તે એ 'નાઝી-સંઘ'ના જન્મના સ્વરૂપ હતા પરંતુ ત્યારે પછી શું થયું તેનો જવાબ આપની સામે છે એ 'સંઘના મેરુ'ને સબાબરો 'ફ્રાન્સ અને બ્રિટન' ભાગી ગયાં અને જાપાના સમયે યુદ્ધ ક્ષેત્રથી માઇલો દૂર હતી વિશ્વ પ્રાણના સમારંભોની નદ જેવા રહ્યા। એટલે આન્તર રાષ્ટ્રિય સૈન્યની જરૂરત છે કે 'લીગ ઓફ નેશન' તેની સહાયથી જગત શાન્તિનું રક્ષણ કરી શકે।

"પરસ્પર વિરોધી તત્વોનુ સંગઠન"

એ તરિકે તાત્વિક દ્રષ્ટિએ તો વ્યાજબી છે પરતુ વ્યવહારુ બની શક્તો નથી! કારણ કે 'આતર-રાષ્ટ્રીય ફૌજ' પણ તેજ તત્વોથી બનશે જે એક બીજા સાથે અથડામણમા આવતા રહેવાના છે, એવા પરસ્પર વિરોધી તત્વોનુ મિશ્રણજ અશક્ય છે! અને જ્યાસુધી રાષ્ટ્રિય વનિય નાજકીય, વિશિષ્ટતાઓનુ અસ્તિત્વ છે ત્યાસુધી એ પ્રકારની વ્યવસ્થાનુ સગઠન અને સચાલન અશક્ય છે, જેમકે અનુભવ ગવાહ છે કે જર્મની અને ઇટલીની આતર રાષ્ટ્રિય વ્યવસ્થામા સહકાર આપી શક્યા નહિ ગેઝે તેમ! ચલગ થઇ પડ્યુ ત્યાર પછી શ્યામ એ પણ લીગ ઓફ નેશનથી અલગતા ધારણ કરી એ એ રીતે 'આતર-રાષ્ટ્રિય સૈન્ય ના તત્વો પણ અનુક્રમે અલગ થતા ગયા તો તે 'ફૌજ નુ પરિણામ કેવુ આવશે? એનો જવાબ 'લીગ ઓફ નેશનની વર્તમાન દુર્દશા અને લેતાથી મળી શકે છે! એટલે 'આતર રાષ્ટ્રિયતા નો ધર્મ પણ ભાવી શાન્તિ-યુગની જવાબદારીઓ સભાળી શકતો નથી.

"શાન્તિ-રક્ષકની શોધ"

જડવાદી માન્યતાઓ તો નમાલી અને નમાલી સાબિત થએજ, ત્યાર પછી ધાર્મિક સિદ્ધાતો તરફ આવવુ પડે છે પરન્તુ કલ્ચરલ જીવન (વ્યક્તિ વાદ)ના બે ધર્મ જે 'ક્રીશ્ચીયન અને 'બુદ્ધ મત'ના નામે વિખ્યાત છે એ બાબતમા મુગ દેખાય છે હવે મનુષ્યે હારીનેં જે ધર્મ તરફ આવવુ પડે છે તેનુ નામ "ઇસ્લામ" છે ઇસ્લામજ એક એવો ધર્મ છે જે ભૂગોળ, વશ્ય, વર્ણ વતન અને કોમની મર્યાદાઓ તોડીને માનવીઓને માનવતાના નામ પર વ્યવસ્થિત કરી શકે છે. અને પૂર્વ તથા પશ્ચિમ તેમજ ઉત્તર અને દક્ષિણના માનવીઓને એક કુટુમ્બ એક સમાજ તથા એક કોમમા પરોવી શકે છે, તે ઇસ્લામના સિદ્ધાતો અને પેગમ્બરી નિયમોને સપૂર્ણપણે પ્રચલિત થવા દેવાનો પ્રસગ આપવામા આવે તો નિ જરૂરી ફિસાદ તથા અશાન્તિનો અશ માત્ર પણ રહી શક્તો નથી! કારણ કે અમો મુસલમાન જ્યારે પણ મોહના દા ઉપર ક્રમનરુની કરવાની કલ્પના પણ ભારે છે તો મત ભાના પડમથી ધ્રુજતા બની અમન મોની છ' ઝ ક બ ા ા ? એ દરમ્યાન કરીશ નહિ નહિતર જગતમા કુરેશી અને આખ્રિત (પરલોક)મા મહાન અજ મ સિવાય કઇ મળશે નહિ! એ નોથી મહાન 'આરના-પરિસ્થિતિ' જે માનવને માનવ-લાગણીના વ્તૂળથી આગળ વધવાની આશા આપતી નથી માટે જ્યારે લડાઇમા મરવા એવી કોમો યુદ્ધની નિરતર રોકણી પછી 'વિનાશ નિદ્રા માથી જાગ્રત થશે તો તેમણે સર્વવ્યાપક શાન્તિ માટે એક માર્ગ 'ધારણ કરવો પડશે અને તે ઇસ્લામનો સીધો અને સરળ માર્ગ છે! જ્યાસુધી એ માર્ગને સાચી માન્યતા સાથે ગ્રહણ કરવાના આવશે નહિ ત્યાસુધી અશાન્તિ માનામહાગ, કલહ યુદ્ધ પરસ્પર-વધ્ધા અને આતર કોમી સગ્રામનોનો અત આવી શકતો નથી!

"ઇસ્લામનો દરવાજો"

ઇસ્લામના ઇતિહાસ પર નજર કરશો તો આપને એની વાસ્તવિકતા પર અમર એવી છાપની સાક્ષીઓનો ઢગ ખડકાએલા દેખાશે કે જ્યા 'ઇસ્લામ' આવ્યો ત્યા યુધ્ધ અને શાન્તિને માટે કોઇ સ્થાન રહ્યુ નહિ! જેમકે ઇસ્લામના ઉદય પહેલા અરબસ્તાનમા કઇપણ હતુ નહિ! બલ્કે આખા જગતની શાન્તિ એ ટાપુમા એકત્ર થઇ હતી કે જેનો ખાનગી ખગ ગગ પેઢીઓની પેઢીઓ સુધી 'રક્ત વહનનો પ્રવાહ ચાલુ રાખતો હતો! પરન્તુ ઇસ્લામે મધ્યથી પરસ્પર વિરોધી શક્તિઓને એવી સગઠિત અને એવી ભલાઇકારી બનાવી દીધી - દુન્યાના હજારો પરિવર્તનો પણ એ મિત્રતામા ખલલ નાખી શક્યા નહિ

માટે ત્યારે અન ભાવથી નાન્તિના જરૂરત દાખ કેમ કરનાર છાડ ર ર છે એના વચન સાથ કઇ પણ પદ્ધતિ પ ણ ર ના આરમે તો અાઆ મારા કૃત્રિમ શાન્તિથી થાય પ તુ પૂર્ણ શાન્તિ ન ખ ા દિવો માટે નબળાએજ નહિ

માટે જગત જ્યારે પોતાના કડવા અનુભવોનો દીપક લઇને શોધ કરશે તો તેણે ઇસ્લામના દ્વાર પરજ "સિધા-પાવવ" પાથરવો પડશે.

રાંદેર : મુસ્લિમ—શાદી, અને જન્મ—મરણ.

શાદી

૧૫-૪-૪૪ હાશિમ યુસુફ ખપોરીયા—સારાબીબી હાશમ યુસુફ બરચા
૧૫-૪-૪૪ કાસિમ ગુલામ હુસેન ડુ—મરીયમબીબી કાસિમ ઇબ્રાહીમ પટેલ
૨૦-૪-૪૪ અબ્દુલ્લાહખાન કરીમખાન પીરખાન ડાગયા—રસુલબીબી મલેક ગુલામ રહેમાન.
૨૦-૪-૪૪ અબ્દુલકરીમ મોહમદ કાસિમ પટેલ—ઝૈનબબીબી કાસિમ ઇબ્રાહીમ પટેલ
૨૩-૪-૪૪ અબ્દુર્રહમાન મારેફ કાસિમ પટેલ—મૈમુનાબીબી મોહમદ કાસિમ પટેલ
૨૮-૪-૪૪ યાકુબ ઇસ્માઇલ ઇસહાકજી કાકા—આએશાબીબી ઇસમાઇલ મમુન કાકા

જન્મ

૩-૪-૪૪ અહમદ મોહમદ ગુલામ જેલાની—છોકરી અસમાબીબી
૫-૪-૪૪ કાઝી મોહમદ આરેફ—છોકરો આરેફ
૮-૪-૪૪ અબ્દુર્રહેમાન સુલેમાન હાસીયા—છોકરો ઐયુબ
૮-૪-૪૪ અહમદ મોહમદ જુના—છોકરો ઇબ્રાહીમ
૧૧-૪-૪૪ રસુલ મોહમદ—છોકરો સાબીર
૧૨-૪-૪૪ અહમદ કાસમ લુચ—છોકરી બીનકીસબાનુ
૧૩-૪-૪૪ અહમદ ગોરાભાઈ—છોકરો ઇસ્માઇલ
૧૫-૪-૪૪ ગુલામ મોહમદ ઇબ્રાહીમ હજામ—છોકરો મોહમદ હુસેન
૧૭-૪-૪૪ મલેકહુસેન મલેક રસુલ—છોકરો ગુલામ મોહમદ
૧૯-૪-૪૪ અહમદ ગોરા ગુલામ મોહમદ યુસુફ ધુપની—છોકરો ગુલામ મોહમદ
૨૧-૪-૪૪ યુસુફ ગુલામ હુસેન સુરતી—છોકરી જુબેદાબીબી,
૨૫-૪-૪૪ શેખ મેહબુબ શેખ મુનીર—છોકરી ફાતમાબીબી
૨૫-૪-૪૪ ઇસમાઇલ ઇબ્રાહીમ અશરફ—છોકરો ઇબ્રાહીમ
૨૫-૪-૪૪ મોહમદ હાનુ—છોકરી મરીયમબીબી
૨૭-૪-૪૪ અબ્દુલકાદર અલ્લી હાફેજી—છોકરી ફાતમાબીબી
૨૭-૪-૪૪ અબ્દુર્રહેમાન બનુભાઇ કાપડીયા—છોકરા અબ્દુલહમીદ
૨૯-૪-૪૪ મીર્ઝા ગુલામ મુસ્તુફાબેગ રસુલબેગ—છોકરી સારાબીબી
૩૦-૪-૪૪ ઇસમાઇલ યુસુફ મનસુર પેટીવાલા—છોકરા બે (૧) અબુબકર (૨) મોહમદ ઉમર

મરણ

૨-૪-૪૪ આઇશાબીબી માસમ અહમદ મનસુરની છોકરી ઉ. વ. ૧-૬ માસ
૫-૪-૪૪ ફરીદાબેગમ તે સૈયદ મમુન સીદુની છોકરી ઉ. વ. ૩
૮-૪-૪૪ બીબીખાતુ તે હુસેન વલીની ધણીયાણી ઉ. વ. ૨૮
૧૦-૪-૪૪ ઇદરીસ ઇસ્માઇલ ઇસાકજી કાકા ઉ. વ. ૧૧
૧૨-૪-૪૪ ખદીજાબીબી તે અહમદ કાનમ મીયાની છોકરી ઉ. વ. ૬૨
૨૨-૪-૪૪ મોહમદ ગુલામ આલમ ઉ. વ. ૭૦
૨૨-૪-૪૪ બાપુ અલાહરખા ખાટકી ઉ. વ. ૪
૨૬-૪-૪૪ ગુલામ મોહમદ મલેક હુસેન ઉ. દિ. ૧૦





ખોપરીજ નથી

(ધાનજીની યાદગાર)

ગ ઝ લ

હૃદયમા કૈના દાગોની ગણતરીજ નથી,
કર્યો છે પ્રેમ મે ત્રિગશીઓ કરીજ નથી !
મિલનનો વાયદો તેઓ કરી ગયા કિન્તુ,
મન તો હસ્ર વિના એની ખાતરીજ નથી
સુરાના સ્વાદને અજાન મત તુ સમજે '
ક્હીય અપટ એ ચીઝ વાપરીજ નથી
દિલ નથા ડે યા જીવન સુધારવાના પાકે '
નમારી દૃષ્ટની મારો હજી ખરીજ નથી '
પ્રભુપમા પ્રાણનખા બાગ કાજ ઉત્સુક છુ
પરન્તુ તેઝ તે કાતિલ મને છરીજ નથી
ગદા બને છે, ગગન-રંગ રંગ કા અનાયાસ '
શુ સુજ મજેલની આરો હજી ઠરીજ નથી
મને વિસારતા વિસરી ગયો તે પોતાને,
કહે છે કોણ અજમ તેની ખોપરીજ નથી
'કુલીમ' કેમ લખે ચિત્ત ક્યા છે કનાજે
ને 'ગેખચલ્લી'ને કુગ્મન અહી જરીજ નથી

'કુલીમ'–'ગેખચલ્લી'



પુ ૫મુ અંક ૧૦મો
જુન ૧૯૪૪
કિંમત આઠ આના
તંત્રી 'વહશી'



અનુક્રમણિકા.

વાર્ષિક લવાજમ . હિન્દ રૂા ૫ બર્મા રા ૬ પરદેશ શી ૧૦ (રૂા ૬L) છુટક આઠ આના

લવાજમ પુરૂ થવાની ખબર બાજુના ચોકઠામા આપી છે જીથિ અંક પ્રગટ થાય ત્યા સુધીમા જો લવાજમ નહીં મળે તો વી પી થી લેવા અંક રવાના થશે રેપર ઉપર ગ્રાહક નંબર ઇમેશા નખાય છે તે નાધી રાખો મનીઑર્ડર અથવા પત્રવ્યવહાર વખતે તે જરૂર નખો અંક નહિ મળ્યાની ફર્યાદ તારીખ ૨૫ થી સુધીમા હિદના ગ્રાહકોએ કરવી

સરનામુ નીચે મુજબ —

VAHSHI SAHITYA KARYALAYA Tower Road Surat

Printed by Maganlal Manjabhai Patel, at The Gangotri Printing Press Kanpith, Khand Bazar, Surat

Published by Azam Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya Tower Road Surat



યક બયક બિજલી ગિરી ખામોશ મેહફિલ હો ગઈ

જનાબ મૌલવી મોઈનુદ્દીહસન સા૦ 'આઝાદ' ગહુજહાપુરી

હો ગઈ વીરાં મેરે નાલોકી મેહફિલ હો ગઈ,
સુબ્હદમ ખામોશ શમ્એ હસ્તીયે દિલ હો ગઈ

જિસ તરફકો ઉઠ ગઈ મખ્લૂક બિસ્મિલ હો ગઈ,
કિસ કદર તેરી નઝર સફ્ફાક કાતિલ હો ગઈ

ઐસી ક્યા થી દાસ્તાને ગમમેં શામિલ હો ગઈ,
જાને મેહફિલ હો ગઈ, જો રૂહે મેહફિલ હો ગઈ

ઈસ તરહકી કુછ અદાકારી તેરે જલ્વોંકી થી,
હર નઝર એહલે નઝરકી જઝબે મેહફિલ હો ગઈ

યેહ શબે ગમ તેરે દર્દે ઈશ્કકા એ'જાઝ થા,
જો લહૂકી બૂન્દ ટપકી આંખસે દિલ હો ગઈ

હર ઘડી તૂફાને ગમ હર લમ્હ જોશે ઈઝતેરાબ,
ઝિન્દગી અબ ઝિન્દગી કેહનેકે કાબિલ હો ગઈ

યે હવાયે શૌકે મન્ઝિલ લે ઉડી ઈતના મુઝે,
મુઝસે કોસોં દૂર પીછે મેરી મન્ઝિલ હો ગઈ

હર નઝર મસ્તાના ગર હૈ, હર અદા દીવાના ગર,
હોશકી દુન્યા હલાકે હુસ્ને કાતિલ હો ગઈ

અબ મેરા ઝૌકે તલબ મહસૂર બામો દર નહીં,
અબ બયાબાં દર બયાબાં વુસ્અતે દિલ હો ગઈ

છોડ ઝિક્રે મા મો તૂ ઝૌકે તલબ રહબર બના,
દેખ લેના ફિર યે, મન્ઝિલ તેરી મન્ઝિલ હો ગઈ

ફિક્રે દેહરે હુસ્ન સમઝું યા નતીજા ઈશ્કકા,
જો નઝર મુઝ પડી ગારતગારે દિલ હો ગઈ

તૂર પર યે ઈસ્તેમાએ દીદકા પાયા જવાબ,
યક બયક બિજલી ગિરી ખામોશ મેહફિલ હો ગઈ

દેખના 'આઝાદ' કોઈ ફિર ન યે કેહને લગે,
મર ગિયા તૂ યે ગઝલસે સારી મેહફિલ હો ગઈ

કુર્આન

અલ્લાહ તઆલાનુ ફરમાન

(૨૯૮) આકાશો અને પૃથ્વીનુ રાજ્ય તેનુજ છે, તેજ જીવાડે છે અને મૃત્યુ આપે છે, અને તે દરેક વસ્તુ પર શક્તિમાન છે તેજ સઉથી પહેલો અને સઉથી છેલ્લો અને (પોતાની કુદરતથી સર્વ પર) જાહેર અને (પોતાની ઝાતથી) છુપો છે, અને તે સઘળુ જાણનાર છે

× × × ×

(૨૯૯) જે કઇ (વરસાદનુ પાણી) પૃથ્વીમા દાખલ થાય છે અને જે કઇ (લીલોતરી) તેમાથી નીકળે છે તથા જે કઇ આકાશથી ઉતરે છે અને જે કઈ તે તરફ ચઢે છે તે સઉને જાણે છે, અને તમે ગમે ત્યા હો તે તમારી સાથેજ છે અને જે કંઈ તમે કરો છો તેને ખુદાપાક જોઈ રહ્યો છે આકાશો અને પૃથ્વીનુ રાજ્ય તેનુજ છે, અને ખુદાપાકની તરફજ સઉ કામ રજુ કરવામા આવે છે

× × × ×

(૩૦૦) શુ ઇમાનવાળાઓ માટે એ સમય નથી આવ્યો? કે તેમના અત કરણ ખુદાની યાદથી અને જે સાચુ દીન ઉતર્યુ છે તેથી નરમ થાય અને તે લોકોના જેવા ન થાય જેમને પ્રથમ કિતાબ મળી હતી ફરી તેમના ઉપર લાંબો કાળ વીતી ગયો તો તેમના દિલ સખત થઇ ગયા, અને તેઓ માના ઘણાખરા ના ફરમાન છે

× × × ×

(૩૦૧) બેશક જે લોકો ખેરાત કરનાર છે અને જે સ્ત્રીઓ ખેરાત કરનારી છે તથા ખુદાપાકને ભલી રીતે (ખરા અત કરણે) કરજ તરીકે ધીરે છે તેમને બમણુ આપવામા આવશે અને તેમને માટે ઇઝ્ઝતનો બદલો છે

સ પાદક—મો૦ અબ્દુર્રહીમ—

ઇસ્લામી શિક્ષણ

રસૂલુલ્લાહ સલ૦નું ફરમાન

(૨૯૮) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે જે માણસ અલ્લાહને માટે દોસ્ત રાખે અલ્લાહને માટે દુશ્મની રાખે અલ્લાહને માટે (માલ) ખર્ચ કરે અને અલ્લાહને માટે ખર્ચ કરવાથી બાઝ રહે એવા માણસે પોતાનુ ઇમાન સંપૂર્ણ કરી લીધુ. (અબૂ દાઉદ)

* * * *

(૨૯૯) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે જ્યા સુધી મારી ઉમ્મત પણ આગલા લોકોની રીત રસમને વેત વેત અને હાથ હાથ સરખુ કરવા લાગશે નહિ, ત્યા સુધી કિયામત કાયમ થશે નહિ લોકોએ અરજ કરી કે યા રસૂલુલ્લાહ! શુ લોકો મજુસી અને નસારા જેવા થઇ જશે? તો આપે (સલ૦) ફરમાવ્યુ કે તેઓ સિવાય બીજા કોણ છે? એટલે તેઓ તેમનેજ ડગલે ને પગલે ચાલશે (બુખારી)

* * * *

(૩૦૦) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે જે માણસ ત્રણ પુત્રીઓની અથવા ત્રણ બહેનોની અથવા બે પુત્રીઓની પરવરિશ કરે અને તેમને કેળવણી આપે અને સારો વિવેક શીખાડે પછી તેમને પરણાવી દે તો એવો માણસ જન્નતી થશે. (અબૂદાઉદ)

* * * *

(૩૦૧) રસૂલુલ્લાહ સલ૦એ ફરમાવ્યુ કે કોઈ વિધવા સ્ત્રી તથા રંક જનની હાજત પૂરી કરનાર તે માણસ સરખો છે જે ખુદાના માર્ગમા જિહાદ કરતો હોય અથવા તે માણસ જેવો છે જે આખો દિવસ રોઝો રાખતો હોય અને આખી રાત નમાઝ પઢતો હોય (અબૂદાઉદ)

—સાદિક સા૦ રાંદેરી

આવાઝકી દુન્યા

સાંભળાનાર 'એક'

પ્રગતિશીલ વાચકો!

પ્રગતિશીલ વાચકો ભલે પોતાની માતૃભાષા ન જાણતા હોય પણ અંગ્રેજી સારી રીતે વાંચી કે બોલી જાણતા હોય છે! તથી તેઓની દૃઢમાન્યતા હોય છે કે આદર્શ સાહિત્ય અંગ્રેજીમાંજ પ્રગટ થાય છે દેશી સાહિત્ય એટલે નર્યોજ ઉકરડો! અને તેથી દેશી સાહિત્યને જોતાંજ તેમના નાકમાં એક પ્રકારની ગંધ ઘુમી જાય છે! એ લોકોના ચહેરાની રેખા અને રંગજ ફક્ત હિંદુસ્તાની હોય છે એ સિવાય એમની રહેણીકરણી ને વિચાર વર્તન યુરોપથી ઉછીના આણેલા હોય છે! એવા પ્રગતિશીલો ભલે ભાડાના ઘરમાં રહેતા હોય છતાં રેડીયો વસાવી શકે છે ને રોજ સીનેમા ન જોવા જાય તો એને ઉંઘજ ન આવે! મતલબ કે સીનેમા એ પ્રગતિશીલોને ઉંઘવાની દવા છે! અફિણીયાઓને અફિણ વગર ચાલી શકે તો પ્રગતિશીલોને સીનેમા વગર ચાલે! રોજ સવારમાં ઉઠીને હાથે હજામત કરી મોં ધોતા પહેલાં ચાહ પીને ઘેરથી નીકળીને સીધાજ લાયબ્રેરીમાં જઈને કાં તો એકાદ ટેબલ પાસે ફેરી જવું, મિટીંગોમાં રોજ હાજરી આપવી અને મિત્રોમાં તે દિવસના છાપાની યા આગલી રાતે જોએલી ફિલ્મની વિવેચનની ગમે વાત કરવી અને તે વેળા હાથમાં કોઈ દળદાર અંગ્રેજી પુસ્તક કે મેગેઝીન તો હોયજ! પ્રગતિશીલ તે ગણાય છે કે જેને કમાવાની ફિકરજ હોતી ન હોય યા તો કમાતાંજ આવડતું ન હોય!

પ્રગતિશીલો ભલે આંતરરાષ્ટ્રીય પ્રશ્નોથી અજાણ હોય છતાં પોતાને પોલિટિક્સમાં ખાસ પ્રવિણ ને પારંગત માને છે! સીનેમા સ્ટારોની સાત સાત પેઢીનો ઇતિહાસ એમને મોઢે હોય છે! પ્રગતિશીલ યુવતિઓ સીનેમાના પુરૂષ એક્ટરોના અને પ્રગતિશીલ યુવકો સીનેમાની એક્ટ્રેસોના ફોટા પોતાના રૂમમાં ટાંગવામાં કે ખિસ્સામાં રાખવામાં અભિમાન સમજે છે! પ્રગતિશીલ યુવકની નિશાની એ હોય છે કે તે રાતે ઉંઘ કરતાં ઉજાગરાને વહાલો ગણીને વધુ દમલો થઈ ગયો હોય છે! પ્રગતિશીલ યુવક પ્રસંગ મળતાં એકી વખતે નેશનાલિસ્ટ, કમ્યુનિસ્ટ સોશીયાલિસ્ટ, પણ બની શકે છે! તેની વાણી અને વર્તનમાં નર્યું નાટકીપણું બતાવે છે જો તે પુરૂષ હોય તો હીરો જેવો દેખાવા યત્ન કરે છે ને સ્ત્રી હોય તો હીરોઈન જેવી દેખાવા યત્ન કરે છે! આ દેશના ઘણાખરા પ્રગતિશીલોની હાલત ધોબીના શ્વાન જેવી થતી જોવામાં આવે છે કારણ કે ઘરની આસનોમાં તે ઘરના કે ઘાટના રહેતા નથી!

●

વડોદરા રાજ્ય ને કોન્ફરન્સ

વડોદરા રાજ્યના મહિનામાં હવે એક સ્ટેજ પ જમા થઇ ગયા છે તેના ગપ્પ યુગવારપ આ તેની સાતમી બેઠકની જનાબ નવાબ યારજંગ સાહેબ તથા મૌલાના જમાનમિયાની તશરીફ આવી ન શકવાથી કેટલાક મેહમાનો નિરાશ થઇ ગયા હતા, અને થોડી વોલન્ટીયરોની

નાગરિકોને બાદ કરીએ તો બાકીનું બધું પરિસ્થિતિનું ... તા નાલ્કરેન્સ હતી છતાં ... કરતાં જોર વધુ મદદગાર આપતું જણાયું ... ને મઝિન મસ્ઝ" પર પહોંચાડતા, જનાબ ઝમનખાં જેના સફળ માર્ગે કાંટા સાફ કર્યા હતા. માગત પ્રમુખ હાજી ગેર આપેલ કોના છતા ... કરીને જુદા બની ગયા હતા! એમના સ્વાગત ... તાપી કાંઠાના ... નાના ઇતિહાસ, ... ની પ્રગતિ ... ઇસ્લામ, ઇસ્લામી સંસ્કૃતિની અસર તથા ... ની ... રીતે, મુસ્લિમો તરફ ... નાલીમાં થતા અન્યાય ... પ્રકાશ પડવામાં આવ્યો હતો. એમના ... મુદ્દાસરના ભાષણે ... અસર ... કરી હતી. પ્રમુખ જનાબ ઝમનખાં ... વડોદરા ... ના મુસ્લિમોની વર્તમાન સ્થિતિનો સચોટ ચિતાર ... હતો. ... ના ... બનમાળમાં ... કર્યું ... તે પણ ... માટે ... હદ પેરે ગાદા તેણે ખાસ જવાબ આપ્યો. ... માગણી રજુ કરી ... પ્રગતિમંડળનું ... કે એ સાબિત કર્યું ... ગજરાતની બાદે ... પર ભાર મૂક્યો, મુસ્લિમોની ... ના ... ૧૧૨ને બદલે ... ની પ્રગતિ. બાદમાં પીછેહઠ ... તે તરફ ... વડોદરાના મુસ્લિમોને નોકરીમાં ઘણું સહન કરવું પડે છે ... તરફ ... અને ... ના મુસ્લિમોના સ્થાનનો ... કર્યો, ... મુસ્લિમોને પોતાની ફરજભાનનું ... મુસ્લિમોના સંગઠનની અને ... એ બધી બાબતો સાથે ... પણ પાળવી ... હતી. ... ની ... હતી, ... ની ... હતા. ... ગયો હતો ... પર ... કરી ... નહિ અને ... ગેરની ... ની ... પ્રમુખ જનાબ ... સ્વાગત પ્રમુખ ... તથા ... તે ... ને ... કે ... કરી ... વગેરે ... પગ ... તો ... ની અને ... છે કે ... ની ... જેવી હિંમત દેખાડી ... ના ... કરી નાખ્યું!

ઓલપાડનો મુશાયરો

... મંડળના ... ની ... ના ... તા. ૭-૫-૪૪ના ... નમાજ બાદ ... ની ... મુશાયરાના ... ના ... મંડળ ... બે પક્ષ ... 'અનાવડીયુ મંડળ' અને 'અનાવડીયુ મંડળ' એક ... પર બે ... ઓની સફળ દખલગીરી ... ના ... કરતા ... અને ... પ્રમુખ જનાબ ... નો ... પ્રતાપ હતો. એમને ... અભ્યાસી ... ૨૦-૫૦ મુશાયરા ...

માન બાહાળ કૉલેજે આપ્યું નથી એનું કડવું મન્ય એમને ઉચ્ચારવું પડયું છે, ને કેટલાકના છોકરા ને ગોટલા જુદા કરી નાખ્યા છે! મુશાયરામાં સૌથી સફળ એમનું ભાષણ હતું અને તેના પછી સફળતામાં કોઇએ સૂર પુર્યો હોય તો તે 'શયદા', 'અમીન', 'ઘાયલ', 'ગની', 'તાજ', 'ચમકાર', 'મઝનૂમ', 'સાગર', 'મીરતી', 'મુસા બના', 'મઝાક', 'શાદ' 'નઝર', 'આસી', 'સાબિર', 'ઇંદુ' 'રમણુ દવે', 'પરાગ', 'અસર', વગેરેના વિવિધ રંગી અસરકારક કાવ્યો હતા, ખુદાનો પાડ માનો કે મુશાયરો સફળ થયો, અને માઇની ધાંધલ કરવાની ઇચ્છાઓ મન માને મનમાંજ વાઝાગી રહી ગઈ! મહાગુજરાત ગઝલ મંડળના સાથ સહકારથી સાવેરી સાહસ મળતાનો સેહરો પોતાના શિર શોભાવીનેજ ફરયા, ને સીરતી તથા 'માસુમ'ની મહેનત લે લાગી

●

ભાવ બાધો!

જ્યારે નામદાર સરકારે ઘેક વાનગામાં કાળ માનવાજ માડયું છે તો પછી બીજેની ભાવતાલ પણ એણે કાંડું મારવુંજ રહ્યું! અનાજના ભાવ બાંધ્યા કાપડના ભાવ બાંધ્યા, વ્યાસતેલ ને ખાંડ ગોળના ભાવ બાંધ્યા તો હજુ હજામતના ભાવ કેમ બધાતા નથી? ઘોડાગાડીઓ ને રિક્ષાઓના ભાવ કેમ બધાતા નથી? સ્ટેશનના પોર્ટરોના ભાવ કેમ બધાતા નથી? કે રેતી ગીરધારીના ભાવ કેમ બધાતા નથી? ઘી અને એના ભાવ કેમ બધાતા નથી? દુકાળ અને ભૂખમરાની વિપુલતા છતા મતાનના થઇ હેલા ફુગાવાના ભાવ કેમ બધાતા નથી? બળદ, ભેંસ, દૂધ ને ઘીના ભાવ કેમ બધાતા નથી? કંકોતરીના ભાવ બાંધ્યા તો લગ્નો ને છુટાછેડાના ભાવ કેમ બધાતા નથી? અરમ ફિલ્મ-શનના ભાવ કેમ બધાતા નથી? નાચ રંગ સ્ટાનના ભાવ કેમ બધાતા નથી? રેડીયોના ભાવ બધાયા છે પણ રેડીયો પરના ગપ્પાના ભાવ કેમ બધાતા નથી? દવાના ભાવ બધાયા છે પણ ડાકતરોના ભાવ કેમ બધાતા નથી? વકીલોના ભાવ કેમ બધાતા નથી? શેરના ભાવ બધાય છે પણ દલાલોના ભાવ કેમ બધાતા નથી? ગામના ભાવ બધાય છે પણ દેરાસરના ભાવ કેમ બધાતા નથી? પેપરના ભાવ બધાય છે પણ એડીટરોના ભાવ કેમ બધાતા નથી? કાગળ, કલમ, શાહીના ભાવ બધાય છે, પણ લેખકના ભાવ કેમ બધાતા નથી? બેંકો અને વીમા કંપનીઓના ભાવ બધાય છે, તિજોરી ને ખિસ્સાના ભાવ બધાય છે, પણ ચોર ડાકૂ ધાડપાડુ ને ખિસ્સા કાતરૂઓના કેમ ભાવ બધાતા નથી? ફિલ્મોના ભાવ બધાય છે, પણ એકટરો ને એક્ટ્રેસોના કેમ ભાવ બધાતા નથી? બજાર ચાલીઓના નંબર વગેરે બજારના ભાવ બધાય છે, પણ હજુ સુધી હુસ્નના મજનુના પ્રેમના બજારના ભાવ બધાયા નથી! આવા આવા તો ઘણાય બાકી હજુ બાંધવાના બાકી છે

●

જાણીતા બ્રિટીશ લેખક મી એડવર્ડ થોમ્સન લખે છે કે "બ્રિટનની સાયદા પત્નિ હિંદમાં દાખલ કરવાથી નુકસાન થયું છે એથી વર્ણનાના મોટા સ્થાપિત હિતો ઉભા થયા છે, અને એવી સામાન્ય માન્યતા પ્રચલિત થઇ છે કે અમનના નિયમો પ્રમાણે જે બોલવું એમાં કશું ખોટું નથી' વાત ખરી છે આપણી કોરટ કચેરીઓમાં ફરિયાદીઓ ને સાક્ષીપુરાવાઓ, વાદીઓ ને પ્રતિવાદીઓ કાયરતે ભાવે નાખીને કે ખુદાની હાજર નાજર ગણી! એનું જૂઠ દીવે રાખે છે કે ઇશ્વર યા ખુદા તો ન્યાય-કચેરીના કમ્પાઉન્ડમાં પગ મુકીને જોવાની પણ હિંમત કરી શકતો નથી

●

પોઠ

હાકનાર

રે વણજારો

આપણે તો ઘણુ ય ઇચ્છીએ કે ચૂપજ રહીએ પરતુ એવુ શક્ય ક્યા છે? તસ્વીરો પણ બોલે કે એથી આ દુન્યામા રહીને બોલ્યા સિવાય ચૂપ રહેવુ એ અતિ વિકટ કાર્ય છે "ન બોલવામા નવ ગુણ છે" એવી કહેવત છે ખરી પરતુ સાથે સાથે "બોલે તેના બોર વેચાય" એવી કહેવત પણ છેને? જો કે બોર વેચવા માટે બોલવુજ પડે એ કઈ જરૂરી નથી બોર સારા હોય અને વેચનાર સુદર હોય તો વગર બોલે પણ તે વેચાતા જાય છે આમ છતાય બોલવુ તો પડેજ કે એ નિર્વિવાદ છે કોઈને કોઈની સાથે કોઈ કોઈ રીતે આપણુ બોલવુજ પડે છે આપણે ચાહીએ તો પણુ અને ન ચાહીએ તો પણુ

'બોલવુ પડે' એનો અર્થ 'ઝઘડવુ પડે' એનો પણુ થાય છે પણ તેથી ઝઘડવા સારુજ બોલવુ પડે છે એમ નથી ઝઘડો ન થાય તે માટે મૌન સાચવુ જરૂરી થઇ પડે કે કેટલાક માણસો વિચાર્યા વિનાજ બોલે છે અને કેટલાક માણસો વિચારીનેજ નથી બોલતા બલ્કે બોલ્યા વિનાજ વિચારે છે આ વિશ્વમા જ્યા સુધી 'મડુ બોલકણા' ને હોશિયાર ગણવાની રીત નાબુદ નહિ થાય ત્યા સુધી મૌન રહેવા કરતા બોલવાને ઉત્તમ લેખાતુ રહેવાનુ છે આજે તો મોટો કહેનારો મોટો છે, મિજાજ મોટુ છે, ફગેર વગેરે વાતો ન બોલનાર ઉપર બોલાય છે અને એ બધાનુ કારણુ હોય કે મન બોલ બોલવુ યા ચૂપ રહેવુ વધુ પડતુ ભયકારને પોતાના બોલેના બોલો જેટલુ સહન કરવુ પડે છે તેટલુ ચૂપ રહેનારને સહન કરવુ પડતુ નથી એમ નથી ચૂપ રહેનાર તો કેટલીક વાર વિનાવાકે દોષિત ઠરી જાય છે કોઇ માણસ તમારી જોઇને તમારી સાથે અથડાય અને તમે ગાજો સાથ સજ્જ ! હાથ તેમ પણુ જેવા સારી રીતે ચૂપ રહેવુ એનો અર્થ ઠપકો દેવુ એવો થાય છે, અને એકાદ વેળા એવુ આપમા તમે ગણી પણ જાવ પરતુ એ આપમાન વારંવાર થાય ત્યા તમે ગુપ્તાવતાર ધારણ કરો એ આ કળિયુગમા તો કાયરપણજ લખાશે મુગે મોઢે એમ સહન કરવુ એ ધિક્કાર પાત્ર છે ચૂપ રહીને ચલાવી લેવુ એવે ટાણે દોષિત ઠરવા બરાબર છે આજની કાલે એ ચૂપકીદી બદલ લોકો ધન્યવાદ નહિ આપે પરતુ હાસી કરશે

ભાનસાથી વાત વરગે એવા ભયથી ન બોલવુ એપણ સાચવાપણુ છે બનવા જોગ છે બોલવાથીજ વાત વણસી અટકી જાય! ચૂપ રહી મગેમાર ખડવા ખના કરતા 'તડ ને ફડ' બોલવુ શુ ખોટુ?

વાતને જાણ્યા સિવાય અને વાતની મતલબ પામ્યા સિવાય વચમા બોલી પડનાર વ્યક્તિ બહુ અટપટી પરિસ્થિતિ ઉભી કરે કે એરનજ નહિ તે ચૂપ રહેનારાઓને પણુ બોલવા માટે લાચાર બનાવી મૂકે છે ટ્રેનમા એક વેળા એક હિન્દુ મિત્ર ઇતિહાસની વાતો કરી રહ્યા હતા "અકબર બાદશાહ ઘણો ન્યાયી હતો પરતુ એનો બાપ જહાગીરનુ વર્તન ઠીક ન હતુ" એવી વાત ચાલતી હતી એ સાભળી હુ તો ચૂપજ હતો પરતુ નવા સ્ટેશનથી એક મુન્શી મોહેમ લાગતા મીયાભાઈ આવ્યા નવા પધાર્યા ટ્રેન ઉપડી અને વાત પણુ ઉપડી પેલા ઇતિહાસવેત્તા (?) હિન્દુભાઇએ ફરીને અકબરને જહાગીરનો દીકરો કહ્યો એ સાભળી પેલા મીયાભાઈ બોલ્યા અકબર ઔર જહા

ગીગળી વાત હો તેમ મુદરે તું તેરે ગાળીરી ગો. આ માનવી પેતા હિન્દુ બિન પણ જન ગાંગ થતા અને નહિ કહેવાનાજ ત્યાં માટે મગનિયાન મોનું પડ્યું. એમને એમની ભૂલ સમજાઇ અને ખાન ત્યારીજ ગાળી વાત આગળી ન હોત તો શું થાત એ દરેક જાણુ સમજી શકે છે.

કેટલાકોને બોલવાની એટલી બધી ખુજલી હોય છે કે તેઓ દરેક વાતમા ચપકો મારે છે ગમે ત્યાં ઉભા થઇને ભચડવા યા બકવાના માટે જ યાન માગતા નહિ તેની પરવા કર્યા સિવાય રેડીઓની પેઠે બકતા રહે છે અને એમાજ પોતાની આવડત બતાવી દેખે છે બોલવા અને સાંભળવાની ખુજલી કહેવાય શાની રોમા પણ ભારે હોય છે હોટલના ખુણામા ટ્રેનના ડબ્બામા સીનેમાના થીએટરમા અરે જ્યાં નજરે ત્યાં એ હઝરત મહાનભ આરંભ કરીને આરંભ કરે છે અને નાગર પર ગેબર સભાના ચાલ્યા જાય છે તેમની જીભને થાક લાગતો નથી.

આ બધું છતાં ચૂપ રહેનાર તો નહિ જ ગુઓનું મોનનાજ અને બધપુરતું માનનાર રીતે દેખાય છે તે મોંભા ભારી શક છે બસ નાખનાર કુગ્રાં નું બબડતુ મોનતાર તો વિશ્વાસ રહે છે કુદરત મન મે આ મ એક આપી સમજ માનગો નું અને મોટો ઓષ્ઠ કે તે બાપ સમે અને મો એકજ બનાવ્યુ છે સમજ કે બમણ સુણે તે પછી એકાણ મોતા ગાથતા જોડું ગાતા તેની સમાજ પાસનમા આમ ત્યાં તો નાકા ચુપ રહી શકે નહી તોડું સમજું પણ તેમને પાતરે ગમ નથી તેઓ ચુપ રહેવાને મોનવામાથી બોલવાની કરશે અને પછી એક ખાણે ચૂપ રહેશે

\+ \+ \+


આગળ વધતા માંડવ ત્યાં પગે અટવા આવી લથડીનું ખાડો પડતા હિ તારીમ હતા ત્યાં કાકડી નીકળી પડી એ માંડી કરવા ગયા ત્યાં પાણી નીકળી ગઇ અને પ લીને સભાગતામા પડયા ત્યાં સાવડી તો પડી ગઇ લોકોએ હસવા માંડયું છતા કંઇ નથી માની પાવરી પડી હતી ત્યાર પ નાખ્યું આમતેમ જોતું તો વ ડું ન તેમ ઘટે ત્યાં મેસી જવાયું પગ હને શું થાય સંકોચ થવા લાગ્યો તેને સારી પર હાથ ફેર કર્યો થઓલી રાખી ના માટન માર પર હાથ ફેરવી જોયો અને ગાલ પરથી હાથ હઠાવ્યો ત્યાં મોઢા પર મહો દુરસ્ત હાથ ફરી ત્યાં નાકની વાટી માટી એવામાં ગોદ ઉંક આવી જેથી આ બધું જોઇ મિત્ર મોઢા પર ડાઘનો નકશો ચીતરી માર્યો પ ગણ ઉંચુ કરી નાક સાફ કરવા લાગ્યા ગેલણ ઠેકાને જોવા લાગ્યા મો બનસ્યું અને સાથ પગ ના ચાળા મચાવ્યા કાનના આગળ થી હવાવી અને ખીસ્સામાંથી રૂમાલ કાઢી રાજના માંડયા ગીતી વાતમા હોય હતા એટલે સીધી પાછા ઉભા થઇ ગયા અદકસ બેસી નીચી પાછા પગાર નામી તો વધુ સાંભળી તો તેનાથી નરસાક બની ગઇ વાડી બાજુમાંથી મેની ખાળીનો વો આ પાસ ર પર ચાલ ખામોસીવા ની નાયા રમણી રહી ગઇ અને મોનસા જ મોભાતી ચાહનો રેલા રહીને નાગની ની વડવા લાગ્યો એને ડીવ ર વા જતા બાજ બચાનેને મુક નીમા સુધી ગીરી પાન મ અને મોરવા ઉભા થવા માના પિગ તોડનું નામજ બની ગયા વારવાર ભાગમા પડ ગયા ના નામ એમનું ? ગેબર પ

(અનુસંધાન ગરિજ ઉનુ)



ખોલવડનો અનોખો મુશાયરો

અને તા ૩૧-૫-૭૪ના રોજ ખૂબ છાપાને ચગડોળે ચઢેલો ખોલવડનો મુશાયરો એ ગુજરાત જનાબ 'અમર' સાબેરી એમ એ બી ટી ના પ્રમુખપદે સફળતાથી પાર ઉતર્યો છે એ મુશાયરાને અનોખો નામ આપવાનું પ્રયોજન એ છે કે એને ખૂબ ડખોળાએના વાતાવરણ વચ્ચેથી પસાર થવું પડ્યું હતું જો 'અમર' જેવા હરેક વિદ્વાન અને અનુભવી શાણા પ્રમુખ તરીકે ન હોત તો મુશાયરાનું નાવ સહિસલામત કિનારે પહોંચવું મુશ્કેલ હતુ સુરતના એક 'હઝરતે' મુશાયરાની બાબતમાં 'વધુ પડતો રસ' લઈને તથા મુંબઈના એક પત્રકાર મિત્રે વધુ પડતી 'જવાબદારી' ઉઠાવી લઈને મુશાયરાનું વાતાવરણ ડહોળી નાખ્યું હતું, પણ છેક છેલ્લી ઘડીએ 'અમર', 'સીરતી' અને 'સાબુજ'ની મહેનત બર આવી, અને પહેલેથી છેલ્લે સુધી મુશાયરાને સફળ બનાવવા મહાગુજરાત ગઝલ મંડળના પ્રમુખ જનાબ 'એકાર' સાહેબે સહકાર આપ્યો બાકી વિરોધીઓએ તો ચોખ્ખા ઘડામાં પુન કાદવ ભેળવવાનો આદિથી અંત સુધી પ્રયત્ન કર્યોજ હતો' પણ એ પ્રયત્નોનો બાડો અંતે ફૂટી ગયો અને પ્રમુખ સ્થાનેથી એવું ઐતિહાસિક ભાષણ રજુ થયું કે તેણે રદન અને કથીરની, ઘઉં અને કાંકરાની, ગુજરાતના સમજણ પાડી દીધી પ્રમુખના અજોડ અને અપૂર્વ ભાષણમાં કે જે 'એવડી મોજ'; 'મિનાક્ષ 'આરામ' વગેરે ... પ્રગટ થઈ ... અલાવે અત્રે પ્રગટ કર્યું નથી પણ અત્રે એક તંત્રી ... જનાબ 'અમર' સાહેબને અભિનંદન આપીએ છીએ કે ગુજરાતી મુશાયરાના ઇતિહાસમાં આમનું ભાષણ અમર રહેશે ... કે ગુજરાત એમની પાસેથી ગઝલના વિષય ઉપર પણ એકાદ એકાદ બીજા ભાષણની આશા રાખે તો તે અસ્થાને નહિ જ ગણાય અમે ફરીથી ખોલવડ ઉમખાનાના આશ્રય હેઠળ, મહાગુજરાત ગઝલ મંડળના સહકારથી સફળ થએલા એ મુશાયરાના સફળ સંચાલન બદલ જનાબ 'અમર' સાહેબને મુબારકબાદી પેશ કરીએ છીએ અને સાથ સાથે 'સીરતી' અને 'સાબુજ'ને પણ અભિનંદન પાઠવીએ છીએ



—તંત્રી

મહાગુજરાતની મુશાયરા પ્રવૃત્તિનું ખાસ પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા મહાગુજરાત ગઝલ મંડળના સહકારથી જનાબ 'અસર' સાહબના પ્રમુખસ્થાને જે મુશાયરો ખોલવડ ખાતે યોજાયો હતો તેમા સુરત, પાજોદ જેતપુર ભાવનગર ભરૂચ રાજપીપળા, વટવા, રાંદેર કઠોર, ડભોઈ નવસારી, બીલીમોરા, સખેડા, વડોદરા, મુંબઈ વગેરે અનેક સ્થળેથી ગઝલકારો મહાગુજરાત ગઝલ મંડળના સહકારને દીપાવવા આવ્યા હતા મુશાયરામા નીચે પ્રમાણે બે પંક્તિઓ અપાઈ હતી, પણ સમયની તંગીને લીધે ગમે તે એક પંક્તિ પર ગઝલ રજુ કરવાનું પ્રમુખ સાહબ તરફથી ફરમાન થયુ હતુ અત્રે જે હાથ લાગી તે ગઝલોના મત્લા તથા મક્તા રજુ કરવામા આવ્યા છે

[સંપાદક—'તાજ'

(૧) 'દિલમા હતા ઉમંગો સાગર તરી જવાના'

ના હિંદીઓ કદી પણ કરથી ડરી જવાના
લાખો હશે ભલેને તોયે ભરી જવાના
'ચમકાર' જીવ જગમા નિસ્વાર્થ જો જીવનને
ધરતા તો શુ પરાયા ના વિસ્મરી જવાના

* *

બોલીને વારે વાર તેઓ ફરી જવાના
વાતોમા આવી આવી લાખો મરી જવાના
તે પારથી ઓ 'સાબિર' સંદેશ કો ન લાવ્યુ
દિલમા હતા ઉમંગો સાગર તરી જવાના

* *

નયનોથી તીર છોડી એ તો ફરી જવાના
એ તીર મુજ હૃદયની શક્તિ હરી જવાના
ઝુલ્મો તુ દિલ ભરીને વરસાવ ઝિંદગી ભર,
એ હરકતોથી 'મુસા'ના કૈં ડરી જવાના

* *

ઉપવન મહીં જે ખીલે આખર ખરી જવાના,
દિલમા છે આજ કાલે દિલથી સરી જવાના
'કાસિદ' કદમને ચુમુ એકવાર બતાવી દે
તે આવશે ફરીને ? કે આવી ફરી જવાના

* *

જાગ્યા છે કોડ મુજને કંઈ કંઈ કરી જવાના
અમ્મર થવાને કાજે ઝટપટ મરી જવાના

—'ચાંદ' રંગરેઝ

* *

ધરતીનુ ધૈર્ય તુ છે, શુરાનુ શૌર્ય તુ છે
હુ મા તુ હિં તુ હિં છે તુ મા હરી જવાના
નજરે । 'પ્યાર' પેખે ધંધાની હાડમારી
ધીમ્તા જણાય ધંધા ખીસા ભરી જવાના

* *

રાંધી ફળીને ખીચડી ખાવા નહીં મળે તો
શુ ખાક શાયરી પણ શાયેર કરી જવાના ?
નાહક ધમંડ કરો છો હો 'શાદ છો તમો પણ
લાખો મરી ગયા ને લાખો મરી જવાના

* *

રાચે જગત મહીં શુ અજ્ઞાન અંધ માનવ
આશા અને ઉમંગો તાગ ભરી જવાના
આ કાળ અંતરોને કાપી શકે ન કોઇ
'ઇંદુ' બધાજ સપના તંગ સરી જવાના

* *

તારા હશે વિચારો । જો છેતરી જવાના
તો તો અમેય અગ્રુ કંઈ વેતરી જવાના
જીવે છે મ, 'ગની' તુ, તુજને ખુદા જીવાડે
દુશ્મન જુવે છે સ્વપ્ના તાગ ભરી જવાના

* *

એના મનુષ્યો પણ છે, શયતાનના અનુરા
બાકી રહ્યા જે કામો પુરા કરી જવાના
દિલની 'મઝાક' લીધને, દિલમા મઝાક રેહશે
દિલમા મઝાક રહીને સાગર તરી જવાના

* *

તીરો કમાનમાથી જો સરસરી જવાના,
દુશ્મનના કાળજાઓ પણ થરથરી જવાના
ટાળે ટળેના ક્યાંથી 'ભાવી 'ચિરાગ' લેખો,
જેવુ કર્યું છે તેવુ ભાતુ ભરી જવાના

* *

નીલ રંગ મધુર સ્વપ્નો આંખર મરી જવાના,
ખીલ થતાય તારા પળમા ખરી જવાના
ખોરાક છે હવાનો જીવન મહીં 'રમણ'ને,
દિલમા ધરે ઉમંગો સાગર તરી જવાના?

* *

આમન્ત્રણો તો આવ્યા ને જાનમા ગયા પણ,
જમવાને બદલે ચાટી કકોતરી જવાના
ઓફિસના કામથી જો ફુરસદ મળે કદી તો,
માશુક કેરા ઘરનુ પાણી ભરી જવાના

—'હુડમત' ઓઝા

* *

મન મસ્ત થઇ જીવન આ, પૂરૂ કરી જવાના,
બિંદુ બન્યાં ડુબીને સિંધુ તરી જવાના
'ઘાયલ' તુ આવવા દે, શત્રુ ચડી જો આવે,
ક્યારે જીવ્યા 'હતા' કે હિંદી મરી જવાના

* *

જો હોય કોઇ દિલના સેવા કરી જવાના,
પ્રસ્તાવ ઉન્મા અરમા પહેલા મરી જવાના
'મૂસા'ની આ ગઝલને ગાયન રખે સમજતા,
જાણો છે, તારા દિલને ઘાયલ કરી જવાના

* *

યૌવન ને રૂપ કેરા, છે ગર્વ જે તમોને,
રહેશે નહિ સદાએ પૂર ઓસરી જવાના

—'આઝાદ'

* *

મસ્તી નિહાળી દુન્યા પાગલ કહે છતા પણ,
સુણતાજ આહ મારી લોકો ડરી જવાના
'બેબસ' મળી ન મુજને દુન્યામા પ્રેમ કીસ્તી,
દિલમા હતા ઉમંગો સાગર તરી જવાના

\+ \+

નેકી બદી બે શબ્દો છે આંખરી જવાના,
આવ્યાથી બધ મુકી' ખાલી કરી 'જવાના
'યુસુફ' તમોને વિનવે એ ફાયદાઓ કાળા,
છોડો અમીરો રંકો જીવતા મરી જવાના

\+ \+

પ્યારૂ મને છે બધન, 'બધન જે પ્યારનુ છે,
'બધન અમર કરીને મુક્તિ વરી જવાના

—'નઇમ'

\+ \+

ઉપવન છે આ કુદરતનુ ના ગીમનો ગીમાડો,
કે હરતા ફરતા ઢોરો આવી ચરી જવાના
મુદ્દતથી છે ફસાયા દુઃખ સમુદ્ર અંદર,
ક્યારે 'વફા' ન જાણે પાર ઉતરી જવાના

\+ \+

તોફાનમા છે નૌકા ને દૂર છે કિનારો,
કહેમા પડી નથીનો સાગર તરી જવાના

—'દિદાત'

\+ \+

ઉજડ્યો ચમન ખુશીનો ફુલો ખરી જવાના,
આ જિંદગીના સ્વપ્ના એમજ સરી જવાના

—'અમી'

\+ \+

કાયમ નથી જવાની, જવાની તો જવાની,
આજે ખીલેલ પુષ્પો કાલે ખરી જવાના

—'ભાનુ'

\+ \+

એ આજ આવી ઘરને પાવન કરી જવાના,
ઓ ! વિરહ રાત તારા દિવસ ફરી જવાના
પેદા થઈ દુઆમા પણ ગર્વની સદાઓ,
આવ્યા 'અસર' તમારા દિવસ ભરી જવાના

\+ \+

ચમકાર વીજળીના, ઝાઝા નથી ચમકતા,
તારા જે આજ ચમકયા, કાલે ખરી જવાના
ખેડુત ખેડ ખેડી મહેનત કરી પકાવે,
પરદેશના પરોણા જાફત કરી જવાના,

—ગજેન્દ્ર

\+ \+

ખેતરને ફિદના જો ગોરા ચરી જવાના,
તો છડીયાના ખચ્ચર ભૂખે મરી જવાના
ડોળા ભને પડી રે' 'બેકાર' આ જગતમાં
ઝવમાનીઓ તો સ્વર્ગે બસ સચરી જવાના

\+ +

મતલુસ છે એ ધંધો કરજો ન કોઈ યારો,
કરશે જે શાએરી તે ભૂખે મરી જવાના
—'તાજ' ગદેર

(૨) 'મને આજ પાછી કઝા યાદ આવી'

●

કરો તાર જલદી મશીહાના ઉપર,
મને આજ પાછી કઝા યાદ આવી
—'તૂફાન'

\+ +

ખતા જ્યારે મારી ખુદા યાદ આવી,
અજલ વાદળી શી ક્ષમા યાદ આવી
ખુદા તોબા ટ્રેનોની એ હાડમારી,
કે ઘર યાદ આવ્યું ન બા યાદ આવી
'સાગર'

\+ +

ઘટા જ્યાં નિહાળી સુરા યાદ આવી,
જીવનને જીવનની મઝા યાદ આવી
તમારા નયનમાં નિહાળું છું આસુ.
શું કો' ભગ્ન દિલની કથા યાદ આવી?
—'સીરતી'

\+ +

મરણને જિવનની મઝા યાદ આવી
જફા યાદ આવી વફા યાદ આવી
'હુઝી આજ દિલમાં ઉઠે છે તરંગો,
પ્રણયની વિરહ કા અદા યાદ આવી

\+ +

ન કળયુગમાં તીરના યાદ આવી
ફક્ત નાચવાની કળા યાદ આવી
સનેપાતમાં જેમ બબડાયો 'આમી'
પરીઓની એને દયા યાદ આવી

ન તમને અમારી જરા યાદ આવી
અહીં તો તમારી સદા યાદ આવી,
ઓ ઝાલિમ તને જો દી' 'મઝલુમ'ની પણ
સહનશીલતા, નમ્રતા યાદ આવી?

\+ +

જરા યાદની યાદ શક્તિ તો જુઓ
કે એ યાદ કીધા વિના યાદ આવી
—'નસીમ' ઉમેદગ

\+ +

ઝમાનાની જ્યાં આપદા યાદ આવી
મને ભૂલવા ગમ સુરા યાદ આવી
'અમીન' એમ કહેતો હતો હું અમર છું,
મને આજ એની કઝા યાદ આવી

\+ +

પરાધીનતાની વ્યથા યાદ આવી!
ગુલામોને સ્વતંત્રતા યાદ આવી!
રહી ગઈ ફક્ત એમની યાદ 'આશિક'
મધુ એ ભુલાવી ગયા યાદ આવી

\+ +

જીવન ભર મિલન ગતની યાદમાંથી
મને એની અસ્પૃશ્યતા યાદ આવી
મરીને બિચારો છુટ્યો આજ 'આશિક'
કઝાનેય એની વફા યાદ આવી

\+ +

મહાગુજરાત ગઝલ મંડળ સુરત

વાર્ષિક ફી સભાસદ રૂ ૨૦, ઉત્તેજક રૂ ૧૦, સામાન્ય રૂ ૩

બહારગામથી સભાસદ થનાર ગઝલના મધુઓએ નાણાં ખજાનચીના નામે મોકલવા મહેરબાની કરવી
—'તાજ'
મંત્રી

દીદારે રસૂલ (સ૦અ૦)

[સર્વ હક સંપાદકને સ્વાધિન છે]

દરૂદ શરીફ અમલ્યાત તરીકે

(૧) દરેક કામ શરૂ કરવા પહેલા – બિસ્મિલ્લાહ હિર્રહમાનિર્રહીમ વ સલ્લ-લ્લાહો અલા સૈયદેના મોહમ્મદીન. પઢવાથી તે કામમા ખુદાપાક બરકત આપશે તેમજ તે કામ આસાનીથી થઇ જશે

(૨) જ્યારે પણ કોઇ મેહફિલ-મજલિસ વગેરેમા જવુ થાય ત્યારે નંબર ૧ મુજબ પઢવુ અગર બિસ્મિલ્લાહ પછી કોઇ પણ દરૂદશરીફ પઢવુ અને જ્યારે મેહફિલ-મજલિસ બરખાસ્ત થાય ત્યારે માત્ર દરૂદ શરીફ પઢવુ એ મુજબ કરવાથી ખુદાપાક એક ફરિશ્તાને મુકર્રર કરે છે જે ફિરસ્તો બધા માણસોને ગીબત કરવાથી તેમજ બીજા બુરા કામોથી બચાવશે

(૩) દરૂદે ઇબ્રાહીમ (રિવાયત નં ૬ મો લખેલ)—દીનો દુન્યાના દરેકે દરેક (શરીઅત મુજબ હલાલ) કામો માટે, દરેકે દરેક મુશ્કિલ આસાન થવા, ધંધા રોજગારમા બરકત થવા, રિઝક-રોઝીમા વધારો થવા, ખુદાપાકથી દસ્તે ગૈબથી મદદ મેળવવા, દુશ્મનો પર ગાલિબ થવા, મુકદ્દમામા ફતેહયાબ થવા, કૈદમાથી છુટા થવા, વગેરે વગેરે દરેક કામ માટે તેમજ દરેકે દરેક હાજત માટે અકસીર છે પઢનારે પોતાના નામના અ-દ-દ કાઢી દરરોજ કોઈ નક્કી કરેલ પાક સાફ જગ્યાએ અને નક્કી કરેલ વખતે બાવઝૂ કિબ્લારૂખ બેસી પઢવુ પઢતી વખત લોબાન અથવા અગરબત્તી ચાલુ રાખવી તેમજ પઢવા પહેલા બે રકઅત નફિલ પઢી તેનો સવાબ હુઝૂર (સ૦અ૦) તથા આપ (સ૦અ૦) ની આલ ઔલાદ અને હઝરત ઇબ્રાહીમ (અ સ) તથા તેમ (અ સ) ની આલ ઔલાદને બખ્શી દઈ મજકૂર અમલ શરૂ કરવો એ મુજબ કામ પૂરૂ થાય તેટલા દિવસ અગર ૪૦ દિવસ પઢવુ ઈ અ કામ પૂરૂ થશે અથવા તો ખુદાપાક તેનો કોઈ સારો બદલો બને જહાનમા આપશે

(૪) દરૂદે તુનજ્જીના (રિવાયત નં ૧૧મા લખેલ) ઉપર લખ્યા મુજબ અને રીતે પઢવાથી મજકુર દરેક દરેક કામ માટે એ પણ અકસીર છે એના નમઝનો સવાબ માત્ર હુઝૂર (સ૦અ૦)ને અને આપ (સ૦અ૦)ની આલ ઔલાદ અને પોતાના પીર મુર્શિદ હોય તો તેઓ અને જે ખાનદાનમા મુરીદ હોય તેના બધા બુઝુર્ગોને બખ્શવો

(૫) અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બે હક્કે ઇસ્તહક્કા સનાઅ વલા મઆકા એલાહુન ઓઆ નકા અના ખલ્કેના વલા મઆકા ગયરો ફહુલ્કો ફી રોબીય્યેકા અન્તા ગયરોના કમા નહ્નો ન ફૌકા માયન્નુલ ફાએલુના અગ્અનોન અન તેમત્ત્રી અલા મોહમ્મદીન વ અતોરેયની બરાઅતી

આ દરૂદ શરીફનો અમલ પણ નં ૩-૪ મુજબના દરેકે દરેક કામ માટે તેમા લખેલ રીત મુજબ થાય છે

(૬) અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદે નિલ્લબીય્યીલ ઉમ્મીયે કમા અમર્તના

અનનોગફ્ફી અંવહે, વ સલ્લે અલા મોહમ્મદે નિન્નબીય્યે કમા યમ્ગગીલના અય્યો સલ્લા અંલહે, વ મલ્લે અલા મોહમ્મદે નિન્નબીય્યે બેઅ-દ-દે મન્સલ્રા અવેહે, વ સલ્લે અલા મોહમ્મદે નિન્ન બીય્યે બેઅ-દ-દે મલ્લમ યોમલ્લે અંવહે, વ મલ્લે અલા મોહમ્મદે નિન્નબીય્યે કમા યોમલ્લા અંલહે

મઝકૂર દરૂદ શરીફ ખ્મરતથી પઢવાથી દરેક નેક કામ-દરેક અમન અને દુઆ ખુદા પાક બહુ જલ્દી કબૂલ કરે છે દરેક આફત-બલા-મુસીબત વગેરેથી ખુદાપાક બહુ જલ્દી ડોકવી એવી ચીજોથી બચાવના ભેખે છે ચોર, ઠગ, બુરા માણસો વગેરેથી ખુદાપાક બચાવે છે દિલની દરેકે દરેક ઉમ્મી અને દરેકે દરેક હાજત ખુદાપાક બહુ જલ્દી પૂરી કરે છે, એ ઉપરાંત બીજા અનેક ફાયદાઓ ખુદાપાક તરફથી મળે છે અને અમુક અમુક બુઝુર્ગોને દીન (રેહ)ના કહેવા મુજબ હુઝૂર (સલ)ના દીદાર નસીબ થાય છે

(૭) અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદે નિન્ન બીય્યીલ ઉમ્મીય્યીત્તાહેરિ ઝઝકીય્યી સલા તય્યો હલ્લો બેહલ અકદ્દો વ યાફ્ફો બેહલ કબ્રો સલાતન તકુનો લકા રિદવ વલે હક્કેહી અદાઅન વ અલા આલેહી વ સહબેહી વ બારેક વ મલ્લમ

મઝકૂર દરૂદ શરીફ માટે હઝરત મહબૂબે સુબ્હાની સૈયદ અબ્દુલકાદિર જીલાની (રદ) ફરમાવે છે કે-એને હમેશા ખ્સરતથી પઢવાથી હુઝૂર (સલ)ના જે બેશુમાર અને મહાન એહસાનો આપણી ઉપર છે તેનો બદલો આ દરૂદ શરીફ થઈ જાય છે એ ઉપરાંત પઢનારનું દિલ રોશન થઈ તેમાં ખુદાપાકનું નૂર પેદા થાય છે, રોજીનો કુશાદ થાય છે, તેની દરેકે દરેક હાજત અને ઉમ્મીદો ખુદાપાક પૂરી કરે છે તેના કોઈનો મોહતાજ કરશે નહીં, તેના દરેક રંજો ગમ ફિકર વગેરે ખુદાપાક દૂર કરી હમેશા ખુશીમાં રાખશે અને એ ઉપરાંત અનેક ફાયદાઓ મળશે જે અમલ કરવાથી જ અનુભવ જાહેર થતા રહેશે

(૮) અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદીન ફિલ અવ્વલીના વ સલ્લે અલા મોહમ્મદીન ફિલ આખેરીના વ સલ્લે અલા મોહમ્મદીન ફિન્નબીય્યીના, વ સલ્લે અલા મોહમ્મદીન ફિલ મુર્સલીના, વ સલ્લે અલા મોહમ્મદીન ફિલ મલઅલ આલા એલા યોમિદ્દીન અલ્લાહુમ્મા આઅતે મોહમ્મદેનિલ વસીલતા વલ ફઝીલતા વશ્શરફા વદદરજાતર રફીઅતા વબ્અસ્હો મકામમ મહમૂ I અલ્લાહુમ્મા આમન્તો બે મોહમ્મદીન વલમ અ-રહુ ફલા તહરેમની ફિલ હયાતે રૂઅ્યતહુ વર્ઝુકની સોહબતહુ વ તવફફની અલા મિલ્લતેહી વસ્કની મિન હોદેહી મશરબન મરીઅન સાફેઅન હનીઅન લા અઝમઓ બઅદહૂ અબદન ઇન્નકા અલા કુલ્લે શયઇન કદીર અલ્લાહુમ્મા બલ્લેગ રૂહા મોહમ્મદીન વ આલેહી મિન્ના તહીય્યતન વ સલામા. અલ્લાહુમ્મા કમા આમન્તોબેહી વલમ અ-ર-હુ ફલા તહરેમની ફિલ જન્નતે રૂઅ્યતહુ (અપૂર્ણ)



મૌલાના અહમદ અશરફ રાદેરી

સવાલ —કબ્રસ્તાનમા જનાઝો લઇ જતી વેળા, જનાઝાના માથવાળા લોકો દુન્યવી વાત ચીત ન કરે એટલા માટે કલેમએ તૈયબા ધીમે પઢવુ અફઝલ કે પુકારીને પઢવુ ? કેટલીક જગાએ એવો રિવાજ છે કે જનાઝા આગળ પુકારી કલેમા શરીફ પઢવામા આવે છે એ વિષે શુ હુકમ છે?

જવાબ —જનાઝા સાથે આગળ ચાલી કલેમએ તૈયબા જોર જોરથી પઢવુ મકરૂહ અને રિવાજી ચીજ છે કલેમએ તૈયબા જનાઝા સાથે જનાર લોકો ધીમે ધીમે પઢે એજ અફઝલ અને મુસ્તહબ છે કુર્આન શરીફમા અલ્લાહ પાક ફરમાવે છે કે, "તમારા પરવરદિગારની યાદ તઝરરૂ દિલમા આજીઝી અને ધીમી અવજે કરો, અને એજ મુજબ ફિકહ હનફીની માતેબર કિતાબ દુર્રે મુખ્તાર તથા મેઅતા મસાઇલમા છે

સવાલ —અહિંઆ એક ફિરકો છે જેઓ કલેમએ તૈયબા "લાઇલાહ ઇલ્લાહ મોહમ્મદ યા રસુલલ્લાહ" પઢે છે અને સહી કલેમો પઢનાર પર ટીકા કરે છે માટે સહી હદીસોથી શુ સાબિત છે? અને ગલત પઢનાર ગુન્હેગાર થશે કે કેમ, અને તેઓની ઔરતો નિકાહમા રહેશે કે કેમ?

જવાબ —કલેમએ તૈયબા સહી હદીસો તેમ ફિકહ હનફીની માતેબર કિતાબોમા આ મુજબ છે "લાઇલાહ ઇલ્લલ્લાહ મોહમ્મદુર્રસૂલ લાહ "સવાલમા દર્શાવેલ મુજબ ન પઢવુ જોઇએ જાણીબુઝીને ગલત પઢશે તો સખ્ત ગુન્હેગાર થશે એથી ઔરત નિકાહમાથી નીકળી જતી નથી પરતુ ઉપર લખ્યા મુજબ કલેમા તૈયબા સહીહ રીતે યાદ કરી પઢવુ જોઇએ સહી પઢનાર પર ટીકા કરવી જહાલત અને ગુન્હાનુ કામ છે

સવાલ —અલ્લાહ પાક સિવાય બીજા કોઇને હર જગાએ હાજર નાઝર સમજવુ કેમ છે?

જવાબ —અલ્લાહતઆલા હર જગ્યાએ હાજર નાઝર રહે છે બદાઓની છુપી અને છુપી બધી વાતોથી વાકેફગાર છે ખુદાપાક સિવાય બીજા કોઇને હાજર નાઝર રહેવાની શક્તિ નથી, તેમજ એવો ખોટો અકીદો પણ ન રાખવો જોઇએ સરહે ફિકહે અકબર, મુલ્લા અલી કારી તથા શાહ ઇસ્હાક સાહેબની મેઅતા મસાઇલમા એવીજ રીતે મોજૂદ છે, કે રસુલલ્લાહને હાજરનાઝર ન સમજવુ જોઇએ, ભલે તે નબી હોય કે વલી હોય

સવાલ —અત્રે એવો રિવાજ છે કે જ્યારે દુલ્હો નિકાહ માટે સસરાના ઘરે આવે છે તો ઘરમા દાખલ થવા પહેલા ઔરતના સગાસ્નેહી માથી કોઈ ઔરત દુલ્હાના આવવા પર બે પગ્ગ થઈ મરઘો અથવા ચોખા નિસાર કરે છે અને દુલ્હાના માથા પર ફેરવી ફેકી દેવામા આવે છે એ કામ વિષે શુ હુકમ છે?

જવાબ —એવુ ધતીંગ કરવુ જાઇઝ નથી ચારે મઝહબમા એનો સબૂત નથી બેપરદા થવુ સખ્ત ગુનાહનુ કામ છે એથી અકીદો બગડે છે, એવા રસમ અને રિવાજથી બચવુ મુસલમાન માટે જરૂરી છે હા, કોઇને ખયરાત કરવી હોય અથવા ખુદાપાકનો શુક્રિયા અદા કરવો હોય તો એવા રિવાજ અને બેપરદગી વગર સાચી નિયત કરી કોઈ પણ સમયે શુક્રિયા અદા કરી શકે છે પરતુ સવાલમા દર્શાવેલ મુજબ કરવુ ન જોઇએ

સવાલ —દુલ્હાને ફૂલનો મેહરો નિકાહ વખતે બાધવામા આવે છે, તેમજ સોનાની સેહરાની મન્નત હોય છે અને દુલ્હનવાળાઓ એવી માનતાઓ માને છે એમ કરવુ જાઇઝ છે કે નહિ?

જવાબ —એવી માનત માનવી અને ફૂલનો મહેરો બાધવો જાઇઝ નથી કારણ કે એ કામ

શિર્કફિન આદત છે, અને હિંદુઓની મુશાબેહત થાય છે માટે એમ કરવુ સખત ગુનોહ છે હદીસ શરીફમા છે કે જે માણસ જે કૌમની મુશાબેહત કરશે, તેનો હશ્ર તેઓની સાથે થશે વળી સોનાનો સેહરો બાંધવો હરામ છે ફૂલનો હાર પહેરવો જાઇઝ છે, તેમજ ફૂલનો ગુલદસ્તો પકડી શકે છે એમા એ ઇસરાફ ન થવો જોઇએ કિમતી હાર તેમજ ગુલદસ્તા બનાવવા ઇસરાફ અને કરાહતથી ખાલી નથી અલ્લાહ પાક કુર્આન શરીફમા ફરમાવે છે કે 'ખચિત ઇસરાફ કરનારાઓને અલ્લાહ દોસ્ત ગખતો નથી' બીજી જગ્યાએ છે કે 'ઇસરાફ કરનારાઓ શૈતાનના ભાઇ છે માટે મુસલમાનોએ એવા રસ્મોરિવાજ તજી દઈ સાદગી અખત્યાર કરવી જોઇએ કારણ કે મઝહબી ઈસ્લામ આમાની અને સાદગી શીખવે છે તકલ્લુફ અને ઇસરાફ તેમજ રસ્મોરિવાજને મના કરે છે

સવાલ—નિકાહ વેળા ઇજાબ અને કબૂલના શબ્દો ત્રણ વાર દોહરાવવા શુ જરૂરી છે?

જવાબ—ઇજાબ અને કબૂલના શબ્દો ત્રણ વાર દોહરાવવા જરૂરી નથી, માત્ર એક વાર ઇજાબ અને કબૂલ કરાવવાથી નિકાહ [illegible] વગર બી કુલ સહી થઇ જાય છે

સવાલ—નિકાહ વેળા ઇજાબ અને કબૂલ કેના દસ્તો પાચે કલેમા અને ઇમાને મુફ્સલ ઇમાને મુજમલ અલ્લાહયાત દુઆએ કુનૂત પઢાવવુ જરૂરી છે?

જવાબ—મુસલમાનને એ સર્વે પઢાવવુ કાઇ જરૂરી નથી માત્ર ઇજાબ, કબુલ કરાવવુ જરૂરી છે અને બે ગવાહોનો હાજર હોવુ લાઝમી છે સવાલમા દર્શાવેલી હકીકત મહાનએ કિરામ અને આઇમ્મએ મુસ્તહેદીનના મુબારક સમયમા ન હતી એ તો માત્ર જાહીલ મુલ્લાઓએ રસ્મ જારી કરી છે ઇજાબ અને કબૂલ વગર નિકાહ દુરસ્ત થતા નથી, માટે ઇજાબ કબૂલ કરાવવુ જરૂરી છે

સવાલ—નિકાહ પઢવા જતી વેળા ગામમા જે બુઝર્ગનો મઝાર હોય છે ત્યા જઇ નારીયેળ ફોડવામા આવે છે અને એ રસ્મ અદા કર્યા વિના નિકાહ પઢાવવામા આવતા નથી એને એક જરૂરી વાત સમજે છે, એ વિષે શુ હુકમ છે?

જવાબ—બુઝર્ગોને દીનના મઝારો ઉપર જઇ સુન્નત તરીકા મુજબ ફાતેહા ખાની કરવી જાઇઝ છે એને કોઈ મના કરતુ નથી પરંતુ નિકાહ વેળાજ જવુ જરૂરી સમજવુ ખોટી જહાલત છે કોઈ પણ વખતે જઈ ફાતેહા પઢી શકે છે પરંતુ બુઝર્ગોના મઝારને ચુમન કરવુ કે તવાફ કરવો અને બુઝર્ગની કબર ધોઈ પાણી પીવુ જાઇઝ નથી એથી મુસલમાનોનો અકીદો બગડે છે કોઇ પણ માગ વધી કે બુઝર્ગ અથવા માબાપના હાથને ચુમવુ જાઇઝ છે કબ્રને બોસો આપવો દુરસ્ત નથી તેમજ ખાનએ કાબા સિવાય બીજા કોઈની કબ્રનો તવાફ કરવો જાઇઝ નથી નારીયેળ ફોડવુ પણ દુરસ્ત નથી એમા હિંદુઓથી મળતાપણ થાય છે કાફિરો મૂર્તિઓ તથા બુતો પર નારીયેળ ચઢાવે છે જ્યારે અમો બુઝર્ગોની કબ્રો ઉપર આવો અમલ કરીએ તો બુતપરસ્તી અને અમારામા શુ ફર્ક બાકી રહે છે? સહીહ હદીસમા [illegible] કે હઝરતે (સ. અ.) ફરમાવ્યુ કે યા અલ્લાહ, મારી કબ્રને બુત બનાવશો મા કે લોકો તેની ઇબાદત કરે બીજી હદીસમા છે કે, યા અલ્લાહ મારી કબ્રને મેળાગાહ બનાવશો મા કે ધોમે [illegible] અથવા આજકાલના ચાલુ ઉર્સ મારફત મારી કબ્ર સાથે વર્તાવ કરે જ્યારે આપે (સ. અ.) પોતાની કબ્ર શરીફ સાથે આવુ વર્તન કરવાથી બેઝારી જાહેર કરી છે, તો બોગમા બોગ વલી કે બુઝર્ગની કબર સાથે આવા કૃત્યો કરવા કેવી રીતે જાઇઝ થઇ શકે? એ એક ખુલ્લી વાત છે અને બુઝર્ગોને દીન પણ એવા કામોથી નારાઝ અને નાખુશ છે

એક અમેરીકનના સહવાસમાં

લેખક "શાન્ત"

મિનેમાા મધ્યમ વર્ગની બની ખુરશીઓ સ્ત્રી પ્રેક્ષક ની ચીમર હતી પારસણો ને ઈરાની સ્ત્રીઓ વચ્ચે કાઈક મેઠક વિરે વારો પડેલ પછી તો શુ પુછવુ? સ્ત્રીઓનો ઝગડો! ખોજણો વોરીઓ ગુજરાતી બોનતી પજામી પોશાકમા વાગીયણો પણ હતી બેઠક માટે ઘણાય ઉભા હતા એક અજાણ્યા વિદેશી ગૃહસ્થ અમારી નજીક ઉભા હતા તેને જગ્યા રી આપી મને કહે આ શી બાબત છે? મે સમજમા કહ્યુ લડકીઓ માટે સહેજ આનદ માટે સ્ત્રીઓનુ એ કારસ્ત છે!

સીગાર—કેમ મારી તરફ ધરી શુદ્ધ અમેરીકન (U S A) બીડી હતી બાકસ-દીવાસળી પણ ત્યાની હતી મે કહ્યુ હુ નથી પીતો વાતચીત દરમ્યાન બહુ સરળ રીતે જણાયો ધર્મી ગાય। તથા વાર્તા તરફ સમજણ દર્શાવી કહે કે એ પ્રેમ પ્રસગ છે એમા એનો બાપ અતરાયરૂપ છે ખરુને?

વિશ્રામ સમયે અમોએ ચાહ લીધી તેણે ઠરી ચાહ માગી દેવી હોય તો ચાય ઝટ ગગગાવી ગયો રકાબી વાગી ત્યારે તેણે માત્ર બે ઘુટ પીધા હતા પણ ચાય પડતી મુકી એ લોકો પદર વીસ મીનીટ ચા પીતા લે છે

ફિલ્મ બાદ ફરવા ગયા તેણે કહ્યુ 'ઇન્ડીયાન પ્રથમ બદર તેણે જોયુ પણ લો। વિશ્રામ ન જણાયા એક માણસ મળ્યો

તે સહેજ અગ્રેજી જાણતો હતો મને Houses પાછળી ગલી તરફ લઈ જવા ઇચ્છતો હતો મેની ગદી આદતોથી હુ ન આવ્યો એ ઘા હાથે પગે ટાલીઓ હતી દવાખાનાને લાથી સાબુ વિગેરે અપાવી તેને મે રસ્તાના કરી દીધો 'It is no Good, you understand' (એ ઠીક નહિ સમજ્યા?) આ વાકય ટુકા ટુકા અતર તે ભાગ્યે કે બોલતો 'You have got to keep clean' દરેક જણે સ્વચ્છ ને સુઘડ રહેવુ જરૂરી છે સ્વચ્છતા સર્વત્ર આદર પામે છે કદાચ ભુખ્યા હશો તો જમવાનુ પણ મળી જાય નોકરી મળી જાય સારા મિત્રો પણ સાપડે હોટલમા ઉધાર ઓરડી મળે!

Cleanliness is next to Godliness સ્વચ્છતા અને ઈશ્વરપણુ નિકટ રહે છે

ધોળા અને કાળા વચ્ચે આ મુદ્દા પર અતરાય નડે છે પહેલો વર્ગ બીજો વર્ગ અને પછાત વર્ગ એમ લોકોના વર્ગ એ રીતે પડી જાય છે

રસ્તામા એક બે ભીખારી જોયા સરકાર શા માટે પ્રબધ નહિ કરતી હોય? મે કહ્યુ લગભગ સાઠ લાખથી વધુ આ દેશમા એમની ગણત્રી છે અમેરીકામા એમના માટે અલગ સ્થળ છે જ્યા ખાવા રહેવાની સગવડ છે રખડતા જણાય તો પોલીસ પકડીને ત્યા મૂકી આવે છે અહીં તો ફુટપાથ ઉપર સૂઈ રહે છે વરસાદ હોતાજ નથી!

ત્યાના ચલણની વિગત—સેન્ટ Cent, નીકલ Nickel=પાચ સેન્ટ, Dime ડાયમ—દશ સેન્ટ પા ડોલર, અરધો અને ડોલર ડોલર £=આપણા રૂા સવા ત્રણ આનરે થાય

હજામત—દશ સેન્ટ, હાનમા પદર હશે

ચાય—નીકલ

નાટક સિનેમા=૨૫ સેન્ટથી ત્રણ ચાર ડોલર

મકાન ભાડુ—એક રૂમ ૭ થી સાત ડોલર

અઠવાડિક

આખુ મકાન–પાત્રીશ પીસ્તાલીશ ડૉલર

મકાનના ભોયતળીયા લાકડા ને રગીનકામ વાળા હોય છે આગ શિયાળામા વધુ લાગે છે મોટા સ્ટવ (Stove)થી ઓરડા ગરમ થઈ જાય છે પદર વીસ મીનીટમા કાબુમા લઈ લે છે

જમીન સરકારી માલીકીની રહે છે માત્ર મકાન વેચાતુ મળી શકે છે તેણે પોતે એક મકાનનો હપ્તો £ ૧૦૦૦ આપેલ છ બીજા ચાર હજાર ડૉલર આપ્યા બાદ સપૂર્ણ માલિક બની શકે તેની સ્ત્રી વહિવટ કરે છે ત્યા શાતિ (Peace) બાદ ત્યાજ વસવાટ કરી રહેશું એમ તેણે જણાવ્યુ

અમેરીકામા જરા Brain–બુદ્ધિ હોય તો આનદથી કમાઈ શકો પરન્તુ બીજો Mix Up–ભેળવીને વેચો–દવા વિગેરે તો માગશો વિનતા જોઈ ખરીદી નભે

Race રેસની ટીકીટ ખરીદો ન Luck નસીબ હોય તો હજારો કમાઈ લ્યો થોડી મુડી નાથી નાનકડી હોટલ માડો તો વર્ષ દહાડે હજારોની મુડી થઈ જાય નાના વિદ્યાર્થીઓ પણ શાળા વખત બાદ બેચાર કલાક બાદ હોટલમા કામ કરી અઠવાડીયે છ સાત ડૉલર કમાઈ સારી રકમ જમા કરે છે ઘણા નોકરો તો માત્ર "Tips –બક્ષિશ માટેજ વગર પગારે નોકરી કરતા હોય છે ઘણી રકમ મેળવે છે Tip–બક્ષિશની પ્રથાથી તમોને તુરત સગવડ Service મળે છે Tip ન આપો તો બીજી વાર મોડુ ધ્યાન આપે

અહીં ત્રણ માણુસોને રોજ કેટલુ ખર્ચ આવે? મે કહ્યુ અત્યારે રા પાચમા મધ્યમ વર્ગનુ કામ ચાલે એમ? મારી સ્ત્રીને અહીં લાવી છ માસ આનદથી રહીશ અમેરીકામા એક ટક જમણુના બે ત્રણ ડૉલર થઇ જાય

અમેરીકામા વધુ ભાગ કૉફી પીનાર છે હોટેલમા કૉફી સાથે બીસ્કીટ વિગેરે લ્યો તો ચાર્જ પડે અમુક ચાય પીએ છે દુધ વગરની

મેળાગાથી દરિયા કાઠે પાછા ફરતા રાત્રિ પડી ગઈ હતી પછી એકએની નવી ચોપાટી સુધી ચાલતા આવ્યા મકાનોની સુરેખ હાર અને સુદર રોશની જોઇ તે કહે–તમે આર્જેન્ટાઇન (Argentine–South America) બાબત જાણતા હશો ત્યા પણ આ ધાટના મકાનો છે પણ આ રચના આગ ફેલાવે છે ન્યુયોર્કના સીધા ઉંચા મકાનોમા આગ તુરત કાબુમા લઈ શકાય

સ્હેજ થાક લાગ્યો હતો એટલે મસની રાહ જોતા બેચ પર બેસી સરનામાની આપ લે કરી એણે સીગાર સળગાવી

અધારા દરિયા તરફ ધુમાડા ફેકતા કહે આમા કોઈ આપઘાત કરે ખરા કે? મે કહ્યુ ઘણાય કિસ્સા બને છે સીગારની બે ફુક લીધી અને બોલ્યો પ્રેમના આઘાત હશે! ગૃહસ્થાશ્રમની જવાબદારી સમજ્યા વગર બાલીશ લાગણીમા દેરવાઈ ક્ષણિક આવેશમા આપઘાત કરી બેસે! બના પૈસા કમાવા વિના ઘર ચલે? ઘર ને સ્ત્રી બાળકો પૈસા વિના નભે ખરા? સ્ત્રી પ્રેમ મસ્તી–સવ પૈસા વિના ફીકકુ લાગે

ઠીક છે પણ અહીં કમાણી બેકારી–એ પ્રશ્નો છે ગોદી કામદાર–સડકનો ડામર પાથરનાર બિચારા કેટલી ઓછી મજુરી પામે છે? તેણે વાત આગળ ચલાવી અમેરીકન કામદારને ઘર જોઇએ માખણ મુરબ્બો (Butter & Jam) વિગેરે મુખ્ય જરૂરીયાતો મુજબ મજુરી મળે છ ત્યારે અહીં એક કુટુબ ચોખા (Rice)થી ચલાવી લે!

સમય વહેતા સાથે બસ (Bus) તો નજ આવી કે કે અમેરીકામા પદર મીનીટમા કેટના દૂર નીકળી ગયા હોઇએ ભુગર્ભની

(Underground) ટ્રેન તથા ઉપરની વાહન વ્યવહારની પુષ્કળ સગવડ છે

ઋતુ બાબત જણાવ્યુ ત્રણ ઋતુ છે. શીયાળામા સખ્ત ઠંડી વધુ પડે છે નાગરીકોને બહુજ સ્ફુર્તિ (Active) રાખવી પડે છે એકદમ ચાલવુ પડે, થોડી ક્ષણ ઉભા રહો તો ઠરી જાઓ બરફ પડે ત્યારે હોલ બુટ જરૂરી છે બરફ ઓગળવા માટે (Snow Melting) ત્યારે રબરના શુ (Shoe) જોડા પહેરવા પડે છે નહિતર લપસી જવાય

વાત કરતા કરતા મેટ્રો-બિલ્ડિંગમા પસાર કરી ફુટપાથે રસ્તો શરૂ કર્યો ફળની છાલ મારા પગ નીચે આવી ને હુ લપસ્યો આશરો લેવા જતા એણે મને ઝીલી તો લીધો પણ તે પહેલા મારો હાથ લોઢાની ખીલીવાળી વાડ પર પહોચ્યો ને હથેળીમા ખીલી બરાબર લાગી કહે કે "લોકો પોતાની સગવડથી વધુ સમજતા હોય તો છોતરા છાલ યોગ્ય સ્થળે નાખે તો કેટલુ સારું" બાકી તો ઠીક નહીં બોરીબંદર નજીક રેસ્ટોરામાથી આયોડીન ચોપડયુ એ બાઈ બહાર ઉભા હતા ત્યા કોઇ ખ્રિસ્તી બાઇ માગણે (Beggar) હાથ લબાવ્યો-" God Bless you'-તેણે ખીસામાથી પરચુરણ કાઢી થોડા સીક્કા દેતા તેણીને કહ્યુ " God Blessed you by Creating you, but why don't you bless yourself ?" (ખુદાએ તમને પેદા કરી એહસાન તો કર્યો, પણ તમો શા માટે તમારો જન્મ સફળ નથી કરતા ?) !!!

આર્થિક સિદ્ધાન્ત સમજાવતા વાત કરી પૈસા કમાવવા અને ઇજ્જતથી રહેવા Aim Always Higher, નિરંતર ઉન્નતિની ભાવના સેવો નીચ ખ્યાલ (Low Mentality)થી અળગા રહેવુ તમારા હિન્દી સમાજ ક્યારે સંપદમા સરખા-સમોવડીયા ક્યારે થઈ શકો ? જ્યારે પૈસા કમાઈ તેમના યોગ્ય આવો Then only you can be equal, you understand ? ત્યારેજ સરખા થઈ શકો-સમજ્યા ?

"મારે પોતાને મકાન ન્યુયોર્કમા ખરીદ્યુ છે પાંચ છ હજાર ડોલર કીંમત છે અમુક રકમ આપી છે ભાડુ મારી સ્ત્રી ઉઘરાવે છે તેણી પોતે પણ ધંધો કરી કમાઇ લે છે

રાત વધતી હતી છુટા પડતા સમયે મે પુછ્યુ "તમારો આટલો અનુભવ કેમ થયો ?" કહે કે ૫૬૨ વર્ષથી દુન્યા ફેરુ છુ (Sea Voyage) વિધવિધ લોકોના સમાગમમા આવ્યો છુ તેમના સાથે વસવાટ કર્યો છે, "દુન્યામા પાંચ વસ્તુ ને તેનો ઉપયોગ જરૂરી છે" પાંચ આંગળા બતાવતા કહ્યુ "અક્કલ, આંખ, કાન, જબાન ને બોલ્યાર જીવન સુખી જીવનની ચાવી છે'

પાડોશી કે હશો મારો પણ હોય, અમુક ઝઘડા પણ થતો હોય ઘણાય શાંતિથી જીંદગી ગુજારતા હોય છે તમો અમારે ત્યા બેસવા આવો અને અમો તમારે ત્યા આવીયે પાડોશી સબંધ ન રાખે તો સૌ સૌના ઘરમા કાળા ગોરા પણ સબંધ જાળવે તો ભલે નહિતર કાંઇ નહિ

"વંશ બાબત ખાસ પ્રતિબંધ તો નથી પણ It depends Mutually અરસપરસ લાગણીની વાત છે મારે સમજુ સ્ત્રી છે કાનેજ તેણીને મુબાઈ બાબત પત્ર લખ્યો બીજા પત્રમા તમારી વિગત દર્શાવીશ બહુ આનંદ રહ્યો અમેરીકા પહોચી પત્ર અવશ્ય લખીશ મે કહ્યુ "હિંદ તમારી સ્ત્રી સાથે આવો ત્યારે મને જરૂર યાદ કરજો" સાહેબજી સલામ Good Night-!!!

અધાગ ઉતરતા હતા એના નિવાસસ્થાન તરફ ચાલતો થયો એની ટેસ્ટ-ટેસ્ટ, હાર્ડ શર્ટ-કાળા ચશ્મા સુધરતા અને અનુભવીય સિદ્ધાંતો બહુજ સ્મૃતિમા જડાઇ ગયા ખાસ તો " Keep Clean "=' સ્વચ્છ-સુઘડ '-નો દુન્યામા સર્વત્ર ઇજ્જત જળવાશે=એ સિદ્ધાંત ઘણોજ પસંદ પડ્યો



"ઈકબાલની યાદ"



અજબ શહોરત હતી એની ગઝલની શાન આલમમાં!
ફગાવી એ ગયો મહુને કવનનું ભાન આલમમાં!

નથી એ આજ પણ એનું સ્મરણ મહુને રડાવે છે!
થયાના ગાઈના પણ એ ગમા' મનના આલમમાં!

પનોતા પુત્ર ભારતના એ લાડીના ઉપર શયદા!
હતા જર્મન અમેરીકન અને જાપાન આલમમાં!

હતો ફી'સુફી મહા જ્ઞાની નિડર વક્તા હતો સાચો!
દિમન વાણી તણા એણે કરાવ્યા પાન આલમમાં!

જીવન જીવ્યું જીવી જેણે જીવનને એ ગયો જીતી!
ગયો મૂકી એ મુસ્લિમ કાજ પાકિસ્તાન આલમમાં!

અનોખા ભાવથી કવને અનેરી ભાવના ભરતો!
હજી ગુંજી રહ્યા એ કલ્પનાના ગાન આલમમાં!

ઝડપ, રંગત અમર, ચુંબન, તડપ મંજન અને રોશન!
ફગાવ્યા નિજ કવનમાં એ સહુના ભાન આલમમાં!

ભરી તી ભાવના જવલંત ઉજ્જ્વળ દેશને કરવા!
વતન-ગીતો તણા કીધા અમૂલા દાન આલમમાં!

જીગરનું ખુન પાઈને કવનમાં પ્રાણ પુર્યા છે!
અમર એ થઈ ગયા "ઈકબાલ"ના અહેસાન આલમમાં!

ઝર્યા અંગાર કહીએ શબ્દે-શબ્દોમાં ભર્યા તણખા!
અરે એના કવન પર બહુ થયા કુરબાન આલમમાં!

રડું છું એ પળે "ઉન્મત્ત" સ્મરણું એ વાતનું થાતા!
ગયા જ્ઞાની રહ્યા મ્હારા સમા અજ્ઞાન આલમમાં!

—"ઉન્મત્ત"

ગ્રામોફોન

લેખક — "ઇજન" ધોરાજવી



(૧)

પીંજરામા પુરાએલા પોપટ સમુ જીવન જીવતી બિચારી અરૂણા હવે તે ઘરની ચાર દિવાલોથી વાતો કરી, કરી ખૂબજ કટાળી હતી જેથી રાત્રિએ ઘરે આવેલા એના પતિને પોતાની હૃદયવ્યથા કહેતા કહ્યુ

'હવે તો બહુજ મુઝાઉં છુ, દિવસ પસાર કરવો ભારે પડે છે"

"દુકાનના કાર્યથી જરાએ નિવૃત્તી પ્રાપ્ત થતી નથી, નહીંતર દિવસના એકાદ વારે ઘરે આવી જાત તો પછી તારી મુઝવણુ રહે નહી'

'એટલેજ તો કહુ છુ કે એકાદ ગ્રામોફોન લઇ આવો કે જેથી કઇ' શાન્તિ રહે ને સુખે દિવસ પસાર થાય

સારૂ છે સવારે તપાસ કરીશ'

'તપાસ શુ ? લઈ આવીશ એમ કહો ।

'પણુ આ ગામમા સારૂ ગ્રામોફોન મળશે કે કેમ ? એ એક પ્રશ્ન છે એટલેજ તો કહુ છુ કે તપાસ કરીશ'

'આવી વાતો તો આજ છ મહીનાથી કહીને ઉડાવો છો અમે દિવસ આખા એકલા રહીને મુઝાઈ મરી જઇએ એથી તમોને શુ ?' આખમા આસુ લાવી અરૂણાએ કહ્યુ

'અરે, તુ મરી જાય તો પછી મારા ગા હાલ થાય, હુ તો દુખી થઈ રખડી જાઉં માટે મરવાનુ નામ ના લે '

"બસ કરો ને, આમ વાતો, છોડી, સિધો જવાબ આપો, નહીંતર પછી હુ આપણા પાડોસી સુ'તાનભાઇને કહી ગ્રામોફોન મગાવી લઈશ, સમજ્યા ?"

"એવુ ના કરતી સવારે તપાસ કરી તને ગ્રામોફોન લઈ આપીશ"

"સારૂ છે જોઉ છુ સવારે, નહીંતર પછી મારેજ પ્રબધ કરવો પડશે"

એટલુ કહી શ્રીમતિ બીજા કામમા ગુથાયા ને પતિરાજ વિચાર કરતા બેસી રહ્યા

ચમડી જાય પણુ દમડી ન જાય આવી ભાવનાના પોષક આરિફના ગળે ગ્રામોફોન જેવી એક ક્ષુલ્લક વસ્તુને ખાતર દોઢ-બસો રૂપીઆ વેડરી નાખવાની વાત કોઇ રીતેજ નહોતી ઉતરતી અને એટલેજ રોજ વાયદા આપી આ વાતને ઉડાવી દેતો, પણુ હવે તો પત્નિની પ્રબળ ઉત્સુકતા ઉન્મત સ્થિતિએ પહોચી હતી, જેથી હવે ગ્રામોફોન લીધા વિના ચાલી શકશે નહિ, એવુ વિચારી આરિફે સવારે એક ઉત્તમ ગ્રામોફોન લઈ લેવાનો નક્કી નિર્ધાર કર્યો

[૨]

કોઈ સારૂ ગ્રામોફોન હોય તોજ બતાવો" સવારે ગામના ગ્રામોફોન માટેની દુકાને આવીને આરિફે કહ્યુ

"સારૂ ગ્રામોફોન આ ગામમા કોણ લે ? ઓર્ડર આપો તો મગાવી આપુ !" દુકાનદારે કહ્યુ

આરિફને થયું કે મને વ્યવસાયમાંથી જરાએ સમય સાંપડતો નથી, ને શ્રીમતિ કોઈ રીતે આ હઠ મૂકે એમ નથી માટે એનો અંતજ લાવી દઉં, આ કલ્પનાને મૂર્તસ્વરૂપ આપતા દુકાનદારને એક શ્રેષ્ટ પ્રકારનું ગ્રામોફોન મંગાવવાનો ઓર્ડર આપી તેણે દુકાન ભણી પગ ઉપાડયા.

[૩]

"સુલ્તાનભાઈ, અમારૂં એક કામ કરી આપશો કે?"

"કહોને, અજીઝા બ્હેન, એવું તે કયું કામ છે?"

"એક સારૂં ગ્રામોફોન જોઈએ છે, ક્યાંથી મંગાવી આપશો કે?"

"અરે બ્હેન, એમાં તે શું? જરૂર મંગાવી આપું."

"તો, તો, સુલ્તાનભાઈ, તમારો મહા ઉપકાર."

વિવ્હળ બનેલ અજીઝા એના પતિ આરિફની વાતોને હજુ અસત્ય માની, ગ્રામોફોન મેળવવા ઉત્સુક બની હતી.

(૪)

અનેક દિવસ અને રાત્રિઓ વહી ગઈ, છતાં જે આંખો ગ્રામોફોનને જોવા તલસતી હતી તે તલસતીજ રહી.

ઇચ્છા અનિચ્છાએ પણ રોજ રાત્રિએ આરિફ પાસે અજીઝા ગ્રામોફોનની વાત કાઢી એનું સ્મરણ કરાવતી. વ્યથિત બનેલ પત્નિની અતૃપ્ત લાગણીને સત્વર શાન્ત્વન આપવાના ભાવે ભાન શુન્ય થઈ એક દિવસ આરિફે મુંબઇના આડતીયાને આગ્રહપૂર્વક સારૂં ગ્રામોફોન પાઠવવાનું લખી નાખ્યું.

પુરુષાર્થ અર્થે પ્રવાસ ખેડી રહેલો અજીઝાનો ભાઈ જે દિવસ અજીઝાને ત્યાં આવ્યો હતો એ દિવસની રોકાણ દરમ્યાન એણે બ્હેનની આંતર વેદના જાણી લીધી હતી જેથી જતાં જતાં બ્હેનને શાન્ત્વન આપતાં કહ્યું "બ્હેન, હવે અહીં આવવાનું થતાં હું જરૂર એક સુંદર ગ્રામોફોન લઈજ આવીશ હો."

અજીઝા ભાઈને લઈ ઉપડતી ગાડીને મૌન ભાવે જોઈ રહી, ભાઈની ગાડી ઘરથી દૂર ગઈ ને પાછી અજીઝા વિચારોમાં ખોવાઈ.

(૫)

એનાથી જીવતની યાતનાઓને સહેતી, ને ગ્રામોફોનની પ્રતિક્ષામાં ઝુરતી અજીઝાનું હૈયું ભરાઈ આવ્યું જેથી રડી પડી.

"અરે પણ તું આમ રડે છે શાને?" આરિફે પૂછ્યું.

'દિવસ આખો કંટાળી જાઉં છું, હવે તો જીવ ક્યાંએ લાગતો નથી, આવા જીવન કરતાં તો મોત આવે તો સારૂં.

"ગ્રામોફોન આવી જતાં બધું ઠીક થઈ રહેશે, અંતરમાં ઉલ્લાસ ઉપસ્થિત થઈ જશે ને દિવસએ નીકળી જશે, આમાં રડે છે શા કાજ?"

"પણ હવે તો એની વાતોનેએ ઘણા દિવસ વહી ગયા, હજુ ક્યાં કંઈ ઠેકાણું છે."

"દુકાનદારને મંગાવવાનો ઓર્ડર આપ્યો અને આડતીયાને મોકલવા લખ્યું છે ને?"

"રહેવા દોને, કોણ મંગાવવાને, ને કોણ મોકલવાને નવરૂં બેઠું છે જ્યાં બધાને પોત પોતાની પડી હોય ત્યાં આપણું કોણ સાંભળે?" આંસુ છલકાતી આંખે અજીઝાએ કહ્યું.

